**શ્રી જયનારાયણ વ્યાસ** : આપણી સમગ્ર ભારતીય સંસ્કૃતિ ઉત્સવપ્રિય છે અને માનનીય સભ્યશ્રીને મારે કહેવું છે કે આ વૈશ્વિક સંસ્કૃતિ છે, દુનિયાભરમાં ઉત્સવો ઉજવાય છે. દુનિયામાં કાન્સ ફેસ્ટીવલ અને ટમેટો ફેસ્ટીવલ ઉજવાય છે. આપણે ત્યાં પણ રથયાત્રા અને હોલિકા ફેસ્ટિવલ અને પતંગ ફેસ્ટિવલ ઉજવાય છે એ પણ આપણી સંસ્કૃતિનો એક ભાગ જ છે. એટલે ઉત્સવ ઉજવાય તો 'આંબે મોર આવે અને કેરીની આવક કેટલી થશે' એનો હિસાબ માંડવા બેસીએ એ શકય નથી બનતું. Let me be specific, Sir, this is marketing exercise to market the State of Gujarat and we have been successful in doing this મારે માનનીય સભ્યશ્રીને દાખલા સાથે કહેવું છે કે અગાઉના રણોત્સવમાં ૩૭ વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા, ત્યારપછી ૭૫ આવ્યા હતા અને આ વખતે ૨૦૦ આવ્યા છે અને આ રીતે ધીરે ધીરે એ વધતા જાય છે. That itself shows that we have been more than successful as far as our objective is concerned.

**બાલાસિનોર, કપડવંજ, કઠલાલ અને વીરપુર તાલુકાના તળાવો ભરવા બાબત**

**ટૂં. મુ. ૩૧ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) બાલાસિનોર, કપડવંજ, કઠલાલ અને વીરપુર તાલુકામાં અપુરતા વરસાદના કારણે તળાવો ખાલી છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો ઉકત તળાવોમાં નર્મદાના પાણી નાંખી તળાવો ભરાય અને ઉનાળામાં પાણીની તંગી ન રહે તે માટે સરકારે શું પગલાં લીધાં છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) કઠલાલ અને કપડવંજનો જે વિસ્તાર નર્મદા પિયત વિસ્તારમાં આવે છે તે વિસ્તારમાં નર્મદા નહેર આધારિત કપડવંજ તાલુકાના ૭ તળાવો અને કઠલાલ તાલુકાના ૨૪ તળાવો સપ્ટેમ્બર/ઓકટોબર ૨૦૦૯માં ભરવામાં આવ્યા હતા. બાલાસિનોર અને વીરપુર તાલુકાના તળાવો નર્મદાના પાણીથી ભરવા હાલ તાંત્રિક રીતે શકય નથી.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે કપડવંજ, બાલાસિનોર, કઠલાલ અને વીરપુર તાલુકાઓ છે તે ડાર્ક ઝોનમાં આવેલા છે. આ વિસ્તારમાં ચાલુ વર્ષે વરસાદ ખૂબ ઓછો પડેલ છે. ત્યારે સુજલામ સુફલામ દ્વારા આ તાલુકાઓમાંથી કેટલા તળાવો ભરવામાં આવ્યા હતા અને કેટલા ભરવાના છે? આ વિસ્તારમાં ખૂબ ઓછો વરસાદ પડયો છે અને ખેતી નાશ પામી છે અને અછત જેવી પરિસ્થિતિ છે. તો ખાસ કિસ્સા તરીકે સુજલામ સુફલામ કેનાલ અથવા નર્મદાના પાણી દ્વારા આ તળાવો ભરવા માગે છે કે કેમ? કારણ કે આ તાલુકાઓની ચારે બાજુ કેનાલો પસાર થાય છે ત્યારે આ વિસ્તારના તળાવો ભરવા માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે વરસાદ અનિયમિત અને ઓછો થયો છે, તેના કારણે ગ્રામ્ય વિસ્તારમાં સીમ તળાવો, ગામ તળાવો ઘણી જગ્યાએ ખૂબ ઓછું ભરાયાં છે અથવા ભરાયેલાં હતાં તે પાણી ખેડૂતોએ સિંચાઈ માટે લીધું, રીચાર્જ થયું અથવા અન્ય ઉપયોગમાં વપરાયું તેના કારણે ખાલી થઈ ગયાં છે. એવા સંજોગોમાં રાજય સરકાર અને અમારો સિંચાઈ વિભાગ નર્મદા નિગમનો અભિગમ એવો છે કે જયાં જે જે વ્યવસ્થા ઉપલબ્ધ થાય ત્યાંથી પાણી સીધે સીધુ ગ્રેવીટીથી આપી શકાતું હોય તો ગ્રેવીટીથી, લીફટ કરીને અપાતું હોય તો લીફટ કરીને અને સુજલામ સુફલામની પાઈપ લાઈનથી અપાતું હોય તો તે પાઈપ લાઈન દ્વારા જયાં તાંત્રિક રીતે શકય છે ત્યાં તમામ વિસ્તારોના તળાવો ભરી આપવાનું રાજય સરકારે નકકી કરેલ છે. મને જણાવતાં આનંદ થાય છે કે સુજલામ સુફલામ યોજના, જેના વિષે ભૂતકાળમાં ઘણી ખરી ખોટી વાતો કેટલાક લોકોએ કરેલી, જયારે આજે એ જ સુજલામ સુફલામ યોજનાનું પાણી અમને આપો અને એ પાણીથી અમારી ખેતી બચે, એ પાણી અમારા પશુધન અને ગામડાંને મળે તેવી માગણી કરે છે એટલે મને આનંદ છે. આ સુજલામ સુફલામ યોજનાની ઉપયોગીતા આજે મારા મિત્રોએ સ્વીકારી છે તેનો લાભ મળતો થયો છે અને તે લાભ મેળવવા માટે આ મિત્રો માગણી કરે છે તેનો આનંદ છે. હું આપના દ્વારા આ સભાગૃહને ખાતરી પૂર્વક કહીશ કે જયાં શકય હશે ત્યાં તમામ જગ્યાએ રાજય સરકાર તમામ સાધનોનો ઉપયોગ કરી અને તળાવો ભરી આપશે. તળાવો ભરવા માટેના જે દર નકકી કરેલા છે તે દર પંચાયત ભરે, કોઈ દાતા ભરે અથવા કોઈના દ્વારા ભરાય એટલે અમે તળાવો ભરવાની કાર્યવાહી કરીશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું બે બાબતો જાણવા માગું છું. નર્મદા વિભાગ દ્વારા અગાઉ નકકી થયું હતું રાજય સરકારે નકકી કર્યુ હતું જયાં સુધી ઉપર નર્મદા સાગર ડેમ નહીં બંધાય ત્યાં સુધી પુષ્કળ પાણી મળવાનું છે. લાખો કયુસેક પાણી દરિયામાં વહી જાય છે. જો આ પાણી સાથે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના ડેમોને લીંકેજ કરી શકીએ તેનું પ્લાનિગ પણ થયેલું હતું. તો એ લીંકીજ થાય તો જે પાણી દરિયામાં વહી જવાનું છે તે ખેડૂતોને આપી શકીએ, રાજકીય અવલોકનો હું નથી કરતો, પણ આપે જયારે સુજલામ સુફલામની વાત કરી છે ત્યારે સુજલામ સુફલામમાં એકે એક પૈસો વાજબી રીતે વપરાયો હોત તો આજે આ સભ્યોને પાણી નથી તેવું કહેવાની જરુર ન પડી હોત અને માગણી કરવાની પણ જરૂર ન પડી હોત. એટલે રાજકીય અવલોકનોથી ઉપર ઉઠીને નર્મદાનું પાણી સૌરાષ્ટ્રને આપવા માટે નર્મદાનું પાણી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ડૅમોને લીંકેજ માટે ભૂતકાળમાં ૧૯૯૪-૯૫માં યોજના બની હતી. ચોટીલાના ડુંગર સુધી પાણી પહોંચાડવાની વાત હતી, ગ્રેવિટીથી પાણી પહોંચાડવાની યોજના છે અથવા તો આપના દિમાગમાં નવી કોઈ વાત હોય તો એ વાતથી નર્મદાના પાણી અત્યારે દરિયામાં વહી જાય છે એના બદલે ખેડ્રતોના ખેતર સુધી પહોંચે એ ખૂબ જરૂરી છે. બે પાંચ તળાવો અથવા તો બે પાંચ જગ્યાએ પાણી આપવા છતાં આપણે એ પાણીનો પૂરેપૂરો ઉપયોગ કરી શક્યા નથી. તો આપણે નર્મદાના પાણી ખેડૂતોને આપવા માગીએ છીએ કે કેમ? (અંતરાય) માનનીય નીતિનભાઈની હાઈટ વધારવાની ચિંતા કરવાની જરૂર છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય શકિતસિંહજી, મારી હાઈટની ચિંતા ન કરો. મારી હાઈટ પ્રમાણે મને બધું મળ્યું છે. તમે નર્મદા બંધની હાઈટ વધારવા માટે કેન્દ્ર સરકાર રૂકાવટ ન કરે, વિલંબ ન કરે, આડખિલીરૂપ ન બને તે માટે તમારી શકિતનો ઉપયોગ કરો તેવી મારી વિનંતી છે.

માનનીય શકિતસિંહજીએ વાત કરી એ અંગે આપશ્રી મને પરવાનગી આપો તો ચોક્કસ હું જવાબ આપીશ. આ નીતિ વિષયક બાબત છે એટલા માટે વિગતવાર જવાબ આપીશ. માનનીય સભ્યશ્રીએ વાત કરી કે ૧૯૯૪-૯૫માં આયોજન થયું હતું, ૧૯૯૪-૯૫માં શું આયોજન થયું, કઈ કક્ષા સુધી પહોંચ્યું, આયોજનમાં પહોંચ્યું કે આયોજન થયા પછી બજેટમાં પહોંચ્યું એનો મને કંઈ ખ્યાલ નથી અને એનાથી કંઈ મેળવી શકાયું નથી. પરંતુ માનનીય નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રીશ્રી થયા પછી માનનીય શકિતસિંહને ત્રણ બાબતો કહીશ.

નર્મદાના પાણીનો સારી રીતે ઉપયોગ થાય, એ પાણી બિન જરૂરી દરિયામાં વહી ન જાય એટલા માટે દરિયામાં વહી જતા પાણીની ફાળવણી કરવામાં આવી છે. એમાં એક મિલિયન એકર ફીટ ઉત્તર ગુજરાતને, એક મિલિયન એકર ફીટ સૌરાષ્ટ્રને અને એક મિલિયન એકર ફીટ પાણી કચ્છને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ફાળવી આપ્યું છે. એ ફાળવણીના ભાગરૂપે અમે જે બજેટ વ્યવસ્થા કરી છે, ટેકનિકલ વ્યવસ્થા કરી છે. સુજલામ સુફલામ પાઈપ લાઈન દ્વારા ધરોઈ ડેમમાં પાણી નાખવાની વ્યવસ્થા કરી છે, બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા, સીપુ તથા સાબરકાંઠા જિલ્લામાં વાત્રક, મેશ્વો અને હાથમતી બંધમાં પાણી નાખી નર્મદાનું પાણી લિફ્ટ કરવા માટે અબજો રૂપિયાનો ખર્ચ કરીને આ આયોજન પ્રગતિકારક રીતે સફળતાપૂર્વક ચાલી રહ્યું છે. ઉત્તર ગુજરાતને પાણી આપી રહ્યા છીએ એ આ યોજના નીચે આપી રહ્યા છીએ. નર્મદાનું પાણી અત્યારે ૧૨૧.૯૨ મીટરની હાઈટેથી મળે છે. એમાં ટ્રિબ્યુનલના ચુકાદા પ્રમાણે જે પાણી જળ વિદ્યુત માટે વપરાય, પાવર જનરેશન માટે ઉપયોગ કરવો પડે એટલું પાણી નર્મદા નદીમાં જવા દેવું પડે, પાવર જનરેશન કર્યા પછી બાકીનું બધું પાણી માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે યોજના કરી હતી, આખા દેશમાં સૌ પ્રથમ સફળતાપૂર્વક અમલ કર્યો અને વચ્ચે આવતી ૨૧ જેટલી નદીઓમાં નર્મદાના પાણી જરૂર પડે ત્યારે નાખીએ છીએ. આ વખતે નર્મદા નદીમાં બે વખત પૂર આવ્યું તે વખતે નર્મદા બંધ ૧૨૧.૯૨ મીટર ઉપરથી ઓવર ફલો થયો એ પાણીનો સદુપયોગ કરીને બનાસ નદી સુધી પાણી નાખ્યું છે. વચ્ચે આવતી મહી નદી હોય કે સાબરમતી નદી હોય દરેક જગ્યાએ પાણી નાખવાનો પ્રયત્ન કર્યો છે. માનનીય શકિતસિંહજીના સૂચનને આવકારુ છું. સરકારની ફરજ છે, સરકારનું કર્તવ્ય છે કે એક એક ટીપા પાણીનો સદુપયોગ થાય એ પીવાના કામમાં આવે ખેતીના કામમાં આવે એ માટે સતત પ્રયત્નશીલ છીએ. અત્યારે મોંઘા ભાવનું પાણી ઓછા ભાવે ખેડૂતોને પીવા માટે સિંચાઈ માટે આપણે આપીએ છીએ. ગામડાંના તળાવો ભરી પશુઓને ઉનાળામાં પીવાનું પાણી મળી રહે એ માટેનું આયોજન કર્યુ છે. જ્યાં જ્યાં શકય હશે આખા ગુજરાતમાં અમે નર્મદા યોજના કે બીજી કોઈ યોજના કે સુજલામ સુફલામ યોજના દ્વારા પાણીનો ઉપયોગ કરીને શકય એટલા તળાવો ભરવા. દરેક સભ્યશ્રીને મારી વિનંતી છે કે જ્યાં જ્યાં ટેકનિકલ રીતે શકય હોય તળાવો ભરવા ઇચ્છતા હોય એની રજૂઆત આવે ચોક્કસ સાથે મળીને પ્રજાને પાણીનો પૂરેપૂરો લાભ આપવા માટે પ્રયત્ન કરીશું.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મતવિસ્તાર નર્મદા કિનારે આવેલો છે અને નર્મદા કિનારાના લગભગ ૨૦ ગામ છે. ડૅમમાંથી એટલું ઓછું પાણી છોડવામાં આવે છે કે દરિયાની જે ભરતી છે એ ભરતી ત્યાં સુધી આવે છે અને હાલ અમારે ત્યાં બોરના પાણી ખારા થઈ ગયા છે. એકાદ મહિના પછી તો એટલા બધા ખારા હશે કે તેનો કેવી રીતે ઉપયોગ કરવો, તો ઉનાળો શરૂ થતાં પહેલાં આપ ડૅમમાંથી નદીમાં વધારે પાણી છોડવા માગો છો કે નહીં? અથવા વૈકલ્પિક વ્યવસ્થા કરવા માગો છો કે નહીં?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે જે પાવર હાઉસ પાણીના આધારે ચલાવીએ છીએ, જનરેટર ચલાવીએ છીએ તેમાં ચલાવવા માટેનું જે પાણી નીકળે છે એ આપણે નર્મદા નદીમાં ખુલ્લું છોડીએ છીએ. એ સિવાયનું વધારાનું પાણી છોડી દઈએ તો માનનીય શકિતસિંહજીએ કહ્યું તે પ્રમાણે મોટા ભાગનું પાણી વહી જાય. દરિયામાં ભરૂચની નજીકમાં કે ખંભાતની નજીકમાં જતું રહે. પાણી આપણે દરિયામાં જવા દેવા ઇચ્છતા નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નેતાશ્રીએ જે પ્રશ્ન પૂછયો કે ત્રણ મિલિયન એકર ફીટ નર્મદાનું જે પૂરના વખતનું વધારાનું પાણી આવે તે સૌરાષ્ટ્ર અને કચ્છ માટે સરકાર પાસે શું આયોજન છે? તેનો જવાબ માનનીય મંત્રીશ્રીએ આપ્યો નથી, પણ ત્રણ મિલિયન એકર ફીટ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ફાળવી દીધું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને ફાળવવાના અધિકારો નહોતા. એ અધિકારો હતા જે તે વખતના કમિશનના અને જ્યાં સુધી ઇન્દિરા સાગર ડૅમ મધ્યપ્રદેશમાં ન બને ત્યાં સુધી વધારાનું ત્રણ મિલિયન એકર ફીટ પાણી મળે એ ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર ત્રણેને એક-એક મિલિયન એકર ફીટ પાણી આપવાનું છે. એટલે એ ફાળવવાનો પ્રશ્ન નથી. ફાળવણી તો ઓલરેડી થઈ ગયેલી છે અને એ પણ પૂર વખતે ચોમાસામાં જ્યારે વધારાનું પાણી આવે, દરિયામાં નાખી દેવાના બદલે આપણે એ પાણીથી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના ડૅમો ભરવાના છે. આપે અહીં કામગીરી ઉત્તર ગુજરાતમાં શરૂ કરી, સુજલામ્-સુફલામ્નું રૂપાળું નામ આપ્યું અને એમાં એમ કહો છો કે અમારા મિત્રો ખોટી-ખરી વાતો કરતા હતા. ખોટી-ખરી વાતો અમે નથી કરી. એ તો એક સમિતિએ કરેલી હતી અને આપે ત્રણ સચિવોની સમિતિ બનાવી છે તેનો અહેવાલ હજી બાકી છે. જે ભ્રષ્ટાચાર જે સિંચાઈ સચિવશ્રીના વખતમાં થયો એ ભ્રષ્ટાચારી સચિવને આપે દૂર કર્યા છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ પ્રશ્ન ઉપર આવો. જે સમિતિનો અહેવાલ રજૂ ન થયો હોય તેની ચર્ચા ન થાય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, સમિતિનું નામ મેં આપ્યું જ નથી. મેં તો વાત એટલી કરી છે કે સરકારે ત્રણ સચિવોની સમિતિ બનાવી છે. તેનો અહેવાલ આવ્યો નથી.

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું વાત એ કરવા માગું છું કે એક મિલિયન એકર ફીટ ઉત્તર ગુજરાતને પાણી આપવાનું છે તેના માટે અંશતઃ કામગીરી શરૂ થઈ છે. ઉદ્દઘાટનો પહેલાં થાય અને કામ પછી પૂરા થાય. સરસ્વતી નદીમાં પાણી નાખીને.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું પ્રશ્ન ઉપર જ આવું છું. સિદ્ધપુરમાં પાણી લઈ આવ્યા પણ આજે અમે ત્યાં ક્રિકેટ રમીએ છીએ. એ રીતે સૌરાષ્ટ્ર અને કચ્છમાં આ એક મિલિયન એકર ફીટ પાણી આપવાનું આયોજન છે. એ આયોજનની કામગીરી ક્યારે શરૂ કરવાના છો? કારણ કે તેમાં કોઈ સ્ટે નથી. કોઈ ટ્રીબ્યુનલ પાસે જવાનું નથી, કોઈ ઓથોરિટી પાસે જવાનું નથી, કોઈ પર્યાવરણની મંજૂરીની જરૂર નથી તો એ ક્યારે કરવાના છે? આ સૌરાષ્ટ્ર અને કચ્છની પ્રજા રાહ જૂએ છે. તો તેનો સ્પેસિફિક જવાબ માનનીય મંત્રીશ્રી આપે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે બહુ સારો ભૂતકાળ માનનીય અર્જુનભાઈએ ઉપસ્થિત કર્યો.

**અધ્યક્ષશ્રી** : આપ વર્તમાનની વાત કરો પહેલાં, પછી એનો ભૂતકાળ કહેજો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ, ભૂતકાળ ઉપરથી જ વર્તમાન ઉપર અને ભવિષ્યકાળ ઉપર જવાયને? તેમણે એક કહ્યું કે આમાં મુખ્યમંત્રીશ્રીએ કંઈ નવું નથી કર્યું. આ તો ટ્રીબ્યુનલે નક્કી કરેલું છે. મારે બીજી વિગતમાં નથી જવું. પણ જ્યારે ટ્રીબ્યુનલે નક્કી કર્યું ત્યારે કોંગ્રેસના મિત્રોને મારે પૂછવું છે કે એ પછી તો વર્ષોના વર્ષો સુધી કોંગ્રેસના વિવિધ મુખ્યમંત્રીઓ આવ્યા. નર્મદા નિગમના વિવિધ ચેરમેનો આવ્યા. સિંચાઈ મંત્રીઓ આવ્યા, જો ટ્રીબ્યુનલે એક મિલિયન એકર ફીટ પાણી, ત્રણ વિસ્તારને ત્રણ મિલિયન એકર ફીટ પાણી વહેંચવાનું હતું, કોઈ એમાં પૂછપરછ કરવાની નહોતી, કોઈની પરવાનગી લેવાની નહોતી. એવું જે અર્જુનભાઈ કહે છે તો તેમની જે ૧૫-૨૦ વર્ષ સરકારો ચાલી, તમારા મુખ્યમંત્રીઓ આવ્યા, તમારો પક્ષ હતો તો આ પાણીની વહેંચણી તમે કેમ ન કરી?તમને કોણ રોકતું હતું? આ પાણીની વહેંચણીનું કોઈની કલ્પનામાં નહોતું. માનનીય નરેન્દ્રભાઈના આવ્યા પછી વિચારણા થઈ. નર્મદામાં પૂર આવે છે. અત્યારે શ્રી શકિતસિંહે વાત કરી કે લાખો ક્યુસેક પાણી દરિયામાં વહી જાય છે. આપણે એક એક ટિંપા માટે વલખાં મારતા હોઈએ છીએ. ત્યારે માનનીય નરેન્દ્રભાઈએ મિટિંગ બોલાવી એમાં શ્રી નરોત્તમભાઈ અને સિનિયર મંત્રીઓ હાજર હતા. એમાં લંબાણપૂર્વક ચર્ચા વિચારણા થઈ અને નક્કી કર્યું અને એને આધારે આ યોજના અમલમાં મૂકી. કેટલું પાણી વધે છે? એક એક મિલિયન એકર ફીટ પાણી ૩ તબક્કામાં વહેંચીને આપવાનો ટ્રીબ્યુનલના ચુકાદાના ૨૦-૨૫ વર્ષ પછી આ થયું છે. (અંતરાય) માનનીય અર્જુનભાઈ કોઈ તકલીફ નહોતી તો કોઈ રોકતું પણ નહોતું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો જવાબ આપું. અર્જુનભાઈએ જે પ્રશ્ન કર્યો. ઉત્તર ગુજરાતમાં કામ ચાલુ થઈ ગયું છે. હું એમનો આભાર માનું છું. કારણ કે એમણે આ વાત સ્વીકારી કે કામ ચાલુ થઈ ગયું છે અને નર્મદાનું પાણી મળતું થઈ ગયું છે. સીધા નહીં તો આડકતરી રીતે ટીકાત્મક સ્વીકાર તો કર્યો છે. સૌરાષ્ટ્ર અને કચ્છ માટે નર્મદાનું એક મિલિયન એકર ફીટ પાણી ફાળવ્યું છે. એ કઈ રીતે વહન કરવું? કઈ જગ્યાએ એનો સ્ટોરેજ કરવો એનું અત્યારે વર્ગીકરણ કરવાનું ભારત સરકારની વાસ્મો સંસ્થાને કન્સલ્ટન્ટ તરીકે નક્કી કરી છે. કચ્છ અને સૌરાષ્ટ્ર માટેનો પ્રાથમિક અહેવાલ આવી ગયો છે. પાણી મળે ત્યારે એનો મોટા પ્રમાણમાં સ્ટોરેજ કરવા સ્ટોરેજ કેપેસિટિ ઊભી કરવી પડે. કઈ કઈ જગ્યાએ પાણી પહોંચાડવાનું છે? કઈ રીતે સ્ટોરેજ કરવું? એક મિલિયન એકર ફીટ પાણીનો કેવી રીતે ઉપયોગ કરવો. એનો ઉંડાણપૂર્વકનો ટેક્નીકલ પરામર્શ ચાલી રહ્યો છે અને એના માટે સરકાર ગંભીરતાથી આગળ વધી રહી છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઓછા વરસાદના કારણે તળાવો ખાલી રહ્યા છે. વહેરા અને નદીઓમાં પાણી વહ્યા નથી, પરિણામે પીવાના પાણીના સોર્સ ઘટી ગયા છે. કપડવંજ અને બાલાસિનોર તાલુકાઓમાં પીવાના પાણીની તકલીફો ઊભી થઈ છે. ત્યારે શક્ય હોય તેટલું વહેલામાં વહેલી તકે ઢોરોને અને માણસોને પીવાના પાણીની વ્યવસ્થા કરવા સરકારશ્રી અને સિંચાઇ મંત્રીશ્રી શું કરવા માગે છે?

**શ્રી નીતિન ભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ખાતરી આપી દીધી છે. કોઈ ખાતરી આપે નહીં પણ મેં આપી દીધી છે. આ સરકાર એવી છે કે ખાતરી આપે અને એનો અમલ પણ કરે.

**અધ્યક્ષશ્રી** : તમે ખાતરી આપો કે ન આપો. શ્રી નીતિન ભાઈએ ખાતરી આપી દીધી છે.

### છઠ્ઠા પગારપંચ અન્વયે ઑડિટની કામગીરી કરવા અંગે

**ટૂં. મુ. ૩૭ શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજય સરકારે છઠ્ઠા પગારપંચની જાહેરાત કર્યા પછી રાજય સરકારના કર્મચારીઓને મળવાપાત્ર એરીયર્સની રકમ પી.એફ.માં જમા કરવાનું નક્કી કરેલ તે હકીકત સાચી છે?

(૨) જો હા, તો તા.૯-૧૨-૦૯ની સ્થિતિએ પગાર અંગેની ઑડિટ કામગીરી ન થવાના કારણો શાં છે અને

(૩) જે કર્મચારીઓના પી.એફ. નથી તેવા હંગામી કર્મચારીઓને પગાર ચકાસણી ઑડિટ કામગીરી વિલંબમાં થવાથી સરકાર તેના ઉપર વ્યાજ ચૂકવવા માગે છે કે કેમ?

**નાણા મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) નિર્ધારિત સમયથી ચકાસણીની કામગીરી શરૂ થઈ ગઈ છે.

(૩) ના, જી.

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે રાજયના કર્મચારીઓને છઠ્ઠું પગાર પંચ આપવાનું નક્કી કર્યા પછી કર્મચારીઓને એરીયર્સની રકમ કેટલી મળવાપાત્ર છે? એ નક્કી કર્યા પછી ૫ વર્ષ સુધી એ રકમ એના એકાઉન્ટમાં જમા કરવાની છે. જ્યાં સુધી પે એન્ડ એકાઉન્ટનું ઑડિટનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ એરિયર્સની રકમ જમા કરવાની થતી નથી. તો રાજય સરકારને આપના માધ્યમથી એ જાણવા માગું છું કે, આ ઑડિટની કામગીરી ક્યારથી શરૂ કરવામાં આવી અને એ કયાં સુધીમાં કઈ તારીખ સુધીમાં પૂર્ણ થશે? અને બીજી વાત એ છે કે,અને બીજી વાત એ છે કે જે મંત્રીમંડળના સીધા કર્મચારીઓ જે છે એમને પણ જે રકમ ચૂકવવાની થાય એ રકમનું પ્રમાણ બહુ ઓછું છે તો રાજય સરકાર એમને એકી સાથે આ રકમ ચૂકવવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો એમાં તા:૧-૧-૦૬થી એની અમલવારી કરવાની છે. પાંચ વર્ષની અંદર સરખા હપ્તે એને પૈસા આપવાના છે પણ એના માટે થઈને કર્મચારીને કેન્દ્ર સરકારે પણ ઓપ્શન આપેલું કે આના માટે થઈને જે જી.આર. બહાર પડયો એ ૨૦૦૯માં બહાર પડયો તો ઓપ્શન એવી રીતે આપ્યું કર્મચારીને કે કદાચ તમને પ્રમોશન મળ્યું હોય એ જ તારીખથી તમે જો એની ઈફેકટ લેવા માગતા હોવ અને તમને લાભ થતો હોય તો એના માટે થઈને સપ્ટેમ્બર ૨૦૦૯ સુધી એને પસંદગી ઓપ્શન માટે થઈને એને પસંદગી આપવામાં આવી હતી એટલે ૩૧-૯-૨૦૦૮ના રોજ બધા જે લોકો ઓપ્શન માગતા હતા એના ઓપ્શન આવી ગયા છે અને હવે ૧-૧૦થી એ કામગીરી ચાલુ થઈ છે અને જે પ્રમાણે વહેલામાં વહેલી તકે પતે એ રીતે એની કામગીરીને નીપટી લઈશું અને બીજી વાત આપે કહી કે જે મંત્રીમંડળના હંગામી કર્મચારીઓ છે એ હંગામી કર્મચારીને એને જે પૈસા છે એને એ રોકડમાં ચૂકવવાનો, એ રીતે એ થઈ જશે અને લગભગ જાન્યુઆરી સુધીમાં આવા હંગામી કર્મચારી છે કે જેને પી.એફ. ખાતું નથી એ પી.એફ.માં જમા કરવાને બદલે એને રોકડમાં રૂપિયા આપવામાં આવશે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વહીવટીતંત્રની કરોડરજજુ સમાન સરકારના કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ આપવાથી એમનામાં જે મોરલબુસ્ટીંગ દ્વારા જે કામની એફીસીયન્સીમાં જે વધારો થાય ત્યારે આ પગારનો લાભ કેટલા કર્મચારીઓને મળવાનો છે અને આ કર્મચારીઓને લાભ આપવાને કારણે સરકારની તીજોરી ઉપર કેટલો વધારાનો બોજો પડશે એ માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજે ૪,૯૭,૨૭૨ કર્મચારીઓ છે, એને આનો લાભ મળશે અને જે ભૂતકાળમાં પણ કહયું હતું કે તા:૧-૧-૦૬થી ૩૧-૩-૦૯ સુધીનું જે એરીયર્સ ચૂકવવાનું કર્મચારીઓ અને પેન્શનરો એ બધાને એરીયર્સ ચૂકવવાનું થશે ૬૮૮૩ કરોડ અને પછી રીકરીંગ કન્ટીન્યૂટ જે બોજો આવશે વાર્ષિક વધારો એ ૨૮૯૬ કરોડનો પગારભથ્થા અને પેન્શનરોને એ આપવાની રકમ દર વર્ષે બોજો આવશે ૨૮૯૬ કરોડ જે એરીયર્સ ચૂકવવાનું થશે એ ૪૮૮૩ કરોડ અને જે કર્મચારી છે એ કર્મચારીને ૪,૯૭,૨૭૨ કર્મચારીને આનો લાભ મળશે. લગભગ કર્મચારીને ૨૭ ટકાથી ૩૦ ટકા જેટલો એનો પગાર વધારો મળશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૈધ્ધાંતિક રીતે તો એવું સ્વીકાર્યુ હતું કે પગારપંચ જે પણ કેન્દ્ર સરકાર સ્વીકારે એનું સોએ સો ટકા અમલીકરણ કરવું. કોઈ કારણોસર આપણે પૂરા પૈસા આપવાના બદલે એના પી.એફ.માં જમા કરીએ છીએ. ૫ વર્ષ પછી પૈસા મળશે એટલે અન્યની સરખામણીમાં આપણે મોરલ બુસ્ટીંગ માટે આપણે બધું જ આપીએ છીએ એવું નથી કરતા આ સંજોગોમાં બે ફોલ્ડમાં મારી વાત છે, એક જે ઓડીટ થતા નથી એના કારણે વિલંબ થાય છે. માનનીય મંત્રીશ્રીને માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું કહેવા માગુ છું કે ઓડીટ આપ આપના કક્ષાએથી કરશો તો આપને ખ્યાલ આવશે કે એટલા વિલંબીત ઓડીટો થાય છે. એક જ દાખલો આપ લઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું એલ.એફ.નું ઓડીટ શિક્ષકોનું છેલ્લા કેટલા વર્ષોથી નથી થયું હાઈકોર્ટે ડાયરેકશન આપ્યા મુજબ અત્યારે માંડ થોડું થોડું થાય છે. ઓડીટ નહીં થવાના કારણે વિનાકારણે કર્મચારીઓને સહન ઘણી રીતે પેસ્કેલમાં પણ સહન કરવું પડે છે એ ઉપરાંત ઉચ્ચતમ પગારધોરણ મેળવવામાં પણ સહન કરવું પડે છે અને બીજા ફોલ્ડમાં મારી વાત એ છે કે જેમને આપે કહયું કે જેમનું પી.એફ. નથી એમને આપે એરીયર્સ ચૂકવવાના છો આપ જાન્યુઆરી સુધીમાં, કાયમીને ૫ વર્ષ પછી આપણે આપવાના છીએ, પી.એફ.માં જમા કરવાના છીએ. તો આમને જેમના પી.એફ. નથી એમને એરીયર્સ જાન્યુઆરીમાં આપણે પૂરેપૂરું આપવા માગીએ છીએ કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : પી.એફ. નથી એવા લોકોને જાન્યુઆરી સુધીમાં મળી જશે. દા.ત. મંત્રીમંડળનો સ્ટાફ જે હંગામી હોય એ લોકોને જાન્યુઆરી સુધીમાં પૈસા મળી જશે. જેને પી.એફ. છે એનું એરિયર્સ છે એ પી.એફ.માં જમા કરીને એના ઉપર ૮ ટકા વ્યાજ આપવામાં આવે છે. પી.એફ.નું વ્યાજ મળે છે એટલે કર્મચારીઓને જે રોકડમાં પૈસા નથી મળતાં અને પી.એફ.માં જમા થાય છે એના ઉપર વ્યાજ આપવાનું નક્કી કરેલ છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પગારપંચનો જી.આર. ૨૦૦૯માં બહાર પાડવામાં આવ્યો. હું માનનીય નાણા મંત્રીશ્રીને આપના માધ્યમથી પૂછવા માગું છું કે જ્યારે પાંચમાં પગારપંચનો અમલ કર્યો ત્યારે એનો જી.આર. સમયસર બહાર પાડવામાં આવ્યો હતો એના કારણે એરિયર્સની રકમ માત્ર ૧૫૦૦ કરોડ હતી. એની સામે અત્યારે ૬૮૮૩ કરોડ રૂપિયા થઈ છે. કારણ કે ત્યારે માત્ર બે વર્ષમાં આનું અમલીકરણ કરી વી.આર.એસ. કૌલગી કમિટી નિમાયેલી એના અહેવાલના આધારે ૧૯૯૭ના અંતમાં ચૂકવી આપેલ. આમ બે વર્ષમાં આપણે પૈસા ચૂકવી આપેલા. એ વખતે એરિયર્સના પૈસા ૫૦ ટકા બે હપતામાં રોકડમાં અને ૫૦ ટકા પી.એફ.માં મુકવાના હતા. આજે સંપૂર્ણ રકમ પાંચ હપતામાં પી.એફ.માં મુકવાની છે એ બાબત તેઓને અન્યાયકર્તા છે. આ સરકારે મંત્રીશ્રીઓની કમિટી દ્વારા ચર્ચામાં સમય લીધો એના બદલે કોઈ નાણાકીય નિષ્ણાંતની કમિટી નીમવામાં આવી હોત તો આનો અમલ જલદી થઈ શક્યો હોત. જ્યારે કર્મચારીઓને આપવાનું છે ત્યારે વિલંબિત નીતિ શા માટે અપનાવવામાં આવે છે? એના કારણે નાના કર્મચારીઓને હજુ વી.આર.એસ. કૌલગી કમિટીએ આની અંદર પાંચમાં પગાર પંચનો લાભ આપવા માગેલો એ તમામને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : એના માટે કર્મચારી મંડળો સાથે સમાધાન થયું અને જે સમાધાન થયું એ જ ફોર્મ્યુલા પ્રમાણે આપવામાં આવ્યું છે. પાંચમાં પગાર પંચને આપણે સ્કેલ ટુ સ્કેલ જેવી રીતે આપવામાં આવ્યું છે, છઠ્ઠા પગાર પંચમાં એ જ રીતે આપવામાં આવ્યું છે. કર્મચારીઓ સાથે બેસીને તમામ વાતો નક્કી થયા પછી આનો જી.આર. બહાર પાડવામાં આવ્યો છે. કોઈ વિલંબ થયો નથી. એટલું સ્પષ્ટ કહીશ કે કેન્દ્ર સરકારે ડીકલેર કર્યા પછી કદાચ આખા હિંદુસ્તાનમાં પહેલીવાર આનો સ્વીકાર કરનાર ગુજરાત સરકાર હશે. પૈસામાં કોઈપણ જાતના વિલંબ વગર, આ બધી ફોર્મ્યુલા નક્કી કરવામાં આવી છે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો એટલો જ સવાલ છે કે જેમને પાંચમાં પગાર પંચનો લાભ મળ્યો છે એ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : જે વાત છે એ બોર્ડ નિગમના કર્મચારીઓ માટેની વાત જુદી હશે. પરંતુ જે સરકારી કર્મચારીઓ છે એ તો તમામ લોકોને પાંચમા પગાર પંચનો લાભ આપ્યો છે અને એને છઠ્ઠા પગારપંચનો લાભ પણ બધા સરકારી કર્મચારીઓને આપીએ છીએ. પેન્શનરોને પણ આપીએ છીએ. આમ, પેન્શનરો, સરકારી કર્મચારીઓ અને ગ્રાન્ટ ઈન એઈડ આ તમામ લોકોને જેને સરકાર પગાર ચૂકવે છે એને આપીએ છીએ. બોર્ડ-નિગમનો સવાલ જુદો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : રોકડાનું કરો ને?

**શ્રી વજુભાઈ વાળા** : રોકડાનું કરવા માટે કોંગ્રેસની પાસે શીખવા જવું પડે કે રોકડી કેમ કરાય?

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, વજુભાઈ સામે બોલ ન ફેંકો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વજુભાઈ જે બોલ નાખે છે એ રોકડીનો નાખે છે એટલે અમે યાદ કરાવ્યું.

**આણંદ તાલુકામાં કાસોર ગામમાં વૉલ્ટેજમાં વધારો થતાં ટી.વી., ફ્રીઝ અને અન્ય વીજ ઉપકરણોમાં થયેલ નુકસાન.**

**ટૂં.મું.-૪૭ શ્રી લાલસિંહ ઉ. વડોદીયા(ઉમરેઠ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૯/૧૨/૨૦૦૯ના રોજ આણંદ તાલુકાના કાસોર ગામમાં ન્યુટ્રલ વાયર બળી જતાં વૉલ્ટેજમાં એકદમ વધારો થતાં ગ્રામજનોના ટી.વી., ફ્રીઝ અને અન્ય વીજ ઉપકરણોને ભારે નુકસાન થયેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ નુકસાનનું સરવે કરી નુકસાન સામે વળતર ચૂકવવા સરવે કામ ક્યારે હાથ ધરાશે, અને

(૩) કેટલા સમયમાં આ વળતર ચૂકવવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)**

(૧) આણંદ તાલુકાના કાસોર ગામમાં મોટી ખડકી સુથાર ફળિયું તથા દરવાજા વિસ્તારની થ્રી ફેઈઝ હળવા દબાણની લાઈનમાં થાંભલા ઉપરના એરિયલ બન્ચ કેબલમાં લગાવવામાં આવેલ કલેમ્પમાં આકસ્મિક તાંત્રિક ખામીને કારણે ન્યુટ્રલ વાયરની કન્ટીન્યુટીમાં વિક્ષેપ થયેલ જેના કારણે આ ફરિયાદ ઊભી થવા પામેલ છે.

(૨) અને

(૩) સદર બનાવ તા. ૯/૧૨/૨૦૦૯ના રોજ બનેલ હોઈ બનાવના કારણો બાબતે તાંત્રિક ચકાસણી અને તપાસ કરી થયેલ નુકસાનની વિગતો મેળવવાની કાર્યવાહી ચાલુ છે. તપાસણી અહેવાલ રજૂ થયા બાદ નિયમો અને કાયદાકીય જોગવાઈ અનુસાર આગળની કાર્યવાહી હાથ ધરી શકાશે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારના કાસોર ગામમાં ૯મી તારીખે સવારે ૯-૦૦ વાગ્યાની આસપાસ વીજ પ્રવાહમાં વાયરમાં શૉર્ટ સરકીટ થવાના કારણે ઘણા બધા ફળિયામાં ટી.વી., ફ્રીઝ, ઈસ્ત્રી, મોબાઈલ ચાર્જરો, કોડ લેસ ફોન, ટયૂબલાઈટ અને ગોળા આ બધામાં આગ લાગતા ધુમાડો થઈને

ખરાબ થઈ ગયેલ છે. સામાન્ય રીતે જ્યારે એક મિટરનો કાચ પણ ભૂલથી કોઈ વીજ ગ્રાહકથી તૂટી જાય તો જી.ઈ.બી. દ્વારા એક હજાર રૂપિયાનો દંડ કરી દેવામાં આવે છે. તો મારું એવું કેહેવું છે કે જી.ઈ.બી. દ્વારા આવી કોઈ ખામી થાય અને વીજ ગ્રાહકોના જે વીજળીના ઉપકરણો ખોટકાઈ જાય તો એ જે વીજ ગ્રાહકોએ પોતાના વીજ ઉપકરણો ગુમાવ્યા છે તેમને આ સરકાર એના બદલે વળતર આપવામા માગે છે કે કેમ? બીજું, આ કાસોરમાં બન્યું પણ ગુજરાતમાં કોઈપણ જગ્યાએ આવો બનાવ બને તો કાયદાની અંદર સુધારો કરીને પણ આપના મારફત હું ઉર્જા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જ્યારે પણ આવું નુકસાન થાય ત્યારે સરકાર એમને આ વળતર આપવામા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કાસોર ગામની અંદર હાઈવોલ્ટેજનો ઈસ્યુ બન્યો હતો. એમાં મહાકાલી ટ્રાન્સફોરમર નંબર-૮માં ઘણી બધી સરકીટો નીકળતી હતી એમાં એક સરકીટની અંદર આશરે સોએક ગ્રાહકોને વીજળી આપવામાં આવતી હતી એમાં થાંભલા નંબર ૦૨૭ ઉપર એરિયલ બંન્ચ કેબલમાં જે કલેમ્પ આવે છે એમાં ન્યુટ્રલ વાયરની કનેકટીવીટી જવાના કારણે આ બનાવ બન્યો હતો. તાત્કાલિક અધિકારીશ્રીઓ પહોંચી ગયા અને આનો ડિટેઈલની અંદર કઈ રીતે બન્યું અને સુધારા કરી તાત્કાલિક વીજળી આપવાનો પ્રયાસ કર્યો અને બે કલાકની અંદર વીજળી પણ આપી દીધી. ૧૧મી તારીખે સુપ્રિટેન્ડન્ટ એન્જિનિયરે એક કમિટી ઉચ્ચ કક્ષાની અભ્યાસ માટેની રચી છે કે શું કારણોસર થયું અને આનો ૧૫ દિવસની અંદર એમનો રિપોર્ટ આપવાની પણ માગણી કરી છે. ખાસ કરીને મારે સભ્યશ્રીને એટલું જણાવવાનું કે કેન્દ્ર સરકારના ઈલેકટ્રીસિટી એકટના કાયદા પ્રમાણે અને બીજું જે નેશનલ કમિશનની જે રચના કરી છે અને જે એકટમાં કાયદા છે એની અંદર અગર એકસીડન્ટ દ્વારા આ બનાવ બન્યો હોય તો ગ્રાહકને આપણે કોઈ જાતનું વળતર ભરપાય કરી આપતા નથી અને કેન્દ્રના નેશનલ કમિશનના કાયદા અને જર્કના જે section નો નોટિફાય કર્યા છે આ ત્રણેયની અંદર fluctuation in supply of power આવે એના અંદર જે instruments ને હાનિ થાય છે અને accident ના કારણે થતી હોય એની અંદર કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. એમનું સૂચન જે છે તો આવતા દિવસોમાં આપણે કેન્દ્રને act માં સુધારા કરવા માટે જણાવીશું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ ઊભા થશો તો હું તક આપીશ. આપના નેતા ઊભા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે જે ઈન્ડિયન ઈલેકટ્રીસિટી એકટમાં જેમાંથી બાદ આપ્યો છે. આ તમારો regular power fluctuate થયો નથી. આ જગ્યાએ કોઈ કારણોસર આપ સ્વીકારો છો એ પ્રમાણે અનેક ગ્રાહકોને મોટું નુકસાન થયું છે. આ રૂટિન કેસમાં Indian Electricity Act ની જોગવાઈમાંથી બાકાત રાખ્યા છે એને નહિ કહી શકાય. આવા સંજોગોમાં જ્યારે કોઈ ઘટના બને છે ત્યારે એને વળતર ચુકવાય છે. ઉદાર મન રાખીને આપ કહો છો કે સોએક ગ્રાહકોને સહન કરવું પડયું છે તો સો ગ્રાહકોને આપના આટલા મોટા વીજ નિગમના પ્રમાણમાં નજીવી રકમ થવાની છે. કાયદાનો કોઈ બાદ આવતો નથી, બાદ આપો અને એનાથી કોઈ કાયદાકીય વિવાદ ઊભો થાય તો હું નૈતિક જવાબદારી લઈશ. પણ એ Indian Electricity Act ની વાત કરીએ એ બરાબર નહિ. આ કિસ્સામાં માનવતાના ધોરણે પણ જે નાના લોકોને નુકસાન થયું છે એને કંઈક રાહત આપવા માટે સરકાર વિચારવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, Section ૫.૭.૨ એમાં સ્પષ્ટ છે distribution shall not be responsible for any loss to consumer or damage to the consumer's plant and equipments due to interruption/fluctuation in supply of power બીજું, નેશનલ કમિશનનો જે as per National Consumer Dispute Redressal Commission એની અંદર લખ્યું છે "unless otherwise provided specifically in the agreement entered into the consumer, the Board shall in no case have any liability for any compensation whatsoever to him on account of failure of supply of power." માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એમાં કંઈક ૨૫,૦૦૦/- કે ૫૦,૦૦૦/- રૂપિયા આપવાથી કંઈ જીઈબીને કોઈ જવાબદારી મોટી ઊભી નથી થતી પણ એક પ્રણાલિકા ઊભી થશે અને આ પ્રણાલિકાના કારણે આવતા દિવસોમાં રાજયમાં જ્યાં કોઈ નાના મોટા ઈસ્યુઓ બનશે એમાં બોર્ડ આ દાખલા કરી આપવું પડશે પણ તેમ છતાં આપનું સૂચન છે એમાં આપણે આવતા દિવસોમાં વિચારીશું કે જીયુએલ કોઈ ઈન્શ્યોરન્સ પૉલિસી લઈ શકે કે નહીં અને આવી ઇન્સ્યુરન્સ પૉલિસી આવા બનાવના કારણે થતું હોઈ એવું કંઈ વિચારીશું અને આપણે ચોક્કસપણે આવતા દિવસોમાં સૂચન બોર્ડ દ્વારા વિચારવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

## રાજયમાં ડિગ્રી અને ડિપ્લોમા ઇજનેરીની બેઠકમાં વધારો

**ટૂં. મુ.- ૪૯ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ઇજનેરીના અભ્યાસ માટે અન્ય રાજયોમાં જતા વિદ્યાર્થીઓને રાજયમાં પ્રવેશ મળી શકે તે માટે રાજયમાં હાલની બેઠકોમાં વધારો કરવા માગે છે કે કેમ?
(૨) જો હા, તો ડિગ્રી અને ડિપ્લોમા ઇજનેરીની કેટલી બેઠકોનો વધારો કરવામાં આવશે?
(૩) કયા શૈક્ષણિક વર્ષમાં એનો અમલ કરવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી:**

(૧) હા.

(૨) રાજયમાં પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ (PPP)ના ધોરણે ૧૨ ઇજનેરી કૉલેજો અને ૦૯ પૉલિટૅક્નિક કૉલેજો શરૂ કરવામાં આવનાર છે. જેને પરિણામે ૨૮૮૦ બેઠકોમાં અને પૉલિટૅક્નિક કૉલેજોમાં ૨૭૦૦ બેઠકોમાં એમ કુલ મળી ૫૫૮૦ બેઠકોનો વધારો થશે.

(૩) પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ (PPP)ના ધોરણે થનાર પ્રક્રિયા પૂર્ણ થયેથી આ બેઠકોનો વધારો અમલમાં આવશે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પાસ કર્યા પછી વિદ્યાર્થીઓની અંદર ઊંચી ટકાવારી હોવા છતાં પણ ભૂતકાળમાં એવા દિવસો હતા કે આ વિદ્યાર્થીઓને ડિગ્રી અને ડિપ્લોમામાં રાજયની અંદર પ્રવેશ મળી શકતો નહતો. આજે રાજય સરકાર દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે ભગીરથ પ્રયાસો કરીને શિક્ષણમાં ગુણાત્મક રીતે પણ સુધારા લાવવામાં આવ્યા છે. તેવા સંજોગોમાં પહેલાં વિદ્યાર્થીઓ ૧૦મા અને ૧૨મા પછી અન્ય રાજયોમાં જતા જેના કારણે કરોડો રૂપિયા એ પરિવારોના ખંખેરાઈ જતા અને આ વિદ્યાર્થીઓને ત્યાં રેગિંગનો ભોગ બનવું પડતું એ પરિવારોને ચિંતા થતી હતી અને એવા સંજોગોમાં અને ગુજરાત જ્યારે ઔદ્યોગિક રીતે રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાના આંકડા પ્રમાણે સમગ્ર દેશમાં પ્રથમ નંબરનું રાજય છે અને રોજગારીની તકો વધવાની છે એવા સંજોગોમાં ગુજરાતમાં ટૅક્નીકલ શિક્ષણની અંદર ડિગ્રી અને ડિપ્લોમામાં સીટો વધારવા માટે રાજય સરકારે, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે ભગીરથ પ્રયાસો કર્યા છે એને હું હૃદયપૂર્વક્ના હાર્દિક અભિનંદન આપું છું. સાથે સાથે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માંગુ છું કે, ૨૦૦૮ની સ્થિતિ કરતાં આજની સ્થિતિએ એન્જિનીયરીંગમાં ડિગ્રી-ડિપ્લોમા અને ફાર્માસીમાં કેટલી સીટોનો વધારો કરવામાં આવ્યો?

માનનીય અધ્યક્ષશ્રી, અને ટૅક્નીકલ શિક્ષણમાં ડબલ શિફટ કરવા માટે રાજય સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવ્યું છે અને આ સ્થિતિએ જો આપણે ડબલ શિફટનું આયોજન કરીએ તો રાજયના કુલ કેટલા યુવાનોને આ વધારે ટૅક્નીકલ શિક્ષણમાં આપણે સાંકળી શકીશું.

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું છે એ પ્રમાણે રાજય સરકારે ૨૦૦૮-૦૯માં ડિગ્રી ઇજનેરી કૉલેજોમાં ૧૮,૮૩૯ બેઠકો હતી, ૨૦૦૯-૧૦માં આ બેઠકો ૩૪,૩૨૩ કરીને ૧૫,૪૮૪નો વધારો કર્યો છે. ડિપ્લોમામાં ૨૯,૭૧૦ બેઠકો હતી એમાં વધારો કરીને ૪૭,૭૫૩ એટલે ૧૮,૦૪૩ બેઠકોનો વધારો થયો. ડિગ્રી ફાર્માસીમાં ૪,૩૩૫થી વધારો કરીને ૫,૬૭૮ એટલે ૧,૩૪૩ બેઠકો વધી, ડિપ્લોમા ફાર્માસીમાં ૧૦૨૦ને બદલે ૧૧૨૨, એટલે ૧૦૨ બેઠકોનો વધારો થયો એટલે ૨૦૦૮માં ૫૩,૯૦૪ બેઠકો હતી એ ૨૦૦૯-૧૦માં ૮૮,૮૭૬ બેઠકોનો વધારો કરીને કુલ ૩૪,૯૭૨ બેઠકોનો વધારો કર્યો.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, PPP બોર્ડ અંતગર્ત જે ૧૨ ઇજનેરી અને ૯ ડિપ્લોમા પૉલિટૅક્નિક કૉલેજો શરૂ કરવામાં આવનાર છે, તો આ માત્ર ગાંધીનગર કે અમદાવાદની આજુબાજુમાં જ બનશે કે રાજયના અલગ અલગ અંતરિયાળ વિસ્તારોમાં થવાની છે? તો માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, કયા કયા જિલ્લાઓમાં અને કઈ કઈ જગ્યાઓ ઉપર આ ઇજનેરી અને ડિપ્લોમા અને પૉલિટૅક્નિક કૉલેજો બનશે ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં પી.પી.પી.ના મોડ પ્રમાણે ૧૨ જેટલી નવી એન્જીનીયરીંગ કોલેજો શરૂ કરવાની છે. એમાં પોરબંદર, અમરેલી, સૂરેન્દ્રનગર, નવસારી, ખંભાત, જુનાગઢ, કપડવંજ, વ્યારા, મહેસાણા, રાજપીપળા, જામનગર અને પાદરા. પૉલિટૅક્નિક પી.પી.પી. મોડ ઉપર ૯ શરૂ કરવાની છે. રાજુલા, વેરાવળ, માંડવી, લખપત, દ્વારકા, ગણદેવી, વાગરા, ખંભાત. વડાલી.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક : ૫૯

**રાજયમાં બનાવટી દેશી ઘીના ઉત્પાદન બાબત**

**ટૂં.મુ. ૫૯ શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ(પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,**

(૧) તા.૧૦/૧૨/૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજયમાં મોટા પ્રમાણમાં બનાવટી દેશી ઘીનું ઉત્પાદન થઈ રહેલ છે તેવું સરકારના ધ્યાનમાં આવેલ છે કે કેમ,

(૨) આવી બનાવટી દેશી ઘીના ઉત્પાદનની પ્રવૃત્તિ ડામવા સરકારે શું પગલાં લીધાં છે, અને

(૩) કેટલા ઈસમો સામે કાયદા અનુસાર કેસ કરવામાં આવ્યા?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) તા.૧૦/૧૨/૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમુક કિસ્સા પૂરતું બનાવટી દેશી ઘીનું ઉત્પાદન થઈ રહેલ છે તેવું સરકારશ્રીના ધ્યાનમાં આવેલ છે.

(૨) આવી બનાવટી દેશી ઘીના ઉત્પાદનની પ્રવૃત્તિ ડામવા તંત્ર સંપૂર્ણપણે સજાગ અને સક્રિય છે. રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્રને આ કામગીરીની જવાબદારી સોંપાયેલ છે. તંત્ર

દ્વારા સમગ્ર રાજયમાં ઘીના ઉત્પાદન અને વેચાણ ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહેલ છે. જયાં પણ શંકા જણાય ત્યાં વ્યાપક પ્રમાણમાં નમૂના લઈ અને તેનું પૃથ્થકરણ કરવામાં આવે છે. જે કિસ્સામાં બનાવટી ઘીનું ઉત્પાદન તથા વેચાણ માલુમ પડેલ હોય ત્યાં તંત્ર દ્વારા ખોરાક ભેળસેળ પ્રતિબંધક ધારો-૧૯૫૪ અન્વયે ફોજદારી રાહે કોર્ટ કાર્યવાહી કરવામાં આવે છે. છેલ્લા એક વર્ષ તા. ૧૧/૧૨/૦૮ થી તા.૧૦/૧૨/૦૯ દરમ્યાન તંત્રના ખાદ્ય નિરિક્ષકો દ્વારા વિવિધ સ્થળોએથી કુલ -૩૨૬ ઘીના નમૂના લેવામાં આવેલ છે. જેની ચકાસણી અને પૃથ્થકરણ કરાવતાં તે પૈકીના ૨૬ નમૂના નાપાસ જાહેર થયેલ છે. (૨૦ નમૂનાઓ બનાવટી ઘીના અને ૬ નમૂનાઓ હળદર વિ. ભેળસેળ એમ કુલ -૨૬ નમૂનાઓ)

(૩) જે કિસ્સાઓમાં બનાવટી ઘીનું ઉત્પાદન તથા વેચાણ થતું જોવા મળેલ તેવા કુલ ૨૦ કિસ્સાઓ તંત્રમાં નોંધાયેલ છે. જે પૈકી ૫ કિસ્સામાં કોર્ટ કેસ દાખલ થયેલ છે અને ૧૫ કિસ્સામાં કોર્ટ કાર્યવાહી કરવાની પ્રક્રિયા ચાલુ છે. જેમાં ૧ કિસ્સામાં પોલીસમાં એફ.આઈ.આર. આપેલ છે. કુલ ૫ ઈસમો સામે કાયદા અનુસાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર પાસેથી જાણવા માગું છું કે તા. ૧૦/૧૨/૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજયમાં મોટા પ્રમાણમાં બનાવટી ઘી ઉત્પાદનનું જે કામ ચાલે છે તે સરકારશ્રીના ધ્યાનમાં છે કે કેમ અને આ પ્રવૃત્તિ ડામવા સરકારે લીધેલાં પગલાં અને કેટલા ઈસમો સામે કામ કરવામાં આવ્યું તે જણાવવા વિનંતી છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૧૨ મહિના દરમ્યાન રાજયમાં બનાવટી ઘી અંગેની કાર્યવાહી સબબ કુલ ૩૨૬ નમૂના લેવામાં આવ્યા. એનો અર્થ એ થાય કે મહિને સરેરાશ ૨૭ નમૂના અમારા ખાતા તરફથી લેવામાં આવ્યા છે એટલે વર્કીંગ ડે પ્રમાણે જોઈએ તો રોજનો એક નમૂનો ખાતા દ્વારા કયાંકને કયાંક બનાવટી

ઘી અથવા તો ઘીમાં ભેળસેળ માટે લેવામાં આવ્યો છે. એમાં ૨૬ જેટલા નમૂનામાં કોઈક એક યા બીજી રીતની ભેળસેળ જણાઈ છે એમાં ૬ નમૂનામાં હળદરની ભેળસેળ હતી. ખાદ્યપદાર્થ છે એને બાદ કરીએ તો ૨૦ નમૂના એટલે કે ૭ ટકા જેટલા સેમ્પલમાં ભેળસેળ જણાઈ છે અને એ તમામ ઉપર પાંચ સામે કોર્ટ કેસ કરવામાં આવ્યા છે અને બાકીના કિસ્સાઓમાં આગળની કાર્યવાહી હાલ ચાલુ છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, બનાવટી ઘી બાબતમાં ૩૨૬ ઘીના નમૂના લીધા. એ પૈકી ૨૬ નમૂના પૈકી ૬ નમૂનાની અંદર હળદર નીકળી અને ૨૦ નમૂના છે એ બનાવટી ઘી છે પણ એની અંદર શું હતું? એનું જે એનાલીસીસ કર્યું હોય તો મારે જાણવું છે કે એની અંદર શું ઉમેરેલું હતું? શેનું ઘી બનાવેલું હતું? અથવા તો એની અંદર શું મીકસ કર્યું હતું?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે ઘીમાં વનસ્પતિ અથવા એનીમલ ફેકટ અને પામોલીનની ભેળસેળ કરવામાં આવતી હોય છે. આ જે ભેળસેળ થાય છે એના માટે અલગ અલગ ટેસ્ટ થકી ભેળસેળ શું છે તે અંગેની જાણકારી અમને મળે છે. જેમાં બી.આર.રેટીંગ, મીનીમમ રેજીસ્ટર વેલ્યુ, ફોલીક એસીડની લઘુત્તમ ટકાવારી, મોઈશ્ચર અને બૌદીન ટેસ્ટ જેવા ટેસ્ટ કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ પુછયું કે એમાં શું હતું? તો અમદાવાદમાંથી જે સેમ્પલ લેવામાં આવ્યું વિરમગામ તાલુકામાંથી શૈલેષ ભટ્ટ, હળદર હતી. અમદાવાદ વિરમગામ તાલુકામાંથી બીજી વખત આ જ દુકાનેથી સેમ્પલ લીધું એમાં પણ હળદર હતી. અને અમદાવાદનું અસલાલી ખાતેથી સેમ્પલ લેવામાં આવ્યું સંજયભાઈ મહાદેવજી ઠાકોર, રેજીસ્ટર વેલ્યુમાં નપાસ તથા એમાં તલના તેલની હાજરી હતી. ભાવનગર ખાતેથી જે સેમ્પલ લેવાયું એમાં રેજીસ્ટર વેલ્યુમાં નપાસ તથા તલના તેલની હાજરી હતી, વનસ્પતિની હાજરી હતી. ભાવનગર ખાતેથી બીજું સેમ્પલ લીધું એમાં બી.આર.રેટીંગ અને રેજીસ્ટર વેલ્યુમાં નપાસ થયો. ભાવનગર ખાતેથી શિહોર ખાતેથી જે સેમ્પલ લીધું એમાં હળદરની હાજરી હતી. ભાવનગર ખાતેથી જે સેમ્પલ લીધું બીજું હિતેશભાઈ ઈશ્વરદાસ લાલવાણીને ત્યાંથી.

**અધ્યક્ષશ્રી** : વીસેવીસનું વાંચવાના છો?

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, એમણે વીસેવીસનું માગ્યું છે.

**અધ્યક્ષશ્રી** : તો ટેબલ ઉપર મુકજો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, એમને જરૂર હશે તો હું આપી દઈશ.

**અધ્યક્ષશ્રી** : ના. ટેબલ ઉપર મુકી દેજો. શ્રી મફતભાઈ,

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે જે રીતે પૂરા દેશની અંદર આગવી કામગીરી કરવા માંડી છે તો આ જે ખાદ્ય પદાર્થોની અંદર ભેળસેળ કરીને માનવજીવન સાથે..

**અધ્યક્ષશ્રી** :આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : ખાદ્ય પદાર્થોમાં જે ભેળસેળ કરે છે એ રોકવા માટે ગુજરાત સરકાર કોઈ કાયદો બનાવવા માગે છે કે કેમ અને સખત હાથે આ પ્રવૃત્તિને ડામવી જોઈએ કારણકે એનાથી માનવ જીવનને મોટું જોખમ ઉભું થાય છે.

**શ્રી જયનારાયણ વ્યાસ :** માનનીય સભ્યશ્રીની ચિંતા સકારણ છે. આપના થકી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે પ્રિવેન્સન ઑફ ફુડ એડલ્ટરેશન એકટ ૧૯૫૪ આ માટે અમલમાં છે જ અને એની કલમ ૧૬ મુજબ આ પ્રકારની ભેળસેળ કોઈપણ ખાદ્યપદાર્થમાં જણાય તો એમાં ઓછામાં ઓછી ૬ મહિનાની અને વધુમાં વધુ ૩ વર્ષની સજાની જોગવાઈ છે. એક હજાર રૂપિયાથી ઓછી નહિ હોય તેટલી દંડની જોગવાઈ છે. પાંચ કિસ્સામાં કોર્ટ કાર્યવાહી કરી છે. બાકીના કિસ્સામાં પણ કોર્ટ કાર્યવાહી કરીશું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું જે ઘી છે એ વર્ષોથી દેશ અને દુનિયામાં લોકપ્રિય રહ્યું છે. એમાં ભેળસેળ થાય છે, એના કારણે આજે એની લોકપ્રિયતામાં ઘટાડો થયો છે. એમાં બે મહત્ત્વની જે ભેળસેળ છે. આપણે બધા જાણીએ છીએ કે બનાવટી ઘી અને પ્રાણીજ ચરબી એનીમલ ફેટ સૌથી વધારે ઉંમેરવામાં આવે છે. એના કારણે અમુક વર્ગ દેશી ઘી લેતા હતા તે લેતા બંધ થયા છે. નાનાં નાનાં સેન્ટરો છે એમાં તો આપણો વિભાગ ચકાસણી કરવાવાળો વિભાગ એ પહોંચી શકતો નથી, એના કારણે મોટા પ્રમાણમાં જે પ્રાણી ચરબી હોય છે.

**અધ્યક્ષશ્રી** : સીધા પ્રશ્ન ઉપર આવો. સિદ્ધાર્થભાઈનો પ્રશ્ન પાછળ આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ રોકવા માટે કોઈ સઘન કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, અર્જુનભાઈ પાણો, રાણો અને ભાણોના શહેરમાંથી આવે છે. એક જમાનામાં પોરબંદરનું ઘી ખૂબ પ્રખ્યાત ઘી હતું. એમની ચિંતા સકારણ છે. પણ રોજનો એક ઘીનો નમૂનો લેવાય છે. એના ઉપરથી માનનીય અર્જુનભાઈ તમને ખ્યાલ આવ્યો હશે કે આ બાબતમાં જે પણ કાર્યવાહી કરવી ઘટે એ કરી છે. સારી બાબત એમાંથી ફલિત થાય છે કે ૨૦ કિસ્સામાં ભેળસેળ જણાયેલ છે અને ૩૦૦ કિસ્સામાં ભેળસેળ નથી જણાઈ. એ વાત આ ખાતાની કામગીરીની સકારાત્મક બાજુએ લઈ શકીએ તેમ છીએ.

**ધોળી ધજા ડૅમના ખારા પાણીનો નિકાલ**

**ટૂં.મુ. ૮૧શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)**જણાવવા કૃપા કરશે કે:

(૧) ધોળીધજા ડૅમમાં મુખ્યમંત્રીશ્રીએ નર્મદા નદીના પાણી વહેવડાવ્યા તે પહેલા કેનાલમાં રહેલ ખારાપાણીનો નિકાલ નહિ કરાતાં કરોડો ગૅલન મીઠું પાણી ખારું બની ગયું છે તે સરકાર જાણે છે અને

(૨) જો હા, તો આ માટે કોણ જવાબદાર છે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા):**

(૧) ધોળી ધજા ડૅમમાં નર્મદા નહેરના પાણી વહેવડાવતા પહેલા કેનાલની સાંકળ ૭૭ કિ.મી. પછીની લંબાઈમાં ભરાયેલ મોટા ભાગના ખારા પાણીને ઉદવહન કરી એસ્કેપ દ્વારા ઉમાઈ નદીમાં નિકાલ કરવામાં આવેલ. ત્યારબાદ સૌરાષ્ટ્ર શાખા નહેરમાં નર્મદાના પાણીનું ઉદવહન કરીને ધોળીધજા ડૅમમાં નાખવામાં આવેલ હોઈ ધોળીધજા ડેમનું મીઠું પાણી ખારું બનવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા ડેમનું પાણી ધોળીધજા ડૅમમાં છોડી પમ્પીંગ દ્વારા તેમાં પાણી નાંખી અને સૂરેન્દ્રનગર જિલ્લાને બહુ મોટા લાભ આપવાની યોજના સાકાર કરવાનો એક મહાઉત્સવ આપણે હમણાં ઉજવ્યો છે. પણ સાચી પરિસ્થિતિ તેની જે જાહેરાતો કરવામાં આવી, એમાં કહેવામાં આવ્યું કે હવે સૂરેન્દ્રનગર જિલ્લાના લોકોના મોં ઉપર હવે સ્મિત દેખાશે. પરિસ્થિતિ એ થઈ કે ખારા પાણીથી મોંઢું ધોવાના કારણે લોકોના આંખમાંથી આંસુ નીકળવા માંડ્યા છે. પહેલા દિવસે ૨૯/૧૧ ના દિવસે જ્યારે ઉત્સવ ઊજવાઈ રહ્યો હતો તે દિવસે ૧૨૦૦૦ ટી.ડી.એસ.નું પાણી, બીજા દિવસે ૭૦૦૦ ટી.ડી.એસ.નું પાણી, ત્રીજા દિવસે ૩૫૦૦ ટી.ડી.એસ.નું પાણી અને આજે ૨૦ દિવસ પછી પણ સાહેબ ૨૨૦૦ ટી.ડી.એસ.નું પાણી મળી રહ્યું છે. મારે ત્રણ પ્રશ્નો છે: એક આ ટી.ડી.એસ. ઘટાડવા માટે આપણી શું કરી રહ્યા છીએ, બીજી વાત માનનીય અધ્યક્ષશ્રી, કે આ જે ૩૪ કિલોમીટર સુધીની કેનાલ જે છેલ્લી છે તે હજી પણ અનલાઈન કેનાલ છે અને તેમાંથી આપણે પીવાનું પાણી આપવા જઈ રહ્યા છીએ તો એ અનલાઈન કેનાલને આપણે તાત્કાલિક લાઈન કેનાલ કરવા માગીએ છીએ કે કેમ? ત્રીજી વાત સૂરેન્દ્રનગર અને વઢવાણ જેવા મોટાં શહેરોની અંદર પાણી ઉપલબ્ધ કરાવવા છતાં પણ હજી પમ્પિંગની વ્યવસ્થા, ડિસ્ટ્રિબ્યુશનની વ્યવસ્થા અને ફિલ્ટરેશનની વ્યવસ્થા પૂરી કરવામાં આવી નથી તેના કારણે હજી આજે પણ અઠવાડિયે એક જ વાર પાણી આપી શકાય છે તે મોટા મોટા દાવા આપણા ખોટા પડ્યા છે, તે સંજોગોમાં સરકાર શું કરવા માગે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને મને જણાવતાં આનંદ થાય છે કે સૂરેન્દ્રનગર જિલ્લો જેને ઝાલાવાડ તરીકે આપણે ઓળખીએ છીએ ત્યાં આગળ ભૂતકાળમાં બીજા પક્ષોની સરકારો વખતે આ બધા જાણે છે અને નહીં જાણતા હોય તેને દુ:ખ થશે કે ૨૨ દિવસે એક વખત અડધો કલાક પાણી ભૂતકાળની સરકારો વખતે અપાતું હતું. ૨૨ દિવસે એક વખત સાહેબ, કોઈ કલ્પના ન કરે, તમે કહો છો કે ખારા પાણીથી મોં

ધુએ છે. તમે તો કોઈ પાણી આપી શકતા ન હતા. માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે તા.૧૧-૧૧-૨૦૦૯ના રોજ પાણી આપણે આપી દીધું છે. સૂરેન્દ્રનગરને નિયમિત પાણી મળે છે. શરૂઆતમાં કેનાલ ક્ષારવાળી હોવાથી થોડા ટી.ડી.એસ. આવ્યા હતા. અત્યારે....

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. હું પહેલી, બીજી, ત્રીજી અને ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો

## પહેલી અતારાંકિત યાદી

### ખેડા જિલ્લામાં પશુ સારવાર નિદાન કેમ્પો

અતારાંક્તિ : ૧૮૮૨(૧૫-૯-૦૯) **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના નાણાંકીય વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુ સારવાર નિદાન કેમ્પો શરૂ કરવામાં આવ્યા, અને

(૨) તે પેકી તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૨૦-૧૦-૦૯) :

(૧) અને (૨) ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના નાણાકીય વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર યોજેલ પશુ સારવાર નિદાન કેમ્પો અને તે પેકી થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૧-૪-૦૭થી તા. ૩૧-૩-૦૮ દરમ્યાન યોજેલ પશુ સારવાર નિદાન કેમ્પ | | તા. ૧-૪-૦૮થી તા. ૩૧-૩-૦૯ દરમ્યાન યોજેલ પશુ સારવાર નિદાન કેમ્પ | |
|---|---|---|---|---|---|
| | | સંખ્ં | થયેલ ખર્ચ રૂા. | સંખ્યા | થયેલ ખર્ચ રૂા. |
| ૧ | નડિયાદ | ૧૩ | ૪૦૫૦૦ | ૧૧ | ૬૫૯૯૫ |
| ૨ | મહુધા | ૧૮ | ૬૩૮૨૩ | ૧૧ | ૬૫૯૯૫ |
| ૩ | માતર | ૧૧ | ૭૦૫૦૦ | ૧૧ | ૬૫૯૯૫ |
| ૪ | ખેડા | ૧૨ | ૬૫૫૦૦ | ૧૧ | ૬૫૯૯૫ |
| ૫ | કપડવંજ | ૧૧ | ૧૧૧૦૦૦ | ૧૧ | ૬૫૯૯૫ |
| ૬ | કઠલાલ | ૧૧ | ૪૧૨૨૫ | ૧૧ | ૬૫૯૯૫ |
| ૭ | મહેમદાવાદ | ૧૧ | ૪૦૫૦૦ | ૧૧ | ૬૫૯૯૫ |
| ૮ | ઠાસરા | ૧૨ | ૫૯૦૦૦ | ૧૧ | ૬૫૯૯૫ |
| ૯ | બાલાસિનોર | ૧૧ | ૩૯૯૮૦ | ૧૧ | ૬૫૯૯૫ |
| ૧૦ | વીરપુર | ૧૧ | ૪૦૫૨૫ | ૧૧ | ૬૫૯૯૫ |
| | કુલ : | ૧૨૧ | ૫૭૨૫૫૩ | ૧૧૦ | ૬૫૯૯૫૦ |

--------------

### સુરત જિલ્લામાં ઢોર ખરીદવાની અરજીઓ

અતારાંક્તિ : ૧૯૩૪ (૧૬-૯-૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા):માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર ઢોર ખરીદવાની કેટલી અરજીઓ આવી,

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર થઈ અને કેટલી સહાય ચૂકવવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના કારણો શા છે, અને

(૪) કેટલી અરજીઓ પડતર છે અને તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૨૦-૧૦-૦૯) :

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

## સુરત જિલ્લામાં ખેડૂતોને અકસ્માતના વીમા

અતારાંક્તિ : ૧૯૩૮ (૯-૧૦-૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોના અકસ્માતે મૃત્યુ થયા અને કેટલા અપંગ થયા,

(૨) આ પેકી કેટલા ખેડૂતોને વીમા સહાય ચૂકવાઈ અને કેટલા કેસો ઉક્ત સ્થિતિએ પેન્ડીંગ છે,

અને

(૩) કેટલા કેસો નામંજૂર થયા અને તેના કારણો શા છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૦-૧૦-૦૯) :

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના હેઠળ અકસ્માતે મૃત્યુ થયાની ૫૦ અને ૧ અપંગ થયા અંગેની પત્રક-૧ મુજબ દાવા અરજીઓ મળેલ છે.

**પત્રક-૧**

| અ. નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૮-૦૯ | | | | | | વર્ષ ૨૦૦૯-૧૦ | | | | | | સમગ્ર કુલ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | આવેલ | | | ચુક્વેલ | નામંજુર | પડતર | આવેલ | | | ચુક્વેલ | નામંજુર | પડતર | આવેલ | | | ચુક્વેલ | નામંજુર | પડતર |
| | | મૃત્યુ | કાયમી અપંગતા | કુલ | | | | મૃત્યુ | કાયમી અપંગતા | કુલ | | | | મૃત્યુ | કાયમી અપંગતા | કુલ | | | |
| ૧ | ઓલપાડ | ૭ | ૦ | ૭ | ૬ | ૧ | ૦ | ૫ | ૦ | ૫ | ૧ | ૦ | ૪ | ૧૨ | ૦ | ૧૨ | ૭ | ૧ | ૪ |
| ૨ | બારડોલી | ૬ | ૦ | ૬ | ૪ | ૨ | ૦ | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૨ | ૮ | ૦ | ૮ | ૪ | ૨ | ૨ |
| ૩ | મહુવા | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૨ | ૩ | ૦ | ૩ | ૧ | ૦ | ૨ |
| ૪ | માંડવી | ૪ | ૦ | ૪ | ૨ | ૨ | ૦ | ૩ | ૦ | ૩ | ૧ | ૦ | ૨ | ૭ | ૦ | ૭ | ૩ | ૨ | ૧ |
| ૫ | ચોર્યાસી | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ | ૦ | ૧ | ૨ | ૬ | ૦ | ૬ | ૩ | ૧ | ૨ |
| ૬ | કામરેજ | ૩ | ૧ | ૪ | ૪ | ૦ | ૦ | ૪ | ૦ | ૪ | ૧ | ૦ | ૩ | ૭ | ૧ | ૮ | ૫ | ૦ | ૩ |
| ૭ | માંગરોલ | ૨ | ૦ | ૨ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૩ | ૦ | ૩ | ૧ | ૧ | ૧ |
| ૮ | પલસાણા | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | ૦ |
| ૯ | ઉમરાપાડા | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| | કુલ : | ૩૦ | ૧ | ૩૧ | ૨૪ | ૬ | ૧ | ૨૦ | ૦ | ૨૦ | ૩ | ૨ | ૧૫ | ૫૦ | ૧ | ૫૧ | ૨૭ | ૮ | ૧૬ |

(૨) આ પેકી ૨૭ ખેડૂતોને વીમા સહાય ચૂકવાઇ અને ૧૬ કેસો ઉક્ત સ્થિતિએ પેન્ડીંગ છે.

(૩) ૮ કેસો નામંજૂર થયા, તેના કારણોમાં અરજદાર તરફથી જરૂરી સાધનિક દસ્તાવેજો પૂરા ન પાડવા અંગે છે.

--------------

## પાંચ લાખથી વધુ બાકી વેચાણવેરો ધરાવતા ઉદ્યોગગૃહો

અતારાંક્તિ : ૧૬૬૬ (૨૨-૬-૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રાજ્ય સરકારને વેચાણવેરાની પાંચ લાખ કરતા વધારે રકમ બાકી હોય તેવા કેટલા વેપારીઓ કે ઉદ્યોગગૃહો છે, અને

(૨) આ રકમ વસુલ કરવા સરકારે શું કાર્યવાહી કરી ?

**નાણા મંત્રીશ્રી** (૨૯-૧૦-૦૯) :

(૧) ૨૦૦૭-૦૮ - ૨૭૨૩.
૨૦૦૮-૦૯ - ૩૩૨૩.

(૨) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવે છે.

--------------

## ખેડા જિલ્લામાં વેચાણવેરાના દરોડા

અતારાંક્તિ:૧૮૮૫ (૧૫-૯-૦૯) **શ્રી ગૌતમભાઈ જે.ઝાલા(કઠલાલ): માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૦-૦૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેચાણવેરાના કેટલા દરોડા પાડ્યા,

(૨) દરોડા દરમિયાન કેટલા રૂપિયાની ગેરરીતિઓ પકડવામાં આવી, અને

(૩) કેટલા ઇસમો સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવી ?

**નાણા મંત્રીશ્રી** (૩૦-૧૦-૦૯) :

| | | | |
|---|---|---|---|
| (૧) | તા. ૦૧-૦૭-૨૦૦૭ થી તા. ૩૦-૦૬-૨૦૦૮ | - | ૩, |
| | તા. ૦૧-૦૭-૨૦૦૮ થી તા. ૩૦-૦૬-૨૦૦૯ | - | ૯, |
| | | | (કુલ - ૧૨) |
| (૨) | તા. ૦૧-૦૭-૨૦૦૭ થી તા. ૩૦-૦૬-૨૦૦૮ | - | ૨૫.૭૨ લાખ |
| | તા. ૦૧-૦૭-૨૦૦૮ થી તા. ૩૦-૦૬-૨૦૦૯ | - | ૨૧.૬૫ લાખ |
| | | | (કુલ- ૪૭.૩૭ લાખ) |

(૩) ૬ વેપારીઓ સામે ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ હેઠળ તપાસ હાથ ધરી સ્થળ ઉપર વેરો, દંડ, વ્યાજ મળી કુલ રૂા. ૧૮.૩૦ લાખ આકારેલ છે, જેના ચેક મેળવી વસુલાતની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે. ૪ કેસોમાં વધુ ચકાસણી કરવા માટે હિસાબી સાહિત્ય જપ્ત-ઇમ્પાઉન્ડ કરેલ છે, જે પેકી ૩ કેસોમાં આકારણી પૂર્ણ કરીને રૂા. ૧૬૪.૬૩ લાખ વેરો, દંડ, વ્યાજ આકારેલ છે, જે પેકી ૫૪.૦૫ લાખની વસુલાત પૂર્ણ કરેલ છે. બાકીની રૂ. ૧૧૦.૫૮ લાખની વસુલાત માટે વેપારી અપીલમાં ગયેલ છે.

--------------

## દાહોદ જિલ્લામાં કાળાબજાર નિયંત્રણ ધારા નીચે થયેલ કેસ

અતારાંક્તિ : ૧૮૫૮ (૧૬-૦૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી (લીમડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૦૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર વાજબી ભાવની દુકાનોના સંચાલકો પૈકી કાળાબજાર નિયંત્રણ ધારા (પી.બી.એમ.) હેઠળ કેટલા કેસો ક્યા ક્યા સંચાલકો સામે કરવામાં આવ્યા, અને

(૨) કેવા પ્રકારની ગંભીર ગેરરીતિઓ થઇ હોય તો પી. બી. એમ. ના કેસ કરવામાં આવે છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૧-૧૦-૦૯) :

(૧) તા. ૩૦-૦૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર વાજબી ભાવના એકપણ સંચાલકો સામે કાળાબજાર નિયંત્રણ ધારા (પી.બી.એમ.) હેઠળ કેસ કરવામાં આવેલ નથી.

(૨) દુકાનદારોને વિતરણ માટે આપેલ જથ્થાને બારોબાર વેચી નાખવામાં આવે, ગ્રાહકોને ઓછો જથ્થો આપવામાં આવે, નિયમિત વિતરણ કરવામાં ના આવે, હિસાબોમાં ગોટાળા કરવામાં આવે, દુકાનદાર નફાખોરી કરતાં વધારે ભાવ લેતા પકડાયા, ખોટાં બિલો બનાવી જથ્થો વગે કરે, વગેરે પ્રકારની ગેરરીતિઓ કરેલ હોય તો તેની સામે પી.બી.એમ. ના કેસ કરવામાં આવે છે. ટુંકમાં આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ની જોગવાઇનો ભંગ કરી નફાખોરી કરે અથવા આવશ્યક ચીજવસ્તુના પુરવઠાના વિતરણમાં બાધક થાય તેવી પ્રવૃત્તિ કરતા જણાય તો તેની સામે પી.બી.એમ. નો કેસ કરવામાં આવે છે.

--------------

## ખેડા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા આપેલ ચૂકાદા

અતારાંક્તિ : ૧૮૮૪ (૧૬-૯-૦૯) **શ્રી શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા તા. ૩૦-૦૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ચૂકાદા આપવામાં આવ્યા, અને

(૨) તે પેકી કેટલા કિસ્સામાં ગ્રાહકોએ રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં અપીલ કરી ?

**ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** (૨૮-૧૦-૦૯) :

(૧) ૪૭૭.

(૨) ૩૮.

--------------

## સુરત જિલ્લામાં પ્રિવેન્શન ઓફ બ્લેક માર્કેટીંગના કેસ

અતારાંક્તિ : ૨૦૩૩ (૧૬-૯-૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર વ્યાજબી દુકાનોના દુકાનદારો પેકી કાળાબજાર નિયંત્રણ ધારા (પી.બી.એમ.) હેઠળ કેટલા કેસો કરવામાં આવ્યા, અને

(૨) કેવા પ્રકારની ગંભીર ગેરરીતિઓ થઈ હોય તો પી.બી.એમ. કેસ કરવામાં આવે છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૧-૧૦-૦૯) :

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં એકપણ વ્યાજબી દુકાનોના દુકાનદાર સામે પી.બી.એમ. હેઠળ કેસ કરવામાં આવેલ નથી.

(૨) દુકાનદારોને વિતરણ માટે આપેલ જથ્થાને બારોબાર વેચી નાખવામાં આવે, ગ્રાહકોને ઓછો જથ્થો આપવામાં આવે, નિયમિત વિતરણ કરવામાં ના આવે, હિસાબોમાં ગોટાળા કરવામાં આવે, દુકાનદાર નફાખોરી કરતાં, વધારે ભાવ લેતા પકડાયા, ખોટા બિલો બનાવી જથ્થો વગે કરે, વગેરે પ્રકારની ગેરરીતિઓ કરેલ હોય તો તેની સામે પી.બી.એમ. ના કેસ કરવામાં આવે છે. ટુંકમાં આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ની જોગવાઈનો ભંગ કરી નફાખોરી કરે અથવા આવશ્યક ચીજવસ્તુના પુરવઠાના વિતરણમાં બાધક થાય તેવી પ્રવૃત્તિ કરતા જણાય તો તેની સામે પી.બી.એમ. નો કેસ કરવામાં આવે છે.

--------------

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં વૃક્ષોનું વાવેતર

અતારાંક્તિ:૧૪૪૬ (૨૭-૫-૦૯)**શ્રી અમરસિંહ ર. વસાવા(દેડીયાપાડા): માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૦૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું.

(૨) આ વાવેતર કરેલ વૃક્ષો પાછળ કઈ કઈ બાબતો માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ વાવેતર કરેલ વૃક્ષો પેકી તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ કેટલા વૃક્ષો જીવીત છે ?

**વન મંત્રીશ્રી** (૨૩-૯-૦૯) :

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એટલે કે સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં નીચે મુજબના તાલુકાવાર રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

| **જિલ્લો** | **તાલુકાનું નામ** | **રોપાની જાત** |
|---|---|---|
| ભરૂચ | ભરૂચ | વડ, પીપળ, જાંબુ, સાદડ, કરંજ, આમળા, ખેર, બહેડા, બીલી, કાઠી |
| | જંબુસર | નીલગીરી, વાંસ, સાગ, આમળા, સેવન, મેગ્રુવ |
| | આમોદ | જાંબુ, સાદડ, કરંજ, નીલગીરી, વાંસ, શરૂ, સાગ |
| | વાગરા | સાગ, આમળા, સેવન, વડ, પીપળ, પેલ્ટોફોમ, કરંજ, મેંગ્રુવ |
| | અંકલેશ્વર | વડ, પીપળ, જાંબુ, સાદડ, કરંજ, આમળા, પેલ્ટોફોમ, કરંજ મેંગ્રુવ |

| જિલ્લો | તાલુકાનું નામ | રોપાની જાત |
|---|---|---|
| | વાલીયા | જાંબુ, સાદડ, સાગ, ખેર, બહેડા, બીલી, આમળા, કરંજ, નીલગીરી, વાંસ, શરૂ, પીપળ, વડ, કાઠી |
| | ઝઘડીયા | નીલગીરી, વાંસ, શરૂ, સાગ, આમળા, સેવન, ખેર, બહેડા, બીલી, કાઠી |
| નર્મદા | નાંદોદ | સાગ, આમળા, સેવન, વડ, પીપળ, પેલ્ટોફ્રોમ, કરંજ, સાગ, ખેર, બહેડા, બીલી, કાઠી |
| | ડેડીયાપાડા | નીલગીરી, વાંસ, શરૂ, સાગ, ખેર, બહેડા, બીલી, આમળા, સેવન |
| | તિલકવાડા | વડ, પીપળ, જાંબુ, સાદડ, કરંજ, આમળા, સાગ, ખેર, બહેડા, બીલી, કાઠી |
| | સાગબારા | જાંબુ, સાદડ, કરંજ, નીલગીરી, વાંસ, શરૂ, સાગ, ખેર, બહેડા, બીલી |

(૨) આ વાવેતર કરેલ વૃક્ષો પાછળ કરવામાં આવેલ ખર્ચની વિગત આ મુજબ છે.

| ક્રમ | કામનો પ્રકાર | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | આગોતરા કામ (વાવેતરની પૂર્વ તેયારી) | ૪૧૯.૨૫ |
| | વાવેતર | ૭૪૭.૮૦ |
| | જાળવણી | ૧૧૧.૧૩ |
| | **કુલ :** | **૧૨૭૮.૧૮** |

(૩) વાવેતર કરેલ વૃક્ષો પેકી તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ ૭૩.૩૫ લાખ વૃક્ષો જીવીત છે.

--------------

**વન વિભાગમાં રહેમરાહે નોકરી આપવાના પડતર કેસ**

અતારાંક્તિ:૧૬૭૯ (૧૬-૭-૨૦૦૯)**શ્રી પ્રભુભાઈ ના. વસાવા(સોનગઢ): માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૯ ની સ્થિતિએ વન અને પર્યાવરણ વિભાગમાં રહેમરાહે નોકરી આપવાના કેટલા કેસો પડતર છે,

(૨) આ કેસો કેટલા સમયથી પડતર છે,

(૩) પડતર રહેવાનાં કારણો શાં છે, અને

(૪) કેટલા સમયમાં ઉક્ત કેસોનો નિકાલ કરી અરજદારોને નોકરી આપવામાં આવશે?

**વન મંત્રીશ્રી** (૨૯-૮-૨૦૦૯) :

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૯ ની સ્થિતિએ વન અને પર્યાવરણ વિભાગમાં રહેમરાહે નોકરી આપવાના પત્રક-૧* મુજબ ૧૩૧ કેસો પડતર છે,

(૨) આ કેસો નીચે મુજબ વર્ષવાર પડતર છે.

| અ.નં. | વર્ષ | સંખ્યા | અ.નં. | વર્ષ | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૮૪ | ૧ | ૧૧ | ૨૦૦૦ | ૨ |
| ૨ | ૧૯૮૭ | ૧ | ૧૨ | ૨૦૦૧ | ૧ |
| ૩ | ૧૯૮૮ | ૨ | ૧૩ | ૨૦૦૨ | ૪ |
| ૪ | ૧૯૯૨ | ૧ | ૧૪ | ૨૦૦૩ | ૬ |
| ૫ | ૧૯૯૩ | ૨ | ૧૫ | ૨૦૦૪ | ૧૦ |
| ૬ | ૧૯૯૫ | ૧ | ૧૬ | ૨૦૦૫ | ૧૩ |
| ૭ | ૧૯૯૬ | ૧ | ૧૭ | ૨૦૦૬ | ૧૩ |
| ૮ | ૧૯૯૭ | ૧ | ૧૮ | ૨૦૦૭ | ૨૯ |
| ૯ | ૧૯૯૮ | ૩ | ૧૯ | ૨૦૦૮ | ૩૨ |
| ૧૦ | ૧૯૯૯ | ૧ | ૨૦ | ૨૦૦૯ | ૭ |
| | | | કુલ | | ૧૩૧ |

| અ. નં. | જિલ્લો | તાલુકો | ગામનું નામ | તળાવનું નામ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વલસાડ | વલસાડ | અબ્રામા/પોલીસ હેડ ક્વાર્ટર | ૧ | ૧.૫૪ |
| ૨ | વલસાડ | ઉમરગામ | કાલય/ગામ તળાવ | ૧ | ૦.૯૦ |
| ૩ | વલસાડ | ઉમરગામ | ફણસા/ગામ તળાવ દેસાઈ | ૧ | ૧.૬૪ |
| ૪ | વલસાડ | ઉમરગામ | કલગામ/ગામ તળાવ | ૧ | ૧.૭૭ |
| ૫ | વલસાડ | ઉમરગામ | તડગામ/ગામ તળાવ (માતા) | ૧ | ૨.૧૬ |
| ૬ | વલસાડ | ઉમરગામ | સરોન્ડા/(સિમ તળાવ) | ૧ | ૦.૯૬ |
| ૭ | વલસાડ | ઉમરગામ | સરઈ/ગામ તળાવ | ૧ | - |
| ૮ | વલસાડ | ઉમરગામ | પાલીધુયા/ધુયા તળાવ | ૧ | ૧.૬૧ |
| ૯ | વલસાડ | પારડી | પારડી નગરપાલિકા | ૧ | ૦.૭૦ |
| ૧૦ | વલસાડ | પારડી | પલસાણા | ૧ | ૪.૬૦ |
| ૧૧ | વલસાડ | પારડી | ઉદવાડા/ઢાંઢસીપુ તળાવ | ૧ | ૬.૦૬ |
| ૧૨ | વલસાડ | વલસાડ | સરોણા | ૧ | ૮.૧૨ |
| ૧૩ | વલસાડ | વલસાડ | છરવાડા/ખોખર તળાવ | ૧ | ૪.૬૭ |
| ૧૪ | વલસાડ | ઉમરગામ | મરોલી | ૧ | ૨.૮૭ |

## પત્રક-૨

## વર્ષ ૨૦૦૮-૨૦૦૯

| અ. નં. | જિલ્લો | તાલુકો | ગામનું નામ અને તળાવનું નામ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | વલસાડ | કપરાડા | માલધર | ૪.૩ |
| ૨ | વલસાડ | કપરાડા | કાકડકોપર | ૬.૪૪ |
| ૩ | વલસાડ | કપરાડા | વિરક્ષેત્ર | ૫.૬૧ |
| ૪ | વલસાડ | કપરાડા | સુથારપાડા | ૨૦.૧૭ |
| | | | વર્ષ-૨૦૦૯-૨૦૧૦ | |
| ૧ | વલસાડ | ધરમપુર | મામાભાયા | ૨.૩૮ |
| ૨ | વલસાડ | ધરમપુર | મુરદડ | ૧.૧૪ |
| ૩ | વલસાડ | ધરમપુર | નાની કોસબાડી | ૨.૧૬ |
| ૪ | વલસાડ | ધરમપુર | તુતરખેડ | ૨.૩૧ |
| ૫ | વલસાડ | કપરાડા | નિલોશી | ૨.૬૨ |
| ૬ | વલસાડ | કપરાડા | માતુનીયા | ૧.૩૫ |
| ૭ | વલસાડ | કપરાડા | દિવસી | ૩.૮૮ |
| ૮ | વલસાડ | કપરાડા | કરજુન | ૩.૯૪ |
| ૯ | વલસાડ | કપરાડા | માલધર | ૫.૧૪ |
| ૧૦ | વલસાડ | કપરાડા | માલધર | ૬.૮૮ |

### સોનગઢ અને માંડવી તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ

અતારાંકિતઃ ૨૧૫૦ (૮-૧૦-૨૦૦૯)**શ્રી પ્રભુભાઈ ના. વસાવા(સોનગઢ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સોનગઢ અને માંડવી તાલુકામાં કેટલી જુથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે,

(૨) તેના દ્વારા કેટલા ગામોને પાણી આપવામાં આવે છે, અને

(૩) જે ગામોને ઉક્ત યોજનાઓ દ્વારા પાણી અપાતું નથી તેવા ગામોને પાણી પહોંચાડવા માટે સરકારે શુ આયોજન
કરેલ છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧૮-૧૧-૨૦૦૯) :

(૧) નીચેની વિગતે.

| | | |
|---|---|---|
| સોનગઢ | - | ૦ |
| માંડવી | - | ૧ |

(૨) માંડવી તાલુકામાં સમાવિષ્ટ ૭ ગામોને

(૩) યોજનામાં સમાવિષ્ટ બધા જ ગામોને પાણી આપવામાં આવે છે.

------------

### સોનગઢ અને માંડવી તાલુકાની સિંચાઈ યોજનાની કાચી કેનાલો પાકી બનાવવા બાબત

અતારાંકિત : ૨૧૫૩ (૯-૧૧-૨૦૦૯) **શ્રી પ્રભુભાઈ ના. વસાવા(સોનગઢ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ સોનગઢ અને માંડવી તાલુકાની કઈ કઈ સિંચાઈ યોજનાની કેનાલો કાચી છે,

(૨) ઉક્ત કાચી કેનાલોને પાકી બનાવવા સિંચાઈ યોજનાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે, અને

(૩) ઉક્ત કાચી કેનાલોને લીધે કેટલા ટકા પાણી વેડફાય છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૮-૧૧-૨૦૦૯) :

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ સોનગઢ તાલુકામાં ઉકાઈ ડાબા કાંઠા યોજનાની ૩૧.૫૮ કી. મીટર લંબાઈની માઈનોર નહેરો કાચી છે અને છ નાની સિંચાઈ યોજનાની નહેરો કાચી છે. જ્યારે માંડવી તાલુકામાં ઉકાઈ ડાબા કાંઠા યોજનાની આઠ કી. મીટર લંબાઈની માઈનોર નહેરો કાચી છે. અને બે નાની સિંચાઈ યોજનાની નહેરો કાચી છે.

(૨) સોનગઢ અને માંડવી તાલુકામાં આવેલ ઉકાઈ ડાબા કાંઠા નહેરને પાકી બનાવવામાં રૂા. ૩૮૦/- લાખ ખર્ચ અંદાજવામાં આવેલ છે. જ્યારે ૮ નાની સિંચાઈ યોજનાઓની કાચી નહેરોને પાકી કરવા અંગે રૂા. ૨૧૫/- લાખનો ખર્ચ અંદાજવામાં આવેલ છે.

(૩) ઉક્ત કાચી નહેરોને કારણે ૧૫ થી ૨૦ ટકા પાણી ખેતર સુધી પહોંચતાં ઓછું થાય છે. આ લીકેજ/સીપેજ થતાં આ પાણીનો ઉપયોગ ખેડૂતો દ્વારા કરવામાં આવે છે.

--------------

### સોનગઢ અને માંડવી તાલુકાના નહેરની સિંચાઈ સુવિધાથી વંચિત ગામો

અતારાંકિત : ૨૧૫૪ (૯-૧૦-૨૦૦૯) **શ્રી પ્રભુભાઈ ના. વસાવા(સોનગઢ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ સોનગઢ અને માંડવી તાલુકામાં ક્યા ક્યા ગામોને નહેર મારફતે સિંચાઈની સુવિધા મળતી નથી

(૨) તેનાં શાં કારણો છે, અને

(૩) સરકાર ઉક્ત ગામોને ઉક્ત સુવિધા કેટલા સમયમાં આપવા માંગે છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૩-૧૧-૨૦૦૯) :

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ ઉકાઈ ડાબા કાંઠા નહેરના ક્માન્ડમાં આવતાં માંડવી તાલુકાના બે ગામો તરસાડા તથા ઝાંખલા ગામને સિંચાઈ સુવિધા મળતી નથી. જ્યારે સોનગઢ તાલુકાના તમામ ગામોને સિંચાઈ સુવિધાનો લાભ મળે છે.

(૨) ઉપરોક્ત બંન્ને ગામ ઉકાઈ ડાબા કાંઠા નહેર ક્માન્ડમાં છેવાડે આવેલા છે ક્માન્ડ વિસ્તારના ખેડૂતો બારમાસી પાક લેતા હોઈ પાણીની જરૂરિયાત ટૂંકા અંતરે વધારે રહે છે. જો કે કાંક્રાપાર મુખ્ય નહેર બંન્ને ગામોમાંથી પસાર થતી હોઈ તેમાંથી સિંચાઈની સુવિધા મેળવે છે.

(૩) બજેટની ઉપલબ્ધી મુજબ નહેરોનું તબક્કાવાર સમારકામ હાથ ધરી પાણી આપવાનું આયોજન છે.

--------------

## સોનગઢ અને માંડવી તાલુકામાં નવા બનાવેલ તળાવો

અતારાંકિત : ૨૧૫૫ (૮-૧૦-૨૦૦૯) **શ્રી પ્રભુભાઈ ના. વસાવા(સોનગઢ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં સોનગઢ અને માંડવી તાલુકામાં સિંચાઈ યોજના હેઠળ કેટલા તળાવો નવા બનાવવામાં આવ્યા અને કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને

(૨) તળાવ દીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જળસંપત્તિ મંત્રીશ્રી**(૧૮-૧૧-૨૦૦૯) :

(૧) સન ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં સોનગઢ અને માંડવી તાલુકામાં સિંચાઈ યોજના હેઠળ કોઈ નવા તળાવ બનાવવામાં આવેલ નથી. જ્યારે સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ સોનગઢ તાલુકામાં ૫ અને માંડવી તાલુકામાં ૧૨ તળાવ ઊંડા કરવામાં આવેલ છે.

(૨) તળાવ દીઠ થયેલ ખર્ચનું **પત્રક** સામેલ છે.

**પત્રક**

| ક્રમ | તાલુકો | ગામનું નામ | | તળાવનું નામ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | સોનગઢ | ૧ | મોટા કાકડકુવા | સરકારી તળાવ | ૧.૩૨ |
| | | ૨ | આંબા | સરકારી તળાવ | ૨.૦૨ |
| | | ૩ | ગોલકુવા-૧ | સરકારી તળાવ | ૦.૮૮ |
| | | ૪ | ગોલકુવા-૨ | ગામ તળાવ | ૧.૨૬ |
| | | ૫ | ખરસી | સરકારી તળાવ | ૧.૧૦ |
| | | | | **કુલ :** | **૬.૫૮** |
| ૨ | માંડવી | ૧ | ઉટેવા-૧ | ગામ તળાવ | ૦.૮૦ |
| | | ૨ | ઉટેવા-૨ | સરકારી તળાવ | ૦.૫૮ |
| | | ૩ | સથવાવ | સરકારી તળાવ | ૨.૮૩ |
| | | ૪ | તરસાડાખુર્દ | સરકારી તળાવ | ૦.૯૭ |
| | | ૫ | ઘંટોલી | સરકારી તળાવ | ૦.૮૨ |
| | | ૬ | ફાલીબેલ | સરકારી તળાવ | ૦.૧૮ |
| | | ૭ | પાતલ | સરકારી તળાવ | ૧.૫૬ |
| | | ૮ | ખરેડા | સરકારી તળાવ | ૧.૪૫ |
| | | ૯ | કાટકુવા | કાટકુવા તળાવ | ૦.૭૯ |
| | | ૧૦ | ઝાબ | ઝાબ તળાવ | ૦.૭૧ |
| | | ૧૧ | કલમકુવા | કલમ તળાવ | ૧.૦૦ |
| | | ૧૨ | તુકેદ | તુકેદ તળાવ | ૧.૦૫ |
| | | | | **કુલ ખર્ચ :** | **૧૩.૧૪** |
| | | | | **સમગ્ર કુલ :** | **૧૯.૭૨** |

**ખેડા જિલ્લાના સુજલામ-સુફલામ યોજના હેઠળ આવરી લીધેલ ગામો**

અતારાંક્તિ : ૨૧૮૦ (૮-૧૦-૦૯) **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં સુજલામ સુફલામ યોજના હેઠળ કેટલા ગામોને આવરી લીધા છે, અને

(૨) તે અંગેની કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧૮-૧૧-૦૯) :

(૧) એક પણ નહી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ખેડા જિલ્લામાં ટ્રાયબલ એરિયા માટે લીફ્ટ ઈરીગેશનવાળી સિંચાઈ યોજના**

અતારાંક્તિ : ૨૧૮૩ (૮-૧૦-૦૯) **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટ્રાયબલ એરીયા માટે લીફ્ટ ઈરીગેશનની કે અન્ય કોઈ સિંચાઈ યોજના બનાવવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તે થકી ક્યા ક્યા ટ્રાયબલ ગામોને સિંચાઇની સુવિધા મળે છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૯-૧૧-૦૯) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**દાહોદ જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં આવાસ**

અતારાંક્તિ : ૧૮૨૭ (૧૫-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા સરદાર આવાસો બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા આવાસો લાભાર્થીઓને આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલા આવાસો લાભાર્થીઓને ક્યાં સુધીમાં સોપવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી** (૧૭-૧૧-૦૯) :

(૧) છેલ્લા બે વર્ષમાં (તા. ૩૦-૬-૦૯ અંતિત) કુલ ૨૧૯૯ આવાસો બનાવવામાં આવ્યાં.

(૨) ૨૧૯૯ આવાસો લાભાર્થીઓને આપવામાં આવ્યા..

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**દાહોદ જિલ્લામાં પંચાયત ઘર બનાવવા બાબત**

અતારાંક્તિ : ૧૮૨૮ (૧૫-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા પંચાયત ઘર મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલાં પંચાયત ઘર બનાવવામાં આવ્યા,

(૩) કેટલા બનાવવાના બાકી છે, અને

(૪) બાકી પંચાયત ઘર ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી** (૨૦-૧૧-૦૯) :

(૧) ૧૫ (પંદર) જર્જરીત પંચાયત ઘર તોડીને નવા બનાવવાની મંજૂરી આપવામાં આવી.

(૨) તે પૈકીના તમામ કામો પ્રગતિમાં છે.

(૩) ૧૫ (પંદર) જર્જરીત પંચાયત ઘર બનાવવાના કામો પ્રગતિમાં છે.

(૪) ચાલુ નાણાંકીય વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

------------

**દાહોદ જિલ્લામાં જાહેર કરેલ તીર્થગામ**

અતારાંક્તિ:૧૮૨૯(૧૫-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં કેટલા ગામોને તીર્થગામ જાહેર કરવામાં આવ્યા, અને

(૨) જાહેર થયેલા આવા તીર્થગામોને સરકાર તરફથી શી શી વિશેષ સુવિધાઓ આપવામાં આવેલ છે?

**પંચાયત મંત્રીશ્રી** (૨૦-૧૧-૦૯) :

(૧) એકપણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુરત જિલ્લામાં સરદાર આવાસ યોજના હેઠળ આવાસો બનાવવા બાબત**

અતારાંક્તિ : ૧૯૫૫ (૧૫-૯-૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા સરદાર આવાસો બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા આવાસો લાભાર્થીઓને આપવામાં આવ્યા,

(૩) બાકી રહેલા આવાસો લાભાર્થીઓને ક્યાં સુધીમાં સોપવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી** (૧૭-૧૧-૦૯) :

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૭-૦૮ | વર્ષ ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ઓલપાડ | ૧૨૦ | ૧૨૦ |
| ૨ | ચોર્યાસી | ૧૧૦ | ૧૧૦ |
| ૩ | માંડવી | ૧૬૬ | ૧૩૦ |
| ૪ | માંગરોલ | ૧૦૮ | ૧૩૫ |
| ૫ | મહુવા | ૧૩૦ | ૧૧૬ |
| ૬ | ઉમરપાડા | ૮૩ | ૧૩૦ |
| ૭ | કામરેજ | ૧૨૧ | ૫૪ |
| ૮ | પલસાણા | ૭૦ | ૫૧ |
| ૯ | બારડોલી | ૧૪૧ | ૫૦ |
| | | ૧૦૪૯ | ૮૯૬ |

(૨) વર્ષ ૨૦૦૭-૦૮માં ૧૦૪૯ અને વર્ષ ૨૦૦૮-૦૯માં ૮૯૬ મળી કુલ-૧૯૪૫ આવાસો લાભાર્થીઓને આપવામાં આવ્યાં.

(૩) માર્ચ-૨૦૧૦ સુધીમાં.

------------

**સુરત જિલ્લામાં પંચાયત ઘર/તલાટી-મંત્રી આવાસ બનાવવા બાબત**

અતારાંક્તિ : ૨૦૨૮ (૧૫-૯-૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લામાં તાલુકાદીઠ કેટલાં ગામોમાં તા. ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં પંચાયત ઘર અને તલાટી મંત્રી આવાસ ઘર મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી પંચાયત ઘર અને તલાટી-મંત્રી આવાસના કેટલાં કામો પૂર્ણ થયા, અને

એચબી-૬૩૦-૬ માટે કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી?

**પંચાયત મંત્રીશ્રી** (૨૦-૧૧-૦૯) :

| તાલુકાનું નામ | તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર કરેલ પંચાયત ઘર કમ તક મંત્રી આવાસ |
|---|---|
| ચોર્યાસી | ૦ |
| કામરેજ | ૦ |
| ઓલપાડ | ૦ |
| પલસાણા | ૦ |
| બારડોલી | ૨ |
| મહુવા | ૧૦ |
| માંડવી | ૩ |
| માંગરોળ | ૮ |
| ઉમરપાડા | ૫ |
| વાલોડ | ૦ |
| વ્યારા | ૫ |
| સોનગઢ | ૪ |
| ઉચ્છલ | ૦ |
| નિઝર | ૦ |
| **કુલ** | **૩૭** |

(૨) ૨૪ પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસ પૂર્ણ થયા.

(૩) રૂા. ૭૯.૬૮ લાખ

## સુરત જિલ્લામાં જાહેર કરેલ તીર્થગામ

અતારાંક્તિ : ૨૦૩૦ (૧૫-૯-૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તીર્થગામ જાહેર કરવામાં આવ્યા,

(૨) આવા તીર્થગામોને સરકાર તરફથી શું શું વિશેષ સુવિધાઓ આપવામાં આવે છે?

**પંચાયત મંત્રીશ્રી** (૨૦-૧૧-૦૯) :

| વર્ષ | જાહેર કરેલ તીર્થગામોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૭-૦૮ | સુરત જિલ્લા ૧૫ ગામો<br>તાપી જિલ્લો ૩૬ ગામો |
| ૨૦૦૮-૦૯ | સુરત જિલ્લો ૦૧ ગામ |
| **કુલ** | **૫૨ ગામો** |

(૨) જાહેર થયેલ તીર્થગામને ગ્રામ પંચાયત દીઠ રૂા. ૧ લાખની ગ્રાન્ટ આપવામાં આવે છે.

## વલસાડ જીલ્લામાં હરિયાળી ક્રાંતિ યોજનામાં આવરી લીધેલ ગામ

અતારાંક્તિ : ૨૦૫૬ (૧૫-૯-૦૯) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) હરિયાળી ક્રાંતિ યોજના હેઠળ તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર ક્યાં ક્યાં ગામોને આવરી લીધા છે,

(૨) તે પૈકી દરેક ગામે મંજૂર કરેલ કામો પુર્ણ કરેલ છે કે કેમ,

(૩) જો ના, તો બાકીના કામો ક્યારે પુર્ણ કરવામાં આવશે, અને

(૪) આ કામો બાકી રહેવાનાં કારણો શાં છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૮-૧૧-૦૯) :

(૧) હરિયાળી ક્રાંતિ યોજના હેઠળ તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ભારત સરકાર દ્વારા કોઈ પ્રોજેક્ટ મંજૂર કરેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વલસાડ જિલ્લામાં વોટરશેડ યોજનામાં આવરી લીધેલ તાલુકા**

અતારાંક્તિ : ૨૦૫૭ (૧૫-૯-૦૯) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વલસાડ જિલ્લામાં વોટરશેડ યોજના હેઠળ કેટલા તાલુકાઓ આવરી લેવામાં આવ્યા છે,

(૨) ઉપર્યુક્ત યોજના હેઠળ તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા પ્રોજેક્ટ ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ પ્રોજેક્ટ પાછળ કેટલો ખર્ચ કરેલ છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૮-૧૧-૦૯) :

(૧) વલસાડ જિલ્લામાં ધરમપુર, કપરાડા, ઉમરગામ, વલસાડ અને પારડી તાલુકાઓને વોટરશેડ યોજના હેઠળ આવરી લીધેલ છે.

(૨) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર દ્વારા કોઈ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વલસાડ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો બનાવવા બાબત**

અતારાંક્તિ : ૨૦૫૮ (૧૫-૯-૦૯) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વલસાડ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલા ઈન્દિરા આવાસ પૂર્ણ કરેલ છે.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) ઉપરોક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૮-૧૧-૦૯) :

(૧) વલસાડ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ-૫૯૨૦ ઈન્દિરા આવાસ પૂર્ણ કરેલ છે.

(૨) આ આવાસો માટે રૂા. ૨૨૮૫.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) કુલ-૬૦૮૪ આવાસો કરવાની સામે વર્ષ ૨૦૦૮-૦૯ના નાણાંકીય વર્ષ દરમ્યાન ૫૯૨૦ આવાસો પૂર્ણ કરેલ છે જ્યારે બાકી રહેતા ૧૬૪ આવાસો મે-૦૯માં પૂર્ણ કરેલ હોઈ બાકી આવાસોનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**દાહોદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજનાની પડતર અરજીઓ**

અતારાંક્તિ : ૨૧૦૦ (૮-૧૦-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી (લીમડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે દાહોદ જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) આ સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧૭-૧૧-૦૯) :

(૧) વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે દાહોદ જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૨,૧૫૧ અરજીઓ આવી,

(૨) તે પૈકી ૨,૧૨૭ અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૩) ૨૪ અરજીઓ નામંજુર કરવામાં આવી.

(૪) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ કોઈ અરજીઓ પડતર નથી.

------------

**દાહોદ જિલ્લામાં પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના લાભાર્થીઓ**

અતારાંક્તિ:૨૧૦૧ (૮-૧૦-૦૯)**શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્લસ્ટર સહિત કેટલી વસાહત મંજૂર કરવામાં આવી,

(૨) આ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૧-૧૧-૦૯) :

(૧) ૮

(૨) રૂા. ૩૨.૪૦ લાખ

(૩) ૯૫

**દાહોદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ**

અતારાંક્તિ : ૨૧૦૨ (૮-૧૦-૨૦૦૯) **શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં બક્ષીપંચ જ્ઞાતિની કેટલી બહેનોને તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજનાનો લાભ આપવામાં આવ્યો, અને

(૨) કેટલી રકમની સહાય આપવામાં આવી ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૧-૧૧-૦૯) :

(૧) ૨૩

(૨) રૂા. ૧.૧૫ લાખ.

------------

**દાહોદ જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ**

અતારાંક્તિ : ૨૧૦૩ (૮-૧૦-૨૦૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી (લીમડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સંત સુરદાસ યોજના અન્વયે દાહોદ જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૨) લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવેલ છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧૭-૧૧-૦૯) :

(૧) સંત સુરદાસ યોજના અન્વયે દાહોદ જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૧,૮૯૧ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

(૨) આ લાભાર્થીઓને રૂા. ૭૪,૩૪,૧૯૦/- લાખની સહાય ચૂકવવામાં આવેલ છે.

**અમૃત ધારા યોજના અંતર્ગત નર્મદા અને ભરૂચ જિલ્લાની નગરપાલિકાઓને ફાળવેલ રકમ**

અતારાંક્તિઃ ૧૭૩૩ (૧૫-૯-૦૮) **શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

અમૃતધારા યોજના હેઠળ નર્મદા અને ભરૂચ જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓને પીવાના પાણીના હેતુ માટે કેટ કેટલી રકમ તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવવામાં આવી ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૩-૧૧-૦૯) :

અમૃતધારા યોજના હેઠળ નર્મદા અને ભરૂચ જિલ્લાની કોઈ પણ નગરપાલિકાને તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રકમ ફાળવવામાં આવેલ નથી.

------------

**સુરત, તાપી અને નર્મદા જીલ્લાની નગરપાલિકાઓને બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ ફાળવેલ રકમ**

અતારાંક્તિઃ ૧૭૩૬ (૧૮-૯-૦૮) **શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

રાજ્ય સરકારે બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ સુરત, તાપી અને નર્મદા જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓને કેટ કેટલી રકમ તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવી ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૩-૧૧-૦૯) :

રાજ્ય સરકારે વાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ સુરત, તાપી અને નર્મદા જીલ્લામાં આવેલ કુલ-૭ નગરપાલિકાઓને તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રૂા. ૧૦,૦૮,૨૫,૬૦૦ ની રકમ ફાળવેલ છે જેની વિગતો સામેલ પત્રક-૧ મુજબ છે.

**પત્રક-૧**

| ક્રમ | જીલ્લાનું નામ | નગરપાલિકાનું નામ | વર્ષ | ચૂકવેલ ગ્રાન્ટ/લોનની રકમ રૂા. |
|---|---|---|---|---|
| (૧) | તાપી | વ્યારા | ૨૦૦૬-૦૭ | ૧૧,૬૫,૬૫૦/- |
| | | | ૨૦૦૭-૦૮ | ૫૬,૩૮,૪૫૭/- |
| | | | ૨૦૦૮-૦૯ | ૬૦,૦૧,૨૭૩/- |
| | | | **કુલ :-** | **૧,૨૮,૦૫,૩૮૦/-** |
| | | સોનગઢ | ૨૦૦૬-૦૭ | ૧૪,૮૭,૧૯૧/- |
| | | | ૨૦૦૭-૦૮ | ૭૧,૯૩,૮૧૪/- |
| | | | ૨૦૦૮-૦૯ | ૬૪,૧૫,૩૯૭/- |
| | | | **કુલ :-** | **૧,૫૦,૯૬,૪૦૨/-** |
| (૨) | સુરત | બારડોલી | ૨૦૦૬-૦૭ | ૭૫,૬૬,૨૪૨/- |
| | | | ૨૦૦૭-૦૮ | ૧૩,૪૯,૪૫૧/- |
| | | | ૨૦૦૮-૦૯ | ૪૮,૫૯,૩૧૧/- |
| | | | **કુલ :-** | **૧,૩૭,૭૫,૦૦૪/-** |
| | | તરસાડી | ૨૦૦૬-૦૭ | ૫૦,૦૦,૦૦૦/- |
| | | | ૨૦૦૭-૦૮ | ૪૩,૪૩,૫૧૫/- |
| | | | ૨૦૦૮-૦૯ | ૫૬,૫૬,૪૮૫/- |
| | | | **કુલ :-** | **૧,૫૦,૦૦,૦૦૦/-** |
| | | કનકપુર-કનસાડ | ૨૦૦૬-૦૭ | ૫૦,૦૦,૦૦૦/- |
| | | | ૨૦૦૭-૦૮ | ૪૩,૪૩,૫૧૪/- |
| | | | ૨૦૦૮-૦૯ | ૫૬,૫૬,૪૮૬/- |
| | | | **કુલ :-** | **૧,૫૦,૦૦,૦૦૦/-** |
| | | માંડવી | ૨૦૦૬-૦૭ | ૫૦,૦૦,૦૦૦/- |
| | | | ૨૦૦૭-૦૮ | ૪૩,૪૩,૫૧૧/- |
| | | | ૨૦૦૮-૦૯ | ૫૬,૫૬,૪૮૯/- |
| | | | **કુલ :-** | **૧,૫૦,૦૦,૦૦૦/-** |
| (૩) | નર્મદા | રાજપીપળા | ૨૦૦૬-૦૭ | ૧૩,૫૪,૧૯૮/- |
| | | | ૨૦૦૭-૦૮ | ૬૫,૫૦,૫૦૫/- |
| | | | ૨૦૦૮-૦૯ | ૬૨,૪૪,૧૧૧/- |
| | | | **કુલ :-** | **૧,૪૧,૪૮,૮૧૪/-** |
| | | | **એકંદરે કુલ રૂા.** | **૧૦,૦૮,૨૫,૬૦૦/-** |

## ઓક્ટ્રોય નાબૂદ થવાને કારણે મહાનગરપાલિકાઓને આર્થિક સહાય

અતારાંકિત : ૧૭૩૭ (૧૫-૯-૦૯) **શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

રાજ્યમાં ઓક્ટ્રોય નાબૂદ થવાને કારણે મહાનગરપાલિકાઓને આર્થિક સહાય આપવા અન્વયે રાજ્યની કઈ કઈ મહાનગરપાલિકાઓને તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટ કટલી આર્થિક સહાય આપવામાં આવી?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૧૮-૧૧-૦૯) :

સાત મહાનગરપાલિકાઓને તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકાને રૂા. ૧૨૬૮.૪૦ કરોડ, સુરત મહાનગરપાલિકાને રૂા. ૮૭૬.૪૦ કરોડ, વડોદરા મહાનગરપાલિકાને ૩૯૦.૦૪ કરોડ, રાજકોટ મહાનગરપાલિકાને રૂા. ૧૫૫.૯૬ કરોડ, જામનગર મહાનગરપાલિકાને રૂા. ૪૦.૮૮ કરોડ, ભાવનગર મહાનગરપાલિકાને રૂા. ૪૨.૮૪ કરોડ તથા જૂનાગઢ મહાનગરપાલિકાને રૂા. ૨૫.૪૮ કરોડની આર્થિક સહાય રાજ્યમાં ઓક્ટ્રોય નાબૂદ થવાને કારણે મદદરૂપે આપવામાં આવેલ છે.

------------

### કેન્દ્ર સરકાર તરફથી પેટાપરાંના વિજળીકરણ યોજના માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ

અતારાંક્તિ : ૧૭૮૯ (૧૬-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી):માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી પેટાપરાંના વીજળીકરણની યોજના માટે છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તેના થકી દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા પેટાપરાંનું વીજળીકરણ થયું, અને

(૩) બાકી પેટાપરાંનું વીજળીકરણ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) (૧૯-૧૧-૦૯) :

(૧) પેટાપરાના વીજળીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા સીધી કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી, પરંતુ કેન્દ્ર સરકારના સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ (બી.એ.ડી.પી.) અંતર્ગત કચ્છ, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ૮ સરહદી તાલુકાઓમાં વિકાસના કાર્યો માટે ગ્રાંટ ફાળવવામાં આવે છે તે અંતર્ગત આ તાલુકાઓમાં પેટાપરા વિજળીકરણની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. સદર યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં પેટાપરાના વિજળીકરણ પેટે રૂા. ૨૮૦.૭૯ લાખ ફાળવવામાં આવ્યા છે.

(૨) અને (૩) : સદર યોજનામાં દાહોદ જિલ્લાનો સમાવેશ થયો નથી. પરંતુ રાજ્ય સરકારશ્રીની પેટાપરાં વીજળીકરણ યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીની બુકલેટ મુજબના પેટાપરા પૈકી એક સિવાયના તમામ હયાત ૧૩૪૯ પેટાપરાંનું વીજળીકરણ કરવામાં આવેલ છે. જ્યારે ૧ પેટાપરૂ આરક્ષિત જંગલ વિસ્તારમાં છે જેનું વીજળીકરણ નવેમ્બર-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

### દાહોદ જિલ્લામાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ આપવામાં આવેલ વીજ જોડાણો

અતારાંક્તિ:૧૭૯૦(૧૫-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલા જોડાણો આપવામાં આવ્યા,

(૨) આ યોજના આદિજાતિ, અનુસૂચિત જાતિ અને ઓ.બી.સી. પરીવારોને બી.પી.એલ. યોજનામાં સામેલ થયેલ ન હોય તેવાને જોડાણો આપવામાં આવ્યા નથી તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો આવા પરિવારોને જોડાણ આપવાનું સરકાર વિચારે છે કે કેમ, અને કેટલા સમયમાં લાભ આપવામાં આવશે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૨૨-૧૧-૦૯) :

(૧) રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના એ કેન્દ્ર સરકારની યોજના છે. દાહોદ જિલ્લાનો રાજીવ ગાંધી ગ્રામીણ વીજળીકરણ યોજનાનો પ્રોજેક્ટ ૨૦૦૫ માં કેન્દ્ર સરકારને મોકલેલ. જેની મંજૂરી જૂન-૦૯ માં મળેલ આ પ્રોજેક્ટ ટર્ન-કી બેઝ પર કરવાનો હોઈ પ્રોજેક્ટની કોસ્ટમાં વધારો થતાં રીવાઈઝ કોસ્ટનો ટર્ન-કી ઓર્ડર જુલાઈ-૦૯ના રોજ આપવામાં આવેલ. સર્વેની કામગીરી હાથ ધરી નિયમાનુસાર વીજ જોડાણો, ટર્ન-કી ઓર્ડર આપ્યા બાદ આપવાના થતા હોવાથી તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ વીજ જોડાણ આપવામાં આવેલ નથી.

(૨) કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ જેમનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ હોય તેમને જ આર.જી.જી.વી.વાય હેઠળ વીજળીકરણનો લાભ મળવાપાત્ર છે. જ્યારે રાજ્ય સરકારની અન્ય યોજનાઓ જેવી કે કુટિર જ્યોતિ યોજના, અનુસૂચિત જાતિની વસ્તીનું વીજળીકરણ યોજના તથા ઝુંપડા વીજળીકરણ યોજનામાં બી.પી.એલ. લાભાર્થી ઉપરાંત જેઓની આવક રૂા. ૧૧,૦૦૦ કરતાં ઓછી છે, પરંતુ બી.પી.એલ. ના લીસ્ટમાં નથી તેવા લાભાર્થીઓને પણ યોજનાનો લાભ આપવામાં આવે છે.

(૩) આવા પરિવારોને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ જેવી કે કુટિર જ્યોતિ યોજના, અનુસૂચિત જાતિની વસ્તીનું વીજળીકરણ યોજના અને ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વીજળીકરણનો લાભ આપવામાં આવે છે. આ યોજનામાં લાભાર્થીની આવક રૂા. ૧૧૦૦૦ કરતાં ઓછી હોય તેવા લાભાર્થીઓ અને તદ્ઉપરાંત ગ્રામ વિકાસ વિભાગની www rural dev.Gujarat.gov.in વેબસાઈટ પરના કોમન લીસ્ટ પર ઉપલબ્ધ બી.પી.એલ. લાભાર્થીઓને પણ આવરી લેવામાં આવે છે. બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં ૫ લાખ લાભાર્થીઓને ઘરવપરાશના વીજ જોડાણો આપવાનું આયોજન છે. તે પૈકી ૨૦૦૮-૦૯માં ૩,૦૭,૯૨૪ વીજજોડાણ આપવામાં આવેલ છે અને ૨ લાખ વીજ જોડાણો ૨૦૦૯-૧૦ માં વિવિધ યોજના અંતર્ગત આપવાનું આયોજન છે.

**ખેડા જિલ્લામાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ આપવામાં આવેલ વીજ જોડાણો**

અતારાંક્તિ:૧૮૯૫ (૧૫-૯-૨૦૦૯)**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલા જોડાણો આપવામાં આવ્યા,

(૨) આ યોજનામાં આદિજાતિ, અનુસૂચિત જાતિ અને ઓ.બી.સી. પરિવારોને બી.પી.એલ. યાદીમાં સામેલ થયેલ ન હોય તેવાને જોડાણો આપવામાં આવ્યા નથી તે હકીક્ત સાચી છે, અને

(૩) જો હા, તો આવા પરિવારોને જોડાણ આપવાનું સરકાર વિચારે છે કે કેમ, અને કેટલા સમયમાં લાભ આપવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી(ઉર્જા)** (૨૧-૧૧-૨૦૦૯):

(૧) રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના એ કેન્દ્ર સરકારની યોજના છે. ખેડા જિલ્લાનો રાજીવ ગાંધી ગ્રામીણ વીજળીકરણ યોજનાનો પ્રોજેક્ટ ૨૦૦૫ માં કેન્દ્ર સરકારને મોક્લેલ. જેની મંજૂરી ફેબ્રુઆરી-૦૯ માં મળેલ આ પ્રોજેક્ટ ટર્ન-કી બેઝ પર કરવાનો હોઈ પ્રોજેક્ટની કોસ્ટમાં વધારો થતાં રીવાઈઝ કોસ્ટનો ટર્ન-કી ઓર્ડર જુલાઈ-૦૯ ના રોજ આપવામાં આવેલ તેથી છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૦-૬-૦૯ની સ્થિતિએ કોઇ વીજ જોડાણ આપવામાં આવેલ નથી.

(૨) કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ જેમનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ હોય તેમને જ આર.જી.જી.વી.વાય હેઠળ વીજળીકરણનો લાભ મળવાપાત્ર છે. જ્યારે રાજ્ય સરકારની અન્ય યોજનાઓ જેવી કે કુટિર જ્યોતિ યોજના, અનુસૂચિત જાતિની વસ્તીનું વીજળીકરણ યોજના તથા ઝુંપડા વીજળીકરણ યોજનામાં બી.પી.એલ. લાભાર્થી ઉપરાંત જેઓની આવક રૂા.૧૧,૦૦૦ કરતાં ઓછી છે. પરંતુ બી.પી.એલ. ના લીસ્ટમાં નથી તેવા લાભાર્થીઓને પણ યોજનાનો લાભ આપવામાં આવે છે.

(૩) આવા પરિવારોને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ જેવી કે કુટિર જ્યોતિ યોજના, અનુસૂચિત જાતિની વસ્તીનું વીજળીકરણ યોજના અને ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વીજળીકરણનો લાભ આપવામાં આવે છે. આ યોજનામાં લાભાર્થીની આવક રૂા.૧૧૦૦૦ કરતાં ઓછી હોય તેવા લાભાર્થીઓ અને તદ્ઉપરાંત ગ્રામ વિકાસ વિભાગની www rural dev.Gujaratgov. in વેબસાઇટ પરના કોમન લીસ્ટ પર ઉપલબ્ધ બી.પી.એલ. લાભાર્થીઓને પણ આવરી લેવામાં આવે છે. બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં ૫ લાખ લાભાર્થીઓને ઘરવપરાશના વીજ જોડાણો આપવાનું આયોજન છે. તે પૈકી ૨૦૦૮-૦૯ માં ૩,૦૭,૯૨૪ વીજ જોડાણ આપવામાં આવેલ છે. અને ૨ લાખ વીજ જોડાણો ૨૦૦૯-૧૦ માં વિવિધ યોજના અંતર્ગત આપવાનું આયોજન છે.

-----------------

**વલસાડ જિલ્લામાં ખેતીવિષયક વીજ જોડાણોની પડતર અરજીઓ**

અતારાંક્તિ:૨૦૩૮(૧૫-૯-૨૦૦૯)**શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા):માનનીય મુખ્ય મંત્રીશ્રી(ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણોની કેટલી અરજીઓ પડતર છે,

(૨) આ અરજીઓ કેટલા સમયથી પડતર છે, અને

(૩) ઉપરોક્ત અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી(ઉર્જા)** (૨૧-૧૧-૨૦૦૯):

(૧) ૨૫૪૨ અરજીઓ પડતર છે.

(૨) આદિજાતિ વિસ્તારમાં વર્ષ ૨૦૦૧ પડતર છે. થી જ્યારે બિન આદિજાતિ વિસ્તારમાં વર્ષ ૨૦૦૭ થી પડતર છે.

(૩) આદિજાતિ વિસ્તાર તેમજ બીન-આદિજાતિ વિસ્તારમાં ખેતીવાડી વીજજોડાણ માટે તા.૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં નોંધાયેલ તમામ અરજદાર ખેડુતોને તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં વીજજોડાણ આપવાનું આયોજન છે. ત્યારબાદ નોંધાયેલ આદિજાતિ વિસ્તારમાં ખેડુતોની બાકી રહેતી અરજીઓ અને બિન આદિજાતિ વિસ્તારની અરજીઓના નિકાલ માટે વીજઉત્પાદન, ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ, વીજવીતરણ વ્યવસ્થા અને વીજતંત્રપર પડનાર બોજા

ઉપરાંત સદર યોજના માટેનાં નાણાકીય આયોજનને ધ્યાને લઇને તબક્કાવાર વીજજોડાણો આપવાનું આયોજન હાથ ધરવામાં આવશે.

**બાલાસિનોર અને વિરપુર તાલુકામાં ઝૂંપડપટ્ટીમાં વીજળીકરણ યોજના હેઠળ વીજ ક્નેક્શનની માગણી બાબત**

અતારાંક્તિઃ૨૦૬૯(૮-૧૦-૨૦૦૯)**શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર): માનનીય મુખ્ય મંત્રીશ્રી(ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) બાલાસિનોર અને વીરપુર તાલુકામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના સને ૨૦૦૮-૦૯ માં કેટલા વીજ ક્નેક્શનની માગણી આવી, અને

(૨) આ યોજનામાં મંજૂર થયેલ બંને તાલુકાના સને ૨૦૦૮-૦૯ માટે કેટલા વીજ ક્નેક્શન બાકી છે અને તે ક્યારે પૂરા કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી(ઉર્જા)** (૨૧-૧૧-૨૦૦૯)ઃ

(૧) ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ ૨૦૦૮-૦૯માં બાલાશિનોરમાં ૪૭૯ તેમજ વીરપુર તાલુકામાં ૨૦૪૦ વીજ ક્નેક્શનોની માગણી મળેલ છે.

(૨) આ યોજનામાં મંજૂર થયેલ વીજ જોડાણો પેકી સપ્ટે. ૦૯ અંતિત બાલાશિનોર તાલુકામાં ૪૫ અરજી તેમજ વીરપુર તાલુકામાં ૭૮૪ અરજીઓના કામો બાકી છે, જે માર્ચ ૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનુ આયોજન છે.

-----------------

**કેન્દ્ર સરકાર તરફથી પેટાપરાંના વીજળીકરણ માટે મળેલ ગ્રાન્ટ**

અતારાંક્તિ : ૨૧૯૬ (૧૫-૧૦-૨૦૦૯) **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી(ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) કેન્દ્ર સરકાર તરફથી પેટાપરાંના વીજળીકરણ માટે તા.૩૦-૬-૦૯ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલા રૂપિયા મળ્યા,

(૨) તે પેકી રાજકોટ જિલ્લાના કેટલા પેટાપરાંનું વીજળીકરણ થયું, અને

(૩) બાકીના પેટાપરાંનું વીજળીકરણ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી(ઉર્જા)** (૧૯-૧૧-૨૦૦૯)ઃ

(૧) પેટાપરાંના વિજળીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા સીધી કોઇ ગ્રાંટ ફાળવવામાં આવતી નથી. પરંતુ કેન્દ્ર સરકારના સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ (બી.એ.ડી.પી.) અંતર્ગત કચ્છ, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ૮ સરહદી તાલુકાઓમાં વિકાસના કાર્યો માટે ગ્રાંટ ફાળવવામાં આવે છે તે અંતર્ગત આ તાલુકાઓમાં પેટાપરા વિજળીકરણની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. સદર યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં પેટાપરાના વિજળીકરણ પેટે રૂા.૨૮૦ લાખ ફાળવવામાં આવ્યા છે.

(૨) અને (૩)

સદર યોજનામાં રાજકોટ જિલ્લાનો સમાવેશ થતો નથી. પરંતુ રાજકોટ જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીની બુક્લેટ મુજબના ૪૦૧ પેટાપરા પેકી ૩૯૯ પેટાપરાંનુ વીજળીકરણ કરવામાં આવેલ છે. બાકી રહેલા ૨ પેટાપરાનું વિજળીકરણ ચાલુ વર્ષે કરવાનું આયોજન કરેલ છે.

-----------------

**દાહોદ જિલ્લામાં આંગણવાડીના નવા મકાન અન્વયે ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંક્તિઃ ૧૮૫૨ (૧૬-૯-૨૦૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલાં આંગણવાડી કેન્દ્રો છે,

(૨) તે પેકી ભાડાના મકાનમાં કેટલાં આંગણવાડી કેન્દ્રો છે, અને

(૩) આ આંગણવાડી કેન્દ્રોને કેટલા સમયમાં નવા મકાન માટે ગ્રાન્ટ ફાળવી પૂર્ણ કરવામાં આવશે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૯-૧૧-૨૦૦૯):

(૧) તા.૩૦-૬-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કાર્યાન્વિત આંગણવાડી કેન્દ્રો ૨૪૩૬ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબની છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યાન્વિત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૪૬૮ |
| ૨ | ઝાલોદ | ૪૬૨ |
| ૩ | લીમખેડા | ૪૩૯ |
| ૪ | દે. બારીયા | ૩૩૯ |
| ૫ | ધાનપુર | ૨૨૮ |
| ૬ | ગરબાડા | ૨૪૯ |
| ૭ | ફતેપુરા | ૨૫૧ |
| | **કુલ** | **૨૪૩૬** |

(૨) ૨૧૦

(૩) ચાલુ નાણાકીય વર્ષમાં ૧૫૦ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવનાર છે. તથા ટ્રાયબલ સબપ્લાનમાંથી ૬૦ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટેની મંજૂરી મળેલ છે. જે ચાલુ વર્ષમાં પૂર્ણ કરવા આયોજન કરેલ છે.

-----------------

## સુરત જિલ્લામાં આંગણવાડીના કેન્દ્રો

અતારાંકિત : ૨૦૩૪ (૧૫-૯-૨૦૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર કુલ આંગણવાડી કેન્દ્રો કેટલાં,

(૨) તે પૈકી ભાડાના મકાનમાં કેટલાં આંગણવાડી કેન્દ્રો છે, અને

(૩) આ આંગણવાડી કેન્દ્રોને કેટલા સમયમાં નવા મકાન માટે ગ્રાન્ટ ફાળવી પૂર્ણ કરવામાં આવશે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૯-૧૧-૨૦૦૯):

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર કાર્યાન્વિત આંગણવાડી કેન્દ્રો ૧૪૩૬ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબની છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યાન્વિત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહુવા | ૧૫૮ |
| ૨ | માંડવી | ૨૩૫ |
| ૩ | માંગરોળ | ૧૮૭ |
| ૪ | બારડોલી | ૨૧૨ |
| ૫ | ઓલપાડ | ૧૫૪ |
| ૬ | ચોર્યાસી | ૧૪૦ |
| ૭ | કામરેજ | ૧૩૨ |
| ૮ | પલસાણા | ૧૦૦ |
| ૯ | ઉમરપાડા | ૧૧૮ |
| | **કુલ** | **૧૪૩૬** |

(૨) ૩૩

(૩) ઉપરોક્ત ૩૩ ભાડાના મકાનમાં ચાલતા આંગણવાડી કેન્દ્રો પૈકી ૧ આંગણવાડી કેન્દ્રનું બાંધકામ ચાલુ છે. જ્યારે ૩૨ આંગણવાડી કેન્દ્રોની જમીન ઉપલબ્ધ થયે નવા મકાનોનું બાંધકામ તબક્કાવાર આયોજન કરી પૂર્ણ કરવામાં આવશે.

------------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૨૧૭૨, | ૦૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૭૭૦,૧૮૭૪ | ૦૨ |
| ૩ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૯૩૬ | ૦૧ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૧૭૩૯,૧૭૬૧,૧૮૧૬ | ૦૩ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૭૮૮,૧૮૯૨,૨૨૫૬ | ૦૩ |
| ૬ | ગૃહ વિભાગ | ૧૭૦૭,૨૨૩૯, ૨૨૫૨ | ૦૩ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૭૬૫,૧૮૬૫ | ૦૨ |
| ૮ | નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૯૦૨,૧૯૨૭,૧૯૮૩,૧૯૮૪ ૨૦૫૦,૨૧૫૦,૨૧૫૩,૨૧૫૪, ૨૧૫૫,૨૧૮૦,૨૧૮૩ | ૧૧ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૮૨૭,૧૮૨૮,૧૮૨૯,૧૯૫૫,૨૦૨૮, ૨૦૩૦,૨૦૫૬,૨૦૫૭,૨૦૫૮, | ૦૯ |
| ૧૦ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૨૧૦૦, ૨૧૦૧, ૨૧૦૨, ૨૧૦૩ | ૦૪ |
| ૧૧ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૧૭૩૩, ૧૭૩૬, ૧૭૩૭ | ૦૩ |
| ૧૨ | ઉર્જા અને પેટ્રોકેમીકલ વિભાગ | ૧૭૮૯, ૧૭૯૦, ૧૮૯૫, ૨૦૩૮, ૨૦૬૯, ૨૧૯૬, | ૦૬ |
| ૧૩ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૧૮૫૨, ૨૦૩૪, | ૦૨ |
| | | કુલ : | ૫૦ |

-----------------

# ચોથી અતારાંકિત યાદી

## ખેડા જિલ્લામાં ખેડૂતોને બિયારણની કીટ્ અને જંતુનાશક દવાઓ

અતારાંકિત:૧૮૭૦(૧૬-૯-૦૯) **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦/૬/૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નાના અને સિમાંત ખેડૂતોને તથા અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને બક્ષીપંચના કેટલા ખેડૂતોને બીયારણની કીટ્ અને જંતુનાશક દવાઓ કેટલી વખત આપવામાં આવી, અને

(૨) આ અન્વયે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૭-૧૧-૦૯) :

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર તારીખ ૩૦/૬/૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નાના અને સિમાંત ખેડૂતોને તથા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના ખેડૂતોને બિયારણની કિટ્સ/જંતુનાશક દવાઓ નીચેની વિગતે આપવામાં આવી. (બિયારણ કીટ્સ દર વર્ષે અલગ અલગ ખેડૂતોને આપવામાં આવે છે.)

(૨)

| તાલુકો | અનુ. જાતિ | | અ. જ. જા. | | બક્ષીપંચ નાના/સિમાંત* | | કુલ સંખ્યા | |
|---|---|---|---|---|---|---|---|---|
| | બિયારણ કીટ્સ | જંતુનાશક દવા | બિયારણ કીટ્સ | જંતુનાશક દવા | બિયારણ કીટ્સ | જંતુનાશક દવા | બિયારણ કીટ્સ | જંતુનાશક દવા |
| નડીયાદ | ૧૨૪ | ૪૬ | - | - | - | ૪૫ | ૧૨૪ | ૯૧ |
| માતર | ૧૬૧ | ૨૩ | - | - | - | ૩૭ | ૧૬૧ | ૬૦ |
| ખેડા | ૧૮૬ | ૩૯ | - | - | - | ૩૩ | ૧૮૬ | ૭૨ |
| મહેમદાવાદ | ૧૭૮ | ૪૮ | - | - | - | ૪૨ | ૧૭૮ | ૯૦ |
| મહુધા | ૧૧૭ | ૩૭ | - | - | - | ૪૦ | ૧૧૭ | ૭૭ |
| કપડવંજ | ૧૪૦ | ૩૦ | ૨ | - | - | ૫૩ | ૧૪૨ | ૮૩ |
| કઠલાલ | ૧૪૫ | ૩૪ | - | - | - | ૪૫ | ૧૪૫ | ૭૯ |
| ઠાસરા | ૧૦૪ | ૭૩ | ૧૮ | - | - | ૪૦ | ૧૨૨ | ૧૧૩ |
| બાલાસિનોર | - | ૨૬ | - | - | - | ૩૮ | ૦ | ૬૪ |
| વિરપુર | ૫૮ | ૩૩ | - | - | - | ૩૭ | ૫૮ | ૭૦ |
| **કુ** | **૧૨૧૩** | **૩૮૯** | **૨૦** | - | - | **૪૧૦** | **૧૨૩૩** | **૭૯૯** |

* બક્ષીપંચ, નાના અને સિમાંત ખેડૂતોને બિયારણ ઘટકમાં સહાય આપવાની અલગથી જોગવાઈ ન હોવાથી સિધ્ધિ દર્શાવેલ નથી.

* ખેડા જીલ્લામાં અનુસૂચિત જનજાતિના ખેડૂતોને જંતુનાશક દવા ઘટકમાં સહાય આપવાની અલગથી જોગવાઈ ન હોવાથી સિધ્ધિ દર્શાવેલ નથી.

(૨) ખેડા જિલ્લામાં તાલુકાવાર તારીખ ૩૦/૬/૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બિયારણ કિટ્સ અને જંતુનાશક દવા મળી કુલ ખર્ચ રૂપિયા નીચેની વિગતે છે.

| તાલુકો | બિયારણ કિટ્સ અંગે ખર્ચ રૂા. લાખમાં | જંતુનાશક દવા અંગે ખર્ચ રૂા. લાખમાં | કુલ રૂા. લાખમાં |
|---|---|---|---|
| નડીયાદ | ૦.૪૦ | ૦.૨૧ | ૦.૬૧ |
| માતર | ૦.૬૮ | ૦.૨૮ | ૦.૯૬ |
| ખેડા | ૦.૭૮ | ૦.૨૪ | ૧.૦૨ |
| મહેમદાવાદ | ૦.૮૦ | ૦.૨૬ | ૧.૦૬ |
| મહુધા | ૦.૪૩ | ૦.૨૫ | ૦.૬૮ |
| કપડવંજ | ૦.૬૩ | ૦.૨૩ | ૦.૮૬ |
| કઠલાલ | ૦.૭૧ | ૦.૨૪ | ૦.૯૫ |
| ઠાસરા | ૦.૬૪ | ૦.૨૮ | ૦.૯૨ |
| બાલાશિનોર | - | - | - |
| વિરપુર | ૧.૦૦ | ૦.૨૩ | ૧.૨૩ |
| **કુલ :** | **૬.૦૭** | **૨.૪૨** | **૮.૪૯** |

--------------

**ખેડા જિલ્લામાં સર્વશિક્ષા અભિયાન માટે ફાળવેલ રકમ**

અતારાંક્તિ:૧૯૦૬ (૧૬-૯-૦૯)**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સર્વશિક્ષા અભિયાન અંતર્ગત ખેડા જિલ્લામાં ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં વર્ષવાર ક્યા ક્યા હેતુ માટે કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ફાલવેલ ગ્રાન્ટ પેકી તાલુકાવાર ક્યા ક્યા હેતુઓ માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ફાળવેલ ગ્રાન્ટ વર્ષવાર પૂરેપૂરી ન વાપરવાના કારણો શા છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૩૦-૧૧-૦૯) :

(૧) સર્વશિક્ષા અભિયાન અંતર્ગત ખેડા જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં વર્ષવાર નીચે મુજબ રકમ ફાળવવામાં આવેલ છે. (રૂપિયા લાખમાં)

| વર્ષ | આગળના વર્ષની બચત રકમ | ફાળવેલ ગ્રાન્ટ | | મળેલ વ્યાજ અને અન્ય આવક | કુલ |
|---|---|---|---|---|---|
| | | એસએસએ | એનપીઈજીઈએલ | | |
| ૨૦૦૭-૦૮ | ૬૧.૦૪ | ૯૯૪.૩૫ | ૪.૬૫ | ૧.૬૯ | ૧૦૬૧.૭૩ |
| ૨૦૦૮-૦૯ | ૪૫.૩૬ | ૧૨૯૮.૬૦ | ૮.૦૪ | ૧૭.૨૪ | ૧૩૬૯.૨૪ |

(૨) માનવ સંશાધન વિકાસ મંત્રાલય ભારત સરકારશ્રી દ્વારા નિયત થયેલ નાણાંકીય નિયમો મુજબ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લાને એક ઘટક ગણવામાં આવે છે અને જિલ્લાવાર એન્યુઅલ વર્ક પ્લાન અને બજેટ ભારત સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવે છે. તે મુજબ જિલ્લા કક્ષાએ હિસાબો રાખવામાં આવે છે. આમ, તાલુકાવાર હિસાબો નિભાવવામાં આવતા નથી. આથી સમગ્ર ખેડા જિલ્લામાં સમાવિષ્ટ તમામ તાલુકાઓની મંજૂર થયેલ પ્રવૃત્તિ મુજબ થયેલ ખર્ચની એકત્રીત વિગતો આ સાથે **પત્રક-અ** માં સામેલ રાખેલ છે.

**(રૂપિયા લાખમાં)**

| વર્ષ | એસએસએ | એનપીઈજીઈએલ | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૦૦૬.૮૬ | ૯.૫૧ | ૧૦૧૬.૩૭ |
| ૨૦૦૮-૦૯ | ૧૩૪૫.૪૫ | ૭.૯૯ | ૧૩૫૩.૪૪ |

(૩) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત બજેટ નિયત કરેલ નાણાંકીય જોગવાઈ પ્રમાણે કુલ મંજૂર સંખ્યા ધ્યાને રાખી બનાવવામાં આવે છે. શાળા ગ્રાન્ટ, શિક્ષક ગ્રાન્ટ, શાળા નિભાવણી ગ્રાન્ટ, શિક્ષક તાલીમ ગ્રાન્ટ વગેરે ફક્ત ખરેખર મળવાપાત્ર સંખ્યા ધ્યાને રાખી ફાળવવામાં આવે છે. વળી સિવિલ વર્ક સ્પીલ ઓવર થતા હોય તે અંગેનો ખર્ચ બીજા નાણાંકીય વર્ષમાં કરવામાં આવે છે. તેથી બચત રહે છે.

**પત્રક-અ**
**સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ખેડા જિલ્લામાં એસએસએ/એનપીજીઈએલ હેઠળ**
**એક્ટીવીટીવાઈઝ થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક**

**(રૂપિયા લાખમાં)**

| એક્ટીવીટીઝનું નામ | થયેલ ખર્ચ ૨૦૦૭-૦૮ | થયેલ ખર્ચ ૨૦૦૭-૦૮ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| બ્લોક રિસોર્સ સેન્ટર | ૧૫.૬૯ | ૨૪.૪૯ |
| કલસ્ટર રિસોર્સ સેન્ટર | ૬૪.૯૦ | ૭૦.૫૭ |
| સીવીલ વર્કસ | ૩૩૭.૩૮ | ૪૭૯.૩૨ |
| ઈજીએસ/એઆઈઈ | ૫૭.૧૧ | ૩૯.૩૭ |
| ફ્રી ટેક્સ બુક | ૨૨.૯૨ | ૪૩.૮૬ |
| ઈનોવેટીવ (ઈસીસીઈ/ગર્લ્સ એજ્યુકેશન) | ૪૬.૧૫ | ૫૪.૭૦ |
| આઈઈડી (વિકલાંગ બાળકોને સહાયક શિક્ષણ) | ૩૯.૪૦ | ૬૪.૦૪ |
| સ્કુલ મેઈન્ટેનન્સ (શાળા મરામત) | ૧૩૦.૩૬ | ૧૯૨.૯૧ |
| મેનેજમેન્ટ અને એમઆઈએસ | ૨૭.૯૩ | ૭૮.૧૧ |
| આર એન્ડ ઈ (રીસર્ચ એન્ડ ઈવોલ્યુએશન) | ૧૫.૧૦ | ૦.૮૭ |
| સ્કુલ ગ્રાન્ટ | ૫૪.૦૭ | ૧૫૬.૫૧ |
| ટીચર્સ ગ્રાન્ટ | ૪૪.૯૪ | ૪૬.૨૯ |
| મેજર રીપેરીંગ | ૨૮.૩૯ | ૦.૦૦ |
| ટીચર્સ ટ્રેનિંગ | ૧૧૯.૫૬ | ૯૦.૮૭ |
| કોમ્યુનિટી મોબીલાઈઝેશન | ૨.૯૬ | ૩.૫૪ |
| **કુલ :-** | **૧૦૦૬.૮૬** | **૧૩૪૫.૪૫** |
| એનપીઈજીઈએલ | ૯.૫૧ | ૭.૯૯ |
| **કુલ ખર્ચ :-** | **૧૦૧૬.૩૭** | **૧૩૫૩.૪૪** |

--------------

## સુરત જિલ્લામાં વેચાણવેરાના પાડેલ દરોડા અન્વયે કરેલ કાનૂની કાર્યવાહી

અતારાંકિતઃ૧૯૩૫(૧૬-૯-૦૯)**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા):માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ બે વર્ષમાં વેચાણવેરાના કેટલા દરોડા પાડ્યા,

(૨) દરોડા દરમ્યાન કેટલા રૂપિયાની ગેરરીતિઓ પકડવામાં આવી, અને

(૩) કેટલા ઈસમો સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવી ?

**નાણા મંત્રીશ્રી** (૨૭-૧૧-૦૯) :

(૧) ૨૨૪

(૨) રૂપિયા ૯૫૬.૭૨ લાખ

(૩) કુલ ૨૨૪ કેસોમાં દરોડા પાડેલ તે પૈકી ૬૨ જપ્ત તેમજ ૧૬૨ બિન જપ્ત કેસો છે. ૬૨ જપ્ત પૈકી ૫૧ કેસોમાં આકારણી પૂર્ણ કરી રૂા. ૧૨૬૫.૧૯ લાખ વેરો, દંડ, વ્યાજ આકારેલ છે. જે પૈકી ૫૧.૩૬ લાખની વસુલાત પૂર્ણ કરેલ છે. બાકીની રૂા. ૧૨૧૩.૮૩ લાખની વસુલાત માટે કાર્યવાહી ચાલુમાં છે. ૧૬૨ બિન જપ્ત કેસો પૈકી ૧૧૪ વેપારીઓ સામે ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ હેઠળ તપાસ હાથ ધરી સ્થળ ઉપર વેરો, દંડ, વ્યાજ મળી કુલ રૂા. ૬૯૯.૮૭ લાખ આકારેલ છે. જે પૈકી રૂા. ૨૭૩.૭૯ લાખના ચેક મેળવી વસુલાતની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે. બાકીની રૂા. ૪૨૬.૦૮ લાખની વસુલાત માટે કાર્યવાહી ચાલુમાં છે.

--------------

**દાહોદ જિલ્લામાં વેટ ચોરીના પાડેલા દરોડા**

અતારાંક્તિઃ૨૧૦૫(૮-૧૦-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન દાહોદ જિલ્લામાં સેલ્સ ટેક્ષ/વેટ ચોરી અંગે કેટલા દરોડા પાડ્યા, અને

(૨) આ દરોડામાં કેટલાં રૂપિયાની સેલ્સ ટેક્ષ/વેટની ચોરી પકડાઈ ?

**નાણા મંત્રીશ્રી** (૨૭-૧૧-૦૯) :

(૧) ૨ (બે)

(૨) રૂપિયા ૨.૬૧ લાખ

--------------

**સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ચૂકાદા આપવા બાબત**

અતારાંક્તિ : ૧૯૩૬ (૧૬-૯-૦૯)**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા):માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિયંત્રણ ફોરમ ધ્વારા તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ચૂકાદા આપવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા કિસ્સામાં ગ્રાહકોએ રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં આપીલ કરી ?

**ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** (૨-૧૨-૦૯) :

(૧) સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ધ્વારા તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ ચુકાદાની વિગત નીચે મુજબ છે.

| સુરત મુખ્ય ફોરમ | સુરત વધારાનું ફોરમ | કુલ |
|---|---|---|
| ૬૨૩ | ૭૨૫ | ૧૩૪૮ |

(૨) તે પૈકી નીચે જણાવેલ ગ્રાહકોએ રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં અપીલ કરેલ છે.

| સુરત મુખ્ય ફોરમ | સુરત વધારાનું ફોરમ | કુલ |
|---|---|---|
| ૨૨ | ૧૨ | ૩૪ |

--------------

**સુરત જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવા બાબત**

અતારાંક્તિ : ૨૨૧૭ (૩૦-૧૦-૦૯) **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા

(૨) તે પૈકી કેટલા બીપીએલ, એપીએલ અને અંત્યોદય કાર્ડ હતા, અને

(૩) ભૂતિયા રેશનકાર્ડ બનાવનાર અધિકારીઓ સામે શાં પગલાં ભરવામાં આવ્યા ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૩૦-૧૧-૨૦૦૯) :

(૧) રાજકોટ જિલ્લામાં તાલુકાવાર તારીખ ૩૦/૬/૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા છે. તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **રદ કરેલ ભૂતિયા કાર્ડ** |
|---|---|---|
| (૧) | રાજકોટ શહેર | ૧૨૭૩૩ |
| (૨) | રાજકોટ તાલુકો | ૨૨૫૪ |
| (૩) | લોધીકા | ૬૬૫ |
| (૪) | કોટડા સાંગાણી | ૧૧૭૨ |
| (૫) | જસદણ | ૪૨૫૧ |
| (૬) | ગોંડલ | ૪૧૦૪ |
| (૭) | જેતપુર | ૩૬૯૭ |
| (૮) | ધોરાજી | ૨૩૦૫ |
| (૯) | ઉપલેટા | ૩૦૦૪ |
| (૧૦) | જામકંડોરણા | ૧૩૧૫ |
| (૧૧) | મોરબી | ૩૮૬૪ |
| (૧૨) | માળિયા(મિ) | ૮૦૮ |
| (૧૩) | ટંકારા | ૧૪૫૧ |
| (૧૪) | વાંકાનેર | ૨૩૯૪ |
| (૧૫) | પડધરી | ૮૩૮ |
| | **કુલ :-** | **૪૪૮૫૫** |

(૨) નીચેની વિગતે યોજનાવાર કાર્ડ હતા.

| **અનુ.** | **યોજનાનું નામ** | **રદ કરેલ કાર્ડ** |
|---|---|---|
| (૧) | બી. પી. એલ. | ૨૮૦૯ |
| (૨) | એ. પી. એલ. | ૪૧૪૫૮ |
| (૩) | અંત્યોદય | ૫૮૮ |
| | **કુલ :-** | **૪૪૮૫૫** |

(૩) ભૂતિયાકાર્ડ માટે નાબૂદી ઝુંબેશના ભાગરૂપે રદ કરવામાં આવેલ હોઈ અધિકારીઓ સામે પગલા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષો કાપવા બાબત**

અતારાંક્તિઃ ૧૭૫૭ (૮-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કઈ કઈ રેન્જોમાં ક્યા ક્યા રાઉન્ડોમાં કેટલા વૃક્ષો ગેરકાયદેસર કપાયા છે,

(૨) આ અંગે કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા,

(૩) કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા તે વાહનોની કિંમત કેટલી છે,

(૪) પકડાયેલ આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૫) કપાયેલ વૃક્ષોની કિંમત કેટલી હતી ?

**વન મંત્રીશ્રી** (૧-૧૨-૦૯) :

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર, રેન્જવાર, રાઉન્ડવાર કુલ ૧૭,૭૩૨ વૃક્ષો ગેરકાયદેસર કપાયા છે.

(૨) આ અંગે ૨૪૬૧ આરોપીઓને પકડવામાં આવેલ છે.

(૩) કુલ ૨ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે, જેની કિંમત રૂપિયા ૬,૫૦,૦૦૦/-છે.

(૪) પકડાયેલ આરોપીઓ સામે સમાધાન કરવામાં આવેલ છે.

(૫) કપાયેલ વૃક્ષોની અંદાજીત કુલ કિંમત રૂપિયા ૧૪,૦૧,૦૫૩/-હતી.

-------------

## ડીસ્ટ્રીક્ટ, હ્યુમન રાઈટસ, કોર્ટોની રચના

અતારાંક્તિઃ૨૨૬૨ (૧૫-૧૦-૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ જોડીયા):માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યના પ્રત્યેક જિલ્લામાં માનવ અધિકારને લગતા કેસો ચલાવવા ડીસ્ટ્રીકટ હયુમન રાઈટસ કોર્ટોની રચનાનો નિર્ણય સન ૨૦૦૨માં થયો હતો તે હકિક્ત સાચી છે,

(૨) જો હા, તો ઓગષ્ટ-૨૦૦૯ સુધીમાં ક્યા ક્યા જિલ્લામાં આવી કોર્ટ સ્થાપાઈ છે, અને

(૩) આ કોર્ટ અને તેની કામગીરીની જાહેર જનતાને પૂરી જાણકારી મળે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) (૨૩-૧૧-૦૯) :

(૧) હા, જી.

(૨) કાયદા વિભાગના તા. ૨૪/૫/૨૦૦૨ ની અધિસૂચનાથી વડી અદાલતના પરામર્શ હેઠળ, રાજ્યના તમામ જિલ્લાઓમાં માનવ અધિકાર ભંગ અંગેના કેસો ઝડપી ચલાવવા માટેના તમામ સેસન્સ અદાલતોને માનવ અધિકાર અદાલતો જાહેર કરવામાં આવેલ છે.

(૩) સરકારે વડી અદાલતને, સબંધિત મંત્રીશ્રી, જિલ્લાના તમામ જિલ્લા ન્યાયાધીશો/જિલ્લા મેજીસ્ટ્રેટો/તમામ ધારાસભ્યો/તમામ સંસદ સભ્યો/સમાજ કલ્યાણ વિભાગ/ગૃહ વિભાગને જાહેરનામાની નકલો મોકલવામાં આવેલ છે. અને જાહેર જનતાને પૂરી જાણકારી મળે તે માટે રાજ્ય સરકારના ગેઝેટમાં છપાવીને જાહેર જનતા માટે પ્રસિધ્ધ કરેલ છે.

## ખેડા જિલ્લામાં સિંચાઈ માટેના નવા તળાવો

અતારાંક્તિઃ૧૯૦૩ (૭-૯-૨૦૦૯) **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા. ૩૦-૦૬-૦૮ ની સ્થિતિએ સિંચાઈ યોજના હેઠળ કેટલા તળાવો નવા બનાવવામાં આવ્યા,

(૨) કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને

(૩) તળાવ દીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૩૦-૧૧-૨૦૦૯) :

(૧) શૂન્ય

(૨) ૫૬ તળાવો

(૩) પત્રક-૧ મુજબ.

**પત્રક-૧**

| અ.નં. | જિલ્લો | તાલુકો | ગામનું નામ | સને ૨૦૦૮-૦૯ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ખેડા | બાલાશિનોર | મેઘલીયા/ગામ તળાવ | ૧.૮૬ |
| ૨ | ખેડા | બાલાશિનોર | પાલીખંડા/ગામ તળાવ | ૧.૦૧ |
| ૩ | ખેડા | બાલાશિનોર | વરના મુવાડા/ગામ તળાવ | ૧.૩૦ |
| ૪ | ખેડા | બાલાશિનોર | માલના મુવાડા/ગામ તળાવ | ૦.૫૧ |
| ૫ | ખેડા | બાલાશિનોર | પાટડીયા/ગામ તળાવ | ૧.૧૬ |
| ૬ | ખેડા | બાલાશિનોર | કંબોપા/ગામ તળાવ | ૧.૬૮ |
| ૭ | ખેડા | બાલાશિનોર | ગુંથલી/ગામ તળાવ | ૨.૧૭ |
| ૮ | ખેડા | બાલાશિનોર | ઓથવાડ/ગામ તળાવ | ૦.૪૧ |
| ૯ | ખેડા | કપડવંજ | દુધાથલલાટ/ગામ તળાવ | ૨.૭૪ |
| ૧૦ | ખેડા | કપડવંજ | ભૂતિયા/ગામ તળાવ | ૨.૭૧ |
| ૧૧ | ખેડા | કપડવંજ | થવાદ/ગામ તળાવ | ૨.૬૯ |

| અ.નં. | જિલ્લો | તાલુકો | ગામનું નામ | સને ૨૦૦૮-૦૯ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|---|
| ૧૨ | ખેડા | કપડવંજ | ઉકરડીના મુવાડા/ગામ તળાવ | ૩.૯૮ |
| ૧૩ | ખેડા | કપડવંજ | નીકોલ/ગામ તળાવ | ૩.૨૧ |
| ૧૪ | ખેડા | કપડવંજ | ખાનપુર/ગામ તળાવ | ૩.૮૫ |
| ૧૫ | ખેડા | કપડવંજ | વડોલ-૧/ગામ તળાવ | ૨.૪૮ |
| ૧૬ | ખેડા | કપડવંજ | વડોલ-૨/ગામ તળાવ | ૨.૩૫ |
| ૧૭ | ખેડા | કપડવંજ | આલમપુર/ રોડવાળું તળાવ | ૨.૪૦ |
| ૧૮ | ખેડા | માતર | આંતરોલી/ઢીમકા તળાવ | ૨.૮૭ |
| ૧૯ | ખેડા | માતર | ઉંઢેલા/ગામ તળાવ | ૨.૫૬ |
| ૨૦ | ખેડા | માતર | માતર/ખાન તળાવ | ૧.૨૩ |
| ૨૧ | ખેડા | માતર | ભીમકુઈ/ગામ તળાવ | ૩.૪૫ |
| ૨૨ | ખેડા | માતર | લક્ષ્મીપુરા/પુંજલ તળાવ | ૩.૫૫ |
| ૨૩ | ખેડા | માતર | વસ્તાણા/ટોકરીયું તળાવ | ૧.૫૩ |
| ૨૪ | ખેડા | નડીયાદ | પલાણા/ગામ તળાવ | ૩.૧૯ |
| ૨૫ | ખેડા | નડીયાદ | સોડપુર (અંધારી આંબલી) /ગામ તળાવ | ૩.૧૮ |
| ૨૬ | ખેડા | નડીયાદ | ઝારોલ/ગામ તળાવ | ૨.૧૯ |
| ૨૭ | ખેડા | નડીયાદ | ચલાલી/ગામ તળાવ | ૨.૮૫ |
| ૨૮ | ખેડા | નડીયાદ | દેગામ/ગામ તળાવ | ૩.૧૪ |
| ૨૯ | ખેડા | નડીયાદ | પીજ/ચોખડીયા તળાવ | ૨.૮૦ |
| ૩૦ | ખેડા | મહેમદાવાદ | જાલીયા/જાળીયા તળાવ | ૨.૬૨ |
| ૩૧ | ખેડા | મહેમદાવાદ | જાવભાઈની મુવાડી ખોખર તળાવ | ૨.૦૭ |
| ૩૨ | ખેડા | મહેમદાવાદ | ક્રોલી/ગુવા તળાવ | ૧.૮૭ |
| ૩૩ | ખેડા | મહેમદાવાદ | નેનપુર/ગામ તળાવ | ૨.૨૨ |
| ૩૪ | ખેડા | મહેમદાવાદ | કુણા/ઢાક્સર તળાવ | ૨.૨૫ |
| ૩૫ | ખેડા | મહુધા | સણાલી/છત્રસિંહના ખેતર પાસે તથા બોર તળાવ | ૧.૦૧ |
| ૩૬ | ખેડા | મહુધા | ખલાડી/ગામ તળાવ | ૧.૧૯ |
| ૩૭ | ખેડા | મહુધા | નગવાલ/ગામ તળાવ | ૧.૧૫ |
| ૩૮ | ખેડા | મહુધા | મંગલપુર/ગામ તળાવ | ૧.૭૮ |
| ૩૯ | ખેડા | મહુધા | રૂપપુરા/ગામ તળાવ | ૧.૨૯ |
| ૪૦ | ખેડા | કઠલાલ | લસુન્દ્રા/ગોખરવું તળાવ | ૧.૭૩ |
| ૪૧ | ખેડા | કઠલાલ | ફુલછત્રપુરા/બંદેવાળ તળાવ | ૧.૮૮ |
| ૪૨ | ખેડા | ખેડા | નવાગામ/મેશીયો તળાવ | ૧.૩૦ |
| ૪૩ | ખેડા | ખેડા | કઠવાડા/ગામ તળાવ | ૦.૮૩ |
| ૪૪ | ખેડા | ખેડા | કઠવાડા/મિંઘા તળાવ | ૧.૨૬ |
| ૪૫ | ખેડા | ખેડા | શેત્રા/ગામ તળાવ | ૦.૭૨ |
| ૪૬ | ખેડા | ખેડા | સમાદરા/ગામ તળાવ | ૦.૭૦ |
| ૪૭ | ખેડા | ખેડા | ચાંદણા/તરામણું તળાવ | ૦.૭૬ |
| ૪૮ | ખેડા | ખેડા | મહીજ/માદમાના તળાવ | ૧.૧૨ |
| ૪૯ | ખેડા | ખેડા | મહીજ/રાણીવા તળાવ | ૧.૮૪ |
| ૫૦ | ખેડા | ખેડા | સાંખેજ/ચોટીયું તળાવ | ૦.૬૨ |
| ૫૧ | ખેડા | ખેડા | ઉમીયાપુરા/અમદાવાદી તળાવ | ૨.૧૪ |
| ૫૨ | ખેડા | ખેડા | ક્લોલી/ગામ તળાવ | ૧.૦૫ |
| ૫૩ | ખેડા | વિરપુર | ચોરસા/માતાવાળું તળાવ | ૦.૫૦ |
| ૫૪ | ખેડા | વિરપુર | ભાટપુર/મોતીપુરા તળાવ | ૦.૮૦ |
| ૫૫ | ખેડા | વિરપુર | ક્રોમડમ/દાંતીયા તળાવ | ૧.૫૯ |
| ૫૬ | ખેડા | વિરપુર | જુના રતનકુવા/ક્સરીયું તળાવ | ૦.૪૭ |
| | | | કુલ ખર્ચ રૂપિયા | ૧૦૫.૯૩ |

-------------

## કઠલાલ તાલુકામાં સિંચાઈની સુવિધા વધારવાનું આયોજન

અતારાંકિત:૧૯૦૪ (૮-૯-૨૦૦૯) **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં કઠલાલ તાલુકામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિંચાઈની સુવિધા વધારવા સરકારે કઈ કઈ યોજના હાથ ધરી છે, અને

(૨) તે થકી કેટલા હેકટરમાં સિંચાઈ થાય છે અને ક્યા ક્યા ગામોને લાભ મળે છે ?

**જળ સંપત્તિ મંત્રીશ્રી** (૩૦-૧૧-૨૦૦૯) :

(૧) તળાવો ઉંડા કરવાની કામગીરી તથા સરદાર સરોવર નર્મદા યોજનાની નહેરોના કામો હાથ ધર્યા છે.

(૨) તળાવો ઉંડા કરવાથી પરોક્ષ સિંચાઈનો લાભ મળે છે, નર્મદા નહેરથી ૩૩ ગામોને ૧૨૨૬ હેક્ટર સિંચાઈમાં લાભ મળે છે. જેનું **પત્રક-૧** સામેલ છે.

**પત્રક-૧**

| અ.નં. | જીલ્લાનું નામ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧ | ખેડા | કઠલાલ | અનારા |
| ૨ | | | કઠાણા |
| ૩ | | | લાડવેલ |
| ૪ | | | લસુન્દ્રા |
| ૫ | | | લક્ષ્મણપુરા |
| ૬ | | | દાપટ |
| ૭ | | | ધોધાવાડા |
| ૮ | | | ભગતના મુવાડા |
| ૯ | | | ભાનેર |
| ૧૦ | | | ભાટેરા |
| ૧૧ | | | શાહપુર |
| ૧૨ | | | છીપડી |
| ૧૩ | | | ગંગાદાસના મુવાડા |
| ૧૪ | | | ગુગલીઆ |
| ૧૫ | | | કાણીયેલ |
| ૧૬ | | | જમણી |
| ૧૭ | | | ખલાલ |
| ૧૮ | ખેડા | કઠલાલ | કાલેતર |
| ૧૯ | | | કઠલાલ |
| ૨૦ | | | ખડાલ |
| ૨૧ | | | પીઠાઈ |
| ૨૨ | | | પોરડા ભાટેરા |
| ૨૩ | | | સરાલી |
| ૨૪ | | | અપુજી |
| ૨૫ | | | બાદરપુર |
| ૨૬ | | | ચરેડ |
| ૨૭ | | | ચેલાવત |
| ૨૮ | | | કાકારખંડ |
| ૨૯ | | | મીરજાપુર |
| ૩૦ | | | રવદાવત |
| ૩૧ | | | સંદેસર |
| ૩૨ | | | સરખેજ |
| ૩૩ | | | સુરાવત |

-------------

**વલસાડ જિલ્લામાં નહેર મારફતે સિંચાઈની સુવિધાથી વંચિત ગામો**

અતારાંક્તિ : ૨૦૪૯ (૧૮-૯-૨૦૦૯) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) : : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ક્યા ક્યા ગામોને નહેર મારફતે સિંચાઈની સુવિધા મળતી નથી.

(૨) તેના શા કારણો છે,

(૩) સદર ગામોને સરકાર ઉક્ત સુવિધા ક્યારે આપવા માંગે છે, અને

(૪) આ અંગે કોઈ સર્વે થયેલ છે કે કેમ?

**જળ સંપત્તિ મંત્રીશ્રી** (૨૬-૧૧-૨૦૦૯) :

(૧) વલસાડ જિલ્લામાં આવેલ ત્રણ મોટી સિંચાઈ યોજનાઓના ક્માન્ડમાં આવેલ ૧૭ ગામો ભાગલ, છરવાડા, સેગી, સુરવાડા, ચીચવાડા, તિથલ, દિવેદ, પારડી હરિયા, મગોદ, અટાર, મેહ, ભગોદ, અટકપારડી, કલવાડા, ફલધરા, ક્ચીગામ અને અંબાયને નહેર મારફતે સિંચાઈ સુવિધા મળતી નથી.

(૨) પારડી હરિયા, દિવેદ, અટાર મગોદ અને મેહ ગામોએ જે તે સમયે નહેર ખોદવા સામે વિરોધ કર્યો હોવાથી જમીન સંપાદનની પ્રક્રીયા પૂર્ણ થઈ શકેલ ન હતી. તેથી તેમને નહેર દ્વારા સિંચાઈ આપવાનો પ્રશ્ન નથી તેમજ ઉપરોક્ત યોજનાઓના ખેડૂતો યોજના અહેવાલમાં સમાવેશ કરેલ પાક પધ્ધતિને બદલે બારમાસી પાકો તરફ વળ્યા છે. જેથી આ પાકોને ટૂંકા અંતરે વધુ પાણીની જરૂરીયાત રહેતી હોઈ છે. આમ બદલાયેલ પાક પધ્ધતિ અને વધુ પાણીની જરૂરીયાતને કારણે છેવાડાના વિસ્તારને પાણી પહોંચાડી શકાતું નથી.

(૩) ઉપરોક્ત ગામો પૈકી ૧૧ ગામો ભાગલ, છરવાડા, સેગવી, મગોદ, મેહ, ભગોદ, કલવાડા, ફલધરા, કચીગામ અને અંબાચને ચેકડેમ દ્વારા સિંચાઈની સુવિધા ઉપલબ્ધ છે. તેમજ ફલધરાને ઉદવહન સિંચાઈ સુવિધા પણ આપવાનું આયોજન છે.

(૪) હા, જી.

-------------

## દાહોદ જિલ્લામાં પાણી પુરવઠા માટેની મોટી ટાંકીઓ

અતારાંક્તિ : ૨૧૧૭ (૮-૧૦-૨૦૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી (લીમડી) : : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર પાણી પુરવઠા યોજના હેઠળ તા. ૩૦-૬-૦૯ ની સ્થિતિએ પાણીની મોટી ટાંકીઓની સંખ્યા કેટલી, અને

**એચબી-૬૩૧-૩**

(૨) આ યોજના અન્વયે કેટલા ગામોને પીવાનું પાણી પૂરૂ પાડવામાં આવે છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨-૧૨-૨૦૦૯) :

(૧) નીચેની વિગતે

| અ.નં. | તાલુકો | ટાંકી |
|---|---|---|
| ૧ | ઝાલોદ | ૨ |
| ૨ | ફતેપુરા | ૧ |
| ૩ | લીમખેડા | ૧ |
| ૪ | દેવગઢ બારીયા | ૧ |
| | કુલ.. | ૫ |

(૨) ૧૯ ગામોને.

## દાહોદ જિલ્લાને પાણી પુરવઠા માટે ફાળવેલ ગ્રાન્ટ

અતારાંક્તિ : ૨૧૧૮ (૮-૧૦-૨૦૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં રાજ્ય સરકારે દાહોદ જિલ્લાને પાણી પુરવઠા યોજના માટે કેટલી રકમ ક્યા ક્યા કામો માટે ફાળવી છે,

(૨) ઉક્ત કામો પૈકી કેટલા પૂર્ણ થયા અને કેટલા બાકી છે, અને

(૩) આવા બાકી કામો ક્યારે પુરા કરવામાં આવશે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨-૧૨-૨૦૦૯) :

(૧) નીચેની વિગતે

| અ.નં. | કાર્યક્રમ | રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | પી.સી.કાર્યક્રમ | ૬.૦૦ |
| ૨ | ક્વોલીટી કાર્યક્રમ વ્યક્તિગત પાણી | ૪૩૭.૦૦ |
| ૩ | ક્વોલીટી કાર્યક્રમ જુથ પાણી પુરવઠા યોજના | ૮૮૫.૦૦ |
| ૪ | પ્રાથમિક શાળા કાર્યક્રમ | ૫૦૦.૦૦ |
| ૫ | એમ.એન.પી. જૂથ પાણી પુરવઠા યોજના | ૧૧૦૭.૦૦ |
| ૬ | ટ્રાયબલ હેન્ડપંપ | ૨૩૭.૦૦ |
| ૭ | મીની પાણી પુરવઠા યોજના | ૨.૦૦ |

| | | |
|---|---|---|
| ૮ | ખાસ અંગભૂત યોજના | ૨૬.૦૦ |
| ૯ | યાત્રાધામ વિકાસ કાર્યક્રમ | ૪.૦૦ |
| ૧૦ | જૂથ યોજનાઓના મરામત અને નિભાવણી | ૩૫૬.૦૦ |
| ૧૧ | હેન્ડપંપ મરામત અને નિભાવણી | ૨૦૦.૦૦ |
| ૧૨ | સુજલામ સુફલામ પાણી પુરવઠા યોજના | ૪૦૦.૦૦ |
| ૧૩ | સેક્ટર રીફોર્મ યોજના (રાજ્ય) | ૧૭૨.૧૪ |
| | કુલ.. | ૪૩૩૨.૧૪ |

(૨) કુલ ૧૨૩૩ કામો પેકી ૯૩૧ કામો પૂર્ણ થયા તથા ૩૦૨ કામો બાકી છે.

(૩) ક્રમશઃ ૧૨/૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**સોનગઢ અને માંડવી તાલુકામાં સિંચાઈ યોજના**

અતારાંકિત : ૨૧૫૨ (૯-૧૦-૨૦૦૯) **શ્રી પ્રભુભાઈ ના. વસાવા(સોનગઢ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લાના સોનગઢ અને માંડવી તાલુકામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટ્રાયબલ એરીયા માટે લીફ્ટ ઈરીગેશનની કે અન્ય કોઈ યોજના સિંચાઈ માટે બનાવવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેમાં કઈ કઈ યોજના પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૩) એનાથી ક્યા ક્યા ટ્રાયબલ ગામોને સિંચાઈ સુવિધા મળેલ છે?

**જળ સંપત્તિ મંત્રીશ્રી** (૨૬-૧૧-૨૦૦૯) :

(૧) હા, જી.

(૨) યોજનાવાર અને વર્ષવાર ખર્ચની વિગતનું પત્રક-૧માં દર્શાવેલ છે.

(૩) હાલ સત્તાવીસ ગામોને સિંચાઈ સુવિધા મળે છે. ચાલુ યોજનાઓ પુરી થતા વધુ એકવીસ ગામોને સિંચાઈ સુવિધાનો લાભ મળશે. તાલુકાવાર ગામોની યાદી પત્રક-૨ માં દર્શાવેલ છે.

**પત્રક-૧**

**સોનગઢ અને માંડવી તાલુકામાં સિંચાઈ યોજનાઓ**

| અ.નં. | તાલુકો | વર્ષ-૨૦૦૭-૨૦૦૮ | | | | | | | | | | વર્ષ ૨૦૦૮-૨૦૦૯ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઉદવહન સિંચાઈ યોજના | | ચેકડેમ | | નહેરના કામ | | સામુહિક કુવા | | કુલ | | ઉદવહન સિંચાઈ યોજના | | ચેકડેમ | | નહેરના કામ | | સામુહિક કુવા | | કુલ | |
| | | સંખ્યા | ખર્ચ રૂ. લાખમાં | સંખ્યા | ખર્ચ રૂ. લાખમા | સંખ્યા | ખર્ચ રૂ. લાખમા | સંખ્યા | ખર્ચ રૂ. લાખ મા | સંખ્યા | ખર્ચ રૂ. લાખમા | સંખ્યા | ખર્ચ રૂ. લાખમા | સંખ્યા | ખર્ચ રૂ. લાખમા | સંખ્યા | ખર્ચ રૂ. લાખમા | સંખ્યા | ખર્ચ રૂ. લાખમા | સંખ્યા | ખર્ચ રૂ. લાખમા |
| ૧ | માંડવી જિ. સુરત | - | - | ૧૮ | ૨૧૭.૯૫ | - | - | ૧ | ૮.૨૮ | ૧૯ | ૨૨૬.૨૩ | ૦ | ૦ | ૧૯ | ૧૭૩.૬૧ | -- | -- | - | - | ૧૯ | ૧૭૩.૬૧ |
| ૨ | સોનગઢ જિ.તાપી | ૧ | ૯.૩૮ | ૧૦ | ૧૧૩.૯૮ | ૧ | ૧૩૧૦.૦૯ | ૮ | ૫૧.૧૫ | ૨૦ | ૧૪૮૪.૬૦ | ૨ | ૧૧.૯૨ | ૬૧ | ૭૦૪.૭૧ | ૧ | ૨૨૫.૬૦ | ૧ | ૭.૨૦ | ૬૫ | ૯૪૯.૪૩ |
| કુલ | | ૧ | ૯.૩૮ | ૨૮ | ૩૩૧.૯૩ | ૧ | ૧૩૧૦.૦૯ | ૯ | ૫૯.૪૩ | ૩૯ | ૧૭૧૦.૮૩ | ૨ | ૧૧.૯૨ | ૮૦ | ૮૭૮.૩૨ | ૧ | ૨૨૫.૬૦ | ૧ | ૭.૨૦ | ૮૪ | ૧૧૨૩.૦૪ |

**પત્રક-૨**

**સિંચાઈની સુવિધા મેળવતા ગામોની તાલુકાવાર યાદી**

| માંડવી તાલુકો | | સોનગઢ તાલુકો | | | |
|---|---|---|---|---|---|
| ૧ | કાટકુવા | ૧ | ટેમ્કા | ૨૦ | ખાંભલા |
| ૨ | પીપરીયા | ૨ | ભટવાડા | ૨૧ | કણજી |
| ૩ | ઉટેવા | ૩ | નીંદવાડા | ૨૨ | માંડળ |
| ૪ | અંબા | ૪ | સીનોદ | ૨૩ | ચોરવાડ |

| | | | |
|---|---|---|---|
| | | ૮ | રાણી આંબા |
| | | ૯ | બોરદા |
| | | ૧૦ | ભોરથવા |
| | | ૧૧ | સીંગલખાંચ |
| | | ૧૨ | ટોકરવા |
| | | ૧૩ | ગણસદા |
| | | ૧૪ | શ્વાવણિયા |
| | | ૧૫ | ગોખલપુરા |
| | | ૧૬ | લીંબી |
| | | ૧૭ | ઘોડચિત |
| | | ૧૮ | જામખડી |
| | | ૧૯ | નિશાણા |

**યોજનાઓ પૂરી થતા સિંચાઈનો લાભ મેળવનાર ગામોની તાલુકાવાર યાદી**

| અ.નં. | તાલુકો | ગામનું નામ | અ.નં. | તાલુકો | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | સોનગઢ | ભૂરીવેલ | ૧૨ | સોનગઢ | વાઝરડા |
| ૨ | સોનગઢ | ભીમપુરા | ૧૩ | સોનગઢ | બેડી |
| ૩ | સોનગઢ | ગુણસદા | ૧૪ | સોનગઢ | અગાસવાણ |
| ૪ | સોનગઢ | દુમદા | ૧૫ | સોનગઢ | ભેંસરોટ |
| ૫ | સોનગઢ | મોટીખેરાવણ | ૧૬ | સોનગઢ | ખડકાચીખલી |
| ૬ | સોનગઢ | આમલીપાડા | ૧૭ | સોનગઢ | ચાકળીયા |
| ૭ | સોનગઢ | કેળાઈ | ૧૮ | સોનગઢ | ટીચકીયા |
| ૮ | સોનગઢ | ઝાડપાડી | ૧૯ | સોનગઢ | ગાલાખાડી |
| ૯ | સોનગઢ | ઉખલદા | ૨૦ | સોનગઢ | કાવલા |
| ૧૦ | સોનગઢ | આમલી | ૨૧ | સોનગઢ | વાગદા |
| ૧૧ | સોનગઢ | બેડવણ/ભેંસરોટ | | | |

-------------

**ખેડા જિલ્લામાં પીવાના પાણીની મોટી ટાંકીઓ**

અતારાંક્તિ:૨૧૮૧ (૫-૧૦-૨૦૦૯)**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં પાણી પુરવઠા યોજના હેઠળ તા. ૩૧-૬-૨૦૦૯ ની સ્થિતિએ પીવાના પાણીની મોટી ટાંકીઓની સંખ્યા કેટલી, અને

(૨) આ યોજના અન્વયે કેટલા ગામોને પીવાનું પાણી પૂરૂ પાડવામાં આવે છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨-૧૨-૨૦૦૯) :

(૧) નીચેની વિગતે

(૨)

| અ.નં. | તાલુકો | ટાંકી |
|---|---|---|
| ૧ | વિરપુર | ૯ |
| ૨ | મહેમદાવાદ | ૮ |
| ૩ | મહુધા | ૧ |
| ૪ | નડીયાદ | ૧૦ |
| ૫ | ખેડા | ૩ |
| ૬ | માતર | ૮ |
| ૭ | કઠલાલ | ૪ |
| ૮ | કપડવંજ | ૧૩ |
| ૯ | બાલાશિનોર | ૧૩ |
| ૧૦ | ઠાસરા | ૬ |
| | **કુલ..** | **૭૫** |

(૨) ૨૨૦ ગામોને.

------------

## પાણી પુરવઠા માટે ખેડા જિલ્લાને ફાળવેલ રકમ

અતારાંક્તિ : ૨૧૮૨ (૫-૧૦-૨૦૦૯) **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં સરકારે ખેડા જિલ્લામાં પાણી પુરવઠા યોજના માટે કેટલી રકમ ક્યા ક્યા કામો માટે ફાળવી છે,

(૨) ઉક્ત કામો પેકી તા. ૩૧-૮-૨૦૦૯ની સ્થિતિએ કેટલા પૂર્ણ થયા, અને

(૩) બાકી કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨-૧૨-૨૦૦૯) :

(૧) નીચેની વિગતે

| અ.નં. | કાર્યક્રમ | રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ત્વરીત શહેરી પાણી પુરવઠા યોજના કાર્યક્રમ | ૪૫.૦૦ |
| ૨ | એન. સી. કાર્યક્રમ | ૧૦.૦૦ |
| ૩ | પી.સી. કાર્યક્રમ | ૧૦૨.૦૦ |
| ૪ | ક્વાલીટી કાર્યક્રમ | ૧૮૪.૦૦ |
| ૫ | ત્વરીત ગ્રામ્ય પાણી પુરવઠા યોજના (જૂથ યોજના) | ૪૨૩.૦૦ |
| ૬ | પ્રાથમિક શાળા | ૯૦.૦૦ |
| ૭ | ખાસ અંગભૂત યોજના કાર્યક્રમ | ૩૫.૦૦ |
| ૮ | રીજુવીનેશન કાર્યક્રમ | ૬૦.૦૦ |
| ૯ | યાત્રાધામ વિકાસ કાર્યક્રમ | ૦૫.૦૦ |
| ૧૦ | જૂથ યોજનાઓના મરામત અને નિભાવણી | ૮૫૦.૦૦ |
| ૧૧ | મીસીંગ લીન્ક ખાસ મરામત જૂથ યોજના | ૫૦૦.૦૦ |
| ૧૨ | હેન્ડપંપના મરામત અને નિભાવણી | ૨૨.૦૦ |
| ૧૩ | એમ.એન.પી. નોન ટ્રાયબલ હેન્ડપંપ | ૨૦.૦૦ |
| ૧૪ | સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) | ૬૮૬.૦૦ |
| | **કુલ ફાળવવામાં આવેલ** | **૩૦૩૨.૦૦** |

(૨) કુલ ૭૯૮ કામો પેકી ૪૭૬ કામો પૂર્ણ થયા.

(૩) બાકી રહેતી ૧૮૬ શાળા કાર્યક્રમ સહીતની ૩૨૨ યોજના તબક્કાવાર માર્ચ-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## નવસારી જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ

અતારાંક્તિ : ૨૨૭૭ (૧૩-૧૦-૦૯) **શ્રી છનાભાઈ ચૌધરી(ધરમપુર):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે,

(૨) તેના દ્વારા કેટલા ગામોને પાણી આપવામાં આવે છે, અને

(૩) જે ગામોને ઉક્ત યોજનાથી પાણી પહોંચાડાતું નથી તેવા ગામોને પાણી પહોંચાડવા માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૭-૧૧-૦૯) :

(૧) નીચે પ્રમાણેની જૂથ યોજનાઓ કાર્યરત છે.

| અ. નં. | તાલુકો | કાર્યરત યોજનાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | જલાલપોર | ૫ |
| ૨ | ગણદેવી | ૨ |
| ૩ | ચીખલી | ૨ |
| ૪ | વાંસદા | ૨ |

૪ તાલુકામાં ૯ જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે.

(૨) ૮૨ ગામોને.

(૩) બાકી રહેતા ૩૭ ગામો સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવતા હોઈ જૂથ યોજનાનું પાણી લેતા નથી.

## નવસારી જિલ્લામાં સિંચાઈ યોજનાની કાચી કેનાલો પાકી બનાવવા બાબત

અતારાંક્તિઃ૨૨૭૯(૧૩-૧૦-૦૯) **શ્રી છનાભાઈ ચૌધરી(ધરમપુર):માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ નવસારી જિલ્લાની કઈ કઈ સિંચાઈ યોજનાની કેનાલો કાચી છે,

(૨) ઉક્ત કાચી કેનાલો પાકી બનાવવા સિંચાઈ યોજનાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે,

(૩) કેટલા સમયમાં ઉક્ત કેનાલો પાકી બનાવવામાં આવશે, અને

(૪) કાચી કેનાલો થકી કેટલા ટકા પાણી વેડફાય છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૬-૧૧-૦૯) :

(૧) નવસારી જિલ્લામાં આવેલ કાકરાપાર યોજનાની મહદ અંશે નહેરો, ઉકાઈ ડાબા કાંઠા યોજનાની શાખા નહેર સાંકળ ૯.૧ કિ.મી. થી ૪૪.૦૯ કિ.મી. અને તેમાંથી નીકળતી નહેરો તેમજ ચીકટીયા નાની સિંચાઈ યોજનાની નહેરો કાચી છે.

(૨) કાકરાપાર યોજનાની નહેરોને પાકી બનાવવા અંગે આશરે રૂા. ૮૦ કરોડ, ઉકાઈ ડાબા કાંઠા યોજનાની નહેરો માટે રૂા. ૨૦ કરોડ તેમજ ચીકટીયા નાની સિંચાઈ યોજનાની નહેરોને પાકી બનાવવા માટે રૂા. ૨૨ લાખનો ખર્ચ અંદાજવામાં આવેલ છે.

(૩) કાકરાપાર યોજના તેમજ ઉકાઈ ડાબા કાંઠા યોજનાની નહેરોને બજેટની ઉપલબ્ધી મુજબ તબક્કાવાર પાકી બનાવવાનું આયોજન છે. જ્યારે ચીકટીયા નાની સિંચાઈ યોજનાની નહેરોને પાકી બનાવવાનું કામ જુન-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૪) ઉક્ત કાચી નહેરોને કારણે ૧૫ થી ૨૦ ટકા પાણી ખેતર સુધી પહોંચતા ઓછુ થાય છે. આ લીકેજ/સીપેજ થતા પાણીનો ઉપયોગ ખેડૂતો દ્વારા કરવામાં આવે છે.

## બાલાસિનોર તથા વીરપુર તાલુકામાં પાણીની મોટી ટાંકીઓ

અતારાંક્તિઃ૨૩૦૬ (૩૦-૧૦-૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લાના બાલાસિનોર અને વિરપુર તાલુકામાં પાણી પુરવઠા યોજનાઓ હેઠળ તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ પાણીની મોટી ટાંકીઓની સંખ્યા કેટલી, અને

(૨) ઉક્ત યોજના અન્વયે કેટલા ગામોને પીવાનું પાણી પુરું પાડવામાં આવે છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨-૧૨-૦૯) :

(૧) બાલાસિનોર- ૧૩.
વીરપુર - ૦૯
**કુલ..૨૨**

(૨) ૮૧ ગામોને.

## બાલાસિનોર તથા વીરપુર તાલુકામાં મંજુર કરેલ પાણીના પંપો

અતારાંક્તિ : ૨૩૦૭ (૩૦-૧૦-૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના બાલાસિનોર અને વિરપુર તાલુકામાં કેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે,

(૨) તેના દ્વારા કેટલા ગામોને પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૩) જે ગામોને ઉક્ત યોજનાઓ દ્વારા પાણી પહોંચાડી શકાતું નથી તેવા ગામોને પાણી પહોંચાડવા શું વ્યવસ્થા કરેલ છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨-૧૨-૦૯) :

(૧) બાલાસિનોર- ૨

વીરપુર - ૧

(૨) ૭૧ ગામોને.

(૩) ૧૦ ગામો પેકી ૭ ગામોએ ભુગર્ભ સંપ, પંપીંગ મશીનરી, પાઈપ લાઈનના કામો તથા ૩ ગામોએ સ્વતંત્ર સોર્સ વિક્સાવીને તેના આધારિત યોજનાના કામો પૂર્ણ કરી વહેલી તકે પાણી પહોંચાડવાનું આયોજન કરવામાં આવેલ છે.

------------

**દાહોદ જિલ્લા પંચાયતને ઓક્ટ્રોય નાબૂદીની આપેલ રકમ**

અતારાંક્તિ:૧૭૭૬ (૧૬-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી (લીમડી):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લા પંચાયતને તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓક્ટ્રોય નાબુદીની કેટલી રકમની ગ્રાન્ટ આપવામાં આવી,

(૨) દાહોદ જિલ્લા પંચાયત ધ્વારા આ ગ્રાન્ટ જે તે તાલુકાને કેટલી રકમ કેટલા સમયમાં ફાળવવામાં આવી,

(૩) જે તે તાલુકા પંચાયતે કેટલા સમયમાં આ ગ્રાન્ટ ગ્રામ પંચાયતોને હવાલે મુકી, અને

(૪) જો ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ મોડી મળેલ હોય અથવા ન મળી હોય તો તેના કારણો શાં છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૨૭-૧૧-૦૯) :

(૧) દાહોદ જિલ્લા પંચાયતને તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓક્ટ્રોય નાબુદી પેટે કુલ રૂા. ૨,૮૯,૮૨,૦૦૦/- ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. (પત્રક-૧માં વિગત સામેલ છે.)

(૨) દાહોદ જિલ્લા પંચાયત ધ્વારા આ ગ્રાન્ટ જે તે તાલુકા પંચાયતોને મહત્તમ બે માસની અંદર રૂા. ૨,૮૭,૮૮,૯૬૦/-ની ફાળવણી કરવામાં આવેલ છે. (પત્રક-૧માં વિગત સામેલ છે.)

(૩) તાલુકા પંચાયતો ધ્વારા આ ગ્રાન્ટ મળ્યેથી જે તે નાણાંકીય વર્ષની અંદર ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવી આપેલ છે.

(૪) ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં વિલંબ થયેલ નથી સિવાય કે વહીવટી કારણસર કેટલાક કિસ્સામાં બે ત્રણ હપ્તાની ગ્રાન્ટ એકી સાથે ફાળવેલ છે.

**પત્રક-૧**

| વિકાસ કમિશ્નરશ્રીની કચેરી તરફથી જીલ્લા પંચાયતને ગ્રાન્ટ ફાળવણીની વિગત | | | | | જીલ્લા પંચાયત કચેરી ધ્વારા તાલુકા પંચાયતને ગ્રાન્ટ ફાળવણીની વિગત |
|---|---|---|---|---|---|
| ક્રમ | ગ્રાન્ટનો માસ/વર્ષ | હુકમની તારીખ | રકમ (રૂા. લાખમાં) | હુકમની તારીખ | રકમ રૂા. |
| ૧ | જુન-૨૦૦૭ | ૫-૦૭-૦૭ | ૧૧.૧૫ | ૧૩-૦૮-૦૭ | ૧૧૦૭૫૦૦ |
| ૨ | જુલાઈ, ઓગષ્ટ-૨૦૦૭ | ૩૧-૦૭-૦૭ | ૨૨.૩૦ | ૨૪-૦૯-૦૭ | ૨૨૧૫૦૦૦ |
| ૩ | સપ્ટેમ્બર, ઓક્ટોબર-૨૦૦૭ | ૧૫-૧૦-૦૭ | ૨૨.૩૦ | ૮-૧૧-૦૭ | ૨૨૧૩૮૧૯ |
| ૪ | નવેમ્બર, ડિસેમ્બર-૨૦૦૭ | ૧૦-૦૧-૦૮ | ૨૨.૩૦ | ૩-૦૩-૦૮ | ૨૨૧૩૦૦૦ |
| ૫ | જાન્યુઆરીથી માર્ચ-૨૦૦૮ | ૪-૦૩-૦૮ | ૩૩.૪૨ | ૨૪-૦૩-૦૮ | ૩૩૨૨૬૬૧ |
| ૬ | એપ્રિલ થી જુન-૨૦૦૮ | ૩-૦૫-૦૮ | ૩૩.૪૪ | ૧૮-૦૬-૦૮ | ૩૩૨૨૫૦૦ |
| ૭ | જુલાઈ થી સપ્ટેમ્બર-૨૦૦૮ | ૨૨-૦૭-૦૮ | ૩૩.૪૪ | ૨૫-૦૮-૦૮ | ૩૩૨૨૩૧૯ |
| ૮ | ઓક્ટોબર થી ડિસેમ્બર-૨૦૦૮ | ૨૦-૧૦-૦૮ | ૩૩.૪૪ | ૨૭-૧૧-૦૮ | ૩૩૧૯૫૦૦ |
| ૯ | જાન્યુઆરી થી ફેબ્રુઆરી-૨૦૦૯ | ૨૬-૦૨-૦૯ | ૨૨.૨૯ | ૨૦-૦૩-૦૯ | ૨૨૧૩૦૦૦ |
| ૧૦ | માર્ચ-૨૦૦૯ | ૧૬-૦૩-૦૯ | ૧૧.૧૫ | ૧૭-૦૩-૦૯ | ૧૧૦૯૬૬૧ |
| ૧૧ | એપ્રિલ થી જુલાઈ-૨૦૦૯ | ૪-૦૫-૦૯ | ૪૪.૫૯ | ૧૭-૦૬-૦૯ | ૪૪૩૦૦૦૦ |
| **કુલ** | | | **૨૮૯.૮૨** | | **૨૮૭૮૮૯૬૦** |

------------

## દાહોદ જિલ્લામાં હરિયાળી ક્રાંતિ યોજનામાં સમાવેલ ગામો

અતારાંક્તિ : ૧૭૭૮(૧૬-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) હરિયાળી ક્રાંતિ યોજના હેઠળ તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામોને આવરી લીધા છે,

(૨) તે પૈકી દરેક ગામે મંજૂર કરેલ કામો પૂર્ણ થયેલ છે કે કેમ, અને

(૩) જો ના, તો તે બાકી કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૩-૧૨-૦૯) :

(૧) હરિયાળી યોજના હેઠળ તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કોઈ ગામોને આવરી લીધેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## દાહોદ જિલ્લામાં સખી મંડળની રચના

અતારાંક્તિઃ૧૮૧૯(૧૫-૯-૦૯)**શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા સખી મંડળની રચના કરવામાં આવી, અને

(૨) આ સખી મંડળોને સરકાર ધ્વારા શું શું સવલતો આપવામાં આવે છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૨૭-૧૧-૦૯) :

(૧) દાહોદ જીલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૬૦૯૬ મંડળોની રચના કરવામાં આવેલ છે.

(૨) સરકાર ધ્વારા સખી મંડળોને તેઓના હિસાબો નિભાવવા માટે હિસાબી રજીસ્ટર, ઠરાવ તથા માસિક મીટીંગ બોલાવવા માટે મીટીંગ રજીસ્ટર તેમજ સભ્યની બચત માટે વ્યક્તિગત પાસબુક આપવામાં આવે છે તથા રચાયેલ સખી મંડળો પૈકી છ માસ થયેલ સખી મંડળોને બેન્ક ધ્વારા ગ્રેડીંગ કરાવી ગ્રેડીંગમાં પાસ થનાર સખી મંડળોને મંડળ દીઠ રૂા. ૫૦૦૦/-નું રીવોલ્વીંગ ફંડ ચુકવવામાં આવે છે.

------------

## દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં થયેલ કામ

અતારાંક્તિઃ૧૮૨૦(૧૫-૯-૦૯)**શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરીયોજના હેઠળ દાહોદ જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૩) આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૨૭-૧૧-૦૯) :

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ-૨૬૮૧ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

(૨) કુલ-૭૭૨૬ કામો તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ પ્રગતિમાં છે.

(૩) આ કામો ડીસેમ્બર-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે.

## દાહોદ જિલ્લામાં પંચાયત ઘર/તલાટી મંત્રી આવાસ મંજુર કરવા બાબત

અતારાંક્તિઃ૧૮૩૨(૧૫-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાદીઠ કેટલા ગામોમાં તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચાયત દ ાર ક્મ તલાટી મંત્રી આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલી પંચાયત ક્ચેરી ક્મ તલાટી મંત્રી આવાસ પૂર્ણ થયા, અને

(૩) તેના માટે કેટલી ગ્રાન્ટ આપવામાં આવી ?

**પંચાયત મંત્રીશ્રી** (૩-૧૨-૦૯) :

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાદીઠ છેલ્લા બે વર્ષમાં ૨૬ પંચાયત ઘર ક્મ તલાટી મંત્રી આવાસ મંજુર કરવામાં આવ્યા.

| ક્મ | તાલુકાનું નામ | મંજુર કરેલ પંચાયત ઘર ક્મ ત.ક.મંત્રી આવાસ |
|---|---|---|
| ૧ | ફતેપુરા | ૩ |
| ૨ | ધાનપુર | ૪ |
| ૩ | દેવગઢ બારીયા | ૨ |
| ૪ | ઝાલોદ | ૩ |
| ૫ | ગરબાડા | ૧૦ |
| ૬ | લીમખેડા | ૪ |
| | **કુલ :-** | ૨૬ |

(૨) ૧૧ પંચાયત ઘર ક્મ ત.ક. મંત્રી આવાસ પૂર્ણ થયેલ છે.

(૩) સરકારશ્રી ધ્વારા નક્કી કરેલ યુનિટ કોષ્ટ મુજબ દરેક પંચાયત ઘર માટે રૂા. ૩.૩૨ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

------------

## સુરત જિલ્લા પંચાયતને મળેલ ઓક્ટ્રોય નાબુદીની રકમની ફાળવણી

અતારાંક્તિઃ૧૯૪૪(૧૬-૯-૦૯)**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લા પંચાયતને તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓક્ટ્રોય નાબુદીની સામે કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) સુરત જિલ્લા પંચાયત ધ્વારા આ ગ્રાન્ટ પેકી જે તે તાલુકા પંચાયતને કેટલી રકમ કેટલા સમયમાં ફાળવી,

(૩) જે તે તાલુકા પંચાયતોને કેટલા સમયમાં આ ગ્રાન્ટ જે તે ગ્રામ પંચાયતોને હવાલે મુકી, અને

(૪) જો ગ્રામ પંચાયતને ગ્રાન્ટ મોડી મળેલ હોય અથવા હજુ સુધી ન મળી હોય તો તેના કારણો શાં છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૨૭-૧૧-૦૯) :

(૧) સુરત જિલ્લા પંચાયતને તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓક્ટ્રોય નાબુદી પેટે કુલ રૂા. ૫,૮૬,૫૭,૦૦૦/- ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. (**પત્રક-૧**માં વિગત સામેલ છે.)

(૨) સુરત જિલ્લા પંચાયત ધ્વારા આ ગ્રાન્ટ જે તે તાલુકા પંચાયતોને મહત્તમ બે માસની અંદર રૂા. ૫,૮૬,૫૭,૦૦૦/- ની ફાળવણી કરવામાં આવેલ છે. (**પત્રક-૧**માં વિગત સામેલ છે.)

(૩) તાલુકા પંચાયતો ધ્વારા આ ગ્રાન્ટ મળ્યેથી જે તે નાણાંકીય વર્ષના અંતે ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવી આપેલ છે.

(૪) વહીવટી કારણોસર તાલુકા પંચાયતો ધ્વારા જે તે નાણાંકીય વર્ષના અંતે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

**પત્રક-૧**

| વિકાસ કમિશ્નરશ્રીની કચેરી તરફથી જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ફાળવણીની વિગત | | | | | જીલ્લા પંચાયત કચેરી ધ્વારા તાલુકા પંચાયતને ગ્રાન્ટ ફાળવણીની વિગત |
|---|---|---|---|---|---|
| ક્રમ | ગ્રાન્ટનો માસ/વર્ષ | હુકમની તારીખ | રકમ (રૂ. લાખમાં) | હુકમની તારીખ | રકમ રૂ. |
| ૧ | એપ્રિલ, મે-૨૦૦૭ | ૭-૦૪-૦૭ | ૪૧.૯૦ | ૨૫-૦૬-૦૭ | ૪૧.૯૦ |
| ૨ | જુન-૨૦૦૭ | ૫-૦૭-૦૭ | ૨૦.૯૫ | ૨૬-૦૯-૦૭ | ૨૦.૯૫ |
| ૩ | જુલાઈ થી ઓગષ્ટ-૨૦૦૭ | ૩૧-૦૭-૦૭ | ૪૧.૯૦ | ૨૬-૦૯-૦૭ | ૪૧.૯૦ |
| ૪ | સપ્ટેમ્બર થી ઓક્ટોબર-૨૦૦૭ | ૧૫-૧૦-૦૭ | ૪૧.૯૦ | ૨૯-૧૧-૦૭ | ૪૧.૯૦ |
| ૫ | નવેમ્બર, ડિસેમ્બર-૨૦૦૭ | ૧૦-૦૧-૦૮ | ૪૧.૯૦ | ૧૧-૦૩-૦૮ | ૪૧.૯૦ |
| ૬ | જાન્યુઆરી થી માર્ચ-૨૦૦૮ | ૪-૦૩-૦૮ | ૬૨.૮૩ | ૧૯-૦૩-૦૮ | ૬૨.૮૩ |
| | **કુલ :-** | | **૨૫૧.૩૮** | | **૨૫૧.૩૮** |
| ૭ | એપ્રિલ થી મે-૨૦૦૮ | ૩-૦૫-૦૮ | ૬૨.૮૫ | ૧૫-૧૦-૦૮ | ૬૨.૮૫ |
| ૮ | જુન થી સપ્ટેમ્બર-૨૦૦૮ | ૨૨-૦૭-૦૮ | ૬૨.૮૫ | ૧૫-૧૦-૦૮ | ૬૨.૮૫ |
| ૯ | ઓક્ટોબર થી ડિસેમ્બર-૨૦૦૮ | ૨૦-૧૦-૦૮ | ૬૨.૮૫ | ૨૮-૦૧-૦૯ | ૬૨.૮૫ |
| ૧૦ | જાન્યુઆરી થી ફેબ્રુઆરી-૨૦૦૯ | ૨૬-૦૨-૦૯ | ૪૧.૯૦ | ૧૮-૦૩-૦૯ | ૪૧.૯૦ |
| ૧૧ | માર્ચ-૨૦૦૯ | ૧૦-૦૩-૦૯ | ૨૦.૯૫ | ૨૫-૦૩-૦૯ | ૨૦-૯૫ |
| | **કુલ** | | **૨૫૧.૪૦** | | **૨૫૧.૪૦** |
| ૧૨ | એપ્રિલ થી જુલાઈ-૨૦૦૯ | ૪-૦૫-૦૯ | ૮૩-૭૯ | ૭-૦૮-૦૯ | ૮૩-૭૯ |
| | **એકંદર કુલ** | | **૫૮૬.૫૭** | | **૫૮૬.૫૭** |

------------

## સુરત જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં થયેલ કામ

અતારાંક્તિઃ ૨૦૧૮ (૧૬-૯-૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ સુરત જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૩) આ કામો ક્યાં સુધીમાં પૂરૂ કરવાનું સરકારનું આયોજન છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૩-૧૨-૦૯) :

(૧) સુરત જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના તા. ૧-૪-૦૮ થી અમલમાં આવેલ છે. તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૬૧૮ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ ૫૧૨ કામો પ્રગતિ હેઠળ હતા.

(૩) પ્રગતિ હેઠળના આ કામો તા. ૩૦-૯-૦૯ અંતિત પૂર્ણ થયેલ છે.

## સુરત જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ

અતારાંક્તિઃ૨૦૧૯ (૧૬--૯-૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ, છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા લોકોને રોજગારી આપવામાં આવી, અને-

(૩) તે અંગે તાલુકાવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૩-૧૨-૦૯) :

(૧) ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ, છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં સુરત જિલ્લામાં તાલુકાવાર ૧૨૨૨૫૭ જોબકાર્ડ આપવામાં આવ્યા જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ઈસ્યુ કરેલ જોબકાર્ડ તા. ૧-૭-૦૮ થી તા. ૩૧-૬-૦૯ |
|---|---|
| બારડોલી | ૧૫૮૪૯ |
| ચોર્યાસી | ૨૯૪૩ |
| કામરેજ | ૧૩૪૧૯ |
| મહુવા | ૧૬૧૮૪ |
| માંડવી | ૩૦૨૦૦ |
| માંગરોલ | ૧૩૮૭૪ |
| ઓલપાડ | ૮૮૪૦ |
| પલસાણા | ૬૨૮૫ |
| ઉમરપાડા | ૧૪૯૪૧ |
| **કુલ** | **૧૨૨૨૫૭** |

(૨) તે પેકી તાલુકાવાર નીચેની વિગતે લોકોને રોજગારી આપવામાં આવી.

| તાલુકાનું નામ | રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા તા. ૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ |
|---|---|
| બારડોલી | ૧૮૨૪ |
| ચોર્યાસી | ૨૯૩ |
| કામરેજ | ૯૩૦ |
| મહુવા | ૨૪૨૪ |
| માંડવી | ૧૩૮૦૦ |
| માંગરોલ | ૧૩૯૩ |
| ઓલપાડ | ૮૬૧ |
| પલસાણા | ૭૨૫ |
| ઉમરપાડા | ૬૬૯૩ |
| **કુલ** | **૨૮૯૪૩** |

(૩) તાલુકાવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| તાલુકાનું નામ | તા. ૧-૭-૦૮ થી તા. ૩૧-૬-૦૯ (રૂા. લાખમાં) |
|---|---|
| બારડોલી | ૩૪.૧૨ |
| ચોર્યાસી | ૧.૯૮ |
| કામરેજ | ૧૬.૨૪ |
| મહુવા | ૨૧.૪૮ |
| માંડવી | ૪૫૬.૩૩ |
| માંગરોલ | ૧૯.૧૩ |
| ઓલપાડ | ૨૭.૧૩ |
| પલસાણા | ૭.૦૩ |
| ઉમરપાડા | ૭૨.૩૫ |
| કચેરી ખર્ચ | ૩૦.૯૦ |
| **કુલ** | ૬૮૬.૬૯ |

--------------------

## વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ રોજગારી

અતારાંક્તિ:૨૦૫૪ (૧૬-૧૦-૦૯) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાદીઠ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજના હેઠળ કેટલા માનવદિન રોજગારી આપવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૩-૧૨-૦૯) :

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અત્રેના જીલ્લામાં તા. ૧-૪-૦૭ થી અમલમાં આવેલ છે. ત્યારથી
તા. ૩૦-૬-૦૯ સુધીમાં નીચેની વિગતે તાલુકાવાર માનવદિન રોજગારી આપવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ઉત્પન્ન થયેલ માનવદિન (લાખમાં) | |
|---|---|---|---|
| | | તા. ૧-૭-૦૭ થી તા. ૩૦-૬-૦૮ અંતિત | તા.૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ અંતિત |
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧. | વલસાડ | ૦ | ૦.૨૧ |
| ૨ | પારડી | ૦.૦૨૧ | ૦.૦૫૫ |
| ૩ | ઉમરગામ | ૦ | ૦.૦૧૫ |
| ૪ | ધરમપુર | ૦.૭૨૭ | ૦.૭૬૧ |
| ૫ | કપરાડા | ૦.૫૨૬ | ૦.૮૬૪ |
| | **કુલ** | **૧.૨૭૪** | **૧.૯૦૫** |

(૨) તે અન્વયે રોજગારી પેટે નીચેની વિગતે ખર્ચ થયેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | રોજગારી પેટે થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | | | |
|---|---|---|---|---|---|
| | | તા. ૧-૭-૦૭ થી તા. ૩૦-૬-૦૮ અંતિત | | તા. ૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ અંતિત | |
| | | મજૂરી ખર્ચ | કુલ | મજૂરી ખર્ચ | કુલ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧. | વલસાડ | ૦ | ૪.૦૧૯ | ૧.૩૩ | ૫.૬૯૧ |
| ૨ | પારડી | ૧.૨૨૩ | ૩.૪૬૨ | ૨.૨૮૭ | ૭.૧૦૮ |
| ૩ | ઉમરગામ | ૦ | ૨.૮૪૫ | ૧.૦૬ | ૫.૧૬૫ |
| ૪ | ધરમપુર | ૫૭.૪૪ | ૬૬.૩૨ | ૨૯.૪૩ | ૯૬.૪૨૯ |
| ૫ | કપરાડા | ૭૨.૮૦ | ૮૯.૬૭૧ | ૬૩.૧૬ | ૫૮.૪૫ |
| ૬. | લાઠી | ૦ | ૦ | ૭૪.૨૪ | ૭૯.૧૬ |
| ૭. | કચેરી ખર્ચ | ૦ | ૮.૯૧૭ | ૦ | ૧૪.૩૧ |
| | **કુલ** | **૧૩૧.૪૬૩** | **૧૭૫.૨૫૪** | **૧૭૧.૫૦૭** | **૨૬૬.૩૧** |

---------------------

## દાહોદ જિલ્લામાં મહિલા જૂથોની રચના

અતારાંક્તિ:૨૦૯૭ (૯-૧૦-૦૯)**શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે તા. ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા મહિલા જૂથોની રચના થઈ,

(૨) તે પેકી કેટલા મહિલા જૂથોને આંતરિક ધિરાણ કરેલ છે, અને

(૩) કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિઓ કરે છે?

**માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૨૭-૧૧-૦૯) :

(૧) મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે તા. ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં ૬૦૯૬ મહિલા જૂથોની રચના થયેલ છે.

(૨) તે પેકીના ૪૯૧૨ જૂથોને આંતરિક ધિરાણ કરેલ છે.

(૪) ૧૩૯૬ જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે.

## સોનગઢ અને માંડવી તાલુકામાં હરિયાળી ક્રાંતિ યોજનામાં સમાવેલ ગામ

અતારાંક્તિ:૨૧૬૨(૯-૧૦-૦૯)**શ્રી પ્રભુભાઈ ના. વસાવા(સોનગઢ):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) હરિયાળી ક્રાંતિ યોજના હેઠળ તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સોનગઢ અને માંડવી તાલુકાના ક્યા ક્યા ગામોને આવરી લીધા છે,

(૨) તે પેકી દરેક ગામે મંજૂર કરેલ કામો પુર્ણ થયેલ છે કે કેમ, અને

(૩) જો ના, તો બાકીના કામો ક્યારે પુર્ણ કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૩-૧૨-૦૯) :

(૧) હરિયાળી યોજના હેઠળ તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સોનગઢ અને માંડવી તાલુકામાં કોઈ નવા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------------

**સોનગઢ અને માંડવી તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં આપેલ રોજગારી**

અતારાંક્તિ : ૨૧૬૫ (૯-૧૦-૦૯) **શ્રી પ્રભુભાઈ ના. વસાવા(સોનગઢ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં સોનગઢ અને માંડવી તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજના અન્વયે કેટલા માનવદિનની રોજગારી આપવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૩-૧૨-૦૯) :

(૧) સુરત અને તાપી જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના તા. ૧-૪-૦૮ થી અમલમાં આવેલ છે.
તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ માનવદિનની રોજગારી અંગેની વિગત નીચે મુજબ છે.

| છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ માનવદિનની રોજગારી અંગેની વિગત (રકમ રૂા. લાખમાં) | | |
|---|---|---|
| **જીલ્લા /તાલુકાનું નામ** | **તા. ૧-૭-૦૭ થી તા. ૩૦-૬-૦૮ અંતિત** | **તા. ૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ અંતિત** |
| સોનગઢ (તાપી) | ૦.૨૬૬ | ૩.૮૯૬ |
| માંડવી (સુરત) | ૦ | ૩.૪૫૯ |

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો?

| છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચ અંગેની વિગત (રકમ રૂા. લાખમાં) | | |
|---|---|---|
| **જીલ્લા /તાલુકાનું નામ** | **તા. ૧-૭-૦૭ થી તા. ૩૦-૬-૦૮ અંતિત** | **તા. ૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ અંતિત** |
| સોનગઢ (તાપી) | ૪૪.૬૬ | ૩૫૭.૪૫ |
| માંડવી (સુરત) | ૭.૪૪ | ૪૫૬.૩૩ |

---------------------

**સોનગઢ અને માંડવી તાલુકામાં સખી મંડળોની રચના**

અતારાંક્તિ:૨૧૬૬ (૯-૧૦-૦૯)**શ્રી પ્રભુભાઈ ના. વસાવા(સોનગઢ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં સોનગઢ અને માંડવી તાલુકામાં કેટલા સખી મંડળોની રચના કરવામાં આવી, અને

(૨) આ સખી મંડળોને સરકાર દ્વારા શું શું સવલતો આપવામાં આવે છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૨૭-૧૧-૦૯) :

| **વર્ષ** | **સોનગઢ** | **માંડવી** |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ (જુન-૦૮) | ૫૩૨ | ૨૮૦ |
| ૨૦૦૮-૦૯ (જુન-૦૯) | ૧૬૪ | ૩૬૧ |
| **કુલ** | **૬૯૬** | **૬૪૧** |

(૨) સખી મંડળોની રચનાના ૬ માસ પૂર્ણ થતાં બેંક દ્વારા ગ્રેડીંગ કરાવવામાં આવે છે. ગ્રેડીંગ પાસ થયેલ સખી મંડળોને મંડળ દીઠ રૂા. ૫૦૦૦/-રિવોલ્વીંગ ફંડ આપવામાં આવે છે અને ત્યારબાદ આ સખી મંડળોનું બેંક સાથે જોડાણ કરવામાં આવે છે જેમાં સખી મંડળોને બચત + રિવોલ્વીંગ ફંડના ચાર ગણા કે ઓછામાં ઓછા રૂા. ૧૫,૦૦૦/- થી ૨૦,૦૦૦/-કેશ ક્રેડિટના સ્વરૂપમાં આપવામાં આવે છે.

---------------------

## સોનગઢ અને માંડવી તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં પૂર્ણ થયેલ કામ

અતારાંક્તિ:૨૧૬૭(૯-૧૦-૦૯)**શ્રી પ્રભુભાઈ ના. વસાવા(સોનગઢ):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ સોનગઢ અને માંડવી તાલુકામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૩) આ કામો ક્યાં સુધીમાં પૂરા કરવામાં આવશે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૩-૧૨-૦૯) :

(૧) સુરત અને તાપી જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના તા. ૧-૪-૦૮ થી અમલમાં આવેલ છે.
તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પૂર્ણ કરવામાં આવેલ કામની વિગત નીચે મુજબ છે.

| છેલ્લા ત્રણ વર્ષમાં પૂર્ણ કરવામાં આવેલ કામોની વિગત | | | |
|---|---|---|---|
| **જીલ્લા/તાલુકાનું નામ** | **તા. ૧-૭-૦૬ થી તા. ૩૦-૬-૦૭ અંતિત** | **તા. ૧-૭-૦૭ થી તા. ૩૦-૬-૦૮ અંતિત** | **તા. ૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ અંતિત** |
| સોનગઢ (તાપી) | -- | -- | ૧૦૪ |
| માંડવી (સુરત) | -- | ૧૨૨ | ૬૦૦ |

(૨)

| છેલ્લા ત્રણ વર્ષમાં પ્રગતિ હેઠળના કામોની વિગત | | | |
|---|---|---|---|
| **જીલ્લા/તાલુકાનું નામ** | **તા. ૧-૭-૦૬ થી તા. ૩૦-૬-૦૭ અંતિત** | **તા. ૧-૭-૦૭ થી તા. ૩૦-૬-૦૮ અંતિત** | **તા. ૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ અંતિત** |
| સોનગઢ (તાપી) | -- | ૧૪૦ | ૩૧૫ |
| માંડવી (સુરત) | -- | -- | ૧૮૯ |

(૩) આ કામો તાપી જીલ્લાના સોનગઢ તાલુકામાં પ્રગતિ હેઠળના કામો જુલાઈ-૦૯ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે સુરત જીલ્લાના માંડવી તાલુકામાં પ્રગતિ હેઠળના કામો ઓગસ્ટ-૦૯ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ છે.

---------------------

## સોનગઢ અને માંડવી તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ આપેલ જોબકાર્ડ

અતારાંક્તિ:૨૧૬૮ (૯-૧૦-૨૦૦૯) **શ્રી પ્રભુભાઈ ના. વસાવા(સોનગઢ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજના હેઠળ સોનગઢ અને માંડવી તાલુકામાં કેટલા જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા લોકોને રોજગારી આપવામાં આવી, અને

(૩) તે અંગે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૩-૧૨-૦૯) :

(૧) સુરત અને તાપી જીલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના તા. ૧-૪-૦૮થી અમલમાં આવેલ છે.
તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ જોબકાર્ડ અંગેની વિગત નીચે મુજબ છે.

(૨)

| છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ જોબકાર્ડ અંગેની વિગત | | |
|---|---|---|
| જીલ્લા/તાલુકાનું નામ | તા. ૧-૭-૦૭ થી તા. ૩૦-૬-૦૮ અંતિત | તા. ૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ અંતિત |
| સોનગઢ (તાપી) | ૨૦૪૧ | ૨૪૮૧૫ |
| માંડવી (સુરત) | ૬૦૦ | ૩૦૨૦૦ |

(૨) તે પેકી રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા નીચે મુજબ છે.

| છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ રોજગારી અંગેની વિગત | | |
|---|---|---|
| જીલ્લા/તાલુકાનું નામ | તા. ૧-૭-૦૭ થી તા. ૩૦-૬-૦૮ અંતિત | તા. ૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ અંતિત |
| સોનગઢ (તાપી) | ૩૫૯૦ | ૨૮૨૮૬ |
| માંડવી (સુરત) | -- | ૧૩૮૦૦ |

(૩) તે અંગે વર્ષવાર કરવામાં આવેલ ખર્ચ અંગેની વિગતો નીચે મુજબ છે.

| છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ ખર્ચ અંગેની વિગત | | |
|---|---|---|
| જીલ્લા/તાલુકાનું નામ | તા. ૧-૭-૦૭ થી તા. ૩૦-૬-૦૮ અંતિત | તા. ૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ અંતિત |
| સોનગઢ (તાપી) | ૪૮.૬૬ | ૩૫૭.૪૫ |
| માંડવી (સુરત) | ૭.૪૪ | ૪૫૬.૩૩ |

------------

## ખેડા જિલ્લામાં સખી મંડળોની રચના કરવા બાબત

અતારાંક્તિ:૨૧૮૫ (૯-૧૦-૨૦૦૯) **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જીલ્લામાં કેટલા સખી મંડળોની રચના કરવામાં આવી, અને

(૨) આ સખી મંડળોને સરકાર ધ્વારા શું શું સવલતો આપવામાં આવે છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૩-૧૨-૨૦૦૯) :

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જીલ્લામાં ૬૨૭૮ સખી મંડળોની રચના કરવામાં આવેલ છે.

(૨) સરકાર ધ્વારા સખી મંડળોને તેઓના હિસાબો નિભાવવા માટે હિસાબી રજીસ્ટ્રર, ઠરાવ તથા માસિક મીટીંગ બોલાવવા માટે મીટીંગ રજીસ્ટ્રર તેમજ સભ્યની બચત માટે વ્યક્તિગત પાસબુક આપવામાં આવે છે તથા રચાયેલ સખી મંડળો મંડળો પેકી છ માસ થયેલ સખી મંડળોને બેન્ક દ્વારા ગ્રેડીંગ કરાવી ગ્રેડીંગમાં પાસ થનાર સખી મંડળોને મંડળ દીઠ રૂા. ૫૦૦૦/-નું રીવોલ્વીંગ ફંડ ચુકવવામાં આવે છે.

## ખેડા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ આપવા બાબત

અતારાંક્તિ:૨૧૮૬ (૯-૧૦-૨૦૦૯)**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કેટલા જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા લોકોને રોજગારી આપવામાં આવી, અને

(૩) આની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૩-૧૨-૨૦૦૯) :

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ ૧,૪૦,૦૩૫ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે.

(૨) તે પેકી ૩૭,૮૧૧ કુટુંબોની રોજગારીની માંગની મળી જેમાંથી ૩૭,૮૧૧ કુટુંબોને રોજગારી આપવામાં આવી.

(૩) તેની પાછળ કુલ રૂા. ૩૮૪.૬૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**રાજકોટ જિલ્લામાં રેકર્ડ વર્ગીકરણની કામગીરી**

અતારાંકિતઃ૨૨૨૨ (૧૨-૧૦-૨૦૦૯)**શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જિલ્લામાં રેકર્ડ વર્ગીકરણની કામગીરી સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે, અને

(૨) જો હા, તો તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ કેટલી કામગીરી થયેલ છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧-૧૨-૨૦૦૯) :

(૧) હા, જી.

(૨) રાજકોટ જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ કલેકટર કચેરીની તાબાની પ્રાંત કચેરીઓ, મામલતદાર કચેરીઓની મળીને કુલ ૨,૯૩,૧૩૨ ફાઈલોનું રેકર્ડ વર્ગીકરણ કરવામાં આવેલ છે.

------------

**કેન્દ્ર સરકાર દ્વારા યોજના હેઠળ માર્ગ અને મકાન વિભાગને ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંકિત : ૧૬૭૧ (૩૦-૯-૨૦૦૯) **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૦૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માર્ગ અને મકાન વિભાગને કેન્દ્ર સરકાર દ્વારા કઈ કઈ યોજના તળે કેટલા રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ તમામ ગ્રાન્ટની કેટલી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૩-૧૨-૨૦૦૯) :

(૧) તા. ૩૧-૦૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કુલ રૂા. ૧૧૪૧.૧૨ કરોડની ગ્રાન્ટ ફાળવેલ છે.

| અ. નં. | યોજનાનું નામ | તા. ૩૧-૦૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માર્ગ અને મકાન વિભાગને કેન્દ્ર સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (પી.એમ.જી.એસ.વાય.) | ૪૫૯.૪૮ |
| ૨ | સી. આર. એફ. | ૧૬૯.૪૧ |
| ૩ | આર્થિક અગત્યતા (ઈ. આઈ.) | ૪.૬૮ |
| ૪ | આંતરરાજ્ય રસ્તા (આઈ.એસ.સી.) | ૯.૦૫ |
| ૫ | બારમું નાણા પંચ-રસ્તા | ૪૪૭.૬૦ |
| ૬ | બારમું નાણા પંચ-આવાસન | ૫૦.૯૦ |
| | **કુલ :** | **૧૧૪૧.૧૨** |

(૨) ઉક્ત સ્થિતિએ તમામ ગ્રાન્ટમાંથી નીચે મુજબ કુલ રૂા. ૧૧૬૪.૮૨ કરોડ ખર્ચ થયેલ છે.

| અ. નં. | યોજનાનું નામ | તા. ૩૧-૦૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માર્ગ અને મકાન વિભાગને કેન્દ્ર સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટની કામગીરી (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (પી.એમ.જી.એસ.વાય.) | ૪૩૨.૧૨ |
| ૨ | સી. આર. એફ. | ૧૬૨.૫૦ |

| | | |
|---|---|---|
| ૩ | આર્થિક અગત્યતા (ઈ. આઈ.) | ૪.૧૮ |
| ૪ | આંતર રાજ્ય રસ્તા (આઈ.એસ.સી.) | ૯.૨૪ |
| ૫ | બારમું નાણા પંચ-રસ્તા | ૪૪૭.૬૦ |
| ૬ | બારમું નાણા પંચ-આવાસન | ૧૦૯.૧૮ |
| | **કુલ :** | **૧૧૬૪.૮૨** |

------------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગમાં કન્ડમ થયેલ વાહનો**

અતારાંક્તિઃ૧૭૦૮ (૧૬-૯-૨૦૦૯) **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) મહેસાણા અને પાટણ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ અને પંચાયત) માં કન્ડમ થયેલા હરાજી પાત્ર વાહનોનો કેટલા વર્ષોથી ભરાવો થયેલ છે, અને

(૨) આ અંગે સરકાર હરાજી કરવા માંગે છે કે કેમ અને જો હા તો ક્યારે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૩૦-૧૧-૨૦૦૯) :

(૧) ડિસેમ્બર-૨૦૦૭ થી ફેબ્રુઆરી-૨૦૦૮

(૨) હા, જી. જાહેર હરાજી કરવામાં આવેલ છે. નિકાલની આગળની કાર્યવાહી ડિસેમ્બર-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**દાહોદ જિલ્લામાં સંકટ મોચન યોજના અન્વયે ચૂકવેલ સહાય**

અતારાંક્તિઃ ૨૧૦૪ (૮-૧૦-૨૦૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં સંકટ મોચન યોજના અંતર્ગત તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ વર્ષવાર મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૭-૧૧-૨૦૦૯) :

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ૩૭૫ અરજીઓ મળી.

વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ૧૭૧

વર્ષ-૨૦૦૮-૨૦૦૯ ૨૦૪

(૨) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ૫૮ વર્ષ-૨૦૦૮-૨૦૦૯-૮૭

(૩) રૂા. ૧૪.૫૦ લાખ.

**દાહોદ જિલ્લામાં વય વંદના યોજના હેઠળ મળેલ અરજીઓ**

અતારાંક્તિઃ ૨૧૧૦(૮-૧૦-૨૦૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ વર્ષમાં તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ વયવંદના યોજના હેઠળ નિરાધાર વૃધ્ધોને સહાય અંગે કેટલી અરજીઓ આવી

(૨) તે પૈકી કેટલી મંજૂર કરી અને કેટલી ના મંજૂર કરી, અને

(૩) અરજીઓ ના મંજૂર કરવાના કારણો શાં છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૭-૧૧-૨૦૦૯) :

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ નીચે મુજબની માહિતી છે.

(૨)

| અ. નં. | તાલુકાનું નામ | સને ૨૦૦૮-૦૯માં મળેલ અરજીઓ | સને ૨૦૦૯-૧૦માં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ મળેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૩૦૫૨ | ૧૩૮ |
| ૨ | ઝાલોદ | ૨૭૭૦ | ૧૧૧ |
| ૩ | ગરબાડા | ૩૪૧૮ | ૧૬૮ |
| ૪ | ફતેપુરા | ૪૮૬૪ | ૧૪૪ |
| ૫ | દેવગઢ બારીયા | ૬૮૦ | ૩૧૨ |
| ૬ | લીમખેડા | ૯૩૬ | ૭૧૦ |
| ૭ | ધાનપુર | ૪૪૪ | ૬૬ |
| | **કુલ :** | **૧૬૧૬૪** | **૧૬૪૯** |

(૨) આવેલ અરજીઓ પૈકી મંજૂર અને નામંજૂર અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | સને ૨૦૦૮-૦૯માં | | સને ૨૦૦૯-૧૦માં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ | | કુલ મંજૂર | કુલ ના મંજૂર |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | ના મંજૂર | મંજૂર | ના મંજૂર | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | દાહોદ | ૨૫૬ | ૧૨૭૦ | ૧૭૬ | ૪૫૦ | ૪૩૨ | ૧૭૨૦ |
| ૨ | ઝાલોદ | ૧૧૫૬ | ૨૨૯ | ૨૬૯ | ૨૬૦ | ૧૪૨૫ | ૪૮૯ |
| ૩ | ગરબાડા | ૩૬૪ | ૧૩૪૫ | ૪૨૮ | ૫૩૦ | ૭૯૨ | ૧૮૭૫ |
| ૪ | ફતેપુરા | ૧૪૧૪ | ૧૦૧૮ | ૭૦૦ | ૮૨૧ | ૨૧૧૪ | ૧૮૩૯ |
| ૫ | દેવગઢ બારીયા | ૬૧૫ | ૬૫ | ૨૯૧ | ૨૧ | ૯૦૬ | ૮૬ |
| ૬ | લીમખેડા | ૫૯૩ | ૧૦૭ | ૭૫૭ | ૧૮૯ | ૧૩૫૦ | ૨૯૬ |
| ૭ | ધાનપુર | ૩૬૨ | ૮૨ | ૬૪ | ૦૨ | ૪૨૬ | ૮૯ |
| | કુલ : | ૪૭૬૦ | ૪૧૧૬ | ૨૬૮૫ | ૨૨૭૩ | ૭૪૪૫ | ૬૩૮૯ |

(૩) (૧) બી. પી. એલ યાદીમાં સમાવેશ ન થવાથી.

(૨) અરજી સમય મર્યાદામાં રજૂ ન કેરલ હોવાથી.

**દાહોદ જિલ્લામાં ઝુંપડપટ્ટીમાં વસતાં ગરીબી રેખા હેઠળના લોકોના ઘરોનું વિજળીકરણ**

અતારાંક્તિ:૧૮૦૯ (૧૬-૯-૨૦૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ઝુંપડપટ્ટીમાં વસતા ગરીબી રેખા હેઠળના લોકોને ઘરેલું વીજળીકરણ માટે સરકારે કોઈ આયોજન કરેલું છે કે કેમ,

(૨) જો હા તો વર્ષ-૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૭-૨૦૦૯ સુધીમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને

(૩) તેમાં કેટલો ખર્ચ થયેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** (૨૪-૧૧-૨૦૦૯) :

(૧) હા. જી. ઝુંપડપટ્ટીમાં વસતા ગરીબી રેખા હેઠળના લોકોને વીજળીકરણનો લાભ આપવા માટે રાજ્ય સરકારની ઝુંપડા વીજળી કરણ યોજના તથા કુટિર જ્યોતિ યોજના (આદિજાતિ વિસ્તારો માટે) અમલમાં છે.

(૨) અને (૩)

વર્ષ-૨૦૦૮-૦૯માં અને ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૭-૨૦૦૯ સુધીમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર આપવામાં આવેલ જોડાણ અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૮-૦૯માં કુટિરજ્યોતિ યોજના હેઠળ આપવામાં આવેલ વીજ જોડાણ | | વર્ષ ૨૦૦૮-૦૯માં ઝુંપ.ડા વીજળીકરણ યોજના હેઠળ આપવામાં આવેલ વીજ જોડાણ | | વર્ષ ૨૦૦૯-૧૦માં કુટિરજ્યોતિ યોજના હેઠળ તા. ૩૧-૭-૦૯ સુધીમાં આપવામાં આવેલ વીજ જોડાણ | | વર્ષ ૨૦૦૯-૧૦માં ઝુંપ.ડા વીજળીકરણ યોજના હેઠળ તારીખ ૩૧-૭-૦૯ સુધીમાં આપવામાં આવેલ વીજ જોડાણ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | વીજ જોડાણ | ખર્ચ રૂ. લાખમાં | વીજ જોડાણ | ખર્ચ રૂ. લાખમાં | વીજ જોડાણ | ખર્ચ રૂ. લાખમાં | વીજ જોડાણ | ખર્ચ રૂ. લાખમાં |
| દેવગઢબારિયા | ૨૭૧૫ | ૫૯.૯૨ | ૦ | ૦ | ૬૦૦ | ૧૩.૩૨ | ૭૫ | ૭.૦૫ |
| દાહોદ | ૨૩૩૨ | ૫૧.૩૦ | ૨૦ | ૦.૩૭ | ૩૦૦ | ૬.૫૮ | ૨૫૧ | ૬.૭૪ |
| લીમખેડા | ૨૫૨૫ | ૭૬.૫૩ | ૮૦ | ૧.૪૮ | ૩૦૯ | ૬.૭૯ | ૦ | ૦ |
| ઝાલોદ | ૨૫૪૪ | ૫૫.૯૭ | ૨૩૪ | ૨૧.૬૭ | ૩૦૦ | ૬.૫ | ૦ | ૦ |
| ગરબાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ધાનપુર | ૨૬૪૮ | ૬૧.૩૫ | ૦ | ૦ | ૧૦૦ | ૨.૨ | ૦ | ૦ |
| ફતેપુરા | ૬૬૮૮ | ૨૧૮.૮૩ | ૫૦૦ | ૧૧.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ :** | **૧૯૪૫૨** | **૫૨૩.૯૦** | **૮૩૪** | **૩૪.૫૨** | **૧૬૦૯** | **૩૫.૩૯** | **૩૨૬** | **૧૩.૭૯** |

## ઝુંપડપટ્ટીમાં વસતાં લોકોના રહેણાંકનું વીજળીકરણ

અતારાંક્તિ: ૨૦૦૨ (૧૫-૯-૨૦૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) ઝૂંપડપટ્ટીમાં વસતા ગરીબી રેખા હેઠળનાં લોકોને રહેણાંકોનું વીજળીકરણ કરવા માટે સરકારે કોઈ યોજના અમલમાં મૂકેલ છે કે કેમ,

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૭-૦૯ સુધીમાં સુરત જિલ્લાના તાલુકાવાર કેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ વીજ જોડાણો આપવામાં આવ્યા છે, અને

(૩) તેમાં કેટલો ખર્ચ થયો ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) (૨૪-૧૧-૦૯) :

(૧) હા, જી, રાજ્યના ગરીબી રેખા નીચે ઝુંપડપટ્ટીમાં વસતા લોકોને વીજળીકરણનો લાભ આપવા માટે રાજ્ય સરકારની ઝુંપડા વીજળીકરણ યોજના અને કુટિર જ્યોતિ યોજના (આદિજાતિ વિસ્તારો માટે) અમલી છે.

(૩) અને (૩) : વર્ષ ૨૦૦૮-૦૯માં અને ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૭-૦૯ સુધીમાં સુરત જિલ્લાના તાલુકાવાર ઝુંપડાવીજળીકરણ યોજના અને કુટિર જ્યોતિ યોજના હેઠળ આપવામાં આવેલ જોડાણ અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૮-૦૯માં કુટિર જ્યોતિ યોજના હેઠળ આપવામાં આવેલ વીજ જોડાણ | | વર્ષ ૨૦૦૮-૦૯માં ઝુંપડાવીજળીકરણ યોજના હેઠળ આપવામાં આવેલ વીજ જોડાણ | | વર્ષ ૨૦૦૯-૧૦માં કુટિર જ્યોતિ યોજના હેઠળ તા. ૩૧-૭-૦૯ સુધીમાં આપવામાં આવેલ વીજ જોડાણ | | વર્ષ ૨૦૦૯-૧૦માં ઝુંપડાવીજળીકરણ યોજના હેઠળ તારીખ ૩૧-૭-૦૯ સુધીમાં આપવામાં આવેલ વીજ જોડાણ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | વીજ જોડાણ | ખર્ચ રૂા. (લાખમાં) | વીજ જોડાણ | ખર્ચ રૂા. (લાખમાં) | વીજ જોડાણ | ખર્ચ રૂા. (લાખમાં) | વીજ જોડાણ | ખર્ચ રૂા. (લાખમાં) |
| બારડોલી | ૨૧૫૨ | ૪૭.૩૪ | ૫ | ૦.૦૯૨૫ | ૭૯ | ૧.૭૪ | ૦ | ૦ |
| મહુવા | ૪૯૬ | ૧૦.૯૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૮-૦૯માં કુટિર જ્યોતિ યોજના હેઠળ આપવામાં આવેલ વીજ જોડાણ | | વર્ષ ૨૦૦૮-૦૯માં ઝુંપડાવીજળીકરણ યોજના હેઠળ આપવામાં આવેલ વીજ જોડાણ | | વર્ષ ૨૦૦૯-૧૦માં કુટિર જ્યોતિ યોજના હેઠળ તા. ૩૧-૭-૦૯ સુધીમાં આપવામાં આવેલ વીજ જોડાણ | | વર્ષ ૨૦૦૯-૧૦માં ઝુંપડાવીજળીકરણ યોજના હેઠળ તારીખ ૩૧-૭-૦૯ સુધીમાં આપવામાં આવેલ વીજ જોડાણ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | વીજ જોડાણ | ખર્ચ રૂા. (લાખમાં) | વીજ જોડાણ | ખર્ચ રૂા. (લાખમાં) | વીજ જોડાણ | ખર્ચ રૂા. (લાખમાં) | વીજ જોડાણ | ખર્ચ રૂા. (લાખમાં) |
| કામરેજ | ૪૯૬ | ૧૦.૯૧ | ૦ | ૦ | ૬૭ | ૧.૪૭ | ૦ | ૦ |
| પલસાણા | ૩૦૪ | ૬.૬૯ | ૩૩ | ૦.૭૨૬ | ૧૫ | ૦.૩૩ | ૦ | ૦ |
| માંડવી | ૩૭૧ | ૮.૧૬ | ૦ | ૦ | ૩૨૦૦ | ૭૦.૪૦ | ૦ | ૦ |
| ઓલપાડ | ૧૪૨ | ૩.૧૨ | ૧૯૬ | ૩.૬૭૮૫ | ૫ | ૦.૧૧ | ૦ | ૦ |
| ચોર્યાસી | ૦ | ૦ | ૧૯૪ | ૩.૫૮૯ | ૪૦ | ૦.૮૮ | ૦ | ૦ |
| માંગરોળ | ૧૧૦૦ | ૨૨.૯૧ | ૧૫૫ | ૩.૪૫૧ | ૩૯ | ૦.૮૬ | ૧૩ | ૦.૨૮૬ |
| ઉમરપાડા | ૨૭૫૨ | ૫૪.૮૪ | ૦ | ૦ | ૧૮૦ | ૩.૯૬ | ૦ | ૦ |
| સુરત મહાનગરપાલિકા | - | - | ૧૪૨ | ૧.૬૫૪૩૦ | - | - | - | - |
| કુલ | ૭૮૧૩ | ૧૬૪.૮૮ | ૭૨૫ | ૧૩.૧૯૧૩ | ૩૬૨૫ | ૭૯.૭૫ | ૧૩ | ૦.૨૮૬ |

------------

## ઝૂંપડપટ્ટીમાં વસતા ગરીબી રેખા હેઠળનાં લોકોને ઘરેલું વીજળીકરણ યોજના

અતારાંક્તિઃ ૨૦૭૭ (૮-૧૦-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીમડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) ઝૂંપડપટ્ટીમાં વસતા ગરીબી રેખા હેઠળના લોકોને ઘરેલું વીજળીકરણ માટે સરકારે કોઈ યોજના અમલમાં મૂકેલ છે કે કેમ,

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૮-૦૯માં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૩) તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** (૨૪-૧૧-૦૯) :

(૧) હા, જી રાજ્યના ગરીબી રેખા નીચે ઝૂંપડપટ્ટીમાં વસતા લોકોને વીજળીકરણનો લાભ આપવા માટે રાજ્ય સરકારની ઝુંપડા વીજળીકરણ યોજના અને કુટિર જ્યોતિ યોજના (આદિજાતિ વિસ્તારો માટે) અમલી છે.

(૨) અને (૩) : વર્ષ ૨૦૦૮-૦૯માં દાહોદ જિલ્લામાં તાલુકાવાર ઝુંપડા વીજળીકરણ યોજના અને કુટિર જ્યોતિ યોજના હેઠળ આપવામાં આવેલ જોડાણ અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | કુટિર જ્યોતિ યોજના | | ઝુંપડા વીજળીકરણ યોજના | |
|---|---|---|---|---|
| | વીજ જોડાણ | ખર્ચ રૂા. (લાખમાં) | વીજ જોડાણ | ખર્ચ રૂા. (લાખમાં) |
| દેવગઢ બારીયા | ૨૭૧૫ | ૫૯.૯૨ | ૦ | ૦ |
| દાહોદ | ૨૩૩૨ | ૫૧.૩૦ | ૨૦ | ૦.૩૭ |
| લીમખેડા | ૨૫૨૫ | ૭૬.૫૩ | ૮૦ | ૧.૪૮ |
| ઝાલોદ | ૨૫૪૪ | ૫૫.૯૭ | ૨૩૪ | ૨૧.૬૭ |
| ગરબાડા | ૦ | ૦ | ૦ | ૦ |
| ધાનપુર | ૨૬૪૮ | ૬૧.૩૫ | ૦ | ૦ |
| ફતેપુરા | ૬૬૮૮ | ૨૧૮.૮૩ | ૫૦૦ | ૧૧.૦૦ |
| કુલ | ૧૯૪૫૨ | ૫૨૩.૯૦ | ૮૩૪ | ૩૪.૫૨ |

------------

## ભરૂચ જિલ્લામાં નિરાધાર વિધવા મહિલાઓને બંધ કરવામાં આવેલ સહાય

અતારાંક્તિ:૧૭૨૯ (૯-૯-૦૯) **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવાર કેટલી સહાય ચૂકવવામાં આવી,

(૨) કેટલી નિરાધાર બહેનોને આ સહાય બંધ કરવામાં આવી, અને

(૩) તેનાં કારણો શાં છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૩૦-૧૧-૦૯) :

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવાર નીચે પ્રમાણે સહાય ચૂકવવામાં આવેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ચૂકવેલ સહાય (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૩૨.૨૪ |
| ૨ | જંબુસર | ૪૯.૫૯ |
| ૩ | આમોદ | ૨૬.૧૪ |
| ૪ | વાગરા | ૯.૮૬ |
| ૫ | અંકલેશ્વર | ૬૧.૩૩ |
| ૬ | હાંસોટ | ૨૫.૬૬ |
| ૭ | વાલીયા | ૩૦.૭૪ |
| ૮ | ઝગડીયા | ૧૪.૨૧ |
| | **કુલ :-** | **૩૪૯.૭૭** |

(૨) કુલ ૮૦ નિરાધાર બહેનોને આ સહાય બંધ કરવામાં આવી છે. અને

(૩) તેના કારણો નીચે પ્રમાણે છે.

સહાય બંધ થવાના કારણો નીચે મુજબ છે.

૧. ૬૦ વર્ષની ઉંમર થતાં

૨. પુત્ર ૨૧ વર્ષનો થતાં

૩. લાભાર્થીનું અવસાન થતાં

૪. લાંબા સમયગાળા સુધી બહારગામ જવાથી.

## ભરૂચ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

અતારાંક્તિ : ૧૭૩૦ (૧૬-૯-૦૯) **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પેકી કેટલી મંજૂર થઈ, અને

(૩) કેટલી મંજૂર કરવાની બાકી છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૩૦-૧૧-૦૯) :

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ ૬૦૩ અરજીઓ મળી છે.

(૨) આવેલ અરજીઓ પેકી ૩૭૩ અરજીઓ મંજૂર થઈ છે. અને

(૩) આવેલ અરજીઓ પેકી ૧૮૮ અરજીઓ નામંજૂર થયેલ છે. જ્યારે બાકીની ૪૨ અરજીઓની ચકાસણી કરી, મંજૂર/નામંજૂર અંગે નિર્ણય લેવામાં આવશે.

## સુરત જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

અતારાંક્તિ : ૧૯૬૯ (૯-૯-૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૨) મળેલ અરજીઓ પેકી કેટલી મંજૂર થઈ, અને

(૩) કેટલી મંજૂર કરવાની બાકી છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૩૦-૧૧-૦૯) :

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ ૨૨૬૬ અરજીઓ મળી છે.

(૨) આવેલ અરજીઓ પેકી ૧૮૦૮ અરજીઓ મંજૂર થઈ છે, અને

(૩) આવેલ અરજીઓ પેકી ૨૫૫ અરજીઓ નામંજૂર થયેલ છે. જ્યારે બાકીની ૨૦૩ અરજીઓની ચકાસણી કરી, મંજૂર/નામંજૂર અંગે નિર્ણય લેવામાં આવશે.

## સુરત જિલ્લામાં વિધવા સહાય યોજના બંધ કરવા અંગે

અતારાંક્તિ : ૧૯૭૦ (૧૬-૯-૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવર કેટલી સહાય ચૂકવવામાં આવી,

(૨) કેટલી નિરાધાર બહેનોને આ સહાય બંધ કરવામાં આવી, અને

(૩) તેનાં કારણો શાં છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૩૦-૧૧-૦૯) :

(૧) તા. ૩૦-૬-૦૯ સુધીમાં નીચે મુજબ તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં વિધવા સહાય ચૂકવવામાં આવેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ચૂકવેલ સહાય (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | સુરત સીટી | ૫૯૪.૪૭ |
| ૨ | ચોર્યાસી | ૭૮૬.૯૪ |
| ૩ | ઓલપાડ | ૧૬૫.૦૫ |
| ૪ | માંડવી | ૧૧૨.૧૯ |
| ૫ | માંગરોળ | ૯૯.૯૪ |
| ૬ | ઉમરપાડા | ૧૮.૯૭ |
| ૭ | બારડોલી | ૧૩૨.૩૭ |
| ૮ | પલસાણા | ૭૮.૩૧ |
| ૯ | કામરેજ | ૬૬.૫૪ |
| ૧૦ | મહુવા | ૧૦૭.૪૦ |
| | **કુલ :-** | **૨૧૬૨.૧૮** |

(૨) ૭૭૦ બહેનો.

(૩) સહાય બંધ થવાના કારણો નીચે મુજબ છે.

૧. ૬૦ વર્ષની ઉંમર થતાં.

૨. પુત્ર ૨૧ વર્ષનો થતાં.

૩. લાભાર્થીનું અવસાન થતાં.

૪. લાભાર્થીએ પુનઃલગ્ન કરતાં.

૫. આવક વધવાથી.

૬. જીલ્લા ફેર થતાં.

**વનબંધુ કલ્યાણ યોજનામાં ગ્રાન્ટ**

અતારાંક્તિ : ૧૬૭૩ (૬-૭-૦૯) **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ માં વનબંધુ કલ્યાણ યોજનાના પેકેજ માટે વર્ષવાર કેટલા રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી,

(૨) તે પૈકી તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ વર્ષવાર કેટલા રૂપિયાનો ખર્ચ થયો, અને

(૩) કેટલી ગ્રાંટ વણવપરાયેલ રહી ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૨-૧૨-૦૯) :

(૧) વનબંધુ કલ્યાણ યોજનાના પેકેજ માટે વર્ષ ૨૦૦૭-૦૮ માં રૂપિયા ૨૩૩૫.૩૬ કરોડની જોગવાઈ અને વર્ષ ૨૦૦૮-૦૯ માં રૂપિયા ૨૯૩૩.૭૭ કરોડની જોગવાઈ કરવામાં આવેલ હતી.

(૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૭-૦૮ માં રૂપિયા ૨૩૦૫.૩૯ કરોડ અને વર્ષ ૨૦૦૮-૦૯ માં રૂપિયા ૨૭૦૩.૫૧ કરોડનો ખર્ચ થયો હતો.

(૩) વર્ષ ૨૦૦૭-૦૮ માં રૂપિયા ૨૦.૩૧ કરોડની ગ્રાંટ અને વર્ષ ૨૦૦૮-૦૯માં રૂપિયા ૧૫૯.૨૨ કરોડની ગ્રાંટ વણવપરાયેલ રહી હતી.

**અતારાંક્તિ યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૮૭૦ | ૧ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૧૯૦૬ | ૧ |
| ૩ | નાણા વિભાગ | ૧૯૩૫, ૨૧૦૫ | ૨ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૯૩૬, ૨૨૧૭ | ૨ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૧૭૫૭ | ૧ |
| ૬ | ગૃહ વિભાગ | ૨૨૬૨ | ૧ |
| ૭ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૯૦૩, ૧૯૦૪, ૨૦૪૯, ૨૧૧૭, ૨૧૧૮, ૨૧૫૨, ૨૧૮૧, ૨૧૮૨, ૨૨૭૭, ૨૨૭૯, ૨૩૦૬, ૨૩૦૭ | ૧૨ |
| ૮ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૭૭૬, ૧૭૭૮, ૧૮૧૯, ૧૮૨૦, ૧૮૩૨, ૧૯૪૪, ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૫૪, ૨૦૯૭, ૨૧૬૨, ૨૧૬૫, ૨૧૬૬, ૨૧૬૭, ૨૧૬૮, ૨૧૮૫, ૨૧૮૬ | ૧૭ |
| ૯ | મહેસૂલ વિભાગ | ૨૨૨૨ | ૧ |
| ૧૦ | માર્ગ અને મકાન વિભાગ | ૧૬૭૧, ૧૭૦૮ | ૨ |
| ૧૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૨૧૦૪, ૨૧૧૦ | ૨ |
| ૧૨ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૧૮૦૯, ૨૦૦૨, ૨૦૭૭ | ૩ |
| ૧૩ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૧૭૨૯, ૧૭૩૦, ૧૯૬૯, ૧૯૭૦ | ૪ |
| ૧૪ | આદિજાતિ વિકાસ વિભાગ | ૧૬૭૩ | ૧ |
| | | **કુલ - ૫૦** | |

# કામકાજ સલાહકાર સમિતિના નવમા અહેવાલની રજૂઆત

**અધ્યક્ષ શ્રી** : હું કામકાજ સલાહકાર સમિતિનો નવમો અહેવાલ રજૂ કરું છું.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો નવમો અહેવાલ રજૂં કરું છું.

સમિતિની બેઠક બુધવાર, તા.૧૬મી ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ સાંજના ૫.૦૦ કલાકે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિ નીચે મુજબની ભલામણો કરે છે.

(૧) શનિવાર, ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ સભાગૃહની બેઠક રાખવી.

(૨) તા.૧૭-૧૨-૨૦૦૯ તથા તા.૧૮-૧૨-૨૦૦૯ના રોજ નીચે મુજબનું કામકાજ હાથ ધરવું.

(૧) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક: ૧૪-સન-૨૦૦૯નું મુંબઇ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક પુનઃ: વિચારણા માટે હાથ ધરવું અને તેની વિચારણા પૂરી કરવી.

(૨) માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીનો નિયમ ૧૦૦ હેઠળનો ભારતના બંધારણના અનુચ્છેદ ૩૬૮(૨) અન્વયેનો વૈધાનિક પ્રસ્તાવ વિચારણા માટે હાથ ધરવો અને તેને ૬૦ મિનિટનો સમય આપવો.

(૩) શનિવાર, તા.૧૯મી ડિસેમ્બર ૨૦૦૯ના રોજ નીચે દર્શાવેલ સરકારી વિધેયક અને સરકારી કામકાજ હાથ ધરવું.

(૧) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક:૨૩-સન ૨૦૦૯નું ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા ) વિધેયક વિચારણા માટે હાથ ધરવું અને તેની વિચારણા પૂરી કરવી.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાનો ધર્માંતર કરેલ દલિત મુસ્લિમ તથા દલિત ક્રિશ્ચિયનને અનામતના લાભો નહીં આપવા કેન્દ્ર સરકારને અનુરોધ કરતો સરકારી સંકલ્પ વિચારણા માટે હાથ ધરવો અને તેને ૬૦ મિનિટનો સમય ફાળવવો ત્યારબાદ

(૩) છેલ્લા દિવસનો પ્રસ્તાવ હાથ ધરવો.

## માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**શ્રી અમિત શાહ(સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના નવમા અહેવાલ સાથે સંમત થાય.

**વિના વિરોધે અહેવાલનો સ્વીકાર કરવામાં આવ્યો.**

## શોકદર્શક ઉલ્લેખો

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી) અન્ય** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્યશ્રી વશરામભાઈ હરજીભાઈ ખોરાણીનું તારીખ ૩ જી નવેમ્બર, ૨૦૦૯ના રોજ ૪૮ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી ખોરાણીનો જન્મ ૧લી જૂન, ૧૯૬૧ના રોજ સૂરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના લાખણકા ગામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી ખોરાણીએ ધોરણ દસ સુધીનો અભ્યાસ કરેલ હતો અને તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થશ્રી ખોરાણીએ લાખણકા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે તેમજ ચોટીલા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળીને ઉમદા કામગીરી કરી લોકચાહના મેળવી હતી. સ્વર્ગસ્થશ્રી ખોરાણીએ બારમી ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણીમાં ચોટીલા મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવીને લોકોનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, મુંબઈ વિધાનસભા તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી દલપતભાઈ અમરસિંહ વસાવાનું તારીખ ૧લી ઑગસ્ટ, ૨૦૦૯ના રોજ ૮૪ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી વસાવાનો જન્મ ૧લી જાન્યુઆરી, ૧૯૨૫ના રોજ ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકાના પઠાર ગામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી વસાવાએ મૅટ્રિક સુધીનો અભ્યાસ કરેલ હતો અને તેઓશ્રી સમાજસેવા સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થશ્રી વસાવાએ રાજપીપળાની આજુબાજુ વસવાટ કરતા આદિવાસી લોકોને દારૂના વ્યસનમાંથી મુક્ત કરવા પ્રયત્નો કર્યા હતા. તેઓશ્રીએ રાજપીપળા ખાતે ભીલોરી ધર્મશાળા ટ્રસ્ટની રચના કરી આરોગ્ય વિષયક સેવાઓ લેવા આવતા આદિવાસી લોકોને મદદ કરી હતી.

સ્વર્ગસ્થશ્રી વસાવાએ સન ૧૯૫૭માં મુંબઈ વિધાનસભામાં ઝઘડીયા મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવીને લોકોનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને સન ૧૯૬૨ સુધી પ્રથમ ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે રહી જંગલમાં વસવાટ કરતા વનબંધુઓને જંગલ પેદાશોમાં હિસ્સો મળે તે માટે સક્રિય હતા તથા વનબંધુઓ જંગલો અને પર્યાવરણની જાળવણી કરે તે માટે પ્રયત્નશીલ હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સારા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, મુંબઈ વિધાનસભા તથા પ્રથમ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ટપુભાઈ પ્રાગજીભાઈ વાઘેલાનું તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૯ના રોજ ૮૫ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થશ્રી વાઘેલાનો જન્મ ૨૯મી ઑક્ટોબર, ૧૯૨૪ના રોજ રાજકોટ મુકામે થયો હતો. તેઓશ્રીએ ધોરણ ચાર સુધીનો અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરેલ હતો.

સ્વર્ગસ્થશ્રી વાઘેલા હરિજન સેવક સંઘ અને પછાત વર્ગ બોર્ડ જેવી સૌરાષ્ટ્રની હરિજન કલ્યાણ સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલ હતા. આ સંસ્થાઓમાં તેઓશ્રીએ અમૂલ્ય સેવા આપેલ હતી. તેઓશ્રીએ " હિંદ છોડો ચળવળમાં" ભાગ લીધો હતો.

સ્વર્ગસ્થશ્રી વાઘેલાએ સન ૧૯૫૭ થી ૧૯૬૦ સુધી કુકાવાવ (મધ્ય સૌરાષ્ટ્ર) મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવીને મુંબઈ વિધાનસભામાં લોકોનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને સન ૧૯૬૨ સુધી પ્રથમ ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે રહેલ હતા.

સ્વર્ગસ્થશ્રી વાઘેલા એથલેટીક્સ, વૉલીબૉલ, હૉકી અને ક્રિકેટના સારા ખેલાડી હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સારા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, બૃહદ મુંબઈ વિધાનસભા તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી  નટવરલાલ મગનલાલ પટેલનું તારીખ ૧૪મી ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ ૮૨ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૨૭ના રોજ વડનગર મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો.

સ્વર્ગસ્થશ્રી પટેલે અભ્યાસકાળ દરમિયાન નાટકો, મુશાયરા, ફેન્સી ડ્રેસ વગેરે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ ઈનામો મેળવ્યાં હતા. તેઓશ્રી કેદીઓનું જીવન સુધરે તેમાં ખાસ રસ ધરાવતા હતા અને રીલીઝડ પ્રીઝનર્સ એઈડ સોસાયટીના કારોબારી સભ્ય તરીકે તેઓશ્રીએ અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી પટેલે ૧૯૫૭થી મુંબઈ વિધાનસભામાં તેમજ પ્રથમ અને બીજી ગુજરાત વિધાનસભામાં ખેરાલુ મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવી ધારાસભ્ય તરીકે લોકોનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ખોડીદાસભાઈ દુર્લભજીભાઈ ઠક્કરનું તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૯ના રોજ ૮૫ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયું છે.

સ્વર્ગસ્થશ્રી ઠક્કરનો જન્મ ૨૫મી એપ્રિલ, ૧૯૨૪ના રોજ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ગુંદરણ ગામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી ઠક્કરે સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો અને તેઓશ્રી પત્રકારના વ્યવસાય અને સમાજસેવા સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થશ્રીએ આઝાદી પૂર્વેની અંગ્રેજો સામેની લડતમાં ભાગ લીધો હતો તથા રાષ્ટ્રપ્રેમની ભાવના ધરાવતા હતા. તેઓશ્રીએ સત્યાગ્રહો તેમજ આંદોલનોમાં સક્રિય ભાગ લઈને જેલવાસ ભોગવેલ હતો. તેઓશ્રીએ ગામડાઓમાં ખાદી, શિક્ષણ, અસ્પૃશ્યતા નાબુદીની કામગીરી થકી લોક જાગૃતિની કામગીરી કરી હતી.

સ્વર્ગસ્થશ્રી ઠક્કરે ગુંદરણ તથા મોટા લીલીયા ગ્રામ પંચાયતના સરપંચ, ગુંદરણ સેવા સહકારી મંડળ અને ગુંદરણ કેળવણી મંડળ તથા લીલીયા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે તેમજ તાલુકા પંચાયતની જુદી જુદી સમિતિઓના સભ્ય તરીકે અમૂલ્ય સેવાઓ આપેલ હતી. સ્વર્ગસ્થશ્રી ઠક્કરે પાણી પુરવઠા યોજના, વીજળી સબસ્ટેશનો, પ્રાથમિક હેલ્થ સેન્ટરો, સામૂહિક આરોગ્ય કેંદ્રો, પુલો બનાવવા, કેટલ કૅમ્પો, રાહત કામો તેમજ વીજળી જોડાણો જેવા વિવિધ પ્રજા લક્ષી વિકાસના કાર્યો પણ કર્યા હતા.

સ્વર્ગસ્થશ્રી ઠક્કરે છઠ્ઠી અને સાતમી ગુજરાત વિધાનસભામાં લાઠી મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવીને લોક પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓશ્રીના અવસાનથી રાજયે એક સંનિષ્ઠ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી નરેન્દ્રસિંહ માધવસિંહ જાડેજાનું તા.૨૮મી ઑક્ટોબર, ૨૦૦૯ના રોજ ૫૫ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી જાડેજાનો જન્મ ૯મી ઑગસ્ટ, ૧૯૫૪ ના રોજ કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના નલિયા મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી જાડેજાએ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી જાડેજાએ સન ૧૯૮૫ માં અબડાસા તાલુકા પંચાયતમાં વિરોધપક્ષના નેતા તરીકે તેમજ ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમ, ગુજરાત પાવર કરપોરેશન લિમિટેડ, દીન દયાળ ડૅવલપમેન્ટ એન્ડ

ચૅરીટેબલ ટ્રસ્ટ, કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બૅન્ક લિમિટેડ જેવી વિવિધ સંસ્થાઓમાં અધ્યક્ષ તરીકે અમૂલ્ય સેવાઓ આપેલ હતી. તેઓશ્રીએ સન ૨૦૦૧ માં અબડાસા ચેમ્બર ઑફ કૉમર્સના પ્રમુખ તરીકે કામગીરી કરી હતી. તેઓશ્રીએ ગુજરાત રાજય સહકારી બૅન્ક લિમિટેડ અને અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બૅન્ક લિમિટેડના ડાયરૅક્ટર તેમજ કંડલા પૉર્ટ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે ઉમદા સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી જાડેજા અગિયારમી ગુજરાત વિધાનસભામાં અબડાસા મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવ્યા હતા અને લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. સ્વર્ગસ્થશ્રી જાડેજા વાંચન, શેર-શાયરી, કવિ સંમેલન, લોક સાહિત્ય તથા ક્રિકેટ અને વૉલીબૉલ જેવી રમતમાં રસ ધરાવતા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયે એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી અરશીભાઈ કાનાભાઈ કામળિયાનું તા. ૫ મી ડિસૅમ્બર, ૨૦૦૯ ના રોજ ૬૭ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી કામળિયાનો જન્મ ૭મી એપ્રિલ, ૧૯૪૨ ના રોજ જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના છારા મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી કામળિયાએ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી કામળિયાએ કોડીનારની બિલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડૂત સહકારી સોસાયટી લિમિટેડ તથા કોડીનાર તાલુકા સહકારી બૅંકીંગ યુનિયન લિમિટેડના ડાયરૅક્ટર તરીકે સુંદર સેવાઓ આપેલ હતી. તેઓશ્રીએ છનારા ગ્રામ પંચાયત, કોડીનાર તાલુકા પંચાયત તથા અમરેલી જિલ્લા પંચાયતના સભ્ય તરીકે અમૂલ્ય સેવાઓ આપેલ હતી. તેઓશ્રીએ સામાજિક, સાંસ્કૃતિક અને સહકારી પ્રવૃત્તિઓમાં રસ લઈ શ્રમ યજ્ઞ અને ગામડામાં શિક્ષણને વધુ વ્યાપક બનાવવા જેવા લોકોપયોગી કામ હાથ ધરેલ હતાં. સ્વર્ગસ્થશ્રી કામળિયા છઠ્ઠી તથા સાતમી ગુજરાત વિધાનસભામાં કોડીનાર મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. તેઓશ્રીએ તા. ૧૩-૧૨-૧૯૮૯ થી તા. ૩-૩-૧૯૯૦ સુધી આદિજાતિ અને સમાજ કલ્યાણ ખાતાના સંસદીય સચિવ તરીકે સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થશ્રી કામળિયા નાટ્ય પ્રવૃત્તિ અને રમત ગમતમાં રસ ધરાવતા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયે એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જગન્નાથ મૂળશંકર વ્યાસનું તા. ૧૪મી ઑગસ્ટ, ૨૦૦૯ ના રોજ ૮૮ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી વ્યાસનો જન્મ ૧૪મી સપ્ટેંબર, ૧૯૨૧ના રોજ વીસનગર તાલુકાના કમાણા મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી વ્યાસે ધોરણ દસ સુધીનો અભ્યાસ કર્યો હતો.

સ્વર્ગસ્થશ્રી વ્યાસે ખેત ઉત્પન્ન બજાર, વીસનગર પ્રમુખ તરીકે અને કેળવણી મંડળ, કમાણાના માનદ્ મંત્રી તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રીએ વીસનગરના નૂતન સર્વ વિદ્યાલય અને સી.સી. મહિલા આટર્સ કૉલેજના કારોબારી મંડળના સભ્ય તરીકે બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું તેઓશ્રી ખેતી વિષયક પ્રવૃત્તિઓમાં ઉંડો રસ ધરાવતા હતા. સ્વર્ગસ્થશ્રી વ્યાસ ચોથી ગુજરાત વિધાનસભામાં વીસનગર મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા અને લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીના અવસાનથી રાજયે એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મેઘજીભાઈ સુમારભાઈ મોથારીયાનું ૧૩ મી નવેમ્બર, ૨૦૦૯ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી મોથારીયાનો જન્મ ૪થી મે, ૧૯૩૫ના રોજ કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકાના રતાડિયા મૂકામે થયો હતો. તેઓશ્રીએ એસ.અસ.સી. હિન્દી વિનીત સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા અને ખેતી વિકાસ કર્યોમાં ઉંડો રસ ધરાવતા હતા. સ્વર્ગસ્થશ્રી મોથારીયાએ ટોડા ગ્રામ પંચાયત, ગુજરાત રાજય હરિજન કલ્યાણ બોર્ડ અને કચ્છ વિદ્યુત સલાહકાર સમિતિના સભ્ય તરીકે પ્રશંસનીય યોગદાન આપ્યું હતું તેઓશ્રીએ કચ્છની સ્વર્ગસ્થ ગોકળદાસ બાભણાઈ સમિતિ અને નૂતન કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના પ્રમુખ તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થશ્રી મોથારીયાએ ચોથી અને પાંચમી વિધાનસભામાં મુન્દ્રા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે લોક પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓશ્રીના અવસાનથી રાજયે એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો મોકલી આપીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(ભાવનગર શહેર દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી એક વર્તમાન વિધાનસભાના સભ્યશ્રી અને આઠ પૂર્વ વિધાનસભાના માનનીય સભ્યશ્રીઓ અંગેના જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું. પ્રર્વતમાન વિધાનસભાના સભ્ય શ્રી વશરામભાઈ હરજીભાઈ ખોરાણીની ગ્રામ પંચાયત, તાલુકા પંચાયતથી લઈને આ વિધાનસભા ગૃહ સુધીની એમના જીવનની કારકિર્દી, અડતાળીસ વર્ષની નાની ઉંમરે એમનું જે અવસાન થયું છે એનો માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે શોકદર્શક ઉલ્લેખ કર્યો છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષ શ્રી દલપતસિંહ અમરસિંહ વસાવા ભરૂચ જિલ્લામાં નાનામાં નાના લોકોના કામ માટે હંમેશા ચિંતિત રહેતા સભ્ય, એમને મળવાનું પણ થયેલું અને હંમેશા એમની ચિંતા, એ ખાસ કરીને આદિવાસી ભાઈઓના કલ્યાણ અને એમના પ્રશ્નો માટે લડતા રહેતા હતા એમના જવાથી એક સામાન્ય માણસની ચિંતા કરનાર માણસની ખોટ પડી છે.

માનનીય અધ્યક્ષ શ્રી સ્વર્ગસ્થ ટપુભાઈ વાઘેલા સૌરાષ્ટ્રના, ખાસ કરીને દલિત લોકોના ઉત્થાન માટે એમની જે ચિંતા, એ માત્ર વોટોની રાજનીતિ માટે નહિ પણ સામાન્ય માણસના પ્રશ્નો માટેની ચિંતા રહેતી હતી, એક સ્વાતંત્ર્ય સેનાની તરીકે 'હિંદ છોડો' ચળવળમાં પણ સ્વ. ટપુભાઈએ ભાગ લીધો હતો, જાહેર જીવનમાં ખાસ કરીને સૌરાષ્ટ્રના અને દલિત સમાજના પ્રશ્નો માટેના લોકોના જાહેર જીવનમાં એમના જવાથી એક મોટી ખોટ પડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રીનટવરલાલ મગનલાલ પટેલ મોટી ઉંમરે આપણી વચ્ચેથી ગયા છે, આ વિધાનસભા ગૃહમાં અને મુંબઇ વિધાનસભા ગૃહમાં બન્ને ગૃહમાં એમણે પ્રતિનિધિત્વ કર્યુ હતું વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા પછી સામાન્ય લોકોના પ્રશ્નોને અને રાજકારણી હોવાની સાથોસાથ અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે પણ એમનો જીવ જોડાયેલો રહેતો અને એમની પ્રવૃત્તિઓ એ યાદગાર રહેવાની છે.

સ્વ. ખોડીદાસ ટક્કર સાથે બહુજ નજીકથી કામ કરવાનો મોકો મળ્યો છે, સામાન્ય રીતે વિસ્તારના પ્રશ્નો કે વિધાનસભામાં કે વર્તમાનપત્રોમાં નામ એના પૂરતું મર્યાદિત જાહેર જીવન નહિ પણ સાચા વિકાસના કામમાં ક્યાં અડચણ પડે છે અને એ અડચણને કેમ ઉકેલી શકાય એના માટેની ચિંતા કરતા મેં એમને નજીકથી જોયા છે. મારા ગામ લીમડાથી સાવરકુંડલા સુધીનો ટૂંકો રસ્તો બનાવવાનો પ્રશ્ન હતો, રાજય સરકારે રસ્તો મંજૂર કરેલો, જમીન સંપાદનના પ્રશ્નો, તો ખેડૂતો અને અધિકારી તંત્ર વચ્ચે મધ્યસ્થી બનીને, જ્યાં જરૂર પડે ત્યાં અધિકારીને કન્વીન્સ કરાવીને કે એલાયમેન્ટ ચેઈન્જ કરો, ખેડુતને ઓછું નુકસાન થાય, અને જ્યાં જરૂર પડે ત્યાં ખેડૂતને સમજાવવાના કે વિકાસ માટે થઈને આટલું છોડો, વળતરમાં કંઈ આમ તેમ થતું હોય તો હું મિનિસ્ટર સાથે મીટિંગ કરીશ, તમને વળતર વધારે અપાવીશ પણ એમના મધ્યસ્થી થવાના કારણે જે રસ્તાનું કામ મોટાભાગે મનાતું હતું કે જમીન સંપાદન થઈ શકે નહિ એ જ રસ્તાનું કામ સ્વ. ખોડીદાસભાઈની કોઠાસૂઝના કારણે ખેડૂતોએ જમીન આપી. ખેડૂતોએ જમીન આપી, ખેડૂતોને વળતર પણ મળ્યું. સરકાર પણ પોતાના પક્ષની હતી તો લડીને, સમજાવીને એલાઈમેન્ટ ચેન્જ કરાવીને પણ ખેડૂતોને ઓછું નુકસાન થાય તેની ચિંતા કરીને કામ કર્યુ હતું. આ માત્ર મેં કામગીરીનો નમૂનો આપ્યો એ જ રીતે તેમના જાહેર જીવનમાં અનેક કામો તે ચિરંજીવી રહેવાના છે. માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રસિંહ માધવસિંહ જાડેજા આ વિધાનસભા ગૃહમાં ભૂતકાળમાં જે કામગીરી બજાવી હતી, સામાજિક રીતે પણ અવાર-નવાર મળવાનું થતું અને રાજકીય રીતે પણ મળવાનું થતું હતું. તેમનો સરળ સ્વભાવ અને કંઈક કહેવું હોય તો પણ પોતાના માટેની વાત કરતાં પહેલાં પણ પાંચ વખત વિચાર કરીને બોલે અને બોલવામાં પણ વિવેક કે વિનય કયારેય ના તૂટે એ વાતની કાળજી રાખનાર નરેન્દ્રસિંહભાઈના જવાથી જાહેર જીવનમાં અને ખાસ કરીને કચ્છમાં સક્રિય કામગીરી કરનાર એક નેતૃત્વ માનનીય અધ્યક્ષશ્રી આપણી વચ્ચેથી ગયું છે.

સ્વર્ગસ્થ અરશીભાઈ કાનાભાઈ કામળીયા સાથે જાહેર જીવનમાં નજીકથી કામ કર્યુ છે. બક્ષીપંચના પ્રશ્નો માટે હંમેશા લડતા રહેનાર માણસ અને એક જાગૃત ધારાસભ્ય તરીકે કામ કરવાનું પણ સાથો સાથ સમાજના ઉત્થાન માટેની પણ ચિંતા કરવાની. જ્યારે તેમની બિમારીના અઠવાડિયા જ પહેલાં તેમની ખબર પૂછવા માટે તેમના ઘરે ગયો ત્યારે પણ નાદુરસ્ત તબિયત હોવા છતાં પોતાની તબિયત કે પોતાના જીવનની ચિંતા નહીં જાહેર જીવનની ચિંતા અને જાહેર જીવનમાં મને શું મળી શકે એમ નહીં પણ સમાજને શું મળી શકે, સમાજને અપાવવા માટે શું કરવું જોઈએ, વિરોધ પક્ષની ભૂમિકામાં કયાં સારું થઈ રહ્યું છે તેની વાત અને કયાં વધારે શું કરવું જોઈએ, વિસ્તારની ચિંતા એ પ્રશ્નો માનનીય અધ્યક્ષશ્રી, અરશીભાઈને હું છેલ્લા દિવસોમાં મળ્યો ત્યારે તે ચિંતા મેં તેમના મુખેથી સાંભળી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, જગન્નાથ ભાઈ મુળશંકરભાઈ વ્યાસ ૮૮ વર્ષની ઉંમરે આપણી વચ્ચેથી ગયા છે. માત્ર ધારાસભ્ય તરીકે કોઈ કામ કરે એમ નહીં પણ એ સાથો સાથ રહીને સમાજમાં આજે શેની જરૂરિયાત છે.? તો શિક્ષણની વધારેમાં વધારે જરૂર છે. શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાઈને શિક્ષણ ક્ષેત્રે તેમણે જે યોગદાન આપેલું છે તે ચિરંજીવી રહેવાનું છે. કચ્છના લોકોની વચ્ચે સતત જાગૃત પ્રતિનિધિત્વ કરનાર આ વિધાનસભાના સભ્ય તરીકે જેમણે ખૂબ સક્રિય રીતે યોગદાન આપેલું એવા મેઘજીભાઈ મોથારીયાના જવાથી કચ્છ જિલ્લામાં લોકોના પ્રશ્નોની ચિંતા કરનાર એક એવી વ્યકિત ગઈ છે કે જેને સ્વાર્થ કરતાં પરમાર્થની ચિંતા વધારે કરી હતી. હરિજન કલ્યાણ

બોર્ડની કે સહકારી ક્ષેત્રની તેમની કરેલી કામગીરી તે ચિરંજીવી રહેવાની છે. હું અહીં શોકદર્શક ઉલ્લેખો માનનીય મુખ્યમંત્રીશ્રી લઈને આવ્યા છે તેમને સમર્થન આપું છું આપણા સૌની શોકાંજલિ તેમના પરિવારજનો સુધી પહોંચે અને સૌના આત્માને ચિર શાંતિ પ્રાપ્ત થાય તે પ્રાર્થના સાથે વિરમું છું.

**શ્રી રમણલાલ વોરા(ઈડર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે સ્વર્ગસ્થ ધારાસભ્યો માટેનો શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગર્સ્થ વશરામભાઈ ખોરાણી ચોટીલા વિધાનસભાની પેટા ચૂંટણીમાં જંગી બહુમતીથી ચૂંટાઈની આવ્યા હતા. તેમણે ધારાસભ્ય તરીકે શપથ લીધા પરંતુ કમનસીબી એવી કે આ ગૃહ સુધી આવી શક્યા નહીં. પરંતુ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે, જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે તેમની સાથે ખૂબ નજીકનો નાતો હોવાના કારણે અને વિશેષ કરીને કોળી સમાજના આગેવાન હોવાના કારણે, કોળી સમાજના પ્રશ્નો માટે અને સાથે સાથે એ વિધાનસભા ક્ષેત્રના તમામ લોકોને સાથે લઈને ચાલવાની જે કોઠાસૂઝ તે ભાઈશ્રી વશરામભાઈમાં ખૂબ સારી હતી. માનનીય અધ્યક્ષશ્રી, તે સાથે સાથે તેમના સમાજ અને અન્ય સમાજોએ પણ સ્વર્ગસ્થ વશરામભાઈની માસિક પૂણ્યતિથિ નિમિત્તે ૧૯૦ જેટલાં સ્થાનો ઉપર પ્રાર્થના સભાઓ યોજીને એક સારું સન્માન સ્વર્ગસ્થ વશરામભાઈને આપ્યું છે. શોષિત પેઢી સમાજ માટે વશરામભાઈની જે કામ કરવાની ઘગશ અને તાલાવેલી હતી અને એના કારણે જ તેઓ તાલુકા પંચાયતના પ્રમુખથી ધારાસભ્ય થયા. એમની સાથે જે અન્ય ધારાસભ્યશ્રીઓનો શોકદર્શક ઉલ્લેખ આવ્યો છે તે બધાને પણ હું મારી હૃદયપુર્વકની શ્રદ્ધાંજલિ અર્પુ છું અને એમના કુટુંબીજનો ઉપર જે આપત્તિ આવી પડી છે એને સહન કરવાની પ્રભુ તેમને શકિત આપે, એવી પ્રાર્થના કરીને વિરમું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે અને જેમાં અમારા પક્ષના નેતાશ્રીએ સૂર પૂરાવ્યો છે, તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કહેવાયું એ પ્રમાણે વશરામભાઈ ખોરાણી. ખૂબ નાની ઉંમરે એમણે વિદાય લીધી. ગ્રામ પંચાયતમાંથી શરૂ કરીને તાલુકા પંચાયતના પ્રમુખ સુધી પ્રજાની વચ્ચે રહ્યા. અને એ વિસ્તાર કે જે પછાત વિસ્તાર છે, તે વિસ્તારના પ્રશ્નો માટે એમણે ખૂબ જાગૃતિપુર્વક એમણે રજૂઆતો પણ કરી. આ ગૃહના સભ્ય તરીકે ચૂંટાયા, પણ કમનસીબે આ ગૃહ સુધી આવી શકયા નહીં. આપણને સૌને એનું દુ:ખ છે. એમના પરિવારજનો ઉપર જે આપત્તિ આવી પડી છે તેને સહન કરવાની કુદરત શકિત આપે તેવી પ્રાર્થના કરીએ.

શ્રી દલપતભાઈ વસાવા ઝગડીયા વિસ્તારમાંથી મુંબઈ વિધાનસભામાં ચૂંટાયા અને આ ગૃહના સભ્ય પણ રહ્યા. સૌથી વિશેષ જે કામગીરી એમના વિસ્તારમાં એમણે કરી તે આદિવાસીઓમાં વ્યસન મૂકિત કરવાની એમની કામગીરીની નોંધ લેવાઈ છે. આદિવાસી સમાજમાંથી જે સૌથી પ્રથમ આગેવાનો આવ્યા તેમાંના તેઓ એક હતા. જંગલની જમીન અને જંગલની પેદાશો ઉપર આદિવાસી ભાઈઓનો હકક રહે એ માટે તેમણે પ્રયાસો કર્યા અને મહેનત કરી. પર્યાવરણની જાળવણી માટે પણ એમણે પૂરા પ્રયાસો કર્યા.

સ્વર્ગસ્થ શ્રી ટપુભાઈ વાઘેલા પણ કૂંકાવાવમાંથી મુંબઈ વિધાનસભામાં ચૂંટાયા અને પછીથી આ ગૃહના પણ સભ્ય બન્યા. તેઓ એક સ્વાતંત્ર્ય સેનાની પણ હતા. હરિજન સેવક સંઘ અને દલિત સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા રહ્યા. જે ખૂબ ઓછું બને છે તેમ સ્વર્ગસ્થ શ્રી ટપુભાઈ વાઘેલા રાજનીતિમાં હોવા છતાં એક સારા રમતવીર પણ રહ્યા હતા. એમના જવાથી દલિત સમાજને ખૂબ મોટી ખોટ પડી છે.

સ્વર્ગસ્થ શ્રી નટવરલાલ પટેલ પણ મુંબઈ વિધાનસભા અને ગુજરાત વિધાનસભામાં રહ્યા. રાજનીતિની સાથે અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી. એક ઉમદા સમાજ સેવકની ખોટ એમના જવાથી આપણને પડી છે.

સ્વર્ગસ્થ શ્રી ખોડીદાસભાઈ ઠકકર એ રાજનીતિમાં એક આદર્શ કાર્યકરનો નમૂનો હતા. એમણે આઝાદીના સંગ્રામમાં ભાગ લીધો, સત્યાગ્રહ કર્યો અને મહાત્મા ગાંધીજીની પેઢી સાથે કેળવણી લઈને તેઓ રાજનીતિમાં આવ્યા. રાજનીતિમાં રહેનારા લોકોનું વ્યકિતગત જીવન કેવું હોવું જોઈએ તેનો એક ઉત્તમ નમૂનો સ્વર્ગસ્થ શ્રી ખોડીદાસભાઈ ઠકકર હતા. તેઓ બન્ને પતિ-પત્નિ માત્ર એક લોટ દળવાની ઘંટી ચલાવે અને એમાંથી પોતાની રોજગારી મેળવે અને સ્વમાનપુર્વક રહે. જીવનભર એમણે પોતાના રાજનૈતિક જીવનમાં કોઈ ડાઘ લાગવા દીધો નહીં, છતાં પણ ૮૫ વર્ષની ઉંમર સુધી ધારાસભ્ય કે સંસદસભ્ય હોય એના કરતાં પણ સવાયું કામ એક નાગરિક તરીકે, એક કાર્યકર તરીકે તેઓ કરતા રહ્યા. તેમના જવાથી તેમના વિસ્તારને અને અમને સૌને એક આદર્શ રાજનેતાની ખોટ પડી છે.

સ્વર્ગસ્થ શ્રી જગન્નાથ વ્યાસ પણ વીસનગરમાંથી ચૂંટાયેલા અને બુઝર્ગ ઉંમરે એમનું અવસાન થયું છે. ખેતી, શિક્ષણ અને સહકારી પ્રવૃત્તિ સાથે વર્ષો સુધી તેઓ જોડાયેલા રહ્યા.

સ્વર્ગસ્થ શ્રી અરશીભાઈ કામળીયા બે વખત કોડીનારમાંથી વિધાનસભ્ય તરીકે ચૂંટાયા, પરંતુ જીવનના છેલ્લા શ્વાસ સુધી રાજનીતિમાં સક્રિય રહ્યા . તેઓ રાજનીતિમાં અમારા સૌના વડીલ સાથી હતા. બિલેશ્વર ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીથી શરૂ કરીને બીજી અનેક સહકારી પ્રવૃત્તિઓ અને ગ્રામ પંચાયતથી શરૂ કરીને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતમાં હોદ્દેદાર રહ્યા. એમના જવાથી એ વિસ્તારે એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યો છે. સ્વ. મેઘજીભાઈ મોથારીયા અમારા સૌના વડીલ સાથી હતા. ધારાસભ્ય તો રહ્યા, પરંતુ જીવનના છેલ્લા દિવસો સુધી એ

કચ્છના વિકાસ માટે અને કચ્છમાં ખાસ કરીને દલિત અને પછાતવર્ગોના સમાજના વિકાસ માટે સંઘર્ષ કરતા રહ્યા, પ્રવૃત્ત રહ્યા અને પોતાનું પ્રદાન આપતા રહ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. શ્રી નરેન્દ્રસિંહ જાડેજા આ ગૃહમાં અગાઉની વિધાનસભામાં આપણા સૌના સાથી હતા ઓછું અને વિવેકપૂર્ણ બોલનાર અને છતાં પોતાના વિસ્તાર માટે કાયમી ચિંતા કરનાર એવા એક ઉત્તમ આગેવાન હતા. કચ્છ જિલ્લા સહકારી બેંકનું સંચાલન હોય કે ત્યાંની પંચાયતની વ્યવસ્થા હોય કે કચ્છના વિકાસની વાત હોય એમાં હંમેશાં નરેન્દ્રસિંહ અગ્રીમ હરોળમાં રહીને કામ કરતા હતા અને હજુપણ ઘણું કામ કરવાની એમની મહેચ્છા હતી, એમની ઉંમર પણ હજુ તો ખૂબ જ ઓછી હતી અને છતાં કુદરતી ક્રમમાં તેમણે આપણી વચ્ચેથી વિદાય લીધી છે તેમને અને બીજા તમામ આગેવાનોને હું મારી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ આપું છું અને તે સૌના પરિવારજનોને આ ગૃહનો સંદેશો આપની મારફતે જાય એવી પ્રાર્થના કરું છું.

**શ્રી દિલીપ સંઘાણી(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક પ્રસ્તાવો લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજની આ બેઠકમાં પ્રથમ વિધાનસભાના સ્વ. સભ્યથી માંડીને ચાલુ વિધાનસભાના સભ્ય સ્વ. શ્રી વશરામભાઈ હરજીભાઈ ખોરાણી  કે જેઓ હજુ તો આ વિધાનસભા ગૃહમાં પગ મૂકે તે પહેલાં આપણી વચ્ચેથી વિદાય થયા છે. તેમની કામ કરવાની પધ્ધતિ અને શકિતનો વિધાનસભાને લાભ મળે તે પહેલાં અહીંથી જતા રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. શ્રી અરશીભાઈ કાનાભાઈ કામળીયા કોડીનાર મત વિસ્તારમાંથી ચૂંટાયા હતા અને ત્યારે કોડીનાર એ અમરેલી જિલ્લાનો વિધાનસભામાં અને જિલ્લામાં ભાગ હતો. એક સહકારી નેતા તરીકે તેમની સાથે કામ કરવાની લાંબા સમય સુધી મને તક મળી હતી. ગરીબોના પ્રશ્નો માટે સતત ઝઝૂમતા રહ્યા હતા અને સચોટ રીતે પોતાની વાત કહેવામાં કયારેય પણ ખચકાતા નહીં. એવા એક ધારાસભ્ય તરીકે અને આ વિસ્તારના કાર્યકર્તા તરીકે મને તેમની સાથે કામ કરવાની તક મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી,  સ્વ.શ્રી નરેન્દ્રસિંહ જાડેજા એક સહકારી આગેવાન તરીકે ખૂબ જ સારી રીતે કામ કર્યુ છે. કચ્છ જિલ્લા સહકારી બેંક જયારે નબળી પડી ત્યારે બેંકના ચેરમેન પદની જવાબદારી સંભાળીને આ બેંકને બેઠી કરવા માટેની તેમની દીર્ઘદ્રષ્ટિ, તેમની કામગીરી અને રાજયની સહકારી બેંકના પ્રતિનિધિ તરીકે જે બેંકનો હું ચેરમેન છું એ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં ડાયરેકટર તરીકે મારા સહ સાથીદાર તરીકે કામ કરીને તેમણે સહકારી ક્ષેત્રની કામગીરી માટે જે નિષ્ઠાપૂર્વક મહેનત કરતા હતા અને  હજુ તો વધુ લાંબી કામગીરી કરી શકયા હોત, પરંતુ એટલી નાની ઉંમરમાં એ આપણી વચ્ચેથી જતા રહ્યા છે એનું મને દુ:ખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. શ્રી ખોડીદાસ ઠકકર એ એક જાહેર જીવનમાં કેવું વ્યકિતત્વ હોઈ શકે એનું એક ઉત્તમ ઉદાહરણ છે. માનનીય અર્જુનભાઈએ કહયું તેમ નિષ્ઠાપૂર્વક એક સ્વાતંત્ર સેનાની તરીકે કોંગ્રેસના ધારાસભ્ય તરીકે રહ્યા, ઘણાં વર્ષો સુધી સામાજીક રીતે ચિંતા કરી છે, વ્યકિતગત અને જાહેર જીવન કેવું હોવું જોઈએ, રાષ્ટ્રનું નેતૃત્વ કેવું હોવું જોઈએ, એક સ્વાતંત્ર સેનાની તરીકે આ દેશમાં એમણે જે લડતનાં મંડાણ કરી જાહેર જીવન જીવ્યા હતા. એ જીવનમાં તેમને જયારે કેટલીક કચાશ દેખાઈ ત્યારે વર્ષો સુધી જે પક્ષ સાથે કામ કર્યુ એ પક્ષને છોડી જાહેર આદર્શો કેવી રીતે નિભાવવા જોઈએ એના માટે સતત જાગૃત રહીને કામ કરતા. એવું એક જાહેર જીવન આપણી વચ્ચે રહ્યું નથી.

આ સાથે બાકીના પણ જે સભ્યશ્રીઓના માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લાવ્યા છે એને સમર્થન આપીને મારું દુ:ખ વ્યકત કરું છું અને સૌને મારી શ્રદ્ધાંજલિ અર્પુ છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લાવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને સમર્થન આપ્યું છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું. સ્વર્ગસ્થ વશરામભાઈ આ સભાગૃહમાં આવી શકયા નથી, પણ એમણે લોકપ્રિયતા મેળવી અને ત્યાંનું લોક પ્રતિનિધિત્વ મેળવ્યું હતું તે ચોટીલા મત વિસ્તારનો મને પણ અનુભવ છે. કારણ કે હું ૧૯૮૪માં ત્યાંથી લોક સભાની ચૂંટણી લડેલો, ત્યારે એમણે સમર્થન આપયું હતું અને માત્ર એમની જ્ઞાતિના જ નહીં પણ ઉજળિયાત જ્ઞાતિઓનો પણ એમણે ખૂબ આવકાર મેળવેલ હતો. ખાસ કરીને થાન અને ચોટીલા વિસ્તારમાં એમનું ખૂબ સારું વર્ચસ્વ હતું. તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે પણ તેઓ પોતાને પ્રસ્થાપિત કરી શકયા હતા. એ જ રીતે સ્વર્ગસ્થ ખોડીદાસભાઈ ઠકકર સાથે પણ છઠ્ઠી વિધાનસભામાં બેસવાનો મને મોકો મળેલો. અને હમણાં જ માનનીય અર્જુનભાઈએ કહયું તે પ્રમાણે ખૂબ નિસ્પૃહતાથી જાહેર જીવનમાં દાખલારૂપ બને તેવી પ્રમાણિકતાથી એમણે જીવન વિતાવ્યું હતું. લાઠી, લીલીયા કે બગદાણા જઈએત્યારે એમના કાર્યોની જાણકારી મળતી હતી. અને સમાજવાદના વિચારો સાથે એમણે સ્વાતંત્ર્ય સેનાની અને કોંગ્રેસના ધારાસભ્ય તરીકે પણ હંમેશા સાચી વાત કહેવાની પરંપરા બનાવી હતી. ત્યારે પક્ષા પક્ષીનો બાધ કયારેય તેઓ લાવ્યા નહોતા અને માત્ર લોકહિતની વાત કરનાર વ્યકિત તરીકે તેમણે વાત કરી હતી. એ જ રીતે સ્વર્ગસ્થ અરશીભાઈ કામળીયા સાથે પણ છઠ્ઠી વિધાનસભામાં બેસવાનો મોકો મળેલો અને સરખી ઉમરના હોવાને કારણે તેમનો પરિચય પણ નજીકથી હતો. તેઓ લોક સાહિત્યમાં પણ રસ લેનાર વ્યકિત હતા. કોડીનાર જેવા પછાત વિસ્તારમાંથી આવતા હોવા છતાં પણ એમણે હંમેશા પોતાના પ્રવચનોમાં રાજય આખાની

વાત કરી હતી. અને રાજય સહકારી પ્રવૃત્તિમાં બિલેશ્વર ખાંડ કારખાનું અને વિસ્તારના વિકાસની વાતના સમર્થક અરશીભાઈ હતા. એ જ રીતે સ્વર્ગસ્થ નરેન્દ્રસિંહ જાડેજા સાથે તો મારે ૩ પેઢીનો નાતો હતો. એમના દાદા મોકાજી કચ્છના ફોજદાર હતા. અને રાજપુત સંગઠનમાં પણ હતા. એ જ રીતે એમના પિતાશ્રી માધવસિંહભાઈ જાડેજા પણ ધારાસભ્ય તરીકે આ ગૃહમાં હતા. અને આ પરંપરાને નરેન્દ્રભાઈએ નિભાવી હતી. અને ખૂબ નાની ઉમરે અલગ સિદ્ધિ મેળવી હતી. ડિસ્ટ્રીકટ બેંકના ચેરમેન તરીકે, કંડલા પોર્ટના સદસ્ય તરીકે અને હમણા દિલીપભાઈએ કહયું તેમ સહકારી ક્ષેત્રે પણ કચ્છની તમામ પ્રવૃત્તિમાં રસ લેનાર નરેન્દ્રસિંહભાઈની ખૂબ ખોટ મને અને વિસ્તારને તથા રાજયને સાલશે. એ જ રીતે મેઘજીભાઈ મોથારીયા પણ કચ્છના ધારાસભ્ય હતા. અને ચોથી અને પાંચમી વિધાનસભામાં તેઓ સદસ્ય તરીકે ઉલ્લેખનીય કામગીરી કરી હતી. તેઓ જાહેરજીવનમાંથી નિષ્ક્રીય થયા નહોતા. ભલે પછીની ચૂંટણીમાં સફળ થયા ન હોય તો પણ સંગઠનમાં અને મિત્રો બનાવવામાં તેઓ સતત સક્રિય હતા. અને મુન્દ્રા તાલુકાના વેપારીઓ જે મુંબઈ રહેતા હોય તેઓ પણ એમને પ્રેમથી બોલાવે અને પોતાના પ્રશ્નો કચ્છના લોકોને સોંપે અને તેનો ઉકેલ પણ લાવે એવું વ્યકિતત્વ એમનું હતું. એ જ રીતે સ્વર્ગસ્થ દલપતભાઈ વસાવા, ટપુભાઈ વાઘેલા, નટવરલાલ પટેલ અને શ્રી જગન્નાથ મુળશંકર વ્યાસના અવસાન નીમિત્તે જે શોક ઠરાવ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું અને એમને શ્રદ્ધાંજલિ પાઠવું છું. જાહેર જીવનમાં એમણે કરેલા કાર્યોને આપણે આપણા જીવનમાં પણ ઉતારીએ તે જ સાચી શ્રદ્ધાંજલિ ગણાશે. એમના કુટુંબીજનોને આપના મારફત સંદેશો મોકલવામાં આવે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

**શ્રી કિરીટસિંહ જી. રાણા(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી આ સભાગૃહના સ્વર્ગસ્થ સભ્યશ્રી વશરામભાઈ ખોરાણી, નરેન્દ્રસિંહ જાડેજા, દલપતભાઈ વસાવા, ટપુભાઈ વાઘેલા, નટવરલાલ પટેલ, ખોડીદાસભાઈ ઠકકર, અરશીભાઈ કામળીયા તથા જગન્નાથ વ્યાસના અવસાન નીમિત્તે જે શોક ઠરાવ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું. સૂરેન્દ્રનગર જિલ્લો, મારા જિલ્લાનો ચોટીલા મત વિસ્તાર એ મારી બાજુનો જ વિસ્તાર છે અને મારા જિલ્લાનો વિસ્તાર છે. સ્વ.ખોરાણીની કારકિર્દી એક સરપંચથી શરૂ થઈ હતી. તેઓશ્રી કોળી પટેલ સમાજના આગેવાન હતા. તેઓશ્રી પોતાના સમાજની સાથે સાથે અન્ય સમાજના કામો પણ કરતા હતા. તેઓ ૧૯૮૫થી પોતાના લખણકા ગામના સરપંચ થયા હતા. સરપંચ થયા બાદ તેઓ ચોટીલા તાલુકા પંચાયતના સભ્ય તરીકે પણ ચૂંટાઈ આવ્યા હતા અને તાલુકા પંચાયતના સભ્ય તરીકેની કામગીરી બજાવતા હતા. તેઓશ્રીને તાલુકા પંચાયતના પ્રમુખ તરીકેની કામગીરી કરવાનો પણ અવસર મળ્યો હતો. તેઓએ ખૂબ સુંદર રીતે આ કામગીરી બજાવી હતી. તેઓશ્રી પોતાનું નામ, સમાજનું નામ અને પક્ષનું નામ ઉજ્જવળ બનાવવા સતત પ્રયત્નશીલ રહેલા. છેલ્લે ચોટીલા મત વિસ્તારની વિધાનસભાની પેટા ચૂંટણી થઈ એમાં પક્ષે એમને ટિકિટ આપી ત્યારે અમે પણ એમની સાથે ખૂબ ઉત્સાહથી પ્રચાર કર્યો છે. મને આ ગૃહને જણાવતાં ગૌરવ થાય એવી વાત કરવી છે પરંતં મારે દુઃખ સાથે આ વાત કહેવી પડે છે કારણ કે તેઓ આજે આપણી વચ્ચે નથી. હું એમની સાથે પ્રચારમાં હતો ત્યારે તેઓ કહેતા કે હું તાલુકા પંચાયતનો પ્રમુખ હતો પરંતુ મને ક્યાંક એક રૂપિયાની કટકી કરી છે એવું પકડી પાડો તો હું મારું જાહેર જીવન છોડી દેવા તૈયાર છું. આવા માનનીય સભ્યશ્રી પહેલી વખત ચૂંટણી લડતા હોય, તાલુકા પંચાયતમાં ત્રણ વર્ષ સુધી કામ કર્યુ હોય, જાહેર જીવનમાં પડેલી વ્યકિત આવી સુંદર રીતે કામગીરી કરતી હોય ત્યારે આ ગૃહમાં પાંચ સભ્યોમાંથી ચાર સભ્યો આવ્યા એમાં સ્વ. વશરામભાઈ ન હોય ત્યારે એક સાથી મિત્ર તરીકે મને ખૂબજ દુઃખ થાય છે. હું એમના ઘેર ગયો હતો, આપ પણ એમના ઘરે અગ્નિ સંસ્કાર દેવાનો હતો ત્યારે ગયા હતા. હજારોની સંખ્યામાં માનવ મેદની હતી. તે વખતે એમના વિશેની વાતો સાંભળીએ, અમે તો એમના ઘરે જઈને બેઠા છીએ જ્યાં પૂરી વ્યવસ્થા પણ ન હોય તેવા એક પ્રમાણિક માણસ આજે આપણી વચ્ચે નથી. એમની ખૂબ ખેવના હતી કે મારા વિસ્તારમાં હું પાણી લઈ આવીશ, રસ્તાઓ, આરોગ્ય વિશેના પ્રશ્નો હલ કરાવીશ. આપને ત્યાંથી શપથ લઈને સૌ પ્રથમ માનનીય મુખ્યમંત્રીશ્રીના આશીર્વાદ લઈને મારી પાસે આવ્યા હતા. અને માનનીય મંત્રીશ્રી રમણભાઈને પાસે આવ્યા હતા અને અમને કહેતા કે મારે આટલા આટલા કામો મારા વિસ્તારના કરાવવા છે. આવા એક સભ્યશ્રી આપણે ગુમાવ્યા છે એનું સૌને ભારે મોટુ દુઃખ છે.

સ્વ. શ્રી નરેન્દ્રસિંહજી જાડેજા મારા નજીકના સગા અને બનેવી પણ થાય. ગઈ વિધાનસભામાં તેઓ ધારાસભ્ય તરીકે રહી ચૂક્યા છે. વરસોથી કચ્છમાં ખૂબ સારી કામગીરી કરેલી છે. કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ તરીકે પણ તેઓ સેવા આપી ચૂક્યા છે. સહકારી ક્ષેત્રે પણ તેઓએ સારી કામગીરી કરી હતી. તેઓ કે.ડી.સી. બેંકના ચેરમેન પણ રહી ચૂક્યા છે. ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા તેઓમાં સૂઝ સારી હતી. એક નૉન મૅટ્રિક ભણેલા હતા તેમ છતાં ખૂબ ભણેલા હોય તેઓ તેમની પાસે અનુભવ હતો અને એ રીતે કામ કરતા હતા. તેઓએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે, તેઓએ ટૂંકી માંદગી બાદ આપણી વચ્ચેથી વિદાય લીધી છે ત્યારે એમના પરિવાર ઉપર ખૂબ દુઃખ આવી પડ્યું છે એ દુઃખ સહન કરવાની પ્રભુ શકિત આપે તેવી પ્રાર્થના કરીએ. કુલ નવ સભ્યશ્રીઓએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે ત્યારે એ સૌના કુટુંબીજનોને દુઃખ સહન કરવાની પ્રભુ શકિત અર્પે તેવી પ્રાર્થના અને આ દિલસોજીનો સંદેશો આપના દ્વારા એમના પરિવારજનોને પહોંચે તેવી વિનંતી કરું છું.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના નેતાશ્રી, આ ગૃહમાં આપણા ક્ષેત્રમાં રાજકીય અને સહકારી ક્ષેત્રમાં કામગીરી કરનાર નવ તારલાઓ ખરી પડ્યા છે એના માટે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે અને જેને વિરોધપક્ષના નેતાશ્રીએ અનુમોદન આપ્યું છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

સ્વ. બધા મિત્રો સાથે કામ કરવાનો મને અવસર મળ્યો નથી પરંતુ આમાંથી કેટલાક મિત્રો સાથે કામ કરવાનો મને અવસર મળ્યો છે. આ બધા મિત્રો આજે આપણી વચ્ચે નથી એ બધાને હું મારો સપોટ કે મારું અનુમોદન આપી મારી વાત કરી રહ્યો છું. આપણા મનમાં એમ થાય કે જે મિત્રો કામ કરે છે તે કેવું કામ કરે છે, જ્યારે કામ કરતા હોય એ દ્રશ્ય જોઈએ તો કલ્પના પણ ન આવે. વિસનગર તાલુકાના સ્વ. માનનીય જગન્નાથભાઈ વ્યાસ ચોથી વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. પણ જ્યારે ૧૯૭૫માં કટોકટી આવી એ કટોકટીમાં એટલા સક્રિય બનીને અમને બધાને તૈયાર કરતા હતા કે તમે બરાબર કામ કરો અને આ કટોકટીનો વિરોધ કરવો જોઈએ. આવા ધારાસભ્યો પણ આ વિધાનસભામાં આપણને જોવા મળતા હતા.

માનનીય નરેન્દ્રસિંહભાઈ ૧૧મી વિધાનસભામાં અહીં હતા અને મેં તો તેમને કામ કરતા જોયા છે અને એક વાત મારા ધ્યાનમાં આવી હતી કે જ્યારે કચ્છની વાત હોય ત્યારે ગમે તેવું કામ હોય તો એ પડતું મૂકીને પોતાની વાત કહેવા માટે ગૃહમાં દોડી આવતા મેં મારી નજરે જોયા હતા. હું કહેતો હતો કે આટલો બધો પ્રેમ આપને કચ્છને માટે છે? તો કહે કે હા સાહેબ, હું કચ્છ માટે જીવી રહ્યો છું. આવી વ્યકિત જે કચ્છ માટે કામ કરતી હોય, એ વિસ્તાર માટે કામ કરતી હોય એવી વ્યકિતઓ ઓછી જોવા મળે, નરેન્દ્રસિંહભાઈ એમાંના એક હતા. તો આ બન્ને મિત્રોને અને બાકીના તમામ ધારાસભ્યોને મારી હ્રદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપું છું. અહીં આપણી વચ્ચે નથી ત્યારે આપણને દુ:ખ થાય, ત્યારે ગૃહના નેતાશ્રી જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને અનુમોદન આપું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિધાનસભામાં જેમણે કામગીરી કરી છે તેવા જુદા જુદા ધારાસભ્યશ્રીઓના અવસાન પ્રસંગે શોકાંજલિ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું. મારે આ બધા જ ધારાસભ્યો પૈકી ભાઈશ્રી નરેન્દ્રસિંહ માધવસિંહ જાડેજા સાથે કામ કરવાનો લહાવો મળ્યો હતો. એ એવા પરિવારમાંથી આવતા હતા કે જે પરિવારની ત્રણ પેઢીઓ સામાજીક સેવાઓ સાથે જોડાયેલી હતી. નરેન્દ્રસિંહભાઈએ સહકારી ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે અને સામાજીક ક્ષેત્રે એમણે કરેલી કામગીરી આજે પણ યાદ રાખીએ છીએ. વિધાનસભામાં પણ જ્યારે જ્યારે મેં તેમને કચ્છના સંદર્ભમાં, અબડાસાના સંદર્ભમાં કોઈ પણ રજૂઆતો કરતા જોયા છે, ત્યારે તેમની રજૂઆતો અસરકારક રજૂઆતો હતી. એ ભારતીય જનતા પાર્ટીના સંગઠનાત્મક હોદ્દામાં અનેકવિધ કામગીરી કરીને પછી ધારાસભ્ય તરીકે ચૂંટાયા. એમ સંગઠનાત્મક દૃષ્ટિએ અને ધારાસભ્ય તરીકે બન્ને રીતે તેમની સાથે કામ કરવાનો અવસર મળ્યો છે. સામાજીક રીતે પણ ગુજરાતભરમાં અમારા સમાજના વિવિધ સંગઠનોમાં જ્યારે પણ મળવાનું થતું ત્યારે શિક્ષણના સંદર્ભમાં, રોજગારીના સંદર્ભમાં અથવા સામાજીક ઉત્કર્ષના સંદર્ભમાં નરેન્દ્રસિંહજીની કામગીરી ઉત્કૃષ્ટ રહી છે. ગૃહના માનનીય નેતાશ્રી જે શોકાંજલિ લઈને આવ્યા છે તેની સાથે બાકીના ધારાસભ્યોને શોકાંજલિ અર્પીએ છીએ તેમાં મારો સૂર પૂરાવું છું.

**શ્રી કાળુભાઈ વીરાણી (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક ઠરાવ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી બધા જ સ્વર્ગસ્થ ધારાસભ્યશ્રીઓને અને ખાસ અમરેલી જિલ્લાના ખોડીદાસભાઈ ઠકકર અમારા જિલ્લાના વતની હતા. તેમણે જીંદગીભર લોકોની સેવા કરી અને એમની નિષ્ઠા એટલી ઉંચી હતી કે એક જ વર્ષ પહેલાં અમારે રેલવેનો પ્રશ્ન હતો અને સાવરકુંડલા ૧૫મી ઑગસ્ટે આંદોલન કરતા હતા ત્યારે ૮૪ વર્ષની વયે એ આંદોલનમાં જોડાયા. એ વિસ્તારના પ્રશ્નો માટે સતત ચિંતા કરતા હતા. એમાંથી અનેક પ્રેરણાઓ લઈ શકાય તેવી તેમની કામગીરી હતી. એમના જીવનની જો વાત કરીએ તો લિલિયા ગામે લોટ દળવાની ઘંટી ચલાવતા હતા અને પતિ-પત્ની એમાંથી એનું ગુજરાન ચલાવતા હતા. ખેતી માટે એક વીઘો જમીન નહોતી, રહેવા મકાન નહોતું, છતાંય ધારાસભ્ય તરીકે એમની જે કામગીરી હતી, જે એમની સેવા હતી, તેમણે છેલ્લી ઘડી સુધી લોકો માટે જે કામગીરી કરી.એ આ ગૃહમાં ખરેખર ધારાસભ્યપદને ખૂબ ઉજાળે એવી કામગીરી સ્વ.શ્રી ખોડિદાસભાઈ ઠક્કરે કરી છે. હમણાં તાજેતરની ચૂંટણીઓમાં સૂરેન્દ્રનગરમાં સ્વ.શ્રી વશરામભાઈ ખોરાણીના ત્યાં ૧૦મી ડિસેમ્બરે એમના મત વિસ્તાર લાખણકા ગામે ગયો હતો ત્યારે આખા ગામના ભાઈઓ-બહેનો અને બાળકો જે શોકમગ્ન હતા, જે એમની લાગણી હતી એ એમના ચહેરા ઉપર દેખાતી હતી. એમના વિસ્તારના લોકોની એમણે લાગણી મેળવી હતી એ એના ઉપર દેખાતું હતું. કમનસીબે તેઓ આ ગૃહમાં આવી શક્યા નથી. સ્વ.શ્રી નરેન્દ્રસિંહ જાડેજા સાથે પાંચ વર્ષ સુધી કામ કરવાનો મોકો મળ્યો હતો. જે એમની રજૂઆતો હતી એમાં એકે એક ક્ષણનો જિંદગીભર ઉપયોગ કરવા પ્રયત્ન કર્યો છે. એવા દરેક ધારાસભ્યશ્રીઓને હું શ્રદ્ધાંજલિ આપું છું અને વિધાનસભાગૃહમાંથી એમના પરિવારજનોને શોકસંદેશો મોકલીને ઈશ્વર એમના આત્માને શાંતિ એવી પ્રાર્થના કરું છું.

**શ્રી વાસણભાઈ ગો. આહીર(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી સભ્ય સ્વ.શ્રી વશરામભાઈથી માંડીને સ્વ.શ્રી મેઘજીભાઈ મોથારીયા સુધીના નવ ધારાસભ્યશ્રીઓને શ્રદ્ધાંજલિ આપવા શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી વશરામભાઈથી માંડીને સ્વ.શ્રી મેઘજીભાઈ સુધીના સ્વ.ધારાસભ્યશ્રીઓએ પોતાનું એક જન પ્રતિનિધિત્વ તરીકેનું દાયીત્વ આ ગૃહમાં નિભાવ્યું છે. પોતાના જીવનમાં પ્રજાના પ્રતિનિધિ તરીકે સમાજે સોંપેલી કામગીરીને પૂરી નિષ્ઠાથી નિભાવી છે. સ્વ.શ્રી નરેન્દ્રસિંહનો જન્મ મારા કચ્છના નલિયા મુકામે ૧૯૫૪માં થયો હતો અને ૧૯૯૩માં જિલ્લાના પ્રમુખ બન્યા ત્યારે જિલ્લા ઉપપ્રમુખ તરીકે હું એમની સાથે હતો. સહકારી પ્રવૃત્તિ કરતાં કરતાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં એમણે અનેકવિધ હોદ્દાઓ નિભાવ્યા હતા.૨૦૦૨થી ૨૦૦૭ સુધી સન્માનનીય વિધાનસભાગૃહના સભ્ય તરીકે દાયીત્વ નિભાવ્યું હતું. એવા સ્વ.શ્રી મેઘ ાજીભાઈ મોથારીયાએ અમારા મુન્દ્રા વિસ્તારના ધારાસભ્ય તરીકે દલિતોના વિકાસ માટે કામગીરી કરી હતી એમને અને બીજા આઠ સ્વ.ધારાસભ્યશ્રીઓને શ્રદ્ધાંજલિ અર્પીને એમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આપત્તિને સહન કરવાની પ્રભુ શક્તિ આપે અને આ સભાગૃહ દ્વારા એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી ધીરસિંહભાઈ કરશનભાઈ બારડ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતાશ્રી જે શોક ઠરાવ લઈને આવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેમાં સૂર પુરાવ્યો છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં આજે નવ-નવ ધારાસભ્યશ્રીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી છે. એમાં ખાસ કરીને અમારા અમરેલી જિલ્લાના કોડીનાર વિસ્તારના આદરણીય અને મુરબ્બી સ્વ. ધારાસભ્યશ્રી ખોડિદાસભાઈ પાર્ટી લેવલે માર્ગદર્શક હતા અને ૧૯૭૬માં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ લડ્યા હતા. એક નિષ્ઠાવાન કાર્યકર તરીકે અમારા વિસ્તારમાં પણ જે તે વખતે ચૂંટણીઓ થઈ હતી એ વખતે પ્રયત્ન કરીને, મહેનત કરીને કોડીનાર તાલુકામાં કૉન્ગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટણીઓમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. એમણે છેલ્લા શ્વાસ સુધી લોકોપયોગી કામગીરી કરી છે એનો હું સાક્ષી છું. એમના દુ:ખદ અવસાનથી અમારા સાથી મિત્રોને મોટું નુકસાન થયું છે. આપના મારફતે એમના કુટુંબીજનોને શોકસંદેશો પાઠવવા આ ગૃહ જઈ રહ્યું છે એમાં પણ હું મારો સૂર પૂરાવું છું. કોડીનાર વિસ્તારના મારા સાથી મિત્ર બાળલંગોટીયા કહું તો પણ ચાલે, બે વર્ષ મારી સાથે અભ્યાસ કરતા હતા માનનીય પૂર્વ ધારાસભ્યશ્રી અરશીભાઈ કાનાભાઈ કામળીયાએ રમતવીર હતા, જીલ્લાકક્ષા અને રાજયકક્ષા સુધી રમતગમતમાં એમણે શીલ્ડ મેળવેલા હતા, એ દોડવીર હતા, સો મીટરથી માંડીને કિલોમીટર સુધીની રાજ્યકક્ષાની સ્પર્ધામાં પણ એમણે શીલ્ડ મેળવેલા હતા આવા મારા સાથીમિત્ર બક્ષીપંચના જે હમણાં તૈયાર થયું છે એ પહેલા કોળી સમાજ જે અમારા વિસ્તારમાં અતિ પછાત ગણાતો હતો ત્યારે ૧૯૮૦માં ધારાસભ્ય બનેલા અને ૧૦ વર્ષ સુધી આ તાલુકાના સમાજની પણ સેવા કરી છે અને દરેક સમાજને સાથે રાખીને ચાલીને પ્રયત્ન કરીને એમણે જે નામના મેળવી હતી, છેલ્લે છેલ્લે પણ મને મળ્યા ત્યારે મને એમ કીધું હતું કે આ એક વખત કૉન્ગ્રેસનો તાલુકા કૉન્ગ્રેસ પ્રમુખ બન્યા પછી મારા અથાગ પ્રયત્નો હતા, હું આમાં સફળતા મેળવી શક્યો નથી. મિત્ર એક વખત આ વખતે તું મને સફળતા અપાવ, અને એને એટલો બધો આનંદ થયો હતો કે આ વખતે મને સફળતા મળી છે, આ માણસે છેલ્લા શ્વાસ સુધી કોડીનાર તાલુકાના સામાન્ય માણસની પણ ચિંતા કરી છે અને દરેક બક્ષીપંચના તો નહીં પણ દરેક સમાજોને સાથે રાખીને એમણે કામગીરી કરી છે તો આપના મારફતે માનનીય મુખ્યમંત્રી અને માનનીય વિરોધપક્ષના નેતા જે શોકસંદેશો લાવ્યા છે એ તમામ સભ્યોને એમના આત્માને શાંતિ અર્પે અને એમના કુટુંબીજનો ઉપર આવી પડેલી મુશ્કેલીઓમાંથી એમને શાંતિ અપાવે એવી આપ સૌના મારફત પ્રભુને પ્રાર્થના.

**અધ્યક્ષશ્રી** : ગૃહના નેતા નવ જેટલા પૂર્વધારાસભ્ય અને તે પૈકીના એક વર્તમાન ધારાસભ્ય વશરામભાઈને શ્રદ્ધાંજલિ અર્પિત કરતો પ્રસ્તાવ લાવ્યા છે એને વિપક્ષના નેતાએ સમર્થન આપ્યું છે અને આ ગૃહના કેટલાક સભ્યોએ પણ પોતાના ભાવોને વ્યક્ત કરીને શ્રદ્ધાંજલિ અર્પિત કરી છે તેમાં હું જોડાઉ છું. આ સમગ્ર સદ્‌ગત લોકપ્રતિનિધિઓએ પ્રજાસેવા, લોકસેવા કરીને ગુજરાતના જાહેર જીવનને ઊજળું રાખવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યુ છે. શ્રી વશરામભાઈએ પોતાના ગામથી શરૂ કરેલી જાહેરજીવનની યાત્રા તાલુકાની સેવા અને તાલુકાની સેવાઓ કરીને પ્રાપ્ત કરેલી લોકચાહનાના પરિણામ સ્વરૂપે લોકપ્રતિનિધિ બન્યા. મારી પાસે આવીને એમણે સોગંદ લીધા, ત્યારે તેમના મનની અંદર અને તેમના દિલમાં અને ત્યાર પછી પણ એક કે બે વખત જ્યારે મને મળવા આવ્યા ત્યારે શ્રી વશરામભાઈની અંદર પોતાના મતવિસ્તારની અંદર વિવાદોના બદલે વિકાસ તરફ કઈ રીતે જવું એનું એ સતત ચિંતન કરતા હતા. અને એવું ચિંતન કરીને પોતાના મતવિસ્તારને એક સંપૂર્ણ સુવિધાપૂર્ણ વિસ્તાર બનાવવા માટેનો વિચાર કરતા કરતા એમણે આપણી સૌની વચ્ચેથી વિદાય લીધી છે. ત્યાર પછીના ધારાસભ્યશ્રીઓમાં શ્રી દલપતભાઈ, શ્રી ટપુભાઈ, શ્રી નટવરભાઈ અને ખોડીદાસભાઈ આ બધા મુરબ્બીઓ એ માત્ર જાહેર જીવનની અંદર આઝાદી પછી નહીં પણ આઝાદી પહેલાના કાળની અંદર જે લોકસંઘર્ષ અને સ્વાતંત્ર સંગ્રામની અંદર જે લોકલડતમાં જોડાયા હતા એના લોકપ્રતિનિધિત્વ કરતી ગુજરાત વિધાનસભાની પહેલી વિધાનસભાથી શરૂ કરીને જેમણે લોકપ્રતિનિધિત્વનો અને ગુજરાતની વિધાનસભાની શરૂઆત કરી હતી એવા કેટલાકને તો મેં પત્રો લખ્યા હતા અને પત્રોના જવાબમાં નટુભાઈએ મને કહ્યું હતું કે હું ચોક્કસ આવીશ.

કારણ કે નટવરભાઈ પટેલ એ ખેરાલુથી ચૂંટાયા હતા પણ મારી પડોશની પોળ નાગર ભગતની પોળમાં તેઓ રહેતા હતા. મહા ગુજરાતના આંદોલનમાં તેઓ હંમેશા એટલા જ સક્રિય રહ્યા હતા. ખોડીદાસભાઈ સાથે અહીં કામ કરવાનો અવસર મળ્યો હતો અને સાચા લોક પ્રતિનિધિ કેવા હોય એનું પાઠ્ય પુસ્તક હતા. એમની પાસેથી શીખી શકાય કે લોક પ્રતિનિધિ કેવા હોઈ શકે. એવી રીતે અન્ય સભ્યશ્રીઓ સાથે કાર્ય કર્યું એવા નરેન્દ્રસિંહ હતા. તેમની સાથે કચ્છના પ્રભારી તરીકે અનેક દિશાઓમાં કામ કર્યું અને છેલ્લા દિવસોમાં સ્ટર્લિંગ હૉસ્પિટલમાં લાવ્યા ત્યારે એ કોમામાં જતા રહ્યા હતા. ક્યારેક ક્યારેક એવું લાગતું હતું કે ફરી પાછું એમને નવજીવન પ્રાપ્ત થશે. પરંતુ કમનસીબે એ થઈ શક્યું નહીં. આ બધા જ સદ્ગત લોક પ્રતિનિધિઓએ ગુજરાતના વિકાસ માટે પોતાના મત વિસ્તાર માટે જે પરિશ્રમ કર્યો છે એ પરિશ્રમ આપણા સૌના માટે એક ઉદાહરણરૂપ છે. હું આ સભાગૃહના સૌ સભ્યો વતી એમને શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું અને એમના કુટુંબીજનો પ્રત્યે આવી પડેલી આપત્તિ સહન કરવાની સહાનુભૂતિ વ્યક્ત કરતી મારી લાગણી રજૂ કરું છું. આપણે સૌ બે મિનિટનું મૌન પાળીશું.

**(આ તબક્કે સદ્ગતોના માનમાં સમગ્ર સભાગૃહે ઊભા થઈ બે મિનિટનું મૌન પાળ્યું)**

## સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગેનો પ્રસ્તાવ

### વિદ્યમાન ધારાસભ્ય સ્વ.શ્રી વશરામભાઈ હ.ખોરાણીના અવસાન અંગે

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્ય સ્વ.શ્રી વશરામભાઈ ખોરાણીના અવસાનના માનમાં આપણી પ્રણાલિકા મુજબ સભાગૃહનું આજનું કામકાજ મુલતવી રાખવાની હું દરખાસ્ત કરું છું.

**શ્રી ઈકબાલ પટેલ (વિરોધ પક્ષના દંડકશ્રી)** : દરખાસ્તને અમે ટેકો આપીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : સદ્ગતના અવસાનના માનમાં સભાગૃહનું આજનું કામકાજ મુલતવી રાખવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૨-૦૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૧૮મી ડિસેમ્બર,૨૦૦૯ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર તા. ૧૮મી ડિસેમ્બર, ૨૦૦૯**
**પોષ ૨, ૧૯૩૧ શાકે,**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

## ટૂંકી મુદતના પ્રશ્નો

### દાહોદ જિલ્લામાં અપૂરતા વરસાદને કારણે રોજીરોટી માટે થતું સ્થળાંતર રોકવા સરકારે લીધેલાં પગલાં

**ટૂં. મુ. ૧૨ શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ચાલુ સાલે દાહોદ જિલ્લામાં અપૂરતા વરસાદને કારણે રોજી રોટી મેળવવા મોટા પાયે સ્થળાંતર થઈ રહ્યું છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આવું સ્થળાંતર અટકાવવા નેશનલ રોજગાર ગેરંટી યોજના હેઠળ તાકીદે રોજીરોટી આપવા સરકારે શું કાર્યવાહી કરી?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી છતાં નેશનલ રોજગાર ગરંટી યોજના હેઠળ કામની માંગણીને પહોંચી વળવા પૂરતું આયોજન કરવામાં આવેલ છે.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે દાહોદ જિલ્લામાં અપૂરતા વરસાદને કારણે મોટા ભાગના લોકો સ્થળાંતર કરી ગયા છે. રોજી રોટી માટે ગામડાં ખાલી થઈ ગયાં છે. બીજી બાજુ પાણીનો પણ પ્રશ્ન વિકટ બન્યો છે. સરકાર કહે છે કે દૂષ્કાળ જાહેર કરી ન શકાય, પાણી પૂરતું છે. આપની કેન્દ્ર સરકારની રોજગાર ગેરંટી યોજનાનો બરાબર અમલ થતો નથી. હજારો અરજીઓ તાલુકામાં પેન્ડીંગ પડી છે. જે અરજીઓ આવે છે તેમાં છ છ મહિના સુધી કામો મંજૂર થતાં નથી. પરિણામે ના છુટકે લોકોને સ્થળાંતર કરવું પડે છે. જે લોકો કામ કરે છે તેમને કામ કર્યા પછી પણ મહિનાઓ સુધી પગાર થતો નથી. આ બાજુ પાણીના તળ પણ ઉંડાં ગયાં છે અને ખેડૂતો કુવા કરીને બેઠા છે. ત્યારં સરકાર ઉપર બોરી બંદ અને પાણી રોકવાની વાતો કરે છે. આટલી ગંભીર સમસ્યા હોવા છતાં કોઈ જોનાર નથી. તો આ એક જ યોજના જે અમારા લોકોના જીવનનો આધાર છે કેન્દ્ર સરકારની રોજગાર ગેરંટી યોજના, તો આ યોજનામાં સમયસર માગણી કરે એટલે કાયદાની જોગોવાઈ પ્રમાણે ૧૫ દિવસમાં કામ આપે તેવી જોગવાઈ આ સરકાર કરવા માગે છે કે કેમ? બીજું કે પાણીના તળ ઉંડા ગયાં છે અને અમે બુમો પાડીએ છીએ કે કૂવા ઉંડા કરવાની જરૂર છે. તો એ કૂવા ઉંડા કરવાના કામની ખાતરી આ સરકાર આપવા માગે છે કે કેમ? અને ત્રીજી વાત કે આ યોજના મુજબ સમય મર્યાદામાં રોજગારી મળતી નથી તો સમયસર પગાર આપવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં વરસાદ આ વર્ષે ઓછો પડયો છે તે બાબતમાં માનનીય સભ્યશ્રીની વાત છે તે સૌ જાણે છે. પરંતુ સરકારના ખ્યાલ બહાર છે તેવું ધારવાની જરૂર નથી. કારણ કે સરકારે આગોતરું આયોજન કર્યુ છે. અને ત્યાં વરસાદનું પ્રમાણ ઓછું છે પરંતુ ત્યાં અછત જાહેર કરી શકાય તેવી સ્થિતિ નથી. એ પણ હકીકત છે. સરકાર નારેગા યોજના દ્વારા આવતી રકમ અને ગુજરાત સરકાર દ્વારા જે પગલાં લેવાના છે એમાં હું આ સભાગૃહનું ધ્યાન આપશ્રી મારફત દોરવા માગું છું કે ગયા વર્ષે ૩૦ કરોડ રૂપિયાનું બજેટ દાહોદ માટે બનાવ્યું હતું, પરંતુ ખબર પડી કે વરસાદનું પ્રમાણ ઓછું છે. એટલે તેનાથી પાંચ ગણું બજેટ બનાવ્યું છે ગઈ સાલ ૪૨ કરોડ રૂપિયા નારેગામાં ખર્ચ કર્યો હતો આ વર્ષે અત્યાર સુધીમાં ૬૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને લોકોને રોજગારી આપી છે. હવે ડિસેમ્બર થી માર્ચ સુધીમાં જે બજેટ બનાવ્યું છે એમાં ૧૫૮ કરોડ રૂપિયાનું બજેટ બનાવ્યું છે. એટલે સભ્યશ્રી એવું કહેવા માગતા હોય કે સરકારના ખ્યાલમાં નથી તો એ બરાબર નથી. એમના પૂરક પ્રશ્નના જવાબમાં મારે એ કહેવું છે કે ૧૫૬૭૬ કામો દાહોદ જિલ્લામાં હાથ ઉપર લીધા છે. ૬૬ કરોડ ૯૪ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. આયોજનમાં હજુ પણ અમે ૭ હજાર કામો હાથ ઉપર લેવાના છીએ. એમણે બીજી વાત એ કરી કે ત્યાં પાણીની વ્યવસ્થા કરવાની જરૂર છે. વરસાદ ઓછો પડયો છે તે વાત સાચી છે. છતાં પણ મેં ખેતીવાડી ખાતાના આંકડા મેળવ્યા હતા એ જોઈએ તો વોટરબોડી બનાવવા માટે, પાણીનું કન્ઝરવેશન કરવા માટે અને રીચાર્જ કરવા માટે જે વ્યવસ્થા આપણે કરી હતી તેનો લાભ આપણને મળ્યો છે. એટલા માટે ખરીફ પાક જેટલો ઉતરવાની ધારણા હતી એટલો જ પાક ઊતર્યો છે. આ ઉપરાંત રવિ પાકની વ્યવસ્થા છે એમાં ગઈ સાલ ૧ લાખ ૧૦ હજાર ૭૦૦ હેકટરમાં વાવેતર કરવામાં આવ્યું

હતું એના કરતાં આ વરસે સિંચાઇની વધારે સગવડ હોવાને કારણે ૧ લાખ ૧૬ હજાર ૫૦૦ હેકટરમાં વાવેતર થયું છે. એનું કારણ વોટર બોડી બનાવવાને કારણે રીચાર્જીંગ થયું એના કારણે ખેડૂતો શિયાળુ પાક લઈ શકે છે.

બીજી વાત માનનીય સભ્યશ્રીએ કરી કે કામોની મંજૂરી મળતી નથી. તો કામોની મંજૂરી માટે તપાસ કરીને ચોક્કસપણે બજેટની મર્યાદામાં રહીને અથવા તો બજેટની મર્યાદા કરતાં વધારે કામોની મંજૂરી આપવાની થશે તો જરૂર જણાય ત્યાં એ પણ કરીશું.

કૂવાની વાત અહીંયા કરવામાં આવી છે. કૂવાઓ ખોદવામાં આવ્યા છે પરંતુ પાણી મળતું નથી. અહીંયા કૂવા આધારિત ખેતી છે એ સરકાર જાણે છે. દાહોદ જિલ્લામાં ખેતી માટે સિંચાઇની વ્યવસ્થા કરવી હોય તો એ કૂવાઓ મારફતે જ થઈ શકે તેથી આપણે આયોજન મંડળ દ્વારા, ટ્રાયબલ દ્વારા કે બીજી કોઈ યોજના દ્વારા કૂવાઓ ખોદયા છે એમાંના મોટા ભાગના કૂવા ડ્રાય થયા છે, એને ઊંડા કરવાની ખેડૂતોની માગણી આવી છે. એની અંદર પરિસ્થિતિ એવી છે કે બે યોજના ઓવરલેપ થવાને કારણે અધિકારીઓમાં હિચકિચાટ થાય છે. તેથી અમે નક્કી કર્યુ છે કે કૂવા એ સરકારની સંપત્તિ છે એટલે જે સ્થિતિમાં હોય ત્યાંથી ઊંડા કરાવવા આવશ્યક છે એટલે અધિકારીઓને સૂચના આપી છે કે એનું સ્ટેટસ તૈયાર કરીને ફોટોગ્રાફી કરીને મેજરમેન્ટ લઈને નરેગા યોજનામાં આ કૂવા ઊંડા કરવા. આ વરસે અમે પાંચ હજાર કૂવાઓ ખોદવા માટે હાથમાં લીધા છે. ૫૯૧ કૂવા પૂરા કર્યા છે. ૧૧૦૦ જેટલા કૂવાઓનું કામ ચાલુ છે. હજી મારા ધ્યાનમાં આવ્યું છે કે પાંચ હજાર કૂવાઓ પૂરા કર્યા પછી પેલા કૂવા શરૂ કરવા તેવું કહેવામાં આવે છે. અમે આનો રીવ્યુ કર્યો છે. જો બધા ખેડૂતો તૈયાર હોય તો આ બધા કૂવાઓ એક સાથે ખોદાય એના માટે સરકાર રાજી છે.

**શ્રી તુષારસિંહ ક. મહારાઉલ** : હું આપની મારફત મંત્રીશ્રીને એક પ્રશ્ન પૂછવા માગું છું અને આપના દ્વારા સરકારને એક સૂચન પણ કરવા માગું છું. નરેગા યોજનાની વાત અહીંયા કરવામાં આવી. દાહોદ જિલ્લામાં કૂવા ઊંડા કરવાની પણ વાત કરવામાં આવી. પરંતુ મારા જિલ્લામાં નરેગાની અંદર બીજા કયા કયા પ્રકારના કામો લઈ શકાય એની અમારે વિગતો જોઈએ છે. એમાં અમુક વખત દાહોદ જિલ્લામાં કામો ચાલતા હોય એ ગોધરા જિલ્લામાં લેવામાં આવતા નથી. એટલા માટે નરેગા યોજના નીચે કયા કયા પ્રકારના કામો હાથ ઉપર લઈ શકાય છે. કૂવાઓ તો છે એ સિવાય બીજા કામોની જાણકારી આપે.

બીજું માનનીય મંત્રીશ્રી તથા ઊર્જા મંત્રીશ્રીને સૂચન છે. માનનીય સભ્યશ્રી બચુભાઈએ રજૂઆત કરી કે રોજીરોટી મેળવવા માટે અમારા વિસ્તારના લોકોને બીજા વિસ્તારમાં જવું પડે છે. એનું બીજું એક કારણ એ પણ છે કે અમારા વિસ્તારમાં શિયાળામાં ઓછા પાણીના કારણે ખેડૂતો ખેતી કરી શકતા નથી. સરકાર થ્રીફેઈઝ લાઈન આપે છે. એમાં બે ત્રણ વર્ષની રાહ જોવી પડે છે. એટલા માટે અમારી રજૂઆત છે કે સીંગલ ફેઈઝમાં દોઢ કે બેની મોટરની પરવાનગી આપે તો ખેડૂતો થોડી ઘણી ખેતી કરીને રોજી રોટી મેળવી શકે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : દાહોદ જિલ્લામાં જે કામગીરી ચાલે છે એની વિગતો માગી છે. હું આપનું ધ્યાન દોરું કે રાજયમાં બે લાખ ચાર હજાર ૭૯૫ કુટુંબોને જોબકાર્ડ આપીને કામો આપવાની તૈયારી કરી છે. ૬૬૭૧૮ કુટુંબોને રોજગારી આપી છે. ૨૩ લાખ ૯૧ હજાર માનવદિન રોજગારી ઉત્પન્ન થઈ છે. ૯૯૦૪ જેટલા વિવિધ પ્રકારના કામો ચાલુ કર્યા છે.જેમાં એ કામના પ્રકારમાં તળાવો ઉંડા કરવાની કામગીરી ઉપરાંત ફળિયાઓને જોડતા રોડ, કારણ કે આદિવાસી વિસ્તારો છે એટલે ફળિયા છે. ફળિયાને જોડતા રોડ, જૂથ કૂવાઓ બનાવવામાં આવે છે. વ્યકિતગત કૂવાઓ બનાવવામાં આવે છે. જમીનનું લેવલીંગ કરવામાં આવે છે. સંરક્ષણ દિવાલો બનાવવામાં આવે છે. ચેકવોલ બનાવવામાં આવે છે, ચેકડેમ બનાવવામાં આવે છે. ઉપરાંત શોષખાડા બનાવવામાં આવે છે. આ પ્રકારના કામ અને તે ઉપરાંત પણ જે અમે લઈ શકીએ એવા કામો અમે કરીએ છીએ. આ પ્રમાણે દાહોદ જિલ્લામાં આ બધી કામગીરી સંભાળવામાં આવે છે. મારે ગૃહનું ધ્યાન દોરવું છે કે ગુજરાત ભરમાં ગઈ સાલે ૧૯૬ કરોડનું કામ..

**અધ્યક્ષશ્રી** : આપ દાહોદ જિલ્લા પૂરતા મર્યાદિત રહીને એટલો જ જવાબ આપો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : તેમનું સૂચન એવું આવ્યું કે જે મારા ખાતાનું નથી. કૂવામાં પાણી ખેંચવાનું છે, તેમાં જે મોટી મોટરો મૂકવાની અગર તો નાની મોટરો મૂકવાની માગણી છે, એ પણ મારા પરવ્યુમાં ન હોવાને કારણે એ સૂચન હું મંત્રીશ્રી પાસે પહોંચાડીશ.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કબૂલ કર્યું કે અપૂરતા વરસાદને કારણે દાહોદ અને પંચમહાલમાં રોજી-રોટીનો ભયંકર પ્રશ્ન છે. આપના મારફત જાણવા માગું છું કે ઈ-ધરા આવ્યા પછી આજે છેલ્લા પાંચ વર્ષથી કોઈ પણ ગામે પાણી પત્રક થતું નથી. ભૂતકાળમાં અર્ધ અછત અને અછત જાહેર થતી હતી. તે આનાવારીને કારણે, આજે મને ગૃહને જણાવતાં દુ:ખ થાય છે કે છેલ્લા ચાર-પાંચ વર્ષથી, અને જિલ્લાના કલેકટરોએ પણ જે તે ગામે મુલાકાત લીધી નથી. તેના કારણે આજે આનાવારી ન થવાને કારણે પંચમહાલ અને દાહોદ જિલ્લો આજે અર્ધ અછત અને અછતના મુખમાં સપડાયેલો છે. આજે લાખો લોકો દાહોદ અને પંચમહાલ જિલ્લો છોડીને રાજકોટ અને સુરત મુકામે જાય છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો.

**શ્રી સી.કે. રાઉલજી** : તો મારો પ્રશ્ન એ છે કે નવેસરથી આનાવારી કરીને પાણીપત્રકના અનુસંધાનમાં ભલે આ સાલ વરસાદ થયો નથી. પાણીપત્રક કરી, આનાવારી કરી અને સરકાર અર્ધ અછત અને અછત જાહેર કરવા માગે છે કે કેમ? બીજી વસ્તુ એ કે માનનીય સભ્યશ્રીએ કહ્યું કે આજે પણ પંચમહાલ જિલ્લામાં જે પંચમહાલ ડિસ્ટ્રિક્ટ બેંક બંધ થવાને કારણે જે અમારા ઉદ્યોગો સ્થપાતા હતા એ બંધ થઈ ગઈ છે. એ પણ પાયાની સહકાર દ્વારા ચાલતી સંસ્થા છે. પાંચ વર્ષથી બંધ છે.

**અધ્યક્ષશ્રી** : ડિસ્ટ્રિક્ટ બેંકનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી સી.કે. રાઉલજી** : એને સંલગ્ન છે. લાખો રૂપિયાની થાપણ ગરીબ આદિવાસીઓના જમા છે. એ સરકારની નૈતિક ફરજ છે. તેમ છતાં બેંક ચાલુ કરતા નથી. આ અમારો મોટામાં મોટો પ્રશ્ન છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી,.. બેંકનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી સી.કે. રાઉલજી** : તેના કારણે રોજી-રોટી મળતી નથી.

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન દાહોદ જિલ્લાનો છે. સી.કે..(અંતરાય)

**શ્રી સી.કે. રાઉલજી** : અર્ધ અછત અને અછત જાહેર કરવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : સી.કે. આપ બેસી જશો, સી.કે., આપ બહુ સિનિયર મેમ્બર છો. આ પ્રશ્ન દાહોદની પાણીની અછત અંગેનો છે. આપ તેની બાજુના જિલ્લાના છો. મેં આપને અનુમતિ આપી પણ ડિસ્ટ્રિક્ટ બેંકનો પ્રશ્ન આમાં ન આવે એટલું આપ સમજો છો અને આ અંગે ના પાડવા છતાં ઉપસ્થિત કરો છો. માત્ર દાહોદ જિલ્લાને લગતો છે એટલો જવાબ આપો. (અંતરાય)

**શ્રી સી.કે. રાઉલજી** : મારે એટલા માટે..

**અધ્યક્ષશ્રી** : મારે કોઈ ખુલાસા જોઈતા નથી. બેસી જાવ. એને સ્પર્શતો પ્રશ્ન જ નથી. બેસી જાવ. (અંતરાય) તમે પણ કેવી રીતે? તમારે બેસાડવા જોઈએ. આ પ્રશ્ન અછતનો છે. અછત ઉપર નથી બોલ્યા, મેં પૂરું સાંભળ્યું છે. આપ સ્ક્રીપ્ટ જોઈ લો. (અંતરાય)

**શ્રી સી.કે. રાઉલજી** : એક ગામમાંથી કેટલા લોકોએ સ્થળાંતર કર્યું છે. એક ગામમાંથી ૮૦ ટકા લોકોએ જો સ્થળાંતર ન કર્યું હોય તો આજે જાહેર જીવન છોડવા તૈયાર છું. (અંતરાય)

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ, ગોધરા અને પંચમહાલમાંથી..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, તેમણે એક ગામમાંથી ૮૦ ટકા સ્થળાંતર કરવાનું કહ્યું છે. આપ તેમને કયા કયા ગામમાંથી કેટલું સ્થળાંતર થયું છે તેની વિગતો હોય તો પછીથી મોકલાવજો. ૮૦ ટકા કરતાં વધારે..(અંતરાય) મેં માહિતી આપવાનું કહ્યું છે. ૮૦ ટકાના સ્થળાંતરનું કહ્યું તો માહિતી મેળવવા કહ્યું છે. મેં સભ્યશ્રીને સપોર્ટ કર્યો છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એમને જવાબ આપું કે દાહોદ જિલ્લામાંથી પરંપરાગત રીતે વર્ષોથી લોકો કડિયા કારીગરો સેન્ટીંગના કારીગરો, હર હંમેશ પોતાના વતનમાં શિયાળુ પાક પૂરો લીધા પછી એ લોકો ગુજરાતના અન્ય વિભાગમાં સારી રોજી મળતી હોઈ તે લોકો ત્યાં જાય છે. આ સ્થળાંતર નથી. અને દાહોદમાં ૮૦ ટકા સ્થળાંતર થયું હોય તો એ અગર તો હું બંનેમાંથી કોઈ પણ જાહેર જીવન છોડવા તૈયાર છીએ.

**અધ્યક્ષશ્રી** : પડકારો (સતત અંતરાય) નેકસ્ટ

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : આઈ એમ રેડી. ગામોના નામ આપો એ ગામની જવાબદારી અમે લેવા તૈયાર છીએ. (અંતરાય)

**શ્રી સી.કે. રાઉલજી** : તમે બસોની અંદર અમદાવાદ કેટલા ઉતરે છે, રાજકોટ કેટલા ઉતરે છે એની સંખ્યા ગણો.

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર ઓર્ડર ( સતત અંતરાય ) ઓર્ડર ઓર્ડર આપ કહો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે ગુજરાતમાં કમનસીબે વરસાદ ઓછો થયો છે. આ વસ્તુને લાઈટલી લેવાના બદલે હું માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવા માગુ છું સો ટકા સેન્ટ્રલ ગવર્નમેન્ટની નરેગા યોજના સિવાય સરકાર શું કરવા માગે છે ગુજરાતની સરકાર? ઘાસ, પીવાનું પાણી, પશુધનને બચાવવા માટે અને આ સંજોગોમાં જયારે વરસાદ ઓછો થયો છે, અછત અને અર્ધઅછત, આપે જાહેર વહેલામાં વહેલી તકે કરવી જોઈએ એના બદલે આપણે એવી વાત કરીએ છીએ કે અછત જાહેર કરી શકાય, અર્ધઅછત જાહેર કરી શકાય એવી પરિસ્થિતિ નથી. માનનીય મંત્રીશ્રી ગ્રામ્ય વિસ્તારમાં અહીંના આપણા ગૃહના બંને પક્ષના સભ્યશ્રીઓને આપ પૂછશો તો ખ્યાલ આવશે, આપ અંગત રીતે, હું તો માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ આપના મારફત વિનંતી કરીશ કે જે ગુજરાતની પરિસ્થિતિ છે એમાં બંને પક્ષના સભ્યશ્રીઓને અને સામાન્ય માણસને પૂછે, અછત અને અર્ધઅછત જાહેર કરવી પડે એવી પરિસ્થિતિ છે. માનવતાના ધોરણે કામ કરવા પડે એમ છે ત્યારે રાજકીય રીતે તંત્રનો બચાવ કે બીજી બાબતમાં પડવાના બદલે આ બાબતમાં કંઈ સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે નિશ્ચિત કરેલા નિયમો પ્રમાણે ચાર ઈંચથી ઓછો વરસાદ પડે અથવા તો એટલો વરસાદ પડે તો અછત આવે છે. હું એમનું ધ્યાન દોરું છું. વરસાદના પણ મારી જોડે આકડા છે.

**અધ્યક્ષશ્રી** : આપ દાહોદ જિલ્લા પૂરતા જ જવાબ આપો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : એના માટે જ કહુ છું. હું દાહોદનું જ બોલું છું. ૬૫૦ મિલિમીટર એટલે લગભગ ૨૫ ઈંચ વરસાદ એ દાહોદનો એવરેજ વરસાદ હોય છે. ૪૩૯ મિલિમીટર વરસાદ દાહોદનો થયો છે. ૧૭ ઈંચ વરસાદ થયો છે એટલે ત્યાં અછત જાહેર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ..

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શકિતસિંહજીએ જે બીજો પ્રશ્ન પૂછયો, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, શકિતસિંહે કહયું કે બીજું સરકાર કંઈ કામ (અંતરાય ) સાંભળો સાહેબ મારો જવાબ પૂરો કરવા દો. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.. નેકસ્ટ.. પ્રશ્ન ક્રમાંક: ૨૯

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી મારો પ્રશ્ન ક્રમાંક: ૨૯ .. (સતત અંતરાય)

**શ્રી સી.કે. રાઉલજી** : તમે જાતે કબૂલ કરો છો. સતત અંતરાય

**અધ્યક્ષશ્રી** : મેં જેટલા સંબંધીત પ્રશ્ન હતા એટલા એલાઉ કર્યા છે આપ બેસી જશો. માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી..

**શ્રી સી.કે. રાઉલજી** : સાહેબ આનાવારી થતી નથી. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એક રેકોર્ડ સ્ટેટ રાખવા માટે બહુ ગંભીર વાત છે કે માનનીય સભ્યશ્રીએ કહયું કે ૮૦ ટકા ગામડાના લોકોએ હિજરત કરી છે તો એ ૮૦ ટકાના ગામના નામ આપે સભ્યશ્રી, જયારે જવાબદાર સભ્ય તરીકે આવું સ્ટેટમેંટ કરે છે. આજે ૮૦ ટકા ગામડામાં જે હિજરત કરી છે એવી વાત છે એ ગામડાના નામ આપે. ( સતત અંતરાય )

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સભ્ય પાસે માહિતી માગે છે, આપણે તો ભૂતકાળમાં કેટલું બધું બોલ્યા છીએ પણ કયારેય આ રીતે નથી કહયું. પ્રશ્નોત્તરી દરમિયાન (સતત અંતરાય) અને સભ્ય પાસે માહિતી હોય આંસુથી લોટ બાંધે છે. (સતત અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : (સતત અંતરાય) માહિતી આપવી પડે, આપ સીનીયર સભ્યો છો. ગુજરાત રાજયના કોઈપણ જિલ્લામાંથી ૮૦ટકા ગામડાના લોકો જો હિજરત કરતા હોય તો આવી વાત કરી છે. જવાબદારીપૂર્વક પ્રશ્ન ઉઠાવવો જોઈએ. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.. માનનીય મંત્રીશ્રી, મેં આપને કહયું કે એમણે જયારે ૮૦ ટકાનું કહયું એ જ વખતે મેં કહયું હતું. માનનીય સભ્યશ્રીએ ૮૦ ટકા સ્થળાંતરીતની વાત કરી ત્યારે મેં ખૂબ જ ગંભીરતાથી લીધું અને એ અંગે ઉંડી તપાસ કરવાનું કહયું અને આ હું સભ્યશ્રીને પણ કહું છું કે તમારી પાસે માહિતી જો હોય,કે ૮૦ ટકા (અંતરાય) નહીં, આપવી પડે. કારણ કે જવાબદારીપૂર્વક આપણે બોલ્યા છીએ એટલે આપણે આપવી જ પડે. કારણ કે તમે પોતે પણ એને પડકાર રૂપે લીધો છે તો એ માહિતી આપવી પડે. તમે પણ માહિતી મેળવો અને ત્યારપછી આ સભાગૃહને આપશો.

**રાજ્યમાં પીવાના પાણીની તંગી**

ટૂં.મુ.-૨૯**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજ્યમાં ચાલુ સાલે અપૂરતા વરસાદના કારણે કયા કયા જિલ્લામાં પીવાના પાણીની તંગી ઊભી થઈ છે, અને

(૨) આગામી ઉનાળામાં ઉક્ત વિસ્તારોમાં પીવાનું પાણી સરળતાથી મળી રહે તે માટે સરકારે કયા પ્રકારનું આયોજન કરેલ છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) ચાલુ વર્ષે રાજ્યમાં અપૂરતા વરસાદને કારણે કોઈપણ જિલ્લામાં હાલની સ્થિતિએ પીવાના પાણીની તંગી ઊભી થઈ નથી.

(૨) ચાલુ વર્ષે કોઈપણ જિલ્લામાં પીવાના પાણીની તંગી ઊભી થઈ નથી. પરંતુ લાંબા ગાળાના આયોજન તરીકે નર્મદા તથા અન્ય સરફેસ સોર્સ આધારિત યોજનાના અમલીકરણથી ૧૦૦૪૯ ગામોને આવરી લેવાયેલ છે અને ૩૧૫૩ ગામોને આવરી લેવાની કામગીરી પ્રગતિમાં છે અને ૧૨૪૭ ગામોને આવરી લેવાનું આયોજન છે. ઉપરાંત જે કોઈ વિસ્તારમાં પીવાના પાણીની તંગી જણાય તો ત્યાં નવીન બોર, પમ્પીંગ મશીનરી બદલવી, યોજના સુધારણાની કામગીરી, નવા હેન્ડપંપ બનાવવા વિગેરે વ્યવસ્થાનું આયોજન છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ સાલે વરસાદ અપૂરતો છે. સરકાર બહુ લાઈટલી લે છે કે પીવાના પાણીની કોઈ તકલીફ નથી. પરંતુ સરકારને ગામડાની પરિસ્થિતિનો ખ્યાલ નથી. આજે ગામડાઓમાં જે અરજીઓ આવે છે, ગામડાઓમાંથી તાલુકા મથકે જે અરજીઓ પીવાના પાણી માટેની આવે છે એની સરકાર પાસે લેટેસ્ટ માહિતી નથી. મારા તાલુકાની વાત કરું તો આજે બોર થઈ શકતા નથી. કારણ કે બોર માટેના મશીનના ભાવ સરકારે જૂના રાખ્યા છે. એક મિટરના ૧૪૯ રૂપિયા છે. એના લીધે બોર થતા નથી. લોકોની એટલી બધી ફરિયાદ છે કે તાલુકાના સભ્યો મારફત અને જિલ્લાની સંકલન સમિતિમાં પીવાના પાણીના પ્રશ્નો ઊઠે છે. સરકાર આની તપાસ કરાવે. પીવાના પાણી માટે ખૂબ તકલીફ છે. મારા તાલુકામાં આજે ૯૦ ટકા તળાવો ખાલી છે. તમામ હેન્ડપંપ લગભગ સુકાઈ જવાની પરિસ્થિતિએ છે. ઉનાળામાં જે સ્થિતિ હોય એવી પરિસ્થિતિ આજે છે. આયોજન કરીને હેન્ડપંપ અથવા બોર કરીને મોટરો મૂકવી જોઈએ એવું મારું સરકારને સૂચન છે. મેં સંકલનમાં પ્રશ્ન પૂછ્યો ત્યારે સરકાર એમ કહે છે કે એસ.કે. ૪ યોજના હેઠળ ૭૮૧૯ લાખ ૮૮ હજાર કરોડ રૂપિયાનું આયોજન કરેલ છે. આ વાત છેલ્લા ચાર વર્ષથી અમે સાંભળતા આવીએ છીએ. આજ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. સાથોસાથ વન બંધુ યોજનામાં ઘેર ઘેર પાણી આપવાની યોજના હતી એમાં પણ કોઈ પ્રગતિ થઈ નથી. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આપ તાલુકા અને જિલ્લા મથકેથી માહિતી મગાવો અને ક્યાં ક્યાં પીવાના પાણીની મુશ્કેલી છે અને શું કરવા માગો છો એની માહિતી આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે જ્યાં જ્યાં વરસાદ ઓછો થયો છે, રાજ્યના એવા તમામ વિસ્તારોમાં સ્વભાવિક તળાવોના પાણી ઓછાં છે. પરંતુ આ રાજ્ય સરકારે કૂવાઓ, હેન્ડપંપો અને એની સાથે વધારાના નર્મદા અથવા તો અન્ય જૂથ યોજના આધારિત સરફેસ વોટર સપ્લાય આપવાનું મોટા પ્રમાણમાં ચાલું કર્યું છે. માનનીય સભ્યશ્રીએ જે શરૂઆતમાં પ્રશ્ન કર્યો કે એસ.કે.૪ યોજના, આ એસ.કે. ૧,૨,૩ અને ૪ માટેનું આયોજન કર્યું છે એમાં સાબરકાંઠા જિલ્લાના કુલ જે ગામો છે એ ગામોમાં મોટાભાગના ગામોમાં ૧૩૭૨ ગામોમાંથી ૯૫૬ ગામોમાં અમે નર્મદા અને સુજલામ્-સુફલામ્ પાઈપલાઈન દ્વારા પીવાનું પાણી આપવાનું આયોજન કરી દીધું છે. જેમાં એસ.કે. ૧ યોજના માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે ગયા વર્ષે લોકાર્પણ કરવામાં આવી. હિંમતનગર, ભીલોડા, પ્રાંતિજ તાલુકાના ૨૩૬ ગામોનું આયોજન હેઠળ જોડાણ આપી દીધું છે. જ્યારે આ પ્રશ્ન આવ્યો ત્યારે મેં તપાસ કરી તો મોટાભાગના ગામોમાં અત્યારે સ્થાનિક સોર્સ અવેલેબલ છે. પાણી મળી રહ્યું છે. એટલા માટે સરપંચો પોતે નર્મદાનું પાણી લેતા નથી. ઈવન હિંમતનગર શહેર કે જેને માટે અમે નર્મદાના પાણીની જોગવાઈ કરી દીધી છે પણ હિંમતનગર શહેર પોતે પોતાના ૬૦ કરતાં વધારે ટયૂબવેલોથી પાણી લઈ આ પાણી વાપરતા નથી. નગરપાલિકાના કાર્યવાહકોને અમે આગ્રહ કર્યો, દબાણ કર્યું કે નર્મદાનું પાણી મેળવો. એસ.કે. ૧ યોજના સંપૂર્ણ પરિપૂર્ણ થઈ ગયેલ છે. માનનીય સભ્યશ્રીનો ભીલોડા વિસ્તાર છે એમાં હાથમતી ડૅમમાં પાણી નાખી ૭૭ ગામોમાં અને વિજયનગર તાલુકાના ૪ ગામોને પાણી આપવાનું પ્લાનીંગ કરી દીધું છે. સરવે અને એસ્ટિમેટ થઈ ગયા છે. સિંચાઈ વિભાગ દ્વારા પાઈપલાઈન માટેના ટેન્ડરો મેળવવાનું, એલાઈમેન્ટ કરવાની પ્રક્રિયા ચાલું છે. આ એલાઈમેન્ટનું કામ પૂરું થશે એટલે પાણી નાખીશું. ૨૦૧૧ સુધીમાં આ વિસ્તારને નર્મદા જૂથ આધારિત પાણી મળી રહેવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, જે રાજ્યની દ્રષ્ટિએ પણ ગંભીર પ્રશ્ન છે આપ રજા આપો તો રાજ્યની પણ વિગત આપવા હું તૈયાર છું. આખા રાજ્યમાં પીવાના પાણી માટે અમે જે આયોજનો કર્યા અને આગામી ઉનાળામાં પ્રજાને પીવાના પાણીની તકલીફ ના પડે એ માટે અમે શક્ય તે તમામ પ્રયત્નો, આયોજન કર્યા છે. મારી દરેક માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે આપના વિસ્તારમાં કોઈપણ નાની મોટી તકલીફ હોય, એના સૂચનો, એના ઉપાયો વગેરે અમને આપે તો જે શક્ય હશે તે ખર્ચની ચિંતા કર્યા સિવાય પ્રજાને પાણી પૂરું પાડવા માટે અમે ચોક્કસ એનો અમલ કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, હું ફરી કહું કે ગયા ઉનાળામાં પણ આપણે આખા રાજ્યમાં ક્યાંય કોઈ તકલીફ પડવાના દીધી નથી. એક સમયે રાજ્યમાં ૪૦ થી ૫૦ હજાર ટૅન્કરો ચાલતી હતી. આજની તારીખમાં ૪૦ ટૅન્કર રાજ્યમાં ચાલે છે આટલું અમે કામ કર્યુ છે અને પ્રજાને પૂરેપૂરું પાણી મળે એ અમારું આયોજન છે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી અને પાણી પુરવઠા મંત્રીશ્રીનો આ તબક્કે વંદનસહ અભિનંદન પાઠવું છું. મારો સમગ્ર હિંમતનગર તાલુકો આજે ટૅન્કર ફ્રી થઈ ગયો છે એમાં કોઈપણ જગ્યાએ ટેન્કર મારફતે પાણી પૂરું પાડવાની હાલ કોઈ આવશ્યકતા નથી. નર્મદા યોજના આધારીત ૧૩૨ ગામ, ૪૯ પેટાપરાની અંદર આ પીવાના પાણીની વ્યવસ્થા પૂરી કરવા બદલ આદરણીય મુખ્યમંત્રીશ્રીને અને પાણી પુરવઠા મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. સાથે સાથે મારો બીજો પ્રશ્ન છે માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે કેન્દ્ર સરકારના ધોરણો મુજબ ટ્રાયબલ એરિયાની અંદર કેટલી વસ્તીએ હેન્ડપંપના ધારાધોરણ નક્કી કરેલા છે એની સામે રાજ્ય સરકારે કેટલી વસ્તીએ આ હેન્ડપંપની યોજના અમલમાં મૂકી છે? મારો બીજો પ્રશ્ન છે, રાજ્યમાં હાલમાં બલ્ક વોટર પાઈપ લાઈનો છે એ રાજ્યમાં કેટલી લંબાઈની પૂર્ણ કરવામાં આવી છે અને કેટલા

જિલ્લામાં પૂર્ણ કરવામાં આવી છે. આ પૈકી કેટલી લાઈનોમાં પાણી વહેવડાવવાની હાલ કામગીરી ચાલુ છે એ માનનીય મંત્રીશ્રીને જણાવવા વિનંતી છે. (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રફુલભાઈએ જે પ્રશ્ન પૂછયો છે એમાં ભારત સરકારે આદિવાસી વિસ્તારો જે છુટાછવાયા ગામમાં ૧૫-૨૦ ઘરો બાંધી પર્વતો ઉપર, ટેકરીઓ ઉપર વનમાં રહેતા હોય છે ત્યાં આગળ સ્વભાવિક મોટી જૂથ યોજનાઓ કે પાણીની ટાંકીઓ કે મોટી વ્યવસ્થાઓ ઉપલબ્ધ થઈ શકતી નથી, વન વિસ્તાર હોય છે એટલા માટે એમને હેન્ડપંપથી પાણી આપવાનું ભારત સરકારનું જે ધોરણ છે એ ૨૫૦ વ્યકિતએ એક હેન્ડપંપનું છે. મને જણાવતાં આનંદ થાય છે કે આ ગુજરાતની ભારતીય જનતા પક્ષની નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારે ૫૨ વ્યકિત દીઠ એક હેન્ડપંપ બનાવી દીધો છે. હું આયોજનની વાત નથી કરતો, બનાવી દીધા છે અને હું બીજું પણ આપને કહેવા માગું છું કે અત્યાર સુધી મેન્યુઅલ હેન્ડપંપ ચલાવીને બહેનોએ પાણી લેવું પડતું, નાની બહેન હોય કે બાળક હોય તો તકલીફ પડે. અમારા પાણી પુરવઠા વિભાગે હમણાં અમે નિર્ણય કર્યો છે કે નાની, મીની મોટર મૂકી, હેન્ડપંપ મેન્યુઅલી ચલાવવાના બદલે એને સોલાર અથવા ઇલેક્ટ્રિકથી ચલાવીને અડધાની મોટરથી માંડીને એક હોર્સ પાવરની મોટર દરેક હેન્ડપંપ ઉપર મૂકી આપવી અને મીની વોટર પંપ તરીકે અમે એને ચાલુ કરીએ છીએ. ઘણી જગ્યાએ લોકાપર્ણ પણ થયું છે. આ બધા આદિવાસી વિસ્તારના માનનીય સભ્યો છે એમના વિસ્તારોમાં પણ કામ થયું છે. બીજું માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો કે નર્મદા કેનાલ આધારીત પાણીની જે જૂથ યોજનાઓ છે એમાં કેટલા કિલોમિટરની બલ્ક પાઈપ લાઈનો, પહેલા તો હું કેટલાક માનનીય સભ્યશ્રીઓ માટે માહિતી આપું કે બલ્ક એટલે શું? જ્યાં પાંચથી દસ ફૂટ ઉંચાઈની હેવી પાઈપ લાઈનો હોય જેમાંથી મોટર સાયકલ, મારૂતી જઈ શકે. એના પંપ હાઉસ જે છે એમાં ૧૦૦૦ થી ૧૫૦૦ હોર્સ પાવર સુધીના પંપો જેમાં પાણી પંમ્પિગ કરવા માટે કામમાં આવે એવી પાઈપ લાઈનો જે બલ્કની જે નાંખી છે ૧૯૦૩ કિલોમિટરની લાંબી બલ્ક પાઈપ લાઈન અમે પૂર્ણ કરી છે અને એમાં અમરેલી, ભાવનગર, અમદાવાદ, રાજકોટ, જુનાગઢ, ગાંધીનગર, કચ્છ, મહેસાણા અને પંચમહાલ જિલ્લાઓમાં આના આયોજનો પૂર્ણ કરવામાં આવ્યાં છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે એ રીતે ગૌરવ લઈ શકીએ કે ભૂતકાળમાં ટૅન્કરો ચાલતા હતા અને હવે ટૅન્કરો બંધ કરવા એ આપણા હાથમાં છે પણ પાણી વગરની મુશ્કેલી કેટલી છે ગામોમાં ? આપ કહો છો મુશ્કેલી નથી. આપ કહો છો કે, ૫૨ની વસ્તીએ એક હેન્ડ પંપ આપ્યો છે, મારા પક્ષના સભ્યશ્રીઓ જે મોટાભાગે ટ્રાયબલ બેલ્ટમાંથી આવે છે એમની પણ માહિતી છે અને માનનીય મંત્રીશ્રી ઉત્સાહભેર બધે જવા પણ તૈયાર હોય છે, કેનાલ જોવા પણ, હું માનનીય મંત્રીશ્રીને આમંત્રણ આપું છું, ભાલ વિસ્તારના ગામોમાં આપ પધારો, પાણીની મુશ્કેલી છે કે નહીં આપને ખ્યાલ આવશે, આ સંજોગોમાં ટૅન્કર નથી ચલાવતા એટલે સમૃદ્ધ થઈ ગયા એમ નહીં, ગમે તે રીતે ટ્રેનથી પણ રાજકોટને પાણી પૂરું પાડ્યું હતું, પાણી પૂરું પાડીએ તો આપણે મજબૂત છીએ આ સંજોગોમાં નર્મદા યોજનામાં જ્યારે આપણને હવે પાણી જ્યારે કેનાલમાં મળતું થયું છે એમ છતાં હિંમતનગરમાં પાણી લેવા તૈયાર નથી, એનો અર્થ શું ? એનો અર્થ એ કે, આપણે જે દરોથી પાણી આપીએ છીએ લોકોને, એ દર લોકોને મંજૂર નથી. એ લોકોને દર પોષાય એમ નથી તો સરકાર જ્યારે આ વખતે ઓછો વરસાદ પડ્યો છે એમ સ્વીકારીએ છીએ અને એ વાસ્તવિકતા છે ત્યારે આ સંજોગોમાં આ વર્ષ પૂરતા પાણીના દરો ઘટાડીને પણ જે વિસ્તારમાં જે રીતે પાણી પૂરું પડે ત્યાં પીવાનું પાણી પ્રાઇમ રિસ્પોનશીબીલીટી છે આપણી એ કરવા માગીએ છીએ કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને હું જણાવીશ કે, એમણે જે ભાલ વિસ્તારનો ઉલ્લેખ કર્યો, માનનીય અધ્યક્ષશ્રી, ભાલ વિસ્તારમાં તો મહિ-પરિએજ પાઈપ લાઈન દ્વારા આપણે પાણી પૂરું પાડીએ છીએ. પૂરેપૂરો નર્મદાનો અને કડાણા ડૅમના પાણીનો એમના પૂરતો સોર્સ છે, પાઈપ લાઈનમાં પૂરેપૂરી કેપેસીટીથી આપણે અમલમાં લાવીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, હું ચોક્કસ સ્વીકારીશ કે જ્યાં આગળ જુથ યોજનાઓ પહોંચી નથી, જ્યાં આગળ તળાવના પાણી ખાલી થઈ ગયા છે, ભૂર્ગભના જળ નીચા ઊતર્યા છે ત્યાં આગળ સ્વાભાવિક રીતે પ્રશ્નો ઊભા થાય, એ અમે સ્વીકારીએ છીએ. વરસાદ ઓછો હોય, પરિસ્થિતિ એ હોય, કુદરતી સંજોગો હોય તો એનાથી અમે કોઈ નકારતા નથી. પણ અમારા જે પ્રયત્નો છે, ગઈ કાલે જ જોષીયારાજીનો જે પ્રશ્ન હતો એના અનુસંધાને કલેક્ટર સાબરકાંઠા સાથે મેં વિગતવાર ચર્ચા કરી, અમારા અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરી, એ વિસ્તારના અમારા ધારાસભ્યો, કાર્યકરો સાથે ચર્ચા કરી, બધાનો અભિપ્રાય એક જ આવે છે, ઈવન સંકલન સમિતિમાં પણ , અત્યારે પણ જોષીયારાજી જે બોલ્યા છે એમાં પાણી નથી મળતું ફલાણા ગામને એવું નથી કીધું, એમણે એમ કીધું કે ટ્યુબવેલ કરવા માટેના જે તમારા ચાર્જ છે, દર છે એ ઓછા છે એ વધારો, કોન્ટ્રાકટરને વધુ કિંમત આપો તો કામ કરવા તૈયાર થાય, એ જ એમની મુખ્ય વાતમાં આવે છે, અમે આ કરવા તૈયાર છીએ. હજુ પણ હું કહું છું કે, વિધાનસભા ગૃહમાં રાહ જોવાની, સત્ર મળે ત્યાં સુધીની જરૂર

નથી, તમારા વિસ્તારમાં કોઈ પણ તકલીફ હોય પીવાના પાણીની, you are always welcome in my office, બધાને મારી વિનંતી છે અને માનનીય વિપક્ષના નેતાને પણ મારું આમંત્રણ છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

## જૂનાગઢ જિલ્લાના સારણ ગામના પાદરે ગેરકાયદેસર યોજતા લાયન શો ના કારણે થયેલ સિંહનું મૃત્યુ

**ટૂં.મુ.-૩૬ શ્રી ભગવાનભાઈ ધા. બારડ (તાલાળા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તાજેતરમાં તા.૭/૧૨/૨૦૦૯ના રોજ રાત્રે જૂનાગઢ જિલ્લાના સારણ ગામના પાદરે સાસણમાં ગેરકાયદેસર યોજતા લાયન શોના કારણે વાહનોથી બચવા સિંહ પુલ ઉપરથી નીચે કૂદી પડતાં મૃત્યુ પામેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સિંહોના અપમૃત્યુ માટે જવાબદાર પ્રવાસીઓ સામે સિંહોની પાછળ વાહનો દોડાવવા અંગે સરકાર દ્વારા શા પગલાં લેવામાં આવ્યાં?

**વન મંત્રીશ્રી :**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, દુઃખ સાથે અને ગંભીરતાપૂર્વક મારે કહેવું છે કે, માનનીય મંત્રીશ્રીએ મારો જે જવાબ આપ્યો છે કે આવો કોઈ બનાવ સાસણમાં બનેલ નથી તો મારે માનનીય મંત્રીશ્રીને ચેલેન્જ સાથે કહેવું છે કે, આવા સિંહના અકસ્માતનો કોઈ બનાવ ન બનેલ હોય અને માનનીય મંત્રીશ્રી જો સાબિત કરી આપતા હોય તો એ વિસ્તારના ધારાસભ્ય તરીકે રાજીનામું આપવાની મારી તૈયાર છે. એક ગંભીર પ્રકારના બનાવને આજે ઉડાઉ જવાબ તરીકે આવો બનાવ બન્યો નથી એવો જવાબ જવાબદાર મંત્રીશ્રી આપે છે. સાત તારીખના રાત્રીના ૧૧ વાગ્યે પુલ ઉપરથી પડી જતાં આ સિંહનું અકસ્માતે મૃત્યુ થાય છે અને એ લાયન શો કરવાના કારણે થાય છે અને છતાં માનનીય મંત્રીશ્રી આજે એમ કહે છે કે, આવો કોઈ બનાવ બનેલો નથી. આજે માનનીય અધ્યક્ષશ્રી, એક પ્રાણી માટે ગુજરાતની અંદર શોકસભા ભરાઈ હોય..ગામ બંધ રહ્યું હોય એવો પ્રથમ બનાવ સાસણની અંદર બન્યો છે અને દરેક ન્યુઝ પેપર અને મીડીયાની અંદર આ વાત આવી છે અને માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે આવો બનાવ બનેલો નથી તો મારી ઓપન ચેલેન્જ છે કે મંત્રીશ્રી આ વાત સ્વીકારી લે હું રાજીનામુ દેવા માટે તૈયાર છું નહીંતર મંત્રીશ્રી શું કરવા માગે છે વિભાગ માટે એની વાત પણ મને પહેલા કરવી પડે. અતિ ગંભીર પ્રકારનો બનાવ છે. પહેલા તો મારી વાત મંત્રીશ્રી સ્વીકારે છે કે કેમ? કે આવો બનાવ બનેલો છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે લાયન શોના કારણે સિંહનું મૃત્યુ થયું છે એવી વાત કરી છે એટલા માટે મેં નાજી કહ્યું છે. કોઈ લાયન શો ત્યાં નથી થયો. પુલ ઉપરથી સિંહ પડી જતાં એનું મૃત્યુ થયું છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે લાયન શો માટે અને સિંહ દર્શન માટે ગીર જંગલમાં પ્રવાસીઓ આવતા હોય તો સિંહ દેખાડવા માટેનું વન વિભાગ તરફથી કોઈ આયોજન કરવામાં આવે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સાસણ ગીરના અભ્યારણ્યમાં સિંહને જોવા માટે કુદરતી રીતે જોવા મળે એ રીતે પ્રવાસીઓ માટે આશરે લગભગ ચારસો ચોરસ કિલોમીટરમાં સરકારશ્રીના નિયમ અનુસાર ટુરીઝમ ઝોન નકકી કરવામાં આવ્યો છે અને દરરોજ અંદર જવા માટે વાહનોને પરમીટ આપવામાં આવે છે. રોજની લગભગ ૯૦ જેટલી પરમીટો આ સરકાર આપે છે અને એ રીતે પ્રવાસીઓ માટે ત્યાં જોવાની વ્યવસ્થા કરવામાં આવે છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું પણ સાથે બાજુના તાલુકામાંથી આવું છું ત્યારે મારા સાથી સભ્યશ્રીએ જે પ્રશ્ન ઉઠાવ્યો છે એનો હું પણ એક સાક્ષી છું એટલા માટે જે એમણે વાત કરી છે કે લાયન શો, ના મિત્રો, લાયન શો નહીં પણ રાત્રે પસાર થતી વખતે સિંહ પુલ ઉપરથી પડયો છે એટલે લાયન શોની કોઈ વાત નથી અને સાથેસાથે એ પણ આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગીરના સિંહોના રક્ષણ માટે રાજય સરકાર શું વ્યવસ્થા કરે છે? અને ગીરની બહાર જે સિંહો રહે છે એને માટે સરકારે શું આયોજન કર્યું છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૃહને જણાવવું છે કે જે વખતે ગીરમાં ૨૦૦૬માં જયારે શિકાર થયા તે વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ આ ગંભીર બનાવ છે એ રીતે નોંધ લઈને માનનીય મુખ્યમંત્રીશ્રી પોતે ત્યાં ગીરમાં રાત્રે જે જગ્યાએ શિકાર થયો હતો તે જગ્યાએ પોતે આવ્યા હતા અને સરવે કરીને લગભગ ૪૦કરોડનું પેકેજ બનાવીને જે જે કંઈ ખુટતી વસ્તુ છે તેના માટે કર્મચારીગણ, વાહનો, બીજા સાધનો વસાવવા માટે પૂરું પેકેજ જાહેર કર્યું હતું પાંચ વર્ષ માટે અને એ રીતે સિંહોના શિકાર ભવિષ્યમાં બને નહીં એને માટે આ સરકાર પૂરી કાળજી રાખે છે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે લાયન શો દરમ્યાન આ સિંહનું મૃત્યુ થયેલું નથી પણ હું દાવા સાથે કહી શકું (અંતરાય) સાંભળવાની તૈયારી રાખવી પડે. ગીરમાંથી આવું એટલે ડરવાની જરૂર નથી. આ બનાવ રાતના સાડા અગિયાર વાગ્યે બન્યો છે અને બંને સાઈડમાં સામસામી વાહનો અને સિંહની પાછળ એક ગાડી દોડતી હતી અને સિંહને એવું લાગ્યું કે સામે વાહન આવે છે અને એ પુલ ઉપર એવું માન્યો કે આ દિવાલ આવી છે અને કુદીને એનું અકસ્માતે મૃત્યુ થાય છે એટલે લાયન શો થયો હશે એ સો ટકા થયો છે અને આજે જે પ્રથમ બજેટની અંદર સિંહોના રક્ષણ માટે જે જોગવાઈ કરવામાં આવી છે એની અંદરથી આજની તારીખ સુધી ગીર ફોરેસ્ટની અંદર કેટલા પૈસા વપરાયા, કઈ કઈ જગ્યાએ વપરાયા અને બીજો મારો પ્રશ્ન છે કે આ સિંહનું અકસ્માતે રોડ ઉપર મૃત્યુ થયું છે તો આ અંદરની બોર્ડરના આર. એન્ડ બી. અને પંચાયતના રસ્તા ઉપર સ્પીડ બ્રેકર કરવા સરકાર માગે છે કે કેમ?અને ત્રીજો મારો પ્રશ્ન આની એક સમિતિ મારફતે સિંહનું મૃત્યું કેમ થયું છે, તે અંગે તપાસની નિમણૂક કરવા માગો છો કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : એમાં પોસ્ટમોર્ટમની વિગતો માગી છે. શક્કરબા ઝુ તથા સાસણના મળીને કુલ ૩ પશુ ડૉક્ટરોએ પોસ્ટમોર્ટમ કર્યુ છે. ૮મી તારીખે આ પોસ્ટમોર્ટમ કરવામાં આવેલ છે. પોસ્ટમોર્ટમનો રિપોર્ટ અનુસાર સિંહના નસકોરા અને મોઢામાંથી લોહી નીકળતું હતું. શરીરના આંતરિક ભાગમાં હેમરેજ થવાને કારણે બંને ફેફસા લોહીથી ભરાઈ ગયા હતા. ડાબા ફેફસામાં અંદરથી ૩ ઇંચનો કાપો જોવા મળેલ હતો. સિંહના શરીરના બાહ્ય ભાગમાં કોઈપણ ઈજા થઈ નથી. સિંહનું મૃત્યુ શરીરની અંદર ગંભીર હેમરેજ થયું એના કારણે મૃત્યુ થયેલ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે આદરણીય સભ્યશ્રીએ પ્રશ્ન ઉઠાવ્યો એ ગેરકાયદેસર લાયન શોની વાત છે. જે અભયારણ્ય છે, એની આજુબાજુમાં ગીરની અંદર માલધારીઓ રહેતા હતા. તેઓને સ્થળાંતર કરવા માટે જમીનો આપવામાં આવી હતી. આ સાડા ચારસો જેટલા માલધારીઓની જમીનો જમીનના મોટા માફિયાઓએ પડાવી લીધી છે. એ લોકો એ માલધારીઓની જગ્યા ઉપર ગેરકાયદેસર પડાવેલ જગ્યા ઉપર ગેરકાયદેસર લાયન શો કરે છે. મારે આપની મારફત મંત્રીશ્રીને પૂછવું છે કે આ માલધારીઓની જે પડાવી લીધેલ જમીન છે, એ બાબતમાં સરકારશ્રીને કોઈ ફરિયાદ મળેલ છે કે કેમ? જો ફરિયાદ મળી હોય તો એ બાબતે શું પગલાં લેવાયાં છે. બીજી વાત એ છે કે (અંતરાય) જવાબ એમને આપવાનો છે. જંગલના માલધારીઓને સ્થળાંતર કરવા માટેની જમીન છે. (અંતરાય) મંત્રીશ્રીને જવાબ આપવા દો, આપ એમને સૂચના ન આપો. કારણ કે * (xxxxx) (xxxxx) ગરીબ માલધારીઓની જમીન છે અને આ જમીન માલધારીઓને પરત થાય અને મૂળ માલધારી માલિકોને મળે એ માટે કાર્યવાહી કરવા માગો છો કે કેમ? બીજી વાત એ છે કે આ ગેરકાયદેસર લાયન શો બંધ કરવા માગો છો કે કેમ? આ બે પ્રશ્નનો સ્પેસિફિક જવાબ આપે. માનનીય મંત્રીશ્રી બીજા કોઈની સૂચના માને નહિ. એમના વિભાગની માહિતી છે એ આપે.

**અધ્યક્ષશ્રી** : હું માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ બોલેલા શબ્દ (xxxxx) એ કાઢી નાખું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : ગીરમાં કોઈ લાયન શો ચાલતા નથી. જે કોઈ આ હોટલ, રિસોર્ટ, ડાયનિંગ હોલ અને સ્થાનિક સ્ટાફ તથા ટાસ્ક ફૉર્સ દ્વારા અવારનવાર ચેકિંગ કરવામાં આવે છે. રજિસ્ટર પણ ચેકિંગ કરવામાં આવે છે. અર્જુનભાઈ વિરોધપક્ષના નેતા પણ રહી ચૂક્યા છે. અનુભવી છે. આ પ્રશ્નમાંથી એમની વાત ઉદ્ભવતી નથી. અલગ પ્રશ્ન પૂછે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : હું એમનો પણ સાથી મિત્રનો આભાર માનું છું. એક એવો પ્રશ્ન ઉઠાવ્યો છે. હું માનું છું કે આ ગૃહ અને આખું ગુજરાત સિંહોની બાબતમાં લાગણીશીલ હોવું જ જોઈએ અને સિંહોના સંરક્ષણ, સંવર્ધન બધી જ બાબતમાં આપણા ગુજરાતના ગૌરવનો હિસ્સો છે. એટલે એક ભૂમિકાથી લેવાનું હોય અને સૌ મિત્રો જેમણે લાગણી વ્યક્ત કરી એમનો હું આભાર માનું છું. એક નાનકડી માહિતી આપવા માગું છું. ભારત સરકારે એના બજેટમાં વાઘ માટે ૨૦૦ કરોડ રૂપિયાની યોજના જાહેર કરેલી. ત્યારે મેં વિનંતી કરેલી. કે વાઘ અને સિંહમાં ભેદભાવ શું કરવા? હું બે વર્ષથી લગાતાર પ્રયત્ન કરું છું. મિત્રોને વિનંતી કરું છું કે જેમ વાઘ માટે ભારત સરકારે ૨૦૦ કરોડ રૂપિયા જાહેર કર્યા, તો કઈક સિંહ માટે થાય તો સારું થશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય મુખ્યમંત્રીશ્રીની વાત સાથે સહમત છું. બે પગવાળા નહિ તો ચાર પગવાળા સિંહોની ચિંતા કરવી જ જોઈએ, કારણ કે એશિયાના આ સિંહો છે. વન વિભાગ દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે પ્રવાસન આ આપણું સિંહોના કારણે છે. પોલિટિકલ ઓબ્ઝર્વેશનથી પર ઊઠીને.માનનીય અધ્યક્ષશ્રી, મારા સભ્યની ચિંતાને બિરદાવી છે તેને હું આવકારું છું. જે અધિકારીની ત્યાં જવાબદારી હોય છે, લાયન શો એટલે તેના બોર્ડ કે ટિકિટો ન હોય, મારી ગાડીમાં બેસાડીને ગેરકાયદેસર

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યો છે.

જાઉં અને લાયન બતાવું તે લાયન શો થયો. આ રીતે ત્યાં એક નહીં અનેક મીડીયા, સ્થાનિક લોકોને પૂછીને બહારથી આવેલી વાત ઉપર મારા સભ્યનો પ્રશ્ન છે. સ્થાનિક વનના અધિકારીઓની જવાબદારી હતી કે ન થવું જોઈએ. આપને એનું બ્રીફીંગ તો એવું જ થવાનું કે ખાનગી લાયન શો હતો જ નહીં. સાહેબ, જંગલનું પ્રાણી કુદરતની વચ્ચે રહેતું, બાળપણથી મોટું થયેલું એટલું ચાલાક હોય છે કે એમને એમ કૂદીને નાળામાં પડીને મરતા હોત તો રોજ સિંહ મરત. એક જ અકસ્માત અત્યાર સુધીનો આ બન્યો છે. આપના પ્રમાણે પોસ્ટ મોર્ટમ રિપોર્ટ પ્રમાણે ઈન્ટરનલ ઈન્જરી છે. અકસ્માતથી થયેલી ઈન્જરી છે. સિંહ એમને એમ કૂદીને નાળાની ઉંડી ખાઈમાં ન પડે. ત્યાંના વન અધિકારીઓ ઉપર છોડવાને બદલે ઉચ્ચ સ્તરીય તપાસ કરાવો અને ફરી આવું ન બને તેની ચિંતા સેવો. વધારે ઊંડાણમાં નથી પડતો. આટલી ચિંતા જે મુખ્યમંત્રીશ્રીએ કરી છે તે સેવાય. ગુજરાતને એકપણ રૂપિયો કેન્દ્રમાંથી મળતો હોય તેમાં સંપૂર્ણ યોગદાન અમારું રહેવાનું છે. જ્યારે અને જ્યાં રજૂઆત કરવાની હશે માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે જઈને પૂરી કરીશું, પૂરે પૂરી કરીશું અને પોલીટીકલ ઓબ્ઝર્વેશન વગર કરીશું કે ત્યાં એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે કેમ ન લાવ્યા તેમ નહીં, આજે અમારા પક્ષની સરકાર છે, અમારું ઉપજે તો વધારેમાં વધારે નાણાં ગુજરાતને આવે તેમાં મદદ કરીશું

**દક્ષિણ ગુજરાતના ખેડૂતોને ઉનાળું ડાંગરના પાક માટે પિયત**

**ટૂં.મુ. ૪૩ શ્રી છનાભાઈ કા. ચૌધરી (ધરમપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તાજેતરમાં દક્ષિણ ગુજરાતના ખેડૂતોને ઉનાળું ડાંગર માટે પાકને પિયતનું પાણી ન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

(૩) ઉકત વિસ્તારના ખેડૂતોને ડાંગરની પિયત માટે રાજય સરકાર પાણી આપવા માગે છે કે કેમ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) ના જી, પરંતુ ઉકાઈ જળાશયમાં પાણીનો અપૂરતો સંગ્રહ થયેલ હોઈ, સિંચાઈ સલાહકાર સમિતિ દ્વારા ઉનાળું ડાંગર માટે પાણી ન આપવાનો નિર્ણય લેવાયો છે.

(૨) પાણીની અપૂરતી ઉપલબ્ધિને કારણે વધારે પાણીની જરૂરિયાતવાળા ઉનાળું ડાંગરના પાકને નિયંત્રિત કરવામાં આવ્યો છે.

(૩) પાણીની ઉપલબ્ધિ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી મારો પ્રશ્ન એ છે કે તાજેતરમાં દક્ષિણ ગુજરાતના ખેડૂતોને ઉનાળું ડાંગરના પાકને પિયતનું પાણી ન આપવા નિર્ણય કરવામાં આવ્યો છે તે હકીકત સાચી છે? માનનીય મંત્રીશ્રીએ મને જવાબ ના માં આપ્યો છે. પરંતુ તા.૬/૧૦/૨૦૦૯ની જે જાહેર વિજ્ઞપ્તિ છે અને તેમાં શરતો એ લખી છે તેમાં છ રોટેશન પાડયા છે અને છ રોટેશનમાં પહેલી શરત લખી છે કે ઉનાળું ડાંગર ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલ હોઈ પાણી આપવામાં આવશે નહીં. આ એક જાહેર નિવિદા ત્યાંના કાર્યપાલક ઈજનેરે આપી છે. એટલે મને લાગે છે કે સરકારે સૂચના આપી છે. સાથે જણાવેલ છે કે આ જે નિર્ણય છે તે ત્યાંની સલાહકાર સમિતિએ કર્યો છે. ત્યાંની જે સલાહકાર સમિતિ છે તે ૨૪/૯/૨૦૦૯ના રોજ બેઠક મળી છે અને તેના બાદ પણ વરસાદ ગુજરાતમાં થયો છે અને ઉકાઈની સપાટી હતી તેમાં લગભગ ૧૧ ફૂટ પાણીની સપાટી વધી છે. ભૂતકાળમાં જ્યારે એનાથી પણ ઓછું પાણી ઉકાઈમાં હતું ત્યારે ખેડૂતોને ડાંગર માટે પાણી આપવામાં આવેલ છે. દક્ષિણ ગુજરાતનો જે મુખ્ય પાક છે તે ડાંગરનો છે અને ગયા વર્ષે પણ આવી ૨૦ હજાર જેટલા હેકટરમાં ડાંગરનો પાક માટે પાણી આપેલ છે. આ વખતે ફકત ગયા વર્ષ કરતાં ચાર ફૂટ પાણી ઓછું છે તો આ વર્ષે આ સરકારે જે નિર્ણય કર્યો છે કે ડાંગરના પાક માટે પાણી આપવામાં આવશે નહીં તે નિર્ણય ફેરવવા માગે છે કે કેમ? અને જે પાણી છે અને છ રોટેશનમાં ડાંગરના પાક માટે પાણી આપવામાં આવે તો પણ ઉકાઈ ડેમમાં ૨૯૦ ફૂટની સપાટીએ પાણી રહે તેમ છે તો તે નિર્ણય ફેરવવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે છાપેલા જવાબ વિશે થોડીક સ્પષ્ટતા માગી છે, મારી પણ ફરજ છે કે તેમાં વધુ વિગતો હું સભાગૃહને આપું. માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈ વિભાગમાં પદ્ધતિ એવી છે કે દરેક બંધો ઉપર કમાન્ડ વિસ્તારમાં આવતા ખેડૂતોની એક સલાહકાર સમિતિ રાજય સરકાર ઓફીશ્યલ તેની નિમણૂક કરે છે. જ્યાં જે વિસ્તાર આવતો હોય તેના ખેડૂત પ્રતિનિધિઓ સલાહકાર સમિતિમાં સભ્ય હોય છે. પદ્ધતિ એવી છે કે જ્યારે જ્યારે ઈરીગેશન આપવાનું થાય, ચોમાસું પતી જાય અને ડેમમાં પાણીનો જથ્થો હોય તેના આધારે આપણે કેટલું પાણી લઈશું અને ક્યારે પાણી લઈશું તે બધી સત્તા આ સલાહકાર સમિતિને નિર્ણય કરવાની આપેલી છે. સલાહકાર સમિતિ તેમાં અધિકારીઓ પણ હોય છે, ધારાસભ્યશ્રીઓ પણ હોય છે અને મેં કહ્યું તે પ્રમાણે કમાન્ડ વિસ્તારના ખેડૂત પ્રતિનિધિઓ હોય છે. સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે ઉકાઈની જે આ સલાહકાર સમિતિ છે તે સલાહકાર સમિતિની જ્યારે મીટિંગ મળી ત્યારે વ્યાપક ચર્ચા વિચારણાને અંતે તે સલાહકાર સમિતિએ જ નિર્ણય કર્યો કે જ્યારે ઉકાઈ ડેમમાં આ વર્ષે પાણીનો જથ્થો મર્યાદિત છે અને તે વિસ્તારમાં ૯૦ થી ૯૫ ટકા શેરડીનું વાવેતર છે. ફક્ત માનનીય સભ્યશ્રીના થોડાક વિસ્તાર ઓલપાડની આજુબાજુના વિસ્તારમાં વીસેક હજાર હેકટર એ ડાંગર ફૂલ પાણી

હોય તો આપણે ઈરીગેશન આપીએ છીએ. આ વખતે સલાહકાર સમિતિએ જ નિર્ણય કર્યો કે પાણી ઓછું છે માટે ઉનાળું ડાંગર માટે પાણી આપવું નહીં, અને આ બધું પાણી એ શેરડીના વિસ્તારો માટે આપવું. એટલે અમે પહેલાં જે ના,જી લખ્યું છે, એટલે સરકારે કોઈ નિર્ણય નથી કર્યો કે આ ઉનાળું ડાંગર માટે પાણી આપવું નહીં, પણ ત્યાંની સલાહકાર સમિતિએ આ નિર્ણય કર્યો છે, બીજું, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, ભૂતકાળમાં પણ ઓછું પાણી હતું ત્યારે પણ આવો નિર્ણય થયો છે, મેં બધી વિગતો કઢાવી છે તો ૧૯૯૧-૯૨માં જ્યારે પાણી આ વખતની જેમ લેવલે અને જથ્થામાં હતું ત્યારે ૯૧-૯૨માં પણ ઉનાળું ડાંગર માટે પિયત આપવું નહીં એવો નિર્ણય થયેલો છે, પછી ૯૫-૯૬ના વર્ષમાં પણ આવો નિર્ણય જે તે વખતે સલાહકાર સમિતિએ કરેલો છે અને એનો અમલ પણ થયેલો છે. એ પછી આ નિર્ણય ચોથી વખત અત્યારે આ દાયકાની અંદર આપણે કરી રહ્યા છીએ. એનું કારણ શેરડીનું મોટા પ્રમાણમાં વાવેતર છે શેરડીને પાણી ડાંગર કરતાં લાંબા સમય માટે જોઈએ છે. લાંબા સમય માટે શેરડીને ટકાવી રાખવી હોય એ રાજય સરકારના હિતમાં એટલા માટે છે કે ત્યાં આગળ મોટા પ્રમાણમાં સુગર મિલો પણ એ વિસ્તારમાં આવેલી છે સુગર મિલોને બધાની લાગણી હતી, સહકારી માળખાની માગણી હતી કે શેરડીનું વધારે સારું વાવેતર છે એને વધારે પિયત આપો, પૂરેપૂરું આપો, ડાંગરનો વિસ્તાર મર્યાદિત છે એક તાલુકા પૂરતો જ છે, માટે સુગર મિલોની પણ માગણી અને સુગર મિલોની જરૂરિયાત જોતાં આ નિર્ણય સલાહકાર સમિતિએ કર્યો છે આ રાજય સરકારનો નિર્ણય નથી.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્રએ દક્ષિણ ગુજરાતના પાણી માટે રજૂઆત કરી છે ત્યાર પછી હું માનનીય મંત્રીશ્રીને પણ મળેલો, એમણે એમ કહેલું કે પાણીની અપૂરતી જોગવાઈ છે, અને સિંચાઈ સમિતિ, સલાહકાર સમિતિએ જે નિર્ણય લીધો છે એ ખૂબ આવકાર્ય છે, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એટલું જ જાણવા માગું છું કે, કે દર વર્ષે સામાન્ય રીતે રૂટિન કોર્સમાં આપણે કેટલા પાણીનો જથ્થો વાપરીએ છીએ, અને મારું એક સૂચન પણ છે એ અમારા કાંઠા વિસ્તારમાં પાણીનો કોઈ સોર્સ નથી ત્યારે માનનીય મંત્રીશ્રીને મેં રજૂઆત કરેલી કે એપ્રિલ -મે માસમાં પાણીની તકલીફ ઉભી થાય ત્યારે તળાવમાં અમને પાણી મળે એવી પણ વ્યવસ્થા કરવા વિનંતી છે તો માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગું છું કે રૂટિન કોર્સમાં દર વર્ષે આપણે પાણીનો કેટલો જથ્થો વાપરીએ છીએ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા પાક પ્રમાણે જુદા જુદા પાણ આપવા પડે છે, શેરડીને પાણ આપવાના, ડાંગરને પાણ આપવાના આખું ચોમાસુ સિઝન અને આ શિયાળુ સિઝન એ તમામ કમાન્ડ વિસ્તારને આપણે પૂરેપૂરી સિંચાઈ આપી દીધી છે, અત્યારે પણ પાણીનો પુરવઠો ચાલુ છે, પ્રશ્ન માનનીય અધ્યક્ષશ્રી, એ છે કે, ડાંગર એ ઉનાળુ ડાંગર , ઉનાળુ ડાંગર માટે સિંચાઈ આપવી એ અમે સલાહકાર સમિતિના નિર્ણય પ્રમાણે મંજૂરી આપી છે કે ના કરીએ, બીજું દર વર્ષે જે આપણે જે એક પાણ માટે આપીએ છીએ એમાં ચૌદથી માંડી સત્તર હજાર એમસીએફટી પાણી વપરાય છે. જે પ્રમાણેની ખેડૂતોની ડિમાન્ડ હોય એ પ્રમાણેનું પાણી અમે આપીએ છીએ.

**અમદાવાદ ખાતે થયેલ સિરીયલ બૉમ્બ બ્લાસ્ટ**

ટૂં. મુ. ૪૮ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૨૬-૭-૨૦૦૮ના રોજ અમદાવાદ ખાતે થયેલ સિરીયલ બૉમ્બ બ્લાસ્ટના કાવતરામાં સંડોવાયેલ શખ્સ તાજેતરમાં પકડાયો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે શખ્સ કોણ છે અને કઈ આતંકવાદી કે પ્રતિબંધિત સંસ્થા સાથે જોડાણ ધરાવે છે, અને

(૩) રાજયમાં બૉમ્બ બ્લાસ્ટ કરવા પાછળ તેનો આશય શું હતો ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :**

(૧) હા, જી.

(૨) પકડાયેલ શખ્સનું નામ ટી. નઝીર છે, જે બેંગ્લોર ખાતે પકડાયેલ છે, તે 'સીમી' સંસ્થા સાથે જોડાયેલ છે.

(૩) રાજયમાં આતંકવાદી પ્રવૃત્તિ ફેલાવવી. ભારતની પ્રજામાં ભયની લાગણી ઉભી કરવાનો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, તા. ૨૬-૭-૨૦૦૮ના રોજ અમદાવાદ જે સિરીયલ બ્લાસ્ટ થયા એમાં મારા વિસ્તારમાં સિવિલ હૉસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં પણ આ પ્રમાણેનો બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટ થયા ત્યારે એવું લાગતું હતું કે ભૂતકાળમાં કોઈ આતંકવાદી ઘટના માં આપણે કોઈને પકડ્યા નથી આ દેશની અંદર, તો આમાં પકડાશે કે કેમ, પરંતુ ગુજરાત સરકારની પ્રબળ રાજકીય ઇચ્છા શકિતના કારણે કેરળથી આઝમગઢ સુધી, પોલીસે આખા દેશની અંદર ફરીને આરોપીઓને પકડ્યા. માનનીય અધ્યક્ષશ્રી, બીજી ચિંતા એ છે કે આપણે ગુજકોકનો કાયદો હજી છે નહીં, તો આ જે ટી.નઝીર પકડાયો છે એ આ ડીટકશનમાં બીજા કોઈ ગુનામાં એનો ભેદ ઉકેલાયો છે કે કેમ? અને આ કઈ કઈ સંગઠનો સાથે સંકળાયેલો છે એ મારે જાણવું છે. અને બીજું આમાં જે ઈજાગ્રસ્ત લોકો હતા એ બધાને આપણે રાજય સરકારે વળતર ચૂકવ્યું છે પરંતુ સવા વર્ષ થયું હોવા છતાં હજુ સુધી કેન્દ્ર સરકાર દ્વાર એક

રૂપિયો વળતર આ ઈજાગ્રસ્તોને ચૂકવવામાં આવ્યું નથી. માનનીય મંત્રીશ્રી એના સંદર્ભમાં રજૂઆત કરીને એ લોકોને વળતર મળે એ માટે કેન્દ્ર સરકાર પાસે રજૂઆત કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજીએ જે પ્રશ્ન પૂછ્યો એમાં આ બોમ્બકાંડ પાછળ બે મોટા આતંકવાદી સંગઠનો સંડોવાયેલ હતા. એક તો સીમી અને બીજું ઈન્ડિયન મુઝાહિદીન. આ બે સંગઠનના લોકોએ બૉમ્બ બ્લાસ્ટ કર્યા હતા, અને બીજું પૂછ્યું કે જે લોકો પકડાયા છે એ કોઈ બીજા ગુનામાં સંડોવાયેલા છે કે કેમ? આ બંને સંગઠનોએ અમદાવાદના બૉમ્બ બ્લાસ્ટ પહેલા સમગ્ર દેશમાં અઢી વર્ષના ગાળામાં જુદી જુદી ૧૩ જગ્યાએ બૉમ્બ બ્લાસ્ટ કર્યા હતા અને આ ૧૩ જગ્યાએ બૉમ્બ બ્લાસ્ટ કર્યા પછી અમદાવાદમાં બૉમ્બ બ્લાસ્ટ આજ સંગઠનોએ કર્યા હતા. આપણે ત્યાં જે આરોપીઓ પકડાયેલા છે એમાંથી કેટલાક આરોપી અન્ય ગુનાઓમાં પણ સંડોવાયેલા છે. આમાં ૧૨ આરોપીઓ એવા છે કે જેઓ અન્ય રાજયોના ગુનાઓમાં પણ સંડોવાયેલા છે અને અમુક સ્થાનિક આરોપીઓનો પણ આ સંગઠનોએ ઉપયોગ કર્યો હતો. મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, આપણે ત્યાં જે ગુનો ડિટેકટ થયો એમાં ૨૦ દિવસમાં જ આ ગુજરાત પોલીસે ગુનો ડિટેકટ કર્યો અને તેમાં જે વિગતો મળી એના આધાર પર દેશના બીજા સાત ગુના ડિટેકટ થયા છે અને બીજા લગભગ ૮૦ આરોપીઓને દેશભરની અંદર જુદી જુદી જગ્યાએથી અલગ અલગ ગુનાસર પકડવામાં આવ્યા છે અને એના લીધે આ દેશ વિરોધી સંગઠનોના ત્રણ એકિટવ સ્લીપર સેલ તોડવામાં દેશભરની પોલીસને સફળતા મળી છે અને આવી અનેક ઘટનાઓ જે ભવિષ્યમાં કદાચ બની હોત એ રોકવામાં આપણને સફળતા મળી છે અને એમાં ગુજરાત પોલીસના યોગદાનને સમગ્ર દેશની પોલીસે સરાહના કરી છે એ આપણા બધા માટે ગૌરવની વાત છે. જ્યાં સુધી વળતરનો સવાલ છે ત્યાં સુધી રાજય સરકારે તો વળતર પૂરેપૂરું ચૂકવી દીધું છે અને કેન્દ્ર સરકારની જાહેરાત પ્રમાણેના રીમાઈન્ડર ગુજરાત સરકારે સમય સમય પર કર્યા છે પરંતુ મારા વિભાગમાં વાત નથી આવતી એટલે અત્યારે હાલ મારી જોડે એની ડિટેલ માહિતી રીમાઈન્ડરની ઉપલબ્ધ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો કે, ગુજરાત પોલીસના પ્રયાસોથી આ આરોપીઓ ટૂંકા સમયમાં પકડાય ગયા. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે બે અહેવાલો બાબત માહિતી મેળવવા ઈચ્છું છું. એક માહિતી એ છે કે, ૨૬/૭ ના રોજ મુંબઈમાં બૉમ્બ બ્લાસ્ટ થયો એની પહેલા ૨૭-૩-૨૦૦૮ના રોજ મધ્યપ્રદેશની પોલીસે સફદર નાગોરી અને આમીર પરવેઝને પકડેલા હતા અને એમાં ૧૧ આરોપીઓના નામ આપેલા હતા કે આ ૧૧ આરોપીઓ જયપુર અને અમદાવાદમાં બૉમ્બ બ્લસ્ટ કરવાના છે અને એના ટેલિફોન નંબરો પણ આપેલા હતા અને આ આખા નિવેદનની કોપી મારી પાસે છે. સરકારે આ નિવેદન ઉપર તપાસ શા માટે એ વખતે ન કરી? બીજી માહિતી આ રાજય સરકાર પાસે એ હતી કે ૧૮-૫-૨૦૦૮ના રોજ ઇન્ટેલીજન્સ ઑફિસર સુઈગામે એક અહેવાલ આપ્યો કે ઈન્ડિયન મુઝાહિદીન નામનું ગ્રુપ છે એ જયપુર અને અમદાવાદ સહિત દેશમાં ઘણી જગ્યાએ બૉમ્બ ધડાકા કરવાના છે એનું કાવતરું સાબરમતી જેલમાં ઘડાઈ રહ્યું છે. આ અહેવાલના આધારે એડિશનલ ડી.જી. (આઈ.બી.)ને માહિતી અપાઈ, એલર્ટ જાહેર થયો પણ તપાસ ન થઈ બંને આરોપીએ આપેલી માહિતીના આધારે આપેલા અહેવાલમાં શાહબાઝ જયપુરના આરોપીનું નામ હતું અને એ સિવાયના બીજા આરોપીઓનું નામ પણ હતું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ટૂંકી મુદતના પ્રશ્નોનો સમય પૂરો થાય છે. માનનીય અર્જુનભાઈ આપ બેસી જાઓ. મારી મુસીબત એ છે કે એક તો ટૂંકી મુદતનો પ્રશ્ન, લાંબી રજૂઆત, અર્જુનભાઈ પોતે એમ કહે છે કે ત્રણ મિનિટ બાકી છે અને મને તક આપો, મેં રાકેશભાઈની તક મૂકીને આપને તક આપી અને એ ત્રણ મિનિટ આપ એકલા જ બોલ્યા અને એ જવાબ સાંભળવા માટે આપ નહોતા બોલ્યા એ નક્કી થાય છે, પ્રશ્ન પૂછવાની મેં તમને તક આપી ત્યારે તમે એમ કહ્યું કે ત્રણ મિનિટમાં પૂરું થાય છે, એટલે પ્રશ્ન પૂછવાની મને તક આપો, આ તમારા શબ્દો છે રેકોર્ડ પર છે અને તમારું પોતાનું વકતવ્ય એ ત્રણ મિનિટનું છે, મારી મુશ્કેલી છે કે ટૂંકી મુદતના પ્રશ્નમાં લાંબી રજૂઆતો અને લાંબી રજૂઆતો પછી મંત્રીશ્રી પાસેથી પ્રશ્નના જવાબની અપેક્ષા રાખવી હોય તો આપ તો અનુભવી સભ્ય છો આપે ટૂંકો પ્રશ્ન પૂછવો જોઈતો હતો, જે વાત આપ અગાઉની ચર્ચાઓમાં કહી ગયા છો એની આપ પુનરોકિત કરો છો, એનો અગાઉ જવાબ આવી ગયો હતો, આ પ્રશ્ન આપે અગાઉ પણ કરેલો છે, મારી પાસે ગૃહના રેકોર્ડ છે. આ ગૃહમાં ચર્ચા કરતાં આપે આ વાત કરી છે, એ જ પ્રશ્ન આપ ટૂંકી મુદતમાં ફરી ઉભો કરો છો એ ન ઉભો કરવો જોઈએ એવું હું કહેતો નથી, મારી મુશ્કેલી એ થાય છે કે ટૂંકી મુદતના પ્રશ્નની અંદર લાંબી રજૂઆતો અને એ લાંબી રજૂઆતના કારણે પ્રશ્નનો જવાબ ન આવે એવી સ્થિતિ સર્જાય ત્યારે મારે શું કરવું એ મારા માટે પ્રશ્ન છે, હું મંત્રીશ્રીને કહું છું કે તમે લેખિત જવાબ રજૂ કરજો અને એને હું સરકયુલેટ કરીશ. (અંતરાય) પ્રશ્નોત્તરીનો સમય પૂરો થઈ ગયેલ છે હવે આપ બેસી જાઓ, આપના પ્રશ્નની રજૂઆત થઈ ગયેલ છે, (અંતરાય) હું જોઈ લઈશ. હું પ્રશ્નોત્તરીનો સમય લંબાવી શકીશ નહિ એટલા માટે (અંતરાય) હું એક બીજી વાત આમાં કરી શકું તેમ છું કે આપના સભ્ય નિયમ-૯૨ નીચેની નોટિસ આપે પછી હું એના ઉપર વિચાર કરીશ, અરધા કલાકની ચર્ચા રાખવી કે કેમ. (અંતરાય) શકિતસિંહજી, આપે પણ કહેવું જોઈતું હતું કે, ત્રણ મિનિટ બાકી રહેલ છે, એમણે ત્રણ મિનિટ સુધી રજૂઆત કરેલ છે, હું બરાબર જોતો હતો (અંતરાય) નહિ નહિ, આપના

સભ્યએ બરાબર ત્રણ મિનિટ સુધી રજૂઆત કરેલ છે અને પછી આપણે જવાબની અપેક્ષા રાખીએ એ બરાબર નથી, પ્રશ્નની અંદર હું રોકત તો તમે એમ કહત કે પ્રશ્ન પૂછતાં તમે રોકો છો, હવે પ્રશ્નના જવાબની અપેક્ષા હતી કે માનનીય અર્જુનભાઈને ત્રણ મિનિટ નિવેદન કરવું હતું એ હું નકકી કરી શકતો નથી. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય મંત્રીશ્રીને નિવેદન કરવું હોય તો એ અને માનનીય અર્જુનભાઈના ડોકયુમેન્ટ સાથેનો પ્રશ્ન એ બન્ને આપણે પિજિયન બોક્સમાં સરકયુલેટ કરીએ. પિજિયન બોકસમાં આપણે રાખીએ અથવા બીજું જે સૂચન આપે કર્યુ કે, Let us have a discussion on the floor of the House for half an hour.. Let them give the notice.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અરધો કલાક નહિ આખા દિવસ માટે ચર્ચા કરવી હોય તો એ ચર્ચા કરવા માટે હું તૈયાર છું. માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એટલો છે કે પ્રશ્ન પૂછી અને પ્રેસની અંદર..• (xxxxx) માનીય અધ્યક્ષશ્રી, પ્રજા ગેરમાર્ગે દોરાય, મારી વિનંતી છે બે મિનિટ માટે એકચ્યુઅલ પોઝીશન જણાવવાની તક આપવામાં આવે.

**અધ્યક્ષશ્રી :** માનનીય મંત્રીશ્રી (xxxxx) તે શબ્દ હું કાઢી નાંખુ છું. નેકસ્ટ.

## અતારાંકિત પ્રશ્ન

### (ટૂંકી મુદતના પ્રશ્નમાંથી ફેરવવામાં આવેલ)

### રાજયમાં સ્વાઇન ફલુના ફેલાવવા બાબત

**ટ.મૂ.- ૬૨ શ્રી રાકેશભાઇ શાહ (એલીસબ્રીજ ) - માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં ઠંડીની ઋતુ શરૂ થતાં સ્વાઇન ફલુની બિમારીના કેસ વધવા પામેલ છે તે હકીકત સાચી છે , અને

(૨) સ્વાઇન ફલુ સામે રક્ષણ મળે તે માટે સરકારે શી વ્યવસ્થા ગોઠવેલ છ?

**આરોગ્ય મંત્રીશ્રી:**

(૧) હા , જી ઠંડીની ઋતુમાં શરદી , ખાંસી , ઉધરસ, સાદો ફલુ , વગેરેના કેસ કમાં તમામ જગ્યાએ સામાન્યતઃ વધારો જોવા મળતો હોય છે તે જ રીતે સ્વાઇનફલુની બિમારીમાં પણ ઠંડીની ઋતુમાં થોડોક વધારો થાય છે . જેથી સ્વાઇન ફલુના કેસોમાં સામાન્ય પણે વધારો જોવા મળેલ છે જે સ્વાભાવિક ગણાય.

(૨) ઇન્ફલએનઝા એ (એચ ૧ એન ૧) એ પ્રથમ મેકિસકોના લોકોમાં મહામારીના રૂપમાં ફેલાયો ત્યારબાદ ભારત સહિત દુનિયાના અનેક દેશોમાં ફેલાઇ રહેલ છે . જે મુખ્યત્વે ઓસ્ટ્રિ યા , કેનેડા , ચીન , હોંગકોંગ , કોસ્ટારીકા , ડેન્માર્ક , ફ્રાંસ , જર્મની , આયરલેન્ડ , ઇઝરાયેલ , ઇટાલી , નેધરલેન્ડસ , ન્યુઝીલેન્ડ , સ્પેન , અમેરીકા વગેરે દેશોમાં ફેલાયો છે .

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા આ રોગના વ્યાપને છઠ્ઠા તબકકાનો જાહેર કરવામાં આવેલ છે . ઇન્ફલ ુએન્ઝા એ (એચ ૧ એન ૧) એ માણસથી માણસમાં હવામાં રહેલા વાયરસગ્રસ્ત રજકણો દ્વારા ફેલાય છે . ઇન્ફલુએન ન્ઝા એ (એચ ૧ એન ૧) ના લક્ષણોમાં તાવ , કફ, સુજેલુ ગળુ અને શ્વાસમાં તકલીફ જોવા મળે છે .

રાજય સરકારશ્રી દ્વારા સ્વાઇન ફલુ રોગથી પીડિત દર્દીઓને સમયસર અને ઘનિષ્ઠ સારવાર મળે તે માટે ખાસ પગલાં ભરવામાં આવેલ છે અને રાજયમાં એપીડેમીક ડીસીઝ એકટ હેઠળની જોગવાઇઓ અનુસાર મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી અથવા તેમના દ્વારા નિયુકત કરાયેલ અધિકારીશ્રી / કર્મચારીને જીલ્લામાં

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ફેલાયેલ સ્વાઇન ફલુ અથવા એકયુટ ન્યુમોનિયાના રોગચાળાને અસરકારક રીતે નિયંત્રણમાં લેવા પ્રાપ્ત થયેલી ચોકકસ પ્રકારની બંધારણીય સત્તાઓ અંતર્ગત જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવી છે . આ સૂચનાઓની યોગ્ય અમલવારી ના થવાના કિસ્સાઓમાં કસૂરવાર ઠરેલા તબીબો અને હોસ્પિટલો વિરૂધ્ધ એપીડેમીક ડીસીઝ એકટ અંતર્ગત જોગવાઇઓ અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે

રાજયમાં સમગ્ર કામગીરીના સતત દેખરેખ માટે ટાસ્ક ફોર્સની રચના અધિક મુખ્ય સચિવશ્રી (સામાન્ય વહીવટ વિભાગ ) ના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ છે . પરંતુ હાલમાં ઠંડીની મોસમમાં ઇન્ફલુએન્ઝા ના દર્દીઓમાં થઇ રહેલ વધારાને ધ્યાને લઇ રાજયના મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને ટાસ્ક ફોર્સની ખાસ બેઠક બોલાવી પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી રહી છે . સદર બેઠકમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટના સભ્યોનો પણ સમાવેશ હોય છે . રાજય અને જીલ્લા કક્ષાએ તમામ સંબંધિત અધિકારીશ્રીઓને સતર્ક કરવામાં આવેલ છે .

તમામ સંબંધિ ત અધિકારીશ્રીઓને આ અંગેની માર્ગદર્શિકા આપવામાં આવેલ છે . જે રાજયની વેબસાઇટ ઉપર પણ ઉપલબ્ધ રાખવામાં આવી છે . તા .૩૦/૪/૦૯ના રોજથી ઇન્ટરનેશનલ એરપોર્ટ ખાતે તમામ પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવી રહ્યું છે . જેમાં તા .૧૫/૧૨/૦૯ સુધીમાં કુલ -૨૦૨૧૬૬ પ્રવાસીઓને ચકાસવા માં આવ્યા છે . જેમાંથી ૭ વ્યકિત શંકાસ્પદ મળેલ જેઓના સેમ્પલ લઇ તપાસતાં નેગેટિવ માલૂમ પડેલ છે . એરપોર્ટ ખાતેથી હોસ્પિટલ સુધી લઇ જવા માટે એરકન્ડીશન એમ્બ્યુલન્સની સુવિધા રાખવામાં આવેલ છે .

આઇ.એમ.એ., આઇ.એ.પી ., આઇ.પી .પી ., એન.એમ.ઓ., તેમજ ડોકટર સેલ જેવા તબીબી સંગઠનો અને અમદાવાદ શહેરના ૭૬ ખાનગી તબીબો સાથે સેમિનાર યોજી આ અંગે માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવેલ છે . સિવિલ હોસ્પિટલ અમદાવાદ તેમજ રાજયની તમામ મેડીકલ કોલેજ ખાતે હેલ્પ ડેસ્ક , હેલ્પ લાઇન તેમજ તબીબી માર્ગદર્શન માટે બ્લોગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે . સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે અલાયદી ઓ.પી .ડી . સ્વાઇન ફલુ માટે ચાલુ કરવામાં આવી છે . આ જ રીતે રાજયની અન્ય હોસ્પિટલોમાં અને મ્યુનિસિપલ કોર્પોરેશનની હોસ્પિટલોમાં વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે . અમદાવાદ / સુરત સિવિલ હોસ્પિટલ અને સ્ટેપ અપ ખાનગી લેબોરે ટરી , સુરત ખાતે સ્વાઇન ફલુના શંકાસ્પદ કેસોના સેમ્પલ ચકાસવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે . જેથી લેબ . ના રીઝલ્ટ પણ એક જ દિવસમાં પ્રાપ્ત થઇ નિયત સારવાર અપાય છે .

તમામ સ્કૂલો અને કોલેજોમાં રોગનો પ્રસાર અટકાવવા માટેની નવી માર્ગદર્શિકા આપવામાં આવી છે .

સમગ્ર કામગીરીની તાંત્રિક દેખરેખ માટે રાજય કક્ષાએથી ડૉ . એસ. જે . ગાંધી , નાયબ નિયામકશ્રી (એપીડેમીક) ને નોડલ ઓફિસર તરીકે નિયુકત કરવામાં આવેલ છે .

સમગ્ર કામગીરીનું અગ્ર સચિવશ્રી (આરોગ્ય ) અને કમિશનરશ્રી (આરોગ્ય ) દ્વારા દૈનિક ધોરણે મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે .

રાજયમાં ઇન્ફલુએન્ઝા-એની મહામારી સામે લડવા જરૂરી એન્ટીવાયરલ દવા પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે . ઉપરાંત રાજયના ૧૧૬ જેટલા ખાનગી મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાઓ મળી રહે છે .

વિશ્વમાં ફેલાયેલ આ મહામારી વત્તા -ઓછા પ્રમાણમાં આગામી દોઢથી બે વર્ષ ચાલુ રહેવાની શકયતા છે અને તેના કુદરતી ક્રમ

મુજબ સમયાંતરે તેના પ્રમાણમાં ચઢાવ-ઉતાર થવાની શકયતાઓ છે. જેથી રોગનું પ્રમાણ વધે ત્યારે ગભરાવવાની જરૂર નથી. પરંતુ સાવચેત રહેવાની જરૂર છે અને પ્રમાણ ઘટે ત્યારે કોઇએ આ પરિસ્થિતિને હળવાશથી લેવી જોઇએ નહીં.

ગુજરાત રાજયના આરોગ્ય વિભાગ દ્વારા આ મહામારી પ્રત્યે શરૂઆતથી જ સતર્ક રહી સાવચેતીના પગલાં ભરવામાં આવી રહ્યા છે અને આ પ્રકારની વિશ્વમાં ફેલાયેલ મહામારીને પહોંચી વળવા રાજયની તમામ સિવિલ હોસ્પિટલો અને મેડીકલ કોલેજો સંલગ્ન હોસ્પિટલ ઉપરાંત ખાનગી હોસ્પિટલ અને કોર્પોરેટ હોસ્ પિટલો તેમજ આઇ.એમ.એ.ના ડાંકટરોને સાથે રાખી તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. આ મહામારીને અસરકારક રીતે પહોંચી વળવા માટે ખૂબ શરૂઆતથી રાજયના મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી સંપૂર્ણ માર્ગદર્શન અને આવશ્યક ભંડોળ પૂરૂં પાડવામાં આવ્યું છે. તેમજ કામગીરીનું મૂલ્ય ાંકન રાજયના મુખ્ય સચિવશ્રી કક્ષાએથી પણ થઇ રહ્યું છે.

ગુજરાતમાં સદર રોગચાળાની શરૂઆત લગભગ સાત માસ પહેલાં સાબરકાંઠા જિલ્લામાં થયેલ હતી. અને શરૂઆતના તબકકામાં આ બિમારીના વાયરસ મોટા ભાગે પરદેશથી આવતા પ્રવાસીઓ મારફતે આપણા દેશમાં દાખલ થયેલ હતા. પરંતુ હાલના સંજ ોગોમાં ઇન્ફલુએન્ઝા -એ એચ૧ એન૧ ના વાયરસ આપણા દેશમાં ઘણા બધા રાજયોમાં લોકોમાં પણ પ્રસરી ગયા છે.

ઉપરાંત રાજયમાં યોજાતા તમામ મહોત્સવ દરમિયાન સદર રોગ બાબતે આરોગ્ય શિક્ષણ અને સ્થળ ઉપર મેડીકલ ટીમો ગોઠવી સારવાર આપવામાં આવે છે. વધુમાં હજયાત્રા કરીને પરત આવતા હજયાત્રીઓનું સ્વાઇન ફલુ બાબતે હેલ્થ ચેકઅપ કરવા અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર કુલ -૮ મેડીકલ ટીમો ગોઠવવામાં આવેલ છે. જે પૈકી ત્રણ ટીમોનું નેતૃત્વ લેડી મેડીકલ ઓફિસર દ્વારા કરવામાં આવે છે. તેમજ સિવિલ હોસ્ પિટઅમદાવદ ખાતે વધારાની ઇન્ડોર કેપેસીટી ઉભી કરવા માં આવી છે .રાજસ્થાનખૂબ ઝડપથી સ્વાઇન ફલુના કેસ અને મરણ નોંધાઇ રહ્યા છે. જે ધ્ય લઇ રાજસ્થાનની રલ્વે દ્વારા આવતા યાત્રીઓનું હેલ્થ ચેકઅપ કરવા માટે અમદાવાદ, મહેસાણા અને પાલનપુર રેલ્વે સ્ટેશન ખાતે ૧-૧ મેડીકલ ટીમ તાકીદના ધોરણે ડેપ્યુટ કરેલ છે. સામૂહિક આરોગ્ય કેન્દ્ર, શામળાજી, ગુજરાત અને રાજસ્થાનની સરહદ ઉપર આવેલું અગત્યનું એન્ટ્રી પોઇન્ટ હોવાથ સદર દવાખાનાને સુસજજ કરવામાં આવી રહેલ છે.

શિયાળાની ચાલુ સીઝનમાં શરદી, ખાંસી વગેરે સામાન્ય ઇન્ફલુએન્ઝાના દર્દીઓ પણ વિશષ પ્રમાણમાં મળતા હોવાથી લોકોમાં ભયની લાગણી ન પ્રસરે એ રીતે જાહેરખબર અને પ્રેસ વિજ્ઞપ્તિ દ્વારા સવિશેષ સતર્કતા દાખવવા જનજાગૃતિના જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી વજુભાઈ વાળા (શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસીસ લિમિટેડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૦૭-૦૮નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમનો સને ૨૦૦૭-૦૮નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમનો સને.૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૦૮નો વાર્ષિક અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો,ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા સમીક્ષા, નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સચિવશ્રી:** પેટા બાબત ૭. માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

**ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના હિસાબોને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલ વિલંબ અંગે**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપે પણ અગાઉ ટકોર કરી છે. હું અત્યારે ગૃહનો સમય બચાવવા માટે પૂર્વ માનનીય અધ્યક્ષશ્રીઓના નિર્ણયો અહીં વાંચતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ પેટા બાબત ૭ ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના ૨૦૦૧-૦૨થી ૨૦૦૪-૦૫ના વાર્ષિક હિસાબો આજે મેજ ઉપર મૂકાય છે. વિલંબ અક્ષમ્ય છે. અમારી મુશ્કેલી તો બીજી પણ છે. હું આપને નમ્ર વિનંતી કરું છું કે આ વિલંબ આપે ટકોર કર્યા પછી પણ વધારે પડતો વિલંબ છે. ભવિષ્યમાં આવું ન બને અને સમયસર અહેવાલ મળે અને સાથોસાથ વિલંબ અંગેનો નિર્ણય પણ જયારે થવાનો હોય ત્યારે. જો સભ્યશ્રીઓને એક નવી પ્રથા કરીને વિલંબ અંગેનું નિવેદન હાઉસમાં મેજ ઉપર મૂકાય તે પહેલા જો આવી શકે. સ્પીકર્સ ચેમ્બર ઓર્ડર કરીને આપ જો કરી શકો તો. (અંતરાય) એટલે આ સંજોગોમાં પૂર્વ અધ્યક્ષશ્રીઓના સીરીઝ ઓફ

જજમેન્ટસ છે. પણ હું સમય બચાવવા માટે તે વાંચતો નથી. આપ નામદાર તેનાથી બરાબર વાકેફ છો. તો આ અંગે યોગ્ય આદેશ આપના તરફથી થાય તે અપેક્ષિત છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, વિલંબ થયો છે તે અંગે આપે કંઈ કહેવું છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વિલંબ થવાના કારણો સમજાવતું નિવેદન અમે અહીંયા મૂકીએ જ છીએ. એમાં એક જ વિગત છે કે કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલમાંથી ત્યાં ચકાસણી થવામાં અને ઓડિટ થવામાં વિલંબ થયો છે. એ વિભાગના કે અમારા બોર્ડના હાથમાં નથી તેને કારણે વિલંબ થયો છે. એનો ખુલાસો પણ અમે આપને રજૂ કર્યો જ છે. એ વંચાણે લેવા વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજીનો જે પોઈન્ટ ઓફ ઓર્ડર છે, આ જાતના પોઈન્ટ ઓફ ઓર્ડરનો અગાઉ પણ મેં સ્વીકાર કરેલો છે. બોર્ડ અને કોરપોરેશનના હિસાબો આ સભાગૃહમાં સમયસર રજૂ થાય તે માટે મેં વારંવાર સરકારશ્રીનું આ સભાગૃહમાં ધ્યાન પણ દોર્યુ છે, પરિણામ પણ આવ્યું છે એ મારે સ્વીકારવું જોઈએ. કારણ કે આજે પણ આપણે જોઈએ છીએ કે મેજ ઉપર મૂકવાના જે બધા કાગળો આવ્યા છે, એમાં જે અહેવાલો છે એ ૨૦૦૭ અને ૨૦૦૮ના છે. માત્ર સ્લમ કલીયરનસ બોર્ડને બાદ કરતાં, બાકીના બધાની અંદર સરકારશ્રી તરફથી અગાઉના જે આદેશો અપાયા છે તે તરફ ધ્યાન અપાયું છે એની હું નોંધ લઉં છું. હું ફરીથી વિલંબ તપાસવા માટેની જે સમિતિ છે, મેજ ઉપરના કાગળો મૂકવાની જે સમિતિ છે, એ સમિતિને પણ આ અંગેનો વિલંબ વાજબી હતો કે કેમ તે તપાસીને તેનો અહેવાલ સભાગૃહને આપવા જણાવું છું. નેકસ્ટ.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશ:)

**ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૦૧-૦૨થી સન ૨૦૦૪-૦૫ના વાર્ષિક હિસાબો**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૦૧-૦૨થી સન ૨૦૦૪-૦૫ના વાર્ષિક હિસાબો તથા આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત હાઉસિંગ બોર્ડનો ૨૦૦૮-૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ અને અંદાજપત્ર**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસિંગ બોર્ડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ અને સન ૨૦૦૮-૦૯ના વર્ષનું સુધારેલું અંદાજપત્ર તથા સન ૨૦૦૯-૧૦ના વર્ષનું અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વહીવટી અહેવાલ, સુધારેલું અંદાજપત્ર તથા અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડનો સન ૨૦૦૮-૦૯નો વહીવટી અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**જમીન વિકાસ નિગમનો ૨૦૦૬-૦૭નો અહેવાલ**

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** (પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો , ઓડિટ અહેવાલ , ભારતના

કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ   નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### ગુજરાત રાજય પોલીસ આવાસ  નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮ ના વાર્ષિક અહેવાલ

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પોલીસ આવાસ  નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટર જનરલની ટિપ્પણ, સમિક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર  વિકાસ બોર્ડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર  વિકાસ બોર્ડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### નાણા વિભાગની અધિસૂચનાઓ

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની નીચે મુજબની અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

(૧) તા. ૧-૮-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૧૯) વીએટી-૨૦૦૯-એસસીએચ-૨ (૪૨ ક)(૧૬)-ઠ
(૨) તા. ૧-૮-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૨૦) વીએટી- ૨૦૦૯-એસ-૫(૨)(૨૭)-ઠ
(૩) તા. ૧-૮-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૨૧) વીએટી- ૨૦૦૯-એસસીએચ-૨ (૪૫)(૧)-ઠ
(૪) તા. ૧-૮-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૨૨) વીએઆર-૨૦૦૯-(૨૨)-ઠ
(૫) તા. ૧૫-૯-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૨૬) વીએટી-૨૦૦૯ - એસ-૫(૨)(૨૮)-ઠ
(૬) તા. ૧૩-૧૧-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૩૨) વીએઆર-૨૦૦૯ -(૨૩)-ઠ

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું  નાણા વિભાગની સન ૧૯૭૬ના ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ અન્વયેની તા. ૧૫-૯-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:-જીએચએન-૨૮)  પીએફટી - ૨૦૦૯-(એસ.૨૬એ) (૧૪)ઠ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

### શ્રમ અને રોજગાર વિભાગની અધિસૂચનાઓ

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગની નીચે પ્રમાણેની અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

સન ૧૯૪૮ના મુંબઈ દુકાનો અને સંસ્થાઓ અધિનિયમ અન્વેયની-

(૧) તા.૨-૬-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૮૮-બીએસઈ - ૧૯- ૨૦૦૯-૨૩૮૦૪૮-એમ(૩)
(૨) તા.૨-૬-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૮૯-બીએસઈ - ૧૯- ૨૦૦૮-૩૫૫૮૭૯-એમ(૩)
(૩) તા.૨-૬-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૯૦-બીએસઈ - ૧૯- ૨૦૦૮-૨૧૮૬૦૮-એમ(૩)
(૪) તા.૬-૬-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૯૪-બીએસઈ - ૧૯- ૨૦૦૮-૩૨૮૬૯૮-એમ(૩)
(૫) તા.૧૮-૬-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૯૮-બીએસઈ - ૧૯- ૨૦૦૭-૩૧૦૩૭૨-એમ(૩)
(૬) તા.૧૮-૬-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૯૯-બીએસઈ - ૧૯- ૨૦૦૮-૨૧૮૬૨૦-એમ(૩)
(૭) તા.૩૦-૬-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૧૧૫-બીએસઈ - ૧૯- ૨૦૦૯-૩૦૮૦૪૩-એમ(૩)
(૮) તા.૧૮-૭-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૧૨૦-બીએસઈ - ૧૯- ૨૦૦૯-૩૧૯૭૪૨-એમ(૩)
(૯) તા.૧૮-૭-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૧૨૧-બીએસઈ - ૧૯- ૨૦૦૯-૨૩૨૬૧-એમ(૩)
(૧૦) તા.૩૦-૭-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૧૨૮-બીએસઈ - ૨૦૦૯-૬૭૯૦૬-એમ(૩)
(૧૧) તા.૩૧-૭-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૧૩૦-બીએસઈ - ૨૦૦૯-૩૧૯૭૩૭-એમ(૩)
(૧૨) તા.૨૪-૮-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૧૪૧-બીએસઈ - ૧૯- ૨૦૦૯-૨૭૯૧૯૪-એમ(૩)
(૧૩) તા.૨૬-૮-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૧૪૨-બીએસઈ - ૧૯- ૨૦૦૯-૧૮૮૪૭૭-એમ(૩)
(૧૪) તા.૯-૯-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૧૫૦-બીએસઈ - ૧૯- ૨૦૦૯-૨૮૩૨૭૮-એમ(૩)
(૧૫) તા.૯-૯-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૧૪૯-બીએસઈ - ૧૯- ૨૦૦૯-૩૩૫૫૦૦-એમ(૩)
(૧૬) તા.૧૧-૯-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૧૫૨-બીએસઈ - ૧૯- ૨૦૦૯-૫૩૫૨૭૩-એમ(૩)
(૧૭) તા.૧૬-૯-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૧૫૩-બીએસઈ - ૧૯- ૨૦૦૯-૧૮૦૦૮૨-એમ(૩)
(૧૮) તા.૧૬-૯-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૧૫૪-બીએસઈ - ૧૯- ૨૦૦૯-૫૪૫૭૩૧-એમ(૩)
(૧૯) તા.૧૬-૯-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૧૫૫-બીએસઈ - ૧૯- ૨૦૦૯-૫૪૨૧૩૫-એમ(૩)
(૨૦) તા.૨૫-૯-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૯-૧૫૭-બીએસઈ - ૧૯- ૨૦૦૯-૯૮૭૮૧-એમ(૩)

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસની અધિસૂચનાઓ**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણેની અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની

(૧) તા.૭-૭-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક :- કેપી-૧૫-૨૦૦૯-પીઈઆર-૧૦૨૦૦૭-૧૮૭૭ -ડી
(૨) તા.૨૭-૧૦-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-કેપી-૨૦૦૯નો ૨૪- પીઆરઆર-૧૦૯૭- ૮૨૦-ચ

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી) :** મનાનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ ( પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ ) અધિનિયમ અન્વયેની તા.૧૬-૭-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક- જીપી-૧૯-એનએસજીનો-૧૦૨૦૦૮- એસએફએસ -૭૬-ઈ અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શિક્ષણ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગની નીચે મુજબની અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવાન રજા લઉં છું.

(અ) સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ અન્વયેની

(૧) તા.૨૯-૫-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:-જીએચ-એસએચ -૧૧ - ૨૦૦૯- પીવીએસ-૧૦૨૦૦૯-૫૫૩-એસ

(૨) તા.૨૬-૬-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:-જીએચ-એસએચ-૨૦- ૨૦૦૯ - પીવીએસ-૧૦૨૦૦૯-૫૫૩-એસ

(૩) તા.૨૨-૭-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:-જીએચ-એસએચ-૨૧- ૨૦૦૯ - પીવીએસ-૧૦૨૦૦૯-૫૫૩-એસ

(૪) તા.૬-૮-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:-જીએચ-એસએચ-૨૬- ૨૦૦૯- એમબીએ-૧૦૨૦૦૮-૬૩૩-એસ

(૫) તા.૯-૧૦-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:-જીએચ-એસએચ-૩૨- ૨૦૦૯ - પીવીએસ-૧૦૨૦૦૯-૩૩૨૩-એસ

(૬) તા.૨૩-૧૦-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ-એસએચ-૩૩-૦૯- પીવીએસ-૧૦૨૦૦૯-ઈએમ-૫૨-એસ.

(૭) તા.૨૩-૧૦-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીએચ-એસએચ-૩૪-૦૯- પીવીએસ-૧૦૨૦૦૯-ઈએમ-૫૨-એસ

**(બ)** સન ૨૦૦૭ના ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અધિનિયમ અન્વયેની તા.૨-૩-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક:-જીએચ/ એસએચ-૩/ ૨૦૦૯/ જીટીયુ/ ૧૦૨૦૦૮ - ૧૨૧૧-એસ

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેની જનતા માટે વિદ્યુત ઉત્પાદન, પ્રવહન અને વિતરણ કરતા ઉદ્યોગોમાંના તમામ રોજગારને આવશ્યક સેવા તરીકે જાહેર કરતી તા.૮-૯-૨૦૦૯ ની અધિસૂચના ક્રમાંક:જીએચયુ-૨૦૦૯ (૨૧૩) -જીયુવી- ૧૦૨૦૦૭ - ૨૪૮૬-ક, અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ઉધોગ અને ખાણ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૫૭ના ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ અન્વયેની તા.૨૨-૯-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીયુ-૨૦૦૯-૪૯- એમસીઆર -૧૦૨૦૦૮ -૨૫૧૦-છ, અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) અધિનિયમ અન્વયેની તા.

૨-૯-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંકઃ- જીએચયુ- ૨૦૦૯-૨૦૧-જીઆરસી-૧૦૨૦૦૯-૧૫૮૩-ક, અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલાં અનુમતિ મળેલાં વિધેયકો

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક- ૧૩, ૧૬, ૧૭, ૧૮, ૨૧ અને ૨૨ ને વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલાં વિધેયકો ક્રમાંક ૧૩, ૧૬, ૧૭, ૧૮, ૨૧ અને ૨૨ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

### સન ૨૦૦૯નું વિધેયક ક્રમાક-૧૪ મુંબઇ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક ઉપર પુનઃવિચારણા કરવા માટેનો નામદાર રાજયપાલશ્રીનો સંદેશો

**અધ્યક્ષશ્રી** : બારમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં સભાગૃહે તા. ૨૮મી જુલાઇ, ૨૦૦૯ના રોજ સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૪- સન ૨૦૦૯નું મુંબઇ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક પસાર કર્યુ હતું. આ વિધેયકને રાજયપાલશ્રીની અનુમતિ માટે રજૂ કરવામાં આવતાં, નામદાર રાજયપાલશ્રીએ આ વિધેયક ઉપર વિચારણા કરીને ભારતના બંધારણની કલમ-૨૦૦ના પ્રથમ પરંતુકના અનુસરણમાં નિર્દેશ આપીને સદરહુ સુધારા વિધેયકની કલમ-૪ થી મૂળ અધિનિયમની કલમ ૬૫ પછી ઉમેરવામાં આવેલ કલમ ૬૫ ક (૨) ની પુનઃ વિચારણા કરવાના તા. ૩જી નવેમ્બર, ૨૦૦૯ના સંદેશા સાથે આ વિધેયક ગુજરાત વિધાનસભાને પરત મોકલાવેલ છે. નામદાર રાજયપાલશ્રીએ મોકલેલ સંદેશ નીચે મુજબ છે.

MESSAGE

I have considered the question of granting my assent to the **Bombay Prohibition (Gujarat Amendment) Bill, ૨૦૦૯.**

A careful perusal of insertion of Section ૬૫ A (૧), (૨) & (૩) in the **Bombay Prohibition Act**, ૧૯૪૯ which prescribes punishment for "laththa" in the proposed Bill shows that punishment proposed under ૬૫ A (૨) is without doubt extreme. It mentions that when there has been death of any person by the consumption of the said "laththa" , the person who has manufactured, kept, sold or arranged to make it drink or distributed " laththa" shall on conviction, be punished with death or imprisonment for life and shall also be liable to fine. In one of the cases, **Hon'ble Supreme Court of India** has also laid down

that capital punishment should be afflicted in rarest of rare cases. Besides death sentence is basically deprivation of life and liberty of the individual which is guaranteed under Article ૨૧ of the Constitution. While it is true that the State Legislature is within its competence to make laws for whole or part of the State, according to the provisions of Article ૨૪૫ and ૨૪૬ of the Constitution of India, and while it is also true that the State

Legislature has powers to prescribe the quantum of punishment, it is also true that when such discretion relates to deprivation of a human life, more careful approach requires to be adopted in the matter. Besides, death penalty is usually prescribed by Central Acts. Here in this case, it is the State Government which has attempted to prescribe such type of extreme punishment. It also needs to be examined whether the provisions of the Bill pertaining to prescribing death sentence are within the Legislative competence of the Gujarat Legislative Assembly and whether they are ultra vires of the Constitution of India. As such, this issue requires re-consideration.

Because of the tragic incident of July, ૨૦૦૯, workers of various political parties, social organizations, women representatives etc. had expressed their anguish at the tragic event and had held wide spread demonstrations against the improper implementation of the Prohibition policy in the State. As Governor I have also to take into account all these while deciding the matter. The evil of liquor consumption has socio-economic dimensions and needs greater social awareness. It would be prudent on the part of the State Government to involve the Gandhian thinkers, political parties , intellectuals, media and others, who could create social awareness about the evils of liquor consumption. A State like Gujarat which is dedicated to the priniciples of peace and nonviolence, taught by **Mahatma Gandhi, the Father of the Nation,** who himself was an ardent believer in and champion of non-alcoholism should take a lead in this. It is the need of the hour to curb this evil in an effective manner for the all round welfare and prosperity of the people, especially the poor and down trodden sections of the society through creating social awareness. This cannot be achieved overnight by prescribing stringent measures through a legislative bill because to bring awareness about the evils of liquor consumption is a social process which requires great deal of efforts, patience, understanding and both political and societal will. In such a scenario, it would be prudent for the Legislative Assembly to come out with a clearer policy on the whole issue and in this context, it would be a welcome step, if instead of passing this Bill through absolute majority, a consensus is reached on its various components amongst all political parties, after a thorough discussion of all aspects of the issue of prohibition, so that the Bill could reflect and echo the feelings and concerns of all in the true democratic spirit. In view of the above, it appears all the more appropriate and justified, if insertion of section ૬૫ (૨) in the Bill pertaining to the capital punishment is re-considered and deliberated upon by the House and a consensus is reached, so as to bring into force the true spirit of democracy on a matter of such vital importance affecting the life of the poor people.

After careful consideration of the above position, I am of the view that the above mentioned provisions of this Amendment Bill require re-consideration for such suitable amendments, as would bring the provisions of the present Bill in conformity with the unanimous opinion of the whole House, so as to reflect a consensus on a public issue of vital importance.

Accordingly, I hereby return the **Bombay Prohibition (Gujarat Amendment) Bill, ૨૦૦૯ (Gujarat Bill No. ૧૪ of ૨૦૦૯)** with my message recommending that the above mentioned provisions of the Bill be re-considered for suitable amendments, as mentioned hereinabove.

**આ સંદેશાનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે,**

મુંબઇ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૯ને મારી અનુમતિ આપવાની બાબતને મેં વિચારણામાં લીધી છે.

સૂચિત વિધેયકમાં જે કલમથી " લઠ્ઠા" માટેની શિક્ષા ઠરાવવામાં આવે છે તે, મુંબઇ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯માં દાખલ કરવામાં આવેલી કલમ ૬૫ (ક) (૧), (૨) અને (૩)નું કાળજીપૂર્વકનું વાંચન દર્શાવે છે કે ૬૫ ક(૨) હેઠળ સૂચિત કરેલી શિક્ષા નિ:શંકપણે અતિ કડક છે તેમાં જણાવવામાં આવેલ છે કે સદરહુ " લઠ્ઠા " ના સેવનથી કોઈપણ વ્યકિતનું મૃત્યુ નીપજે તો, જે વ્યકિતએ લઠ્ઠાનું ઉત્પાદન કરેલ હોય, રાખેલો હોય, તેનું વેચાણ કર્યું હોય અથવા લઠ્ઠો પીવાની અથવા તેના વિતરણની વ્યવસ્થા કરેલી હોય, તેને દોષિત ઠર્યેથી, મૃત્યુ દંડ અથવા આજીવન કેદની શિક્ષા થશે અને તે, દંડની શિક્ષાને પણ પાત્ર થશે. એક કેસમાં, **ભારતની નામદાર સર્વોચ્ચ અદાલતે** પણ ઠરાવ્યું છે કે દેહાંતદંડની સજા જવલ્લે બનતા કેસમાં જ આપવી જોઈએ. વધુમાં, મૃત્યુની સજા, સંવિધાનની કલમ ૨૧ હેઠળ જેની ખાતરી આપવામાં આવી છે તેવા, વ્યકિતના જીવનને અને સ્વતંત્રતાને મૂળભૂત રીતે છીનવી લે છે. એ સાચું છે કે, રાજય વિધાનમંડળે, ભારતના સંવિધાનની કલમ ૨૪૫ અને ૨૪૬ની જોગવાઈઓ અનુસાર, પોતાના અધિકારની અંદર, સમગ્ર રાજય અથવા તેના ભાગ માટે કાયદા કરવાના (ઘ ડવાના) હોય છે અને એ પણ સાચું છે કે રાજય વિધાનમંડળને શિક્ષાનું પ્રમાણ ઠરાવવાની સત્તા છે, એ પણ સાચું છે કે આવી મુનસફી જ્યારે માનવ જીવનને છીનવી લેવાને લગતી હોય ત્યારે, તેવી બાબતમાં ખૂબ કાળજીપૂર્વકનો અભિગમ અપનાવવો જરૂરી છે. વધુમાં, મૃત્યુ દંડ સામાન્ય રીતે કેન્દ્રીય અધિનિયમોથી ઠરાવવામાં આવે છે. અહીં આ કિસ્સામાં, આવા પ્રકારની આત્યંતિક સજા રાજય સરકારે ઠરાવવાનો પ્રયત્ન કર્યો છે. મૃત્યું દંડ ઠરાવવાને લગતા વિધેયકની જોગવાઈઓ, ગુજરાત વિધાનસભાના વૈધાનિક સત્તાધિકારની અંદર આવે છે કે કેમ અને તે ભારતના સંવિધાનથી સત્તા બહારનું છે કે કેમ તે ચકાસવું પણ જરૂરી છે. આમ, આ મુદ્દો પુન: વિચારણા માંગી લે છે.

જુલાઇ, ૨૦૦૯ના કરૂણ બનાવને કારણે, વિવિધ રાજકીય પક્ષોના કાર્યકરો, સામાજિક સંગઠનો, મહિલા પ્રતિનિધિઓ વગેરેએ કરૂણ ઘટના અંગે તેમનો આક્રોશ વ્યક્ત કર્યો હતો અને રાજયમાં નશાબંધી નીતિના અયોગ્ય અમલ વિરૂદ્ધ વ્યાપક દેખાવો કર્યા હતા. રાજ્યપાલ તરીકે, આ બાબતનો નિર્ણય કરતી વખતે મારે પણ આ તમામ બાબતો લક્ષમાં લેવી પડે.

દારૂ સેવનના અનિષ્ટના સામાજિક-આથિર્ક પરિમાણો છે અને તે વધારે સામાજિક જાગૃતિ માંગી લે છે. રાજય સરકારના પક્ષે ગાંધીવાદી વિચારકો, રાજકીય પક્ષો, બૌદ્ધિકો, માધ્યમો અને અન્ય, જે કોઈ દારૂ સેવનના અનિષ્ટ વિષે સામાજિક જાગૃતિ સર્જી શકે તેમને સાંકળવા શાણપણ ભરેલું રહેશે. **મહાત્મા ગાંધી, રાષ્ટ્રપિતા,** કે જેઓ પોતે દારૂબંધીમાં આગ્રહપૂર્વક માનનાર અને તેના માટે લડનાર હતા અને તેમણે શીખવેલા શાંતિ અને અહિંસાના સિદ્ધાંતોને સમર્પિત ગુજરાત જેવા રાજયે આમાં આગેવાની લેવી જોઈએ. લોકોના, ખાસ કરીને સમાજના ગરીબ અને કચડાયેલા વર્ગના સર્વાંગી કલ્યાણ અને સમૃદ્ધિ માટે, સામાજિક જાગરૂકતા દ્વારા આ દૂષણને અસરકારક રીતે અંકુશમાં લાવવું તે વર્તમાન પરિસ્થિતિની આવશ્યકતા છે. દારૂના સેવનના દૂષણ વિષેની જાગરૂકતા લાવવી તે એક સામાજિક પ્રક્રિયા છે, જેમાં અથાગ પ્રયત્નો, ધૈર્ય, સમજ અને રાજકીય અને સામાજિક એ બંને સંકલ્પની જરૂરિયાત છે. જેથી, વૈધાનિક વિધેયકથી કડક પગલાં ઠરાવવાથી આ રાતોરાત સિદ્ધ કરી શકાય તેમ નથી. આવી પરિસ્થિતિમાં, સમગ્ર બાબત અંગેની વધુ સ્પષ્ટ નીતિ સાથે આગળ વધવું વિધાનસભા માટે વધુ શાણપણભર્યું ગણાશે અને આ સંદર્ભમાં, આ વિધેયકને સંપૂર્ણ બહુમતીથી પસાર કરવાને બદલે, નશાબંધીના મુદ્દાના તમામ પાસાઓ પર સંપૂર્ણ ચર્ચા કર્યા પછી, તમામ રાજકીય પક્ષો દ્વારા તેના વિવિધ અંગભૂત ઘટકો બાબતે સર્વાનુમતિ સાધીને આગળ વધવું તે આવકાર્ય પગલું ગણાશે, જેથી કરીને વિધેયકથી સર્વની લાગણીઓ અને ચિંતાઓની લોકશાહીની સાચી ભાવનાથી અભિવ્યકિત અને તેનું અનુસરણ થઈ શકશે.

ઉપર્યુકત મંતવ્ય પ્રમાણે, ગરીબ લોકોના જીવનને અસર કરતી આવી અતિ આવશ્યક મહત્ત્વ ધરાવતી બાબતે લોકશાહીની સાચી ભાવનાને પ્રેરવા માટે, મૃત્યુ દંડને લગતા વિધેયકમાંની કલમ ૬૫ (૨) દાખલ કરવા અંગે ગૃહમાં પુન: વિચારણા અને વિચાર-વિમર્શ કરીને સર્વાનુમતિ સધાય તે તમામ રીતે વધુ યોગ્ય અને વાજબી જણાય છે.

ઉપરની સ્થિતિની કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી, મારો એવો અભિપ્રાય છે કે આ સુધારા વિધેયકની ઉપર જણાવેલી જોગવાઈઓની એવા યોગ્ય સુધારા કરવા માટે ફેરવિચારણા કરવી જરૂરી છે જેથી કરીને વિધમાન વિધેયકની જોગવાઈઓને સમગ્ર ગૃહના સર્વાનુમતે અનુરૂપ કરી શકાય અને અતિ આવશ્યક જાહેર બાબતો ઉપર સર્વસંમતિ દર્શાવી શકાય.

તદ્દનુસાર, હું, આથી, અહીં ઉપર જણાવેલા, યોગ્ય સુધારા માટે વિધેયકની ઉપર જણાવેલી જોગવાઈઓની પુન: વિચારણા થાય તેવી મારી ભલામણના સંદેશ સાથે, **મુંબઇ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૯ (સન ૨૦૦૯ના ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૪)** પરત કરું છું.

રાજયપાલશ્રીએ પરત મોકલાવેલા આ વિધેયકની નકલો નામદાર રાજયપાલશ્રીના સંદેશ સાથે છપાવી સર્વે સભ્યશ્રીઓને અગાઉથી મોકલવામાં આવી છે. આ વિધેયક ઉપર હવે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૪૭ની જોગવાઈઓ મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત

## જાહેર સાહસો માટેની સમિતિના સાતમા અને આઠમા અહેવાલની રજૂઆત

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના સાતમા અને આઠમા અહેવાલને સભાગૃહ સમક્ષ રજૂ કરવાની રજા લઉં છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

## અરજી સમિતિના પહેલા અહેવાલની રજૂઆત

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી ગુજરાત વિધાનસભાની અરજી સમિતિના પહેલા અહેવાલને સભાગૃહ સમક્ષ રજૂ કરવાની રજા લઉં છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

## સરકારી વિધેયક

## સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧૪

# મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૯

## મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના નશાબંધી અને આબકારીમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૦૯નું મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક (પુન:વિચારણા)નું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના નશાબંધી અને આબકારી મંત્રી શ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ આપે રાજયપાલ મહોદયનો પત્ર ગૃહ સમક્ષ વંચાણ લીધો છે. એટલે પત્રની વિગતોની બાબતમાં જવાની જગ્યાએ હું સીધી જ વિધેયક બાબતની વાત કરવા માગું છું. પત્ર પણ બધા જ સભ્યશ્રીઓને મળી ગયો છે. રાજયપાલશ્રીનો સંદેશો પણ અનુવાદ સાથે બધા સભ્યશ્રીઓને મળી ગયો છે. આ વિધેયક જે સુધારા વિધેયક છે એ આપણા રાજયના હયાત નશાબંધી કાયદાની અંદર સુધારા લઈને આવવું પડે એવી પરિસ્થિતિ ઉભી થઈ એના લીધે સુધારો લઈને આવવું પડ્યું છે. નજદીકના જ ભૂતકાળમાં અમદાવાદ શહેરમાં એક કરૂણ અને દુ:ખદ ઘટના બની, અને ઝેરી શરાબ એટલે કે લઠ્ઠો પીવાના લીધે મોટી સંખ્યામાં લોકોના મૃત્યુ થયા, લોકો ઈજાગ્રસ્ત પણ થયા. આ ઘટનાએ આપણા કાયદાને અત્યારના સાંપ્રત સમયના પરીપ્રેક્ષ્યમાં ફરી વખત વિચારવા માટે આપણને મજબૂર કર્યા છે. વર્ષોથી બનેલો આ કાયદો એની અંદર નાના મોટા ટેકનિકલ સુધારાઓ થયા હતા પણ સમય જેમ બદલાયો, વસ્તી વધતી ગઈ અને એની સાથેસાથે જે પ્રકારના નવા નવા કીમિયાઓ નશાબંધી તોડવાવાળા લોકો અને નશાના પદાર્થ બનાવવા વાળા લોકો જે લાવતા થયા એ કીમિયાઓને રોકવા માટે અત્યારનો કાયદો એકદમ નબળો પડે એમ છે અને એની અંદર સુધારાની જરૂરિયાત છે એટલે રાજય સરકાર આ સુધારાઓ લઈને આવી છે. અનેક ઘટનાઓ પહેલા પણ આ રાજયની અંદર બની છે. ૨૫ ઘટનાઓ બની છે, આમ જોવા જઈએ તો બીજી રીતે નશાબંધીનો કાયદો અને લઠ્ઠાકાંડ એને ખરેખર કોઈ લેવાદેવા નથી. જ્યાં જ્યાં નશાબંધીનો કાયદો નથી એવા અનેક રાજયોની અંદર હજારો લોકો આઝાદી પછી આ જહેરીલી શરાબનો ભોગ બન્યા છે અને એમણે પોતાનો જીવ ગુમાવ્યો છે પરંતુ કમનસીબે દેશના કોઈ રાજયના કાયદાની અંદર આ જહેરીલી શરાબ વેચવાવાળા લોકો જે પોતાની આવક વધારવા માટે વધુ પૈસા કમાવા માટે બીજાના જીવન સાથે ચેડાં કરે છે એને દંડ આપવાની જોગવાઈ કોઈ કાયદાની અંદર નથી અને એના પરિણામે આ પ્રવૃત્તિ બેરોકટોક ચાલી અને આ દેશભરની અંદર અનેક લોકો એના ભોગ બન્યા, ગુજરાત તો નશાબંધીને વરેલું રાજય છે. આપણા રાજયની રચનાથી નશાબંધીને સ્વીકારી છે. મુંબઈ રાજય વખતથી સ્વીકારી છે. અને એને વધુ, એ ભાવનાને વધુ દ્રઢ બનાવવા માટે કાયદાની પકકડ આ ગુનો આચરવાવાળા લોકો ઉપર વધુ સખત થાય પોતાના લોભના કારણે બીજાના જીવન સાથે જે લોકો ચેડા કરે છે એમના મનમાં કાયદાનો ભય ઉભો થાય એ પ્રકારની કલમો આ કાયદાની અંદર સુધારા તરીકે લઈને હું આ ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. અત્યારના કાયદાની અંદર કોઈ જ એ પ્રકારનું પ્રોવિઝન નથી. કે જહેરીલી શરાબ એટલે કે લઠ્ઠો વહેંચે અને દારૂ વહેચતા પકડાય એ બંને વચ્ચે કોઈ ભેદરેખા નથી. સાદો દારૂ એક કેવળ નશો છે. અને લઠ્ઠો એ જહેર છે. જહેર વેચવાવાળાને સજા વધુ હોવી જોઈએ આ બહુ સામાન્ય અને સર્વસ્વીકૃત વાત છે. પોતાના લોભના કારણે સેંકડો લોકોના મૃત્યુ થતા હોય અને

પોતે નાનકડી સજા ભોગવીને છૂટી જતા હોય તો કોઈ ડરવાના નથી. એટલા માટે આ કાયદાની અંદર સુધારા દ્વારા જૂદીજૂદી જોગવાઈઓ કરવામાં આવી છે. સૌથી પહેલા કલમ-૨ની અંદર લઠ્ઠાની વ્યાખ્યા કરી છે. જેથી સામાન્ય શરાબથી લઠ્ઠો એટલે કે ઝેરી દારૂ એને છૂટો પાડી શકાય અને ઝેરી દારૂ જે લોકો વેચતા હોય એના માટે જુદા પ્રકારના પ્રોવિઝનો, જુદા પ્રકારની જોગવાઈઓ અને જુદા પ્રકારની સજાઓ આ કાયદાની અંદર સૂચવવામાં આવી છે. અત્યારે જે કાયદો છે એની અંદર લઠ્ઠો બનાવવાની મદદ કરવાવાળા, એનો સ્ટોક રાખવાવાળા,અને વેચવાવાળા, હું જે સુધારા લઈને આવ્યો છું એને ૧૦ વર્ષની સજા વધુમાં વધુ અને ઓછામાં ઓછી ૭ વર્ષની સજા. એ બનાવવાવાળા, વેચવાવાળા, માલ આપવાવાળા, બનાવવામાં મદદ કરવાવાળા એ બધા ઉપર કરવામાં આવી છે. હું બહુ સ્પષ્ટતાપૂર્વક કહેવા માગું છું કે આ સુધારો પોતાના લાભ માટે દારૂ બનાવવાવાળા અને ઝેરી દારૂ બનાવવાવાળા માટે છે, જે નશાના આદતી બન્યા છે એના માટે નથી. જે વેપાર કરે છે અને મોતનો વેપાર કરે છે એના માટે આ કડક જોગવાઈ કરવામાં આવી છે. હું માનું છું કે એમાં બન્ને પક્ષના લોકોની, બન્ને પક્ષના સભ્યશ્રીઓની સહમતિ હોય કે જે ઝેરી દારૂ બનાવે એને કડકમાં કડક સજા થવી જોઈએ. જો ઝેરી દારૂ પીવાના લીધે કોઈનું મૃત્યું થાય તો આની અંદર મૃત્યું દંડ અને આજીવન કારાવાસની જોગવાઈ કરી છે. સમગ્ર દેશમાં આ પ્રકારની જોગવાઈ કરવાવાળું આ બિલ મંજૂર થાય એટલે ગુજરાત પહેલું રાજ્ય બનવાનું છે જેણે ઝેરી શરાબ બનાવવાવાળા લોકો ઉપર મૃત્યું દંડની જોગવાઈ કરી હોય. આના ટેસ્ટીંગની વ્યવસ્થા પણ કરી છે. સ્થાયી સૂચના દ્વારા રેડ પડે અને દારૂ પકડાય તો એનું એફ.એસ.એલ.માં ટેસ્ટીંગ ફરજિયાત કર્યું છે. એટલે ખબર પડે કે આ લઠ્ઠો છે કે સાદો દારૂ છે. ટેસ્ટીંગમાં લઠ્ઠા તરીકે પરખાય તો એને પેલી ભારે સજાવાળો સુધારો આપણે દાખલ કરીએ છીએ એ પ્રમાણેની કાર્યવાહી આગળ કરવામાં આવે અને જો કોઈ પોલીસ અધિકારી આ ટેસ્ટીંગ કરાવવામાં ચૂક કરે તો એના માટેની સજાની જોગવાઈ કલમ ૯૪(ક) ઉમેરીને એ હેઠળ કરવામાં આવી છે. કાયદાનો અમલ કરવાની જવાબદારી છે એમને પણ જવાબદાર ઠેરવ્યા છે. કલમ ૯૪(ક)ની કલમ પહેલીવાર આ રીતે ઉમેરવામાં આવી છે કે જેમણે નશાબંધીની નીતિના કાયદાનો અમલ કરવાની જવાબદારી છે એના માટે આ કાયદામાં સજાની જોગવાઈ કરી છે અને સૌથી અગત્યની વાત કલમ ૯૮ ની અંદર છે. એની અંદર જે લોકો આનું પરિવહન કરવા માટે જે વાહનો વપરાય છે એ વાહનો અત્યારના કાયદામાં જોગવાઈ છે એમાં છૂટી જાય છે. કોર્ટ એમને છોડી દે છે. કારણ કે એને રાજ્યસાત કરવાની જોગવાઈ નથી. કોઈ દિવસ દારૂના વાહનનું મૂલ્ય દારૂ કરતાં ઓછું ન હોય. જો દારૂ જે વાહનની અંદર ભરેલ હોય, ટ્રકમાં ભરેલ હોય તો એ ટ્રક રાજ્યસાત થવાની હોય તો મને લાગે છે કે પરિવહન માટે વાહન મળવું અઘરું પડશે. એટલા માટે રાજ્ય સરકાર જોગવાઈ લઈને આવવાની છે કે જે વાહનમાં દારૂનું ટ્રાન્સ્પોર્ટેશન થતું હશે એ વાહનને રાજય સરકાર રાજ્યસાત કરશે અને મૂળ માલિકને વાહન કોર્ટ પરત નહીં આપી શકે. આ પ્રકારની જોગવાઈઓ કરી છે. હું માનું છું કે લઠ્ઠાની જે કરૂણ ઘ ટના થઈ હતી એના અંદરથી સાંપ્રત સમયને અનુરૂપ આ બધા સુધારાઓ છે. હું આશા રાખું છું કે, ગૃહના બન્ને બાજુના સભ્યો આ સુધારાઓને વધાવે અને વધુ સારી રીતે આપણે નશાબંધીની નીતિનો અમલ કરી શકીએ એ બાબતમાં સંમતિ આપી આપણી એકતાના દર્શન ગુજરાતની પ્રજાની સામે કરાવીએ એવી હું સૌ સભ્યોને અપીલ કરી મારી વાત પૂરી કરું છું.

**અધ્યક્ષશ્રી** : બન્ને બાજુ જે પ્રમાણે એક કલાક બીજો લેવાના છીએ. એ રીતે અત્યારના સમયની ફાળવણી પ્રમાણે ૭૮ મિનિટ આ બાજુ મળશે અને ૩૯ મિનિટ (અંતરાય) હું ક્યાં ના પાડું છું? હું લંબાવવાનો છું. આપણે બિલને મર્યાદિત કરવા માગતા નથી. સમયની ફાળવણીની અગાઉથી ખબર પડે તો આપણને યોગ્ય લાગે એ રીતે કરી શકાય. એટલા માટે કેટલા કલાક સુધી આપણે વધારે સમય લેવો છે એનો અંદાજ નીકળી જાય તો એના સમયની ફાળવણી થાય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : I can understand your concern. I appreciate.

**અધ્યક્ષશ્રી** : હું એક પણને રોકવા માગતો નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : Sir, please try to understand our difficulty also. If a Member from any side, goes beyond the scope of the Bill and if your Honour do not stop, time will be different. If your Honour stop them, time will be different. So it will be very difficult for us to give an assessment. Generallty when debate of a bill comes, we never ask such type of questions in the Business Advisory Committee also. We are concerned, we do not want to prolong.

**અધ્યક્ષશ્રી** : આજે પૂરું કરવા સિવાય આપણે કોઈ નિર્ણય કર્યો નથી. મોડી રાત સુધી પણ બેસવાની આપણી તૈયારી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ચલાવીએ બેય બાજુથી આપ આપની રીતે મૉનિટર કરો અને સમયની ફાળવણી આમાં જરૂરી જ નથી. may be સરકાર concern હશે તો જવાબ આપવાના છે તો એમના પક્ષે ઓછા સભ્યો બોલે. મારા સભ્યોની વાત પૂરી થાય એવું જરૂરી નથી.

**અધ્યક્ષશ્રી** : એક આ બાજુને એક આ બાજુ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આમાં મૉનિટરીંગની જરૂરય નથી.

**અધ્યક્ષશ્રી** : એ પણ હું કરવા નથી માગતો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : I appreciate.

**અધ્યક્ષશ્રી** : શ્રી શકિતસિંહ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહ એ કાયદો ઘ ડે છે. આ ગૃહના સભ્યો પ્રશ્નોત્તરી પૂછનારા સભ્યો નથી. આ ગૃહના સભ્યો કહેવાય છે ધારાસભ્યો. ધારા ઘ ડનારા સભ્યો. માનનીય અધ્યક્ષશ્રી, ચર્ચાઓ થાય, પ્રશ્નો ઉઠે એનું મહત્ત્વ હોય, પણ એ મહત્ત્વ બહુ લાંબુ હોતું નથી. પણ કાયદો જ્યારે આ ગૃહ બનાવે છે ત્યારે એ કાયદો ચિરંજીવી હોય છે. આપણે જે કાયદો બનાવીએ એની impact કોંગ્રેસ પર, ભાજપ પર, X પર, Y પર, Z પર એમ નહિ executive and judiciary એ કાયદાનો અમલ તમામ પર કરતી હોય છે. એ સંજોગોમાં આજે પણ આપણે પાર્લામેન્ટમાં જોઈએ છીએ કે rare case સિવાય concensus લેવાનો પ્રયત્ન થાય છે. All party discussion થાય છે. Outside the House meeting થાય છે. પ્રવર સમિતિને સોંપાય છે. એક નહિ અનેક બિલ આપણે પાર્લામેન્ટમાં જોઈએ છીએ અને એક જીવંત ચર્ચાના અંતે ગૃહમાં એ કાયદો આવે છે. મોટાભાગે બંને પક્ષે સ્વીકૃત સંમત વાતાવરણ હોય છે. જ્યારે કોઈપણ કાયદો આ વિધાનસભા ગૃહ બનાવે, બિલ પસાર કરે ત્યારે બહુમતીએ પસાર કરવાનો બહુ આગ્રહ નહિ હોવો જોઈએ અને એ થયા પછી બિલ પસાર થયા પછી માનનીય ગર્વનર સાહેબ પાસે જાય છે. ગર્વનર સાહેબ પાસે ત્રણ ઓપશન હોય છે.

**સભાપતિ શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ અધ્યક્ષસ્થાને**

ત્રણ ઓપશન પૈકીનું એક ઓપશન on behalf of the President of India assent આપે સહી કરે. વિધાનસભા ગૃહે બનાવેલો કાયદો, પસાર કરેલું બિલ એ કાયદો બને છે. ગર્વનર સાહેબને એમ લાગે કે ના આમાં મને એવું લાગે છે કે વિધાનસભા ગૃહ પુનઃવિચારણા કરે. expert opinion લીધા પછી ગર્વનર સાહેબને એમ લાગે કે ના આ વિધાનસભા પાસે પરત મોકલવું છે. That is the prerogative of H.E.Governor. એ મોકલે પરત. આપણે એક federal State છીએ. આપણે એક democratic State છીએ. આપણે લોકશાહીથી પર નથી. બાબા સાહેબ આંબેડકરે આપેલા બંધારણથી આપણે બહાર નથી અને ચેષ્ટા પણ નહિ કરવી જોઈએ. આખી દુનિયામાં બાબા સાહેબ આંબેડકરે આપેલા ભારતના આ બંધારણને સર્વોતમ ગણવામાં આવેલું છે. એ બંધારણની વ્યવસ્થાને સમજવાનો પ્રયત્ન કરવો પડશે. સવાલ ઊભા થાય છે અને સવાલ જ ઊભા થાય છે એવું નહિ પીંચ થાય છે.. દુઃખ થાય છે. આ વિધાનસભા ગૃહ કાયદો પસાર કરે, આપ ભૂતકાળના બનાવો જોજો. હું આ બિલના સંદર્ભમાં કેટલાક દાખલાઓ પણ આપીશ. I will not go beyond the scope of my purview. આ વિધાનસભા ગૃહે પસાર કરેલું બિલ કોઈ બીજા કેન્દ્રની, પક્ષની કે વિચાર ધારાના ગર્વનર સાહેબ નહિ. જે સત્તાધારી પક્ષ હોય એની જ વિચાર ધારાના એમના જ ગર્વનર હોય એ પણ assent ના આપે કે ના હું સહી નહિ કરું, ત્યાં પણ એ જ વિચારધારાવાળી કેન્દ્ર સરકારમાંથી પણ બિલો પરત આવવા માંડે ત્યારે આપણે વિચાર નહિ કરવાનો? આપણે ચિંતા નહિ કરવાની? આપણે શું application of mind નહિ કરવાનું.? આજે માનનીય ગર્વનર સાહેબે in his own wisdom અને હું માનું છું કે, કદાચ આટલો વિદ્વવતાપૂર્ણ સંદેશ બીલ માટે અપાયો હશે પહેલા કે નહીં એ મને ખબર નથી પણ હું આ ગૃહનો સાક્ષી છું ત્યાં સુધી મેં આવો સંદેશો નથી જોયો. એટલો વિદ્વવતાપૂર્ણ સંદેશ એ સંદેશ પછી ગુજરાતની સરકાર શું કરે છે ? Have you applied your mind? Have you taken opinion from any expert? Have you gone through the provisions of law? Have you gone through the rulings of the Hble Apex court? અને જો આ કર્યુ હોત તો કદાચ આપણે જે આજે આ કરવા જઈ રહ્યા છીએ એ ન થાત. મને તો પ્રશ્ન ઊઠે છે કે, ખરા અર્થમાં આપણે લઠ્ઠાકાંડમાં દોષિતો વ્યકિતને સજા કરવા માગીએ છીએ ખરા ? જો હા. તો એને અનુરૂપ આપણે શું કામ વર્તતા નથી? આપણા અધિકાર નથી, આપણે જે કાયદો બનાવવા માગીએ છીએ એ બની શકે તેમ નથી. I will give

examples, not one but series of examples. I will quote judetment of the Apex Court wherein Apex Court has said that you cannot do this. અને છતાં આપણે કરવાનું? એટલે શું થાય, ન મળે આપણને ગવર્નર સાહેબની મંજૂરી, ન મળે પ્રૅસિડેન્ટ ઑફ ઈન્ડિયાની મંજૂરી અને આપણે આ વિધેયકના નામ પર, અમે ફાંસીની સજા કરવાનું મોકલ્યું છે મિત્રો પણ આ નથી થતું. એનો અર્થ શું થવાનો. હા, પોલીટિકલ માઈલેજ હોઈ શકે થોડું આમ તેમ પણ આ વિધાન સભાગૃહ જે કાયદો બનાવવા માગે છે એ કાયદો આપણે નથી બનાવી શકતા એના કારણોમાં આપણે ઊંડા ઊતરવાનો પ્રયત્નો કેમ નથી કરતા, મારો સવાલ એ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગિમિક્સ માટે વિધેયક ન આવી શકે, ગંભીરતા સાથેનું વિધેયક લાવવું જોઈએ. મારે કહેવું જોઈએ ગુજરાતમાં દારૂબંધીની ચિંતા આ પાટલી કે આ પાટલી નહીં, સૌને છે અને મહાત્મા ગાંધીજીના ગુજરાતમાં મુઠ્ઠીભર લોકો કદાચ હશે પીનારા કે દારૂબંધીને મુક્ત કરનારની હિમાયત કરનારા પણ આજે પણ આમ ગુજરાતી, મહાત્મા ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધીને ઈચ્છી રહ્યું છે. આ ગૃહના અંદરનો દાખલો આપું છું. આપના મારફતે માનનીય નશાબંધી મંત્રીશ્રી કે જેઓ માનનીય કાયદા મંત્રીશ્રી પણ રાજ્યકક્ષાના છે, એ દિવસે આ ગૃહના એ સભ્ય નહતા પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ છે કે, જે દિવસે જે ઘટના બની હતી એ દિવસે આજે અધ્યક્ષસ્થાન પર બિરાજનાર માનનીય મહેન્દ્રભાઈ એ દિવસે આ ગૃહના સભ્ય હતા, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર તા. ૧૯-૩-૧૯૯૦ના રોજ સૂત્રાપાડામાં લઠ્ઠાકાંડની ઘટના બની, વીસ વ્યકિતઓના મૃત્યુ થયાં, આ વિધાનસભા ગૃહમાં એ વખતના સભ્ય માનનીય ર્ડા. ચંદ્રિકાબેન ચુડાસમાએ ૨૩મી માર્ચ, ૧૯૯૦ના રોજ આ વિધાનસભાગૃહમાં એમણે મુદ્દો ઉપસ્થિત કર્યો, માનનીય અધ્યક્ષશ્રી, અમે આ પક્ષે હતા, આપ શ્રી એક તટસ્થ તરીકે એક સભ્યશ્રી બેઠા હતા માનનીય અધ્યક્ષશ્રી, સત્તાધારી પક્ષમાં ભારતીય જનતા પક્ષ અને જનતા દળ હતું, માનનીય અધ્યક્ષશ્રી માત્ર અહીં બેસીને ટીકા કરું છું એમ નહીં, સારી વાતની સરાહના પણ કરું છું. એક વ્યકિત આવવાથી શું આપની માનસિકતા બદલાઈ ગઈ? આપ બેઠા હતા સામે જનતા દળ સાથે હતા, માનનીય ચીમનભાઈ મુખ્ય મંત્રી હતા, માનનીય કેશુભાઈ નંબર-૨ના કૅબિનૅટનું સ્થાન ધરાવતા હતા, આપે શું કહ્યું, ચંદ્રિકાબેનને રોક્યા નહીં માનનીય અધ્યક્ષશ્રી.

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

ચંદ્રિકાબહેનને પરમીટ કર્યા કે આપ મુદ્દો ઉપસ્થિત કરો. હું એમ કહું છું શબ્દ વાપરું છું કે સરકાર પર આ ગૃહમાં માછલા ધોયા હતા. ભયંકર ટીકા થઈ હતી. સરકારે મૌન રીતે સાંભળી એક પણ અવાજ એક પણ સભ્યએ ન કર્યો કન્સન બતાવ્યું અને એ પછી વિરોધ પક્ષની માગણી હતી કે સાહેબ, આવો લઠ્ઠાકાંડ થયો છે. ૨૦ માણસો મર્યા છે. વી આર કન્સન. આ વિધાનસભા ગૃહની કમિટિ બનાવો. મારે અભિનંદન આપવા જોઈએ. ભારતીય જનતા પક્ષ એ સરકારમાં ભાગીદાર હતો. એ સરકારના મુખ્યમંત્રી ઉભા થયા અને એમ કહ્યું કે વિરોધ પક્ષની ટીકાઓને હું માથે ચડાવું છું. આ વિધાનસભા ગૃહના સભ્યોની કમિટિ બનશે. સુત્રાપાડાની તપાસ કરવા આ વિધાનસભા ગૃહની કમિટિ જશે અને એ કમિટિના ચેરમેન કોણ રહેશે? એના પ્રમુખ કોણ રહેશે? તો સત્તાધારી પક્ષના નહીં, વિરોધ પક્ષના નેતા એ વખતના માનનીય સી.ડી.પટેલના અધ્યક્ષસ્થાને કમિટિ બનાવી. ૨૦ જણા મર્યા હતા. વાત સાચી છે આપની કે ખાનદાની હતી. આજે એક માણસના આવવાના કારણે આત્મારામભાઈ ખાનદાની જતી રહી તમારી? શરમ કહેવાય.

**અધ્યક્ષશ્રી** : હું સભાગૃહના કાયમ વચ્ચે ઈન્ટરપ્ટ કરનારા સભ્યોને વિનંતી કરું છું કે તમે ન કરતા.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સી.ડી.પટેલના અધ્યક્ષસ્થાને સમિતિ બની. સમિતિના અન્ય સભ્યોમાં હરીભાઈ પટેલ, માનનીય મનોહરસિંહ જાડેજા, માનનીય ડો. દિનેશ પરમાર, માનનીય રાઘવજી પટેલ, માનનીયશ્રી જશુભાઈ બારડ, માનનીય મહેન્દ્રભાઈ મશરૂ, માનનીય હરિશ્ચંદ્રભાઈ એલ. પટેલ, માનનીય બાબુભાઈ વાસણવાળા, માનનીય વિરેન્દ્રસિંહ ઝાલા, માનનીય સુભાષચંદ્ર શેલત, માનનીય મદનલાલ કાપડીયા, માનનીય પોપટલાલ પટેલ, માનનીય મોહનલાલ વાછાણી, માનનીય હમીરભાઈ ધુળા આ સભ્યશ્રીઓ હતા અને વિધાનસભાના સચિવ એવા એક સચિવ તરીકેની ભૂમિકા સમિતિને બજાવવા માટે પણ સચિવ તરીકે

રહયા હતા. ટૂંક સમયમાં જ આ સમિતિએ આ બે પુંઠાની વચ્ચે એટલો અભ્યાસપૂર્ણ અહેવાલ આપ્યો છે અને એ અહેવાલને એ પછીની જે સરકારો આવી એ સરકારોએ પણ આ અહેવાલને અનુસરવાનું ઉચિત માન્યું. આપ જો જો ભૂતકાળ દર બે વર્ષે, ત્રણ વર્ષે કે પાંચ વર્ષે કોઈને કોઈ ઘટના લઠ્ઠાકાંડની બનતી હતી. ૧૯૯૦માં બનેલી આ સમિતિએ આપેલા અહેવાલ બાદ સરકાર એના પગલે ચાલી. ૧૯૯૦ થી લઈને ૨૦૦૯ સુધી ગુજરાતમાં લઠ્ઠાકાંડની ઘટના ન બની. આ લઠ્ઠાકાંડની ઘટના ન બની એના કારણો જો કોઈ હોય તો હું અભિનંદન આપીશ. બંને પક્ષના સભ્યો હતા અથવા તો એ વખતે ત્રણ પાર્ટી હતી તો ત્રણેય પાર્ટીના હતા અને અપક્ષ સભ્ય તરીકે આ જ વિધાનસભાના સભ્ય માનનીય મહેન્દ્રભાઈ હતા. ખૂબ વિદ્વતાપૂર્ણ અભ્યાસ કરીને એમણે જે સૂચનો આપ્યા. લગભગ ૧૮ જેટલા સૂચનો એને પાળવાનો પ્રયત્ન થયો. એને અનુસરવાનો પ્રયત્ન થયો. એ પછી ૧૯ વર્ષના વહાણાં વાયાં બનાવ નહીં બન્યા પછી આખા દેશમાં સૌથી મોટી ખાનાખરાબી થઈ એવો બનાવ કેમ બન્યો? આપે એના ઊંડાણમાં જવાનો પ્રયત્ન કર્યો છે ખરો? કે આટલા વર્ષો સુધી ન બન્યું. ૧૯૯૦ થી ૨૦૦૯ સુધી ન બન્યું. આ સમિતિએ સૂચવેલા સૂચનો મુજબ સરકાર ચાલી. આપે એનો ચીલો ચાતર્યો. સમિતિએ જે કહ્યું હતું એનાથી આપ બહાર નીકળ્યા એના કારણે હું સ્પષ્ટ રીતે કહીશ કે જે સરકારે દારૂબંધી હળવી કરવાની નીતિ અખત્યાર કરી એના કારણે ગુજરાતની અંદર લઠ્ઠાકાંડ બન્યો.મારે કહેવું છે કે તા. ૧૬-૯-૨૦૦૩ સને ૨૦૦૩ ના અધિનિયમ ક્રમાંક-૨૭ આ વિધાનસભા ગૃહમાં આવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, દેશી દારૂ ન બને એના માટે આ વિધાનસભા ગૃહે ચિંતા કરી હતી, કારણ કે માણસ લે છે એ લઠ્ઠો નથી લેતો, માણસ જે પીવે છે એ લઠ્ઠો જાણીને ખરીદતો કે પીતો નથી, એ ખરીદે છે, પીવે છે એ માનીને કે હું દેશી દારૂ પીવું છું. હા, દેશી દારૂના નામે વેપારી પધરાવે છે, એ લઠ્ઠો પધરાવે છે, જે ઝેર છે. એ ઝેર દેશી દારૂ માનીને પીનારો માણસ એના માટે ભોગ ન બને એની ચિંતા આ વિધાનસભા ગૃહે કરેલી કે કોઈપણ રીતે આ રાજ્યમાં દારૂબંધી છે તો આ દારૂબંધીવાળા રાજયમાં દેશી દારૂ ન બનવો જોઈએ. દેશી દારૂ બનતો અટકાવી કેમ શકાય? તો આ વિધાનસભા ગૃહમાં ડહાપણમાં આ નિર્ણય લેવાયો. દેશી દારૂ માટેનું રો-મટીરિયલ શું? શેમાંથી દેશી દારૂ બને? રો મટીરિયલ એ રસ્ટડ ગુડ એટલે સડેલો ગોળ અને એમોનિયમ ક્લૉરાઇડ એટલે નવસાર એ બે વસ્તુ હોય તો દેશી દારૂ બને. આ વિધાનસભા ગૃહે નિર્ણય કર્યો કે ગુજરાતમાં દેશી દારૂ બનાવવા માટે વપરાતો રસ્ટડ ગુડ અને નવસાર એટલે એમોનિયમ કલોરાઈડ એનો સંગ્રહ ન કરી શકાય, એનું પરિવહન ન કરી શકાય, એને વેચી ન શકાય. રો-મટીરિયલ મેળવવું, રાખવું, વેચવું, પરિવહન કરવું એ ગુનો બને છે. રો-મટીરિયલ મળતું બંધ થયું, એટલે ગુજરાતમાં શું થયું? દેશી દારૂ બનતો ઓછો થયો. આપ સત્તામાં આવ્યા. સત્તામાં આવ્યા પછી ખબર નથી કે કઈ પ્રેરણા, મહાત્મા ગાંધીજીની પ્રેરણા કયારેય પણ દારૂબંધી હળવી કરવાનો વિચાર પણ ન લાવી શકે. મને ખબર નથી કે કઈ પ્રેરણા કયાંથી ઊતરી, પણ આવો નિર્ણય કર્યો. ૧૯-૯-૨૦૦૩ અધિનિયમ ક્રમાંક ૨૭ આપ આ વિધાનસભા ગૃહમાં લઈને આવ્યા કે રસ્ટડ ગુડ સડેલો ગોળ, એમોનિયમ ક્લૉરાઇડ નવસાર આને આપણે શેની યાદીમાં મૂક્યા? મુકત હેરફેરની યાદીમાં મૂકી દીધા. લૉજિક શું હતું આપનું? Why you have done this? સડેલો ગોળ રાખી શકાય. સડેલા ગોળની હેરફેર કરી શકાય. સડેલો ગોળ વેચી શકાય અને સંગ્રહ કરી શકાય. નવસારને રાખી શકાય, વેચી શકાય. પરિવહન કરી શકાય. શું આપણે દેશી દારૂને ઉત્તેજન આપવા માગતા હતા કે ચાલો તમને રો મટીરિયલ પૂરું પાડીએ છીએ. એક એમ.ઓ.યુ. કરીએ કે તમને રો-મટીરિયલ દેશી દારૂ માટેનું આપવાનું. પરવાનગી આપી દીધી કે જેથી તમે દેશી દારૂ બનાવી શકો. મને એ સમજાતું નથી કે આ નિર્ણય કઈ પ્રેરણા નીચે થયો? પરિણામ શું આવ્યું? પરિણામ એ આવ્યું કે ગુજરાતમાં જે દેશી દારૂ કદાચ કોઈ પીનાર કહી શકે કે સસ્તો થયો, કારણ કે પહેલું પરિવહન રાખવું, સંગ્રહ મુશ્કેલ હતું એટલે દેશી દારૂની પ્રોડકટ જ ઓછી થતી હતી. There was a logic behind the ideology of Hitler. એણે કહ્યું હતું કે દારૂ ઉપર હું સ્પેશ્યલ સબસિડી આપીશ. મારા રાજ્યમાં દારૂ પીનાર છે એને સસ્તો દારૂ મળશે. હિટલરના રાજ્યમાં ઇતિહાસ છે. હું નથી કહેતો. ધીસ ઈઝ હિસ્ટ્રી. હિટલરના રાજયમાં દારૂ સસ્તો કરવામાં આવ્યો. આપના તા.૧૬/૯/૨૦૦૩ના વિધેયકથી રો-મટીરીયલ મળતું થયું એટલે દેશી દારૂ ગુજરાતમાં વેચાતો થયો, મળતો થયો અને સસ્તો પણ થયો. માનનીય અધ્યક્ષશ્રી, સમાજની વચ્ચે જીવનારા લોકો આ સભાગૃહના સભ્ય થઈને આવે છે. આ પાટલી પર બેસે કે આ પાટલી પર બેસે. અનેક બહેનોના ઘરની પરિસ્થિતિ દારૂડિયાઓને કારણે કેવી થાય છે. મને તો હસવું આવે છે કે કેટલાક લોકો જયારે લોજીક આપતા હોય છે. હું કહું છું એમ નહીં. I have a report of various committees કે જેણે કહયું કે દારૂબંધી મુકત કરવાથી કદાચ થોડાક કરોડની આવક રાજયને થતી હોય ને તો સામાજિક સમતુલા લોકોના સુખ પાસે કરોડો રૂપિયાની આવક નિરર્થક છે, નહીં લેવી જોઈએ. કારણકે દારૂબંધી જે પરિવારમાં સુખ આપી શકે છે તે દારૂબંધી હટાવવાથી કયારેય નહીં મળે. આ સરકાર અહીંથી અટકી નહીં. રસ્ટેડ ગુડ, નવસારની મુકિત આપી. ત્યાંથી સંતોષ ન થયો પછી પણ એમ થયું કે ભાઈ ભલે ને દારૂ સસ્તો તો થયો પણ પીવે તેને સજા થાય છે, પીવે તેને જેલમાં જવું પડે છે, આ તો વ્યાજબી નહીં આ ગુજરાતમાં. કોઈએ નહીં વિચાર્યુ હોય આવું. એવો વિચાર ઘણી વખત કહેતા હોય છે કે સરકારમાં વિચાર collective responsibility of the cabinet, I don't know what is the situation in Gujarat. માનનીય અધ્યક્ષશ્રી, આપણે અહીંયાં વિધેયક ક્રમાંક: ૪૨ લઈને આવ્યા આ ગૃહમાં. વિધેયક ક્રમાંક: ૪૨ લઈને આવનારા આ ગૃહમાં તે વખતે માનનીય અધ્યક્ષશ્રી, જે

ચર્ચાઓ થઈ તે ચર્ચાઓને પણ હું તો જોઈ ગયો છું. આપણે શું કર્યુ? સેકશન-૯૨ ઈન્સર્ટ કરી. In Gujarat bill-૪૨ of ૨૦૦૩ section-૯૨. The Bombay Prohibition Act ૧૯૪૯ (hereinafter referred to as the Principal Act), after section ૯૧ the following section shall be inserted, namely ૯૨ Where the court on conviction for the first offence under clause (b) of sub-section ૧.આપ આજે ફાંસીની સજા કરો છો. આપનું તે દિવસનું લોજીક શું હતુ? આજનું લોજીક શું થઈ ગયું? When you inserted the section ૯૨ what was your logic? section ૬૬ for consumption offence in factions of section ૧ of ૮૫ or both the sentence a person simple imprisonment for certain term it shall a view of such imprisonment require such a person to execute a bond with sureties containing such conditions in such form as may be prescribed. દારૂ પીને નીકળે, દારૂ રાખે , છાકતો થઈને ફરે તેના માટે સજાની જોગવાઈ હતી. આ જે જોગવાઈ હતી આ જોગવાઈ સામે આજે આપ કહો છો કે અમારે કડક કાયદો કરવો છે. તે દિવસે આપે કહયું. ના, કાયદામાં તો હળવાશ કરવી જોઈએ. આ જે સજા થાય છે, જેલમાં જવું પડે છે દારૂ પીનારાં અમારા ભાઈઓને મિત્રો તે બરાબર નથી. તે કારણે બોન્ડ એકઝીકયુટ કરવા માટેની પરિસ્થિતિનું નિર્માણ થયું. આપણે કોઈપણ સિવિલ સોસાયટીમાં આના માટેનું લોજીક સમજાવી શકીએ ખરા કે રાજયમાં અમારી પાસે કાયદો છે કે દારૂ નહીં પીવો અને દારૂ પીવે, જાહેરમાં છાકતો થાય તો તેને સજાની જોગવાઈ છે અને જેલમાં જવું પડે છે. આપણે વિધેયક ક્રમાંક- ૪૨ લઈને આવ્યા, કે ના, એમને નહીં જવાનું, એમણે બૉન્ડ એકઝીકયુટ કરવાના, જેલમાં જવાની જરૂર નહીં, અને પરિણામે લોકોને જે એક ડર હતો કે મહાત્મા ગાંધીજીના ગુજરાતમાં જો હું દારૂ પીને નીકળું મને એક કૉન્સ્ટેબલ પકડી શકે અને મને સળિયાની પાછળ મોકલી શકે, કોર્ટ મને જેલની સજા કરી શકે. આ ડર જ જતો રહ્યો. કંઈ વાંધો નહીં પકડોને, હું તો બૉન્ડ execute કરીશ, હું બહાર જ છુંને, આટલાથી પણ આપણે અટક્યા નહીં, અને આ હું બીજી કોઈ સરકારોની વાત નથી કરતો પણ આજે ફાંસીની સજાની વાત લઈને આવનારી સરકારના સમયગાળાની જ વાત કરું છું. I am not talking about any other Government. I can understand. If there is change in Government there my change in policy. They are all prerogatives. It is their right to change the policy, change the law, to come with new ideas. Yes પણ અહીંયાં તો એ જ સરકાર જેને દેશી દારૂ બનાવવા માટેનું રોમટિરિયલ્સ સસ્તુ કર્યુ, જેલની સજાની જોગવાઈમાંથી બૉન્ડની વ્યવસ્થા કરી અને ફરી આગળ વધ્યા. તા. ૨૭-૩-૨૦૦૩ના રોજ એક બીજું વિધેયક લઈને આવ્યા, કે આ બૉન્ડ- બૉન્ડ ને આ ને તે જેલને એ બધું છોડો, હૉસ્પિટલમાં જઈને થોડીક સમાજ સેવા કરી આવ્યા છે એવું પ્રમાણપત્ર લઈ આવો એટલે તમે દારૂ પીધામાં પકડાયા હતા એ તમામ ગુના માફ. તમને છૂટ. એનું બિલ આપ લઈને આવ્યા અને એ જ્યારે સુધારા વિધેયક લઈને આવ્યા ત્યારે જે પરિસ્થિતિ હતી આ વિધાનસભા ગૃહની સમિતિએ જે પગલાં સૂચવેલાં હતાં, માત્ર આ વિધાનસભા ગૃહની નહીં, પણ માનનીય અધ્યક્ષશ્રી, મારે કેટલોક આ સરકારને ઈતિહાસ પણ કહેવો છે. માનનીય અધ્યક્ષશ્રી, નશાબંધી નીતિ અહેવાલ પંચ કોઈ સામાન્ય માણસે આ અહેવાલ નથી તૈયાર કર્યો. નિવૃત્ત ન્યાયમૂર્તિ ગુજરાત હાઈકોર્ટના શ્રી એન. એમ. મીયાંભાઈ, ૧૯૮૩માં, એમનો અહેવાલ તો બહુ લાંબો છે, હું માત્ર રિલેવન્ટ વાત આપને કહેવા માગું છું. આપ જ્યારે ફાંસીની સજાની વાત કરો છોને ત્યારે હું કહેવા માગું છું. એમણે શું કહ્યું, પેઝ ૬૩ પર, પેરેગ્રાફ ૯.૪૧ I will read relevant parts only. I don't want to waste the time of this august House. ગુનેગાર લેખીને કાયદા અન્વયે ન્યૂનતમ શિક્ષા કરવી. એ બાબતમાં મને કોઈ શંકા નથી કે ગેરકાયદે દારૂનો ધંધો કરનાર, દારૂના comઉત્પાદકો, ગાળનાર એની હેરફેર કરનાર અને પુરા પાડનાર જેવા નશાબંધી ગુનાઓની બાબતમાં હાલ જે જોગવાઈ છે. Very specifically એને ઘટાડવી નહીં, પણ એનો ન્યૂનતમ શિક્ષા માટે હાલની જોગવાઈઓ છે એને ચાલુ રાખવી પણ એનો નિષ્ઠાપૂર્વક અમલ કરવો. એમ કહ્યું કે નિષ્ઠાપૂર્વક અમલ કરવો. હું માનનીય મંત્રીશ્રીને એ વિનંતી કરીશ કે આપ જસ્ટીસ મીયાંભાઈ, આપ મધ્યસ્થ સરકારે નેશનલ લેવલ પર દારૂબંધી અંગેનો એક અહેવાલ સબમીટ કર્યો છે. અહેવાલના થોથા તો બહુ મોટા છે, કદાચ માનનીય અધ્યક્ષશ્રી, હું સમજી શકું લોકોની પ્રાયોરિટી, એમાં શકય ના હોય પણ એનું compilation છે અને એમાં પ્રકરણોનો સંક્ષેપ આપેલો છે, જસ્ટીસ ટેકચંદના અધ્યક્ષપણા નીચે આ કમિટી બનેલી, આ કમિટીમાં વિદ્વાન લોકો હતા. ન્યાયમૂર્તિ ટેકચંદ, પંજાબ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયધીશ, શ્રી આર. એસ. ક્રિશ્નાસ્વામી, સલાહકાર આયોજન કમિશન, ડો. એ. એમ. ખુશરો, દિલ્હી ખાતેના ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોનોમી ગ્રોથના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક. આ પાના પર નજર દોડાવજો અને પછી આપના બિલની ચિંતા કરજો કે કેટલાં અંશે આપ જે વાત કરો છો એ રીલેવન્ટ અને વાજબી છે. લઠ્ઠાકાંડ બન્યો અમે concerned હતાં આજે જે મુવર ઓફ ધ બિલ ઓનરેબલ મિનિસ્ટરના જે શબ્દો હતા કે બધા સાથે મળીને કરીએ. બધા સભાગૃહના સભ્યોની આ ચિંતા હોય હું એ વાત સાથે સંમત છું અને વધારે હોય અમે પોલિટિકલ ઓબ્ઝર્વેશન નહોતા કરવા માગતા. We wanted a debate in this House. We wanted an opportunity to raise that issue in this House. We wanted to ventilate our grievances and we wanted to give some suggestions. પણ શું થયું ? ડાયલોગ નહીં થયો. ખેર, ભૂતકાળને વાગોળવાથી કશું વળવાનું

નથી. એ પછી જ્યારે માનનીય રાજયપાલ સાહેબે આપને બિલ પરત મોકલ્યું, ખૂબ જ વિદ્વવતાપૂર્ણ સંદેશા સાથે પરત મોકલ્યું અને આઈ એમ શ્યોર કે જેમણે આ બિલ પરત મોકલ્યું છે એમને સેલ્યુટ કરવી પડે એમના સંદેશાને વાંચીએ તો એમને એમમ નથી મોકલ્યું. અધરવાઈઝ એમનો Prerogative છે એક વખત વિધાનસભા ગૃહને બિલ પાછું મોકલવાનો It is the Constitutional prerogative of His Excellency the Governor. કોઈ રીઝન આપ્યા વગર he can say that this is my desire to discuss again in the House. That is enough. અહીંયા એમણે રીઝનીંગ આપ્યું છે. અને રીઝનીંગ જે આપ્યા છે એને કોઈ લોઝિકલ નહીં કોન્સ્ટીટયુશનલ સપોર્ટ છે, એને સપોર્ટ છે નામદાર સુપ્રિમ કોર્ટના જજમેન્ટનો. હું આપને એ પૂછવા માગું છું માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે સરકારને કે આપે કોઈ કાયદાના નિષ્ણાંતો પાસેથી આ અંગેનો અભિપ્રાય લીધો છે ખરો? I had talk with nuber of lawyers. I had discussion with senior lawyers of the Hon'ble Apex Court as well as of the High Court. I have got opinion, written opinion. I don't mind to share it with Hon'ble Minister. નહીં કરી શકીએ આપણે એક ફેડરલ સ્ટેટમાં બંધારણની ચાર દિવાલોની વચ્ચે કામ કરવા બંધાયેલા છીએ એનાથી બહાર જઈને ટૂંકા સમય માટે કદાચ આપણે કોઈને ગુમરાહ કરી શકીશું. લાંબા સમય માટેનું પરિણામ આપણે ઈચ્છતા હોઈશું તો એ લાંબા સમયનું પરિણામ આપણને નહીં મળી શકે. મારે એ વાત કરવી હતી કે આપણે આ લઠ્ઠાકાંડ બન્યા પછી અને આ બિલમાં જે જોગવાઈ છે એમાં આપણે કોને સજા કરવા માગીએ છીએ? લઠ્ઠામાં જે છેલ્લો પકડાયો હશે એને ફાંસીએ ચડાવી દઈશું. હું એમ પૂછવા માગુ છું કે શું દેશી દારૂ, લઠ્ઠો દેશી દારૂ તરીકે આવે છે. દેશી દારૂને લાવવાની, પીવાની, પરિવહન કરવાની છૂટ છે ખરી? We say 'no' આપણો તો કાયદો છે નશાબંધીનો દેશી દારૂને લવાય નહીં, પરિવહન ન કરાય, વેચાય નહીં, પીવાય નહીં. લઠ્ઠાથી મરનારો માણસ એ દેશી દારૂના બદલે થાય છે. Who is the prime culprit. પહેલો તહોમતદાર કોણ? રાજયમાં કાયદો હોવા છતાં દેશી દારૂ વેચાય, પીવાય, ફેરવાય, હેરફેર થાય અને છતાં તંત્ર એને ન રોકે તો એ સરકાર અને તંત્ર પહેલો ગુનેગાર છે. આપ એને કંઈ સજા કરવાના છો ખરા? આપની આપના રાજયમાં કાયદાનું પાલન કરાવવા માટેની નૈતિક જવાબદારી છે. આજ વિધાનસભા ગૃહમાં એક લઠ્ઠાકાંડ બન્યો એ વખતે શ્રી પોપટલાલ વ્યાસ ગૃહ મંત્રી હતા એમણે વિધાનસભામાંથી, સરકારના મંત્રી તરીકેની જવાબદારી હતી ત્યારે નૈતિક જવાબદારીનો સ્વીકાર કર્યો, માનનીય અમીતભાઈ, ના હું અપેક્ષા નથી રાખતો આપની પાસેથી, (અંતરાય) આપનો અસત્ય બોલવાનો અધિકાર છે એમ તો મારાથી નહિ કહેવાય.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી આપ મારી સામે જોઈને બોલો,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : He has started cross talking. I have not initiated. I have not initiated cross-talking. I am on my legs. I am not going out of my purview. Whatever I am saying is within the purview of the Bill.

**શ્રી અમિત શાહ** : એ મારું નામ બોલ્યા એટલે મેં બેઠા બેઠા ક્રોસ ટોક કરેલ છે કે આપ અસત્ય બોલી રહ્યા છો, પોપટભાઈએ રાજીનામું આપ્યું નથી, ઓફર કર્યુ નથી, આવું સ્વયં પોપટભાઈએ મને કહ્યું છે, રેકોર્ડ પણ મેં ચેક કરાવેલ છે,

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી, માનનીય વિપક્ષના નેતા તમે મારી સામે જોઈને બોલો, અમીતભાઈ સામે જોઈને બોલવાની જરૂર નથી. આપ મારી સામે જોઈને બોલશો એ વાત અમીતભાઈ સુધી પહોંચશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આવું તો સાંભળ્યું હતું કે અધ્યક્ષશ્રીને સંબોધીને બોલવાનું પણ અધ્યક્ષશ્રી સામે જોઈને બોલવાનું..

**અધ્યક્ષશ્રી** : ના ના જોવાનું તમે ત્યાં જોઈને રાખો એની ક્યાંય ના નથી, ચારેય બાજુ જૂઓ, મારી સામે જૂઓ એમ નથી કહેતો પણ મને સંબોધીને બોલો પણ તમે ત્યાં જૂઓ છો એટલે તમારા વિચારો ખંડિત થાય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, I will come again on the topic. કે આપણે જે સજા કરીએ છીએ એ કોને કરીએ છીએ, આ લઠ્ઠાકાંડનો બનાવ બન્યો, કોઈ આઈ.એ.એસ. કે આઈ.પી.એસ.ની ટ્રાન્સફરો થાયને ત્યારે છાપામાં એક લિસ્ટ આવે કે ફલાણા કલેકટરને ફલાણે મૂક્યા, ફલાણા ડી.ડી.ઓ.ને ફલાણે મૂક્યા, ફલાણા ડી.એસ. પી.ને ફલાણે મૂક્યા, એવી રીતે છાપામાં એક લિસ્ટ આવ્યું કે, ગુજરાતમાં આટલા વહીવટદારોની બદલી થઈ, આ પહેલી વખત જોયું, છાપાના ચોકઠા હતા કે અમદાવાદ શહેરમાં વહીવટદારોની બદલી થઈ, કોન્સ્ટેબલ્સને આપણે સામાન્ય રીતે.. કારણકે એ છેલ્લો માણસ છે, નાનો માણસ છે અને એ તો મર્યાદિત પગારમાં કામ કરનારો માણસ છે, એને આપણે બદલી માટે જિલ્લા કે શહેરની બહાર નથી મૂકતા, આપે એ વહીવટદાર છે એટલા માટે આપની એ ગાઈડલાઈનને તોડીને કોઈને આમ મૂક્યા ને કોઈને તેમ મૂક્યા અને આખા ગુજરાતમાં ટ્રાન્સફરો કરી આ વહીવટદારો છે, આઈ એપ્રિશિએટ કે આપનું ઈન્ટેલીજન્સ સરસ છે કે આપને ખબર પડી કે હા ભાઈ આ કોન્સ્ટેબલ છે એ આનો વહીવટદાર છે, આપ ઓળખી ગયા કે ભાઈ હા આ જ દારૂના હપ્તાનો વહીવટદાર હતો માટે આને જિલ્લા બહાર નાંખવો પડે, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વહીવટદારને બદલાવવો જોઈએ, આપે પગલાં પણ લીધા. હું આપની પીઠ થાબડત કે એ વહીવટદાર જેના માટે વહીવટ કરતો હતો એની સામે પગલાં લીધા હોત તો, એ વહીવટદારનું લિસ્ટ તો લાંબુ હતુ મૂકોને ટેબલ ઉપર કે

આ વહીવટદાર કોનો વહીવટદાર હતો અને એ કોનો વહીવટદાર હતો અને એ કોનો વહીવટદાર હતો તો ખબર પડે, આપ વહીવટદાર તરીકે બદલી કરો છો તો વહીવટદારના મુળ સુધી તો આપ જઈ શકોને, When your intelligence was very powerful and you are able to know કે આ કોન્સ્ટેબલ તો વહીવટદાર છે, તો વહીવટદાર બદલાવો તો જેના માટે વહીવટ કરતો હતો એને કંઈ નહિ એ તો શું કરે બિચારો. પોલીસ કોન્સ્ટેબલ એ શું કરે, એ તો ફોર્સમાં શિસ્ત માટે ટેવાયેલો હોય એને કહેવામાં આવે કે જા ફલાણા ફલાણા ભાઈ પાસેથી આટલા હપ્તા લઈ આવવાના છે અને એમાંથી આટલા આટલા કવર બનાવીને અહીંયા અહીંયા પહોંચાડવાના છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સમજી શકું કે વહીવટદારનું કવર જેને પહોંચવાનું છે મારા બોલવાથી તેને ચચળાટ થાય તે સમજી શકાય પણ અહીંયા શું કામ થાય ? અહીંયા નહીં થવો જોઈએ. અહીંયા તો concern હોવું જોઈએ કે Yes, we are with you. કે એક નાના કોન્સ્ટેબલને નહીં જેના માટે વહીવટ કરતો હતો તેને સજા કરો અમે ભલે આ પાટલીએ બેઠા હોઈએ. અમે તમારી સાથે છીએ એવું મોરલ ઉભું થાય તો દારૂબંધીનો અમલ થાય. યસ we are with you. હું એમ નથી કહેતો કે તમે એ વહીવટ કરનારો કદાચ મારો ટેકેદાર હોય તો તેને નહીં ટચ કરો. કોઈનો ટેકેદાર હોય, કોઈની વિચારધારા સાથે જોડાયેલો હોય, કોઈ પણ પક્ષનો હોય પણ ગુજરાતમાં દારૂબંધીની નીતિને ઉધઈ લગાડતો હોય તો તેને સજા થવી જોઈએ. મારી માત્ર આટલી વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, I will come to the technical aspects. આ બધું જ આપણે જોયું. આપણે વિચારીએ કે આપણે કોઈ કાયદો બનાવીએ તે કાયદો તેને પ્રેસિડન્ટ ઓફ ઈન્ડિયાની એસેન્ટ મળવી જોઈએ. આપણે બિલ પસાર કર્યા પછી આપણી પાસે ટેકનીકલી we should be that much sound. કે અમે જે કરીએ છીએ તે અમારી અધિકાર મર્યાદાની ચાર દિવાલોની વચ્ચે કરીએ છીએ. અમારો આશય જે જસ્ટીસ મીયાભાઈએ કહ્યું કે દારૂબંધીમાં કેટલી સજાની જોગવાઈ કરો એ મહત્વનું નથી કેવી રીતે અમલ કરો તે મહત્વનું છે. કોના સામે અમલ કરો તેનું મહત્વ છે. (અંતરાય).

માનનીય અધ્યક્ષશ્રી, Protection of right to life આપણે શું કરવા માગીએ છીએ. આપણે ફાંસીની સજાની વાત કરી દીધી. શું આપણે આ દુનિયાના લોકશાહી દેશોથી પર છીએ ? શું આ જોગવાઈની વિશેષ સુપ્રિમે કોર્ટે જે કંઈ કહ્યું છે તેના વિશેની ચિંતા કરવાની આપણી ફરજ નથી ? શું જસ્ટીસ ભગવતીના એ શબ્દો આપે આ બિલ બનાવ્યું ત્યારે આપને કોઈએ એ કહ્યાં નહોતાં કે નામદાર સુપ્રિમ કોર્ટના ન્યાયાધિશ ડેથ પેનલ્ટી વિશે શું કહે છે. અને ડેથ પેનલ્ટી કોને? આઈ વીલ કમ ટુ ધ પોઈન્ટ જે માણસ લઠ્ઠો વેંચે છે તેને તે પરિવહન કરે છે તેને આપ સજા કરો. We are with you. આપ સજા કરો. શંકા તો હવે એ થાય છે કે ખરેખર સરકારની ઈચ્છા લઠ્ઠાને માટે જવાબદારને સજા કરવાની છે? કે ના એવું બિલ બનાવવું કે જેને મંજૂરી જ ના મળે પબ્લિકમાં કહેવાય કે અમે ફાંસીની સજા કરી અને બીજી તરફ કોઈ સજાની જોગવાઈ જ ના હોય. કારણ કે આપ જે કાયદો બનાવો તે તો આપના અધિકાર બહારનો છે આપને મંજૂરી જ ના મળે, કાયદો બને નહીં, લઠ્ઠાવાળાને સજા ના થાય અને પબ્લિકમાં આપ કહો કે જો અમે બનાવ્યો ફાંસીની સજા કરવી હતી પણ કંઈ વ્યવસ્થા થઈ નહીં.

**અધ્યક્ષશ્રી** : શ્રી આત્મારામભાઈ ફરીથી આપને કહું છું એક ગંભીરતાપૂર્વક ચર્ચા ચાલી રહી છે ત્યારે આપ બીજી વાર આપ ઈન્ટરવીન થાવ છો. તમે જો સંયમ ન જાળવી શકતા હો તો સભાગૃહની બહાર બેસસો તો મને વાંધો નથી પણ મહેરબાની કરીને જે રીતે ચર્ચાનું ધોરણ ચાલી રહ્યું છે તેમાં ડખલ પહોંચાડવાનું કામ હવે આપ કરશો નહીં આ છેલ્લી ચેતવણી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેતો હતો કે ઈન્ડિયન પીનલ કોડમાં એક સેકસન છે ૩૦૨ ડેથ પેનલ્ટી છે.એના વિષેના પરિમાણ આપ્યા છે. ૩૦૨માં ફાંસીની સજા કયારે થઈ શકે છે? ૩૦૨માં જે એના માટેની જોગવાઈ છે, એના માટે ઈન્ડિયન પીનલ કોડમાં વ્યાખ્યા આપી છે. એ જ ઈન્ડિયન પીનલ કોડ, જે સમગ્ર દેશને લાગુ પડે છે. એ આઈ.પી.સી. સેકશન ૩૦૪માં પણ કોઈકનું મૃત્યુ થાય છે, ત્યારે એ એપ્લિકેબલ થાય છે. Why there is no provision of a death penalty in section ૩૦૪? Have you applied your mind? This is a question to me. મારે એ કહેવું છે કે આપે ૩૦૪ જોઈ છે ખરી IPC ની? જે પરિસ્થિતિ સેકશન ૩૦૪ માટે જવાબદાર ઠરે છે, એ જ લઠ્ઠાકાંડમાં અહીંયા આપ જેને ફાંસીની સજા આપો છો, બન્ને એક જ પલડામાં આવે છે. અને જો આખા દેશ માટેનો કાયદો એ જ પ્રકારના ગુના માટે ફાંસીની સજા ન આપી શકતો હોય, નામદાર સુપ્રીમ કોર્ટ ના પાડતી હોય કે death penalty ના આપી શકાય. કારણ કે બાબાસાહેબ આંબેડકરના આપેલા Constitution ના આર્ટિકલ ૨૧અને આર્ટિકલ ૧૪. It is a clear cut violation. You cannot do this. એમ જો સુપ્રીમ કોર્ટ કહેતી હોય અને છતાં તમે કરો? સેકશન ૩૦૪ છે. તમારી ભૂલ. તમારો ઈરાદો પણ હોય કે મારે આમાં નફો કરવો છે. તમને જ્ઞાન છે કે હું આ કૃત્ય કરું તો

કોઈકનું મૃત્યુ થઈ શકે છે. આપને જ્ઞાન છે કે કોઈકનું મૃત્યુ થાય. આપનું કૃત્ય છે. આપની જાણકારી છે અને છતાં આપ કૃત્ય કરો છો. અને કોઈનું મૃત્યુ થાય છે. Homicide death. આપ એને ફાંસી નહીં આપી શકો. આ દેશના કાયદા અને બંધારણ મુજબ આપ એને આજીવન જન્મટીપ કરી શકો છો. પણ, આપ ફાંસીની જોગવાઈ એના માટે ન કરી શકો. કારણ એ છે કે આ દેશના બંધારણના ઘડવૈયાઓએ કેટલીક વાતો મૂકી છે, અને સમજણપૂર્વક મૂકી છે. આપને એનાથી બહુ ડાહ્યાં તો નથી જ. માનનીય અધ્યક્ષશ્રી, આ બંધારણ જોયા પછી કહેવું પડે. એ એટલા માટે કહ્યું છે. હા. ૩૦૨ની પ્રોવિઝન સામે ઘણા જજમેન્ટ છે, છતાં ૩૦૨માં કહ્યું છે. What is the difference between ૩૦૨ and ૩૦૪? You will have to eveluate it. ખૂન અને ૩૦૨. ૩૦૪, કે જેમાં પણ માણસનું મૃત્યુ છે. જાણકારી પણ છે, સામેનાનું મૃત્યુ પણ છે. છતાં એને ૩૦૨ ના લાગે. એને ૩૦૪ લાગે. એને ફાંસી ન લાગે. એને આજીવન કેદ લાગે વધારેમાં વધારે. Why? એટલા માટે કે બન્નેની ડેફિનેશન પણ આપણા કાયદાના ઘ ડવૈયાઓએ બહુ વાજબી રીતે કરી છે. મારો ઈરાદો છે કે મારે એકસને મારી નાંખવા છે. એના માટે હું એક કૃત્ય કરું છું. જેના માટે મને જ્ઞાન છે કે માણસનું મૃત્યુ થાય. મારું કૃત્ય પરટીકયુલર માણસને મારી નાંખવા માટેનું જ છે. જ્ઞાન સાથે, ઈરાદા સાથે પરટીકયુલર વ્યકિતને હું મારું છું, ત્યારે એ ખૂન છે અને ૩૦૨ થાય છે, જેમાં ફાંસીની સજા સુધી જઈ શકાય.

એવી જ બીજી ઘટના છે. મને ખબર છે કે મારું આ કૃત્ય છે એનાથી કોઈકનું મૃત્યુ થઈ શકે છે. મને એ જ્ઞાન છે કે આમ થવાથી કોઈકનું મૃત્યુ થઈ શકે છે. હું એ કૃત્ય કરું છું. કૃત્ય કરું છું ત્યારે મારો ઈરાદો કોઈ એકસ વાય કે ઝેડને પરટીકયુલર મારી નાંખવાનો નથી. Then it will fall in section ૩૦૪. એ આવશે પછી ૩૦૪માં. એમાં ફાંસી ન થઈ શકે. અને જો એમાં ફાંસી ન થઈ શકતી હોય. આ આખા દેશ માટે લાગુ પડેલા કાયદામાં ન થઈ શકતી હોય જસ્ટિસ ભગવતીનો ઓપિનિયન હોય, કે No. You cannot do this. સુપ્રીમ કોર્ટ Ultravires ડીકલેર કરશે. અને તે દિવસે અપમાન તમારું નહીં હોય. અપમાન અમારું નહીં હોય. અપમાન સમગ્ર વિધાનસભાગૃહનું થાય છે. કે આ વિધાનસભાગૃહે કાયદો ઘડયો હતો, એને નામદાર સુપ્રીમ કોર્ટે Ultravires જાહેર કર્યો. અને એ થશે શેના માટે, એની હું આપને વાત કરવા માગું છું, માનનીય અધ્યક્ષશ્રી. Even for ૩૦૨ જસ્ટિસ ભગવતીનો ઓપિનિયન Apex Court ના જજનો. અને It is reported judgement. AIR ૧૯૮૨. Supreme Court. page ૧૩૨૫. Death penalty..

**અધ્યક્ષશ્રી** : સભાગૃહના વિરામનો સમય થયો છે. આપનું વકતવ્ય ચાલુ રહે છે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) :** (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, હું બે વાત કરતો હતો. રીશેષનો સમય થયો ત્યારે જસ્ટીસ પી. એન. ભગવતીની એ.આઈ.આર. ૧૯૮૨, Supreme Court પેઈઝ નં. ૧૩૨૫ ઉપર મારી વાત હતી. તેના સંદર્ભમાં ખૂબ વિદ્વતાપૂર્ણ લાંબુ જજમેન્ટ છે. હું બધું જ વાંચતો નથી. માત્ર એક રિલેવન્ટ પેરેગ્રાફ ઉપર ધ્યાન દોરીશ, અને હું માનું છું કે તેનાથી વાત એકદમ કલીયર થશે. કે આપણે જે કરવા જઈ રહ્યા છીએ તે નહીં થઈ શકે. પેઈઝ ૧૯૮૨ પેરેગ્રાફ ૬૫, "it will thus been seen that death penalty as provided under section ૩૦૨ of Code read with section ૩૫૯ sub-section (૩) of Criminal Procedure Code, ૧૯૭૩ does not sub serve any legitimate end of punishment since by killing the murderer, it totally rejects the reformative purpose." માનનીય અધ્યક્ષશ્રી, કોઈને મારી નાખનારને મારી નાખવાથી જે રીફોર્મ આપણે કરવા માગીએ છીએ તેની પરિસ્થિત પલટાતી નથી. આપણે કહીએ છીએ કે માણસની અંદર રહેલા ગુનેગારને મારો, માણસને નહીં. ગુનાહિત માનસને મારો. This is the Justice Bhagwati's words. Otherwise, એવા દેશો પણ છે કે તમે કોઈનું ખૂન કરો તો જાહેરમાં ફાંસીએ ચડાવી દે, તમે બળાત્કાર કર્યો તે જાહેરમાં લટકાવી દે, ચોરી કરી હોય તો હાથ કાપી નાખો, આંખ ફોડી હોય તો આંખ ફોડી નાખો, એવા દેશો છે, શું ત્યાં ગુના નથી બનતા? ત્યાં પણ ગુના થાય છે. આપણે એ કરવા માગીએ છીએ? સજા થવી જોઈએ, પણ બાબા સાહેબ આંબેડકરે આપેલ બંધારણની મર્યાદાઓની વચ્ચે આપણે સજા કરી શકીશું. એ સજા જસ્ટીસ મીયાભાઈના કહેવા પ્રમાણે ભલે ન્યુનતમ હોય, પણ તેનું ઈમ્પ્લીમેન્ટેશન બરાબર હોવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, I will further read just ૨-૩ lines, "it has no additional deterrent effect which life sentence does not possess" એમ કહે છે જસ્ટીસ ભગવતી કે તમે કોઈ

માણસને ફાંસીએ લટકાવો, અને એક માણસને તમે આજીવન કેદમાં રાખો તો તે વચ્ચે શું ફર્ક પડવાનો? તમને એમ છે કે આ માણસ સમાજની વચ્ચે જઈને ગુનો કરવાનો છે, "Keep him behind the bars" આખી જિંદગી અંદર રાખો, પણ ફાંસીએ ચડાવવો નહીં, અને there is logic. હું એમ કહું છું કે આપણે સજા જોઈ છે, ઈન્વેસ્ટીગેશન એજન્સી કામ કરે છે તે જોયું છે. પેપર વર્ક જોયું છે. અને ઈન્વેસ્ટીગેશન પણ જોયું છે. આજે એવું નક્કી થાય કે એક્સ નામના માણસે ગુજરાતમાં લઠ્ઠો વેંચ્યો તેના માટે જવાબાદર છે. અને તેના કારણે આટલા મૃત્યુ થયા છે, આપણા કાયદામાં જોગવાઈ છે અને તેને ફાંસીએ ચડાવી દઈશું, ઈન્વેસ્ટીગેશન એજન્સી, ગુજરાતમાં ઈતિહાસ છે, ગુનાના ખોટા પેપર તૈયાર કર્યા તે માણસને આપણે ફાંસીએ ચડાવી દીધો, પછી ત્રણ મહિના પછી થયું કે આ તપાસ સી. આઈ. ડી. ક્રાઈમને અથવા સી. બી. આઈ. ને સોંપી, તેણે તપાસ કરીને એમ કહયું કે પેલાને ફાંસીએ ચડાવ્યો હતો તે નિર્દોષ હતો. ખરો ગુનેગાર તો એકસવાયઝેડ હતો, પણ ફલાણા પોલીસ ઓફિસર હપતા લેતો હતો એટલે પેપર એવા તૈયાર કર્યા અને ગુનેગાર ઠરાવ્યો, ફાંસીએ ચડાવ્યો તે નિર્દોષ હતો. તો શું આપણે તેને ન્યાય આપી શકીશું? તેને પાછો જીવતો કરી શકીશું? એટલા માટે ડેમોક્રેટીક સોસાયટીમાં કેટલાક રીફોર્મસ છે.જે દેશોમાં ફાંસીની અનેક જોગવાઈઓ હતી એ દેશોએ પણ રીફોર્મ કર્યા છે કે No, hang until death નહિ, એના બદલે બીજા રીફોર્મ લાવ્યા છે. આપણે તો જે નથી એ લાવવાની વાત કરીએ છીએ. I will read further, "it is therefore, not justified by the difference theory of punishment though retribution and denunciation regards by some as a proper end of pujnishment. I do not think for a reason I have already discussed that it can have any legitimate place in enlightened philosophy of punishment. It must therefore, be held that death penalty has no rational nexus with any legitimate phenological goal or any rational phenological purpose and its.." Here those words are very very important and I don't think any Hon'ble Governor will sign this Bill if the words of Hon'ble Justice Bhagwati is read, whether he is the Governor appointed by Central Governor or appointed by this mentality or ideology or that ideology, no Governor shall sign it. Because Justice Bhagwati's words are, "it is arbitrary and irrational and hence violative of Articles ૧૪ and ૨૧ of the Constitution.' ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૯ અને ૨૧ એને વાયોલેટ કરતો કાયદો આપણે શા માટે બનાવીએ છીએ? શું આપણે બંધારણથી ઉપર છીએ? શું આપણને બંધારણ બંધનકર્તા નથી ? હું Constitutional Provisions ઉપર જઉં એ પહેલા મારે એક વાત કહેવી છે. ઇન્ડિયન પીનલ કોડ છે, એનું અસ્તિત્વ છે અને એમાં આજે જે સેક્શન નથી એ સેક્શન હતી ૩૦૩, સેક્શન ૩૦૩ શું હતી કે કોઈ માણસને ગુનેગારને તમે આજીવન કેદની સજા કરી, આજીવન કેદ એ મોટામાં મોટી સજા થઈ ગઈ. એ સજા દરમિયાન એ ગુનેગાર બીજો એવો ગુનો કરે છે તો આજીવન કેદથી બીજી મોટી સજા શું હોઈ શકે એટલે ઇન્ડિયન પીનલ કોડમાં હતું કે આજીવન કેદના કેદીને ફાંસીએ ચડાવો આ સજા ૩૦૩માં હતી અને આ સેક્શન ૩૦૩ છે. (અંતરાય) આ સેક્શન ૩૦૩ કે જેમાં આજીવન કેદની સજા થયેલ માણસ ગુનો કરે તો એના માટે ફાંસીની સજા હતી. નામદાર સુપ્રીમ કોર્ટે કહ્યું સેક્શન ૩૦૩ને ultravires ડિકલેર કરીને ૩૦૩ struck down કરી શું આપણે એવું ઇચ્છીએ છીએ કે આપણે લઠ્ઠો વેચનાર ગુનેગારને, માણસને ફાંસીની સજાની વાત કરે પણ આ કાયદો એવો ગૂંચવાડે ચડે અને લોકોને થાય કે ફાંસીની સજા કરી પણ ખરેખર કોઈને સજા થાય નહિ. જો સેક્શન ૩૦૩ struck down થતી હોય તો આપણી જોગવાઈ કેવી રીતે ટકશે? It is also a reported judgment. AIR ૧૯૮૩ SC page ૪૭૩. I don't want to take unnecessary time so I will read just ૨ or ૩ relevant paragraphs. "When the conviction is for an offence punishable with death or in the alternative with Imprisonment for Life or imprisonment for term of years, the judgment shall state the reasons for the sentence awarded and in case of sentence of death, specail reason for such sentence while upholding validity of the death sentence as punishment for murder, the Constitution Bench of this Court ruled in case of Bachchansingh as reported in ૧૯૮૨ SCC page ૬૮૪ as well as AIR ૧૯૮૦ page ૮૯૮ that death sentence can be imposed in very exceptional cases.

I do not know whether Government has applied its mind or not and I cannot comment on it. But, the State Govenment has the material and I do not think any Law Officer will support after going through this. No Law Officer will supprot this because you cannot make law which is contrary to the decision of the Apex Court. No, you cannot. If you will make, it will be declared ultravires. Then what will happen to your law? It is not a shame for any person, it will be shame for entire House. It means that we are not applying our mind while passing the Bill. Indian Penal Code was passed in ૧૮૬૦. The framers of the Code achieved measures of success in classifying of offence

according to their subject matter. Defining them with prescription and prescibed in what in context of those time was considered to be commensurate punishment for those offences; one of the problem which they had to deal with was as the punishment which should be prescribed for the offence of murder committed by a person who is under sentence of life imprisonment.

એક ખૂનના ગુનાનો માણસ આજીવન કેદની સજામાં હોય અને ત્યારે ગુનો કરે તો શું કરવું એ કમ્પલઝન હોઈ શકે એમ કહે છે સુપ્રીમ કોર્ટ. કાયદો બનાવનાર માટે કદાચ એ ફરજ હશે તે વખતે કે હવે શું કરવું? કે આજીવન કેદ તો આપી ને છતાં માણસ ગુનો કરે છે. and that is why ૩૦૩ આઈ.પી.સી.માં મૂકીએ છીએ. છતાં સુપ્રીમ કોર્ટ કહે છે, No, this is ultravires. Why? Because, Article ૨૧ deals with. This is the Article ૨૧. "Protection of life and personal liberty. - No person shall be deprived of his life or a personal liberty - this is the duty casted by the Constitution except according to the procedure established by law. હવે એ કયા લોથી કેવી રીતે કરવું, બહુ જ સરસ રીતે વી.એન. શુકલાની કૉમૅન્ટરીવાળી મારી પાસે કોન્સ્ટીટ્યુશનની બુક છે. I do not mind if Hon'ble Minister wants to go through it, I will pass it to him. If he will go through it, Mr.Speaker Sir, I am sure, no person will go ahead with this Bill, with this type of punishment.

માનનીય અધ્યક્ષશ્રી, વચ્ચે જે રીસૅસના સમય દરમ્યાન બન્ને પાર્ટીના કેટલાક મિત્રોએ..

# પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશન

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશન છે. માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહજીભાઈને આ નશાબંધીના બિલના સંદર્ભમાં તેમણે કરેલા પ્રવચનની વાત જે પ્રમાણે હું સાંભળી રહ્યો છું, કેટલાક મુદ્દાઓ જે મારા ધ્યાન ઉપર છે અને આ સન્માનનીય હાઉસના રૅકૉર્ડ ઉપર પણ તેમની કરેલી વાત અને વાસ્તવિકતા વચ્ચે જો અંતર હોય તો એ ખરાઈ કરીને તેમાં ચોખવટ કરીને એ રૅકૉર્ડ સુધરે તે માટે આ પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશનનો મુદ્દો ઉભો કર્યો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કઈ વાત ઉપર?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પેસીફીક એ કહેવા માગું છું કે એમણે પોતાના પ્રવચનમાં કહયું કે ગુજરાતની અંદર દારૂબંધીની નીતિ હળવી કરવામાં આવે છે. ખુલ્લેઆમ એના ટ્રાન્સપોર્ટેશન માટેના નિયમો હળવા કર્યા છે. એમણે જે આ વાત કરી હું એના સંદર્ભમાં વાત કરવા માગું છું. જે ૨૦૦૩નો સ્પેસીફીક અધિનિયમ છે જે આ સન્માનનીય સભાગૃહની અંદર આપણે પસાર કરેલો છે અને એ અધિનિયમના જે Statement of Objects and Reasons છે એ રીઝન્સ મને લાગે છે કે માનનીય શકિતસિંહજી જોઈ ગયા હશે અને એ રીઝન્સની અંદર સ્પેસીફીક લખ્યું છે, State of Gujarat intend to implement strict prohibition policy through provisions of the Bombay Prohibition Act, ૧૯૪૯ and the Rules made thereunder. However, it has been expanded with a view to such preventive measures. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩માં અધિનિયમને એમણે quote કરીને ગુજરાતની સરકાર આ દારૂબંધીની નીતિ હળવી બનાવી રહી છે એ એમનો મુદ્દો કરીને આ સન્માનનીય સભાગૃહને ગેરમાર્ગે દોર્યુ છે.

**અધ્યક્ષશ્રી** : ગેરમાર્ગે કયાં દોર્યુ છે?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : એ રોકર્ડના સંદર્ભમાં સન્માનનીય સભાગૃહની અંદર..

**અધ્યક્ષશ્રી** : એમણે જે કહયું છે અને તમારી પાસે જે છે એ બેમાં કયાં ડીફરન્સ છે એટલું જ ખાલી કહો તમે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : રાજય સરકારના જે સ્ટેટમેંટ હોય અને ઓબ્જેકશન એન્ડ રીઝનના સંદર્ભમાં મેં વાત કરી. આ જે મારી પાસે કોપી છે, એમાં મુંબઈ નશાબંધી અધિનિયમ ૧૯૪૯ વધુ સુધારવા બાબતમાં સન ૨૦૦૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૨૭ અને આ ક્રમાંક: ૨૭માં એનો જે ત્રીજો નંબર છે એમાં મુખ્ય અધિનિયમની કલમ-૨૯, આ કલમ-૨૯ની અંદર પહેલા મહુડા અથવા કાકવી એ બે શબ્દો એનો ઉપયોગ કરવામાં આવતો હતો આ બે શબ્દોના સ્થળે આ કાયદા દ્વારા ગુજરાત સરકારે મહુડા કાકવી, સડેલો ગોળ અથવા નવસાર એ શબ્દો મૂકયા. આ શબ્દો મૂકયા પ્રમાણે ટ્રાન્સપોર્ટેશનના ૧૯૬૬ના અધિનિયમની કલમ-૨૯ પ્રમાણે માત્ર આ જયાં મહુડા અને કાકવી હતો ત્યાં નવસાર અને સડેલા ગોળના શબ્દનો ઉમેરો કરીને અને આ ટ્રાન્સપોર્ટેશનમાં કલમ-૨૯ પ્રમાણે આનું ટ્રાન્સપોર્ટેશન એક રાજયમાંથી બીજા રાજયમાં જો જતું હોય તો એ વખતે એસ્કોર્ટ પરમીશન વગર રાજયની અંદર એનો પ્રવેશ થઈ શકતો નથી એટલે મારો કહેવાનો આશય એ છે કે આ અધિનિયમના અન્વયે ગુજરાતની અંદર ટ્રાન્સપોર્ટેશન ખુલ્લેઆમ થાય છે એ જે એમણે ટાંકીને કર્યુ એના સંદર્ભમાં મારો પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન આમ તો પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન હોઈ શકે નહીં એવો મુદ્દો છે પણ છતાં કેટલીક વખત અમને પણ લોકો કહેતા હોય છે, કારણ કે હું પણ એમાંથી જ આવું છું કે* (દરબાર અને સરદાર એમને સમજાવવામાં થોડુંક રીપીટેશન માગે.)

**અધ્યક્ષશ્રી** : તમે તમારા માટે કહી શકો પણ આ ગૃહની અંદર કોઈપણ જ્ઞાતિ સમૂદાયની આપણે ટીકા કરીએ તે યોગ્ય લાગતું નથી. એટલે આપ ભલે દરબાર રહયા પણ દરબારનું સન્મન જાળવવું એ મારી જવાબદારી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આઈ વીડ્રો માય વર્ડસ. બટ ધ થીંગ ઈઝ કે એમના હાથમાં બિલની કોપી હોવા છતાં એ નહીં સમજી શકવાનું કારણ છે એની પોઈન્ટ ઓફ ઈન્ફરમેશનનો જવાબ આટલો જ છે કે જયારે નવસાર અને ગોળ પર બાન ફરમાવવામાં આવ્યોને એ વખતના પ્રવચનો વાંચવા જોઈએ આપે તો આ સમજાય, આ સુધારો જે થયોને એ વખતનું વાંચવાથી ના સમજાય, નવસાર અને સડેલા ગોળનો સંગ્રહ, પરિવહન અને વેચાણ માટે શા માટે પ્રતિબંધ મુકાયો હતો એ કાઢીને જો આપે વાંચ્યું હોત તો આ પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશન ન ઊભો થાત.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : હું તો સ્પષ્ટ જે રાજ્ય સરકારના રેકર્ડ ઉપર જે અધિનિયમ અને કલમ ૨૯ પ્રમાણેની જે વાત છે એ વાત કરું છું. જૂના શું પ્રવચનો છે એના સંદર્ભમાં નહીં પણ ઓન રેકોર્ડ જે પેપર્સ છે એના ઉપર વાત કરવા માગું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : Now I will proceed further on this bill and I will come to that point again. મારી વાત એ હતી કે જે ......

**અધ્યક્ષશ્રી** : એમના પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશન વિશે આપે કંઈ કહેવાનું છે?

## મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૯ (ક્રમશઃ)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એનું કલેરિફિકેશન આપી દઉં એટલે he will be satisfied. That is the only intention. આપ બિલની પુરવણી જોશો તો પુરવણીમાં વ્યાખ્યા આપી છે. ૩૯ (ક) સડેલો ગોળ એટલે શું? પ્રવાહી રૂપે કે અંશતઃ પ્રવાહી રૂપે રગડાના રૂપે હોય, ઘેરો ભૂરો કે કાળા રંગનો હોય, જે ઘન પ્રવાહી કે અંશતઃ પ્રવાહી રગડાના રૂપે હોવા છતાં ગંદો, દુર્ગંધ, ધૃણાજનક અને સડેલો થવાના કારણે માનવ વપરાશ માટે અયોગ્ય હોય એને આપણે શા માટે સંગ્રહ કરાવવો જોઈએ, શું કામ ટ્રાન્સ્પોર્ટેશન કરાવવું જોઈએ, શા માટે વેચાણ કરાવવો જોઈએ? આમાં ઊંડા ઊતરીશું તો તરત જ લાગશે કે આ જે રો-મટિરિયલ છે, દેશી દારૂ બનાવવા માટેનું રો-મટિરિયલ એ સડેલો ગોળ અને નવસાર છે અને એ સડેલો ગોળ અને નવસાર વપરાતો એને જ્યારે બંધ કરાવ્યો, બંધ કરાવવા માટે જે વખતની જે બાબતો, આપ તો માનનીય અધ્યક્ષશ્રી, અમારા સૌના શિક્ષણ માટે ચિંતિત હોવ છો. બ્યુરોના કલાસિસ પહેલી વખત જ્યારે હું વિધાનસભામાં આવ્યો ત્યારે હું ભરતો અને ત્યારે અમને સમજાવાતું કે સુધારા વિધેયક આવે ત્યારે સુધારાને નહીં વાંચવાનો, ઓરિજિનલ દાખલ થયેલ વિધેયક અને એના ઉપરના પ્રવચનો વાંચો તો તમને સુધારા વિધેયક સમજાય. This was taught by Bureau of this Assembly and I am following it. એ વખતે સમજાયું હતું એટલા માટે મેં વાંચ્યું અને એ પછી જે હાર્દ હતું આને પ્રોહિબીટ કરવાનું એ પ્રોહિબીટ કરવાનું હાર્દ એ આ કારણસર હતું કે આ શેમાં વપરાય છે? દેશી દારૂ બનાવવા માટે વપરાય છે અને દેશી દારૂ બનાવવામાં વપરાતી વસ્તુઓ હોય, નહીં તો એક સામાન્ય માણસ સમજી શકે કે જે ફ્રેમર્સ ઑફ ધ લો એમણે જે આ વસ્તુઓ બનાવે ત્યારે એમણે સડેલો ગોળ અને નવસાર એ શા માટે બાદ કર્યો? શું એમને એ ખબર ન હતી તો તો દુનિયામાં બીજી ઘણી વસ્તુઓ મળે છે. સ્પેસિફિક વસ્તુઓ ઉપર બાન મુકાયો. એ વખતે બાન મૂકનારા લોકો કોઈ સામાન્ય માણસો ન હતા. વિધાનસભા ગૃહના એ વખતના સભ્યશ્રીઓનું આજે પણ આપણે જો ચર્ચાઓ એમની ભાવનાઓ એ વિષયમાં જઈએ તો સ્તર ઘણું ઊંચું હતું. એમણે આ બાબતમાં બાન મૂકયો છે. એની ચર્ચાઓ ન વાંચીએ, એમાં પડીએ નહીં પણ ફ્રેમર્સ ઑફ ધ લો એમણે બાન કરેલ અને ઓપન કરવા માટેનું આપનું લૉજિક in Objects and Reasons આપણે બે લાઈન એવી મૂકી દઈએ કે અમે આનો કડક અમલ કરવા માગીએ છીએ. આપ કડક અમલ કરવા માગો છો તો ગોળ અને નવસારની હેરાફેરીથી શું કડક અમલ થઈ જાય છે? એની છૂટથી નશાબંધી કડક કઈ રીતે થઈ શકે? This is Objects and reaons, noone can digest this. પણ છે. બન્ને પક્ષના માનનીય સભ્યશ્રીઓનો આભાર માનું છું કે વિરામના સમય દરમિયાન કેટલીક વાતો થઈ. એક માનનીય સભ્યશ્રી પોતે લોયર છે એમણે સારો સવાલ ઉઠાવ્યો અને એના ઉપરથી મને લાગે છે કે I may now have to clarify it. એમનો મુદ્દો હતો કે તમે ૩૦૨ ના બદલે આને ૩૦૪ પાર્ટ-૨ માં કેમ લઈ જાઓ છો?માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભાગૃહના સભ્યશ્રીઓનું ધ્યાન IPC-૩૦૦ તરફ દોરવું છે. આપણે logic વાપરીએ. ૩૦૨ માં ફાંસી થતી હોય તો લઠ્ઠામાં કેમ ના થાય? મેં પહેલા કહ્યું કે નામદાર સુપ્રીમ કોર્ટે ૩૦૩ struck down કરી એના પાછળનું logic આપ્યું. જસ્ટીસ ભગવતીનું એ જજમેન્ટના

* (      ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

અંદરનું અવતરણ મેં વાંચ્યું એ પછી clarity થાય પણ એમ છતાં murder is defined under section ૩૦૦ of IPC. I will just say ૨ or ૩ circumstances. One will have to read to understand what is difference between sectino ૩૦૨ and sectino ૩૦૪? અને આમાં શા માટે ફાંસીની સજા યોગ્ય નથી? માનનીય અધ્યક્ષશ્રી, "Except in the cases hereinafter excepted, culpable homicide is murder, if the act by which the death is caused is done with the intention of causing death, or-

૨ndly. - If it is done with the intention of causing such bodily injury as the offender knows to be likely to cause the death of the person to whom the harm is caused. or-

૩rdly. - If it is done with the intention of causing bodily injury to any person and the bodily injury intended to be inflicted is sufficient in the ordinary course of nature to cause death, or-

૪thly. - If the person committing the act knows that it is so imminently dangerous that it must, in all probability, cause death, or such bodily injury as is likely to cause death, and commits such act without any excuse for incurring the risk of causing death or such injury as aforesaid.

આ બે વચ્ચેનું ભારણ જે ભેદભાવ છે. આપણે fulfill કરીએ છીએ ખરા આમાં? શું આ બિલ લાવતા પહેલા આપણે એનો વિચાર કર્યો હતો? નથી કર્યો. દા.ત. ગર્વનર સાહેબે પરત મોકલ્યા પછી આ પાસાનો વિચાર કર્યો ખરો? કે આપણે ઈરાદો જ લઠ્ઠાવાળાને સજા ના થાય એવો છે. કારણ કે આ કાયદો તો અસ્તિત્વમાં આવી નહિ શકે, આ બધા કારણોસર.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય દંડસહીંતામાં section ૩૦૨ - જો મૃત્યુ નીપજાવવા માટેનો હેતુ અને મૃત્યુ નીપજશે એવા જ્ઞાન સાથે કોઈ કૃત્ય કરી કોઈ નૂરદેશનું મૃત્યુ નીપજાવવામાં આવે - I will pause here for a minute. ત્યારે ફાંસીની સજા છે. કોઈ રખે એવું માને કે વિકૃત રીતે રજૂ કરે કે હું લઠ્ઠામાં સંડોવાયેલા લોકોને ફાંસી ના થાય એવું ઈચ્છું છું. ના હું ઈચ્છું છું કે લઠ્ઠા માટે જવાબદાર માણસને આકરામાં આકરી સજા થવી જોઈએ. હું ઈચ્છું છું કે એના જવાબદારમાં પડદાની પાછળના લોકોને પણ આકરામાં આકરી સજા થવી જોઈએ. હું ઈચ્છું છું કે સજાની જોગવાઈ વધારવા માટે આવેલું બિલ આ વિધાનસભા ગૃહ સર્વ સંમતિથી પસાર કરે પણ સાથે સાથે હું ઈચ્છું છું કે આ વિધાનસભા ગૃહ જે બિલ પસાર કરે એ બંધારણની મર્યાદા બહાર ના જતું હોવું જોઈએ. એ પસાર થયેલું બિલ એને ગર્વનર સાહેબની, President of India ની મંજૂરી મળવી જોઈએ. હું ઈચ્છું છું કે આપણે પસાર કરેલું બિલ એ કાયદો બને પછી એને નામદાર હાઈકોર્ટ કે નામદાર સુપ્રીમ કોર્ટ ultravire છે એમ ના કહે. એને struck down ના કરે. એને rub ના કરે. એવું બિલ બને એ હું ઈચ્છું છું અને એટલા માટે હું આ બધી મથામણ કરું છું. મારી ઈચ્છા છે કે હજી પણ માનનીય મંત્રીશ્રી માનનીય ગર્વનર સાહેબના સંદેશાને સમજવાનો પ્રયત્ન કરે. It is very easy to initiate a quarrel of ego પણ જો આપણે ખરા અર્થમાં કરવા માંગતા હોઈએ તો ગર્વનર સાહેબે જે આપણને કહ્યું છે એ આપણે કરીએ તો શું વાંધો હોઈ શકે? આપ આને retrospective effect તો નથી આપી શકવાના. કોઈપણ કાયદામાં નહિ આપી શકો. નવા કાયદો બન્યા પછી હવે બનેલી ઘટનાને આપવાના છો? આપને રાતોરાત તો કોઈ ઉતાવળ નથી, એ સંજોગોમાં શા માટે આપ પ્રવર સમિતિને ન સોંપો? શા માટે આપ અમને ન બોલાવો ? આપણે સાથે બેસીએ, હું તો એમ કહું છું કે, આપના એડવોકેટ જનરલશ્રીને બોલાવો Let us discuss in front of all including Advocate General. If it is able to be convinced to me and my party members about the Bill, સર્વસંમતિથી આ ગૃહમાં પસાર કરીએ આપણે, એ વગર શા માટે ? માનનીય અધ્યક્ષશ્રી, અહીં એક કન્ફ્યુઝન રિશેષ દરમિયાન જે બધા મિત્રોએ એ મારી પાસે રજૂ કર્યુ It is my duty to clarify myself કે જેથી કરીને પછીના પ્રવચનો થાય એમાં એવું ન થાય કે મારો કહેવાનો હાર્દ કંઈ હોય અને ચર્ચા બીજા તરફ થાય. ૩૦૨ અને ૩૦૪ આના વચ્ચેના ભેદ વકીલ મિત્રો પણ માનનીય અધ્યક્ષશ્રી, ઊંડા ન ઊતરે ત્યાં સુધી તકલીફો આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, કલેરીફાય થઈ શકે એવું એટલા માટે છે કે, આપણા આ બીલ વચ્ચેનો ફરક આપણે સમજીએ. લઠ્ઠો જે આવે છે એ લઠ્ઠા તરીકે નથી આવતો છે. લઠ્ઠો વેચનાર જે માણસ છે એનો આશય વધારે પૈસા કમાવવાનો છે, દેશી દારૂ કરતાં સ્પિરિટને ફાડીને લઠ્ઠો બનાવે તો દેશી દારૂની જગ્યાએ વેચાય છે, સસ્તામાં વેચાય છે, નફાનું ધોરણ વધે છે. દેશી દારૂની જગ્યાએ વેચતો લઠ્ઠો એનો અર્થ એવો કે દેશી દારૂ વેચાય છે એના રસ્તે જ લઠ્ઠો આવે છે. આપણે એને કેમ રોકવાનો વિચાર કરીએ છીએ? લઠ્ઠો જ્યારે સ્પિરિટ ફાડીને બનાવે છે ત્યારે ઈથેઈલ આલ્કોહોલ અને મિથેઈલ આલ્કોહોલ વચ્ચેના માયનોર ડિફરન્સના કારણે એ ઝેરમાં પરિવર્તિત થાય છે. ધંધાર્થી જે લઠ્ઠો વેચનારો છે એનો

આશય વધારે નફો કમાવવાનો છે. પરટિકયુકલર વ્યકિત આ લઠ્ઠો પીવાનો છે અને X, Y કે Z એને મારી નાખવો છે એવો આશય એસ્ટાબ્લીશ આપણે નહીં કરી શકીએ. No investigation agency, no public prosecutor will be able to convince the Honourable Court કે આ માણસે લઠ્ઠો આ ભાઈને મારી નાખવા માટે બનાવ્યો હતો, એ ભાઈ સુધી પહોંચ્યો એટલે લઠ્ઠો એમણે પીધો એટલે એમનું મૃત્યુ થયું માટે આને ફાંસીએ ચઢાવવો શકય નથી. એ જ્યાં ફળીભૂત ન થતું હોય તો સેકશન ૩૦૨માં નહી આવે. સેકશન ૩૦૨ કહે છે કે, તમે ઈન્ટેન્શન સાથે મોકલો છો, નૉલેજ સાથે કરો છો અને પરટિકયુલર નિદોર્ષ વ્યકિતની હત્યા કરો છો. નિદોર્ષ વ્યકિતની હત્યા પરટિકયુલર તમારો ઈન્ટેશન છે કે નહીં એ પણ સાબિત કરવો મુશ્કેલી પડે તો પણ ૩૦૨ થાય કે તમે બોડીની એવી ઈન્જેરી કરો છો, જેમ કે અમારા એક મિત્ર હમણાં જ રીસૅસમાં કહેતા હતા કે, ફાયરીંગ પોલીસ કરે ૩૦૨ લાગે? યસ લાગે. ક્યારે લાગે? એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટના આદેશ વગર કાયદાએ એમને આપેલી સત્તા મુજબ પગના બદલે છાતીમાં ફાયરીંગ કરે, ઈન્ટેન્શન દેખાય, ૩૦૨ લાગે. પણ એક મકાન બાંધનારો બિલ્ડર મકાન બાંધે છે, નબળું મકાન બાંધે છે, નફો કમાવવા માટે નબળું બાંધે છે, બાંધે છે ત્યારે એને ખબર છે કે ધરતીકંપનો હળવો આંચકો આવે તો આ બિલ્ડીંગ પડી જાય, આમાં કેટલાય માણસોના મૃત્યુ થાય, એમ છતાં બાંધે છે With a knowledge he constructed that house or multistoreyed building. ધરતી કંપનો હળવો આંચકો આવ્યો બીજા બિલ્ડીંગ ના પડ્યા એક બિલ્ડીંગ પડી ગયું, એમાં ૫૦-૧૦૦ માણસો મરી ગયા, જે ધરતી કંપમાં થયું, આ ગુજરાતની સરકારે એફ.આર.આઈ.ઓ. કરી, એક પણ એફ.આઈ.આર. ૩૦૨ની થઈ? ના થઈ શકે સાહેબ. ૩૦૪ થાય, ઈટસ એ ૩૦૪. કારણ કે, બિલ્ડર બિલ્ડીંગ બનાવે છે ત્યારે એ ગુનો પણ કરે છે કે એ નબળું બાંધકામ કરે છે એને ખબર છે કે, આ બિલ્ડીંગ પડે તો માણસો મરી જાય, પણ એનો એ આશય નથી કે, ફલાણા ભાઈને મારવા માટે નિદોર્ષને મારવા માટે, એનો આશય એનો નફો કમાવવાનો છે અને એટલે ફાંસીની સજા આપણે એને નથી કરી શકતા, એ ૩૦૪માં જ જાય. માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત બે પ્રકારના લોકો હોય છે, એક સમજી અને સમજે અને એક સમજ્યા છતાં ના સમજે. જે સમજે એમાં આ વસ્તુ કલીયર છે કે, ૩૦૨ અને ૩૦૪ વચ્ચેનો ડિફરન્સ લઠ્ઠાવાળો માણસ કયારેય ૩૦૨માં ના લઈ જઈ શકો તમે એને ૩૦૪માં જ લઈ જઈ શકો. લઠ્ઠો વેચનારો માણસ જ્યારે લઠ્ઠો મોકલે છે ત્યારે એનો આશય છે કે, મારે પૈસા વધારે કમાવવા છે, એનો આશય છે કે મને આમાંથી વધારે નફો મળે, એને પોતાને ખબર નથી કે આ ઈથેઈલ આલ્કોહોલ કે મિથેઈલ આલ્કોહોલમાં પ્રોબલેમ થઈ ગયો છે અને હવે આ લઠ્ઠો પીવું તો મરી જવાય અને એટલે જ લઠઠો બનાવનારા લોકો પણ મૃત્યુનો ભોગ બને છે. જેણે બનાવ્યો છે એ જ પીવે છે એના કુટુંબનો સભ્ય પણ પીવે છે અને એ પણ મરે છે અને આપણે જોયું છે. આપણા એફ.આઈ.આર.માં આ વખતના લઠ્ઠાકાંડમાં દોષિત હતા એના કુટુંબના સભ્યો મર્યા હતા અને એ મૃત્યુને ૩૦૨ સાથે સરખાવી શકાય તેમ નથી. ૩૦૨માં મરનાર માણસ નિર્દોષ હોવો જોઈએ. આપણા રાજયમાં દારૂબંધી છે. દારૂ પીવો એ ગુનો છે. દારૂ પીનાર લઠઠો પીવે છે એટલે મરે છે. કેન વી સે કે એ ઈનોસન્ટ મરી ગયો? આપણા રાજયમાં દારૂ પીવો એ ગુનો છે અને દારૂ પીવે છે અને મરે છે આપણે એમ ન કહી શકીએ કે એ નિર્દોષ મર્યો છે માટે એને ફાંસીની સજાની જોગવાઈ કરો. ન કહી શકાય. કોઈપણ કૃત્ય એવા જ્ઞાન સાથે કરવામાં આવે કે તેનાથી કોઈ નિર્દોષ વ્યકિતનું મૃત્યુ પણ બનવા જોગ સંભવ છે પરંતુ તેનું મૃત્યુ ઉપજાવવાનો આ કૃત્ય પાછળનો ઈરાદો નથી. Intention to kill એ કામ એ what is the intention, intention was to make money, not to kill. આવું કૃત્ય કરનાર ૧૦ વર્ષથી વધુ કેદની સજાને પાત્ર છે. ૩૦૨માં કેટલી સજા છે. આખા દેશનો કાયદો આવા કૃત્ય માટે છે એ કાયદા પ્રમાણે ૧૦ વર્ષની સજા છે. આ કૃત્ય રોકવા આપણે કડક હાથે કામ લેવું જોઈએ. મારે એ કહેવું છે કે આ રાજયમાં કોઈપણ વ્યકિત કાયદો અને વ્યવસ્થાનું પાલન કરવા માટે બંધાયેલી છે. રાજયની એ જવાબદારી છે કે મારા રાજયમાં જે કાયદો બને એ કાયદાનું પાલન થાય. રાજયમાં કાયદો છે કે દારૂ ન પી શકાય. રાજયની જવાબદારી છે કે માણસ દારૂ ન પીવે. લઠઠો પીને મરનાર માણસ દારૂ સમજીને એને પીવે છે એનો પહેલો અર્થ એ થાય કે આપણે આપણી ફરજ બજાવવામાં ચૂક કરીએ છીએ કે આ રાજયમાં માણસ દારૂ પી શકે છે. આપણે જ આપણી ફરજ ચૂકીએ ત્યારે પહેલા આપણે આપણું ઘર વ્યવસ્થિત નહીં કરવાનું? આ રાજયમાં દારૂ ન વેચાય? કેમ વેચાણ બંધ થાય એની ચિંતા આપણે નહીં કરવાની? આપણે છેલ્લા માણસને ફાંસીની સજા કરવાની વાત કરીએ છીએ અને પરદા પાછળના જે તત્વો છે એને માટે કોઈ ફાંસીની સજાની જોગવાઈ નથી. પેલો વહીવટદાર છે એને સજા થાય, જેના માટે વહીવટ કરતો હોય એને સજા ન થાય એના જેવી આ બાબત છે. હું રાજકીય અવલોકનો આ બીલ ઉપર કરવામાંથી દૂર રહ્યો છું. મારી આ ચિંતા છે એટલે મેં વાત કરી છે અને હું દારૂબંધીનો એટલા માટે હિમાયતી છું કે હું માનું છું અને દ્રઢપણે માનું છું કે દારૂબંધીના અમલથી જ ગુજરાતની પ્રગતિ, સમાજની શાંતિ અને વિકાસ શકય છે અને એટલા માટે એને હળવી કરવાની વાતમાં હું કયારેય સાથ ન આપી શકું. એને માટે જવાબદાર લોકોને સજા કરવાની બાબતમાં હું સરકારની સાથે રહેવા માગું છું કે આવો તમે આપણે ભેગા થઈને એવી વ્યવસ્થા ગોઠવીએ જે આપના પૈકીના લોકો સામે બેઠા હતા ત્યારે જે વ્યવસ્થા કરી હતી. વિરોધ પક્ષના નેતાના અધ્યક્ષસ્થાને એક કમિટિ કરી હતી માનનીય સી.ડી.પટેલના અધ્યક્ષસ્થાને કે આવો સુત્રાપાડામાં લઠ્ઠાકાંડ બન્યો છે એની ચિંતા કરીએ અને એ પછી ૧૯ વર્ષ સુધી ગુજરાતમાં લઠ્ઠાકાંડ ન બન્યો.એવી ચિંતા આપણે કરીએ. આપણે

સાથે બેસીએ. અને If your advocate general can convince me, if your legal wizards can convince me, I do not mind supporting you for this bill. But I am sure, no one can utter a single word about this because the judgement of the Hon'ble Apex court, the framers of the Constitution and provisions of the constitution do not support this bill. અને જે બિલને ડો.બાબાસાહેબ આંબેડકરે આપેલા બંધારણનો ટેકો ન હોય, જે આર્ટિકલ ૧૪,૧૯ અને ૨૧ નું વાયોલેશન કરતું હોય તો એ કાયદો તો નહિ જ બને. આ વસ્તુ કાયદો નહિ બને તો આનાથી આપણામાંથી કોઈને ફાયદો નથી થવાનો. એના કરતાં આપણે એવો કાયદો કરીએ કે જે આપણા અધિકાર ક્ષેત્રનો હોય અને જેથી લઠ્ઠા માટે જવાબદાર, દારૂ માટે જવાબદાર, પીનારા, વેચનાર, રાખનાર બધા જવાબદારોને કડકમાં કડક સજા કરી શકીએ અને જેને કાયદાનું પાલન કરાવવાનું છે એ ચૂક કરતા હોય તો એને થથરાટ થવો જોઈએ કે કાલે મારા સ્ટાર ઊતરી જશે અને સિસ્ટમમાં બેઠેલા પોલિટિકલ માણસો ક્યાંક ઈન્વોલ હોય તો એની સામે પણ કડક હાથે કામ લેવું જોઈએ. મેં આ વિધાનસભા ગૃહમાં લઠ્ઠાકાંડની ઘટના બની ત્યારે નામ આપીને કહ્યું હતું કે આખા ગુજરાતમાં જો કોઈને સૌથી વધારે દારૂ આવતો હોય તો તે સુખાનો દારૂ આવે છે. બીજા દિવસે ગુજરાતની પોલીસે લાખો રૂપિયાનો દારૂ સુખાનો નવસારી પાસે પકડ્યો. આઈ એમ હેપ્પી. કે મારા સોર્સિસે મને વાત કરી હતી. આ ગૃહમાં અધિકારી મિત્રો પણ બેસતા હશે. એમણે પકડ્યું. એમણે વાત પણ કરી કે આ સુખાનો દારૂ છે. મને મારો પક્ષ ટિકિટ આપે અને હું ચૂંટાઉ પછી હું ગુનેગાર બનું તો મારો પક્ષ મને પક્ષમાથી કાઢી મૂકે, અથવા ન કાઢે તો પણ પક્ષ મને અંદર ન ઊતરવા દે. આપણે એટલું તો નક્કી કરીએ કે જે ગુનેગાર છે એને પક્ષની ટિકિટ ન આપીએ. આ સુખાને જેની સામે ૨૫ ગુનાઓ ગુજરાતમાં નોંધાયેલા છે. નાના ગુના નથી. serious offences છે. એને મારે નહિ કહેવું જોઈએ. જિલ્લા પંચાયતની ભારતીય જનતા પક્ષે લઠ્ઠાકાંડ પછી ટિકિટ આપી. આજે પણ હું માનું છું કે એમના મિત્ર દોડે છે. હું માનું છું કે માનનીય અમિતભાઈ એમની સામે પાસા કરીને કડક હાથે કામ લેવાય. અને જે પક્ષમાં છે, એ પક્ષમાથી પણ હાકી કાઢવો જોઈએ. હું એમ કહું છું કે મારા પક્ષમાં હોય, ગુજરાતની દારૂબંધીની નીતિને હેરાન કરનાર હોય, અમારા પ્રમુખશ્રી પણ આ ગૃહના સભ્ય છે, અમે સાથે જઈને દૂર કરવા માગીએ છીએ. પણ દારૂબંધીની નીતિને જડમૂળમાથી જે નુકસાન કરતો હોય, લાખો રૂપિયાનો દારૂ ગુજરાતમાં ઘૂસાડાતો હોય, આટલા મોટા ગુનાઓ હોય અને એ જ્યારે ચૂંટણી લડતો હતો, ત્યારે મેં તંત્રને કહ્યું આ માણસ તમારે ત્યાં વોન્ટેડ છે. દમણમાં ચૂંટણી લડે છે. ગો એન્ડ અરેસ્ટ હિમ. કોઈએ ચિંતા ન કરી. He got elected. જે માણસ વોન્ટેડ હતો. અનેક ગુનાઓમાં. મારી માહિતી ખોટી હશે મને આનંદ થશે કે હું આમાં ખોટો છું. માનનીય મંત્રીશ્રી વાત કરે કે આ નિર્દોષ માણસ છે. તો હું એ સુખાની માફી માગવા તૈયાર છું. મારી ખોટી ઈન્ફોર્મેશનના કારણે કોઈ નિર્દોષ માણસને તહોમતદાર બનાવ્યો હોય. પણ મારા જે ઈનપુટ છે. હું નથી લાવી શક્યો હજું. રાઈટ ટુ ઈન્ફોર્મેશન નીચે આખું હિસ્ટ્રીશીટ માગ્યું હતું કે કેટલા ગુનાઓમાં એ માણસ સંડોવાયેલો છે. ત્યારે આ બધી પરિસ્થિતિ છે એમાં હું ફરી વિનંતી કરું છું આપના મારફત રાજય સરકારને કે લઠ્ઠાનું દૂષણ એ સમાજનું દૂષણ છે. દારૂબંધી સૌને જોઈએ છે એવા મહાત્મા ગાંધીના ગુજરાતમાં આ જૈનોની તીર્થભૂમિમાં સૌને જોઈએ છીએ અને આ નીતિનો ભંગ કરનાર સૌને કડકમાં કડક સજા થાય એવું અમે પણ ઇચ્છીએ છીએ. પણ એવો તો કાયદો લાવો કે જેને આપણે કાયદાનું સ્વરૂપ આપી શકીએ, એવું વિધેયક લાવો કે જેને માનનીય રાજયપાલશ્રી કે પ્રેસિડેન્ડની એસેન્ટ મળી શકે, એવું બિલ લાવો કે જેને નામદાર સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટ struck down ન કરે. અને જે કાયદાના માધ્યમથી કડકમાં કડક નીતિ પણ લાવીએ અને લઠ્ઠા જેવા ઝેર વેચનારા લોકો હોય તો એની સામે કડકમાં કડક પગલા પણ ભરી શકીએ. કોર્ટને પણ કન્વીન્સ કરાવી શકીએ કે અમે ઝેર કહીએ છીએ એવું નહિ, પણ આ કૃત્ય પણ ઝેર જેવું છે. એ સાબિત કરી શકવાને માટે એક એડમિનિસ્ટ્રેશન ઊભું થઈ શકે તેવો કાયદો સાથે બેસી વિચારીને લાવીએ એમ હું માનું છું કે બજેટ સત્રમાં સર્વસંમતિથી જે આપણા અધિકાર ક્ષેત્રમાં છે, તે મુજબનો કાયદો લાવીને બંને પક્ષના સભ્યો સર્વસંમતિથી આ કાયદો પસાર કરીએ અને દેશમાં પણ ખ્યાલ આવે કે ગુજરાતમાં નશાબંધીની બાબતમાં રાજકીય પક્ષો એક થઈને આના પાલન માટે ઊભા રહી શકે છે એવી ગોઠવણ કરીએ એ શબ્દ સાથે માનનીય અધ્યક્ષશ્રી હું વિરમું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શકિતસિંહજીના પ્રવચનમાં રૂકાવટ કરવા ન્હોતો માગતો. પણ તેમણે એક શબ્દ વાપર્યો કે મંત્રીશ્રી ઈગો રાખે છે તે કહયું છે તે તપાસી લેજો. ઈગોથી આ કામ કર્યુ છે તે દૂર થવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : હું જોઈને પછી તેનો નિર્ણય કરીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : I havs said it is very easy to coral of the ego. I have mot say honourable minister અને કહયું હોય તો દૂર કરજો. એટલું જ નહીં હું દિલગીરી વ્યકત કરીશ. પણ મેં આવું કહયું નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નશાબંધી મંત્રીશ્રી અમિતભાઈ શાહ ૨૦૦૯નું વિધેયક ક્રમાંક:૧૪ મુંબઈ નશાબંધી ગુજરાત સુધારા વિધેયકને પુન: વિચારણા માટે આ સન્માનનીય ગૃહ સમક્ષ લાવ્યા છે તેના સમર્થનમાં મારી વાત કરવા માટે ઉભો થયો છું.

**અધ્યક્ષશ્રી** : ચર્ચા જે રીતે ચાલી રહી છે તે રીતે ચર્ચાને આગળ વધવા દઈએ તેમાં બંને પક્ષના સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે દખલ કરવાનું મન થાય તો પણ તેમાં સંયમ જાળવે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને પોતાના સંદેશા સાથે આ જે બિલ પુનઃ વિચારણા કરવા માટે આપણા સૌ વચ્ચે પરત મોકલ્યું છે તેમાં તેમણે પોતે જે ઉલ્લેખ કરેલ છે તેમાં સ્વીકારે છે કે **" એ સાચુ છે કે રાજય વિધાનમંડળે ભારતના સંવિધાનની કલમ-૨૪૫ અને ૨૪૬ ની જોગવાઈઓ અનુસાર પોતાના અધિકારની અંદર સમગ્ર રાજય અથવા તેના ભાગ માટે કાયદા કરવાના, ઘ ડવાના હોય છે અને એ પણ સાચું છે કે રાજય વિધાનમંડળે શિક્ષાનું પ્રમાણ ઠરાવવાની સત્તા છે."** આનો હું સ્પેશીફીક ઉલ્લેખ એટલા માટે કરું છું કે આપણા દેશ જુદા જુદા રાજયોના ફેડરલ સ્ટ્રકચરના આધાર ઉપર આ દેશની વ્યવસ્થા ઉભી થઈ છે. ફેડરલ સ્ટ્રકચરને સ્વીકાર્યુ હોય ત્યારે બંધારણના અનુચ્છેદ ૨૪૬(૩) હેઠળ અને તેની સાતમી અનુસૂચિના રાજયની યાદીમાં સમાવિષ્ટ વિષય ઉપર રાજયની વિધાનસભાને કાયદો ઘડવાના એકસકલુઝીવ પાવર્સ છે. એટલા માટે બંધારણની જોગવાઈ મુજબ ફાંસી કે જન્મટીપની સજા તે પ્રકારે શિક્ષાના પ્રકાર આધારિત કાયદો ઘડવાની સત્તાનું કેન્દ્ર અને રાજયો વચ્ચે વિભાજીત થયેલ નથી. આથી રાજયની અનુસૂચિમાં સમાવિષ્ટ વિષયોમાં કેટલી સજા રાખવી તે રાજય વિધાનમંડળને વિચારવાનું છે. શા માટે આવો કડક કાયદો કરવો પડયો? ૧૯૬૦ થી ૨૦૦૯ સુધી રાજયની અંદર ૨૫ જેટલી વખતમાં લઠ્ઠાકાંડના બનવો બન્યા છે. ૨૫ વખતમાં ૬૦૦ થી ૭૦૦ લોકોએ પોતાના જાન ગુમાવ્યા છે. દર લઠ્ઠાકાંડ વખતે એક નવી કમિટી બને. દવે કમિશન બને, રાઈટર સમિતિ બને, મહેતા એમ્પાવર કમિટી બને. દરેક કમિટિના સૂચનો આવે તે સૂચનોની ચર્ચા થાય પરંતુ આ જ દિવસ સુધી આ નશાબંધીના કાયદાને આપણે કડક નથી બનાવી શકયા. છેલ્લે ભોગ કોણ બને? ગરીબ, એક દલિત તે બક્ષીપંચનો વ્યકિત કે જેને કોઈ પ્રકારની માહિતી નથી. તો આમાં કસૂરવાર કોણ છે? કસૂરવાર એ છે કે જે લઠ્ઠાકાંડ માટેની જરૂરી સામગ્રીનું ટ્રાન્સપોર્ટેશન કરે છે. કે આ લઠ્ઠાકાંડ માટેની જરૂરી સામગ્રી ટ્રાન્સપોર્ટેશન કરે છે, જેનું ઉત્પાદન કરે છે, જેનું વિતરણ કરે છે અને એ પોલીસ અધિકારી કે જેના શીરે જવાબદારી છે કે આ જે વેચાઈ રહ્યું છે એ લઠ્ઠો છે, દારૂ છે, શું છે? એની ચકાસણી કરવામાં ક્યાંક કયાંક ઊણપોને કારણે આવી પરિસ્થિતિ ઉભી થાય છે. રાજય સરકારે આ ચિંતા કરી અને ચિંતા કરીને આ કાયદો બનાવ્યો છે. મને યાદ છે કે લગભગ નવમી જુલાઈએ, ગયા વખતે વિધાનસભાનું સત્ર ચાલુ હતું એ વખતે આવી ઘટના બની, આપની પાસે પણ વિપક્ષના સભ્યશ્રીઓએ એ દિવસે હજી ઘટનાની સાચી - ખોટી, પૂરતી- અપૂરતી માહિતીઓ હતી પરંતુ એમનો આગ્રહ- • (xxxxx) (xxxxx) વચ્ચે એમણે ઝીરોઅવર્સની માગણી કરી, આપે ઝીરો અવર્સ સ્વીકાર્યો.

**અધ્યક્ષશ્રી** : (xxxxx) શબ્દ હું કાઢી નાખું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે એ ઝીરો અવર્સ આપ્યો. ઝીરો અવર્સ પછીના દિવસો વિધાનસભાના દ્રશ્યોની મને યાદ છે. આ જ વસ્તુની આ જ સન્માનનીય સભાગૃહની સમક્ષ આપણે ચર્ચા કરી શક્યા હોત. એની જગ્યાએ શું કર્યુ? એ હૉસ્પિટલોની અંદર એ પરિવારોની અંદર જે વેદનામાં હતા, જે દુઃખી હતા, એ પરિવારોની લાગણીને ઉશ્કેરીને ગુજરાતની પ્રજાને ઉશ્કેરવા માટેનો પ્રયાસ કર્યો. હું એટલા માટે કહું છું કે, એમણે અનેકવિધ વાતો કહી છે, હજી તો મેં શરૂઆત કરી છે.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજીએ, કોઈ જુનિયર સભ્યશ્રી બોલતા હોત તો હું ના બોલત, માનનીય પ્રદિપસિંહજી, આટલા સિનિયર સભ્ય થયા પછી એક સંસદીય બાબતના વિવેકને જાળવી નહીં શક્યા, આક્ષેપો કરવાની પણ એક મર્યાદા હોય છે, બોલવાની પણ એક મર્યાદા હોય છે, બોલવું હોય તો અમે પણ મર્યાદા છોડીને બોલી શકીએ. અહીં ઝીરો અવર્સમાં પ્રશ્ન ઉઠાવીને આ ગૃહના સભ્યશ્રીઓ પરિવારના સભ્યોને ઉશ્કેરીને, આપ વાંચી જજો, જે હદ સુધી એમના શબ્દો અને વિશેષણો જાય છે, આ ગૃહની આ પરંપરા નથી રહી. બિલો ઉપરની ચર્ચામાં તો કોઈ મર્યાદા અને સંયમ હંમેશાં જળવાય.

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદિપસિંહજી, આપ ચર્ચાની અંદર જે રીતે ચર્ચાને આપણે જે દિશામાં આગળ લઈ જવી છે, અને દિશા છે સૌની સંમતિ સર્જાય, એ દિશા છે, ભલે સંમતિ સર્જાય કે ન સર્જાય એ એક અલગ વસ્તુ છે પણ એ દિશા છે, આપ આપની વાતને ચોક્કસ કહી શકો પરંતુ આ સભાગૃહની અંદર જે કોઈ સભ્ય કહે છે એ આગ્રહપૂર્વક કહે છે, દૂરાગ્રહ શબ્દ વાપર્યો ત્યારે પણ મેં આપનું ધ્યાન દોર્યુ હતું અને જે કોઈ વાત આપ કરો એ બિલના મુખ્ય મુદ્દાને રાખીને એના સમર્થનની અંદર કરો. એ વધારે અગત્યનું રહેશે અને એ રીતે આપ કરી શકો એમ છો માટે કરો.

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી ખાંખવામાં આવ્યા છે.

# મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૯ (ક્રમશઃ)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ એમના બે કલાકના પ્રવચનમાં કહ્યું, એ મુદ્દામાં હું નથી જવા માગતો, પરંતુ એટલું તો હું ચોક્કસ કહેવા માગું છું કે, આ મુદ્દાને સન્માનનીય સભાગૃહની વચ્ચે લઈ જવા કરતાં આ મુદ્દાને શેરીઓ સુધી લઈ જવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આખી ઘટનાની વાત આ દેશની અંદર દર વર્ષે લઠ્ઠાકાંડો બને છે, મારી પાસે જે આંકડા છે, એ પ્રમાણે વેસ્ટ બેંગાલ હોય, કેરાલા હોય, કર્ણાટક હોય વર્ષે ૬૦૦ થી ૭૦૦ લોકો આ ઝેરી દારૂના કારણે મૃત્યુ પામે છે. હજી સુધી આ ઘટનાને દિલ્હીની અંદર શા માટે ઉછાળીને આ ઘટનાને ગુજરાતને બદનામ કરવા માટેનો પ્રયાસ કર્યો? માનનીય અધ્યક્ષશ્રી, એની અંદર એવી વાત પડી હતી કે અમે ગુજરાતની સરકારને બદનામ કરીને, ગુજરાતમાં થયેલી આ કરૂણાંતિકાને એનકરેજ કરીને ગુજરાતની પ્રજાને ઉશ્કેરીને અમારે ફરીથી ગુજરાતની અંદર ૩૫૬ લગાડીને ગુજરાતીની અંદર પાછલા બારણે પ્રવેશ કરવા માટેનો આ ધંધો હતો. એ જુલાઈની અંદર થયેલો આ કરૂણાંતિકા અને અત્યારે આપણે ડિસેમ્બર ની અંદર આ સત્રની અંદર ફરીથી મળ્યા છીએ, એ દિવસની અંદર આ નશાબંધી નીતિ અંગે રાજય સરકારે ઘડેલો કાયદો અને વચ્ચેના છ માસની અંદર ગુજરાતની અંદર સાત જેટલી વિધાનસભાની પેટા ચૂંટણી આવી, અને આ સાત પેટાચૂંટણીમાં આ નીતિના કારણે સાતમાંથી પાંચ બેઠકો ઉપર ભારતીય જનતા પાર્ટીનો નરેન્દ્રભાઈ મોદીની આ નીતિના કારણે વિજય થયો હતો. આ લઠ્ઠાકાંડો કયા કયા વખતમાં બન્યા? મારી પાસે જે આંકડા છે એમાં તે વખતના મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીના વખતમાં અમદાવાદ શહેરમાં ૧૯૭૭માં ૧૦૧ જેટલા લોકોના લઠ્ઠાકાંડમાં મરણ થયા હતા, ડભોઈમાં ૧૩ મરણ થયા હતા. તે વખતના મુખ્યમંત્રીશ્રી અમરસિંહભાઈના વખતમાં ખંભાતમાં અને ગોંડલમાં ૩૮ જેટલા લોકોના મરણ થયા હતા, પોરબંદરમાં ૪૮ જેટલા લોકોના કોંગ્રેસના શાસનમાં જ મરણ થયા હતા. ૧૯૯૧માં વખતના મુખ્યમંત્રીશ્રી ચિમનભાઈ પટેલના શાસનમાં રાજકોટમાં ૩૧૪ લોકોના મરણ થયાં હતાં. એજ રીતે ૧૯૮૯ અને ૧૯૯૧માં વડોદરામાં અમરસિંહભાઈના શાસનમાં ૧૩૩ જેટલા લોકોના મરણ થયા હતા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આંકડા જે આ સભાગૃહમાં રજૂ થાય છે એ જવાબદારીપૂર્વક જ આપવામાં આવે છે. એમાં આપને કયાંય ખોટું હોય એવું લાગે તો ચોક્કસ ધ્યાન દોરજો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : કુલ ૨૫ વખત આવી ઘટના બની એના માટે બે કમિશન અને ચાર કમિટીઓ રચાય. માનનીય અધ્યક્ષશ્રી, ૫૬૪ મરણ અને ૮૦૩ ઈજાગ્રસ્ત આ ૨૬મી ઘટના બની એના પહેલા આટલા થયા. કોંગ્રેસના શાસનમાં આવી ઘટનાઓ બનતી વખતે કડકમાં કડક અને કઠોર કાયદો બનાવવાની એના મનમાં કેમ ઈચ્છાશકિત જાગૃત ન થઈ? શું આપણે એ દારૂના ધંધાના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો સાથે આપણે રાજકીય સંબંધો હતા, અને એના કારણે આપણે આવો કડક કાયદો નથી બનાવી શકયા? ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતે ગુજરાતના દલિત, પિડિત, ગરીબ આદિવાસી કે બક્ષીપંચનો કોઈ એક પણ માણસ લઠ્ઠાકાંડના કારણે મૃત્યુ ન પામે એ માટે એમણે કડકમાં કડક અને કઠોર કાયદાનું પ્રાવધાન કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે જુદા જુદા કમિશનો થયા (અંતરાય) સત્ય હંમેશા કડવું હોય.

**અધ્યક્ષશ્રી** : માનનીય ખુમાનસિંહ, આપ વચ્ચે બોલવાનું બંધ કરો. આ બાજુ મેં આત્મારામને પણ સૂચના આપી હતી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : કોંગ્રેસની સાચી વાત કરીએ એટલે બળતરા નથી થતીને? માનનીય અધ્યક્ષશ્રી, હજુ વધારે છંછેડે તો સારું નહીં, નહીં તો આનાથી વધારે નીકળશે. સરકારને દરબાર શું કામ કરી શકે એમ છે એનો પણ જવાબ આપી શકાય એમ છે. પરંતુ કેટલીક મર્યાદાઓના કારણે હું કહેવા માગતો નથી.

**અધ્યક્ષશ્રી** : નહીં, પ્રદિપસિંહજી, કોઈ છંછેડતું નથી. અને કોઈનાથી તમે છંછેડાતા નથી. શ્રી પ્રદિપસિંહજી, તમે તમારી મર્યાદામાં રહીને વાત કરો. ખુમાનસિંહ હું તમને પણ કહું છું. એ વખતે મેં આત્મારામને કહ્યું હતું અત્યારે તમને કહું છું બંને બાજુ સભ્ય બોલતા હોય ત્યારે દખલ પહોંચડનારા સભ્યશ્રીઓ સંયમ ન જાળવી શકતા હોય તો બહાર જતા રહે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦ થી ૨૦૦૯ સુધીના ૨૫ જેટલા લઠ્ઠાકાંડોની અંદર અત્યાર સુધીમાં માત્ર ૨૫૯ જેટલા આરોપીઓ પકડયા છે અને માત્ર એક વ્યકિતને બાદ કરતાં ૫૬૮ જેટલા લોકો મૃત્યુ પામ્યા હોવા છતાં એક પણ માણસને આજ દિવસ સુધી સજા કરાવી શક્યા નથી. એના કારણે આ કાયદો અહીંયા લાવવો પડ્યો છે. જે કાયદાની આ સન્માનીય સભાગૃહ સમક્ષ અહીંયા વાત કરીએ છીએ અને ગુજરાતના મુખ્યમંત્રી જેના માટે ચિંતા કરે છે ત્યારે મારે કહેવું છે કે, દિલ્હીમાં કોંગ્રેસની સરકાર છે ત્યારે દિલ્હીમાં કોંગ્રેસની સરકારે દિલ્હી એકસાઈઝ બિલ ૨૦૦૯ હમણા જ ૧૪-૧૨-૨૦૦૯ ના રોજ પસાર કર્યું. આ તો ઉલટી ગંગા વહે છે ગુજરાતની વાતને દિલ્હીની સરકારે અનુસરી અને ગુજરાતના સાથી પક્ષના મિત્રો આ વાતને સમજવા કેમ સંમત નથી થતા? માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની હું વિગતો કહેવા માગું છું. અને એ વિગત એ છે કે, Penalty for mixing noxious substance with liquor and if result of such an act death is caused, with death or imprisonment for life and shall also be liable to fine which may extend to ૧૦

lakh rupees,ફાંસીની સજા અને દસ લાખ રૂપિયાનો દંડ, આ દિલ્હીની સરકારે આ પસાર કરેલા કાયદાની વિગત હું કહુ છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે એ ક્વોટ કરીને કહે છે ત્યારે I would like to know કે એમાં 'hang until death' એ કહે છે કે ફાંસીની સજાની જોગવાઈ છે. Ask him to take the responsibility.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : હું જવાબ આપું છું આખું વાંચીને કહેવા માગું છું. "Penalty for mixing noxious substance with liquor whoever mixes....(interruption)

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદીપસિંહજી જવાબ આપે છે ત્યારે બાકીના સભ્યો અવાજ કરીને એમના જવાબને દબાવવાનો પ્રયત્ન ના કરતા.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, "whoever mix or permit to be mixed with any liquor sold or manufactured or processed by him any noxious drug or any foreign immigrants likely to cause disability or grievous hurt or death to human beings.. કલીયરકટ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પનીશમેન્ટ વાંચોને.

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદીપસિંહજી પનીશમેન્ટ વાંચો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : Let him read 'punishment'

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : Death, if the result ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : વાંચો, વાંચો એમાં ડેથ પેનલ્ટી નથી I have gone through it.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : આપ બેસશો તો હું વાંચીશને અને જો આપ કહેશો તો એમાં સુધારો પણ કરીશું. મારો કહેવાનો આશય એટલો છે કે if the result of such an act...

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદીપસિંહજી પનીશમેન્ટમાં શું છે એટલું તમે વાંચો.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## સભ્યશ્રીના ભાષણ અંગે

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રદીપસિંહે શું વાંચવું એ વિપક્ષના નેતા નકકી ના કરી શકે. છતાંય હું કહુ કે ચેપ્ટર - ૫ માં ૩પમાં કલોઝમાં - એ માં લખેલું છે કે, 'આ ઝેરી દારૂના લીધે કોઈનું મૃત્યુ થાય તો એના માટે મૃત્યુદંડની જોગવાઈ કરેલી છે.' આનાથી વિશેષ માનનીય અધ્યક્ષશ્રી, શું જોઈએ. મને તો એ સમજણ નથી પડતી કે દિલ્હીવાળાને જેમાં વાંધો નથી એમાં પોરબંદરવાળાને શું કામ વાંધો આવે છે. જે વસ્તુ દિલ્હીવાળા સ્વીકારી લે એમાં આ પોરબંદરવાળાને શું કામ વાંધા લે છે..

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે, મારી સમજણને બરાબર સમજ્યા હશે. હવે વધારે સ્પષ્ટતાની આવશ્યકતા નથી. આ ઘટનાથી આપણને સૌને ચિંતા થાય. એ દિવસના દ્રશ્યો મેં પણ જોયાં છે, એકસાથે એ કંટકિયાવાસની અંદર, કોઈકનો સેંથામાં સિંદૂર પુરનાર ગયો, કોઈકનો નાનો દીકરો ગયો, કોઈકનો ભાઈ ગયો, કોઈકનો કુટુંબમાં કમાનાર આધાર ગયો. આ બધી ઘટનાને આપણે રાજકીય સ્વરુપ જ્યાંસુધી લાગેવળગે છે ત્યાંસુધી એનાથી ઉપર ઉઠીને, આના માટે, આપણા સૌના માટે વેદના હોય, અને આ વેદનાના કારણે આ પરિવારો માટે આપણને જે સંવેદના પ્રગટ થઈ. એ સંવેદનાના સ્વરુપે આ કાયદો માનનીય અમીતભાઈ આ સભાગૃહમાં લઈને આવ્યા છે, એ દિવસે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના સંદેશમાં જે કહ્યું એ હું આ સન્માનનીય સભાગૃહને કહેવા માગું છું એમણે ગુજરાતના નાગરિકોને કહ્યું કે હું પુરો વિશ્વાસ આપું છું કે, આ રોગના મુળ સુધી જઈને તેના કસૂરવાર ગુનેગારોને ન કલ્પી શકાય એવી સજા આપવા આ સરકાર કટિબદ્ધ છે અને એના માટે કોઈ કચાશ રાખશે નહિ. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સંદેશો આપ્યોને ત્યારે ગુજરાતની પ્રજાની અંદર એક વિશ્વાસ બંધાયો કે હવે નકકી ગુજરાતની અંદર નશાબંધીની નીતિની અંદર આમૂલ પરિવર્તનો આવશે, કોઈ ગરીબ આ લઠ્ઠાના કારણે મૃત્યુ પામતો હોય,એના ઘરનો ચૂલો ઓલવાઈ જતો હોય એવા કારણે એને આશાની ચિનગારી આ ગુજરાતના મુખ્યમંત્રીના નિવેદનના કારણે બની છે. આપણું ગુજરાત એ તો ગાંધીવાદી, કલ્યાણરાજની કલ્પના સાથે ચાલવાવાળા લોકો છીએ આપણે. આ કાયદો એ ગાંધીવાદી મૂલ્યોનો આ સરકારનો ગાંધીવાદી મૂલ્યોનો જતન કરવા માટેનો આ દસ્તાવેજ છે.માનનીય અધ્યક્ષશ્રી, આ કટીબધ્ધતા તો ભૂતકાળની કોઈ સરકારોએ નથી કરી. શું આપણે ૨૬મી જાન્યુઆરી કે ૧૫મી ઓગસ્ટે માત્ર ગાંધીવાદી ટોપી પહેરીને આપણે ધ્વજ વંદન કરીએ એટલે આપણે ગાંધીવાદી થઈ ગયા. ગાંધીવાદી થવા માટે તો આપણાં રોમેરોમમાં ગરીબો માટે અને ગરીબોના ઉત્થાન કરવા માટેની વેદના હોવી જોઈએ ત્યારે આ પ્રમાણેના કાયદાનું ઘડતર થાય છે. અપેક્ષા હતી એ દિવસોમાં કે આ ઘટના જે બની તેના કારણે આપણે સામુહિક ચિંતન કરી અને સામુહિક ચર્ચા કરી કોઈ સારા સ્વરૂપે આપણે કરી શકીશું પણ માનનીય અધ્યક્ષશ્રી કમનસીબે તેની અંદર વાસ્તવિકતાથી વિપરીત વાતો રજૂ કરીને ગુજરાતની પ્રજાને

કયાંક બહેકાવવામાં આપ સફળ નથી થઈ શકયા. આ લઠ્ઠો બનાવવા વાળા લોકો છે કોણ ? માનનીય અધ્યક્ષશ્રી, આ એ લોકો છે કે તે પોતાના નફા માટે લોકોના જીવ લે છે. આ કાયદો સામાન્ય પ્રજા માટે નથી. આ લઠ્ઠાકાંડના કારણે જે લોકો મરે છે તેને બચાવવા માટે આ લઠ્ઠાકાંડવાળાને સજા આપવા માટે, આ મોતના સોદાગરો માટેનો કાયદો છે. અને તેના માટે જયારે મોતના સોદાગરોને સજા થવાની હોય ત્યારે આપણે તેમાં સહયોગ આપવો જોઈએ એવું હું સ્પષ્ટપણે માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, જે કાયદાની જરૂર હોય કાયદામાં તે પ્રમાણે આવશ્યકતા છે. આ એ પ્રમાણે કાયદામાં સુધારા કરવા પડે. આપણે જાણીએ છીએ કે ખૂન, લૂંટ, બળાત્કારના ગુન્હાઓ થાય છે કાયદો છે છતાં પણ થાય છે. આપણે જરૂર પડે તો એ કાયદાને વધારે કઠોર બનાવીએ છીએ, કાયદાનો વધારે ખોફ થાય એવો આપણે પ્રયાસ કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની અંદર આતંકવાદીઓની ઘટના બનવા માંડી ત્યારે આપણે ના લાવ્યા પોટાનો કાયદો. અને આ પોટાના કાયદાને કારણે આપણે આતંકવાદને અંકુશમાં લાવવા માટેનો પ્રયાસ કર્યો. ક્રમાનુસાર યુ.પી.એ.ની સરકાર આવી. કદાચ * (xxxxx) તેમને એ કાયદો કાઢવો પડયો હશે તો તેનો કાંઈ વાંધો નથી.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### કેન્દ્ર સરકારની ટીકાઓ કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કોઈ કાયદો કેન્દ્રની સરકાર બનાવે છે તેમાં (xxxxx) બનાવ્યો છે એવું કરીને કેન્દ્રની ટીકાઓ કરવી એ બિલકુલ ના થઈ શકે.

**અધ્યક્ષશ્રી** : પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર તમને તમારું મંતવ્ય રજૂ કરવાની હું તક આપીશ. એમનું મંતવ્ય સાંભળ્યા પછી તમે મંતવ્ય રજૂ કરી શકશો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપે time and again જૂના માનનીય અધ્યક્ષશ્રીઓના જજમેન્ટસને સાંભળીને આપે આ જ હાઉસમાં આપે પણ નિર્ણય આપ્યો છે કે કોઈ પણ અન્ય રાજયોની વિધાનસભા, જયુડિસયરી કે કેન્દ્રની સરકારની આપણે ટીકાઓ નથી કરતા પછી આ પ્રકારની ટીકા કરવી કે આમ કરવાથી કર્યુ છે as they are in objects and reasons. Yes, in objects and reasons આ કારણો છે. એમને એમ આ રીતની ટીકાઓ કેવી રીતે ચલાવી લેવાય. આપ એમનું આખું પ્રવચન સાંભળશો તો અસંસદીય અને બાદ કરવા જેવા શબ્દોનો ઢગલો મળશે. દરેક વખતે કેવી રીતે બોલવાનું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહમાં મુકત ચર્ચા થાય, નિયમોની મર્યાદામાં થાય, વિવેકથી થાય, સંસદીય પ્રણાલિ પ્રમાણે થાય, સભ્યશ્રીઓ પોતાના વિચારો છૂટથી વ્યકત કરી શકે એ પ્રમાણે તેમણે વિચાર વ્યકત કર્યો છે કે પોટાના કાયદાને આ રીતે અમુક વર્ગને, અમુક સમાજને રાજી રાખવા માટે તેમણે આ કાયદામાં આ કર્યુ, પરિવર્તન કર્યુ એ કહેવાનો માનનીય સભ્યશ્રીને હકક છે. તેમાં કોઈની લાગણી દુભાવવાનો કે કોઈનું અપમાન કરવાનો કોઈ પ્રશ્ન જ નથી.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અને એ છતાંય માનનીય પ્રદિપસિંહજીના શબ્દો મેં બહુ ધ્યાનથી સાંભળ્યા છે એમણે એવું કહ્યું કે કદાચ કેન્દ્ર સરકારે (xxxxx) એટલે કંઈ તેમણે એવો નિર્ણય નથી આપ્યો સાહેબ એક શકયતા દર્શાવી છે. એટલે કદાચ કહીને એક શકયતા દર્શાવી છે. સાહેબ, હું મારી વાત પૂરી કરી દઉં હમણાં એક કટાક્ષ કર્યો હતો માનનીય શકિતસિંહજીએ કે ભઈ આ વહીવટદારોની અહીંયા કેમ થોડીક ચણભણાંટ થાય છે. એ જે રીતે વાત મૂકતા હતા એનો ચણભણાંટ હતો. પણ મારે હવે અત્યારે એટલું પૂછવું છે કે કદાચ આ લઘુમતિ તૃષ્ટિકરણનો ચણભણાટ અહીં કેમ થઈ રહ્યો છે.

**અધ્યક્ષશ્રી** : ચર્ચાનો બીજી દિશા તરફ હું લઈ જવા દેવા માગતો નથી. બહુ સ્પષ્ટ છે કે પોટાનો કાયદો કાઢી નાંખ્યો એ વાત યોગ્ય હતી કે અયોગ્ય હતી એ કહેવાનો અધિકાર કદાચ હોઈ શકે પણ એ (xxxxx) માટે કાઢી નાંખ્યો તેને ટીકાત્મક કહેવાય અને ટીકાત્મક શબ્દો હું કાઢી નાંખુ છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા કહેવાનો આશય એ હતો કે..

**અધ્યક્ષશ્રી** : એ પતી ગયું.

## મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૯ (ક્રમશઃ)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : હું એ વિષયને સ્પર્શ કરતો નથી. હું તો એટલું જ કહું છું કે જયારે જયારે આ ગુજરાતને જરૂરિયાત ઉભી થઈ, આ ગુજરાતના પ્રજાજીવનની આવશ્યકતા પ્રમાણે આ સન્માનનીય ગૃહમાં આપણે અનેક કાયદા પસાર કર્યા છે. આપણે ગુજકોકનો કાયદો પણ પસાર કર્યો અને એટલા માટે એ પસાર કર્યો હતો કે બાજુના રાજય મહારાષ્ટ્રમાં મકોકાનો કાયદો હતો. ગુજરાત સરહદી રાજય છે અને ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે. એના કારણે આપણે ગુજરાતમાં આ ગુજકોકનો કાયદો કર્યો અને તેને આજસુધી

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

મંજૂરી મળી નથી. એના કારણે કયાંક કયાંક આતંકવાદીઓ માથું ઉંચકે છે. જેના કારણે ગુજરાતની શાંતિ, સલામતિ અને સુરક્ષાના અનેક પ્રશ્નો ઉભા થયા છે. એના જવાબદાર જે હોય તે. પરંતુ જયારે જરૂરિયાત પડે ત્યારે ગુજરાતમાં કડકમાં કડક કાયદાની આવશ્યકતા છે, એ આવશ્યકતાના આધારે અને જરૂરિયાતના આધારે ગુજરાતમાં આ કાયદો ઉભો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ શહેરમાંથી આવું છું અને અમદાવાદ શહેરમાંથી ધારાસભ્ય છું. મને યાદ છે. ભૂતકાળમાં અમદાવાદ શહેરમાં લતીફ ગેંગ અને હંસરાજ ગેંગ વચ્ચે મારામારીઓ થાય અને મારામારી એવી થાય કે આખા શહેરમાં કરફયુ નાંખવો પડે. એ ગેંગવોરો થતી હતી, એના ઝગડામાં જો કોઈ મુખ્ય કારણ હોય તો તે માત્ર ને માત્ર દારૂના વેચાણના ઝગડાના કારણે આ સ્થિતિ ઉભી થતી હતી. દારૂના ઠેકાના લીધે ઉભી થતી હતી. માનનીય શકિતસિંહભાઈ વહીવટદારની વાત કરતા હતા ત્યારે હું તો અમદાવાદની અશાંતિ માટેની લતીફ ગેંગની ગેંગવોર માટે જો કોઈ મુખ્ય કારણ હોય તો માત્ર ને માત્ર દારૂના ઠેકાને કારણે એ સ્થિતિ ઉભી થતી હતી, એ હું એમને યાદ કરાવવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સુ-વ્યવસ્થા માટે કાયદામાં કોઈ છીદ્રો રહી ગયા હોય તો તેને સુધારીને કાયદાનો ખોફ વધે એના માટે આપણે એનો અમલ કરવો જોઈએ. ઘણીવાર ફાંસીનું નામ પડે છે અને દોડાદોડી કે હલચલ થઈ જાય છે. આ દેશની સંસદ ઉપર જેણે હુમલો કર્યો, એને દિલ્હીની કોર્ટે અફઝલ ગુરૂને ફાંસીની સજા આપી, પરંતુ ખબર નહીં, અહીંની ફાંસી હોય કે ત્યાંની ફાંસી હોય. આપણે શેને બચાવવા માટે આ કરીએ છીએ? ખબર પડતી નથી. અને હજી તો એનો વારો નંબર પ્રમાણે આવશે ત્યારે અમે એને ફાંસી આપીશું. માનનીય અધ્યક્ષશ્રી, આમ ને આમ થશે તો કાયદા નબળા પડતા જશે. લોકોનું મનોબળ તૂટી જશે. એને કારણે પ્રજા જીવનની સુરક્ષા માટે અને પ્રજા જીવનની જરૂરિયાત માટે જરૂર હોય ત્યાં આ પ્રમાણેના કડક કાયદા બનાવવા જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, જયાં તલવારના ઘાની જરૂર હોય ત્યાં ટાંકણીથી ન ચાલે. જે માણસ બેઠો હોય તે દ્રઢ મનોબળથી અને પ્રબળ રાજકીય ઈચ્છાશકિતથી રાજયનું હિત એના મનમાં હોય તો જ આ પ્રમાણેના કાયદાનું નિર્માણ થઈ શકતું હોય છે. આ કાયદા કયારે થાય. If there is a will, there is a way. જો માનસિકતા હોય તો જ આપણે આ કરી શકીએ. અત્યાર સુધી ૨૫ ઘટનાઓ થઈ. સમિતિઓ બની. સમિતિઓના રીપોર્ટો થયા. રીપોર્ટના સારા સારા મુદ્દાઓનું કયાંક વાંચન થયું. કેટલાક છૂટી ગયા હશે. તંત્ર દ્વારા કયાંક કચાશ રહી હશે.

માનનીય અધ્યક્ષશ્રી, આવી માત્ર ચર્ચા નહીં, માત્ર વ્યથા નહીં, આ ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઈ મોદીની સરકાર માત્ર વ્યથા નહીં, વ્યવસ્થામાં માનવાવાળી સરકાર છે. માનનીય અધ્યક્ષશ્રી, તમારે રાજય ચલાવવું હોય તો બીજાની જીંદગી સાથે રમત કરીએ, તો પોતાની જીંદગી ગુમાવવાની શકયતા પણ આ પ્રવૃત્તિમાં રહી છે, એવી જયાં સુધી એના મનની અંદર બીક ન હોય ત્યાં સુધી આ પ્રક્રિયા અટકે એવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ નશાબંધી નીતિના કારણે આપણને ૧૪૦૦ કરોડની આબકારી જકાતની વાર્ષિક આવક થાય અને અત્યાર સુધીના આટલા વર્ષોમાં કેન્દ્ર સરકારે આપણને આપી હોત, તો આપણે આટલી બધી આવક મેળવી શકયા હોત. પરંતુ એના કરતાં ગુજરાતની સરકાર એ કલ્યાણ રાજયને વરેલી સરકાર છે. એટલા માટે આ કાયદામાં દારૂના દૈત્યના રાવણ સમા રાક્ષસને જો મારવો હોય તો એના માથા કાપ્યે મેળ નહીં પડે. આ કાયદામાં દારૂના દૈત્યના રાક્ષસ સમા રાવણને જો મારવો હોય તો તેના માથા કાપે મેળ નહીં પડે, તેની નાભીની અંદર તીર મારવા સમાન આ કાયદો છે. મહાત્મા ગાંધીજીએ આ દેશની અંદર જયારે આઝાદીની ચળવળ શરૂ કરી ત્યારે એમણે જે કુલ ચાર મુદ્દા નકકી કર્યા હતા એ ચાર મુદ્દા પૈકીનો એક મુદ્દો દારૂબંધીની નીતિને વરેલા હતા તે મુદ્દો હતો. આપણે તો ફાંસીના કાયદાની વાત કરીએ છીએ. મહાત્મા ગાંધીજીએ પોતાના યંગ ઈન્ડિયાનો એમણે જે આર્ટીકલ લખ્યો છે એ આર્ટીકલમાં એમણે કહ્યું કે મને આ હિન્દુસ્તાનનો એક કલાક માટેનો જો સરમુખતયાર બનાવવામાં આવે તો હું આ દેશના તમામ પીઠા બંધ કરાવી દઉં. મહાત્મા ગાંધીજીને આ દારૂ પ્રત્યે એ પ્રમાણેની સૂગ હતી. આપણે બધા તો જુદા જુદા ધર્મ અને સંપ્રદાયને વરેલા લોકો છીએ. ધર્મ અને સંપ્રદાયને માનવા વાળા લોકો છીએ. સ્વામીનારાયણની શીક્ષાપત્રીના શ્લોક નં. ૩૧માં લખ્યં છે દારૂ તો કયારેય ન પીવો એટલું જ નહીં જે ઔષધમાં દારૂ કે માંસનો અંશ હોય તે પણ કયારેય ન પીવું. આ ધર્મ અને સંપ્રદાયના લોકોના તારણો હું એટલા માટે કહું છું કે જેણે આ સમાજ જીવનની વ્યવસ્થામાં વખતો વખત નેતૃત્વ કરીને સમાજને માર્ગદર્શન આપ્યું છે. મહાત્મા ગાંધી હોય, સ્વામીનારાયણના સંત હોય કે મહર્ષી દયાનંદ હોય, મહર્ષી દયાનંદજીએ દારૂ મનુષ્યને રાક્ષસ બનાવી દે છે એવો એમણે આ જિંદગીમાં પ્રચાર કર્યો હતો. મૂક સેવક રવિશંકર મહારાજ, (અંતરાય) આપણે ક્રોસ ટોક કરવી હોય તો મારી તૈયારી છે પણ પછી આપ મને રોકશો. કેટલીક વિશીષ્ટ પ્રકારની કોમેન્ટ સાંભળવાની હોય તો આપ જેમ મને કહો છો તેમ એમને કહો તો વધારે સારું.

**અધ્યક્ષશ્રી** : કેટલાક લોકોને કેટલાંક નામ મોઢે ચઢી ગયાં છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : આવાં નામો નહીં ભૂલવાના કારણે ગુજરાતની પ્રજા એમને ભૂલી ગઈ છે.

**અધ્યક્ષશ્રી** : મહેરબાની કરીને આપણે વિષયની સારી ચર્ચા થાય એ દિશા તરફ જઈએ તો સારું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, મૂક સેવક રવિ શંકર મહારાજ, જેમણે ગુજરાતની અંદર અનેક કામ કર્યા છે. રવિશંકર મહારાજના મતે દારૂની કુટેવે માનવ જીવનને પાયમાલ કર્યુ છે. અને રાષ્ટ્રના

કલ્યાણ માટે નશાબંધીનો કાયદો એ જરૂરી છે. આજે રવિશંકર મહારાજશ્રીએ જયારે આ સંદેશ આપ્યો હતો અને આજની પરિસ્થિતિ છે તે દિવસોની અંદર નશાબંધી નીતિને જો જીવતી રાખવી હશે તો આ કાયદાના સુધારા અતિ આવશ્યક છે. આ દારૂનો પ્રશ્ન એની સાથે ખેલ કરવા જેવું નથી. આ અનિષ્ટને પહોંચી વળવા માટે આપણે જો સમાજ જીવનનું હિત ઈચ્છતા હોઈએ તો કોઈ ઢીલી પોચી નીતિ આ નશાબંધીનો અસર કારક અમલ આ રાજયમાં કરાવી શકે તેમ નથી. આ ઘટના બની ત્યારે સમાજ જીવનની અંદર આ લઠ્ઠાકાંડના કારણે એટલા મોટા આર્ટીકલ્સ આવતા હતા અને એ આર્ટીકલની અંદર તંત્રી લેખો લખાયા, અને એની અંદર તંત્રીઓના ઉદગારો હતા કે આ દારૂનું ઉત્પાદન, વેચનાર ટ્રાન્સપોર્ટેશન કરવા વાળા માટે મનુષ્ય વધ માટે જે ૩૦૭ અને ૩૦૨ જેવી કલમો વાપરીને આપણે કેમ આની અસરકારકતા નથી વધારી શકતા? આ નશાબંધીના સંદર્ભમાં આખી જે ઘટના બની ત્યારે સરકારે બે રીતે કામ કર્યુ છે. એક બાજુ આ ઘટના કેવી રીતે બની અને આ ઘટના ન બને તેના માટે પોલીસ તંત્ર શું કરી શકેટ? કાયદા તંત્ર શું કરી શકે? અને સાયમનટેનીયસલી અભિનંદન આપવા જેવું કોઈ કામ કર્યુ હોય તો ભૂતકાળની અંદર લઠ્ઠાકાંડના કારણે જે લોકો પોતાની રોશની ગુમાવતા હતા એને પાછી રોશની નથી મળી શકતી, પણ ગુજરાતની સરકાર અને આરોગ્ય વિભાગના કારણે ૧૪૮ જેટલાના ડાયાલીસીસ કરીને જિંદગી બચાવી. ૯૭ લોકોને આપણે સ્ટીરોઈડના ઈન્જેકશન આપીને રોશની આપવાનું કામ આપણે કર્યુ છે.નશાબંધી નીતિ અને સમૃદ્ધિ અરસપરસ જોડાયેલા છે. હું અસારવા મત વિસ્તારમાંથી આવું છું. એ વિસ્તારની અંદર ગરીબોની વસતિ વધારે આવેલી હતી. એ લોકો કાચા મકાનોની અંદર રહેતા હતા એ કાચા મકાનમાં રહેવાવાળો વર્ગ આજે પાકા ધાબાવાળા મકાનોમાં રહે છે. આ ગુજરાતની જે પ્રગતિ થઈ છે એ પ્રગતિની અંદર જો કોઈ અસરકારક કારણ હોય તો અસરકારક દારૂબંધી નીતિના કારણે આ ગુજરાતની પ્રગતિ થઈ છે. સવારે વાત થયા પ્રમાણે કે ગુજરાતની અંદર મુક્તપણે દારૂની હેરાફેરીમાં ટ્રાન્સપોર્ટેશની અંદર કાયદામાં સુધારા કરવાને કારણ છે. ગુજરાતની સરકારે જ્યારે જ્યારે આમાં સુધારા કર્યો છે એના ઓબ્જેકશની અંદર સૌથી પ્રથમ કોઈ વસ્તુનો ઉલ્લેખ કર્યો હોય તો એ નશાબંધી નીતિને વધુ અસરકારક કરવા માટે કર્યો છે. સમગ્રતહ: આ આખો કાયદો સંપૂર્ણ રીતે આ ગરીબો આ દલિતો આ આદિવાસી પિડિતો આ લઠ્ઠાકાંડના કારણે જે પરિવારોની અદર એની આંખની અંદરથી ટપકેલા આંસુઓને કારણે ઊભી થયેલી વેદનાને કારણે આ ગુજરાત સરકાર નશાબંધીનો કાયદો લાવી છે. મને લાગે છે કે આ સન્માનનીય સભાગૃહને બંધારણીય સત્તા છે તો આ કાયદાને આપણે સર્વાનુમતે કરીને ગુજરાતની અંદર સ્વર્ણીમ ગુજરાતની અંદર આપણને કોઈ યાદ રહી શકે તેવું કામ હોય તો આ નશાબંધીના સુધારા વિધેયકને પાસ કરીએ તેવી વિનંતી કરું છું અને માનનીય મંત્રીશ્રી જે વિધેયક લાવ્યા છે એને સમર્થન આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

મારા વિદ્વાન નેતાશ્રીએ કાનૂની રીતે આ બિલ છે એ ટકી શકે તેવું નથી તે બાબતે વિસ્તૃત ચર્ચા કરી છે એટલે એ બાબતમાં હું રીપીટેશનમાં નહિ જઉં, પરંતુ દરેક જે બંધારણીય સત્તાઓ છે, એ તમામ બંધારણીય સત્તાઓએ એકબીજાને આદર કરતાં શીખવું જોઈએ. ગુજરાત વિધાનસભા એ એક બંધારણીય સત્તા છે. ગુજરાતની કૅબિનૅટ એ એક બંધારણીય સત્તા છે. ગુજરાતના રાજયપાલશ્રી એ પણ એક બંધારણીય સત્તા છે. કેન્દ્ર સરકાર અને પાર્લામેન્ટ એ પણ બંધારણીય સત્તાઓ છે. આ બધી જ સત્તાઓ કોઈ એકબીજાથી સ્વતંત્ર નથી. તમામ જે બંધારણીય સત્તાઓ છે એમણે આપણને આપેલું બંધારણ છે એના માળખામાં રહી એની સાથે સુસંગત રહીને તમામ લોકોએ કામગીરી કરવાની છે. ગુજરાતની વિધાનસભાએ ગુજરાતના વિપક્ષને બહાર રાખીને આ બિલ પસાર કર્યુ. આ બિલ રાજયપાલશ્રી પાસે ગયું. આ વિધાનસભાએ અનેક બિલો પાસ કર્યા હતા, આ એકજ બિલ પાછું શું કામ આવ્યું અને એના માટેના કારણો સાથે પાછા આવ્યું. જે કારણો રાજયપાલશ્રીએ આમાં દર્શાવ્યા છે જે સૂચનો આપણને આપ્યાં છે અને સૂચનો પણ એવી રીતે અપાયા છે કે જે લોકોનું દારૂબંધીની નીતિ પ્રત્યેનું કમિટમૅન્ટ એ સંસ્થાઓનું છે એ સંસ્થાઓ એની અંદર છે. એ સંસ્થાઓનું દબાણ સતત રહ્યું છે કે દારૂબંધી નીતિ હળવી કરવા નહિ દઈએ. એવી ધાર્મિક સંસ્થાઓ પણ છે જે લોકો કહે છે કે અમે દારૂબંધી હળવી કરવા નહિ દઈએ. રાજકીય પક્ષો બધા એમ કહે છે. હું એમ નથી કહેતો કે ભારતીય જનતા પાર્ટી એમ કહે છે કે અમે દારૂબંધીની નીતિ સાથે સુસંગત રહીને કામ નથી કરવા માગતા, એણે દારૂબંધીની નીતિ જરૂર હળવી કરી છે. આ ગૃહમાં બિલ લાવીને કરી છે એ આ ગૃહને રૅકૉર્ડ સાથે કહેવા માગું છું. દારૂ પીનાર ત્રણેક લાખ લોકો ઉપર કેસ હતો. ગયા વખતે બિલ લઈ આવ્યા. માનનીય શકિતસિંહજીએ કહ્યું તે પ્રમાણે બૉન્ડ આપવાના, દવાખાનામાં જઈને સેવા કરવાની અને કેસ વાઈન્ડઅપ કરી દેવાનો. જે હોટલોને લાયસન્સ મળતા નહોતા એ બધી જ હોટલોના મેનેજરને લાયસન્સ આપવાના અધિકારો આપ્યા. એસ.ઈ.ઝેડ.માં જેને જેટલો દારૂ પીવો હોય એટલી બધાને છૂટ આપી અને આને જો દારૂબંધીના કાયદાને મજબૂત કરવાનું કહેતા હોય અને તેની વ્યાખ્યા એવી હોય તો મને કહેવાનો વાંધો નથી. જે નવસાર અને સડેલો ગોળ જ્યારે રોડ ઉપરથી પસાર થાય ત્યારે તેને એસ્કોર્ટ સાથે જવા દેવાનો જેથી રસ્તામાં કોઈ ઉતારી ન લે. હવે કહ્યું કે જાવ, એને છૂટ આપી બધાને અને જો દારૂબંધીને મજબૂત કરવાની વાત હોય તો મને વાંધો નથી. પણ વાત એ છે કે જ્યારે રાજ્યપાલ મહોદયે એમ કહ્યું કે

દેહાંતદંડની સજા છે એ સર્વોચ્ચ અદાલતે રેરેસ્ટ ઑફ ધ રેર કેસમાં અમલ કરવાની વાત કરી છે ત્યારે આ કાનૂન ટકી શકે તેમ છે કે કેમ તેની ચકાસણી તમે વિદ્વાન લોકો પાસે કરીને લઈ આવો. હું અને અમિતભાઈ આમાં વિદ્વાન નથી. (અંતરાય) તમે વિદ્વાન હો તો મને વાંધો નથી. હું આ ક્ષેત્રનો વિદ્વાન નથી પણ શકિતસિંહભાઈ સહિતના કેટલાય લોકો છે કે જે આ વિષયના નિષ્ણાત છે એમની પાસે ચકાસણી કરી જૂઓ. સાથે બેસો અને ટકી શકે એવો કાયદો બનાવો. જે લોકો આ ક્ષેત્રમાં કામ કરે છે, જેનું જીવન દારૂબંધીની નીતિનો અમલ કરવા માટે સમર્પિત થયેલું છે એવા રાજયની અંદર રવિશંકર મહારાજ આજે નથી રહ્યા, પણ તેનો વારસો રાખનારા અનેક લોકો છે કે જે આજે પણ એના માટે લડે છે. એવા લોકોને પૂછો, આપ કદાચ નહીં ઓળખતા હો એવા લોકોને. તો અમે એમની ઓળખાણ કરાવવા તૈયાર છીએ કે આ લોકોને જીવન સમર્પિત કરી દીધું છે. એવા લોકોને પૂછીએ કે દારૂબંધીની નીતિનો વધારે મજબૂત રીતે અમલ કરવો હોય તો કયા પ્રકારનો કાયદો કરવો જોઈએ? પણ ગવર્નર સાહેબનું પ્રોકલેમેશન આવ્યું, વિધાનસભાની અંદર મૂકી દીધું, એણે સૂચનો કર્યા કે વિપક્ષની સાથે ચર્ચા કરો. એન.જી.ઓ. સાથે ચર્ચા કરો, એકટીવીસ્ટો સાથે ચર્ચા કરો. કોઈની સાથે ચર્ચા કરી નહીં, સરકારને મારે કહેવું છે, હું વ્યકિતનું નામ નથી લેતો. સરકારને કોઈ પણ બાબતમાં છેવાડાનો માનવી હોય એની સાથે ચર્ચા કરવામાં નાનપ નહીં હોવી જોઈએ. એ વાત સ્વીકારીને ચાલવું જોઈએ. નાનામાં નાનો માણસ હોય એની પાસે પણ શ્રેષ્ઠ સૂચન હોય ક્યારેક. પણ આની અંદર એવું છે કે મારા કરતાં કોઈક જ્ઞાની વધારે, હું નં. ૧, દરેક બાબતમાં. એ માનસિકતામાંથી બહાર નીકળો. અહીં મારા મિત્ર પ્રદિપસિંહ નીકળી ગયા, (અંતરાય) આવી ગયા છે? વાંધો નહીં, સાંભળજો. હું એ વાત કરતો હતો કે અત્યાર સુધીમાં આની પાછળ કેટલા લોકો મર્યા? એના આંકડાઓ ભૂતકાળમાં વધારે, વર્તમાનમાં ઓછા, વર્તમાનમાં વધારે. એક વાતની યાદ અપાવી દઉં, આખા હિંદુસ્તાનમાં કોઈ એક બનાવમાં સૌથી વધારે માણસો મર્યા હોય તો એ અમદાવાદના લઠ્ઠાકાંડમાં મર્યા છે. છતાં એવી કોઈએ વાત કરવાની જરૂર નથી આ બાબતમાં કે લઠ્ઠાકાંડની અંદર આના વખતમાં ઓછું થયું અને આના વખતમાં વધારે થયું. વાત એ હતી કે આની પાછળ પહેલાં પણ આટલા કમિશનો નિમાયા, તો આ સરકારે કમિશન ન નીમ્યું? કમિશનો ઉપર વિશ્વાસ નહોતો તો જસ્ટિસ કમલ મહેતાનું કમિશન શું કરવા નિમાયું? અને અગાઉની સરકારે માત્ર કમિશનો નહોતા નીમ્યા, આ ગૃહની કમિટી પણ નીમી અને તેના ચેરમેન વિરોધપક્ષના નેતાને બનાવ્યા હતા. જો ખુલ્લું કરવાની ઇચ્છા હોય કે આની પાછળ કોણ જવાબદાર હતું એ કર્યું હોત તો સાચો ખ્યાલ આવી શકત. માનનીય અધ્યક્ષશ્રી, લઠ્ઠાકાંડ થયો, આપણા રાજયના મુખ્યમંત્રી આખા દેશની બહુ ચિંતા કરે છે. નાગપુરમાં કંઈક બનાવ બને એટલે ત્યાં પહોંચી જાય, એમ કહે કે મારા રાજયમાં કોઈ આવો બનાવ બને, મેં ચૂનચૂનકે મારુંગા, મુંબઈમાં બનાવ બને ત્યાં પણ પહોંચી જાય પણ મણીનગરની અંદર આટલા લોકો મર્યા, એક વહેવાર છે, કે ચૂંટણી વખતે જેને ત્યાં જતા હોઈએ, એને ત્યાં આપણે વહેવાર છે, એને ત્યાં ખરખરો કરવા પણ કોઈ દિવસ ન ગયા, કેમ હિંમત ન થઈ, ગયા હોત તો આપની પાસે તો કમાન્ડો છે, અમે તો બધા કમાન્ડો વગર ગયા હતા. અમારા બધા મિત્રો એમનેમ ગયા હતા. પણ બધાને ડર લાગતો હતો કે ત્યાં જવા જેવી સ્થિતિ નથી. કયા પ્રકારનું અપમાન થાય કે કયા પ્રકારની સામે ઘટના બને એનો વિશ્વાસ નહોતો એટલે અહીંયા બેઠા બેઠા બધા નિવેદનો કર્યા, ન એમના ઘરે ગયા ન હોસ્પિટલે ગયા, પોતાનો મતવિસ્તાર છે. અપેક્ષા રાખતા હતા લોકો કે અહીંયા આવે પણ ત્યાં પણ ગયા નહીં કોઈ જગ્યાએ. મારી વાત એ હતી કે આ લઠ્ઠાકાંડ શું કરવા થાય છે? એમ તો અહીંયા આપણા રાજયમાં અકસ્માતો પણ બહુ થાય છે. આમાં ૭૫ થી ૮૦ લોકો મર્યા .(અંતરાય) સાહેબ આપનું સૂચન માથે ચડાવું છું. હું વિષય ઉપર જ જાવ છું. મને વિષય ઉપરથી બહાર ન લઈ જાય એવી મારી વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ લઠ્ઠાકાંડ શું કરવા થાય છે, મારી વાત એટલી હતી કે ગુજરાતની અંદર અકસ્માતો ખૂબ મોટા પાયે થાય છે. અને અકસ્માત એટલા થાય છે કે દર વર્ષે મને રાજય સરકારે જે આંકડાઓ આપ્યા છે એ આંકડાઓ પ્રમાણે ૫ હજાર લોકો માત્ર ગુજરાતમાં અકસ્માતના કારણે મરે છે. આ ૫ હજાર લોકો મરે છે. તો એના માટે આપણે વ્યવસ્થા સુદ્રઢ કરવાની વાત કરીશું કે ડ્રાઈવરને ફાંસીની સજા આપવાની વાત કરીશું? એ શું કરવા મરે છે કે ટ્રાફિકના નિયમોનું પાલન આપણે લોકો નથી કરતા. એ મજબૂતાઈથી કરવું જોઈએ. લઠ્ઠાકાંડ શું કરવા બને છે, એટલા માટે બને છે કે આપણે વ્યવસ્થાને સુદ્રઢ કરવાનું કામ કરતા નથી. દારૂબંધીની નીતિને હું દિલથી વરેલો માણસ છું.સામાન્ય રીતે જ્યારે ચૂંટણીના કાર્યક્રમો ચાલતા હોય ત્યારે કોઈ નેતા દારૂબંધીની વાત લોકોની વચ્ચે ઊભા થઈને કરે નહીં. હું દાવા સાથે કહું છું કે મારા મત વિસ્તારમાં ચૂંટણીના કાર્યક્રમો હોય કે ચૂંટણી સિવાયના હોય, મેં હંમેશા વ્યસનોથી દૂર રહેવા, દારૂથી દૂર રહેવા મારા મતદારોને કહ્યું છે. આ વાત ખુલ્લેઆમ કરી છે.

**અધ્યક્ષશ્રી** : કરશનભાઈ, એકબીજાની વાત શા માટે અહીંયા કરવી? પડોશી હોય તો પડોશમાં વાત કરે, અહીંયા નહીં.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારા પડોશી બહુ સારી રીતે મને જાણે છે અને હું પડોશીને બહુ સારી રીતે જાણું છું. અમે એકબીજાને સારી રીતે ઓળખીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : પડોશીવાળી વાત લાંબી ચાલે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું એ વાત કરતો હતો કે મને પીડા એટલા માટે છે કે હું મારા મત વિસ્તારમાં મહિનામાં મેં એવરેજ કાઢી છે કે દારૂ પીને જુવાન મરનાર લોકોના ઘેર મહિનામાં ચાર વખત ચાર જગ્યાએ મારે ખરખરે જવું પડે છે. જુવાન માણસ હોય, માત્ર અને માત્ર વ્યસનના કારણે લીવર ખલાસ થઈ જવાના કારણે આવા લોકો મરે છે અને ત્યાં બેસીને ખરખરો કરવાની જગ્યાએ આપણે અફસોસ વ્યક્ત કરવો પડે છે કે આને રોકી શક્યા હોત તો મૃત્યું ન થયું હોત. બાળકો અનાથ ન થયા હોત અને બહેન વિધવા ન થઈ હોત. આ બધી જગ્યાએ થાય છે. એટલા માટે થાય છે કે આ દારૂબંધીનો અમલ કરાવવાનું કમિટમૅન્ટ આ સરકાર પાસે નથી. જો સરકાર પાસે હોત તો આ સ્થિતિ ન થાત. મેં મારા મત વિસ્તારમાં એવા પોલીસ અધિકારી જોયા છે કે જેની એક માત્ર હાજરી થાય એટલે દારૂના પીઠા બંધ થઈ જાય અને અમુક પોલીસ અધિકારી આવે એટલે ફરી પાછા ચાલુ થઈ જાય. ડબલ ગતિથી ચાલુ થાય. આ એક જગ્યાની વાત નથી. હું ગયા વખતની વિધાનસભાની ચર્ચાની વાત યાદ દેવડાવીશ કે હેમાજીભાઈ રાજપૂત એક વયોવૃદ્ધ ધારાસભ્ય હતા. એમણે કહ્યું હતું કે દરરોજની ૨૦૦ ટ્રકો આબુ તરફથી આવે છે. મારી સાથે અધિકારી મોકલો એને રોકવા માટે હું એમની સાથે ઊભો રહેવા તૈયાર છું. આજે પોલીસ સ્ટેશનોના કયા ભાવો બોલે છે એનો આપણને ખ્યાલ છે. જે પોલીસ સ્ટેશન બૉર્ડર ઉપર હોય, દીવ-દમણ નજીકનું હોય, આબુની નજીકનું હોય એના સૌથી વધારે ભાવ બોલાય. કમનસીબી એ છે કે મેં કહ્યું એમ ૫૦૦૦ અકસ્માતો ૫૦૦૦ મૃત્યું થાય છે એ રોકવા હશે તો ડ્રાયવરોને ફાંસીની સજાથી નહીં રોકી શકાય. એના માટે જે ટ્રાફિક પોલીસમાં જે લોકો છે, આર.ટી.ઓ.માં જે લોકો છે એને સેન્સીટાઈઝ કરીને કહેવું પડશે કે દરરોજ આટલા મૃત્યું આ રોડ ઉપર થાય છે. તમારી જવાબદારી છે કે આ રોડ ઉપર મહિનાના ૧૦૦ મૃત્યું થાય છે, ૫૦ સુધી આંકડો લઈને મને બતાવો. એ કાંઈ ન કર્યું એટલે દર વર્ષે એ આંકડો વધતો જાય છે. આ લઠ્ઠામાં ૮૦-૮૫ લોકોના મૃત્યું થયા હશે પણ મેં કહ્યું એ પ્રમાણે સેંકડો લોકોના મૃત્યું દારૂ પીવાથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં થાય છે. એના પરિવારો બરબાદ થાય છે એની ચિંતા છે. દારૂબંધીના કાયદાનો અમલ કરનારા લોકોની જરૂર છે. મેં કહ્યું કે મારા મત વિસ્તારમાં એક અધિકારી આવ્યા છે, મારા વિસ્તારની અંદર એવા લોકો આવ્યા છે કે જેણે આ કામ કર્યું છે. પોરબંદર જિલ્લાના માધાપર પોલીસ સ્ટેશનમાં એક અધિકારી આવ્યા હતા, ચાર વર્ષ રહ્યા. ચાર વર્ષમાં એણે દારૂની એક પોટલી વેચાવા ન દીધી. એણે બોલાવીને કહ્યું કે બીજો ધંધો કરવો હોય, રિક્ષા લેવી હોય તો ભલામણ કરું, પણ હું વેચવા નહીં દઉં. આજે કમનસીબી એ છે કે સેલ્ટર શોધવા માટે દારૂના ઓરિજિનલ વેપારીઓ છે એણે આ ધંધામાં મોટાભાગે ૮૦ ટકા કિસ્સામાં બહેનોને આગળ કરી છે. એ પોરબંદર હોય, વલસાડ હોય કે બીજી જગ્યા હોય. આવું એટલા માટે કરે છે કે એક તો પોલીસ એના ઉપર હાથ ઉપાડી ન શકે અને બીજું એ હોય એટલે પાછળનો માણસ છુપાઈને રહી શકે. મહિલાઓ પકડાય તો સહાનુભૂતિની જાગે અને આ ધંધા નીચે બેહેનોએ શરીર વેચવાનું કરવું પડે એ સ્થિતિ આવીને ઊભી છે. કાયદો આના માટે કડક કરે એના માટે કોઈને ના હોઈ શકે? પણ કાયદાનો અમલ તો થવો જોઈએને? એ નહિ થાય તો નહિ મેળ પડે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ કહેતો હતો કે કમિટમેન્ટવાળા અધિકારી જોઈએ. મને અમદાવાદનું છારાનગર છે ત્યાંના જુવાન કાર્યકર્તા મારી પાસે આવ્યા, એણે એમ કહ્યું કે અમારે ત્યાં દારૂ વેચવાવાળા આટલા લોકો છે. આજેય ચાલે છે. મેં કહ્યું કયારેય બંધ થયા હતા ખરા? મને એણે કહ્યું: હા, કેશવકુમાર જ્યારે અમારા વિસ્તારમાં અધિકારી હતા ત્યારે આ દારૂનો વ્યવસાય અમારા લોકોએ છોડ્યો હતો. કારણ કે એમણે મદદ કરી હતી કે તમે બીજું લોડિંગ, અનલોડિંગનું બીજું કામ છે એ કરો એ વખત પૂરતું બંધ રહ્યું. પછી પૂરું થઈ ગયું પણ આપણી કમનસિબી એ છે કે આજે કમિટમેન્ટવાળા અધિકારી છે એ કયાંક પોલીસ હાઉસિંગ નિગમમાં પડ્યા છે, કોઈ ઘેટાં અને ઉન વિકાસ નિગમમાં પડયા છે. કારણ કે આ અધિકારીઓ છે એ એમ કહે કે આ શકિતસિંહભાઈને જવા દેવાના છે અને અર્જુનભાઈને પકડવાના છે. એણે એમ કહ્યું કે બેયે ગુના સરખા કર્યા છે. તકલીફ આ છે. આ જે કહ્યાગરા અધિકારીઓને લઈ આવવાની વૃત્તિ જ્યાં સુધી નીકળશે નહિ ત્યાં સુધી આ બધું ચાલવાનું છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ હું ચર્ચાને કયાંય રોકવા નથી માગતો. પરંતું વિધેયક ઉપરની ચર્ચાની અંદર પુર્નરોકિત ના આવે એ જોવાની જવાબદારી આપની છે અને પુર્નરોકિત આવશે તો પછી મારે રોકવું પડશે. પુર્નરોકિત આવે એટલે મારે આપનું ધ્યાન દોરવું પડે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા જતો હતો કે પ્રમાણિક પોલીસ અધિકારીઓને જો જવાબદારી સોંપાય તો આ કાનૂનની અંદર એનો અમલ સારી રીતે થઈ શકે. લઠ્ઠાકાંડ પહેલા આટલા બધા લોકો હતા, અને આટલો બધો દારૂ વેચાતો હતો. લઠ્ઠાકાંડ થયું પછી તરત બંધ થઈ ગયું એમ વાત નથી કરતો પણ એના પછીના થોડા મહિના શું કરવા બંધ રહ્યો? એનો મતલબ કે આપણે આ કાયદાથી બંધ કરાવી શકીએ છીએ. અને આજે શું કરવા પાછો ચાલુ થઈ ગયો? શકિતસિંહભાઈએ બહુ સાચી વાત કરી કે આ વહીવટદારો બદલવાથી નહિ ચાલે. મેં પોલીસ મેન્યુઅલમાં પોલીસના હોદ્દાઓ જોયા બધી જગ્યાએ તો એમાં કોન્સ્ટેબલ, હેડકોન્સ્ટેબલ, એ.એસ.આઈ., સી.એસ.આઈ., પી.એસ.આઈ., પી.આઈ., ડી.એસ.પી..થી શરૂ કરીને ડી.જી.પી. સુધીના હોદ્દા. મેં કહ્યું કે આમાં વહીવટદારનો હોદ્દો કેમ નથી? મેં તો કોઈ દિવસ સરકાર ચલાવી નથી.

મેં કહ્યું કે- કલાસ-૧ અધિકારી આવે છે કે કલાસ-૨ અધિકારી આવે છે? મેં શકિતસિંહભાઈને કહ્યું કે આ કયા હોદ્દેદારો આવે છે? હું સાચી વાત કરું છું કે આ વહીવટદાર એટલે શું? તો કહે કે જે સાહેબનો વિશ્વાસુ માણસ હોય અને જે હપતા લેવા જતો હોય એ વહીવટદાર. એ મને કહે કે કલાસ-૧ કે કલાસ-૨ અધિકારી ના હોય પણ એ કયાંક કોન્સ્ટેબલ હોય કે હેડકોન્સ્ટેબલ હોય અને પાછું એવું કે આ વહીવટદારોની યાદી આખે આખી છાપામાં આવી. આશ્ચર્ય એ વાતનું છે. પેલો તો બિચારો વહીવટદાર હશે એને તો સો, બસો રૂપિયા મળતા હશે. પણ જે હજાર, બે હજાર, લાખ, પાંચ લાખ, પચીસ લાખ, ત્રીસ લાખ લેતા હતા એ વહીવટદારો કયાં ગયા? અને સાચી વહીવટદાર તો આ સરકાર છે એ વહીવટ નીચેવાળો કરે છે એ પોતે વહીવટ કરવાનું બંધ નહિ થાય ત્યાં સુધી આ કાયદો લઈ આવો કે તે કાયદો લઈ આવો. કોઈ કાયદાથી કશું થવાનું નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કરતો હતો કે માનનીય મંત્રીશ્રી બોલતા હતા કે નશાબંધીના કાયદાને અને લઠ્ઠાકાંડને લેવાદેવા નથી. દેશમાં અન્ય જગ્યાએ પણ અહીંયા થાય છે. આપણે તો નશાબંધીનો અમલય કરાવો છે અને લઠ્ઠાનું પેલુંય નથી કરાવવું.. હમણાં લઠ્ઠાકાંડ કરતાય બીજા ઘણાં બધા અત્યારે વેચાયો એના કરતાય વધારે ખરાબ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપે તો આરોગ્ય વિભાગ સંભાળ્યો છે એટલે ખબર છે. કોઈ જગ્યાએ કોઈ ગાય કે ભેંસ દોહવા ના દે એટલે હવે ગામડાની અંદર એક બાન થયેલું ઈન્જેકશન છે એનું નામ છે ઓકસીટોકસીન (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ આપ વિષય ઉપર રહેશો તો વધારે સારું છે. નશાબંધીના વિષયની અંદર ઓકસીટોકસીની વાત નથી આવતી. આપ સિનિયર મેમ્બર છો અને મારે હજુ યાદી લેવાની છે, એ યાદી તરફ આગળ જવું પડે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ આ ઓકસીટોકસીની વાત હું એટલા માટે કરું છું કે, આ બાન થયેલું ઇન્જૅકશન છે અને આ દારૂની અંદર ભેળવીને પીવામાં આવે છે અને એ આ લઠ્ઠા કરતાં પણ ખરાબ છે અને ઓકસીટોકસીન છે એ બાન થયેલું છે અને છતાં હજારો અને લાખ્ખોની સંખ્યામાં બધી જગ્યાએ વેચાય છે. આપણે એમ કહીએ છીએ કે આપણું પશુ છે એ કોઈ કામનું રહેશે નહીં એટલા માટે આ પશુઓને આપો નહીં પણ પશુઓને નથી આપતા માનનીય અધ્યક્ષશ્રી, આ ઇન્જૅકશન માણસ આખે આખું પી જાય છે. એ તો કમિટમૅન્ટ વગર એને ફાંસીની સજા નહીં થાય એના માટે રોકવાના પ્રયાસો કરવા પડે અને જ્યાં સુધી રોકવાના પ્રયાસો ન થાય ત્યાં સુધી મેળ પડવાનો નથી. જોગવાઈ કરીએ પણ અમલ ન કરીએ તો કયાંથી ચાલે ? આપણે એટલું નક્કી કરીશું કે ના આપણે દારૂ વેચવા દેવો નથી, એ ચાલુ પિરિયડ હોય તો પણ નહીં અને દહેગામની ચૂંટણી હોય તો પણ નહીં. બાય ઈલેકશનોમાં શું થયું ? કેટલો દારૂ પકડાયો, કોનો પકડાયો એ બધી આપણને ખબર છે. શકિતસિંહભાઈ વાત કરતા હતા સુખા પટેલની, માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા કે એની ઉપર કેટલા આરોપો છે, આ ફાંસીની સજાની હું એમ કહું કે સુખા પટેલને સજા ન આપો તો કાંઈ વાંધો નહીં, મારી પાસે માહિતી છે એમાં એની ઉપર પચ્ચીસ કેસો થયા છે અને માત્ર - ૩માં એની ધરપકડ કરી છે, ૨૨ કેસોમાં એ આરોપી છે, વલસાડ રૂરલમાં - ૫ કેસો છે, વલસાડ સીટીમાં - ૨, જામનગરમાં - ૧, પારડીમાં - ૩, વાપીમાં - ૩, પલસાણામાં - ૧, માંડવીમાં - ૧, ગણદેવીમાં - ૧ , ભરૂચ ડિવિઝનમાં - ૨, રાજપીપળામાં - ૧ અને સંખેડામાં - ૨ છે આટલા કેસોની અંદર આ ભારતીય જનતા પાર્ટીનો જિલ્લા પંચાયતનો સભ્ય અને પ્રમુખનો ઉમેદવાર આટલા કેસોમાં છે. હું એમ કહું છું કે, એને ફાંસી ન આપો, ન અપાય, કોઈ કોર્ટ ના આપી શકે પણ એની ધરપકડ તો કરો. ધરપકડ નથી કરવી, (અંતરાય) કેટલા? સુરતમાં રિમાન્ડ ઉપર છે આ બધામાં પકડજો. સુરતમાં અત્યારે રિમાન્ડ ઉપર છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ અમીતભાઈ જવાબ આપશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમારી વાત એ હતી કે, વારંવાર દરેક વખતે આપણે એમ કહીએ કે અમારે કડક કાયદો લઈ આવવો છે. અમારે આ કાયદો લઈ આવવો છે. પોટાની વાત કરતા હતા પ્રદિપસિંહભાઈ કે પોટાનો કાયદો લઈ આવવો જોઈએ. અરે ભાઈ, મારે હજી જૂની વાતોમાં પડવું નથી. પોટાની કાંઈ જરૂર નથી, અત્યારના જે કાયદાઓ છે એનો કડક અમલ કરવો તો પણ ઘણું થાત માનનીય અધ્યક્ષશ્રી. એ નથી થતું એના કારણે આ પ્રશ્નો ઊભા થાય છે. અહીંયા કહ્યું કે, ભાઈ ગાંધી ટોપી પહેરીએ એટલે ગાંધી વાદી થોડું થવાય. બહુ વાત સાચી છે. * (xxxxx)

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો હું કાઢી નાખું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તો ગાંધી ટોપી કાઢી નાખજો સાહેબ ત્યાંથી. એણે વાત કરી છે એટલે કહું છું.

**અધ્યક્ષશ્રી** : એમણે વ્યંગાત્મક રીતે નહતું કહ્યું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એ વાત સાચી.

**અધ્યક્ષશ્રી** : તમે વ્યંગમાં બોલ્યા છો. હું નિયમોની અંદર જોઈ લઈશ. એમનામાં વ્યંગ હશે તો દૂર કરીશ.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : જરૂરથી, નહીં હું સાહેબ આપના ઉપર છોડું છું.

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : પૉઈન્ટ ઑફ ઑર્ડર, માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપે ભગવા વસ્ત્રો બાબતની વાતમાં એ એમના શબ્દો છે એ પાછા રિજેકટ કરવા બાબતની વાત કરી છે ત્યારે એમણે એવું કહ્યું છે કે ફલાણી ટોપી છે એ પણ કાઢી નાખજો. સાહેબ આપને એ સૂચન ના કરી શકે કે આદેશ ના કરી શકે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અરે ભાઈ મારી વાત કાઢી નાખો તો મને વાંધો નથી, મેં તો સૂચન કર્યુ છે.

**અધ્યક્ષશ્રી** : ના, ના, હું ગાંધી ટોપીને કાઢી નાખવાવાળો નથી, એટલે એ પ્રશ્ન નથી, પણ એમણે જે નામો વાપર્યા..,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ મેં એવું કહ્યું જ નથી, મેં એમ કહ્યું કે, ગાંધી ટોપી પહેરવાથી ગાંધીવાદી નથી થઈ જવાતું એ શબ્દો કાઢી નાખવાની વાત છે,

**અધ્યક્ષશ્રી** : નહીં, ત્યાં સુધી મને કોઈ,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં ગાંધી ટોપી કાઢવાની વાત નથી કરી સાહેબ, આઈ એમ સોરી સાહેબ.

**અધ્યક્ષશ્રી** : નહીં, અર્જુનભાઈ એમણે જે પ્રશ્ન કીધો એનો મેં જવાબ આપ્યો છે, મેં તમે કાઢી નાખવાનું કહ્યું છે એવું નથી કીધું, હું એટલું જ કહું છું કે, તમે ગાંધી ટોપીવાળી ટીકા કરી હોત ત્યાં સુધી મર્યાદાની અંદર હું જરાક તમને એલાવ કરત, પરંતુ કેટલીક વાત હૈયામાં હોય એ હોઠે ના લાવવી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપની વાત સાચી છે સાહેબ. વાત એ કરતો હતો કે વેશ બદલવાથી કાંઈ માણસ બદલાઈ જતો નથી. જીન્સનું પેન્ટ હોય કે માથે હેટ પહેરી હોય, કોટ પેન્ટ ટાઈ પહેરી હોય તો એ દેવસિંહને સારું લાગે, અમારા જયેશભાઈને સારું લાગે અને વધારેમાં વધારે શકિતસિંહને સારું લાગે પણ અમુક લોકો તો માત્ર ફોટા બરાબર આવે અને વેબસાઈટની અંદર બરાબર બધી પ્રકારના પોઝ આવે એટલા માટે પહેરે છે એનાથી કાંઈ પેલું થઈ જતું નથી. (અંતરાય, ઘોંઘાટ)

**અધ્યક્ષશ્રી** : અંબાલાલભાઈ, (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એટલે (અંતરાય) અરે ભાઈ, તમને ન ગમતું હોય તો ના પાડજો. તમને આ પોષાક ન ગમતો હોય તો ના પાડજો અને ગમતો હોય તો તાળીઓ પાડજો. મને કયાં વાંધો છે? અમારા શકિતસિંહભાઈ તો પહેરે છે, જયેશભાઈ પહેરે છે. અમને કયાં વાંધો છે?

**અધ્યક્ષશ્રી** : અંબાલાલભાઈ, (અંતરાય) અર્જુનભાઈ, આપે બીલનો બહુ ઉંડો અભ્યાસ કર્યો છે છતાં પણ આપ ખોવાઈ ન જાવ. (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : પછી એમને કહીશું તો નહીં ગમે સાહેબ.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : શું કરવા માથે ઓઢી લો છો? મેં તો કોઈનું નામ દીધું નથી. મેં તો એમ કીધું કે આમને બહુ સારા લાગે છે. ભાઈ, તમને ખરાબ લાગ્યું છે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ સભાગૃહની અંદર અર્જુનભાઈ, મેં વારંવાર આપનું ધ્યાન દોર્યું છે કે આપ ખૂબ (અંતરાય)

એમણે જે કહયું એમને પણ મારે કહેવું પડશે પણ એમાંથી પછી શરૂ થાય છેને શકિતસિંહજી, આપ બોલતા હતા. મારી વાત સાંભળો. આપ મુદ્દા ઉપર બોલ્યા છો, બીલ ઉપર બોલ્યા છો ત્યારે સંપૂર્ણ શાંતિ જળવાઈ છે. શ્રી શકિતસિંહજી, મેં વારંવાર અર્જુનભાઈનું ધ્યાન દોર્યું છે કે એકની એક વાત ત્રણ વખત આવી છે. પુનરોકિત થાય છે અને શ્રી નટવરલાલ શાહનું રૂલિંગ છે કે બીલ ઉપરની ચર્ચા લાંબી ચાલી શકે પણ પુનરોકિત ન થાય. વ્યંગાત્મક રીતે વાત કરવી તે પણ આ ગૃહ માટે શોભાસ્પદ નથી અને એ વખતે જયારે અર્જુનભાઈ બોલ્યા ત્યારે હું જરા પટેલ સાથે સમયની મર્યાદાની ચર્ચામાં હતો એટલે મેં શબ્દો સાંભળ્યા નથી પરંતુ એ અર્જુનભાઈને શોભતા નથી. જો જે જાતનો ઉકળાટ આવ્યો એ જોતાં હું શબ્દો જોઈશ અને અર્જુનભાઈ હું આપને ફરીથી વિનંતી કરું છું કે આપ ચર્ચામાં હવે કલમવાર અને એ રીતની ચર્ચા કરવી હોય તો આપ કરો નહીંતર હજુ મારે આપના પક્ષના સાત સભ્યોને સમય ફાળવવાનો છે. ઈતર અને સામાન્ય વાત ઉપર જશો તો ત્યારપછીના આપના વકતા શ્રી સિદ્ધાર્થભાઈને સમય નહીં આપી શકું. મારે લાંબો સમયગાળો આપવો છે એમને એટલા માટે કહું છું કે અવતરણો, વ્યંગાત્મક વાતોથી દૂર રહેશો એવી મારી વિનંતી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી હતી કે ફરી આપે મારું ધ્યાન દોર્યું કે બીજા મિત્રો બોલવાના છે એટલે હું વાત ટૂંકાવીશ. મારી વાત એટલી હતી કે અહીં જે બીલ છે એ બીલની ભાવના જે છે એ કોઈને સજા કરવા કરતા દારૂબંધીના અમલની વાત આપણે સૌએ સાથે મળીને કરવી જોઈએ અને એટલા માટે બધાની જો એક જ વાત હોય કે આપણે કોઈપણ સંજોગોમાં દારૂનું વેચાણ અને સેવન બંધ કરાવવું છે તો માત્ર સજાથી નહીં થાય. સમર્થનમાં પ્રદિપસિંહે ઘણી વાત કરી હું જવાબ નથી આપતો પણ મારે છેલ્લે એટલું જ કહેવું છે કે આ બીલ છે એ બીલ કાં તો કાનુની નિષ્ણાતને સોંપવું જોઈએ અથવા પ્રવર સમિતિને સોંપવું જોઈએ. એમાં બંધારણ મુજબ સૌથી વધારેમાં વધારે સજા કયાં સુધી કરી શકાય એની જોગવાઈનો આપણે

અમલ કરવો જોઈએ.માનનીય પ્રદીપસિંહ અને મંત્રીશ્રી બંનેએ દિલ્હીની વાત કરી. દિલ્હીમાં વાંધો નથી. પણ પોરબંદરવાળાને વાંધો છે. પોરબંદર મહાત્મા ગાંધીની જન્મભૂમિ છે અને આમાં અમારું કમિટમૅન્ટ દારૂબંધીની નીતિને સફળ બનાવવાનું રહેવાનું. એના માટે અમે આગ્રહ કરતા રહેવાના. મારે એટલી જ વિનંતી કરવાની છે કે માનનીય મંત્રીશ્રી પોરબંદરમાં આવે ત્યારે એની આજુબાજુમાં ઊભેલા લોકોમાંથી પોલીસ સ્ટેશનમાં કોના કોના ફોટા છે અને શેના માટેના છે, એની ચકાસણી કરવાનું પોતાના અધિકારીઓને કહે એટલી મારી વિનંતી છે. જો આટલી ચકાસણી કરવાનું કહેશે તો માનનીય મંત્રીશ્રીને પોરબંદરની વાતને ફરી પાછી દોહરાવવી નહિ પડે. આ મારી કિતાબ ખુલી છે, કારણ કે કમિટમૅન્ટ છે. આ રાજયનો પાયો છે. રવિશંકર મહારાજે નાખેલ છે. એમના હાથે ખુલ્લો મુકેલ છે. આ રાજ્ય છે એ મહાત્મા ગાંધી અને સરદાર પટેલનું છે, એટલા માટે થોડી ક આત્મખોજ કરીને દારૂબંધીની નીતિ સફળ બનાવવા માટે આ કોઈ કાયદા કાનૂન વગર માત્ર નક્કી કરીએ કે દારૂ વેચતા કયા અધિકારી અટકાવી શકે તેમ છે અને એ નિર્ણય એ ગુણના આધારે થાય તો બીજી કશી જરૂર પડવાની નથી. કમનસીબે આ ક્રાઈટેરિયા પોસ્ટિંગ માટેનો ક્રાઈટેરિયા છે. એના બદલે મારું કોણ માને એમ છે અને કોણ માને એવું છે એ વૃત્તિમાંથી બહાર નીકળવું જોઈએ. આ ફાંસીની સજાની જોગવાઈ સાથે સંમત થઈ શકતો નથી, એટલી વાત કરીને હું વિરમું છું.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીઓનો સવા પાંચ વાગ્યાનો સમય થવા આવ્યો છે. કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી કર્યા મુજબ આ બિલની ચર્ચા અને ત્યાર પછી બંધારણીય પ્રસ્તાવ એ બે પૂરા ન થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે. મારી પાસે હજુ ૧૨ જેટલા સભ્યો છે. ચર્ચામાં ભાગ લેવાના બાકી છે અને કોઈને ઓછા કરવાની વાત નથી કરતો. કોઈ સભ્યને બોલવાની ના પાડતો નથી. (અંતરાય) મારી મુશ્કેલી એ છે કે જાતે જાતે નકકી કરો અને વળી પાછું..મારી એટલી જ વિનંતી છે કે સભ્યશ્રી બિલની મર્યાદામાં રહીને બોલે. જે રીતે શક્તિસિંહજીએ વાત ઘણી વિસ્તૃત કરી છે. એ રીતે આપ આપના મંતવ્ય ચોક્કસ પ્રગટ કરી શકો એમ છો અને આ રીતે કરો અને જરૂર લાગે તો એનું ઉદાહરણ આપો, પણ પુનરુક્તિ ન કરતા. એકને એક વાત વધુ વખત કહેવાય તો વાત મજબૂત બને છે એવું માનવાને કારણ નથી. એટલા માટે પુનરુક્તિ થશે ત્યાં હું ચર્ચાને રોકીશ. શ્રી શંકરભાઈ ચૌધરી...

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલના હાર્દમાં હું ઊભો થયો છું. કોઈપણ કાયદો એના અમલીકરણની અસર હોય એના કરતાં પણ વધારે એ કાયદાના ધારની વધારે અસર રહેતી હોય છે અને કાયદાની ધાર એટલે શું? કાયદાની ધાર એટલે કાયદાની અંદર જોગવાઈ કેટલી સજાની કરવામાં આવી છે? તો આ સજાની જોગવાઈ એ જોઈને ગુનેગાર ગુનો કરતો અટકતો હોય છે, એટલે આ કાયદાની અંદર જે સજાની જોગવાઈ કરવામાં આવી છે. તેના કારણે ગુનેગારો ગુના કરતાં અટકે અને ગુનેગારોની માનસિકતા તૂટે તે પ્રમાણેનું આ બિલ છે, એટલા માટે કરીને આ બિલને તે સ્વરૂપમાં જ પસાર કરીએ તેવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સુધારાવાદી રાજય છે. ગુજરાતે જે પહેલો કરે છે તેને દેશના અન્ય રાજયો અનુસરે છે. ગુજરાતે લઠ્ઠાકાંડની અંદર પણ પકડાય, લઠ્ઠો કરીને પણ માણસનો જીવ લે અને લઠ્ઠાકાંડને કારણે કોઈ વ્યકિતનું મૃત્યું થાય અને મૃત્યુ માટે જે જવાબદાર હોય તેવા વ્યકિતને દેહાંત દંડની સજાની જોગવાઈ કરી છે. આજે નહીં તો આવતીકાલે આખો દેશ ગુજરાતના આ બિલને આપણી આ દિશાને અનુસરવાનો છે. સભાગૃહના જે જે સદસ્યશ્રીઓ સમર્થનની અંદર આમાં સહભાગી બન્યા છે, તે આ ઐતિહાસિક બીલ માટેના જે નિર્માતા કહેવાય તેમાંના હશે અને આવતીકાલે જયારે આનો ઈતિહાસ બનશે ત્યારે આપણે ગૌરવભેર ગર્વ સાથે કહી શકીશું કે વિધાનસભાની અંદર અમે હતા ત્યારે આ દેશને દિશા આપવાવાળું બિલ અમે પસાર કર્યુ હતું.

**સભાપતિશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષ સ્થાને**

ગુજરાત સુધારાવાદી રાજય છે. ૧૦૮ની શરૂઆત કરી હોય માનવીના જીવ બચાવવા માટે તો સફળતાપૂર્વકની શરૂઆત ગુજરાતે કરી છે. ચિરંજીવી યોજનાની શરૂઆત કરી હોય તો ગુજરાતે કરી છે. ગામડાની અંદર બેઠેલા વિદ્યાર્થી રાતના સમયે પણ અભ્યાસ કરી શકે તે માટે ૨૪ કલાક વીજળીની વ્યવસ્થા થાય તેની શરૂઆત જયોર્તિગામ અંતર્ગત ગુજરાતે કરી છે. મેડીકલ સેવા માટે અને મેડીકલ ટુરીઝમ માટે ગુજરાત આખા દેશની અંદર હબ બની ગયું છે. ગ્લોબલ વોર્મિંગનો અલગ આખો વિભાગ ચાલુ કરી દેશ જ નહીં પરંતુ આખી દુનિયાને દિશા આપવાનું કામ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વની અંદર આ ગુજરાત રાજયે કર્યુ છે. નશાબંધી સુધારા વિધેયક દેશ માટે એક પ્રેરણારૂપ બનશે. આ વિધેયકની અંદર વ્યસન મુકિતના કામ સાથે હું પ્રત્યક્ષ રીતે જોડાયેલો છું. એટલા માટે કરીને પ્રત્યક્ષરીતે પ્રજાની વચ્ચે કામ કરતાં કરતાં મેં અનુભવ્યું છે અને આ સંસ્કારો પરમ પૂજય રવિશંકરજી મહારાજ અમારા ડેલાની અંદર આવીને બેસતા અને મારા બાપુજીની સાથે જયારે વાત કરતા તે સમયે એમણે આખું અભિયાન વ્યસન મુકિત માટેનું ઉપાડયું હતું અને રાત્રે દિવાના ટમટમીયા નીચે બાકીના બધા અજવાળે બેઠા હોય અને ત્યાં વ્યસન મુકિત માટેની વાત કરતા હોય ત્યારે તે સંસ્કારો મારા આખા પરિવારમાં મારા બાપુજી, ઘરના ભાઈઓ અને આખા ફેમીલીમાં તે સંસ્કારોને કારણે અત્યાર સુધીમાં બીડી કે ગુટકા જેવું પણ વ્યસન નથી. એ પછી અમારા અંદર જે સંસ્કારો પડયા અને તેના કારણે હું અભ્યાસ કરવા માટે

જતો ત્યારે શાળાની બાજુમાં એક દારૂનો અડ્ડો ચાલે. અમારા શિક્ષકને વાત કરીએ કે સાહેબ આ દારૂનો અડ્ડો ચાલે છે અને આપણા રાજયની અંદર વ્યસન મુકિતની વાત છે. નશાબંધીનો કાયદો છે અને છતાંય સ્કૂલની બાજુમાં દારૂનો અડ્ડો ચાલે છે તેને બંધ કઈ રીતે કરી શકાય? ત્યારે અમારા એક ગુરુજી વાઘેલા સાહેબ હતા તે કહેતા કે આમાં કંઈ ફેરફાર ન કરી શકાય. આ તો છેક સીડી સુધી પહોંચે છે. તે સીડી શું હશે મને ત્યારની ખબર નથી. પરંતુ હજી સુધી હું તો વિચારું છું કે એ વખતે અમારા અભ્યાસકાળ દરમ્યાન અને જયાં સુધી સીડી રહેશે ત્યાં સુધી હું નીચો નહીં ઉતરું આવી વાત ત્યાંના તે વખતના પી.એસ.આઈ. ઉચ્ચારતા. મારા મગજમાં ત્યારે વિદ્યાર્થીકાળ તરીકે મગજમાં ન આવતું કે આ સીડી શું હશે? ખુલ્લેઆમ બેફામ દારૂ વેચાય, નશાબંધીનું નામ ત્યાં આગળ ન હોય અને ગામડાની અંદર ગામોગામ અમારા અભ્યાસકાળ સમયની વાત કરું છું ગામોગામ દેશી દારૂની પરબો હતી. કાયદો હતો પણ કાયદાનું અમલીકરણ સહેજે નહતું અને મોટી સંખ્યામાં દારૂ પીવાને કારણે અનેક લોકો મૃત્યુ પામે અને વિધવા માતાઓની સંખ્યા પણ એ સમય દરમિયાન આંકડા ઉપર જોઈએ તો એ મારા વિસ્તારની અંદર માત્ર દારૂ અને વ્યસનના કારણે મૃત્યુ પામ્યા હોય, અનેક બિમારીઓને કારણે એમાં બહુ મોટો આંકડો હતો અનેક પરિવારો નોંધારા થઈ જતા. વ્યસનની લત કઈ રીતે લાગતી હોય છે અને લાગ્યા પછી એની સાથે કેટલા ઈન્વોલમેન્ટ વ્યકિત થઈ જતો હોય છે. જે રીતે કોઈની સાથે લગ્ન થઈ જાય એ પ્રમાણે વ્યસનની સાથે એક વખત લગ્ન થઈ ગયું પછી એ વ્યકિત છૂટી નથી પડી શકતી આ રીતની એની માનસિકતા બનતી હોય છે. એટલે હું મારે ત્યાં કહેતો હોઉં છું કે બીડી સાથે લગ્ન કરી લીધા લાગે છે. એક નાનકડી દીકરી હોય અને એ આવીને દાદાને વાત કરી કે મને પાંચ રૂપિયા આપો મારે મિઠાઈ લાવવી છે, અથવા મારા ગુરુજીએ કહ્યું છે કે મારે શાળાની અંદરથી કંઈક વસ્તુ ખરીદવી છે. તો નાનકડી દીકરીને પૈસા આપવા માટે વ્યકિત આનાકાની કરે છે, પરંતુ એ જ વ્યકિત પાછી બીડી માટે કરીને એ દશ રૂપિયાની નોટ કાઢી અને ફરી પાછો પોતાનું કામ ચલવે છે. એટલે એને દીકરી કરતાં પણ બીડી વહાલી છે. મારે તો ત્યાં સુધી કહેવું છે કે, લોકો એવી વાત કરતા હોય છે કે મારાથી બીડી વગર ન રહેવાય, દારૂ વગર હું ન રહી શકું, વ્યસન થઈ ગયું છે. તો બીડી અને દારૂ એના માટે કહેવાય છે કે જુવાનજોધ દીકરો મૃત્યુ પામે, એકનો એક દીકરો હોય તો માબાપ જીવી લે છે. પત્નિ પણ પતિ મૃત્યુ પામે તો એ જીવી લે છે પણ આ વ્યસનના ચૂંગાલમાં એક વખત વ્યકિત ફસાઈ જતો હોય તો એમાંથી એને નીકળવું બહું અઘરું થતું હોય છે તો આવા સંજોગોની અંદર માત્ર લોકજાગૃત્તિ એ જ પૂરતું નથી. પરંતુ કાયદાની ધાર એને વધારે મજબૂત બનાવીને આપણે આ વ્યસન મુકિતના, આપણો જે એક સંકલ્પ છે ગુજરાત માટેનો એની અંદર વધારે પ્રાણવાન આપણે બનાવી શકીએ. કાયદાની અંદર જે જોગવાઈઓ કરી છે એમાં એક જ વાત ચાલતી હતી કે ૩૦૨ની જેવી જોગવાઈ એટલે દેહાંતદંડની જોગવાઈ આ કાયદામાં કેમ કરી છે? મને એ નથી સમજાતું કે આખું એક સંઘીય ઢાંચો આખા દેશનો બનેલો છે એની અંદર કેટલાક રાજયની અંદર આ કાયદો પસાર થઈ શકે અને કેટલાકની અંદર ન થઈ શકે, આવું શેના માટે હોય? અને એ ત્યાં આગળ બેઠેલા મિત્રો મહારાષ્ટ્રની અંદર મકોકાનો કાયદો પાસ કરવાનો હોય ત્યારે ત્યાં આગળ સહમતી, ત્યાં આતંકવાદી આવીને હુમલો કરે તો એની સામે લડવા માટે મકોકાનો કાયદો હોય પરંતુ ગુજરાતની અંદર એ જ પ્રમાણેનો કાયદો જ્યારે ગુજકોકનો પસાર કરવામાં આવે ત્યારે મારા સામા પક્ષના મિત્રો એનો વિરોધ કરે છે. તો આવી માનસિકતા કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, બીજો વિષય દિલ્હીની અંદર આ જ પ્રમાણેનો કાયદો પસાર કરવામાં આવે ત્યારે ત્યાં આગળ એમના જ પક્ષની સરકાર હોય, હર્ષભેર ગુજરાતની કોપી કરીને ત્યાં આગળ આખો કાયદો પસાર પણ થઈ જાય. ત્યાં વાંધો નહીં, પરંતુ ગુજરાતની અંદર દારૂબંધી અને એનું અમલીકરણ સારી રીતે થાય, ગુનેગારો ગભરાય, એને ભય લાગે એ પ્રમાણેનો કાયદો બનતો હોય ત્યારે એ જ મિત્રો આવીને સામે પક્ષે વિરોધ કરે, આ માનસિકતા પ્રજા સમજી ગઈ છે અને એમની માનસિકતા સમજ્યા પછી પ્રજાએ અનેક પ્રકારના પરિણામો આપ્યાં છે, વિપક્ષ એટલે માત્ર વિરોધ જ કરવાનો? આ જે કરે એવું આપણે નહી કરવાનું, આ જો ઉગતાને પૂજે તો આપણે આથમતાને પૂજવાનું, એ આમ હાથ ધોતા હોય તો આપણે આમ હાથ ધોવાના, આવું કેટલી જગ્યાએ કરી શકાશે? કેટલીક બાબતોમાં નથી કરી શકાતું, એટલે જ અટકે, આ માનસિકતા પ્રજા બરાબર ઓળખી ગઈ છે કે આ કોની માનસિકતા છે? અને આખે આખી અફજલવાદી માનસિકતા કે જે દેશના હિતમાં ન હોય, પ્રજા કલ્યાણની વાત ન હોય એવી માનસિકતાના આધારે વિચાર કરવો આ હું માનું છું કે રાજયના ભલા માટે નહીં હોય, માનનીય અધ્યક્ષશ્રી, પોતાની વિચારધારાની અંદર રહીને પ્રજાના કલ્યાણ માટે જે કામ થતું હોય એની અંદર સહયોગ આપવો એ હું માનું છું કે વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાઈને આવ્યા છીએ એટલે આપણું કર્તવ્ય થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની અંદર જોગવાઈઓ શું શું કરવામાં આવી છે, દારૂ લઠ્ઠો કે એની હેરાફેરી કરતું કોઈ વ્હીકલ હોય, શું કામ આ વિરોધ કરે છે? એ વ્હીકલની અંદર પહેલાં એ છૂટી જતું, એમના સમયમાં બનાવેલો એ કાયદો, હવે આપણે જે વિધાનસભાની અંદર કાયદો પસાર કરી રહ્યા છીએ .એની અંદર જો આવું વ્હીકલ કોઈ લઠ્ઠા યા દારૂની હેરાફેરીમાં પકડાશે અને એમાં એ કસૂરવાર ઠરે તો રાજ્યસાત કરવા માટેની કલમ ૯૮ (૨)ની અંદર જોગવાઈ કરવામાં આવી છે. શું આ તમને નથી ગમતું ? કલમ ૯૪ (ક) એની કોઈ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં દારૂ પકડાય અને એ દારૂનો નમૂનો સમયસર માન્ય લૅબૉરેટરીમાં ન પહોંચાડે તો એના માટે

જવાબદાર પોલીસ અધિકારીને એક વર્ષની કેદની સજાની જોગવાઈ કરી છે. કલમ ૬૫ (ક)માં લઠ્ઠાનું ઉત્પાદન કરતા હોય, દારૂની ભઠ્ઠી બનાવે અથવા ભઠ્ઠી માટેનું બાંધકામ કરતા હોય, ખરીદ વેચાણ કરતા હોય અથવા તો હેરાફેરી યા સંગ્રહ કરનારને એ દોષિત ઠરે તો દસ વર્ષ સુધીની કેદ અને અથવા સાત વર્ષથી ઓછી ન હોય એ પ્રમાણેની કેદની સજા પણ આ કાયદામાં કરવામાં આવી છે. બહુ ગંભીર વિષય છે અને આ મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન હતું. મહાત્મા ગાંધીજી આફ્રિકાથી આવ્યા પછી એમણે આખા દેશમાં પ્રવાસ કર્યો. આ ગુલામીનું કારણ શું ? આટલા વર્ષો સુધી ગુલામી આ દેશે સહન કર્યા પછી પણ આ ગુલામીથી પ્રજાજનો કેમ કંટાળતા નથી ? દેશની અંદર આઝાદીની ચડવળ કેમ જાગતી નથી ? લોકોનો આત્મા કેમ ઢંઢોળાતો નથી ? ત્યારે કેટલીક બાબતો એમના ધ્યાનમાં આવી હતી એમાં એક બાબત હતી વ્યસન. વ્યસન અને એમાંય આ દારૂ. મહાત્મા ગાંધીજીનું જે સ્વપ્ન હતું એ સ્વપ્નને પૂર્ણ કરવા માટે હિંદુસ્તાનની અંદર પહેલી વખત આ નરેન્દ્રભાઈ મોદીની સરકારે એક નિર્ણય કરી આ પ્રકારનું બિલ જ્યારે મૂક્યું છે ત્યારે આ દેશની પ્રજાના કલ્યાણ માટે થઈને આ ખૂબ એક ઐતિહાસિક ઘ ટના ગણાશે. માનનીય અધ્યક્ષશ્રી, મારે છેલ્લે એટલું જ કહેવું છે કે, વેદની અંદર એક રુચા છે એની અંદર બધા સાથે મળીને એક સારા કામની સંયુક્ત રીતે પોત પોતાનું કામ કરીએ. "સંઘચ્વધ્વ: સંવધ્વધમ સંવૌ મનાશી જાનતમ્! દેવા ભાગં યથા પૂવે, સંજાનાના ઉપાષ્યતે. આ વેદની રુચા આ સભાગૃહને પ્રેરણા આપે અને આ બિલને આપણે સર્વસંમતિથી પસાર કરીએ એજ અપેક્ષા સાથે.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ (ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત નશાબંધી સુધારા વિધેયક લઈને આ સન્માનીય ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે એ સંદર્ભમાં મારા કેટલાક વિચારો આપના થકી આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં બેઠેલો એક એક વ્યકિત એ કદાચ આ પક્ષનો હોય કે પેલા પક્ષનો હોય, સામી પાટલીએ બેસતો હોય કે આ પાટલીએ બેસતો હોય પણ એક વાત એમના મનમાં બહુ સ્પષ્ટ છે કે, ગુજરાત રાજ્ય દારૂબંધીને વરેલું રાજ્ય છે, આ ગાંધીજીની જન્મભૂમિ છે અને આ રાજ્યની અંદર દારૂબંધીના કાયદાનો કડકમાં કડક અમલ થવો જોઈએ અને આપણે કોઈ પણ સંજોગોમાં દારૂ કે લઠ્ઠા વેચનારાઓને કોઈ પણ જાતનું પ્રોત્સાહન આપવા માગતા નથી અને એ પ્રવૃત્તિને ડામવા માગીએ છીએ. આ વાત સાથે આ આખા સભાગૃહની અંદર એક સર્વ સંમતિ છે. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આ વાત સાથે જે દિશામાં આપણે જઈ રહ્યા છીએ એમાં સવાલ એ ઊભો થાય છે કે એ દિશા વાજબી છે કે કેમ? માનનીયઅધ્યક્ષશ્રી, કાયદાની અંદર દારૂને અને લઠ્ઠાને જુદો પાડવામાં આવે એની સામે કોઈ વાંધો હોઈ શકે નહીં. ઝહેરી પદાર્થો વાળા કોઈ પણ પદાર્થો એની અંદર ઉમેરવાની સામે કડકમાં કડક સજાની કાર્યવાહી કરવામાં આવે એની સામે કોઈ વાંધો હોઈ શકે નહીં અને આવી પ્રવૃત્તિમાં સકળાયેલા દરેકે દરેક વ્યકિત સામે કડક હાથે કામ લેવાવું જોઈએ એમાં પણ કોઈ શંકા હોઈ શકે નહીં. સવાલ માત્ર એકજ વાત પર આવીને ઉભો રહે છે અને એ આ કાયદાની કલમ-૬૫(ક)(૨), કે જે કલમની અંદર મૃત્યદંડ આપવાની જોગવાઈ કરવામાં આવેલી છે અને અહીંયા બધા પ્રવચનોના હાર્દ સમજીએ તો માત્ર એ વસ્તુ પર વાત આવીને ઉભી છે કે એ વાત સ્વીકાર્ય છે કે નહિ, એ વાત બંધારણીય છે કે નહિ, એ વાતને સમર્થન આપી શકાય કે નહિ, આ જ સભાગૃહની અંદર ૨૮મી જુલાઈના રોજ આ બિલ પસાર કરવામાં આવેલું, કયા સંજોગોમાં, કેવી રીતે પસાર થયું એની વિગતમાં મારે નથી ઉતરવું પણ એ બિલ આ સભાગૃહે પસાર કર્યુ અને રાજયપાલશ્રીને મોકલવામાં આવ્યું, તારીખ ત્રીજી નવેમ્બરના દિવસે રાજયપાલશ્રીએ એક નોંધ સાથે એ બિલ આ સભાગૃહને પાછું મોકલ્યું, રાજયપાલશ્રીએ જે નોંધ આપણને મોકલી છે, જે સંદેશો આ સભાગૃહને મોકલ્યો છે, એ સંદેશાની માત્ર બે બાબત ઉપર જ આ સભાગૃહનું ધ્યાન દોરવું છે અને એ કે મૃત્યુની સજા સંવિધાનની કલમ-૨૧ હેઠળ જેની ખાતરી આપવામાં આવી છે તેવા જીવનને અને સ્વતંત્રતાને મૂળભુત રીતે છીનવી લે છે. બીજી જગ્યાએ બીજા પેરેગ્રાફમાં એમણે કહ્યું કે, દારૂના સેવનના દૂષણ વચ્ચેની જાગરૂકતા લાવવી એ એક સામાજિક પ્રક્રિયા છે, જેમાં અથાગ પ્રયત્નો ધૈર્ય, સમજ, રાજકીય અને સામાજિક બન્ને સંકલ્પશકિતની જરૂરિયાત છે અને જેથી વૈધાનિક વિધેયકથી કડક પગલાં ઠરાવવાથી એ રાતોરાત સિદ્ધ કરી શકાય એમ નથી. મુળ વાત એ છે કે કાયદો તો આ રાજયમાં હયાત છે, ગુજરાત નશાબંધી ધારો આ રાજયમાં હયાત છે, સવાલ એ છે કે એ ધારાનો કેટલો કડક અમલ આપણે કરાવી શકીએ છીએ અને જ્યાંસુધી રાજકીય ઈચ્છાશકિતનું પ્રદર્શન આપણે નહિ કરી શકીએ ત્યાંસુધી ગમે તેટલો કડક કાયદો હોય ગમે એટલા કડક પગલાંની જોગવાઈ આપણે કરીએ, પણ એનો અમલ કરવાની માનસિકતા જો આપણામાં નહિ હોય તો એ કાયદો આપણા માટે કોઈ ઉપયોગી થવાનો નથી. માનનીય પ્રદીપસિંહજી હમણાં વાત કરતા હતા, એમણે એમના પ્રવચનમાં જ કહ્યું કે અત્યારસુધીમાં ૫૬૮ લોકો પકડાયા અને માત્ર એક જણને સજા કરી શક્યા છીએ. ૫૬૮ લોકો પકડાય અને આપણે એમાંથી જવાબદાર જો એકજ માણસને ઠરાવી શકતા હોઈએ, એની સામે એટલા જ પુરાવા ભેગા કરી શકતા હોઈએ તો આ મૃત્યુદંડની જોગવાઈ આ કાયદાની અંદર દાખલ કર્યા પછી પણ જો આપણે પુરાવા ઉભા નહિ કરી શકીએ તો એ જોગવાઈનો અમલ પણ નહિ કરાવી શકીએ. માનનીય રાજયપાલશ્રીએ કહ્યું કે, રાજકીય પક્ષો, સામાજિક સંસ્થાઓ, મહિલા સંગઠનો, તમામે ભેગા થઈ અને આના માટે એક સર્વસંમતિનું વાતાવરણ ઉભું કરવું જોઈએ આપણે એક કાયદો પસાર કરવા જઈ રહ્યા છીએ કે જેના માટે એક વિસ્તૃત ચર્ચા થવી જોઈએ, આપણે મૃત્યુદંડની

જોગવાઈ કોઈના માટે આપવા માટેનો આ કાયદો ઘડી રહ્યા હોઈએ, સમગ્ર ગુજરાતમાં એક મોટું પગલું લેવા જઈ રહ્યા હોઈએ ત્યારે એક વિસ્તૃત ચર્ચા થાય એ જરૂરી છે, રાજયપાલશ્રીએ એની ભલામણ પણ કરી, રાજયપાલશ્રી આ રાજયના બંધારણીય વડા છે અને એ બંધારણીય વડાને જયારે કાયદો મોકલવામાં આવે એ પોતાના સંદેશા સાથે એ કાયદો આપણને પાછો મોકલે અને એમ કહે કે આ બાબતે વિસ્તૃત ચર્ચા થાય, આ બાબતે સર્વસંમતિ સધાય એ જરૂરી છે તો પછી આ સભાગૃહના તમામ સભ્યોને મારી વિનંતી છે કે, એ સર્વસંમતિ સાધવાની દિશામાં આપણે પ્રયત્ન તો કરીએ. હજુ તો આપણે ચર્ચા નથી કરી આપણે અંદર કોઈને ઈન્વોલ નથી કરતાં. આનો શું રસ્તો નીકળી શકે તે શોધવાનો આપણો કોઈ પ્રયત્ન નથી. આ ગૃહમાં બેઠેલા લોકો સિવાય બીજા જે લોકો આ દારૂબંધીની અને સમાજ સેવાની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે તેમનો અભિપ્રાય શું છે, શું લોકો માને છે, શું ગુજરાત ઈચ્છે છે તે બાબતનો આપણે કંઈ વિચાર નહીં કરવાનો ? અને ધારો કે તે વિચાર કરી અને એક સર્વ સંમતિ સધાય એવો જો કાયદો આપણે લાવી શકીએ તો એ દિશામાં આપણે કેમ આગળ વધતા નથી. અને આ રાજયના બંધારણીય વડાનું સૂચન હોવા છતાં પણ આપણે આગળ નહીં વધવાનું ? આપણે માત્ર એવી જ વાત લઈને ચાલ્યા કે એક વખત આ કાયદો પસાર થયો તેને પાછો મોકલવામાં આવ્યો છે એટલે બસ ફરી એનો એ કાયદો પસાર કરીને આપણે મોકલવો છે. આ સમગ્ર બાબતમાં પુખ્તતાપૂર્વક ચર્ચા થાય એવી હું આપના દ્વારા આ સભાગૃહને વિનંતી કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હંમેશા ચર્ચા થાય તો એમાંથી કંઈ પોઝીટીવ વસ્તુ નીકળતી હોય છે. એક વિચારકે કહ્યું છે કે તમારી સામે સંમત થનારા લોકો પાસેથી તમે જેટલું શીખી શકશો તેનાં કરતાં તમારો વિરોધ કરનારા લોકો પાસેથી તમે વધારે શીખી શકશો. એક નવો દ્રષ્ટિબિંદુ તેમાંથી ઉભો થશે. પણ આપણી એટલી માનસિકતા, આપણી એટલી ઓપનનેસ, આપણી એટલી તૈયારી નહીં કે એવી ચર્ચા પણ કયાંક કરી શકીએ. મારે બહુ ભારે શબ્દો ઘણાં અગાઉ કહેવાયા હિટલર આ તે એ બધા શબ્દોમાં મારે નથી પડવું. પણ ગુજરાતના વ્યાપક હિતની અંદર આ વાતની પુખ્તતાપૂર્વક ચર્ચા થાય એ જરૂરી છે અને એ દિશામાં આપણે આગળ વધવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કાયદો હોય ત્યારે એ કાયદાનું પાલન કરાવવાની જવાબદારી પણ વહીવટી તંત્રની ઉભી થાય છે, સરકારની ઉભી થાય છે. ગુજરાત નશાબંધીનો કાયદો ગુજરાતમાં છે અને એ કાયદા હેઠળ કેટલીક જોગવાઈઓ છે તે કાયદાનો ભંગ કરનારા લોકો સામે પગલાં લેવાની એક પ્રોસેસની એક આખી વિધિ તે કાયદાથી પ્રસ્થાપિત થયેલી છે. (સમય સૂચક ઘંટડી)પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, મારે ખૂબ દુ:ખ સાથે કહેવું પડે કે એ આખી પ્રક્રિયામાં જે અસરકારક રીતે આપણે કામ કરવું જોઈએ એ કામ આપણે એ દિશામાં કરી શકયા નથી. મારે તો કયા સંજોગોમાં આ કાયદાનો મૂકવાનો આપણે નિર્ણય કર્યો તે સંજોગોના સદંર્ભમાં પણ મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે. માનનીય અધ્યક્ષશ્રી, જુલાઈ-૨૦૦૯માં અમદાવાદમાં એક ભયાનક લઠ્ઠાકાંડ થયો. ૧૭૦ વધારે લોકોએ પોતાના જાન ગુમાવ્યા. અનેક લોકોએ પોતાની આંખો ગુમાવી, અનેક લોકોને લીવરના દર્દ થયા. અનેક બહેનોએ પોતાનો પતિ ગુમાવ્યો, અનેક કુટુંબોએ પોતાનો એકનો એક કમાનાર દિકરો ગુમાવ્યો અને પરિણામે એક વાતાવરણ સમગ્ર અમદાવાદ શહેરમાં અને ગુજરાતમાં ઉભું થયું રાજકીય પક્ષો, વિવિધ સંગઠનો, મહિલા સંગઠનો બધાએ એક દબાણ ઉભું કર્યુ અને એ દબાણ નીચે એક નવો રસ્તો વિચારવાને બદલે (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હું બિલ ઉપર બોલું છું અને મારે થોડી વાત કહેવાની બાકી છે.

**સભાપતિશ્રી** : સમયની મર્યાદા છે એટલા માટે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી આ બિલ પસાર ના થાય ત્યાં સુધી સમય લંબાવવાની અધ્યક્ષશ્રીએ ઓલરેડી જાહેરાત કરી દીધી છે. એટલે દબાણ ઉભું થયું. અને એ દબાણ નીચે આ કાયદાનો અસરકારક અમલ કરવાને બદલે આપણે શું કર્યુ ? આપણે બે આસિસ્ટન્ટ કમિશ્નરની બદલી કરી, ચાર પોલીસ ઈન્સ્પેકટરની બદલી કરી, રાતો રાત સરકાર જાગી કે આટલો મોટો બનાવ બની ગયો. લોકોને જવાબ આપવાનો વખત અવ્યો. ૯૬૫ જેટલાં બુટલેગરોની રાતોરાત ધરપકડ કરી લેવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, ૯૬૫ બુટલેગરોને જો આ સરકાર એક રાતમાં ધરપકડ કરી શકતી હોય તો તેનો અર્થ એ કે આ રાજયનાં પોલીસ તંત્રને જાણ હતી.કે કઈ જગ્યાએ કયો બુટલેગર કેવી રીતે ઓપરેટ કરે છે એની સંપૂર્ણ માહિતી પોલીસ તંત્ર પાસે હતી. અને એટલા કારણોસર જ એક રાતમાં એમની ધરપકડ થઈ શકી. અને એ માહિતી જો આપણી પાસે હતી, તો આ દારૂના વેચાણને અટકાવવા માટે કોઈપણ પ્રયત્નો કેમ આપણા તરફથી થયા નહીં? આપણી રાજકીય ઈચ્છાશકિત નહોતી? જે હયાત કાયદા હતા એ કાયદા આપણને આ બુટલેગરોને પકડવાની ક્ષમતા આપી શકતા નહોતા? શા માટે? પણ જે કાયદા છે, એનો આપણે અમલ કરાવી શકતા નથી અને અમલ કરાવી શકતા નથી એટલા માટે એમાં વધારે કડક જોગવાઈઓ ઉમેરવા માટે આપણે આગ્રહ રાખીએ, તો એવી કડક જોગવાઈઓને ઉમેરવાથી કોઈ વધારે સારું પરિણામ હાંસલ થઈ શકે તેવી શકયતા દેખાતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપભાઈએ એક બ્લેન્કેટ સ્ટેટમેન્ટ કર્યુ. એમણે કહ્યું કે આ કાયદો અને આ કાયદાનું આ વિધાનસભાની અંદર ઈન્ટ્રોડકશન એ ગાંધીવાદી મૂલ્યોનું જતન કરવાનો એક દસ્તાવેજ છે. મારે દુ:ખ સાથે નોંધવું પડે છે કે માનનીય સભ્યશ્રી ગાંધી વિચારધારાને કદાચ સમજી શકયા નથી. ગાંધી વિચારધારા એ તો અહિંસાની વિચારધારા હતી. ગાંધી વિચારધારામાં કયારેય એમ નહોતું કહ્યું કે હાથ કાપનારનો હાથ કાપી

નાંખો, આંખ ફોડનારની આંખ ફોડી નાંખો અને તમને મારનારને તમે મારી નાંખો. એ વિચારધારા ગાંધીની હોઈ શકે જ નહીં. કદાચ મારા સાથી સભ્ય ગાંધી વિચારધારાને સમજવામાં કયાંક ભૂલ ખાઈ ગયા હોય તેમ મને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદાનો અમલ કરાવવાની જવાબદારી એ રાજય સરકારની છે. અને કાયદાનો અસરકારક અમલ થાય તે જોવાની જવાબદારી રાજય સરકારની છે. અને એ કાયદાના અસરકારક અમલમાં કયાંક આપણે પાછા પડીએ કે કયાંક આપણે ચૂંક ખાઈએ, કયાંક એનું બરાબર અમલીકરણ ન કરાવી શકીએ, કયાંક પરિસ્થિતિ કાબૂ બહાર જતી જાય અને એવા સંજોગોમાં આપણે વધારે કડક કાયદાની ભલામણ લઈને આવીએ તો હું સમજું છું કે એનાથી કોઈ પરિસ્થિતિમાં ફેર પડી શકવાનો નથી. જે કાયદો સંપૂર્ણપણે બંધારણની વિરૂદ્ધ છે. અહીંયા કવોટ કરવામાં આવ્યું કે ૨૪૫મી કલમ અને ૨૪૬મી કલમની જોગવાઈઓ અનુસાર રાજયને કાયદાની અંદર સજા કે દંડ નકકી કરવાનો અધિકાર છે એવી રજૂઆત કરવામાં આવી. પણ એ અધિકાર આ ભારતના બંધારણના એક ફ્રેમવર્કની અંદર આપવામાં આવેલા છે. કોઈ એવી સજા આપણે નકકી કરી શકતા નથી કે જે ભારતના સમગ્ર બંધારણને અનુરુપ ન હોય. અને અહીંયા આપણે જે સજાની જોગવાઈ કરી રહ્યા છીએ એ ભારતના બંધારણની કલમ ૧૪, કલમ ૧૯ અને કલમ ૨૧ મુજબ એ બંધારણીય જોગવાઈઓ સાથે સુસંગત નથી. એટલા માટે આ કાયદો પસાર થઈ શકે તેમ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો માનવતાના મૂળભૂત સિદ્ધાંતોની વિરૂદ્ધમાં છે, બંધારણની વિરૂદ્ધમાં છે. એટલે આ જોગવાઈ, ૬૫/૨ની જોગવાઈને સમર્થન આપી શકાય તેમ નથી. એટલા માટે ફરી એક વખત, કેમ કે આ કાયદાના હાર્દ સાથે સંમત થઈએ છીએ એટલે વિશેષ ચિંતા છે. અને એટલા માટે ફરી એકવાર આપના થકી હું સરકારને વિનંતી કરવા માગું છું કે આ બિલ પ્રવર સમિતિને સોંપવામાં આવે, આના ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવે અને વિસ્તૃત ચર્ચાના અંતે સાથે મળીને યુનેનિમસલી એક કાયદો પસાર કરી શકીએ એવો કાયદો ઘડીને આપણે આ સભાગૃહ સમક્ષ લઈ આવીએ અને સમગ્ર દેશને એક સંદેશો આપીએ કે ગુજરાત એ દારૂબંધીને વરેલું રાજય છે. અને દારૂના દુષણને ડામવા માટે કડકમાં કડક પગલાં એકસાથે ભેગા મળીને લેવાની માનસિકતા ધરાવતું રાજય છે, એ સંદેશો આપણે સાથે મળીને આપીએ તેવી વિનંતી સાથે વિરમું છું.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષ મહોદયા, આજે આ સરકારના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ જે સુધારા વિધેયક લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારી વાત મુકું છું. આદરણીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને હું અભિનંદન આપવા માગું છું કે ૧૫-૧૫ વર્ષ સુધી એક પણ લઠ્ઠાકાંડ થવા ન દીધો અને માત્ર એક લઠ્ઠાકાંડમાં ઝેરી દારૂથી લોકોના મૃત્યુ થયા ત્યારે આ સંવેદનશીલ મુખ્ય મંત્રીશ્રીના હૃદયના તાર ઝણઝણી ઉઠયા, અને એમાંથી એક અવાજ આવ્યો કે આ કસૂરવારોને કયારેય માફ કરવામાં નહીં આવે. અને કડકમાં કડક સજા કરવામાં આ સરકાર કયારેય પાછી પાની નહીં કરે. એટલું જ નહીં પરંતુ તાત્કાલિક તે જ સમયે ચાલતા ગૃહની અંદર આ બિલ રજૂ કરી અને લોકોને પ્રજાને એનો અહેસાસ કરાવ્યો કે આ કસૂરવારોને સજા કરવાની તાકાત આ સરકારમાં છે. મહિલા ધારાસભ્ય તરીકે મારે કહેવું છે કે આ જે લઠ્ઠાકાંડો બને છે એમાં ઝેરી દારૂના કારણે જે મૃત્યુ થાય છે એમાં સૌથી વધુ કોઈ પિડીત બનતું હોય, સૌથી વધુ કોઈને શોષાવું પડતું હોય અને સહન કરવું પડતું હોય તો એ પરિવારની મહિલાને કરવું પડતું હોય છે અને તેના કારણે મૃત્યુ થાય છે ત્યારે પણ ગુજરાતની મહિલા જયારે વિધવા બને છે સુહાગ ઉજડે છે, માનો ઝાયો લૂંટાય છે. નિરાધાર મા દીકરા વગર ટળવળે છે. દીકરી બાપના ઓછાયા વગર જીવતી થઈ જાય છે. અને આ રીતે આખા ગુજરાતની અંદર મહિલાઓને સૌ થી વધુ શોષાવું પડતું હોય ત્યારે મહિલાઓના પ્રતિનિધિ તરીકે આજે આ વાત હું અહીં મુકું છું અને એ વાત પણ યાદ કરાવું છું કે ૧૯૭૫ થી ૧૯૯૫ દરમિયાન ૨૫ કે તેનાથી વધારે આવા કાંડ બન્યા, ત્યારે અનેક વખત સમિતિઓ રચવામાં આવી, અને સમિતિ રચ્યા પછી પણ જે પણ અસરગ્રસ્તો હતા તેને પાંચ હજાર, દસ, પંદર કે પચીસ હજારની સહાય જાહેર કરવામાં આવતી હતી. મારે આજે એ કહેવું છે કે એ વખતની સરકારોએ મારા વિધવા બહેનના સુહાગની કિંમત પૈસાથી કરી, મારા અનાથ બાળકોના બાપની પૈસાથી કિંમત કરી, મારી નિરાધાર વિધવા મા ના દીકરાને લૂંટવાની કિંમત પૈસાથી કરી હતી. સમાજની અંદર અમૂલ્ય કોઈ ચીજ હોય તો દીકરીનો બાપ છે, પત્નિનો સુહાગ છે અને નિરાધાર મા નો યુવાન દીકરો છે. આ બધાને માત્ર પૈસાની આંકવાની એ વખતની સરકારે જે પણ કિંમત કરી છે તે કિંમત આજે આપણે બધા જોઈએ છીએ કે એમણે કિંમત ચૂકવવી પડી છે અને ૧૯૯૫ પછી આજે આ સામેની પાટલી પર બેસવાનો સમય આવ્યો છે. મારે આ કાયદાની સાથે કસૂરવારો જે હતા ૨૭૦ થી વધુ કસૂરવારો પકડાયા અને છતાં પણ એક પણ કસૂરવારને કયારેય કોઈ સજા કરી શકયા નથી એવા નબળા કાયદા, અને આ નબળો કાયદો હોવા છતાં આ સરકાર, અગાઉની જે સરકાર હતી તેણે સમિતિઓ રચવામાં અને જે કોઈ અસરગ્રસ્તો હતા તેને નાણાકીય સહાય આપવામાં માત્ર પોતાનો સમય અને પોતાની ફરજ પુરી કર્યાનું એમણે મહેસુસ કર્યુ.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

પરંતુ આ સમાજની અંદર કડકમાં કડક કાયદા વગર આ લોકો જે ગુનેગારો છે જે કસૂરવારો છે તે ખુલ્લે આમ ફરે છે. અને ખુલ્લે આમ ફરતા કસૂરવારોને હિંમત મળે છે આવા વધારે અને વધારે કાર્યો કરવાની, મારે

આ ગૃહને અને તમામ સભ્યોને કહેવું છે કે જો આપણે વિધવા માં ના સુહાગની કિંમત કરવી હોય, અનાથ બાળકોના બાપ ની કિંમત કરવી હોય, નિરાધાર મા ના લાડકવાયાની કિંમત કરવી હોય તો કડકમાં કડક કાયદો જે આજે આ ગૃહની અંદર આવ્યો છે તેના સમર્થનમાં બધાએ ઉભા રહેવું પડશે. અને આ કાયદો વિધવા માં ના આંસુ લૂછવા બરાબર છે વિધવા પત્નિ અને વિધવા વ્યકિતના આંસુ લૂછવા બરાબર આ કાયદો છે. મારા વિરોધપક્ષના સભ્યો આ કાયદાનો કેમ વિરોધ કરે છે તે સમજાતું નથી કારણ કે કાયદો કડકમાં કડક લાવવાની વાતો તો ચોકકસ કરે છે. પણ ૩૦૨, ૩૦૪ એવાં * (xxxxx) કાઢી કાઢીને .....

**અધ્યક્ષશ્રી** : આ (xxxxx) શબ્દ હું કાઢી નાખું છું.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : આ જુદા જુદા શબ્દોને રજૂ કરીને આ કાયદાના સમર્થનની વાતો કરવા માટે નહીં પરંતુ પોતાના સહોદરને જાણે સજા થવાની હોય તેમ હૃદયના તાર જયારે આજે ઝણઝણ તાર થતાં હોય તેવું આજે મહેસુસ થઈ રહયું છે. આજે ગૃહની અંદર જે કાયદો આવી રહયો છે તે કાયદો આ ગૃહ મંજૂર કરી શકે તેવી સત્તા આ ગૃહ પાસે છે અને મારા વિરોધપક્ષના સભ્યોને વિનંતી કરું છું કે આ કસૂરવારને કડકમાં કડક સજા કરવા માટે થઈ અને એના માટે સર્વાનુમતે સંમત થાય અને તેના માટે મહિલાઓની વ્યથા માટે થઈ અને બિલ સાથે સંમત થાય. આ બિલનો વિરોધ કરનારાઓ માટે એક પંકિત કહી અને મારી વાત મુકું છું. વિનંતી છે તમોને ચાંદ સુરજ ને સિતારાઓને, વિનંતી છે તમોને, ચાંદ સુરજ ને સિતારાઓને, અગર આપો તો અજવાળુ, વર્ના અંધેર કરશો નહીં, સજા મંજૂર છે અમોને અમારા વાંકની કિંતુ, સજા મંજૂર છે અમોને અમારા વાંકની કિંતુ, તમારા વાંકે અમારા ઘરમાં અંધેર કરશો મા. સજા જેને થવાની છે એ વ્યકિતને પૂછો તો ખરા કે કેવા કડક કાયદાની એમને જરૂર છે આ કડક કાયદાને કારણે આજે આપણા બધામાં માંથુ ઊંચું કરીને ફરી શકવાની તાકાત જો હોય તો આ કાયદાની અંદર છે. અમારી મહિલાઓ બહેન દીકરીઓ માતાઓને વિધવા બહેનોને અનાથ બાળકોને પૂછો કે આંસુ લૂછવાનું કારણ કયું છે.અમે મહિલાઓના પ્રતિનિધિ તરીકે આ ગૃહને વિનંતી કરીએ છીએ કે બહેનોના આંસુ લૂછવાનું આ મોટામાં મોટુ કામ છે. બહેનોના આંસુ લૂછવા તમે કદાચ રૂબરૂ ન જઈ શકો પરંતુ આ બિલને તમે સર્વાનુમતે મંજૂર કરશો તો બહેનોના આંસુ લૂછવાનું જ આ કામ છે અને આ જે વિધેયક છે એ વિધવા પત્ની અનાધાર બાળકો અને નિરાધાર માનો અવાજ છે. આ અવાજને રૂંધવાનું કામ ન કરો અને સર્વાનુમતે આ વિધેયકને પાસ કરવા માટે આ ગૃહની અંદરથી એક મહિલા ધારાસભ્ય તરીકે ગૃહને વિનંતી કરું છું કે સર્વાનુમતે આ વિધેયકને પાસ કરવામાં આવે.

**શ્રી ખુમાનસિંહ ર. ચૌહાણ (સાવલી)** : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર સન ૨૦૦૯નું મુંબઇ નશાબંધી વિધેયક પુન: વિચારણા માટે સન્માનનીય સભાગૃહની અંદર લઈને આવી છે ત્યારે નશાબંધી માટેના કડક અમલ અને સૂચનો બાબતમાં મારા વિચારો અને મંતવ્યો રજૂ કરું છું.

સરકાર આ બિલ લઈને આવી છે એના હાર્દ સાથે હું દિલથી સંમત થાઉં છું, બહુ સારુ વિધેયક છે, આવકાર્ય પણ છે. માનનીય અમીતભાઈ આ ગૃહ વિભાગનો હવાલો સંભાળે છે અને હું ચૂંટાઈને આવ્યો એ પછી પહેલીવાર એમને મળવા માટે ગયો હતો ત્યારે મેં એમને વિનંતી કરી હતી, ટકોર કરેલી અને સૂચન કરેલું કે માનનીય અમીતભાઈ ગુજરાતમાં દારૂ બેફામ વેચાય છે. સરકારો આવવાની અને જવાની કયા પક્ષની એ મહત્ત્વનું નથી પણ આજે ગુજરાતની અંદર શાળાએ જતા નાના નાના બાળકોમાં પશ્ચિમ સંસ્કૃતિ પેસતી ગઈ છે. કૉલેજોમાં જતા વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ પણ મા-બાપને અંધારામાં રાખીને ક્લબોની અંદર જાય છે. ઘેરથી એમ કહીને જાય છે કે અમે ટ્યુશને જઈએ છીએ અમે ક્લાસમાં જઈએ છીએ. પણ એ દીકરો કે દીકરી ટ્યુશન કે કૉલેજમાં જવાને બદલે કોઈ ક્લબની અંદર જઈને ફ્રેન્ડશીપ આવી કરી, એવી નશા યુક્ત ગોળીઓ લે, મુરબ્બી શ્રી અર્જુનભાઈએ કહ્યું તેવા પ્રકારના ઇન્જેકશનો આજે પશ્ચિમની પ્રેરણાથી આપણે ત્યાં ઘૂસતા ગયા છે અને આજે યુવાધન અહીંયાં સન્માનનીય સભ્યશ્રીઓ માને કે ન માને પક્ષાપક્ષીથી દૂર રહે, પરંતુ આજે ગુજરાતની અંદર એટલા ચકચૂર બન્યા છે અને એથી આગળ ચાલીને કહું તો આપણે કેટલા સુખી છીએ, આપણે કેટલા પૈસાદાર છીએ, આપણે કેટલા ધનવાન છીએ એ બતાવવા માટે ઘરના ફ્રિજની અંદર એક વ્હીસ્કીની ઈમ્પોર્ટેટ બૉટલ અથવા તો ઈંડાનું બૉક્સ ન હોય તો આપણે સુખી પરિવારના છીએ એવું કોઈ સ્વીકારવા તૈયાર નથી એવું અમુક વર્ગ માનવા લાગ્યો છે. સારા અમીર ઘરના લોકો સાંજે દારૂનું સેવન કરે છે કોઈ સારો અધિકારી આવ્યો હોય, કોઈ સારો ઉદ્યોગપતિ આવ્યો હોય કે કોઈ સારો આગેવાન આવ્યો હોય એને બોલાવીને ઘરની આગળ બાગ હોય કે ઘરની પાછળના ભાગમાં બાગ હોય કે ઘરના ત્રીજા માળે બેસીને દારૂની મિજબાની ન કરીએ તો આપણે સુખી છીએ એમ ન કહેવાય એવી સંસ્કૃતિ ગુજરાતમાં પગપેસરો કરી રહી છે. સન્માનનીય સભ્યોને વિનંતી કરું છું. આ સરકારને પણ વિનંતી કરું છું કે આવનારા દિવસોમાં જે ઘરમાં સંસ્કાર, શિક્ષણ અને શિસ્ત જોઈએ તો એ માત્રને માત્ર દારૂથી દૂર રહીએ તો તેનાથી એ ઘરમાં, સમાજમાં, રાજયમાં અને દેશમાં આવી શકશે. આપણે બધા ભૂલી ગયા છીએ. આજે નાના નાના બાળકો પણ દારૂના રવાડે ચડી ગયાં છે. એથી આગળ

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ચાલીને કહું તો ચૂંટણીઓ આવે તો ટ્રકબંધ દારૂ મોકલવો પડે છે. ટ્રકો ઉતારવી પડે છે. પાનના ગલ્લે દારૂ વેચાય છે. જાન લઈને ગયા હોઈએ. જાન આવી હોય તો પહેલાં વેવાઈવાળા પૂછે કે પેલો બંદોબસ્ત કરી રાખજો. કોઈ દૂરની જગ્યા સારી જગ્યા હોય તો. એ પરિસ્થિતિ ગુજરાતમાં નિર્માણ થઈ છે. બળાત્કાર, અપહરણ, મારામારી, ખૂન. સવારે ઉઠીને છાપું વાંચો, ટી.વી.નું બટન દબાવો તો તમને આના સિવાય કંઈ જોવા નહીં મળે. આની પાછળ જો કંઈ હોય તો દારૂબંધીનો કડક અમલ થવો જોઈએ એ નથી થતો. એ એનું મુખ્ય કારણ છે. લટકાવી દો, ફાંસીએ મને વાંધો નથી. તમારો જે આશય છે, હેતુ છે, આ બિલ લાવવા પાછળનો ઈરાદો છે તેને હું સમજું છું. લઠ્ઠાકાંડ થયો, અમે તો કહ્યું અમને બોલાવો. આની ચર્ચા કરો. ભૂતકાળમાં કેટલાય લઠ્ઠાકાંડ થયા છે. ભૂતકાળ, ભૂતકાળ.. તમારી સરકારમાં આમ હતું, તેમ હતું. મારે દુ:ખ સાથે કહેવું છે કે પહેલાંના જમાનામાં ૨૦-૨૫ વર્ષ પહેલાં ગામમાં કોઈ યુવાને દારૂ પીધેલો હોય અને કોઈ વડીલ આવતા હોય તો વડીલને જોઈને યુવાન બીજા રસ્તે થઈને જતો રહેતો. * (આજે તો સાહેબ, અમિતભાઈ હોય, ગુજરાતના મુખ્યમંત્રી હોય કે સ્પીકર સાહેબ અશોકભાઈ જેવા હોય તો પેલો પીધેલો માણસ સામે જાય છે.)

**અધ્યક્ષશ્રી** : આપના શબ્દો પાછા ખેંચી લો..

**શ્રી ખુમાનસિંહ ૨ા. ચૌહાણ** : પાછા ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** :ખુમાનસિંહભાઈ, તમે બિલ ઉપર બોલો, જાહેર સભાના પ્રવચનની જેમ નહીં. હું આખું પ્રવચન સાંભળું છું. આપ બિલ ઉપર બોલી શકો તેમ છો. આપ બિલ ઉપર બોલો.

**શ્રી ખુમાનસિંહ ૨ા. ચૌહાણ** : આ નશાબંધીનું બિલ છે, તેમાં જે જોગવાઈઓ છે તેનો અમલ નથી થતો..

**અધ્યક્ષશ્રી** : તેની જોગવાઈમાં મુખ્ય જોગવાઈ જે છે ફાંસીની સજા અંગેની, એ થવી જોઈએ કે ન થવી જોઈએ, અગાઉના વક્તા બોલ્યા છે એ પણ આપ...

**શ્રી ખુમાનસિંહ ૨ા. ચૌહાણ** : નશાબંધીનું બિલ અગાઉની સરકારોએ બંધારણમાં જ્યારે જ્યારે જે જે અધિકારો આપ્યા છે એ અધિકારોની મર્યાદામાં રહીને આ નશાબંધી કાયદો ઘડ્યો છે અને કાયદામાં જે જોગવાઈઓ છે એ કાયદાનો અમલ કરવામાં આજે આપણે ઉણા ઉતર્યા છીએ અને ઉણા ઉતર્યા છીએ તેની કડક અમલવારી થતી નથી. કંઈક મિલીજુલી કરીએ છીએ. કોઈકને પોષવા માટેનો પ્રયત્ન કરીએ છીએ. કોઈકને મદદ કરવા માટેનો પ્રયત્ન કરીએ છીએ. તેં મારા માટે કરેલું, હું તારા માટે કરું છું. એવો પ્રયત્ન કરીએ છીએ તેના કારણે આ નશાબંધીનો અમલ થતો નથી. સારા ઘરના છોકરાઓ, સારા પરિવારો પણ આ દારૂના ધંધામાં રચ્યાપચ્યા રહે છે. અમારા વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું તેમ વલસાડમાં આ સુખાભાઈ. અમે વિધાનસભામાં પણ પ્રશ્નો પૂછયા છે કે જેની સાથે આ ગુજરાતના એક ઉચ્ચ પોલીસ અધિકારી પણ તેની સાથે સાંઠ-ગાંઠમાં. એવા માણસોને આપણે પોષીએ? અમારા પંચમહાલની અંદર એક ભાજપના રાજકીય આગેવાન જેને કહેવાય એ પણ દારૂના ધંધા સાથે મોટો વેપાર. ખેડા, પંચમહાલ અને વડોદરા સુધી એનો દારૂ પહોંચે. એ આપણે આ ગુજરાતમાં કરવા માગીએ છીએ? ફાંસી આપો અમને વાંધો નથી. આવો કાયદો લાવો તેની સામે અમને વાંધો નથી. પણ સાહેબ, નશાબંધી માટેના જે કાયદાઓ છે એ કાયદાનો અમિતભાઈ, આપણે કડક અમલ કરશોને તો મને આનંદ થશે. આજે આ પાટલી, કાલે પેલી પાટલી. દેશના પ્રવાહી રાજકારણમાં ઘણાંય તમારા પહેલાંના મુખ્યમંત્રીઓ અને ઘણાંય તમારા પહેલાંના ગૃહમંત્રીઓ આવ્યા અને ગયા, જતા રહ્યા અને આજે રસ્તા ઉપર છે. પણ એક ભગવાને તમને સારું ખાતું સોંપ્યું છે. કે જયાં સંસ્કાર, શિક્ષણ અને શિસ્ત આ ખાતાનો જો કડક અમલ કરાવીશુંને તો આશીર્વાદ મળશે. પણ મીલીજુલી , સાહેબ આટલો મોટો લઠ્ઠાકાંડ થયો, સરકારનો કોઈ મંત્રી, મુખ્યમંત્રી જવાની નૈતિક હિંમત કરી ન શકયા, કેમ ન કરી શકયા, શાના માટે ન કરી શકયા, કેમ તમારામાં એ તાકાત નહોતી, એના સામે કંઈક પ્રતિભાવ આપીશું, પણ કેવી રીતે જાય?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય સભ્યશ્રીને ખબર નથી , કોઈ સરકારના મંત્રી ગયા નથી એવું નથી, માનનીય મંત્રીશ્રી ફકરીભાઈ વાઘેલા, હું પોતે ,અમારા શંભુનાથજી ટુંડીયા ગયા હતા. અમારું કામ માત્ર પ્રેસમાં પ્રેસનોટ આપવી કે ટી.વી.માં આવવું એવું નહોતું, સાચા અર્થમાં એમના આંસુ લુછવાના હતા એટલા માટે કયાંય નથી આવ્યું, અમે ગયા છીએ, એમની સ્થિતિ પૂછી છે આ એમના ધ્યાન પર રહે.

**શ્રી ખુમાનસિંહ ૨ા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આટલો મોટો લઠ્ઠાકાંડ થયા પછી સજાની જોગવાઈ કરતું આ બિલ લાવ્યા છે. કરો જોગવાઈ અમને વાંધો નથી, બિલના હાર્દ સાથે, તમારી જો ઈચ્છાશકિત હોય તો હું તો એવું કહુ છું કે જે લઠ્ઠાકાંડ થયોને એના ૧૫ દિવસ સુધી લોકો ફફડાટમાં રહેતા હતા. પાછું હવે ચાલુ થઈ ગયું. હવે ટ્રકોની ટ્રકો ચાલે છે અને ટી.વી.માં , છાપામાં આપણે જોઈએ તો કહે કે આટલા બોટલ અહીં પકડયા, આ ગાડી અહીં પકડી પણ હજી પાછી એની એ જ પરિસ્થિતિ છે. એટલે હું તો માનનીય ગૃહમંત્રીશ્રીને વિનંતી કરું છું કે સારું બિલ છે. ગાંધીનું ગુજરાત છે. રવિશંકર મહારજનું ગુજરાત છે. સરદાર પટેલનું ગુજરાત છે અને જૈનોનું પણ ગુજરાત છે. આવા ગુજરાતની અંદર ભારતના ૨૬ રાજયો પૈકી ગુજરાત એક એવું ગુજરાત છે, એની આગવી સંસ્કૃતિ, તમે આટલી બધી માનવસર્જીત આફત કરી અને આટલી બધી મેજોરીટી મેળવી, કેટલી

* ( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી પાછાખેંચી લેવામાં આવ્યા છે.

ગુજરાત ગાંડી તમારી વાતમાં ફસાઈ, (અંતરાય) આ ગુજરાતની પ્રજાને ભોળવી તમે, રામના નામે અયોધ્યાના નામે, રામ મંદિરના નામે છેતર્યા, અને સરકાર બનાવી.

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહ આપ બેસી જાવ આપ ચર્ચાની બહાર જાવ છો. મારે આપને બેસાડી દેવા પડશે. આપની પાસે બિલ ઉપર બોલવાના મુદ્દા ના હોય તો આપ બેસી જઈ શકો છો.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : સાહેબ આ નશાબંધીમાં જે જોગવાઈઓ કરેલી છે કે દારૂ વેચનાર હોય, દારૂની હેરાફેરી કરનાર હોય, દારૂ પીનાર હોય, આજે તો દારૂ પીવે છે તો દસ રૂપિયાથી વધુ દંડ જ નહીં, પકડાય એટલે ત્યાં અને ત્યાં પોલીસવાળા એને જામીન ઉપર કાગળીયું ભરી છોડી દે. કેટલી દારૂબંધી હળવી જઈ ગઈ પણ આટલા સમયથી તો તમે ચલાવો છો, હમણાં ખબર પડી કે એટલે જ લાવ્યા છીએ. કડક અમલ કરો યુવાધન આજે ગુજરાતનું વેડફાઈ રહયું છે. બહેન દીકરીઓ અનાથ બનતી જાય છે.

**અધ્યક્ષશ્રી** : આપનું વકતવ્ય પૂરું થાય છે. શ્રી મહેન્દ્રભાઈ મશરૂ.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : આમ આ બિલના હાર્દ સાથે સંમત થઈ શકતો નથી.

**શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ (જુનાગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈ નશાબંધી ધારો ૧૯૪૯ સુધારા વિધેયક લઈને માનનીય મંત્રીશ્રી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે એમના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, અનેક માનનીય ધારાસભ્યશ્રીઓને સાંભળ્યા પછી એક આશ્વાસન જરૂર લઈ શકાય કે ગુજરાતની અંદર નશાબંધીના ધારાનો કડક હાથે અમલ થવો જોઈએ એમાં દરેક સભ્યશ્રી સંમત છે એ જાણીને મને ખૂબ આનંદ થાય છે. ગાંધીનું ગુજરાત, મહાત્માજીએ પોતાના સમગ્ર જીવન દરમિયાન નશાબંધીનો ચુસ્ત અમલ થાય એ માટે સમગ્રજીવન એમણે દેશને ચરણે ધરી દીધું હતું. હું છેલ્લા ૨૦ વર્ષથી આ વિધાનસભામાં બેસું છું. અનેક સરકારની સાથે આ વિધાનસભામાં બેસવાનો મોકો મળ્યો છે. અનેક સરકારોએ પ્રસંગોપાત આ બાબતની જયારે ચર્ચાઓ નીકળે છે લઠ્ઠાકાંડની ચર્ચાઓ નીકળે, દારૂબંધીના ભંગની ચર્ચાઓ નીકળે, પ્રશ્નોત્તરીકાળમાં ચર્ચાઓ નીકળે,ત્યારે દરેક સરકારે, દરેક મંત્રીશ્રીએ દારૂબંધીનો કડક અમલ થાય એ દિશામાં પોતાનું પ્રતિબિંબ પાડ્યું છે. પરંતુ આજે આપણા સૌની કમનસીબી છે કે દારૂબંધીનું ચુસ્ત અને કડક પાલન થયું નથી. અવાર-નવાર ગુજરાતની અંદર લઠ્ઠાકાંડો બને, અવાર-નવાર દારૂબંધીના ભંગના કેસો થાય છે. લઠ્ઠાકાંડના કારણે અનેક બહેન-દીકરીઓના સેંથાનું સિંદૂર ભુંસાઈ જાય, લઠ્ઠાકાંડના કારણે અનેક માતાઓએ પોતાના એકના એક દીકરાને ગુમાવવો પડે, અનેક બાળકોએ પોતાના પિતા ગુમાવવા પડે, આવી પરિસ્થિતિ જ્યારે નિર્માણ થઈ છે અને હું તો એમ કહું કે એક સિસ્ટમ થોડી નબળી પડી છે. હમણાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે કાયદો થોડો નબળો પુરવાર થયો છે ત્યારે આ કાયદાનું બરાબર કડક રીતે પાલન થાય અને કાયદાની જોગવાઈઓની, કાયદાના દંડની, કાયદાની સજાથી ગુનેગારોને બરાબર માહિતી મળે કે હું કાયદાનો ભંગ કરીશ તો મારે મોતની સજા ખમવી પડશે, મારે જીવન પર્યંત કેદમાં રહેવું પડશે. જ્યારે સિસ્ટમ નબળી પડી છે ત્યારે સિસ્ટમને મજબૂત કરવા માટે કોઈપણ સરકારે આગળ આવવું જ પડે. કમનસીબે ભૂતકાળની સરકારો ન કરી શકી. આજે શરીર ઉપર ગૂમડું થયું હોય તો ગૂમડું અનેક એન્ટીબાયોટિક દવાઓથી મટતું ન હોય અને પરિણામે આખા શરીરમાં રસી થઈ જવાની પરિસ્થિતિ ઊભી થતી હોય ત્યારે કોઈ કુશળ સર્જન પાસે આ ગૂમડાનું નસ્તર મૂકવાવું પડે, ઑપરેશન કરાવવું પડે છે. એ જ રીતે આ સિસ્ટમ નબળી પડી ગઈ છે ત્યારે મને લાગે છે કે ગુજરાતની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા સર્જન જ આ કરી શકે અને એમણે આ વાત હાથ ઉપર લીધી છે એ માટે એમને ધન્યવાદ આપું છું. આખા ગુજરાતમાં સિસ્ટમમાં ખામી છે. થોડા બુટલેગરો દ્વારા પોતાના આર્થિક ઉપાર્જન માટે અનેક નિર્દોષ લોકોના જાન લેવાના જ્યારે પ્રયત્નો થઈ રહ્યા છે ત્યારે કોઈકે તો આગળ આવવું પડશે. રાજ્ય સરકારે આ બિલ મૂક્યું છે. આ બિલના કારણે હું તો ત્યાં સુધી માનું છું કે બિલની જોગવાઈઓ જો મંજૂર થઈ જાય તો લઠ્ઠાકાંડ તો શું દારૂનું વેચાણ પણ ડરના કારણે બંધ થઈ જાય. કારણ કે મોતનો ભય છે એમાં સારા સારા વર્ગના ગાત્રો ઢીલા થઈ જતા હોય છે. વિશેષ વાત નહીં કરતાં મારી માત્ર મારા વિપક્ષના મિત્રોને વિનંતી છે કે જ્યારે ગુજરાતના હિતમાં આપણી બેન-દીકરીઓના હિતમાં, ગુજરાતી પ્રજાના હિતમાં જ્યારે આવા બુટલેગરોના વિરૂદ્ધમાં, દારૂ વેચનારા, લઠ્ઠાકાંડ કરનારાઓની વિરૂદ્ધમાં જ્યારે કાયદો અમલમાં આવતો હોય ત્યારે આ કાયદો વિધાનસભામાં સર્વાનુમતે પસાર થાય એવી મારી લાગણી વ્યક્ત કરું છું.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ (બારડોલી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના ગૃહમંત્રી નશાબંધીનું જે બિલ લઈને આવ્યા છે તેમાં જે સજાની જોગવાઈની વાત છે એ બિલ ઉપર મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એમને કહેવું છે કે જ્યારે અહીંથી હું બોલવા ઊભો થયો છું ત્યારે મને બોલવામાં ડિસ્ટર્બ ન કરવા વિનંતી છે. (અંતરાય) હું તમને કહેવા માગું છું કે,

**પીપળ પાન ખરંતા, હરખાયે કુંપળિયા,**
**મુજ વીતી તુજ વીતશે, જરા ધીરી બાપુડિયા.**

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લઈને રાજ્યના ગૃહમંત્રીશ્રી આવ્યા છે ત્યારે એમાં જે સજાની વાત છે એમાં જે દારૂબંધીના અમલનો કાયદો બનાવવાની વાત છે. એનો જ્યારે આપણે કડક હાથે અમલ કરી શકતા નથી

ત્યારે આ નવો કાયદો લઈને આવ્યા છીએ ત્યારે શું આ રાજ્યમાં આનો અમલ થશે ખરો? ખૂલ્લેઆમ આજે દારૂના અડ્ડા ધમધમતા હોય, અત્યારે બહેનશ્રીએ કહી ગયા કે સમાજની બહેનો વિધવા બને, સમાજના ભાઈઓના દારૂના વ્યસનથી મૃત્યુ થાય ત્યારે એ મૃત્યુ ઓછા બને એના માટે કડક હાથે કાયદાનો અમલ થવો જોઈએ એ આપણે કેમ નથી કરી શકતા? એનું જે કારણ છે એ હપતા સિસ્ટમ.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને કહેવા માગું છું કે આ જે બિલથી ગુનેગારોને સજા થવાની છે, એમાં પણ આજ થવાનું છે જે મોટા ગુનેગારો હશે, જે હપતા આપશે એ છૂટી જશે અને જે ગરીબ માણસ હશે અને રસ્તે રખડતા હશે એવા માણસને ગુનેગાર ઠેરવીને એને ફાંસીની સજા આપવામાં આવશે. આ બિલ જે આવ્યું છે એના ઉપર હું મારી વાત કરવા માગું છું. (અંતરાય) તમે સાંભળવાની તૈયારી રાખો દોસ્તો. લઠ્ઠાકાંડનો બનાવો થયો છે રાજ્યની અંદર.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શંકરભાઈ આપ પાછળ બેસસો. દ્રષ્ટિ ભેદ થાય છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : મારા વિરોધપક્ષના નેતાએ સાચી વાત કરી કે માંડવીની અંદર આખા ગુજરાતમાં જે દારૂ પર્હોચ્યો એ સૂખો ભિમર બુટલેગર એ માંડવીમાં એનો દારૂ પકડાયો

**અધ્યક્ષશ્રી** : સૂખાને બધા ઓળખતા લાગે છૈ. દરેક વકતા એની વાત કરે છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માંડવીની અંદરથી એ બુટલેગરની ગાડીઓ પકડવામાં આવે અને એને ૬-૬ માસ થઈ જાય છતાં પણ એની ધરપકડ કરવામાં ના આવે. માનનીય મંત્રીશ્રી એમ કહેતા હતા કે એની ધરપકડ કરવામાં આવી. પણ કયારે? છેલ્લા ૬ મહિના પછી એની ધરપકડ કરવામાં આવે. આ આપણે આવા કાયદાઓ અમલમાં મૂકીએ છીએ. જે દિવસે એનો દારૂ પકડવામાં આવ્યો, એને આખી ચૂંટણી પૂરી થઈ જાય અને ચૂંટણીમાં જીતી જાય પછી એની ધરપકડ કરવામાં આવી કેમ? એ ભારતીય જનતા પાર્ટીનો બુટલેગર હતો એટલા માટે. આ વાત સાચી છે ખોટી હોય તો મને કહેજો દોસ્તો. આ ગુજરાતની અંદર દારૂબંધીનો કાયદો અમલમાં છે પણ તેનો કડક હાથે અમલ થતો નથી તેના કારણે તાપી નદી અને નર્મદાના પાણી એમાં ખૂટી જશે દોસ્તો. પણ દારૂની પોટલી ગુજરાતમાં નહિ ખૂટે એમાં કોઈ શંકાનું સ્થાન નથી. (અંતરાય) સાચી વાત છે દોસ્તો.

**અધ્યક્ષશ્રી** : આ બાજુથી ક્રોસ ટોક નહિ, એમને સાંભળો.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : આજનો સવારનો ઉઠેલો માણસ ચાની જગ્યાએ દારૂ પીએ એટલી હદે દારૂનું ખુલ્લે આમ વેચાણ થાય એનું કારણ છે હપતા સિસ્ટમ. હું કહેવા માગું છું કે આ જે બિલ લઈને આવ્યા છે એમાં સજાની જે વાત છે એ ખરેખર સજા કરવામાં આવે છે. એ ગુનેગાર હોય તો એ આનંદની વાત હશે પણ નિર્દોષ લોકોને ફાંસીની સજા ના થઈ જાય એવા પ્રકારનો કાયદો આપણે અહીંયા ના બનાવીએ, કેમ કે કાયદો ઘ ડવો એ સહેલો છે પણ અમલ કરવો એ અઘરૂ છે દોસ્તો. એટલા માટે આ તમને વિનંતી કરું છું. અત્યારે દારૂ એ કાયદાની વાત કરીએ છીએ ત્યારે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કુંવરજીભાઈ આપ પુર્નરોકિત તરફ જઈ રહ્યા છો. બિલની જોગવાઈઓ ઉપર વાત કરો.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરું છું કાયદામાં બિલની જોગવાઈની જ વાત કરું છું. અમલની વાત કરું છું. આપણે કાયદો બનાવીએ છીએ ખરા પણ આપણે એનો અમલ કેટલીવાર, કયારે કરીએ છીએ અને કેવી રીતે કરીએ છીએ? કાયદાનો અમલ થાય છે ખરો એની વાત કરું. આ સુખા ભિમરની ધરપકડ થઈ એની વાત કરી.

**અધ્યક્ષશ્રી** : આપનું વકતવ્ય પૂરું થાય છે, શ્રી નટવરસિંહભાઈ.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, જે આ નશાબંધીનું બીલ લઈને આવ્યા છે, અમારા અમીતભાઈ શાહ આમ તો બુદ્ધિશાળી સમાજમાંથી આવે છે બરાબર. બીલ તો જો કે લાવ્યા, જો કે બીલ એવું લાવવું જોઈએ કે ભાઈ ફાંસી કરીશું તો પણ બંધ નથી થઈ જવાનું પણ એનો કઈ રીતે અમલ કરવો અને કઈ રીતે બંધ કરવું એ આવડવું જોઈએ. નહીં તો આ બીલ લાવવાનો અર્થ નથી. કંઈ કાયદો કરીશું એટલે દારૂ, નશાબંધી કે લઠ્ઠાકાંડ બંધ થઈ જશે એવું નથી. દારૂબંધીનો અમલ કઈ રીતે થાય એ જોવાનું છે અને એ તો બુદ્ધિશાળી સમાજમાંથી આવે છે, એમને બધું આવડે છે પણ કરવું નથી. કરવું હોય તો એક મિનિટમાં બંધ થઈ જાય, એક મિનિટમાં. કારણ કે આખા રાજયના ગૃહમંત્રી છે અને ધારે એ કરી શકે એમ છે પણ કરવું નથી. એટલે આવાં બીલ લાવવનો શું અર્થ? આપણે બીલ લાવ્યા, ચાલો ફાંસી કરી દઈએ એટલે દારૂ બંધ થઈ જવાનો આખા ગુજરાતમાં? એને કઈ રીતે બંધ કરવો એ જોવાનું છે સાહેબ અને કયાંથી દારૂ આવે છે? કંઈ શહેરમાં ગળાય છે દારૂ? ના ભાઈ, શહેરમાં તો ભેગો થાય છે પણ કઈ રીતે ભેગો થાય છે એ કોઈએ વિચાર્યુ સાહેબ? કારણ કે, એના ગ્રામ્ય વિસ્તારમાં બધા એજન્ટો હોય છે દારૂ ગાળનાર અને બધો દારૂ ભેગો થાય એમાં પછી ઝેરી દારૂ અંદર આવી જાય, એ લઠ્ઠાકાંડ બનાવતા નથી પણ સાથી ઝેરી દારૂ થાય છે એ વિચાર્યુ ? અમે તો ભાઈ ગામડામાંથી આવી છીએ બરાબર, એટલે કોણ શું કરતું હોય છે એની ખબર પડે.પટાવાળાથી લઈ આઈ.એ.એસ. અધિકારીઓ શું કરતા હોય એ ખબર પડે. કારણ કે, હું સરપંચમાંથી ધારાસભ્ય બન્યો છું એટલે બધી ખબર પડે

અમને, પણ આ એનો અમલ જો આ સરકાર કરે તો સાહેબ થઈ જાય એવું છે અને એ ગ્રામ્ય વિસ્તારમાં જે બેકાર લોકો છે એ આ દારૂ ગાળે છે, બેકાર મહિલાઓ દારૂ ગાળે છે, એમને નોકરી આપી દો હમણાં બંધ થઈ જાય. એ તો કરવું નથી. ખરેખર દારૂ અમદાવાદ અને બધે એ લોકો જ મોકલે છે એજન્ટો કરે છે, પણ જો દારૂ ગાળતા હોય એને નોકરી આપી દઈએ તો સો ટકા બંધ થઈ જશે. એ તો કરવું નથી અને કાયદાનો અમલ એમ થાય? કાયદામાં ઘણા અધિકારીઓ સારા છે. સાહેબ એક અધિકારી અમારા ખેડા જિલ્લામાં આવ્યા હતા, બધું બંધ થઈ ગયું. આ ધારાસભ્ય કહે પણ અમલ એમણે કરવો છે. એવા અધિકારી હોવા જોઈએ, એવો દૃષ્ટિકોણ પણ આ સરકારનો હોવો જોઈએ. એમણે અમલ કરવાનો છે પણ કાંઈ જોતા નથી. હું તો કહું બેય પાર્ટી, અમારી કોંગ્રેસ અને આ ભા.જ.પ. કેટલો આનો અમલ કરે છે, એ તો કહો ? સાહેબ છે ને આ તો દારૂનો અમલ તો થઈ જાય એવો જ છે પણ એને કઈ રીતે જો આ અમલ કરે, અમારા અમિતભાઈ શાહ સાહેબ ધારે તો સો ટકા બંધ થઈ જાય. એવા અધિકારીઓ પડયા છે નથી પડયા એવું નથી. બધા અધિકારીઓ કાંઈ રાશી હોતા નથી. એનો અમલ કરનારા છે પણ સારો અમલ કરે એને આપણે બદલી નાખીએ, એને સીધો કયાંય ને કયાંય મૂકી દો. આવું શું કામ કરો છો? અમલ કરે છે તો કરવા દો એટલે કોઈપણ કામ આપણે કરવું હોય, આ નશાબંધી માટે ફાંસીનો કાયદો લાવ્યા, આને ફાંસી કરી દઈશું એટલે આ દારૂબંધી, નશાબંધી કે લઠ્ઠાકાંડ બંધ નથી થઈ જવાના, એને કાંઈક સજા કરો. ગાંધીજીએ પોતે તો લોહી રેડી રાજ લીધું ? શાનાથી લીધું ? સત્યથી લીધું. એવું આ સરકાર કરે તો બધું બંધ થઈ જાય. વગર લોહી રેડે રાજ લીધું. અંગ્રેજો પાસેથી કોઈ નહતું લઈ શકતું પણ ગાંધી બાપુએ વગર લોહી રેડે રાજ લીધું. એવું આ થઈ જાય એવું જ છે. ગાંધી બાપું જેવું કરો તો સો ટકા થઈ જાય. હારણ કે, અમીતભાઈ શાહ સાહેબ તો બુધ્ધિશાળી સમાજમાંથી આવે છે, બધું કરી શકે એમ છે. એટલે દારૂબંધી અને આ કાયદો સાહેબ ફાંસીનો ખોટો કાયદો છે. કોઈનું મૃત્યું કરી નાખીએ તો બંધ નથી થઈ જતું. આ કેટલા મર્ડર થાય છે તો પણ એને ફાંસી થતી નથી. થવી જોઈએ તો એવા ને થવી જોઈએ કે ત્રણ-ચાર કે પાંચ મર્ડર કરતા હોય એને થવી જોઈએ. આ લઠ્ઠાકાંડ કર્યો એમાં કોનો વાંક છે? આપણો વાંક છે, આપણી સરકારનો વાંક છે. આપણે બરાબર અમલ કરતા નથી એનો વાંક છે. આ હું ધારાસભ્ય છું, બરાબર પણ હું કામ સારું કરું તો ચૂંટાઉં, નહીં તો મને પણ કાઢી મૂકે. એક વખત આમનો પણ એવો જ આવવાનો છે કારણકે જે કાયદો કરીએ એનો અમલ બરાબર થવો જોઈએ અને અમલ થતો નથી. આ દુષણ છે એ આપણે જાતે જ દૂર કરવું જોઈએ. એકેએક મંત્રીઓ જુઓ અને એનો અમલ કરે તો દૂર થઈ જાય. ૧૫-૨૦ વર્ષના છોકરા દારૂ પીવે છે. હું તો બધાને પગે લાગીને કહું છું કે ન પીવો, ઘર બરબાદ કરશો અને ખરેખર બરબાદ થાય છે. ગુજરાતમાં એટલું બધું દારૂનું વ્યસન વધી ગયું છે . હું તો ઘેરઘેર ફરીને પગે લાગીને કહું છું કે રોજીરોટી જતી રહેશે. કાયદો કરવાથી આ બધું બંધ નહીં થઈ જાય. આનો અમલ કરાવો, અમિતભાઈ, આનો અમલ કરાવો, અને અમલ કરવો હોય તો ગામડાંમાં દારૂ બંધ કરાવો. તમે ગામડાંમાં જઈને તપાસ કરો કોણ કોણ દારૂ ગાળે છે? એમને રોજીરોટી આપો એટલે બંધ થઈ જાય. લાવો હું તમારી જોડે આવું હું કહીશ કે બંધ કરો. રોજીરોટી આપીએ એટલે બંધ થઈ જાય. નોકરી આપો એટલે બંધ થઈ જાય. પહેલાના દારૂ અને અત્યારના દારૂમાં આભ જમીનનો ફેર છે. થોરીયાના મુળમાંથી, નવસાર આ બધું નાખે એટલે ફેફસા કોહવાઈ જાય. દારૂ પીતા બંધ કરવા તમે એવા અધિકારીઓ મૂકો કે એનો અમલ કરી શકે.

**અધ્યક્ષશ્રી** : નટવરસિંહભાઈ, એકની એક વાત તમે ચાર વખત કરી.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : આપ સૌએ મારી વાત સાંભળી એ બદલ આભાર.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા (જંબુસર)** : માનનીય અધયક્ષશ્રી, ગૃહ મંત્રીશ્રી જે બીલ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. કુંવરજીભાઈએ જે રીતે કહયું છે એ પ્રમાણે દારૂબંધીમાં નિર્દોષોને સજા કરવામાં આવે છે અને ગુનેગાર એકબાજુ બેસે છે. તા. ૫-૧-૦૭ના રોજ ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકાના નેત્રંગ ગામે એક બુટલેગરનો ૪૪૩૧૬૮નો દારૂ બહારની પોલીસ આવીને પકડી ગઈ અને એનો જે * (xxxxx) ૧૫૦૦ રૂપિયામાં નોકરી કરતો હતો એને કેસ કરીને જેલ ભેગો કરવામાં આવ્યો. સજા ખરેખર બુટલેગરને થવી જોઈએ નહીં કે નોકરને થવી જોઈએ. તાજેતરમાં તા. ૧૪-૧૨-૦૯ના રોજ રાત્રે ૯-૦૦ થી ૯-૩૦ વાગે ગાડી નં. જીજે-૧૬-એજે-૪૨૯૦ (xxxxx) જે ઝઘડીયાના છે અને (xxxxx) જેલમાં છે.

**અધ્યક્ષશ્રી** : બધાં નામો વાંચવાની આપણે ત્યાં પ્રથા નથી. જે ગૃહમાં હાજર ન હોય એમના નામનો ઉચ્ચાર ન થાય એટલા માટે કે તહોમતદારના નામ અને વિગતો કેટલાક કેસ કોર્ટમાં હશે એટલા માટે આપની પાસે આટલી બધી ઝીણી વિગતો આપના વિસ્તારમાં દારૂના વેચાણની હોય તો આપે ડી.એસ.પી.ને આપી હોય અને પગલાં ન લીધાં હોય તો કહો. જે વિગતો તમે ડી.એસ.પી.ને આપી ન હોય અને એ વિગતો આજે ગૃહમાં આપો અને નામ સાથે આપો તો એ થાય છે એટલા માટે નામ સાથે કહેવાની કે જે આગળથી ન આપી હોય એ માહિતી અત્યારે ન આપો. પગલાં લેવાયા ન હોય તો આપ ગૃહ મંત્રીશ્રીને આપી શકો છો.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા : (ક્રમશ)** મેં જે વાત કરી છે. અત્યારે મને બે-અઢી વાગ્યે ફોન આવ્યો કે ડી.એસ.પી.એ રેડ કરી. બીજા નામની વ્યકિતને જેમ આગળ મેં નેત્રંગનો બનાવ કહ્યો છે, તેમ બીજા જ નોકરના નામે કેસ કરવામાં આવ્યો છે. મારા મત વિસ્તારની વાત કરું. જંબુસર તાલુકાના જાંબડી ગામના સરપંચ છે. એમણે એક જહમત ઉઠાવી અને એમણે કહ્યું કે મારા ગામની અંદર દારૂ ગાળવો નહિ, પીવો નહિ. એમનો સંકલ્પ બહુ સારો છે. શુદ્ધ છે. સમાજ માટે એક દાખલારૂપ છે, પણ જે ગામની અંદર દારૂ પીવાની આદત જેમને પડી ગઈ હોય તેવી વ્યકિતઓને ગામમાં દારૂ ન મળે તો બાજુના ગામમાં જઈને પી આવે. એ જ ગામનો એક વ્યકિત બાજુના ગામમાં જઈને દારૂ પીને આવતો હતો અને સામે પોલીસની જીપ મળી ગઈ તો તે લથડિયા ખાતા જતો વ્યકિતને પોલીસે ઊભો રાખીને કહ્યું કે કયાંથી દારૂ પીને આવે છે, એને મારઝૂડ કરી અને પછી પોલીસ કેસ કરવામાં આવ્યો અને પછી પોલીસ કેસ ન કરે એના માટે વ્યવહાર થયો અને એને છોડી મૂકવામાં આવ્યો. મારું કહેવું છે કે આજે દારૂ પીનારાને સજા થાય છે તો પછી વેચનારને કેમ નથી થતી? એ કહેવું છે. મારા જાણમાં આવ્યા પ્રમાણે મારા મત વિસ્તારની વાત કરું નાડા ગામ છે ત્યાના એક જમાદાર છે. દારૂ વેચનાર બહેન હતા એને એવું લાગ્યું કે દારૂ વેચવો ન જોઈએ, આથી તેણે ૧૫ દિવસ દારૂ બંધ કરી દીધો. ત્યાંના જમાદારે ધમકી આપી તું દારૂ નહિ વેચે તો ખોટા કેસમાં ફસાવી દઈશ. આજે સામાજિક રીતે જોવા જઈએ સમાજમાં દારૂ વેચનારની છાપ કેવી હોય છે અને એ તો બધા જાણે છે. કદાચ સારો વિચાર આવ્યો હશે. જેથી કરીને દારૂબંધી પોતે કરી. છતા આવા અધિકારીઓ બળજબરીપૂર્વક દારૂ વેચવાનો ધંધો કરાવે છે. તો મારે કહેવું છે કે આ કાયદો લઈને આવ્યા છીએ તો શું ખાતરી કે ખરેખર બુટલેગરોને સજા થશે? એ વાત કરીને હું વિરમું છું.

**શ્રી મણીભાઈ દે. પટેલ (કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમંત્રીશ્રી નશાબંધી સુધારા વિધેયક લઈને આવ્યા છે. એના વિષે મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. જેટલી વ્યકિતઓ લઠ્ઠાકાંડમાં મરે છે, એના કરતાં અનેકગણી વ્યકિતઓ એ દારૂ પીને મરે છે. દારૂ જે દેશી દારૂ છે, એમાં વધારે નફો કમાવવા માટે એમાં દારૂ તૈયાર કરવા માટે જુદા જુદા કેમીકલો નાખી દારૂ તૈયાર કરવામાં આવે છે. એ દારૂ ભલે ઝેરી ન હોય. પણ શરીરને નુકસાન કરનારું હોય છે અને એના પરિણામે અનેકના મોત થાય છે, ત્યારે આ દારૂબંધી એને મૂળમાંથી જ હટાવવામાં આવે એ લઠ્ઠાકાંડ કરતા પણ વિશેષ જરૂરી છે. હું કેટલીક ગંભીર વાતો મારા વિસ્તારની આ ગૃહ સમક્ષ મૂકવા માગું છું. આજથી થોડા દિવસ પહેલા લઠ્ઠાકાંડ બન્યો તે પહેલા કપડવંજ શહેરના વેપારીઓએ એક પી.એસ.આઈ.ને અરજી આપી. અમારા દુકાનની વચ્ચમાં દારૂનો અડ્ડો ચાલે છે એ બંધ કરવા માટે એમણે અરજી આપી. પણ એમને સફળતા ન મળી. ફરી પાછી અરજી કરી. એની નકલો મારી પાસે છે. બીજી અરજી કરી કે તમે અહીથી સ્થળ બદલાવો તો અડ્ડાનું સ્થળ તો ન બદલાયું, પણ હપ્તા વધી ગયા. એ વેપારીએ કહ્યું કે તમે મારી પાછળ પડી ગયા એટલે હપ્તો વધી ગયો. ત્રીજી વખત ડી.એસ.પી. ને આપવા પ્રયત્ન કર્યો. તેમને નકલ આપી, છતાં પણ એ અડ્ડો હટયો નહિ. મારે સંકલનમાં પ્રશ્ન કરવો પડ્યો. કપડવંજના વેપારીને અરજી આપી. છતા પણ વેપારીઓનો પ્રશ્ન હલ ન થયો. છેવટે આ અરસામાં લઠ્ઠાકાંડ થયો અને પેલા વેપારીઓની માગણી સંતોષાઈ.

માનનીય અધ્યક્ષશ્રી, વેપારીઓ એટલી હદે તૈયાર હતા તેમણે ખુલ્લેઆમ પોતાની અરજીમાં લખ્યું હતું કે અડ્ડાવાળો હપ્તો આપે છે તેટલો હપ્તો અમે તમને આપીશું પણ આ દારૂનો અડ્ડો બંધ કરાવો એવી પરિસ્થિતિ આ તંત્રમાં છે. બીજી એટલી વાત આપણા ગૃહ સમક્ષ હું મૂકવા માગું છું કે આપણા ગૃહના સભ્યોને આ બુટલેગરો શું સમજે છે? હું જ્યારે ચૂંટાઈને આવ્યો ત્યારે પંદરેક દિવસ પછી એક ભાઈ મળવા માટે આવ્યા હતા. મને કહે કે સાહેબ તમને મળવું છે. મેં કહ્યું આવો. તમને એકલાને મળવું છે. મેં તેને સાંજે નવ વાગે મળવા બોલાવ્યા. પછી તેને મેં પૂછયું કે શું કામ હતું બોલો? તો કહે સાહેબ આપણો હપ્તો નક્કી કરી દઈએ. મેં કહ્યું શાનો હપ્તો? તો કહે આ દેશી દારૂનો હપ્તો, ઈંગ્લીશ દારૂનો હપ્તો, બીજી જે અસામાજિક પ્રવૃત્તિઓ ચાલે છે તેનો હપ્તો, બીજા નશાકારક પદાર્થો વેચાય છે તેનો હપ્તો. મેં કહ્યું મારે આ હપ્તામાં પડવું નથી.

**અધ્યક્ષશ્રી** : આપ બીલ ઉપર ચર્ચા કરશો તો વધારે સારું છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગંભીર વાતો હું ગૃહ સમક્ષ મૂકવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : નશાબંધીની સામાન્ય વિભાગની ચર્ચાના મુદ્દાઓ છે. બિલ ઉપર આવતા જ નથી એટલે કહેવું પડે છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : હું સાચો છું એટલે વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : મણીભાઈ તમે વાત કરો તે બરાબર છે. બાબુભાઈ બિલની ચર્ચાની વાત ને હું વળગી રહું છું. કોઈપણ સભ્ય બધાને સમય આપ્યો છે. કોઈનો સમય હું કાપતો નથી. પણ બિલની ચર્ચા ન હોય અને બીજી વાત આવે તો એટલા માટે મારે કહેવું પડે છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એટલે જો આપણે આ બિલ દ્વારા લઠ્ઠાકાંડવાળાને ફાંસીની કે આજીવન કેદની સજાનો કાયદો બનાવીશું પણ તેનો અમલ નહીં થાય તો તે સજા કે કાયદો અર્થ વગરનો રહેશે. એટલે જે કાયદાઓ છે તેને પૂરેપૂરો આપણે અમલ કરીશું તો ચોક્કસ તેમાં ફાયદો થશે. આ જ્યારે લઠ્ઠાકાંડનો પ્રસંગ બન્યો તે વખતે ગુજરાતભરની પ્રજા એકદમ ખૂબ ઉશ્કેરાટમાં હતી. સરકાર સામે ખૂબ માછલાં ધોતી હતી

અને તેવે વખતે એ પ્રજાને શાંત પાડવા માટે આ સરકારને જાહેરાત કરવી પડી કે આ લોકોને, બુટલેગરોને નશ્યત કરવા માટે અમે એવું બિલ લાવીશું કે આ બુટલેગરોની શાન ઠેકાણે લાવીશું. એટલે આ બિલ તેના માટે આ સરકારને લાવવું પડયું છે ત્યારે આ બિલ સાથે બધા સંમત છે ગૃહના સભ્યો કે દારૂની બદી ચોક્કસ ગુજરાતમાંથી દૂર થવી જોઈએ અને ચોક્કસ તેનો અમલ થવો જોઈએ, નશાબંધીનો અમલ થવો જોઈએ અને આ બિલના હાર્દ સાથે હું સંમત છું પરંતુ આ બિલને હું ટેકો આપતો નથી.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે મુંબઈ નશાબંધી ધારા ૧૯૪૯માં સુધારો કરવાના જે બિલ પર ચર્ચા થઈ રહી છે ત્યારે આ બિલને અનુમોદન આપવા માટે ઉપસ્થિત થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૪૯માં ૬૦ વર્ષ પહેલાં બનેલો કાયદો અને તેમાં સુધારાની જરૂરિયાત ઉભી થઈ અને જોગવાઈ કરવામાં આવી ત્યારે તે બિલ માનનીય રાજયપાલશ્રીના સૂચનો સાથે આવ્યું છે અને તેમાં ખુલાસા મૂકવામાં આવ્યા અને તેની સાથે ફરી આ ફલોર ઉપર રજૂ કરવામાં આવ્યું છે. આમાં સાહેબ ઘણી બધી ચર્ચાઓ થઈ છે. ૩૦૨ અને ૩૦૪ ની વાત થતી હતી. હું તે ધ્યાનથી સાંભળતી હતી. મારે એક જ વાત કરવી છે કે કોઈપણ માણસને ઝેર આપી દેવામાં આવે અને તેનું મૃત્યુ થાય તો તેને ૩૦૨ થાય કે કેમ? કોઈ આવો નશીલો, ઝેરી દારૂ વેચે અને આટલા બધા માણસો એકીસાથે ભોગ બને તો તેવા માણસને ૩૦૨ શું કામ ન થઈ શકે? તેની સાથે જે લોકો આ ગુનામાં સંડોવાયેલા છે, જે ગુનેગારો છે તેના માટે કાયદામાં જૂની જોગવાઈઓ છે. એના અમલ માટે વહીવટી વ્યવસ્થા ગોઠવાય છે, અનેક રીતે સરકાર વ્દારા પ્રયત્નો થાય છે, છતાં પણ એ જૂના કાયદાની અંદર અનેક છટકબારીઓ ગુનેગારોએ શોધી કાઢી છે, અને એને પરિણામે જ્યારે આવો લઠ્ઠાકાંડનો બનાવ બન્યો, ત્યારે આપણા આદરણીય મુખ્ય મંત્રીશ્રીએ એક જ ઝાટકે વિચાર્યુ કે કડક કાયદો બનાવવામાં આવશે, અને ગુનેગારોને જો વધુ સજા કરવામાં આવે તો જ આ કાયદાની અસર થશે અને તો જ આ દૂષણ આપણે ડામી શકીશું. આ દૂષણથી સૌથી વધુ કોઈ ભોગ બનતું હોય તો મહિલાઓ ભોગ બને છે, મહિલા અત્યાચારોમાં મૂળમાં જો કોઈ રહેલું હોય તો આ દારૂનું દૂષણ છે. અનેક પરિવારો ઉજડી જાય છે, અનેક સ્ત્રીઓની જિંદગીઓ બરબાદ થઈ જાય છે, અનેક કુટુંબો અનેક વર્ષો સુધી સહન કરે છે, અને અનેક જિંદગીઓ બિમારીઓનો ભોગ બનતી હોય છે. ત્યારે એવા સંજોગોમાં દારૂ માટેની જે કડક જોગવાઈ છે મૃત્યુદંડની જે કલમ લગાડવામાં આવી છે એની સામેનો આ વાંધો છે. મારે ખાસ કહેવું છે કે, અમારા મિત્ર ખુમાનસિંહભાઈ પણ બોલતા હતા કે આ કાયદો છે એનો અમલ નથી થતો. આ પોલીસ સાથેની મિલીભગત છે એટલે આ લઠ્ઠાકાંડ થયો, ત્યારે મારે એમને પૂછવું છે કે, જ્યારે ભૂતકાળમાં લઠ્ઠાકાંડો થતા હતા ત્યારે આ જ કાયદો હતો ત્યારે એ વખતે કઈ મિલીભગત હતી? મિલીભગતનો જો કોઈ અનુભવ હોય તો કહેજો. આ કડક કાયદાનો અમલ કરવો એ સહેલું નથી હોતું, જ્યારે પોતાના ઉપર આવે ત્યારે જ ખબર પડે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી પણ વાત કરવી છે કે, ૫૫૮ લોકોના ભૂતકાળમાં લઠ્ઠાકાંડમાં મૃત્યુ થયાં હતાં. ત્યારે કેમ કોઈને વિચાર ન આવ્યો કે મૃત્યુદંડની સજા થવી જોઈએ કે આ કાયદામાં સુધારા કરવા જોઈએ. ડર વગર ડીસીપ્લીન આવે જ નહીં. અને એટલા માટે આ કરવી જરૂરી છે, મૃત્યુદંડની સજાની જોગવાઈ થતાંની સાથે જ આ ધંધાઓ બંધ થઈ જવાના છે. આની અંદર મારે બીજી પણ એક વાત કરવી છે કે આની અંદર એમ કહેવામાં આવ્યું કે, લોકજાગૃતિ કરો, જનજાગૃત્તિ કરો એ સાચી વાત છે, જનજાગૃત્તિ વગર કોઈપણ સામાજિક સુધારો થઈ શકે નહીં. પરંતુ એ જનજાગૃત્તિના અભિયાનો અનેક અભિયાનો થઈ રહ્યાં છે. વ્યસનમુકિતની શિબિરો થાય છે, સાધુ-સંતો, ધાર્મિક સંગઠનો, સામાજિક સંસ્થાઓ બધા જ પોતાની રીતે આ દારૂબંધી, વ્યવસનમુકિતની ઝુંબેશો કરી રહ્યા છે, છતાં પણ પરિણામ જોઈએ એવું નથી પ્રાપ્ત થયું. આટલી બધી ઝુંબેશો હોવા છતાં પણ આ લઠ્ઠાકાંડનો બનાવ બન્યો, એ જ આપણી સામે લાલબત્તી છે અને એટલા માટે આમાં આ જોગવાઈ કરવાનું કહેવામાં આવ્યું છે, ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર ત્રીજી પણ વાત કરવામાં આવી, આ ત્રણ સુધારા સાથે આવ્યું છે, એક તો મૃત્યુદંડની સજાની જે બંધારણીય જોગવાઈ જોવાની છે એ તો બધુ તપાસીને કાયદો બન્યો હશે અને એની સાથે જાગૃતિ અભિયાનની વાત છે અને ત્રીજી વાત એમ કહેવામાં આવી છે કે, બહુમતીથી કાયદો પસાર થવો જોઈએ ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્રોને મારે એક પ્રશ્ન પૂછવો છે કે, ગયા વખતે આ ફ્લોરમાં રજૂ થયું ત્યારે કયાં ગયા હતા? શા માટે તે દિવસે આપે ચર્ચામાં ભાગ નહોતો લીધો? આ દારૂનું જે દૂષણ છે એને નાથવા માટે અને લઠ્ઠાકાંડ બંધ થાય એમાં તમને રસ નથી પ્રજામાં આવું લાગતું હતું, પ્રજામાં આવી વાતો થતી હતી કે શું કામ વિરોધપક્ષના મિત્રો આમાં ભાગ નથી લેતા?

મારે તો એટલું જ પૂછવું છે કે, આ મૃત્યુદંડની કલમથી આટલો બધો ડર કેમ વ્યાપી ગયો છે? આ સજા તો ગુનેગારો માટે છે, આ સજા કોઈ લોકો માટે નથી, કોઈ ધારાસભ્યો માટે નથી. આ ગુનેગારો માટે સજા છે. ગુનેગારોને છાવરવા માટે આવી પોકળી દલીલો કરવી એ બિલકુલ મારી દ્રષ્ટિએ યોગ્ય નથી અને કાયદાને આ મૃત્યુદંડની કલમ અને જે કોઈ સુધારા આની અંદર મૂકવામાં આવ્યા છે, એ આ ગૃહમાં મારી સર્વને હાથ જોડીને વિનંતી છે કે આને સર્વસંમતિથી આપણે આ કાયદો પાસ કરીએ અને સમાજનું આ મોટામાં મોટું દૂષણ, આ મોટામાં મોટા રાક્ષસ કે જે સમાજને કોરી ખાય છે એને આપણે દૂર કરીએ અને એક સારો દાખલો બેસાડીએ અને મારે છેલ્લે એટલું જ કહેવું છે કે, ગુજરાત જ્યારે કોઈ પણ વસ્તુની પહેલ કરે છે ત્યારે એમાં રોળા નાંખવામાં

આવે જ છે. નર્મદાના ડેમની ૧૨૧ ની હાઈટ માટે પણ રોળા નાંખ્યા, ગુજકોકમાં પણ એજ કર્યું સાહેબ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, નહી. આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી બાબુભાઈ.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : સાહેબ, એક જ મિનિટ. આવતી કાલે જે કાયદો આવી રહ્યો છે મહિલા અનામતનો એની મને ચિંતા થઈ રહી છે.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહિ. આપનું પ્રવચન પૂરું થાય છે. આવતી કાલની વાત આવતી કાલે કરજો. શ્રી બાબુભાઈ.

**શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૫૨)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી આ ગૃહ સમક્ષ એક વખત વિપક્ષની ગેરહાજરીમાં પસાર કરેલ બિલ નામદાર રાજ્યપાલશ્રીએ ફરીથી વિચારણા માટે મોકલાવ્યું છે એ બિલ લઈને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં લઠ્ઠાકાંડમાં ફાંસીની સજા કે દેહાંતદંડનો ઉલ્લેખ એમણે કરેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, નામદાર સુપ્રીમ કોર્ટે દેહાંત દંડની સજા બને ત્યાં સુધી ઓછી થાય એ પ્રકારની કાયદાઓની પરિભાષા હોવી જોઈએ એવું કહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણા જ બહેને કહ્યું કે, ડર વગર કંઈ થઈ શકે નહીં. ડરાવીને જ તમે બધું સમજાવવા માગો છો? આજે જ આપણા રાજય કક્ષાના ગૃહ મંત્રી અમિતભાઈ શાહની પોલીસે ત્યાં કચ્છની અંદર ૪૦ ખેડૂતોને ત્યાં પકડીને અંજારના પોલીસ સ્ટેશનમાં બેસાડી રાખ્યા છે. આ રીતે તમે ડર બેસાડવા માગો છો? આ ખેડૂતોના ખેતરોની અંદર એક પણ રૂપિયો ચૂકવ્યા વગર એમના ખેતરોમાં ગુજરાત વિદ્યુત બોર્ડ થાંભલા ઉભા કરે અને એમના ઉભા પાકને નુકસાન કરે...(અંતરાય) આ પ્રકારનું એમનું ચરિત્ર છે એમ કહેવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : નહીં, શ્રી બાબુભાઈ, બિલની ચર્ચામાં આપ બોલો તો વધારે સારું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આ રીતે ગૃહ મંત્રી ડરાવવા માગતા હોય ત્યારે આ પ્રકારનો જે વ્યવહાર છે એની સામે કહેવા માગુ છું કે આ રીતે ડરથી શિસ્ત નથી આવી શકતી, શિક્ષણથી શિસ્ત આવી શકે છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ આઝાદીના જંગમાં અંગ્રેજોની દારૂની નીતિ હતી એની સામે લોકોને જાગૃત કર્યા, એ દારૂના પીઠાઓની સામે બહેનોએ પણ સત્યાગ્રહ કર્યો અને લાઠીઓ અને ગોળીઓ ખાધી અને દારૂબંધીનો અસરકારક અમલ થાય એ રીતે આ દેશની અંદર કાયદાઓ ઘડવામાં આવેલા છે. આ ગુજરાતમાં દારૂબંધીનો કેવો અમલ થાય છે એના બે દ્રષ્ટાંત આપવા માગુ છું. મુંદ્રાના પોર્ટની અંદર કસ્ટમ વિભાગની અંદર નિયમિત રીતે દારૂ સ્ટીમ્બરમાંથી આવે અને એકત્રિત થાય અને કસ્ટમના તમામ કર્મચારીઓના એના જે બોક્ષ હતા, આપણે જેમ પિઝિયન બોક્ષ હોય છે એમ કસ્ટમના કર્મચારીઓના ડ્રેસ ચેન્જ કરવાના બોક્ષ હોય છે આ બધા ભરાય જાય અને એમાંથી ખાલી થઈને મુંદ્રાની અંદર દારૂ વેચાતો હોય. પોલીસને આ ખ્યાલ આવ્યો એટલે એમણે ત્યાં રેડ પાડી અને આ કસ્ટમ એરિયાની અંદરનો જે દારૂ પકડ્યો ત્યારે કસ્ટમ કલેકટરે 'આ પોલીસની હકૂમતનો એરિયા નથી' એમ કહીને ચેલેન્જ કર્યું ત્યારે એનું શું થયું, એમાં કેટલા લોકોની સામે ફરિયાદો થઈ અને કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી અને એનું પગેરું કયાં કાઢ્યું ? પછી પોલીસ સચેત થઈ ત્યાં આપણું કાંઈ ચાલે એમ નથી. એક કન્સાઈનમેન્ટ ખૂબ મોટું ટાટા પાવર્સની અંદર કોરિયાની કોઈ મોટી એક કંપનીનો સામાન આવ્યો ત્યાં કસ્ટમ કિલયર થઈ ગયું પછી રસ્તામાં જતા હતા અંજાર માંડવી હાઈવે ઉપર થઈને જાય ત્યાં એમણે ડિટેઈન કર્યું અને એની અંદરથી એક નહીં ૬૦ બોક્ષીસ સાઉથ કોરિયાના દારૂના પોલીસે પકડ્યા ત્યાર પછી અહીંથી કોઈક એવું દબાણ આવ્યું કે જેને કારણે પોલીસે જે કેસ કર્યો હતો એને *(નામદાર હાઈકોર્ટે માનભેર છોડી મૂક્યા) આવો અમલ આ દારૂબંધીના કાયદાની અંદર થઈ રહ્યો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી બાબુભાઈ, ખૂબજ ગંભીરતાપૂર્વક, કોર્ટના કેસની વિગતો છે, કેસના પેપર્સ આપની પાસે નથી અને આપ જે શબ્દો વાપરી રહ્યા છો, (અંતરાય) આપે એ શબ્દો વાપર્યા કે *(નામદાર હાઈકોર્ટે છોડી મૂક્યા), નામદાર હાઈકોર્ટની ટીકા આપ ના કરી શકો. (અંતરાય) તમારા શબ્દો આ છે, શકિતસિંહજી એમના શબ્દો એ છે કે, અહીંયાથી કોઈક દબાણ આવ્યું અને * (નામદાર હાઈકોર્ટે છોડી મૂક્યા), મેં રેકોર્ડમાં બરાબર સાંભળ્યા છે એમના શબ્દો,

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, *(નામદાર હાઈકોર્ટે છોડી મૂક્યા) એ શબ્દો હું પાછા ખેંચી લઉં છું. આ કન્સાઈનમેન્ટની અંદર જે દારૂ કંટેઈનરની અંદર લઈ જતો પકડાયો એ માટે તમે કેટલા લોકોની જવાબદારી નકકી કરી? તમે જવાબદારી એવા લોકો સામેની નકકી કરો કે જેની કોઈ જવાબદારી થતી ન હોય, આ દેશના નાગરિકો સામે પગલાં લેવા માટે તમે સક્ષમ હો પણ તમે વિદેશની કંપનીના સપ્લાયર જે હોય એની સામે આ પોલીસ કમ્પ્લેઈન કરે અને કોઈ ફરિયાદ કરે અને પછી કાગળ ઉપરની લિફાપોફી કરે, આવો અમલ આ દારૂબંધી માટે થઈને જે ગૃહમંત્રી કે ગૃહખાતું કરી રહ્યું હોય એના બદલે મારે એટલું કહેવાનું કે અગાઉ દારૂબંધીનું ખાતું જુદું હતું, એના માટે એક વરિષ્ઠ અધિકારી શ્રી કુલદીપ શર્માને આપણે એની જવાબદારી સોંપેલી હતી,

---

* ( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

દારૂબંધી ખાતાને, દારૂબંધીની નીતિ માટે થઈને જુદા પ્રધાન હતા અને મને ખ્યાલ છે ત્યાંસુધી એ સમયે શ્રી ફકીરભાઈ વાઘેલા પ્રધાન હતા એના, એ બધું સંલગ્ન કરીને એકહથ્થું સત્તા રાખી શકાય એટલા માટે થઈને આ વ્યવસ્થા આજે અમલમાં છે, એનું જે ડિસેન્ટ્રલાઈઝેશન થવું જોઈએ, વધુ અસરકારક રીતે થવું જોઈએ એના બદલે પોતાને ગમતી વાતો જે છે એ કઈ રીતે થઈ શકે એ માટેનો આગ્રહ રાખનારા લોકો જે છે એનો દૂરાગ્રહ જે છે, એના માટે દારૂબંધીની નિષ્ફળતાની અંદર જો જવાબદાર કોઈ હોય તો એના માટે આપના મારફતે કહેવું છે કે, આ સરકારના જે જવાબદાર મંત્રી હોય એ જવાબદાર છે અને એટલા માટે થઈને આ બિલ જે લાવેલું છે એના હાર્દ સાથે અમે સંમત થઈ શકતા નથી. આ લઠ્ઠાકાંડ જયારે થયો ત્યારે માનનીય સિદ્ધાર્થભાઈએ આ ગૃહની અંદર રજૂઆત કરેલી હતી, માનનીય શકિતસિંહજીએ રજૂઆત કરેલી હતી, અર્જુનભાઈએ રજૂઆત કરેલી હતી, ત્યારે એ સાંભળવાના બદલે વિપક્ષના સભ્યો આ ચર્ચામાં ભાગ ના લઈ શકે, અમે ચર્ચા માંગી હતી કે ચર્ચા તમે આપો, ચર્ચા આપી નહિ, એના પછી બીજા દિવસે બીજો લઠ્ઠાકાંડ થયો આ બધું છાવરવા માટે થઈને આ મોતની સજા, ફાંસીની સજા માટેનું બિલ એ પણ વિપક્ષની ગેરહાજરીમાં આવ્યું, આ સન્માનનીય ગૃહની અંદર કેટલા બિલો નામદાર રાજયપાલશ્રીએ અને નામદાર રાષ્ટ્રપતિશ્રીએ પાછા મોકલ્યા એનો તાળો મેળવવાની જરૂર છે ભારતના બંધારણની અંદર અને જે કલમોનો ઉલ્લેખ થયો છે એ કલમનો છેદ આપણે ના ઉડાડી શકીએ, એના હાર્દ સાથે સંમત થવું જોઈએ અને એની મર્યાદામાં રહીને આપણે બિલ પસાર કરવું જોઈએ, કેન્દ્ર સરકાર સામે દરેક વખતે આપણે સામનો કરવાની જે વાત કરીએ છીએ, કરીએ એની સામે વાંધો નથી, કરાય કારણકે બંધારણમાં બધાય અધિકારો આપેલા છે પરંતુ એના કારણે આપણા રાજયને કેટલો ફાયદો અને કેટલું નુકશાન થાય છે એનો તો તાળો મેળવીએ. અમારા નેતા માનનીય શકિતસિંહજીએ ખૂબ વિદ્વતાભર્યુ પ્રવચન આપેલું છે એના મુદ્દાઓ ખૂબ હાર્દ ઉપજાવે એવા હતા, અભ્યાસુ હતા ત્યારે અમારા કેટલાક ધારાસભ્યશ્રીઓએ એમના વિસ્તારની અંદર દારૂબંધી કેટલી નિષ્ફળ જાય છે અને દારૂ વેચવા માટે થઈ અને મહિલાઓને કમ્પેલ કરવામાં આવે છે એના પણ ઉદાહરણો આપેલા છે એના ઉપર માનનીય ગૃહમંત્રી અમીતભાઈ વિચાર કરે અને આ બિલ પ્રવર સમિતિને સોંપવામાં આવે અને ફરીથી એક વખત એની અંદર શું સારું છે શું સાચું છે એ લઈને ગૃહ સમક્ષ આવે તો અમે એને ચોકકસ આવકારીએ કારણકે દારૂબંધી આપણે સ્વીકારેલો અભિગમ છે એક વખત કર્ણાટકની એક સમિતિએ ગુજરાતમાં દારૂબંધીનો અમલ કેવો થાય છે એના માટે થઈને ત્યાંના ડેપ્યુટી ચીફ મિનિસ્ટર અહીંયા આવેલા હતા એ વખતે એમની સાથે પરામર્શ કરવા માટે થઈને હું પણ હોદ્દાની રુઈએ એમાં હતો ત્યારે અમે બહુ જ સ્પષ્ટ રીતે કહ્યું કે દારૂબંધીની અંદર અમે કોઈપણ પ્રકારની છૂટછાટ કરવા માગતા નથી જે રાજયની અંદર છૂટછાટ કરી હતી ત્યાં પણ પાછળથી દારૂબંધી આવી, તામીલનાડુ અને મદ્રાસની અંદર એક વખત દારૂબંધી હતી પછી પાછળથી ત્યાં દારૂબંધી છૂટછાટ મૂકવામાં આવી અને પછી ત્યાં પાછળથી દારૂબંધી લાદવામાં આવી.પાછી દારૂબંધી ત્યાં લાદવામાં આવી. જે રાજયોની અંદર દારૂની છૂટ હોય તેનો દાખલો નહીં પણ જે રાજયોની દારૂબંધીનો અસરકારક અમલ થાય છે તે દિશાની અંદર આપણે તેનો અભ્યાસ કરી આપણે તે પ્રમાણેના કાયદા બનાવીએ. દારૂબંધી સફળ થાય તે પ્રજાના હિતમાં છે, રાજયના હિતમાં છે અને મહાત્મા ગાંધીજીના સંસ્કારો સાથેનું ગુજરાત છે ત્યાં દારૂબંધીની અંદર કોઈ પણ છૂટછાટ મૂકાય તેનો હું હંમેશા વિરોધ કરું છું આપણે બધાએ વિરોધ કરેલો છે. ભૂતકાળની અંદર વિરોધ કરેલો છે ત્યારે આ કાયદો અસરકારક બને તેના અમે વિરોધી નથી પરંતુ તેની અંદર માત્ર ડર બતાવીને આ કાયદાનો અમલ કરાશે તે ભ્રમમાં જો માનનીય ગૃહમંત્રીશ્રી રહેતાં હોય તો એ ભૂલે છે આ રાજયની અંદર ડર બતાવવાથી કંઈ કામ થતું નથી કેટલીય ભૂતકાળની સરકારોએ આ ડર બતાવ્યો હતો તેમના સરનામા ખોવાઈ ગયા છે. એટલા માટે હું ફરીથી આપના મારફતે ગૃહમંત્રીશ્રીને વિનંતી કરું છું કે જે વાસ્તવિકતા છે તેને સ્વીકારો અને કચ્છના દરિયા કિનારે આડેધડ આ ઘૂસણખોરીની પ્રવૃત્તિ સોફેસ્ટીકેટ લોકોના મારફતે થઈ રહી છે. મેં બે ઉદાહરણો આપ્યાં છે કસ્ટમ એરિયાની અંદર જે દારૂ આપણી પોલીસે જઈને પકડયો તેની અંદર શું કાર્યવાહી થઈ તેનો મને જવાબ આપો અને જે કન્સાઈનમેન્ટની અંદર પોર્ટ એરિયાની અંદર બહારથી જે જતું હતું અને રસ્તા ઉપર જે કન્સાઈનમેન્ટ પકડાયું અને તેની અંદર ૬૦ પેટી કરતાં વધુ દારૂ તે વિદેશી દારૂને મોકલવાનું ષડયંત્ર હોય કે જે કંઈ હોય તેના માટે થઈને કોની સામે પગલાં લીધાં તેના નામ આ સન્માનનીય ગૃહની અંદર જાહેર કરો એટલી વાત કહીને મારું પ્રવચનને પૂરું કરું છું.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના નશાબંધી અને આબકારીમંત્રીશ્રી)** :: માનનીય અધ્યક્ષશ્રી, આ નશાબંધી સુધારા વિધેયક ઉપર પક્ષ અને વિપક્ષ થઈને કુલ ૧૪ સભ્યશ્રીઓએ બિલના સમર્થનમાં ક્યાંક પાર્સીયલ સમર્થનમાં, કંઈક તેની કલમો ઉપર જુદા પ્રકારની ભાવનાઓ સાથે બધાએ પોત પોતાના વિચારો વ્યકત કર્યા છે. બિલ ઉપર જયારે ચર્ચા ચાલતી હતી ત્યારે સ્વભાવિક રીતે નશાબંધી સુધારા વિધેયક છે એટલે નશાબંધી ઉપર બધા જુદા જુદા વિચારો અત્યારની સ્થિતિએ રાજય સરકાર શું કરવા માગે છે, રાજય સરકારના કેટલાંક પગલાંઓનું અર્થઘટન આ બધું પણ જુદા જુદા સભ્યશ્રીઓના વિચારની અંદર આવ્યું. મને આ વિભાગના મંત્રી તરીકે એ બહુ જરૂરી લાગે છે કે સૌથી પહેલાં સમગ્ર ગૃહની સમક્ષ મારે સ્પષ્ટતા કરવી જોઈએ કે જે સુધારાઓ અને જે ઓર્ડિનન્સનો ઉલ્લેખ થઈ એવી વાત મૂકવાનો પ્રયત્ન થયો છે કે ગુજરાતની અંદર ૨૦૦૩થી નશાબંધી હળવી કરવામાં આવી છે અથવા હળવી કરવાના પ્રયત્નો થયા છે માનનીય અધ્યક્ષશ્રી આ વાત સંપૂર્ણપણે સત્યથી વેગળી છે. આ સરકાર સંપૂર્ણપણે

નશાબંધીની ભાવનાને વરેલી છે. કોઈ પગલું એવું નથી કે જેનાથી નશાબંધી હળવી થાય અથવા નશો કરવાવાળાને ઉત્તેજન મળે. બે-ત્રણ ઉલ્લેખો થયા. ૨૦૦૩ના વિધેયકના ઉલ્લેખો થયા. માનનીય શકિતસિંહજી જયારે વાત કરતા હતા ત્યારે સડેલા ગોળની વાત કરી, નવસારની વાત કરી અને તેના ટ્રાન્સપોર્ટેશનની વાત કરી. એ જ વિધયેકની અંદર સડેલા ગોળની વ્યાખ્યા સ્પષ્ટ નથી, વૈજ્ઞાનિક નથી તેના કારણે નિર્ણય નહોતો થઈ શકતો કે આ ગોળ સડેલો ગણાય કે ના ગણાય. પોલીસ અને અમલ કરવાવાળા અધિકારીઓ નશાબંધી વિભાગના અધિકારીઓ કન્ફયુઝનમાં રહેતા હતા, આ સરકારે વ્યાખ્યાને સ્પષ્ટ કરી છે. ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના એકસપર્ટસને બેસાડી કયો ગોળ ખાદ્ય ગોળ છે, કયો ગોળ અખાદ્ય ગોળ છે તેના કેમિકલ એનાલીસીસ ઉમેર્યા છે અને અખાદ્ય ગોળ ઉપર પ્રતિબંધ આજે પણ ચાલુ છે. તેના ટ્રાન્સ્પોર્ટેશન ઉપર પ્રતિબંધ આજે ચાલુ છે. સગવડ જે કરવાની વાત કરે છે તે ભ્રમ ઉભો કરવાની વાત છે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## અસંસદીય શબ્દના પ્રયોગ અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ભ્રમ ઉભો કરવાનો પ્રયત્ન કર્યો છે આપ જાણો છો. એ હા કહે છે હજુ. તે આપ જાણો છો કે અસંસદીય છે. કોઈપણ સભ્ય આ ગૃહમાં બોલે તો એમનું બોલેલું ભ્રમ પેદા કરવા માટે બોલેલા છે, એવું નહીં કહી શકાય.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના નશાબંધી અને આબકારીમંત્રીશ્રી)** : હું એમની વાત સ્વીકારી લંઉ છું. એમણે જે વાત કરેલી છે એ બરાબર નથી, એ કાયદાકીય રીતે સાચું છે અને હું આવું સ્પષ્ટપણે માનું છું. એ સ્પીરીટથી આ સરકાર આ વિધેયક લઈને આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાત કરી છે કે ટ્રાન્સપોર્ટેશનની સગવડ આપવામાં આવી છે. ના,જી. ટ્રાન્સપોર્ટેશનની સગવડ નથી આપી. રાજસ્થાનથી કોઈ વસ્તુ આવતી હોય અને મુંબઈ જવું હોય તો એને પોલીસ એસ્કોર્ટ સાથે જાય. એને ના ગુજરાતમાં ઉતરવાની જરૂર છે. ના પરમિશન છે. ના એને કન્ઝમ્પશનની પરમિશન છે. કયા ગૃહના સભ્ય આને છુટ્ટી આપી છે એવું કહી શકશે? કોઈ માલ જતો હોય, નેશનલ હાઈવે ઉપર એક ટ્રક જતી હોય, એની આગળ એક પોલીસની એસ્કોર્ટ ગોઠવવાની વ્યવસ્થા કરી છે. અને પોલીસના એસ્કોર્ટની નિગરાનીની અંદર એ માલ મુંબઈના બંદર ઉપર જાય એ પ્રકારની વ્યવસ્થા કરી છે. એને છૂટછાટ કહેવી હોય તો હું ચોકકસ માનું છું કે આને છૂટછાટ ના કહી શકાય. નશાબંધીનો ધારો ગુજરાતમાં લાગુ છે. નશાબંધીનો ધારો મહારાષ્ટ્રમાં નથી લાગતો, નશાબંધીનો ધારો રાજસ્થાનમાં નથી લાગતો. આ ગૃહ સમગ્ર દેશના કાયદા ઘડવા માટે સક્ષમ નથી. એક પરિવહન કરતી વસ્તુને એસ્કોર્ટની નિગરાનીની અંદર લઈ જવાની વ્યવસ્થા કરી છે, એને જો આપણે એમ કહેવા માગતા હોઈએ કે નશાબંધીની નીતિમાં આપણે જરા લચર સ્ટેન્ડ લીધું છે, તો એ સાચું નથી. એટલે હું ફરી એકવાર સ્પષ્ટ કરવા માગું છું કે આ રાજય સરકાર સંપૂર્ણપણે નશાબંધીની નીતિને વરેલી છે અને વધારેમાં વધારે સારી રીતે અમલ થાય એ બાબતમાં ગંભીરમાં ગંભીર રીતે દરેક ડાયમેન્શનથી પગલાં ભરવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત થઈ કે માનનીય અર્જુનભાઈએ કહ્યું કે દારૂ પીવે એને હવે સમાજ સેવા કરવાની, બોન્ડ લેવાના. માનનીય અર્જુનભાઈએ આ વિધેયક આખું વાંચ્યું લાગતું નથી એવો મારો અભિપ્રાય છે. આ વિધેયકનો પાછળનો ભાગ વાંચ્યો હોત તો એમને ખબર પડત કે પહેલી વાર દારૂ પીવે તો એની પાસેથી બોન્ડ લેવાનું છે. પરંતુ બોન્ડનો ભંગ કરે તો ૮૫ હેઠળ પહેલા અને બીજા એમ બન્ને ગુનાની સજા કરવાની જોગવાઈ એ જ વિધેયકમાં કરેલી છે. એની અંદર કોઈ રીયાયત નથી આપી. એક છોકરો પહેલીવાર કયાંકથી દારૂ પી જાય, કોઈ નબળી ક્ષણે પી જાય અને એની પાસેથી બોન્ડ લે. કોઈ યુવાન હોય કે કોઈ નિરાશ થયેલી વ્યકિત પાસેથી બોન્ડ ઉપર મેજીસ્ટ્રેટ આગળ કબૂલાત કરાવે કે ભવિષ્યમાં હું આવું નહીં કરું અને એના ઉપર ભરોસો કરીને રાજય સરકાર એને છોડે અને છોડયા પછી જો બીજી વાર એ દારૂ પીતાં પકડાય તો એને પહેલા અને બીજા બન્ને ગુનાની સજા કરવાની જોગવાઈ કલમ ૮૫ હેઠળ કરવામાં આવી છે. એમાં કોઈ રીયાયત આપવામાં આવી નથી. અને પહેલીવાર છોડવા માટે પણ એના કૃત્ય બદલ એને શરમ ઉભી થાય એ માટે સમાજ સેવાનું કામ, કોઈ જાહેર જગ્યાએ સફાઈનું કામ એ પ્રકારના કામની જોગવાઈ કરવામાં આવી છે. શિક્ષાત્મક જોગવાઈ, જયારે ફાંસીની વાત કરીએ તો એમ કહેવામાં આવે કે શિક્ષા કરવાથી સુધરી જવાનો છે? ફાંસીની જોગવાઈ અમે દારૂ બનાવનાર માટે કરી છે. એને શિક્ષા કરવી જોઈએ એવું આ રાજય સરકાર માને છે. કેમ કે પોતાના પૈસાના લોભ માટે બીજાની જીંદગી સાથે રમવાવાળા તત્વોને કડકમાં કડક સજા કરવાની આ રાજય સરકારની નીતિ છે. શિક્ષાત્મક જોગવાઈ કરવાની ત્યાં જરૂર છે. અહીંયા તો શિક્ષણાત્મક જોગવાઈ કરવાની જરૂર છે. જે દારૂ પીવાવાળો વીકટીમ છે એના માટે અમે શિક્ષણાત્મક જોગવાઈઓ કરી છે. નીતિને સુક્ષ્મ રીતે જોવાની જરૂર છે. ઉપર ઉપરથી નીતિને જોઈને વાત કરવાથી નીતિના હાર્દ અને નીતિનો આત્મા ન સમજી શકાય. જયારે નશાબંધી જેવી અગત્યની નીતિ ઉપર ચર્ચા કરતા હોઈએ ત્યારે વિધેયકને હું માનું છું કે એનો ઉંડાણથી અભ્યાસ થવો જોઈએ. અને જે પ્રકારની ચર્ચા આવતી હતી, જે પ્રકારના સૂચનો આવતા હતા, માનનીય અધ્યક્ષશ્રી, મને એમાં

કોમ્પીટન્સીનો પ્રશ્ન નથી દેખાતો. ક્ષમતા તો છે જ. સવાલ કોઈપણ વાતને રાજકીય દ્રષ્ટિએ મૂલવવાની જગ્યાએ આ બધાના સહયોગથી કરવું જોઈએ એવું કામ છે. એટલા માટે મારી ફરી એકવાર સૌને વિનંતી છે કે મિત્રો, આ વાતને તમે (અંતરાય) હજુ ચર્ચા પતી નથી. ચાલે છે. તમે રચનાત્મક રીતે લો અને એને ટેકો આપો.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજીએ જે વાત કરી એની અંદર આ બિલ એ એવા આશયથી લાવ્યા લાગે છે કે ફાંસીની વાત કરીએ અને પછી બિલ લાગુ જ ન થઈ શકે, કારણ કે We are not competant. આ ગૃહને વૈધાનિક સત્તા નથી એટલે એને મંજૂરી નહીં મળી શકે. ફાંસીની વાત કરીએ, પબ્લીસીટી થાય અને પછી અમલ ન થાય, તેવા પ્રકારની એમણે વાત કરી. હું શકિતસિંહજી જેટલો તો વિદ્વાન નથી. પરંતુ આ વિભાગનો મંત્રી છું એટલે મેં આ બિલ પુરતો નિશ્ચિત અભ્યાસ કર્યો છે. અને બરોબર અભ્યાસ કર્યો છે. એમણે કહયું કે આપણે ફેડરલ સેકટર સ્વીકાર્યુ છે. હું પણ કહું છું કે આપણે ફેડરલ સેકટર સ્વીકાર્યુ છે. આપણા બંધારણની અંદર ફેડરલ સેકટરને બહુ સક્ષમ બનાવ્યું છે અને સત્તાઓનું સ્પષ્ટ વિભાજન કરેલું છે. કયા વિષયો ઉપર દેશની સંદસ કાયદા કરી શકે, કયા વિષયો ઉપર રાજયની વિધાનસભા કાયદા કરી શકશે, અને કયા વિષયો સંયુકત યાદીમાં છે તેની સ્પષ્ટ ત્રણ યાદીઓ આપણા બંધારણની અંદર બતાવેલી છે. સાતમી અનુસૂચિમાં યાદી બે, સ્ટેટ સબ્જેકટનું લીસ્ટ છે. જેના ઉપર કેવળ રાજયને જ કાયદો કરવાના અધિકારો છે. રાજયના વિધાનમંડળોને કાયદો કરવાના અધિકાર છે. એના ક્રમાંક ૮ ઉપર નશાબંધીનો વિષય રહેલો છે. અને નશાબંધી બાબતની કોઈપણ નીતિ અને કાયદો બનાવવાના અધિકાર રાજયને દેશના બંધારણે આપેલા જ છે. અને આ વિધાનસભાની સત્તામાં નિહિત થયેલા છે. સાતમી અનુસૂચિની યાદી-૨ માં ક્રમાંક ૬૪ ઉપર સજા બાબતના અધિકાર પણ રાજયના વિધાનમંડળને આપેલા જ છે. અને એ અધિકાર પણ આ વિધાનસભા ગૃહ પાસે બંધારણે જ આપેલા છે અને વિધાનસભા ગૃહના નિર્ણયની અંદર નિહિત છે. નશાબંધી બાબતમાં કાયદો કરવાનો હોય કે નશાબંધીની સજા કરવાની હોય બંધારણે આ ધારાસભાને આ ગૃજરાત વિધાનસભાને એમ્પાવર કરેલી છે. એક વૈદ્યાનિક સત્તા આપેલી છે કે રાજયના વિધાનમંડળો નશાબંધી બાબતમાં નિર્ણય કરે કારણ કે બંધારણના આમુખની અંદર આને માર્ગદર્શક સિધ્ધાંતો તરીકે સ્વીકારવામાં આવેલ છે. અલગ અલગ પરિસ્થિતિ અલગ અલગ ભૂગોળ, અલગ અલગ સંસ્કૃતિ પ્રમાણે ચાલતા દેશની અંદર કદાચ સંસદ કાયદો કરી શકે તેવી સ્થિતિ ન આવે, બંધારણના ઘડવૈયાઓને ખબર હતી કે સમગ્ર દેશ માટે કદાચ આ વાત સ્વીકૃત ન થઈ શકે પરંતુ જુદા જુદા રાજયો પ્રયોગો કરે અને પંયોગો સફળ થાય તે જોઈ ધીરે ધીરે બીજા રાજયો કરતા જાય અને સમગ્ર દેશ સ્વીકારે તેવી આદર્શ પરિસ્થિતિ લાવવા માટે જ આને લીસ્ટ ટુ માં નશાબંધીને મૂકવામાં આવ્યું છે. એટલે એ વાત સાથે હું જરા પણ સંમત નથી કે આ વિધાનસભાગૃહ વૈદ્યાનિક રીતે સક્ષમ નથી. ફાંસીની સજા કરવા માટે કે નશાબંધીના કાયદાની અંદર કડક જોગવાઈઓ કરવા માટે. એ બિલકૂલ કોમ્પીટન્ટ છીએ આપણે અને એ સમજણથી જ આ વિધેયક લાવવામાં આવ્યું છે. અને આ વિધેયક લાવવા માટે સજાની વાત કરી, લોકોની આંખમાં ધૂળ ઝોંકવી, એ પ્રકારનો કોઈ પ્રયત્ન નથી. જે વખતે લઠ્ઠાકાંડ થયો, એ વખતે માનનીય મુખ્ય મંત્રીશ્રીની સાથે હું ઘણા કલાકો રહયો હતો. શરૂઆતના કલાકો તો સારવારની ચિંતા, વધુમાં વધુ લોકો બચે તેની ચિંતા, લોકોની આંખ બચે તેની ચિંતા, ઓછું નુકસાન થાય તેની ચિંતા, અને પછી આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તેની ચિંતા, અને એ વેદનામાંથી આ અમારા વિધેયકનો જન્મ થયો છે એ વેદનાની અંદરથી માનનીય મુખ્ય મંત્રીશ્રીની વેદનનાની અંદરથી આ કડક સજાની જોગવાઈઓનો અમલ થયો છે અને ઉપસ્થિત છે. આ આઈ વોશ નથી, હૃદયની અંદર જે ટીસ હોય વેદનાની, એ ટીસની અંદર, ચીત્કારની જેમ આ કલમો કાળો અક્ષર લઈને આ બિલની અંદર આરોપીત થઈ છે. એને સમજવા માટે એ વેદનાના સહભાગી થવું પડે. હમણાં વાત કરી કે ગૃહના સર્વે સભ્યોનું કમીશન બન્યું હતું, એક તપાસ કમિટી બની હતી. એણે સૂચનો કર્યા છે. અને એટલા માટે ૧૯ વર્ષ સુધી એક પણ લઠ્ઠાકાંડ ન થયો, શકિતસિંહજી, આપની વાત જોડે મારે કોઈ લાંબો વિખવાદ નથી કરવો પરંતુ મારે એ વાત યાદ કરાવવી છે કે ૧૯૯૦ના લઠ્ઠાકાંડ પછી આ રાજયમાં કોંગ્રેસ કયારેય સત્તા પર નથી આવી અને એટલા માટે કોઈ દિવસ લઠ્ઠાકાંડ નથી થયો, પણ હાઈકોર્ટના નિવૃત્ત

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય મંત્રીશ્રી, આપને કદાચ નહીં ખબર હોય, પણ એ વચ્ચેનો પિરીયડ કોંગ્રેસ પણ શાસનમાં રહી, આપના સિવાયના લોકો પણ શાસનમાં રહયા, અને એ સરકાર પણ હતી.

કોંગ્રેસ શાસનમાં રહી છે પરંતુ કોંગ્રેસ મેન્ડેન્ટથી ચૂંટાયેલી સરકાર શાસનમાં રહી નથી પ્રજાએ જુદા નામે મેન્ડેન્ટ આપેલો હતો એમાં કોંગ્રેસ રહી હતી. તેમ આ ગૃહને બહુ સ્પષ્ટ કહેવા માગું છું.

**શ્રી અમિત શાહ :** એમણે બીજો પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો. કે હાઈકોર્ટના નિવૃત્ત જસ્ટીસનું પંચ તો બેસાડ્યું છે. આ પંચની ભલામણો આવશે એનું શું, એ પંચના કાયદા બાબતની આવનારી બધી જ ભલામણો સ્વીકારવા માટે રાજય સરકાર બંધાયેલી છે. પંચનો રિપોર્ટ આવે ત્યાં સુધી પણ અમે મોડું કરવા માગતા નથી. અત્યારે અમને જેટલા સૂચના મળ્યા અને જે સમજણ છે અને જે અનુભવ અધિકારીઓમાં પડેલો છે એનું વલોણું વલોવીને આ સાર કાઢેલ છે આની અંદર ભવિષ્યમાં સારું કરવાની તૈયારી છે. એ ભલામણોને સ્વીકારવાના છે. પંચની ભલામણો નિરર્થક નથી જવાની એ ભલામણોનો રાજય સરકાર સ્વીકાર કરવાની છે.

એમણે એક બીજો પ્રશ્ન કર્યો કે ખૂન થાય, એમણે એમ કહ્યું કે દારૂ વેચાય છે. તો પછી પોલીસની જવાબદારી નહિ નક્કી કરવાની. વેચવાવાળાને જ સજા કરવાની? કોઈપણ કાયદાની અંદર ગુનો કરવાવાળાની જ જવાબદારી નક્કી થાય એમ છતાંય આ કાયદાની અંદર અમે પોલીસની પણ જવાબદારી નક્કી કરતી કલમો ઉમેરી છે. કદાચ એમના ધ્યાન બહાર ગઈ લાગે છે. કલમ અમે ઉમેરી છે અને એમના ધ્યાન બહાર ગઈ લાગે છે. પરંતુ ગુનો તો જે કરે એને જ સજા થાય. ગુનો કોઈ કરે એની સજા બીજાને ન થાય અને જો એવું કરવા જઈએ તો ખૂનનો કાયદાનો અમલ નથી થતો એટલે ખૂન મગનભાઈ કરે અને જેલ પોલીસ સ્ટેશનના પી.આઈ.ને કરવાની એ રીતે કરવું છે? એ રીતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ન જળવાય. કાયદાની અંદર કડક જોગવાઈઓની વાત કરે છે. હમણાં બધા સભ્યશ્રીઓએ કહ્યું ખાસ કરીને વિપક્ષના સભ્યશ્રીઓએ નશાબંધીના કાયદાનો અમલ બરાબર નથી થતો. આ વાતને સૂક્ષ્મ રીતે જોવાની જરૂર છે. આ કાયદો વરસો જૂનો કાયદો છે. ૬૦ વર્ષ જૂનો કાયદો છે એ વખતે જે સજાઓ કરી હતી અને નકલી દારૂના ધંધાની અંદર દેશી દારૂના ધંધાની અંદર જે નફો હતો એના પ્રમાણમાં સજાઓ પૂરતી હતી. પરંતુ આજે જે પ્રકારનો નફો છે અને છ મહિનાની સજા આ છ મહિનાની સજાનો કોઈ ખોફ નથી રહ્યો મારે કહેવું છે સિદ્ધાર્થભાઈએ કહ્યું કે લઠ્ઠા કાંડ થયો એના બે દિવસમાં પોલીસે ૯૫૦ બુટલેગરો પકડ્યા, હા વાત સાચી છે પકડ્યા છે. પરંતું સિદ્ધાર્થ ભાઈ એમાંથી ૭૮૨ લોકોને છેલ્લા એક વર્ષમાં બે વખત ગુના થયેલા છે અને પાસા થયેલી છે એ ગુનાની અંદર છૂટેલા છે એ કાયદો અત્યારનો નબળો છે એટલા માટે કડક કાયદો કરવાની જરૂર છે. અમલ બરાબર નથી થતો એટલે ઇચ્છા શકિત નબળી છે એટલા માટે નહિ અમલ એટલા માટે બરાબર નથી થતો કે કાયદાની કલમોનો ડર જતો રહ્યો છે અને મને હમણાં માનનીય સભ્યશ્રી બાબુભાઈ કહેતા હતા કે ડરથી અમલ કરાવવા માગો છો? મને કહેતા કોઈ શરમ નથી કે ગુનેગારોને રાજય સરકારનો ડર હોવો જ જોઈએ, હોવો જ જોઈએ, હોવો જ જોઈએ. ગુનેગારોને રાજય સરકારનો ડર હોવો જ જોઈએ જે સચરિત્રવાળા લોકો છે, સજ્જન લોકો છે, નાગરિકો છે. (અંતરાય) માનનીય બાબુભાઈ વચ્ચે કઈ રીતે ઊભા થઈ શકે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, જે વિષય આજની ચર્ચા ઉપર ન હોય, માનનીય બાબુભાઈ, પ્રશ્ન ઉપસ્થિત કરવા માટે આપ નિયમોનો આધાર લઈને આવ્યા હોત તો મેં આપને તક આપી હોત. મેં તે વખતે જ તમને રોકયા હતા. એ વિષયનો જવાબ મંત્રીશ્રી ન આપે, એટલે માનનીય મંત્રીશ્રી આપ આગળ ચાલો.

**શ્રી અમિત શાહ** : હું ફરી એક વખત બાબુભાઈને કહેવા માગું છું કે જે ગુનેગારો હોય એના ઉપર સરકારનો ડર પણ હોવો જોઈએ. અને ગુનેગારોને દંડ થાય એવી વ્યવસ્થા પણ હોવી જોઈએ.

હમણાં જ આખી ચર્ચા જાણે અજાણે ફાંસીની સજા હોવી જોઈએ કે નહિ એની ઉપર ચર્ચા કરવામાં આવી.હું સ્વીકારું છું કે એમાં અનેક મતો છે અને હું પણ ફાંસીનો પક્ષધર છું એવું નથી. પરંતુ જ્યાં સુધી દેશના કાયદામાં ફાંસીની સજા છે ત્યાં સુધી આ ઝેરી દારૂ વેચવાવાળાને આનાથી હલકી કોઈ સજા હોઈ જ ન શકે. દેશની પાર્લામેન્ટ ફાંસીની સજા નાબૂદ કરશે ત્યારે આની અંદરથી પણ થશે. આની અંદર માનનીય જજના વિવેકાધિકાર પર છોડ્યું છે. આજીવન કેદ અને ફાંસીની સજા રાખેલી છે. ફાંસીની સજા રાખીએ એની સાથે આ કેસ સેશન્સ કોર્ટની અંદર ચાલવાનો છે. સેશન્સ કમિટ થવાનો છે. ફાંસીનો સજાનો ચુકાદો આવે તો ઑટોમૅટીક હાઈકોર્ટને રીફર થવાનો છે અને એના ઉપર રાજયપાલ થ્રુ રાષ્ટ્રપતિને માફ કરવાની જોગવાઈઓ પણ છે. કયાંય જો ચૂક થઈ જશે તો આપણી ન્યાયિક વ્યવસ્થા એ ચૂકને સુધારી લેશે. પણ ચૂક થઈ જશે એવા ડરથી હજારો લોકોને કોઈના લોભના લીધે મોતના એરણ પર ના મૂકી દેવાય. ફાંસીની સજા યોગ્ય છે. યોગ્ય છે અને યોગ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક ઉલ્લેખ કર્યો સિદ્ધાર્થભાઈએ કે રાજયપાલશ્રી બંધારણીય વડા છે. તેમણે બિલ પરત મૂક્યું છે અને એ બિલ પરત મોકલતી વખતે તેમની ભાવનાઓની ચર્ચાઓ અને ચિંતન થવું જોઈએ. રાજયપાલશ્રી બંધારણીય વડા છે. તેમાં કોઈ વિખવાદ ન હોઈ શકે. આપણે સૌને માટે, વિશેષ કરીને આ ગૃહને માટે શ્રદ્ધેય છે. પરંતુ જે બંધારણથી પ્રાપ્ત થયેલા અધિકારોથી એમણે ગૃહને વિધેયક વિચારણા માટે પરત કર્યું છે. એ જ બંધારણની અંદરથી પ્રાપ્ત થયેલા અધિકારોથી હું આ વિધેયક ફરી વખત લઈને ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું અને સિદ્ધાર્થભાઈ, ચર્ચા માટે જ ઉપસ્થિત થયો છું અને આપણે ચર્ચા જ કરી રહ્યા છીએ. ચર્ચા માટે દિવસોના દિવસો ન જોઈએ. આજે અધ્યક્ષશ્રીએ એક પણ સભ્યને કયાંય ટોક્યા નથી. કયાંય બેસાડ્યા નથી. મુક્ત મને જોઈએ એટલો સમય ચર્ચા કરવા માટે છૂટ્ટી આપી છે અને એટલા માટે કહું છું કે આપણે ચર્ચા કરીને જ આ કાયદાને પસાર કરવા માગીએ છીએ અને સર્વાનુમતિ કરવાનો રાજયપાલશ્રીએ આગ્રહ રાખ્યો છે. હું પણ એનો આગ્રહી છું. આપ ટેકો કરો એટલે સર્વાનુમતિ. તેમાં બીજી કોઈ વાતની જરૂર જ નથી. આપ ટેકો આપો એટલે સર્વાનુમતિ. પરંતુ એક પણ વાત આ વિધેયકમાં એવી નથી કે જે કોઈના અધિકારોનું હનન કરતી હોય. હું બહુ કાળજીપૂર્વક આ નિવેદન કરું છું. એક પણ વાત એવી નથી કે કોઈના પણ અધિકારોનું આ વિધેયકમાં હનન થતું હોય.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં સભ્યશ્રીઓ જ્યારે પોતાનું પ્રવચન આપતા હતા. તે વખતે એવું કહ્યું કે આ બિલ લાવવાથી નશાબંધીની ભાવના છેક નીચે સુધી નહીં પહોંચે. આ બિલ લાવવાથી દારૂબંધીનો અમલ છેક

નીચે સુધી નહીં પહોંચે. હું આપની વાત સાથે સંમત છું. એકલા બિલથી કંઈ ન થાય. આ બિલની અંદર બે જોગવાઈઓ છે. એક જોગવાઈ છે ઝેરી દારૂ વેચવા માટેની, એ અક્ષમ્ય ગુનો છે અને જે ફાંસીની સજાની જોગવાઈ છે એ ઝેરી દારૂ વેચવાવાળા માટેની છે. દારૂ વેચવાવાળા માટે નથી. ના, જી. નથી. ઝેરી દારૂ એટલે કે લઠ્ઠો વેચવાવાળા માટે ફાંસીની સજાની જોગવાઈ છે અને જે દારૂ ઓછો વેચાય તેના માટેની વ્યવસ્થા આમાં બે રીતે કરવામાં આવી છે. તેને ટ્રાન્સપોર્ટેશનમાં જે કોઈ વેહીકલ પકડાય તેને રાજયસાત કરવાનું છે. દારૂ બનાવીને ત્યાંનો ત્યાં વેચાવાનો નથી. તેને પીવાવાળા સુધી લઈ જવો પડવાનો છે. એના માટે બે-ત્રણ ટ્રાન્સપૉર્ટની ચેનલો જોઈશે. કોઈ વાહનમાં એ વાહનની કિંમત કરતાં વધુ કિંમતનો દારૂ ન આવી શકે અને વાહન રાજયસાત થવાનું હોય તો દારૂની હેરાફેરી ચોક્કસ અટકશે એની મને ખાતરી છે અને આ કલમથી હેરાફેરી પર મોટો ફરક પડવાનો છે અને બીજી જોગવાઈ કરી છે. પોલીસ અધિકારીઓની જવાબદારી નક્કી કરવાની. એનાથી પણ નશાબંધીના અમલની અંદર કડક અમલવારી થવાની છે. એટલે ફાંસીની જે જોગવાઈ કરી છે, ૧૦ વર્ષની સજાની જે જોગવાઈ કરી છે એનાથી ઝેરી દારૂ બનાવવાવાળાને લાલ આંખ બતાવી છે કે નફા માટે લોકોના જીવન જોડે રમવાનું બંધ કરી દો. નહીં તો ફાંસીની સજાની જોગવાઈ છે. આજીવન કેદની જોગવાઈ છે.ટ્રાન્સ્પોર્ટેશનના વાહનો રાજયસાત કરવાની જોગવાઈ કરી છે. તેનાથી ટ્રાન્સપોર્ટેશનવાળાને કોમર્શીયલી આ ટ્રાન્ઝેકશન ન પરવડી શકે એ પ્રકારનું બનાવવાનો પ્રયત્ન કર્યો છે અને અધિકારીઓને જે સજા કરવાની જોગવાઈ કરી છે એ નશાબંધીના એન્ફોર્સમેન્ટ માટે, એના અમલ માટે અધિકારીઓ વધુ ચુસ્તતાથી કામ કરે તેના માટેની જોગવાઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં લગભગ આઠ વિપક્ષના સભ્યશ્રીઓએ ભાગ લીધો. બધા જ સુખો, સુખો, સુખો કરતા હતા. અરે ભાઈ, સુકો હોય કે લીલો, બધાને આ સરકાર પકડવાની છે. આ સુખાને અમે જ પકડ્યો છે અને તમને બધાને નામ એટલે આવડે છે કે આ મોટો બુટલેગર છે એવું નથી. એ તમારે ત્યાંથી અમારે ત્યાં આવ્યો છે એટલે નામ આવડે છે. મોટો બુટલેગર છે એટલે નામ નથી આવડતું અને માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા પંચાયતનો સભ્ય, જિલ્લા પંચાયતનો સભ્ય કરે છે પણ એ દમણની જિલ્લા પંચાયતનો સભ્ય છે. ગુજરાત ભારતીય જનતા પાર્ટીએ કોઈ સુખા-બુખાને ટિકિટ આપી નથી. કોઈ આવા લોકોને ટિકિટ આપી નથી. આ વાત મારે સ્પષ્ટતાપૂર્વક કરવી છે. સુખા પર જે કેસો થયા છે એમાં અમે જ પકડ્યો છે અને એક પછી એક કેસમાં એને રજૂ પણ કરી રહ્યા છીએ.તમે કહેતા હતા સુખો, સુખો, એ ભાષણમાંથી સુખો નથી પકડાયો, એમના કેસ હતા એટલે પકડાયો છે. ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્ર મોદી સરકારે જ પકડયો છે અને નરેન્દ્રભાઈ મોદીની સરકાર જ એને સજા કરાવવાની છે. એટલે તમે એ બધી ચિંતા જવા દેજો કે સુખાનું શું થશે અને લીલાનું શું થશે? લીલા સૂકા જે દારૂ વેચતા હશે એ બધાને જેલમાં પકડીને પૂરવાના છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત માનનીય શકિતસિંહજીએ કરી હતી કે આર્ટીકલ- ૨૧ની જોગવાઈઓ હેઠળ આપણે ફાંસીની સજા કદાચ ના કરી શકીએ, આર્ટીકલ-૨૧ને બહુ કાળજીપૂર્વક ડ્રાફટ કરવામાં આવ્યો છે. એની અંદર જોગવાઈઓ માટે એક અપવાદ રાખ્યો છે. કાયદાથી સ્થાપિત પ્રક્રિયાના તત્વો સામે ધ્યાન દોરીને જ ફાંસીની સજા થઈ શકે. અને હું માનુ છું કે આ થઈ શકે અને ૩૦૨ને લગતા પ્રોવિઝન Maharashtra Control of Organised Crime Act, ૨૦૦૦માં, મહારાષ્ટ્ર એસેમ્બલીએ પસાર કર્યો, Karnataka Control of Organised Crime Act કર્ણાટક એસેમ્બલીએ પસાર કર્યો, આંધ્રપ્રદેશે ૨૦૦૧માં પસાર કર્યો, અરુણાચલે ૨૦૦૨માં પસાર કર્યો, અને હમણા જ દિલ્હીની અંદર આ જ વિધેયકની અંદર નામ ત્યાં Excise છે કારણ કે ત્યાં નશાબંધી નથી એની અંદર ફાંસીની જોગવાઈ દિલ્હીની સરકારે કરી છે. હિમાચલ પ્રદેશે પણ આ જોગવાઈ કરી છે. અર્જુનભાઈ મારી વાતને હસવામાં કાઢતા હતા પણ ખરેખર મારા મનમાં કોયડો છે કે દિલ્હીવાળા કોંગ્રેસીઓને વાંધો નથી અને પોરબંદરવાળા કોગ્રેસીઓને આમાં શું વાંધો છે? અલા ભાઈ પોરબંદર તો ગાંધીની જન્મભૂમી છે. દિલ્હીવાળાઓએ જે વાત સ્વીકારી લીધી એ વાત ગુજરાત ના સ્વીકારે? ગુજરાત તો આમાં અગ્રેસર રહયું છે. ગુજરાતે શરૂઆતો કરી છે. અને આની પણ શરૂઆત સદ્દભાગ્યે ગુજરાતે કરી છે. ગુજરાતની શરૂઆતનો જે ચીલો ચાતર્યો હતો એના પર દિલ્હી અને હિમાચલ ગયું છે અને આવનારા દિવસોની અંદર દેશના બધા રાજયો જવાના છે કારણ કે કોઈપણ કલ્યાણ રાજયના આશયથી સ્થાપિત થયેલી સરકાર ઝેરી દારૂ વેચવાની છુટ્ટી ના આપી શકે એટલે મારી આપ સૌને વિનંતી છે કે રાજકીય પક્ષાપક્ષીથી ઉપર ઉઠી રાજયપાલશ્રી સાહેબે આપણને સંદેશામાં કહયું છે કે સર્વાનુમતી કરવી એટલે રાજયપાલ સાહેબનું માન રાખી આપણે સર્વસંમતીથી આ વિધેયકને આપણે સૌ મંજૂર કરીએ અને વધુ એક પગલું નશાબંધીના કડક અમલ માટે અને ઝેરી દારૂથી કોઈનું ભવિષ્યમાં મૃત્યુ ન થાય એના માટે લઈએ એટલી જ વિનંતી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે પ્રવચન બિલ પરનું કર્યુ છે એમાં જો મારી તો આ ગૃહના એક સભ્ય તરીકેની ચિંતાના ભાગરૂપે એક પ્રશ્ન છે કે માનનીય રાજયપાલશ્રીના સંદેશાને માન આપીને આપણે સર્વસંમતિ કરવા માગતા હોઈએ તો જે રાજયપાલશ્રીના સંદેશમાં જ જેનો હાર્દ છે કે પરામર્શ કરીએ, લીગલ પ્રોવિઝન આપ સમજો છો, હું સમજુ છું એના વચ્ચે ભેદ થાય છે ત્યારે with legal experts આપણે ચર્ચા આગળ ના કરીએ બીલને આ સ્ટેજે રાખી આપણે હાઉસની બહાર પ્રવર સમિતિ પણ નહીં,

આપણે બેસીને વાત કરીએ જો લીગલ પ્રોવિઝનમાં આ સાબિત થતું હોય, વાજબી રહેતું હોય તો આની પછીનું સ્ટેજ જે છે મતદાનનું એમાં સાથે બેસીને જો ફાંસીની સજા માન્ય લીગલ વીઝાર્ડ કહેશે, આપણને લાગશે બરાબર છે, પરામર્શના અંતે સર્વસંમતિ કરીએ હાઉસમાં, જો એ ના બેસે, આપણે સાથે ચર્ચા કરીએ, ફાંસીના બદલે life imprisonment થી કામ સરતું હોય એ કરી, હાઉસમાંથી સર્વસંમતિથી પસાર કરીએ પણ let us have a joint discussion જે ગવર્નર સાહેબનો હાર્દ હતો એ પ્રમાણે કરીએ કે કેમ, આપે દિલ્હીની વાત હતી એ નારકોટીકસ ડ્રગ છે, જેમાં ફાંસીની સજા છે એ છતાંય હું તો એમ કહું છું કે આપણે બીજા રાજયોની વાતને મંગાવીને પણ સાથે બેસીને આ ચર્ચાને મતદાનના સ્ટેજે લઈ જવાના બદલે It is our prerogative, prerogative of the House. આપણે એ પહેલા ચર્ચા કરીને મહાત્મા ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધી માટેની ચિંતા છે, સર્વસંમતીથી શિક્ષાની જોગવાઈ પણ આ હાઉસ કરી શકે છે એ માટેની તૈયારી આપણી જો હોય તો મારી આપના માધ્યમથી માનનીય અધ્યક્ષશ્રી, આ વિનંતી છે કે સાચા અર્થમાં આપણે રાજયપાલશ્રીના સંદેશાને મૂલવ્યો કહેવાશે, ચર્ચા લીગલ વીઝાર્ડ સાથે કર્યા પછી હું પણ કહું છું કે, હું મારી માન્યતામાં હું ખોટો હોઈશ, અમારી સમજણ હશે અમે પણ ચર્ચા કરીને એ વાત સાથે સહમત થઈ શકાતું હશે તો દારૂબંધીના અમલ માટે જે કરવાનું હોય બંધારણની મર્યાદા, સુપ્રીમ કોર્ટમાં કે હાઈકોર્ટમાં આપનો આ બનાવેલો કાયદો અલ્ટ્રા વાયરસ નહીં થાય એ રીતનું કરવાની આપની તૈયારી છે ખરી?

**શ્રી અમિત શાહ** : હું ફરી એકવાર વિનંતી કરવા માગું છું કે રાજ્ય સરકારના વૈધાનિક વિભાગ અને કાયદા વિભાગ ઉપર માનનીય શ્રી શક્તિસિંહજી ભરોસો કરે. પૂરતી ચકાસણી કર્યા પછી આ ગૃહમાં હું ઉપસ્થિત થયો છું. આ તબક્કે મારા બન્ને વિભાગોએ જે ચકાસણી કરી છે એ પૂરતી છે. બીજા બે રાજ્યોએ એનો સ્વીકાર કર્યો છે એટલે એમણે વિશ્વાસ કરવો જોઈએ. બિલ વધુ મોડું થાય એ બાબતમાં હું સંમત નથી. ત્વરિત અમલ થવો મને જરૂરી લાગે છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક: ૧૪-સન ૨૦૦૯ના મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક (પુન:વિચારણા) નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

કલમ ૨ અને ૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી

**કલમ ૨ અને ૩ વિધેયકનો ભાગ બની.**

**અધ્યક્ષશ્રી :** કલમ-૪ વિશે પુન: વિચારણા કરવા નામદાર રાજ્યપાલશ્રીએ સંદેશો પાઠવેલ છે. તદનુસાર કલમ-૪ અંગે પુન: વિચારણા કરવામાં આવે.

**શ્રી અમિત શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૪ બાબતની ચર્ચા તો વિધેયકની ચર્ચા વખતે થઈ ગઈ છે.

કલમ ૪ પરના નામદાર રાજ્યપાલશ્રીએ સૂચવેલ સુધારા મત માટે મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

**કલમ ૪ મૂળ સ્વરૂપે વિધેયકનો ભાગ બની.**

કલમ ૫ થી ૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

**કલમ ૫ થી ૯ વિધેયકનો ભાગ બની.**

કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિંટગ ફોર્મ્યુલા મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

**કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિંટગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક: ૧૪-સન ૨૦૦૯ના મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક (પુન:વિચારણા) નું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક: ૧૪-સન ૨૦૦૯ના મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક (પુન:વિચારણા) નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક મંજૂર કરવામાં આવે છે.

## વૈધાનિક પ્રસ્તાવ (નિયમ-૧૦૦)

### ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૬૮(૨) અન્વયેનો પ્રસ્તાવ

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી) વૈધાનિક અને સંસદીય બાબતો** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો પ્રસ્તાવ ગૃહ સમક્ષ રજૂ કરું છું:-

That this House ratifies the amendment to the Constitution of India falling within the purview of clause (d) of the proviso to clause (2) of article 368, proposed to be made

by the Constitution (One Hundred and Ninth Amendment) Bill, 2009, as passed by both the Houses of Parliament.

આ ગૃહ સંવિધાન (એકસો નવમા સુધારા) વિધેયક, ૨૦૦૯ની રૂએ કરવા ધારેલો, સંસદના બંને ગૃહોએ પસાર કરેલો, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ના ખંડ (૨) ના પરંતુકના ખંડ (ઘ)ની ક્ષેત્ર મર્યાદામાં આવતો તેનો સુધારો બહાલ રાખે છે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : પ્રસ્તાવ આ પ્રમાણે છે.

"That this House ratifies the amendment to the Constitution of India falling within the purview of clause (d) of the proviso to clause (2) of article 368, proposed to be made by the Constitution (One Hundred and Ninth Amendment) Bill, 2009, as passed by both the House of Parliament."

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષજી, ભારતના સંવિધાના નિર્માતાઓએ જાહેર જીવનમાં પ્રતિનિધિત્વ કરવા માટે અને નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી નિશ્ચિત કરવા માટે આ પ્રકારની અનામતની જોગવાઈ ૧૦ વર્ષ માટે કરી હતી અને એ આશા સાથે કરી હતી કે સમાજ જીવનની અંદર ૧૦ વર્ષની અંદર કલ્પિત પરિણામો આવશે પણ કમનસીબે એક સમાજ તરીકે આપણે ઉણા ઉતર્યા અને પરિણામે બંધારણના ઘ ડવૈયાઓની જે ઈચ્છા હતી તે આપણે સૌ પરિપૂર્ણ ના કરી શક્યા. આજે પણ એ મોટી જવાબદારી તરીકે આપણા માથે પડેલી છે, જવાબદારીની પૂર્તિ માટે એ આવશ્યક છે કે આ જોગવાઈને વધુ ૧૦ વર્ષ માટે લંબાવવામાં આવે અને એ આશા સાથે લેવામાં આવે કે બંધારણના ઘડવૈયાઓએ સમાજ જીવનની જે અપેક્ષા રાખી છે એને પરિપૂર્ણ કરવા માટે આપણે સંકલ્પબદ્ધ થઈએ. માનનીય અધ્યક્ષજી હું લંબાણ ભાષણ કરવા માગતો નથી. પરંતુ કમનસીબે ૧૨૦૦ વર્ષના ગુલામી કાળમાં સમાજમાં દોષોને દૂર કરવા માટેની જે આંતરિક શકિત જોઈએ એ શકિત ક્ષીણ થઈ ગઈ અને આપણા દોષ પ્રભાવિત થતા ગયા. અસ્પૃશ્યતાનું કલંક આ સમાજ જીવન માટે નાશૂર બની ગયું. સમાજને છિન્નભિન્ન કરે એટલી હદે એમાં વિકૃત્તિ પ્રવેશી. એક પ્રકારે આપણા પૂર્વજો દ્વારા થયેલું આ પાપ કોઈ એક પેઢીએ તો એનું પ્રાયશ્ચિત કરવું જ રહ્યું. આપણે બધા ભાગ્યશાળી છીએકે પ્રાયશ્ચિત કરવાનું સૌભાગ્ય આપણને મળ્યું છે. સાથે સાથે એક મોટી જવાબદારીનું વહન કરવાનું પણ આપણા માથે આવ્યું છે. માનનીય અધ્યક્ષજી, બંધારણની જોગવાઈમાં કોઈ દલિત, કોઈ આદિવાસી વ્યવસ્થાત:ત એને જનપ્રતિનિધિ બનવાનો અવસર મળે છે પણ હજુ આપણે સમાજમાં એવી સ્થિતિ પેદા કરી શક્યા નથી કે જનરલ શીટ પર કોઈ દલિત કે કોઈ આદિવાસી ચૂંટણી લડે અને સમાજ એને સ્વીકારે. હા, ગુજરાત એક વાતનું ગૌરવ લઈ શકે એમ છે કે ભરૂચ જનરલ શીટ છે પણ ભરૂચ એક આદિવાસીને આજે પણ પાર્લામેન્ટમાં ચૂંટીને મોકલે છે. હું માનું છું કે એક ગૌરવરૂપ ઉદાહરણ છે. આ વ્યાપ કઈ રીતે ધીરે ધીરે વધે, સમાજમાં સ્વીકૃતિ કઈ રીતે બને? મારા મનમાં એક કસબ છે કે જ્યાં દલિત માટે રિઝર્વ શીટ હોય ત્યાં મતદાન ખૂબ નબળું હોય જેને બાકી સમાજે પોતાનો આ પ્રતિનિધિ ચૂંટવામાં રસ જ ના હોય આનાથી વધારે સમાજ જીવનનું કયું દુર્ભાગ્ય હોઈ શકે? શું સમયની માંગ નથી કે દલિત જ્યાંથી પ્રતિનિધિ ચૂંટાવાના છે એ વિસ્તારમાં પણ બધા જ સમાજના લોકો ઉત્સાહ અને ઉમંગભેર મતદાન કરીને એમને પોતાના પ્રતિનિધિ તરીકે ગૌરવભેર રીતે વિજયી બનાવે. કમનસીબે સમાજ તરીકે આ ઊણપ આપણે અનુભવીએ છીએ. આપણા સમાજમાં કમનસીબે મજદૂરીને, શ્રમને કાંઈક હલકાપણા સાથે જોડી દેવામાં આવ્યું અને પરિણામે કોઈ કોટ-પૅન્ટ-ટાઈ પહેરીને ઘરમાં આવે તો આવો સાહેબ કરીને ઘરમાં બોલાવીએ પણ જો કોઈ ઓટોરિક્ષાવાળો આપણને પૂછે તો આપણે કહીએ છીએ કે, કાલે આવજે, સાંજે આવજે. કારણ કે, શ્રમની પ્રતિષ્ઠા નથી. સમયની માંગ છે, શ્રમ એવ પૂજયતે, શ્રમ એવ જયતે, આ મંત્ર લઈને સમાજનો છેવાડાનો માનવી જે રીતે જિંદગી જીવે છે એના કાર્યનું પણ ગૌરવ કરીએ. અને આ જો વાતાવરણ આપણે બનાવવામાં આ ગૃહમાંથી એક સકારાત્મક સંદેશ સમાજ જીવનને આપીશું, અસ્પૃશ્યના કલંકમાંથી આપણે સમાજ જીવનને મુક્ત કરાવી શકીશું તો હું માનું છું કે, આપણે બહુ મોટી સેવા કરીશું અને જે ભાવનાથી ભારતના બંને ગૃહોએ જે બીલ પસાર કર્યુ છે, આપણે પણ ગુજરાતમાં સર્વસંમતિથી એક નવી જવાબદારી વહન કરવાના સંકલ્પ સાથે એને અનુમોદન કરીએ એજ પ્રાર્થના આપ સૌને કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, બંધારણના આર્ટિકલ-૩૩૪ને સુધારા માટેનું એક કૉન્સ્ટીટ્યુશનલ એમેન્ડમેન્ટ એના અંગેનું બીલ આ દેશની પાર્લામેન્ટે બંને ગૃહોએ સર્વસંમતિથી પસાર કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું ડિબેટ જોતો હતો લોકસભાની આ બીલને પાયલોટ કરનાર કાનૂન મંત્રીશ્રી મોઈલીજીની પ્રારંભિક ભૂમિકા અને એ પછી તમામ પક્ષ વતી બોલેલા સભ્યશ્રીઓનો હાર્દ મને લાગે છે કે, ભલે કોઈ ગમે તે કહે પણ આપણા દેશની જે ભાવના છે, ભૂતકાળમાંથી બહાર આવીને સામાજિક એકતા તરફની પ્રગતિ સકારાત્મક દ્રષ્ટિથી વધારે આગળ લઈ જવાની જે ભાવના આપણા સૌની છે એ મને લાગે

છે, આવતા દિવસોમાં એ પરિસ્થિતિ નિમાર્ણ થાય કે જ્યારે સામાજિક સમતુલાની જે કલ્પના કરાઈ હતી એને બરાબર લાવી શકીએ. માનનીય અધ્યક્ષશ્રી, ડૉ. બાબા સાહેબ આંબેડકર સાહેબના એ શબ્દો ક્વોટ કરવાની ઇચ્છા થાય, in our social and economic life we shall by reasons of social and economic structure continue to deny the opportunity of one man one value. માનનીય અધ્યક્ષશ્રી, સરકાર કોઈ પણ હોય એની ફરજ શું આવે છે ? સરકારની ફરજ છે, to build a bridge between the haves and have nots. જેના પાસે ખૂબ છે અને જેના પાસે કાંઈ નથી એ બંનેની વચ્ચે સેતુ બનવાનો ધર્મ, એ સત્તાનો ધર્મ હોય છે, એ પ્રજાના પ્રતિનિધિઓનો ધર્મ છે, એ જાહેરજીવનમાં પડેલા વ્યકિતઓનો ધર્મ છે. આપણે કેટલુંક કરી શક્યા છીએ પણ આજે પણ આપણે જે ગોલ સુધી પહોંચવું જોઈએ એ નથી પહોંચી શક્યા. ભગવાન રામ શબરીના એંઠા બોર ખાઈ શકે પણ આપણે એના નામે વહીવટ કરનારાઓ આપણા મંદિરમાં આજે પણ એક દલિત ભાઈને પ્રવેશ આપતા આપણને વાંધા પડે છે. આપણે એ આરતી ઉતારે અને આપણે એનો પ્રસાદ લઈએ એ આપણને મંજૂર નથી. આપણે એમના ઘરમાં મીનરલ વોટરની બૉટલ સિવાય પાણી ન પીવાનો પ્રયત્ન કરીએ, મને લાગે છે કદાચ ચૂંટણી સમયે હાથ મિલાવીએ કે ગળે મેળવીએ અને તરત જ પાછા બહાર નીકળીને ડેટોલથી હાથ ધોવાનું પસંદ કરનારો વર્ગ આજે પણ છે, જાહેર જીવનમાં પણ છે અને એ વાત શરમની સૌના માટે છે. ત્રણ દિવસ પહેલાનું વર્તમાન પત્ર, આપણા રાજયના અંદરનું વર્તમાન પત્ર જેણે એકઝેટ દાખલા આપીને કહ્યું છે કે આ રાજયની અંદર દલિત સરપંચ ચૂંટાય તો એને ગ્રામ પંચાયતની ઑફિસમાં પાણી માટે કાં જુદો ગ્લાસ લઈને બેસવું પડે એ પરિસ્થિતિ એક ચૂંટાયેલા સરપંચની છે.આપણે આ વિસંગતતાઓમાંથી બહાર નીકળવા માટે સૌએ સાથે મળીને સંઘ ર્ષ કરવો પડશે. પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને એ સમાજની સમરસતા લાવવા માટે સહુના માટે કલંકરૂપ છે. આ પક્ષ કે તે પક્ષ નહીં, લોકશાહીની વ્યવસ્થામાં જે અપેક્ષા હતી કે ૧૦ વર્ષમાં પૂર્ણ થશે. આજે આપણે આ એમેડમેન્ટથી આ જોગવાઈઓ ૭૦ વર્ષ સુધી ખેંચી જવા તરફ જઈ રહયા છીએ ત્યારે ભારતની સરકાર દ્વારા સંસદના બંને ગૃહોમાં બીલ રજૂ થયું અને બંને ગૃહોએ જે બીલને સર્વસંમતિથી પસાર કર્યું છે અને રાજયોના અનુમોદનના ભાગરૂપે મને લાગે છે લગભગ ચૌદ કે પંદર રાજયોએ આ પ્રસ્તાવ ઓલરેડી પસાર કર્યો છે. આજે સદનસીબે આપણા ગૃહમાં પણ આ પ્રસ્તાવ આવ્યો છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ભારત સરકારે પસાર કરેલા બીલને સમર્થન આપતો જે પ્રસ્તાવ રજૂ કર્યો છે એને હું મારા વતી અને મારા પક્ષ વતી સંપૂર્ણ સમર્થન આપું છું.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે એને હું સંપૂર્ણ ટેકો આપું છું પરંતુ આ પ્રસ્તાવ રજૂ કરતાં પહેલાં એમણે જે પ્રસ્તાવ રજૂ કર્યો છે એની થોડીક વિગતો આ ગૃહ સમક્ષ હું રજૂ કરવા માગું છું. ૧૯૨૭માં હિન્દુસ્તાનમાં સાયમન કમિશન આવ્યું અને ડો. બાબાસાહેબ આંબેડકરે ૧૦ મુદ્દાનું આવેદનપત્ર મિસ્ટર સાયમનને આપ્યું. એમાં એક મુદ્દો હતો અલગ મતાધિકારનો. મહાત્મા ગાંધી અને ડો. બાબાસાહેબ આંબેડકરના વિચારો આનાથી ભિન્ન હતા અને એ દિવસોની અંદર લંડનની અંદર ગોળમેજી પરિષદ યોજાઈ. ડો. બાબાસાહેબ આંબેડકરને એની અંદર આમંત્રણ આપવામાં આવ્યું. ડો. બાબાસાહેબ આંબેડકરને લંડનની ધરતી પર જતાં રોકવામાં આવેલા અને એની પાછળનું કારણ એ હતું કે ડો. બાબાસાહેબ આંબેડકરનું કમિટમેન્ટ હતું કે આ દલિત, પિડિત, શોષિત સમાજ માટે એના હકકો મળવા જોઈએ, એના માનવીય અધિકારો મળવા જોઈએ અને માનવીય અધિકારો માટેની એમની જે ઝુંબેશ હતી એના કારણે બ્રિટિશ હાઈકમિશનરમાં ડો. બાબાસાહેબ આંબેડકર શું કહેશે એના માટેની વિસંવાદિતા હતી. ડો. બાબાસાહેબ આંબેડકર ગોળમેજી પરિષદમાં પહોંચ્યા અને જયારે બ્રિટિશ હાઈકમિશ્નરે એમને પૂછયું એમણે કહયું કે ડો. બાબાસાહેબ, તમે જાણો છો કે હિન્દુસ્તાનમાં દલિત, પિડિત, શોષિત સમાજની સ્થિતિ ઠીક નથી અને અમે તમને આ સ્થિતિમાં કયારેય મૂકી શકીએ નહીં અને એના માટે અમે તમારા વિચારો જાણવા માટે તમને આમંત્રણ આપ્યું છે અને એ વખતે બ્રિટિશ હાઈકમિશ્નરને ગોળમેજી પરિષદમાં ડો. બાબાસાહેબ આંબેડકરે એટલું કહયું હતું કે હિન્દુસ્તાનની સમગ્ર સ્થિતિ દલિત, પિડિત, શોષિત સમાજની સ્થિતિથી હું વાકેફ છું પરંતુ એ હિન્દુસ્તાનનો પ્રશ્ન છે. અમારા ઘરનો પ્રશ્ન છે. અમારા ઘરનો પ્રશ્ન અમે અમારા ઘરમાં ઉકેલ લાવીશું પરંતુ બ્રિટિશરો તમે હિન્દુસ્તાનની ભૂમિ ખાલી કરીને પરત જાવ. આવી વાત ડો. બાબાસાહેબ આંબેડકરે ગોળમેજી પરિષદમાં કરી. ગોળમેજી પરિષદમાં આ વાત કરવાના કારણે એક સમય એવો હતો કે ડો. બાબાસાહેબ આંબેડકર દેશના ગદ્દાર છે. ડો. બાબાસાહેબ આંબેડકર દેશના પીઠ્ઠુ છે. આવી વાતો કરવાની સામે એક સાચા દેશભકતે એની ભૂમિકા ડો. બાબાસાહેબ આંબેડકરે નિભાવી એટલું પૂરતું નથી. આ ચર્ચાને આગળ વધારતાં મેં અગાઉ કહયું એ પ્રમાણે મહાત્મા ગાંધી સાથે જયારે એમને વિવાદ થયો, બાપુજીએ જયારે ઉપવાસ શરૂ કર્યા અને એ વખતે ડો. બાબાસાહેબ આંબેડકરે આ દેશની એકતા અને અખંડિતતા જાળવી રાખવા માટે, આ દેશમાં સાચા અર્થમાં સામાજિક સમરસતા ઉભી થાય એના માટે ડો. બાબાસાહેબ આંબેડકર અને મહાત્મા ગાંધી સાથે ચોવીસમી સપ્ટેમ્બર ૧૯૩૨ના દિવસે પૂનાની યરવડા જેલની અંદર સમજૂતી કરાર થયા. જેને પૂના કરાર કહેવામાં આવે છે. ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૩૨ના દિવસે દલિતોને અલગ અનામત આપવાની વાત ૧૯૩૨માં મહાત્મા ગાંધીજીએ સ્વીકારી. આ જ વાત ૧૯૩૫માં ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયાએ એકટ પસાર કર્યો અને તા. ૧-૧-૧૯૩૬ના દિવસે કાયદામાં એનું અમલીકરણ થયું. દેશ આઝાદ થયો અને બંધારણ આવ્યું. આ બંધારણમાં ડો. બાબાસાહેબ

આંબેડકરે અનામતનો લાભ આપ્યો. એના બે ભાગ પાડવામાં આવ્યા. એક નોકરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત કાયમી ધોરણે હતી. બીજું આર્ટીકલ ૧૫-૧૬ પ્રમાણે હતી. બીજું રાજકીય ક્ષેત્રની અનામત આર્ટીકલ ૩૩૦ પ્રમાણે લોકસભામાં અને આર્ટીકલ ૨૩૨ પ્રમાણે વિધાનસભામાં આ ૧૦ વર્ષના ગાળા માટે આ પ્રથમ તબક્કે અનામત આપવાનો એ વખતે સ્વીકાર કરવામાં આવ્યો. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે ડો. બાબાસાહેબ આંબેડકરે ઈચ્છયું હોત તો આ બંને અનામત કાયમી ધોરણે કરી શક્યા હોત, પણ એ વખતે વ્યવસ્થામાં જે પણ હતા. એમની ઉપર ડો.બાબાસાહેબ આંબેડકરને વિશ્વાસ હતો. સમાજ ઉપર વિશ્વાસ હતો. ૧૦ વર્ષમાં પરિવર્તન થશે, પરંતુ કમનસીબે એ થઈ શકયું નહિ. આજે ૧૦-૧૦ વર્ષ કરીને ૭૦ વર્ષનો ગાળો જ્યારે થયો છે, ત્યારે ડો.બાબાસાહેબ આંબેડકર અને પરમ પૂજનીય મહાત્મા ગાંધીજીએ સેવેલ સ્વપ્ન હતું અને એ સ્વપ્નને સાકાર કરવા માટે પુન: બંને સભાગૃહે રાજ્યસભા અને લોકસભાએ ફરીથી ૧૦ વર્ષ માટે રાજકીય અનામત માટેનો જ્યારે લાભ આપ્યો છે અને ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી જેના માટે પ્રસ્તાવ લઈને આવ્યા છે. વિરોધ પક્ષના નેતાશ્રીએ સમર્થન આપ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને સમગ્ર ગુજરાતના દલિત આદિવાસી સમાજ વતીથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આ માટે સમગ્ર સમાજને હજુ પણ માનવીય હક્કો મળે, બંધારણની આમુખમાં બનાવેલ બંધુતા, સમાનતાના હક્કો એમને મળે અને સર્વ સમાજ સાથે રહીને જે પણ ત્રુટિઓ છે. માત્ર કાયદાથી નહિ, બધા સમાજ સાથે મળીને આ દિશામાં ચાલશે તો મને લાગે છે કે જે બંને ગૃહે પ્રસ્તાવ રજૂ કર્યો છે. આજે આપણા ગુજરાત વિધાનસભામાં જે પ્રસ્તાવ મૂકીને પારિત કરવા જઈ રહ્યા છીએ. સાચા અર્થમાં સામાજિક સમરસતા અને દેશની એકતા અને અખંડિત રાખવા માટેના દલિત સમાજ, શોષિત સમાજ, આદિવાસી સમાજને માટે પહેલ કરી છે. પુન: અભિનંદન સાથે આ બિલને આવકારું છું અને સર્વસંમતિથી પાસ કરવા માટે વિનંતી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, સંસદના બંને ગૃહે જે બિલ પસાર કર્યુ છે. એ બિલને અનુમોદન આપતી દરખાસ્ત આદરણીય મુખ્યમંત્રીશ્રી લઈને આવ્યા છે અને અમારા નેતાએ એમાં સમર્થન પણ કર્યુ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાત કરી એ પ્રમાણે આપણા દોષો છે, એ દોષો બીજા કોઈને કારણે નહિ, પણ આપણને વારસામાં સમાજ વ્યવસ્થા મળી એ સમાજ વ્યવસ્થા એવી હતી કે જે શોષણ આધારિત સમાજ વ્યવસ્થા ઊભી થઈ. દુનિયાની અંદર કોઈ જ્ઞાતિઓ માટે જાતિઓ માટે કોઈ વ્યસાય અનામત હોય એવું કયાંય જોયું નહોતું. આપણે ત્યાં જ્ઞાતિઓ, જાતિઓ માટે જે અસ્વચ્છ વ્યવસાય હતા, એ અનામત રહ્યા, પરંતુ જે આપણા સામાજિક કલંકો છે. આપણે પશુઓની પૂજા કરીએ, પશુઓને અડીએ, કૂતરાને અડીએ તો આપણે અભડાઈશું નહિ, પણ માણસને અડીએ તો અભડાઈ જઈએ. એના માટે વિધિ કરવી પડે, એ વ્યવસ્થા આપણને વારસામાં મળી, એની પીડા આપણા વડવાઓને હતી, એટલે સામાજિક ન્યાય માટે આ અનામત વ્યવસ્થા આપણે ત્યાં અમલમાં આવેલી છે. અને સાચી વાત છે આપણે હજુ પણ જે સામાન્ય બેઠકો ઉપર દલિત કે આદિવાસીને સામાન્ય રીતે ચૂંટાવી શકતા નથી એ હકીકત છે. ભરૂચમાં હોય કે પછી અમારા સુશીલકુમાર શીંદે મહારાષ્ટ્રમાથી ઓપન સીટમાંથી ચૂંટાતા હોય. અમારા મોહનસિંહભાઈ ૧૯૭૫ ની સાલથી સામાન્ય બેઠક ઉપર ચૂંટાતા હોય. ડો. અનિલ જોષિયારા સામાન્ય બેઠક ઉપરથી ચૂંટાતા હોય એ અપવાદ હોય છે. પહેલા તો ટિકિટ આપવાની હિંમત ન કરે, એટલે આ પરિસ્થિતિ માટે ખૂબ સંઘર્ષ કરવો પડશે. ખૂબ આંદોલનો કરવા પડશે અને આ સંઘર્ષની આગેવાની આપણે સૌએ લેવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ઘણા બધા સંઘર્ષોની આગેવાની કરીએ છીએ. તે સંઘર્ષો ત્યાં સુધીના થાય છે કે લોહીયાળ સંઘર્ષો થાય છે. મને દુ:ખ એ વાતનું છે કે જે અનટચેબીલીટી સામે સંઘર્ષ કરવો જોઈએ તેમાં બધા લોકો મોં છુપાવે છે. થોડાક દિવસો પહેલાં જેમનો ઉલ્લેખ કર્યો અમારા નેતાશ્રીએ તે ઉલ્લેખ તો એવો છે કે ગુજરાતની અંદર આજે ૯૫ ટકા સરવે થયો તેમાં ૯૫ ટકા જગ્યાએ અનટચેબીલીટી છે. આજે આપણી સરકારી નિશાળો એટલી બધી છે તેની અંદર મધ્યાહન ભોજન વ્યવસ્થાની અંદર એમના માટે જમવાની વ્યવસ્થા જુદી, તેના માટે પીવાના પાણીની વ્યવસ્થા જુદી અને કયાંક કયાંક તો એવું પણ જોયું છે કે જયાં .... મારી સાથે આપના બે મંત્રીશ્રીઓને મોકલો. મારી સાથે અને વેશપલટો કરીને જઈએ, વેશપલટો કરીને જઈએ અને જો ખોટો ઠરું તો હાઉસની અંદર પાછો નહીં આવું.

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** મારે અને તમારે આત્મખોજ કરવી પડશે.

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, આપ બેસી જાઓ. હું ઉભો છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** આ રાજકીય નિરૂપણ નથી. મારી શરમ છે. અહીંયાં બેઠા છે તેમની શરમ છે. વાસ્તવિકતા સ્વીકારવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ આપે જે ભાવથી વાત શરૂ કરી તે ભાવથી કરો ને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** હું એ જ કરું છું. મેં એ વાત નથી કરી કે તેના માટે અહીં બેઠા છે તે જવાબદાર છે. અહીંયાં બેઠા છે તે પણ એટલા જ જવાબદાર છે. સૌએ આત્મખોજ કરવી જોઈએ. બીજી તો વાત સામાજિક ન્યાયની વાત નથી કરતો. પીડા છે એટલે હું કહું છું. અનટચેબીલીટી, સૌરભભાઈ હું ગંભીરતાથી વાત

કરું છું. મજાકની વાત ન સમજો. એટલા માટે કહું છું કે અનટચેબીલીટી અમે જોઈ છે. સાથે મળીને જોઈ છે. નજરોનજર નિહાળી છે. ન જોઈ હોય તો મારી પાસે તેની માટેના પુરાવાઓ છે. તેમાં રાજકીય દોષારોપણ કે આરોપણ કરવા નથી માગતા. પણ આ જે રોગ થયેલ છે તે રોગની સ્વીકૃતી નહીં કરીએ તો કોઈ દિવસ દવા નથી કરી શકવાના. તેની સ્વીકૃતી ના ના કરવાથી નહીં થાય, સ્વીકૃતી કરી તેને દૂર કરવા માટેના સામૂહિક પ્રયત્નો સાથે મળીને કરીએ એવી મારી આપ સૌને વિનંતી છે. આ જે છે સામાજિક ન્યાય માટેનું પગલું ૧૯૪૭માં જે તે વખતે બંધારણ સભા હતી તેના વડવાઓએ જે મૂકેલું હતું તેને કારણે આજે થોડો ઘણો ન્યાય એસ.સી., એસ.ટી. સમાજને મળેલો છે તે ન્યાયને આગળ વધારવાનું કામ અને આ જે વ્યવસ્થા છે તેને સંપૂર્ણપણે તોડવાનું કામ આપણે સાથે મળીને કરવાનું છે અને તેમાં અમારો સહયોગ છે અને અમે તેની શરૂઆત કરી છે આપ પણ તેની સાથે જોડાઓ તેવી મારી વિનંતી છે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા (રાજકોટ (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના નેતા સ્વપ્નદૃષ્ટા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના બંધારણના અનુચ્છેદ ૩૬૮(૨) અંગેનો જે ઠરાવ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવું છું અને તે અંગેની મૂળભૂત વાતો કરવાનું મારું કર્તવ્ય સમજું છું.

વિશ્વમાં સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ ભારત દેશ છે અને વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ બંધારણ એટલે ભારતીય બંધારણ. ભારત રત્નથી સન્માનિત સ્ત્રીઓના મુકિતદાતા પ્રખર વિદ્વાન એવા બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરજીએ જયારે બંધારણ ઘડયુ  અને બંધારણ સભામાં કહયું કે જો ભારત દેશનો વિકાસ વિશ્વના અન્ય વિકસિત દેશોની માફક કરવો હોય તો પ્રથમ ભારતમાં રહેલ આર્થિક અને સામાજિક અસમાનતાને દૂર કરવી પડે અને જેનો મુખ્ય આધાર એવો સમાજમાં કચડાયેલા પીડીત, દલિત, શોષિત છે તે લોકોને વિકાસના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા જોઈએ અને તે માટે સંવિધાનમાં અનામતની જોગવાઈ કરવી જોઈએ. ઉપરોકત ડો.બાબાસાહેબ આંબેડકરજીએ ભારત નિર્માણના વિચાર સાથે બંધારણ સભાએ ભારતમાં વસતા કચડાયેલા ગરીબ, પછાત, આર્થિક રીતે નબળા વર્ગના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓના આર્થિક રીતે પગભર થઈ શકે તે માટે થઈને રાજકીય રીતે દસ વર્ષ માટે અનામતની જોગવાઈ દાખલ કરવામાં આવી પરંતુ જેટલો સુધારો થવો જોઈએ તેટલો સુધારો થયો નથી.  તે માટે થઈને દશ વર્ષની બહાલી ફરી આવે  છે. આજે દુ:ખ સાથે જણાવવું પડે છે કે ૬૦ વર્ષ પછી પણ દેશના શાસનકર્તાઓએ માત્રને માત્ર પછાત વર્ગના લોકોને વોટબેન્કની રાજનીતિ સમજી શાસન ચલાવી રાખ્યું. આજે છ દાયકાની આઝાદી પછી પણ બંધારણમાં જેના માટે થઈને ખાસ અનામતની જોગવાઈ કરી  જેનો મૂળભૂત હેતુ આજે પણ પૂરેપૂરો સિદ્ધ થઈ શક્યો નથી. ખરેખર બંધારણમાં અનામતની જોગવાઈ મુજબ આ દેશમાં તેનો ખરા અર્થમાં અમલ કરવામાં આવ્યો હોત તો માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની તાસીર કંઈક અલગ હોત. દેશમાં જ્યારે એક પ્રકારની હોડ લાગી હોય  એવું મને લાગે છે કે કોઈ માણસ કોઈ ગરીબ દલિતના ઘરે જાય અને તેમના ત્યાં રાતવાસો કરે, તેમની સાથે ભોજન લે, તેમના બાળકોને રમાડે અને મિડીયામાં ખૂબ મોટો દેખાવ કરે કે અમે દલિતોના ઘરે જઈએ છીએ ત્યારે મારે એમને કહેવું છે કે,

**અધ્યક્ષશ્રી** : માનનીય ભાનુબેન, આપનું વક્તવ્ય પૂરું થાય છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, ભારતની લોકસભા અને રાજય સભાએ જે દશ વર્ષની મુદત અનામત શિડ્યુલ કાસ્ટ અને ટ્રાઈબ માટે લોકસભા અને વિધાન સભા માટે વધારી છે અને એને રાજય વિધાનસભાએ સમર્થન આપવા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું

માનનીય અધ્યક્ષશ્રી, હું ખૂબ સદ્નસીબ છું કે, આ અગાઉ નવમી લોકસભા વખતે લોકસભાની અંદર આ બિલને ટેકો આપવાનું મને ભાગ્ય પ્રાપ્ત થયું હતું અને આજે આ વિધાનસભાની અંદર આ બિલ પસાર થવાનું છે ત્યારે મને મારા વિચારો વ્યક્ત કરવાની તક મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દર દશ વર્ષે આપણે આ વર્ગ એની સિદ્ધિઓ પ્રાપ્ત કરશે એ ભરોશે આપણે દશ વર્ષની મુદત રાખવામાં આવેલી હતી અને જ્યારે દર દશ વર્ષે આ મુદત વધારવામાં આવે છે ત્યારે આત્મખોજ કરવાનો તમામ લોકોને મોકો મળતો હોય છે. માનનીય બહેને એમનું દર્દ રજૂ કર્યુ અને માનનીય અર્જુનભાઈએ જે વાત કરી એ વાત સાથે સહમત થઈએ. એ વખતે રાજ્યસભાની અંદર મારા વરિષ્ઠ આગેવાન અટલ બિહારી બાજપેઈજીનું પ્રવચન સાંભળવા માટે રાજ્યસભાની ગેલેરીમાં હું બેઠો હતો. લોકસભાનો સભ્ય હતો. એમનું પ્રવચન પૂરું થયું ત્યારે  તમામ લોકોએ એમને અભિનંદન આપ્યા અને પાટલીઓ થપથપાવી અને એમણે કહ્યું કે આના માટે કોણ જવાબદાર છે તો આપણે જવાબદાર છીએ. માનનીય શકિતસિંહે અને માનનીય અર્જુનભાઈ કહ્યું કે આના માટે જવાબદારી હોય તો આપણા બધાની છે. આ દેશની અંદર જ્યારે આ વિષમતાનો ભોગ બનતી જ્ઞાતિઓ હોય એને અધિકારો આપવા માટેનું ભારતની પાર્લામેન્ટમાં નક્કી થાય છે.  માનનીય અધ્યક્ષશ્રી, હું જે ક્ષેત્રમાંથી આવું છું એના રાપર વિસ્તાર વાગડ જેને કહેવાય, એના કોળી, પારાધિ અને દેવીપૂજકોને ૧૯૫૬માં જ્યારે કચ્છ 'ક' વર્ગનું રાજય કેન્દ્રશાસિત પ્રદેશ હતું ત્યારે અધિકારો આપવામાં આવેલા અને છેક ૨૦૦૩ સુધી આ અધિકારો એ ભોગવતા હતા. ૨૦૦૨માં લોકસભામાં એન.ડી.એ. અને ૨૦૦૩માં રાજયની ભા.જ.પ. સરકારોએ આ અધિકારો એમના લઈ લીધા છે, આ હું ચર્ચા માટે નથી કહેતો પરંતુ આ જે અધિકારો એમના લઈ

લીધા એ વખતે જો મુલવણી કરવામાં આવી હોત તો આજે પણ મારા વિસ્તારની અંદર કોળી જે વસ્તી છે એમાં પાંચ ટકાનું શિક્ષણ બહેનોમાં નથી. શિક્ષણનો આપણે જ્યારે મોટો પ્રચાર કરીએ છીએ તેમ છતાં પણ, લોક જાગૃતિ લાવવા માટે હું હંમેશાં આત્મખોજ કરું છું કે આના માટે હું શું કરી શકું? દોઢશો કરતાં વધુ રિમોટ એરિયામાં વસવાટની કોળી વાસોને વીજળીકરણ માટે થઈને માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા ધારાસભ્યની ગ્રાન્ટ આપી છે. આ ગૃહના કેટલાય સન્માનનીય સભ્યશ્રીઓ આ વર્ગ માટે ચિંતા કરે છે એમને હું સલામ કરું છું અને બાજપાઈજીએ તે વખતે શબ્દ કહેલા તે હવે પછી દશ વર્ષ પછી આવું બિલ ન લાવે એ પ્રકારની ભાવનાનો આપણે અમલ કરીએ. માનનીય અધ્યક્ષશ્રી, દબાયેલા કચડાયેલા વર્ગના અહીં સામાન્ય સીટો ઉપરથી ચૂંટાતા માનનીય જોષીયારા સાહેબ હોય કે માનનીય મોહનસિંહ રાઠવા હોય શુશીલકુમાર શિંદે હોય એ દરેક ક્ષેત્રની અંદર પોતાની ક્ષમતાના આધારે કમલેશ્વરજી એક પત્રકાર તંત્રી હતા તેઓ દૂરદર્શનના ડી.જી. તરીકે ગયેલા. અમારા ધનબાઈ કચ્છના ગાયિકા હોય તેઓ દલિત વર્ગમાંથી આવતા હતા પણ માનનીય અધ્યક્ષશ્રી, એ દલિત વર્ગને કોઈએ આપણે એવું સ્ટેટસ નથી આપ્યું. રેશમાજી કરીને એક પાકિસ્તાનમાં માઈગ્રેટ થયેલા એક રાજસ્થાનના લોકગાયિકા બહેન પાકિસ્તાનના સાંસ્કૃતિક એલચી તરીકે એમણે પોતાની ગાયિકાની કળાનું દર્શન કરાવ્યું આ બધાને આપણે યાદ કરીએ પણ આ કક્ષા થોડાક લોકો માટે, પણ સમગ્ર વર્ગ જે છે દબાયેલો-કચડાયેલો એનું ઉત્થાન થાય અને દસ વર્ષ પછી આવું બિલ ન લાવવું પડે એ માટેના આપણે સૌ પ્રયત્ન કરીએ અને આ બિલના હાર્દને હું પૂરેપૂરો ટેકો આપું છું અને આ બિલને હું મારું સમર્થન આપું છું.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી ભારતના બંધારણના અનુચ્છેદ ૩૬૮ (૨) અન્વયે જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારું અનુમોદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બ્રિટિશ શાસનથી લઈ વર્તમાન સમય સુધી અનેક ઘટનાઓ ઘટી છે જેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સમાજને મુખ્ય ધારામાં લાવવા માટે અનેક બાબતની સંવિધાનની અંદર બેઠકો થઈ એમાં ૧૯૩૨માં પુના કરાર થયો, ૧૯૩૫માં એ કરારના આધારે નિયમો નક્કી કરવામાં આવ્યા અને ૧૯૪૭માં આપણો દેશ આઝાદ થયો. માનનીય અધ્યક્ષશ્રી, એ સમયે ડ્રાફ્ટીંગ કમિટીના અધ્યક્ષ તરીકે ડો. બાબાસાહેબ આંબેડકરજીના અધ્યક્ષ પદે કમિટી નીમીને બંધારણ ઘડવામાં એમના અધ્યક્ષ સ્થાનેથી જે બંધારણ ઘ ડાયું એ ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦થી અમલમાં આવ્યું ત્યારથી આજે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની સમાજ માટે બે પ્રકારની અનામત પ્રથા આપવામાં આવી. એક રાજકીય અનામત અને બીજી નોકરીઓ માટેની અનામત. જે રાજકીય અનામત છે એ ૨૫મી જાન્યુઆરી ૨૦૧૦ ના રોજ જેની મુદત પૂર્ણ થતી હોય એ મુદત લંબાવવા માટે આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એના સમર્થન માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમાજની ૬૦ વર્ષની અંદર આ અનામતના કારણે પ્રગતિ થઈ છે તેમ છતાં અન્ય સમાજની સરખામણીમાં આ સમાજ હજુ ઘણો પાછળ છે અને પાછળ હોવાના કારણે એનો સમય વધારવા માટેનો જે પ્રસ્તાવ લઈને માનનીય મુખ્યમંત્રીશ્રી આવ્યા છે એમાં હું મારું અનુમોદન આપું છું અને આ સાથે મારી વાત હું પૂરી કરું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી બંધારણના અનુચ્છેદ ૩૬૮ (૨) અન્વયે જે અનામત બાબતનો પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પછાત વર્ગોને લોકસભા, વિધાનસભા અને શિક્ષણ અને નોકરીઓમાં અનામત હોય છે. આઝાદી પછી ૬૫ વર્ષ થયા અને એમાં ઘણું થયું પણ છે. પરંતુ હજુ પણ જે પછાત વર્ગો છે એમને મેઈન સ્ટ્રીમમાં લાવવા માટે મોટી મંઝિલ કાપવી પડે એમ છે એવું દેખાય રહ્યું છે. બંધારણથી નહીં, પણ હૃદયથી અને સ્પિરિટથી જો એમ વિચારીએ એમને મેઈન સ્ટ્રીમમાં લાવવામાં શું શું વસ્તુ ખૂટે છે એ જો પ્રયત્ન કરીશું તો ચોક્કસ મને એમ લાગે છે કે, આવા જે પછાત વર્ગના લોકો છે, કચડાયેલા, દબાયેલા છે એમને જરૂર આપણે મેઈન સ્ટ્રીમમાં લાવી શકીશું. આજે પણ આપણો શિડયુલ ટ્રાઈબનો લિટરેસી રેઈટ છે જે ૪૭.૧ પરસન્ટ છે, એસ.સી. માટેનો લિટરેસી રેઈટ છે ૫૪ ટકા છે. આજે ઘણા એવા એવા શિક્ષણના ક્ષેત્રો છે જેમાં શિડયુલટ્રાઈબના લોકો જઈ શક્યા નથી અને ખાતુ ખોલાવી શક્યા નથી. તો આમાં શું ખૂટે છે અને કેવું શિક્ષણ આપવું જોઈએ કે જેથી આ સમાજના માણસો ત્યાં જઈ શકે.આજે ૬૮ ટકા શિડયુલ ટ્રાઈબના માણસો મજૂરી કરે છે, શિડયુલ કાસ્ટના ૪૬ ટકા માણસો આજે મજૂરી કરે છે, આવા જે પછાત વર્ગના માણસો છે એમને સારું શિક્ષણ મળે એ લોકોનો અવાજ વિધાનસભામાં અને લોકસભામાં કેવી રીતે રજૂ થાય એ પણ જોવું જોઈએ. જે સરકારની યોજનાઓ છે એ ફકત બી.પી.એલ. પૂરતી રહી છે, આજે એસ.સી. અને એસ.ટી. લોકો જે ખરેખર ગરીબ છે એમને આ યોજનાનો લાભ નથી મળી શકતો, ગયા વખતનું તાલુકા પંચાયતનું અને જિલ્લા પંચાયતનું જે રિઝર્વેશન હતું એમાં શિડયુલ એરિયાની બહાર રિઝર્વેશન રાખવામાં આવેલું, જે ખરેખર કમનસીબ બાબત છે કારણકે એ કરવાથી ત્યાં એક પણ માણસ અનામતવાળો વોટ આપનારો નથી મળી શકતો એના કારણે રિઝર્વેશનના જે માણસો હતા એમને હારનો સામનો કરવો પડ્યો હતો, શિડયુલ એરિયાની અંદર જે રિઝર્વેશન હોવું જોઈએ જેથી એ લોકોને એનો લાભ મળી શકે, બેકલોગની પણ ઘણી બધી જગ્યાઓ ખાલી છે, એ જગ્યાઓ ભરવા માટેનો સરકારે પ્રયત્ન કરવો જોઈએ

જેથી આ જે સમાજ છે એ સમાજને ન્યાય આપી શકાય. આ બિલને, આ પ્રસ્તાવને માનનીય મુખ્યમંત્રીશ્રી લાવ્યા છે એને મારું અનુમોદન આપું છું અને અમારા વિરોધપક્ષના નેતાશ્રીએ પણ જે અનુમોદન આપ્યું છે એને હું પણ અનુમોદન આપીને મારી આટલી વાત કરીને હું વિરમું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપીને મારા વિચારો વ્યકત કરું છું. આ દેશ આઝાદ થયો ત્યારે અનુસૂચિત જાતિના લોકોને જે કંઈ શોષણભરી સમાજ વ્યવસ્થામાં ભોગવવું પડ્યું હતું એના પરિણામે એને રાજકીય અનામતો મળે, નોકરીઓમાં અનામતો મળે એવી જોગવાઈઓ થઈ હતી, નોકરીઓમાં થયેલી અનામતો કાયમ હતી પણ જે રાજકીય અનામતો હતી એમાં તે દિવસોમાં ૧૦ વર્ષની જોગવાઈ હતી એને વખતોવખત લંબાવીને ફરીથી આ ૨૫ જાન્યુઆરી, ૨૦૧૦માં પૂરી થાય છે ત્યારે એને ફરીથી બીજા ૧૦ વર્ષ માટે લંબાવવાનો જે સુધારો છે એ કેન્દ્ર સરકારે સંસદમાં અને રાજયસભામાં પસાર કરીને ગુજરાતની વિધાનસભામાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જ્યારે આ લઈને આવ્યા છે ત્યારે મારે એકાદ બે વાત તરફ ધ્યાન દોરવું છે જયારે ચર્ચાઓ થતી હોય છે ત્યારે આપણે ક્યાંક ગુજરાતની છબી ના બગડે એનું પણ ધ્યાન રાખવું જોઈએ આજે કેટલીક રજૂઆતો થઈ છે એના ખુલાસા માટે જ હું આ હકીકત રજૂ કરું છું કે પ્રાથમિક શાળાઓમાં સફાઈની અને બીજી જે વાતો થઈ એમાં તપાસ કરીને સંબંધિત જિલ્લાના પ્રાથમિક શિક્ષણ અધિકારી મારફતે શાળાઓની તપાસ કરાવીને પણ શાળાના આચાર્ય, શિક્ષકો અને મધ્યાહ્ન ભોજન યોજનાના સંચાલકો અને વાલીઓના રૂબરૂ નિવેદનો લેવામાં આવેલા અને સમાચારપત્રોમાં જે અહેવાલો કંઈક આવ્યા હતા એ અહેવાલોમાં કોઈ તથ્ન નથી એવી વાત મારે એટલા માટે કરવી પડે છે કે ગુજરાતની છબી બગાડવાના પ્રયત્નો જે ક્યાંક થાય છે એમાં ક્યાંકને ક્યાંક આપણે ભાગીદાર ના થઈએ, મારે બીજી વાત એ પણ કરવી છે, અનુસૂચિત જાતિના લોકોની સાથે કરવામાં આવતા વર્તનની જ્યારે અહીંયા વાત થાય છે ત્યારે હું ગર્વ સાથે કહી શકું કે, ગુજરાતના જાહેર જીવનના મારા ત્રીસ ચાલીસ વર્ષના અનુભવમાં પહેલીવાર ભારતીય જનતા પક્ષના પ્રમુખ પુરૂષોત્તમ રૂપાલાએ એવી જાહેરાત કરી કે મારી જે જિલ્લામાં મુલાકાત હશે એ જિલ્લાની મુલાકાત પૂરી થયા પછી મારું જમવાનું દલિતના ચુલે બનેલું હશે એ જમવાનું હું જમીશ અને એમણે એવા વિસ્તારોમાં એવા દલિત વાસોમાં મુલાકાત લીધા પછી ક્યાંક કોઈએ થમ્સ અપ કે પેપ્સી પીવડાવવા માટેના પ્રયત્નો કર્યા હોય ત્યારે એમણે કહયું છે કે નહિ મારે દલિતના ચુલામાં અને દલિતની તપેલીમાં બનેલી ચા પીવી છે. જાહેર જીવનના વર્ષોના અનુભવ પછી એ દલિત સમાજ સાથે હૈયા પર રાખીને જેને સાચા અર્થમાં દલિતોને હૈયેહૈયા છાતી સરસા ચાંપીનેતેના સુખ દુઃખમાં ભાગીદાર થવાનો પ્રયત્ન કર્યો હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયો છે અને અમે તેને આવકારીએ છીએ. અને એટલા માટે આજની તારીખે પણ મારે એક એ વાત કરવી છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ જયારે પોતાના બંગલામાં જયારે પ્રવેશ કર્યો ત્યારે અમને ગર્વ સાથે અભિનંદન પણ માનનીય મુખ્યમંત્રીશ્રીને આપીએ કે એક દલિત દીકરીને લઈ જઈને પોતાના બંગલાની અને વાસ્તુની શરૂઆત કરી હતી. આ કલ્ચરમાંથી, આ સમાજમાંથી જયારે આ પક્ષ આવેલો છે ત્યારે માનનીય બાબુભાઈએ વાત કરી અટલબિહારી બાજપાઈજીની વી.પી.સિંઘની સરકાર હતી વી.પી.સિંઘ વડાપ્રધાન હતા અને તેમાં સાથીદાર હતા અટલબિહારી બાજપાઈજી અને મંત્રી પણ લાલકૃષ્ણ અડવાણીજી ત્યારે તેમણે યાદ અપાવ્યું હતું કે અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકો માટેની અનામત તાત્કાલિક લંબાવવા માટે એક દિવસનું પાર્લામેન્ટનું સત્ર બોલાવ્યું હોય એવી ઈતિહાસમાં નોંધ હોય તો એ ભારતીય જનતા પક્ષની ટેકાવાળી સરકારના શાસનમાં હતું અને આજે અમે એટલા માટે કહીએ છીએ કે જે આ કેન્દ્ર સરકાર દ્વારા બંધારણને દશ વર્ષની અવધિ માટે લંબાવવાના પ્રયત્નો થયાં છે અને તેને ગુજરાતમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાતે જયારે આ ગૃહમાં પ્રસ્તાવ લઈને આવ્યાં છે ત્યારે હું તેને મારું સમર્થન આપું છું અને એવી પણ અપેક્ષા રાખીએ માનનીય અધ્યક્ષશ્રી, કે વર્ષો સુધી જે આને લંબાવવાનો સીલસીલો ચાલુ છે તેને બદલે દલિતોનો સર્વાંગી વિકાસ થાય, સત્તામાં તેની સંપૂર્ણ ભાગીદારી થાય, એનો આર્થિક વિકાસ થાય અને આપણે આવી ફરીથી પરિસ્થિતિ ઉભી ના થાય તે પ્રકારની પરિસ્થિતિનું આપણે પણ નિર્માણ કરીએ એટલી વાત કરીને વિરમું છું.

**શ્રી શૈલેષ મ. પરમાર (શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના બંધારણના..

**અધ્યક્ષશ્રી** : માનનીય ભરતભાઈ, માનનીય દંડક જાણે છે કે જે વખતે આપનું નામ બોલયું ત્યારે આપ નહોતા એટલે મેં રમણભાઈને તક આપી, આપ બહાર હતા.

**શ્રી શૈલેષ મ. પરમાર** : ૩૬૮/૨ અન્વયે જે પ્રસ્તાવ લઈને આવ્યાં છે અમારા પક્ષના નેતા મુરબ્બી શકિતસિંહજીએ જેને ટેકો આપ્યો છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશ આઝાદ થયે આજે ૬૨ વર્ષ થયા. અને દર દશ વર્ષે ભારતના બંધારણમાં એસ.સી. અને એસ.ટી.નું દર વર્ષે દશ વર્ષ પછી તેનો અમલ ફરી ચાલુ રાખવો તે માટેના પ્રસ્તાવો પાર્લામેન્ટ,રાજયસભા કે ધારાસભાઓમાં આવતાં રહ્યાં છે. આજે પણ ૬૨ વર્ષ થયાં પછી પણ આ દેશનું બંધારણ ડો.બાબાસાહેબ આંબેડકરે ઘડયું. હું એ કુટુંબમાંથી આવું છું, દલિત પરિવારમાંથી આવું છું. મને પોતાને પણ એમ થાય કે આ ભારત દેશનું બંધારણ કદાચ ડો.બાબાસાહેબ આંબેડકરે ના ઘડયું હોત તો આ દેશના દલિતો અને

આદિવાસીઓની શું સ્થિતિ હોત તે વિચાર કરતાં પણ આજે કંપારી છૂટી જાય છે. અનામતનો લાભ તે શૈક્ષણિક અને નોકરીમાં આપ્યા બાદ રાજકીયમાં આપવાની વાત છે ત્યારે છેલ્લાં ૬૨ વર્ષથી કોઈ પણ સરકાર હોય તે સરકારો આ સમાજને, તેના ભણતર માટે તેને સ્કોલરશીપ આપે, તેને સાઈકલો આપે, ધંધાકીય લોનો આપે, મકાન માટેની લોનો આપે, મકાનો ફાળવે પણ તેમ છતાં પણ ૬૨ વર્ષથી આ સમાજને જે ભોગવવું પડયું છે અને જે ભોગવતાં આવ્યાં છીએ આજે પણ આપણે માનીએ છીએ, જોઈએ રહ્યા છીએ. હું રાજકીય અવલોકનની વાત નથી કરતો. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ સારી વાત કરી કે જયારે અનામત સીટ ઉપર કોઈ એસ.સી. કે એસ.ટી. લડતો હોય ત્યારે બીજા સમાજનો એ વ્યકિત કે જેને મતનો અધિકાર છે, આવતીકાલે તે બિલ પણ આવવાનું છે કે ફરજિયાત મતદાન કરવું જોઈએ. તે પોતે મત આપવા નથી નીકળતો અને અનુભવો અમે પણ લડયાં છીએ ચૂંટણી અને ખૂબ નજીકથી જોયા છે. મત આપતા ગભરાય છે અને એમાં રાજકીય અવલોકનો કરે છે. કે 'અ' પાર્ટીનો હોય કે 'બ' પાર્ટીનો હોય. જીતીને આવશે તો કોઈ દલિત કે આદિવાસી જ જીતીને આવવાનો છે ને. એ રીતનું લોક માનસ આજે થઈ રહ્યું છે. આજે જે રીતે માણસ ઓળખાય છે. કે આ પરમાર છે કે સોલંકી છે કે વસાવા છે. અટકને લીધે પણ ખૂબ મોટું ભોગવવાનો વારો આવે છે. આ સમાજના લોકો, આ સમાજ તો ભળ્યો નહીં, પરંતુ આ સમાજની અંદર ભળવા માટે અટક પણ ચેઈન્જ કરે છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને બે મિનિટ આપો.

**અધ્યક્ષશ્રી** : એક કલાકની મર્યાદા છે અને મુખ્યમંત્રીશ્રીનો જવાબ બાકી છે.

**શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે, એને હું ટેકો આપું છું અને મારા બે વિચાર રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બહુ સેન્સિટીવ વિષય છે. પરંતુ જે હાર્દમાં અહીંયા ચર્ચા થાય છે એના અનુસંધાનની અંદર ૬૦ વર્ષમાં માનનીય મુખ્યમંત્રીએ વાત કરી છે કે આપણે આત્મ નીરિક્ષણની જરૂર છે. હજુ આપણો સમાજ તૈયાર થયો નથી. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, જે લોકોએ ૬૦ વર્ષમાંથી ૫૫ વર્ષ સુધી શાસન કર્યુ અને દર દસ વર્ષે આ દસ વર્ષ સુધી વધારીએ, એની સાથે આપણે બધા સંમત છીએ. મતલક્ષી રાજનીતિથી ઉપર થઈને એમના સાચા વિકાસના સંદર્ભમાં આ અનામત સિવાયની શાસકીય વ્યવસ્થા આપણે ઉભી કરવા માગીએ છીએ? સાદો સરળ પ્રશ્ન આ છે. તમે એમને સમાન વ્યવસ્થા આપવા માટે બંધારણીય અધિકારો આપ્યા છે. એના અમલની વ્યવસ્થા ઉભી થતી નથી. સાહેબ, તમે સચ્ચર કમિટી બનાવી શકો. ૧૦ ટકા સમાજ માટે, મત લેવા માટે, મતલક્ષી નીતિ માટે સચ્ચર કમિટી બની છે. સાહેબ, આ ૧૫ ટકા દલિત, ૭ ટકા આદિવાસી, એ સમાજના એમના અનામતના બંધારણીય અધિકારો છે. હજુ ૬૦ વર્ષ થયા છે, એનો અમલ થતો નથી. આપણે સ્વીકારીએ છીએ. એના આત્મ નીરિક્ષણની આપણે ચર્ચા કરીએ છીએ, પણ એવી જુદી બંધારણીય વ્યવસ્થા ઉભી નથી કરતા. કોઈ કમિટી નથી બનતી. સચ્ચર કમિટી બને. આ દેશમાંથી ભાગલા પડી ગયા. એ સમાજના વિકાસ માટે તમે સચ્ચર કમિટી બનાવો છો. આ અતિ ગરીબ, અતિ પછાત, બંધારણીય હકકવાળા માટે કોઈ કમિટી ન બને? આ શાસકીય વ્યવસ્થા કેમ ઉભી ન કરાય? આજે મારું સૂચન છે સાહેબ. આપણે રાજય સરકાર તરીકે આને અનુમોદન આપીએ છીએ, પરંતુ આ પછાત વર્ગોના સમાજ માટે એના અમલીકરણના સંદર્ભમાં આપણે વ્યવસ્થા ઉભી કરવી પડે, કરાવવી પડે. આ બંધારણીય અધિકાર માટે કેન્દ્ર સરકારે સચ્ચર કમિટી જેવી કોઈ કમિટી બનાવીને આ અમલવારીની પ્રક્રિયામાં શાસકીય વ્યવસ્થા કેમ નબળી પડે છે? બે સામાજીક વ્યવસ્થાના સંદર્ભમાં આપણા સમાજના દોષો દૂર કરવા માટે આપણી બધાની જવાબદારી છે. પણ શાસકીય વ્યવસ્થાના દોષો દૂર કરવા માટેની જવાબદારી તો જે શાસન કરતું હોય એની છે. અને જે લોકોએ વધારે શાસન કર્યુ છે એમની સૌથી મોટી જવાબદારી છે. એ જવાબદેહી એમની છે. અને એટલા માટે આ હાર્દની અંદર સંમત થઈને આ સમાજને જે મળે છે, એ એમનો અધિકાર છે. દયાદાન નથી. આપણે આજે પણ સમજવું જોઈએ કે બાબાસાહેબ આંબેડકરે જે ઉપવાસ કર્યા, ગોળમેજી પરિષદ થઈ, પૂના કરાર થયા, એના પછી આ સત્તામંડળોની અંદર આ લોકોને આ અધિકાર મળ્યા છે. કોઈ પોલિટિકલ પાર્ટીની દયાથી નથી મળ્યા. આ સમાજને આ અધિકારો બાબાસાહેબ આંબેડકરજીના સંઘર્ષના કારણે મળ્યા છે. એ કોઈ પોલિટિકલ પાર્ટી, કોંગ્રેસમાં નહોતા. એટલું સમજી લે કે એમના લીધે નથી મળ્યા. આજેય નથી મળ્યા, ભૂતકાળમાંયે નથી મળ્યા. એ એમના પ્રખર વિરોધી હતા અને એ માનતા હતા કે આ વ્યવસ્થા આગળ કરવી હશે તો સામૂહિક રીતે સમાજે ચિંતન કરવું પડશે. અને આજે ૬૦ વર્ષ પછી પણ આપણે આનો અમલ નથી કરી શકયા. આપણે એને આગળ દસ વર્ષ વધારીએ છીએ. તો એ વ્યવસ્થા માટે આપણે પુનઃ સમજીને શાસકીય વ્યવસ્થાને એવી મજબૂત કરીએ. સચ્ચર કમિટી જેવી કમિટી બનાવી શકાતી હોય તો આના માટે પણ વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ માનનીય સભ્યશ્રીઓને ચર્ચામાં ભાગ લઈને કોઈએ પોતાની લાગણી વ્યકત કરી, કોઈએ પોતાની વેદના વ્યકત કરી, કોઈએ પોતાની તકલીફ પણ રજૂ કરી, કોણ શું બોલ્યું છે અને શેના માટે બોલ્યું છે તે સમજવું મુશ્કેલ નથી હોતું, પણ સૌએ પ્રસ્તાવના સમર્થનમાં સૂર વ્યકત કર્યો છે તે બદલ આભાર વ્યકત કરું છું. ચર્ચામાં ભાગ લેવા માટે આભાર વ્યકત કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમંતિથી મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** માનનીય મુખ્ય મંત્રીશ્રીનો પ્રસ્તાવ "That this House ratifies the amendment to the Constitution of India falling within the purview of clause (d) of the proviso to clause (૨) of article ૩૬૮, proposed to be made by the Constitution (One Hundred and Ninth Amendment) Bill, ૨૦૦૯, as passed by both the Houses of Parliament." સર્વસંમતિથી પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૮-૧૬ કલાકે પૂરું થતાં, માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર, સભાગૃહ શનિવાર, તા. ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ સવારના ૮-૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શનિવાર, તા. ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૯**
**પોષ ૩, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૨૦૦૮-૦૯ના ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો ઑડિટ અહેવાલ**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો સન ૨૦૦૮-૦૯ના વર્ષનો ઑડિટ અહેવાલ (મૂલ્કી) (અંગ્રેજી તથા ગુજરાતી) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઑડિટ અહેવાલ (મૂલ્કી) સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.**

**સન ૨૦૦૫-૨૦૦૬ અને સન ૨૦૦૭-૨૦૦૮નો ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડના વાર્ષિક અહેવાલો**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૦૫-૨૦૦૬ અને સન ૨૦૦૭-૨૦૦૮ના વાર્ષિક અહેવાલો, હિસાબો અને ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૭-૦૮નો ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૭-૨૦૦૮નો ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક-૫૯ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રીજયનારાયણ વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧૭-૧૨-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી ગોવિંદભાઈ પ્રજાપતિના "રાજયમાં બનાવટી દેશી ઘીના ઉત્પાદન" વિષયના ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક-૫૯ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૧૨૦૮ (અગ્રતાક્રમ-૪)ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી ૨૩૦/page>વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૮-૭-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી કાંતિલાલ અમૃતિયાના "રાજકવોટ જિલ્લામાં વેટની વસૂલ કરવાની બાકી રકમ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૧૨૦૮( અગ્રતાક્રમ-૪)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**પંચાયતી રાજ સમિતિના બીજા અહેવાલની રજૂઆત**

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા (સમિતિના પ્રમુખશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયતી રાજ સમિતિનો બીજો અહેવાલ રજૂ કરૂં છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

# સરકારી વિધેયકો

**સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૩**

# ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા(સુધારા) વિધેયક,૨૦૦૯

મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી નીતિનભાઈ ર. પટેલ(શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૦૯નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરૂં છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂં છું કે, સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૦૯નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીનીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણું આ સન્માનનીય વિધાનસભા ગૃહ, આપણું ગુજરાત રાજય જયારે આપણી રાજયની સ્થાપનાની પચાસમી સ્વર્ણજયંતિ ઉજવવા તરફ જઈ રહયું છે ત્યારે એક ખૂબ ઐતિહાસિક અને ક્રાંતિકારી કાયદો બનાવવા તરફ જઈ રહયું છે. આ સભાગૃહમાં ઉપસ્થિત આપ સર્વ સભ્યશ્રીઓ આજે એક ઐતિહાસિક ઘડીના આપણે સૌ સાક્ષી બનવાના છીએ, આમ તો વિધાનસભામાં વિધાનમંડળે કાયદા બનાવવા, કાયદા પસાર કરવા એ આ ગૃહનો અધિકાર છે, આ ગૃહનું કર્તવ્ય છે. અનેક બિલો, અનેક કાયદાઓ આ ગૃહે અત્યાર સુધીમાં મંજૂર કર્યા છે. ગુજરાત સરકાર દ્વારા એનો સુપેરે અમલ થઈ રહયો છે. પરંતુ કેટલાક પ્રસંગો, કેટલાક બનાવો એ ઐતિહાસિક પૂરવાર થાય છે. આઝાદીની લડત પણ આપણે જોઈએ તો વર્ષોના વર્ષો દાયકાઓ સુધી ચાલી પણ એમાં જે કેટલાક ઐતિહાસિક પ્રસંગો બન્યા એ આજે પણ અને આવનારા વર્ષોમાં પણ પ્રજા માટે, નાગરિકો માટે, ભારત દેશના તમામ લોકો માટે એક સિમાચિન્હરૂપ બની રહેવાના છે. જે રીતે ભારત છોડો ચળવળની શરૂઆત થઈ, કવીટ ઈન્ડિયાનો નારો આપવામાં આવ્યો, આજે પણ ભારતના એક એક નાગરિકના હૃદયની અંદર એ નારો વસેલો છે. એવી રીતે આપણા સરદાર વલ્લભભાઈ લોખંડી પુરૂષ દેશના મહાન નેતા, એમણે દેશની આઝાદીની લડતમાં અનેક યોગદાનો આપ્યા છે, અને એમના દ્વારા જે બારડોલીનો સત્યાગ્રહ કરવામાં આવ્યો એ આજે દેશના ઈતિહાસમાં એક સિમાચિન્હરૂપ કહી શકાય એવા પ્રકારનો એક પ્રસંગ છે. આઝાદીની લડત વખતે અનેક લોકોએ જેલયાતનાઓ સહન કરી, કાળાપાણીની અંદામાન નીકોબારની જેલોમાં એમણે જિન્દગી વિતાવી, અનેક લોકો હસતા હસતા ફાંસીના માંચડે ચડી ગયા, એવા પ્રસંગો પણ યાદ કરીએ ત્યારે આપણનો શહીદ ભગતસિંહ, વીરસાવરકર જેવા નેતાઓ આજે પણ આપણને યાદ આવે, લોકમાન્ય તિલક અને એમના ઉપર થયેલો અત્યાચાર અને એ પછી ક્રાંતિકારીઓએ અંગ્રેજો સામે જે બદલો લીધો એ આજે પણ આપણને યાદ આવે. ઈંગ્લેન્ડ જઈને પણ આપણા જ ગુજરાતના એક મહાન સપૂત અને જેમણે એમ કહી શકાય કે જેણે આઝાદીની લડતનો પાયો નાખ્યો, એવા લોકો પણ આજે આપણને યાદ આવે, ત્યારે સ્વભાવિક છે કે આપણી ઐતિહાસિક ઘડીઓ જે મેં કહી એ પ્રકારની આ ઘડી આજે આપણે આ ગૃહમાં અત્યારે નજર સામે જોઈ રહયા છીએ. આજે અમારા મુખ્યમંત્રી અને નરેન્દ્રભાઈની સરકાર જે અનેક પ્રકારના આયોજનો, નીડરતાવાળા હિંમતપૂર્વકના જે નિર્ણય કરે, જે કાયદા કરે જે અમલવારી કરે, જે યોજનાઓ બનાવે એને જો આપણે જોઈએ તો એમાં આજે વિશિષ્ટ પ્રકારનો અને દેશને, રાજયને પણ ,રાજયની સાથેસાથે દેશને પણ એક પહેલરુપ કહી શકાય એ દીવાદાંડીરુપ કહી શકાય, બધાને એ કાયદો કરવાનું મન થાય, અમલ કરવાનું મન થાય, પ્રજા એને સ્વીકારે,એવા પ્રકારના કોઈ કાયદાને આપણે જ્યારે ઘડવા જઈ રહ્યા છીએ ત્યારે આપણે સૌ અહીં ઉપસ્થિતિ માનનીય સભ્યશ્રીઓ આ ઐતિહાસિક ઘ ડીના આપણે સાક્ષી બનવાના છીએ. આપણા દેશને આઝાદી મળ્યાને આજે ૬૩ વર્ષ થયા અને ૬૦ વર્ષ કરતાં વધુ વર્ષ આપણને પ્રજાસત્તાક બન્યે થયા. આપણા દેશને દુનિયામાં પ્રથમ નંબરનો દેશ બનાવવા માટે આપણે સૌ

• વિધેયક તા. ૧૪મી ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

અનેક પ્રયત્નો કરી રહ્યા છીએ. આપણા રાજ્યને પણ દેશની અંદર એક ખૂબ અગત્યના સ્ટેજ ઉપર મૂકી શકાય, પ્રથમ ગણી શકાય એવું રાજ્ય બનાવવા આપણે સૌ પ્રયત્નો કરી રહ્યા છીએ અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે વિશિષ્ટ પ્રયત્નો કર્યા છે, એની દીર્ઘદ્રષ્ટિ, અમારી સરકારની જે આયોજન શક્તિ છે એના કારણે આજે આખા દેશમાં ગુજરાત રાજ્ય એક નમૂનારૂપ રાજ્ય ગણાય છે. દેશના વિકાસની વાત હોય, પ્રગતિની વાત હોય, સમૃદ્ધિની વાત હોય કે એકતા અને સલામતીની વાત હોય, બધાના આયોજનની વાત હોય, દરેક બાબતમાં હંમેશા ગુજરાતને અગ્રેસર ગણવામાં આવે છે. ભારત સરકાર પણ કોઈ આયોજન કરે, ભારત સરકારનું પ્લાનીંગ કમિશન આયોજન કરે, ભારત સરકાર કોઈ કાયદો બનાવવા વિચારતી હોય તો સ્વભાવિક રીતે આજે ગુજરાત ઉપર નજર જાય છે કે ગુજરાતે શું કર્યું છે એ જોઈએ. ગુજરાત કઈ રીતે સફળ થયું છે એ જોઈએ. ગુજરાતના પગલે પગલે ચાલીને દેશના બીજા રાજ્યો પણ પોતાના રાજ્યની પ્રગતિ અને સમૃદ્ધિ વધારવા માટે જ્યારે કામ કરી રહ્યા છે ત્યારે આજે આપે સૌ જોઈએ છીએ કે અમે મંત્રીશ્રીઓ, બીજા હોદ્દેદારો જ્યારે દિલ્હીમાં કે બીજા કોઈ રાજ્યમાં જઈને સિનિયર ઑફિસરો વચ્ચે બેસીએ છીએ, બીજા રાજ્યના મંત્રીશ્રીઓ વચ્ચે બેસીએ છીએ ત્યારે બધા જ એક જ વાત પૂછતા હોય છે કે, આપ કે ગુજરાતમેં કિસ પ્રકાર કા આયોજન આપ કર રહે હૈં, આપકા ગુજરાત કિસ પ્રકારસે પ્રગતિ કર રહા હૈ વો હમકો બતાઓ. હમ ભી આપકી યોજનાઓ કા ઉપયોગ કરના ચાહતે હૈ. બીજા રાજ્યના ઉચ્ચ અધિકારીઓ અને સચિવશ્રીઓ પણ ઈચ્છતા હોય છે કે ગુજરાતમાંથી કંઈક મેળવીએ, પ્રેરણા લઈએ અને એમના રાજ્યમાં એ પ્રમાણે પ્રયત્ન કરીને સફળતાને વધારવાનો પ્રયત્ન કરતા હોય છે. આજે આપણે ભૌતિક સુખ સગવડો ઘણી મેળવવાના છીએ અને મેળવી છે. આપણે ઘણી રીતે પ્રગતિ કરી છે. રાજ્યમાં આરોગ્ય હોય, શિક્ષણ હોય, સામાજિક સેવા હોય, માનવ વિકાસ આંક હોય, રસ્તા, વીજળી, પાણી, સિંચાઈ કે ખેતી હોય, તમામ ક્ષેત્રે આપણે, કોઈ ક્ષેત્ર બાકી રહેવા દીધું નથી કે જેમાં ગુજરાત પહેલો નંબર ન હોય. આજે ગુજરાત માટે ભારત સરકારની વિવિધ સંસ્થાઓના નાના-મોટા એવોર્ડ મેળવવા એ કોઈ મોટી અગત્યની વાત નથી. કારણ કે બધી જ જગ્યાએ નક્કી જ હોય છે. લગભગ દરેક કામમાં, સર્વાંગી વિકાસમાં ગુજરાત પહેલા નંબરે આવવાનું છે, આવવાનું છે અને આવવાનું જ છે. હું માનું છું કે ભારત સરકાર દર વર્ષે કેટલાય એવોર્ડો આપતી હશે અને એના ૫૦ ટકા ઉપરાંત તો કોઈપણ ખાતાની, વિભાગની કામગીરી હોય, ગુજરાત સરકાર એ એવોર્ડ મેળવતી હોય છે. જ્યારે આ બધું આપણે કરી રહ્યા હોઈએ ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમારી સરકારે એક આમૂલ પરિવર્તન માટેનો એક ઐતિહાસિક કાયદો કરવાનો આજે નિર્ણય કર્યો છે. આપણા દેશની અંદર જે વસતિ છે, સ્વભાવિક છે કે દુનિયામાં પણ આ પ્રમાણે વસતિ હશે. ૫૦ ટકા મહિલાઓ જ્યારે આ ૧૧૦-૧૨૦ કરોડની વસતિ ધારાવતા દેશની અંદર સરખો હિસ્સો વસતિની દ્રષ્ટિએ ધરાવતી હોય ત્યારે સ્વભાવિક છે કે આપણી વિચારણા, આપણું આયોજન, આપણી વ્યવસ્થાઓ આ સમાજનો જે એક મોટો ૫૦ ટકા હિસ્સો છે, આપણી સમાજ રચના છે એમાં પુરૂષ અને સ્ત્રી એ બન્ને પ્રમાણે એને જોવામાં આવે છે. દેશની અંદર ૫૦ ટકા પુરૂષો છે તો મહિલાઓ પણ દેશમાં ૫૦ ટકા છે. આપણે જોઈએ છીએ કે કમનસીબે મહિલાઓના વિકાસ માટે, મહિલાની પ્રગતિ માટે, મહિલાના સશકિતકરણ માટે ભૂતકાળમાં ઓછા આયોજનો થવાના કારણે આજે આપણા સમાજની, દેશની વસ્તીનું સામાજિક અનબેલેન્સ થયાનું આપણે જોઈ રહ્યાં છીએ. આજે પુરૂષ દરેક ક્ષેત્રે છવાય ગયા હોય, મહિલા શકિતશાળી છે, મહિલા ખૂબ દ્રઢ નિશ્ચયી અને શકિતશીલ છે, મહિલા ખૂબ મહેનતુ છે પણ આપણે સામાજિક રચના એવી કરી છે કે મહિલાને આપણે દ્વિતીય કક્ષાએ ગણીએ છીએ. આપણે જો ભારતીય સંસ્કૃત્તિ જોઈએ હજારો હજારો વર્ષ પુરાણી આપણી સંસ્કૃત્તિમાં નથી, આપણી સંસ્કૃત્તિમાં તો પુરૂષની સાથે સાથે મહિલાઓને પણ એટલું જ સન્માનીય સ્થાન આપણે આપ્યું છે. આજે આપણા દેવતાની વાત હોય, ભગવાનની વાત હોય, દેવ મંદિરની વાત હોય સામે એનાથી પણ વિશેષ પ્રકારમાં દેવીઓ, એના મંદિરો અને આપણી જે ધાર્મિક સંસ્કૃત્તિ છે એમાં પણ આપણે જોઈએ તો મહિલા શકિત, સ્ત્રી શકિત એને ખૂબ રીતે સન્માન આપવામાં આવ્યું છે. જે રીતે આપણે ગઈકાલે બિલ પસાર કર્યુ, માનનીય મુખ્યમંત્રીશ્રીનો ઠરાવ પસાર કર્યો. આપણા સમાજની અંદર કેટલાક દૂષણો જે ઊભા થયા એમાંનું એક દૂષણ એટલે અસ્પૃશ્યતાનું દૂષણ કાંઈ આપણી ભારતીય સંસ્કૃત્તિમાં, હિન્દુ સંસ્કૃત્તિમાં જો હજારો વર્ષ પહેલા જોઈએ તો કોઈ પ્રકારની અસ્પૃશ્યતા નહોતી. પર઼તું ગઈકાલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ સારું અને સાચું કહ્યું ૧૨૦૦ વર્ષની જુદા જુદા લોકોની ગુલામી પરદેશીઓ, પરધર્મિઓ, બહારથી આવેલા લોકોએ આ સંસ્કૃત્તિ સાથે, આ દેશ સાથે, આ ભૂમિ સાથે જેનો સ્નાન-સૂતકનો નાતો નહોતો, જેમને કોઈ દેવાદેવા નહોતી એવા લોકોએ આ દેશ ઉપર ૧૨૦૦ વર્ષ જે રાજ કર્યુ. એના કારણે આપણી જે હજારો વર્ષ જૂની ભારતીય સંસ્કૃત્તિ હતી એ એક રખિયાના ઢગલા નીચે દબાઈ ગઈ અને એવા લોકોએ ઊભી કરેલી પ્રથાઓ જે અમલમાં આવી. એક જેમ અસ્પૃશ્યતા એક આપણા માટે કલંક સમાન છે એવી રીતે એમ કહી શકાય કે મહિલાઓને પણ પ્રાધાન્ય આપવું, મહિલાઓનું સન્માન કરવું, મહિલાઓને સમાન દરજ્જો આપવા એ આપણી જે ભવ્ય ઐતિહાસિક સંસ્કૃત્તિ છે એ સંસ્કૃતિ કાળની ઝપટમાં કયાંય દબાઈ ગયેલી ત્યારે સ્વાભાવિક છે કે આ શકિતનો ઉપયોગ કરવો, આ શકિતનો દેશની પ્રગતિમાં કામે લગાડવા, એમને સન્માન આપવું એ આપણા સૌની જવાબદારી છે ત્યારે આ જે મુખ્યમંત્રીશ્રીએ જે નિર્ણયો કર્યો છે એ નિર્ણયો પણ હું તબકકાવાર આપના ધ્યાન પર મૂકવા માગું છું. આજે એવું નથી કે ફકત રાજકીય રીતે વિચારણા કરી અને

મહિલાઓને ૫૦ ટકા અનામત આપવી, મહિલાઓ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સભ્ય બને, હોદ્દેદાર બને એટલે સરકારની જવાબદારી પૂરી થઈ જાય છે એવું નથી. અમારી સરકારે, અમારા પક્ષે, અમારા મુખ્યમંત્રીશ્રીએ તબકકાવાર મહિલા, સ્ત્રી સશકિતકણના જે પગલા લીધા છે. મારે આજે આપ સૌને જણાવવા છે, એ યાદ કરાવવા છે, આપના ધ્યાન પર મૂકવા છે. ગુજરાતમાં સરકાર બની ત્યારથી અનેક વિભાગોની રચના થયેલી. જુદા જુદા વિભાગો પોતપોતાનું કામ કરે, બજેટ ફળવાય, અધિકારીઓ, તંત્ર એને મળે. માનનીય અધ્યક્ષશ્રી, એક મોટું અગત્યનું પાસું સૌના ધ્યાન બહાર ગયેલું અને એ પાસું એટલે રાજ્યની જે ૫૦ ટકા સંખ્યા ધરાવતી બહેનો, બાળકો એનો સરવાળો કરીએ તો ૫૦ ટકા કરતા પણ વધી જાય. ભૂતકાળમાં કોઈ સરકાર વખતે કોઈના ધ્યાનમાં નહોતું આવ્યું, કોઈએ વિચાર પણ નહોતો કર્યો એવો વિચાર અને એવું ધ્યાન નરેન્દ્રભાઈ જ્યારે પહેલીવાર મુખ્યમંત્રી થયા ત્યારે એમણે જે બધી વિગતો તપાસીને સમજવાનો પ્રયત્ન કર્યો અને સમાજ્યા પછી એમને એક લાગ્યું કે સમાજના એક મોટા અંગને આપણે સરકારની સેવાઓનો લાભ આપવા માટે કોઈ વિશેષ વ્યવસ્થા કરી નથી અને આજે આપણને સૌને ખબર છે માનનીય નરેન્દ્રભાઈ મુખ્યમંત્રી બન્યા પછી મહિલા અને બાળ કલ્યાણ વિભાગની શરૂઆત કરી અને મહિલા અને બાળ કલ્યાણના વિભાગ દ્વારા આજે અનેક પ્રકારની વિશિષ્ટ યોજનાઓ ખાસ કરીને મહિલાઓ અને બાળકો માટે, એમના સશકિતકરણ માટે.એમના શિક્ષણ માટે, એમના આરોગ્ય માટે આજે જે ચાલી રહી છે, ભૂતકાળમાં કમનસીબે આ મુખ્ય પાસાઓ ઉપર આ શક્તિનો ઉપયોગ કરવા ઉપર, આ સમાજના આ મોટાભાગને મદદરૂપ થવા માટે સરકારમાંથી કોઈ વિશિષ્ટ વિભાગો દ્વારા આયોજનો થતા નહતા. કોઈ એમ કહેશે કે, આની તો વ્યવસ્થા ફલાણા ખાતામાં, ફલાણા વિભાગમાં હતી પણ માનનીય અધ્યક્ષશ્રી, કોઈ વિશિષ્ટ પ્રકારનો નવો વિભાગ બનાવવો એના કારણે વિભાગનું સળંગ વ્યવસ્થા તંત્ર આખું નવું ગોઠવાય છે, સચિવથી માંડી તમામ અધિકારીઓ એમાં મળે છે, એનું નવું બજૅટ મળે છે,એના માટેની નવી યોજનાઓ બને છે, એના માટે મંત્રીશ્રી પણ અલગ ફાળવાયા છે. એનાથી જે ધ્યાન અપાય છે આ કામગીરી માટે એ આપણે સૌ સમજી શકીએ છીએ ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ બનાવ્યા પછી અનેક એવી શ્રૃંખલાબદ્ધ યોજનાઓ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને અમારી સરકારે જે અમલમાં મૂકી એ તબક્કાવાઈસ, સ્ટેપવાઈસ જેમ એક-એક પગથિયું ચઢતા જાવ, એક-એક પગલું આગળ વધતા જાવ અને મંઝિલ નજીક આવતી જાય એ પ્રમાણેની જે યોજનાઓ ખાસ કરીને બહેનો માટેની અમલમાં મૂકી. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગ કામગીરી વર્ષોથી કરે છે પણ કન્યા કેળવણી માટે અહીંયા ઘણા સભ્યશ્રીઓ જ્યારે પ્રવચન કરતા હોય છે ત્યારે પોતાના વિસ્તારના શિક્ષણના આંકડા આપતા હોય છે, ગઈ કાલે જ એક માનનીય સભ્યશ્રીએ એમ કહ્યું કે, માનનીય બાબુભાઈએ એમ કહ્યું કે, અમારા કચ્છ વિસ્તારમાં આ જ્ઞાતિની બહેનોમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું છે. સાચી વાત છે પરંતુ આ તબક્કો આ પરિસ્થિતિ કેમ આવી? આઝાદીના ૬૦ વર્ષો પછી પણ આપણે એમ કહેવું પડે કે આ જિલ્લાની આ જ્ઞાતિની આ સમાજની બાળાઓ હજુ પણ ૧૫-૨૦ કે ૨૫ ટકા શિક્ષણ મેળવી શકી છે. તો એનું કારણ મૂળમાં જો જોઈએ તો કન્યા કેળવણી પ્રત્યેની જે દેખરેખ,એના માટેની પ્રોત્સાહન નીતિ, એના માટેનું ઝીણવટભર્યું આયોજન એ નહતું થયું અને આ પરિસ્થિતિ ઉદ્દભવી અને એટલા માટે જ અમારી સરકારે મુખ્ય મંત્રીશ્રીએ જે કન્યા કેળવણી યાત્રા શરૂ કરી, શાળા પ્રવેશોત્સવ ચાલુ કર્યો, આંગણવાડીમાંથી, પ્રાથમિક શાળામાંથી બાળકો વધુ ને વધુ દાખલ થાય અને વધુ ને વધુ લાંબા સમય સુધી શિક્ષણ પ્રાપ્ત કરે, શિક્ષણનો ડ્રોપ આઉટ રેશિયો ઘટે, બાળકો વધુ ને વધુ ભણે, યુવાન થાય ત્યાં સુધી ભણે, ગ્રૅજ્યુએટ થાય ત્યાં સુધી ભણે એ માટે જે ઝુંબેશ ચલાવી, માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે, જે મોટો ડ્રોપ આઉટ રેશિયો હતો એ આજે ત્રણ થી સાડા ત્રણ ટકાની આજુબાજુ આવીને સ્થિર થઈ ગયો છે, ઘટી ગયો છે. હજુ પણ આપણે એને કાઢવો હોય, આ ડ્રોપ આઉટ રેશિયોમાં કન્યાઓ પણ આવી જાય છે, દીકરીઓ પણ આવી જાય છે. શાળામાં જેટલા બાળકો ભણતા હોય એમાં પચાસ ટકા જેટલી લગભગ સંખ્યા શહેરી વિસ્તારમાં પૂરેપૂરી અને ગ્રામ્ય વિસ્તારમાં કદાચ થોડી ઓછી દીકરીઓ શાળાઓમાં અભ્યાસ કરતી હોય છે એટલે આ ડ્રોપ આઉટ રેશિયો જે ઘટ્યો એનો સૌથી વધુ ફાયદો એ કન્યાઓને એ ગરીબ કન્યાઓને દૂર દૂર અંતરિયાળ વિસ્તારમાં રહેતી કન્યાઓને એનો શિક્ષણનો વધુ વ્યાપ મળવાના કારણે, વધુ સગવડો મળવાના કારણે, વધુ પ્રોત્સાહનો મળવાના કારણે આ કામગીરી આપણે કરી શક્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મુખ્ય મંત્રીશ્રી એ કોઈ દાન કે બીજું કાંઈ ઉઘરાવવાનું એમને કાંઈ હોતું નથી, સરકાર તરફથી અબજો અબજો રૂપિયાનું બજૅટ એ સરકાર પોતાની કામગીરી માટે વાપરી શકતી હોય છે. શિક્ષણ વિભાગને જોઈએ એટલું ફંડ, જોઈએ એટલું બજૅટ નાણા વિભાગ, મુખ્ય મંત્રીશ્રી ફાળવતા હોય છે પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, એકલું સરકારી બજૅટ, પણ એમાં જો એમાં લોક ભાગીદારી જોડાય, એમાં સમાજ પ્રત્યેની શિક્ષણ પ્રત્યેની જાગરૂકતા જોડાય તો એના વિશિષ્ઠ ફાયદાઓ થતા હોય છે. એકલી સરકાર જ્યાં કામ કરે એની સાથે જો લોકભાગીદારીથી, દાતાઓથી, એન.જી.ઓ.થી કામ જોડાય તો એના અનેકગણા સારા પરિણામો મળતા હોય છે અને એના માટે જ કરોડો અબજો રૂપિયાનું સરકાર બજૅટ ફાળવતી હોવા છતાં લોક ભાગીદારી, લોક જાગૃતિ, લોક સહયોગ જોડાવા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કન્યા કેળવણીના ફંડ માટે કોઈ મુખ્ય મંત્રીશ્રીએ કદી વિચારણા પણ ન કરી હોય, કે મુખ્ય મંત્રીશ્રી સમારંભોમાં જાય, મુખ્ય મંત્રી ઉદ્દઘાટનોમાં જાય, મુખ્ય મંત્રીશ્રી કોઈના ત્યાં મહેમાન તરીકે જાય ત્યારે સામેથી એમ કહે કે,

ભાઈ હું આવું છું પણ તમારે કન્યા કેળવણી યાત્રા માટે કન્યા કેળવણી નિધિમાં તમારે દાન આપવું પડશે અને દાન આપવાની શરૂઆત , દાન લેવાની શરૂઆત આ મુખ્ય મંત્રીશ્રીએ કરી.એવું નથી કે સરકાર પાસે પૈસા નથી. સરકાર પાસે બજેટ નથી એવું નથી. આજે આ ગુજરાતની સરકારમાં એટલું બધું નાણાકીય ભંડોળ છે કે અનેક યોજનાઓ અમે હાથ ઉપર લઈએ તો પણ ભંડોળની કોઈ તકલીફ પડે તેમ નથી પણ લોક સહયોગ જોડવા માટે, જનજાગૃતિ જોડવા માટે આ કન્યા કેળવણી નીધિ જે ચાલુ કરી એનો ઉપયોગ શું કર્યો? કોઈ સરકારી ફંડમાં જમા કરવા માટે નહીં, મુખ્યમંત્રી રાહત ફંડમાં જમા કરવા માટે નહીં પણ એના માટેની સ્પેશ્યલ નીધિ બનાવી અને ગુજરાતમાં ભૂતકાળમાં કોઈપણ સરકારે ન કર્યું હોય એવું વિશિષ્ટ આયોજન કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે મુખ્યમંત્રીશ્રીએ દરેક જિલ્લાની અંદર દર વર્ષે કાર્યક્રમો કરી એ જિલ્લાની અંદર શિક્ષણના કોઈપણ સ્તરે, કોઈપણ ફેકલ્ટીમાં, કોઈપણ વર્ષમાં જે કન્યાઓ પ્રથમ નંબરે આવી હોય આખા જિલ્લાની અંદર એવી તમામ કન્યાઓને એકાવન હજાર રૂપિયાથી માંડીને પાંચ હજાર રૂપિયા સુધીના દર વર્ષે ઈનામો આપી અત્યાર સુધીમાં કરોડો રૂપિયા એમણે ફાળવી આપ્યા છે. આ શા માટે ચાલી રહયું છે? આ મહિલા સશકિતકરણની વાતો કરીએ. કોઈ એક વ્યકિત કોઈ એક હોદ્દો મેળવી લે, કોઈ એક બહેન કોઈ હોદ્દો મેળવી લે તો એનાથી મહિલાઓનું સશકિતકરણ નથી થઈ જતું પણ સમાજમાં વ્યાપક રીતે મહિલાઓને અધિકાર મળે, સમાજમાં વ્યાપક રીતે મહિલાઓને જવાબદારી મળે, સત્તા મળે, શિક્ષણ મળે અને આરોગ્ય મળે, સગવડો મળે તો વ્યાપક રીતે આનો લાભ લઈ શકાય અને મહિલા સશકિતકરણને જો આપણે એ રીતે મુલવવા માગતા હોઈએ તો એ મુલવણી આજે આપણા ગુજરાત રાજયની અંદર અનેક સગવડો કર્યા પછી આ બિલ જે હું લઈને આવ્યો છું એ બિલ પણ એક ઐતિહાસિક બિલ છે. ઘણા વર્ષોથી મહિલાઓને ૫૦ટકા અનામત આપવાની વાત થાય છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ઘણા વર્ષોથી મહિલાઓને પાર્લામેન્ટમાં સંસદ અને ધારાસભામાં ૩૩ટકા અનામત આપવાની વાત થાય છે પણ કોઈ એ કાયદો હજુ મંજૂર કરી શકયા નથી. અનેક પ્રશ્નો, અંતરાયો એની સામે આવે છે ત્યારે ૩૩ટકા નહીં, ૩૩ટકા તો આપણા રાજયમાં અમલમાં છે પણ ૫૦ટકા મહિલા અનામત કરવી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં એ કામ જયારે દેશની અંદર ગણ્યાગાંઠયા રાજયોએ જે કામ કર્યું છે એ કામને આજે ખૂબ વિશિષ્ટ રીતે મુખ્યમંત્રીશ્રીએ ૫૦ટકા મહિલા અનામતની જોગવાઈ દ્વારા ગુજરાતની સુવર્ણ જયંતિની જયારે આપણે ઉજવણી કરવા જઈ રહયા છીએ એવા ઐતિહાસિક વર્ષની યાદગીરીરૂપે દેશની અંદર એક અવ્વલ નંબરની કહી શકાય એવી કામગીરીના ભાગરૂપે આજે આપણે આ કાયદો કરવાના છીએ. આમ તો નગરપાલિકાઓને જિલ્લા, તાલુકા પંચાયતો એ આપણી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ છે. ત્યારે સ્વાભાવિક છે કે એમાં મહિલાઓને પ્રતિનિધિત્વ મળે એ માટે અમારો શહેરી વિકાસ વિભાગ અને માનનીય નરોત્તમભાઈ પટેલનો પંચાયત વિભાગ. બંનેની જવાબદારી આમાં સાથે જોડાયેલી છે. આ કામગીરી અમે જે કરવાના છીએ એનું બિલ, એનું વિધેયક અમે આપ સૌને રજૂ કરેલું છે ત્યારે મહિલા અનામતનો જે આ વિશિષ્ટ કાયદો થશે. અમને વિશ્વાસ છે, ચોકકસ અમને શ્રદ્ધા છે કે જેવો ગુજરાત આ કાયદો પસાર કરશે તરત જ દેશના બીજા રાજયો પણ જે હંમેશા ગુજરાતમાંથી પ્રેરણા લે છે એમને એક ઉદાહરણ મળવાનું છે કે ગુજરાતે કર્યું છે બરાબર જ હશે. સારું હશે આપણે પણ સ્વીકારીએ. આપણે પણ ગુજરાત રાજયની જેમ આપણા રાજયનો, આપણા રાજયની મહિલાઓના સશકિતકરણનું કામ કરીએ એ કામ એ ઉપાડવાના જ છે. આ બિલની સાથે એક બીજી અગત્યની વાત પણ અમે જોડી છે. આજે અનામત આપીએ, ચૂંટણીઓ કરીએ, વ્યવસ્થા ઉભી કરીએ એ તો બધું લોકશાહીના એક ભાગરૂપે છે પરંતુ આઝાદીના ૬૦ વર્ષે આપણે કયા તબકકે ઉભા છીએ? આઝાદીના ૬૦ વર્ષ પછી પણ. આજે એવા તબકકે આપણે ઉભા છીએ. કયાંક જઈએ, ગામડાંમાં અમે જઈએ તો જુના જે વડીલો હોય, ૭૦-૮૦ વર્ષની ઉંમરના લોકો હોય એ કયાંક કયાંક એવું બોલી જાય છે કે આના કરતા તો ગાયકવાડ સારા હતા, આના કરતા તો રાજાઓ સારા હતા. જે મહામૂલી આઝાદી લેવા માટે આપણે આંદોલનો કર્યા. લાખો લોકોએ અનેક યાતનાઓ સહન કરી. દાયકાઓની લડત પછી, સદીઓની લડત પછી આપણે ગુલામીમાંથી મુકત થયા. આપણે આઝાદી મેળવી. મહાત્મા ગાંધીજીએ જ્યારે કહેલ તમે આઝાદીને કેવી રીતે મુલવો છો? ત્યારે મહાત્માજીએ કહેલ મારા દેશની અંદર રામ રાજ્ય પ્રગટે એ મારી ભાવના છે. રામ રાજ્ય એટલે કોઈ ધાર્મિક રીતે રામ રાજ્યની વાત નહોતી, જે રામ રાજ્યની કલ્પના ભગવાન રામના વખતમાં જે રીતે નાગરિક અધિકાર હતા, એક નાના ધોબીએ પણ ટીકા કરી અને ભગવાન રામે જે રીતે એનું કામ કર્યુ અને દશરથજીએ જે માગણી કરી અને સીતાજીએ જે ભોગ આપ્યો. આ રામ રાજ્યની કલ્પના, એટલે માનવીય નાતો આ માનવીય નાતો આ આઝાદીના આટલા વર્ષો પછી પણ આપણી લોકશાહી આવ્યા પછી, આપણી સરકારો આવ્યા પછી, આપણા હાથમાં વહીવટ આવ્યા પછી આપણે ઊભો નથી કરી શક્યા. આજે ધીમે ધીમે લોકોને રાજકારણ, પક્ષો અને સરકારો પ્રત્યે જુદા જુદા રાજ્યોના બનાવો આપણે જોઈએ તો લોકોને અવિશ્વાસ થતો જાય છે. લોકોની અમાંથી શ્રદ્ધા ઓછી થતી જાય છે. આનું મોટામાં મોટાં કારણો જો આપણે જોઈએ તો આપણી ચૂંટણીની જે વ્યવસ્થા છે એ તો બરાબર છે, પણ ચૂંટણીની વ્યવસ્થાનો લાભ લેવાનો, ચૂંટણીમાં બંધારણે અધિકારો આપ્યા છે મતદાનના એ મતદાનના અધિકારને આપણે જે રીતે ઉપયોગ કરવો જોઈએ, જે રીતે એને અમલમાં લાવવો જોઈએ, એમાં ક્યાંક ક્યાંક આપણે ત્યાં ઢીલાશ જોવા મળી છે. જ્યારે જ્યારે કોઈપણ ચૂંટણીઓ થાય આપણે મતદાન પતી જાય ત્યારપછી એની ટકાવારી

જોઈએ તો ક્યાંક ૪૦ ટકા, ક્યાંક ૫૦ ટકા, ક્યાંક ૬૦ કે ક્યાંક ૬૨ ટકા કોઈપણ જગ્યાએ લગભગ ૬૫ ટકાથી વધુ મતદાન નોંધાતું નથી. એમાં પણ આ મતદાનમાં પણ ચાર-પાંચ પક્ષોના ઉમેદવારો ઊભા હોય, અપક્ષ ઊભો હોય, બધાની વચ્ચે આ ૫૦ ટકા મતદાન થયેલ હોય અને ૫૦ ટકા મતદાન પણ ચાર-પાંચ ઉમેદવારો વચ્ચે વહેંચાઈ જાય. છેવટે શું થાય છે? કુલ મતદારોના ૧૫-૧૭-૨૦ ટકા જેને મત મળે એ ઉમેદવાર વિજેતા જાહેર થાય છે અને પછી વિજેતા જાહેર થયા પછી તે હોદો, સત્તા, વહીવટમાં આવે તો સ્વાભાવિક છે કે એનો મેન્ડેન્ટ આમ તો કાયદેસર ઓછો હોય છે, પણ આપણી પદ્ધતિ એવી છે કે જેને વધુ મત મળ્યા હોય તે જીતે. કેટલા મતદાનમાંથી કોણ કેટલા મત લઈ ગયું એ જોવાતું નથી. આજે દુનિયામાં ઘણા દેશો છે. જ્યાં સુધી કોઈ ઉમેદવાર કુલ મતદાનના ૫૦ ટકા મત પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તે ઉમેદવારને વિજેતા જાહેર કરાતા નથી. ૫૦ ટકા કરતા ઓછા મત કોઈ ઉમેદવારને મળ્યા હોય તો એની સામે ફરીથી ચૂંટણી એ દેશોમાં આપવામાં આવે છે. જ્યાં સુધી ૫૦ ટકા કરતા વધુ એટલે ૫૧ ટકા મત મળે, ૫૧ ટકા મત એટલા માટે ૧૦૦ ટકા મતદારમાંથી તો ૫૧ ટકા બહુમતી મતદારોના ઉમેદવારે વિશ્વાસ જીત્યા છે. એ માટે ઉમેદવાર તરીકે વિજેતા જાહેર કરવા. આપણે ત્યાં વિપરીત ચાલે છે. અનેક પક્ષો ઉમેદવાર થાય, અપક્ષો ઉમેદવાર થાય એ માટે દરેકને ચૂંટણી લડવાનો રાજકીય અધિકારી છે. બંધારણીય અધિકાર છે, પણ એનો અધિકારની આડકતરી અસર આપણે જોઈએ તો વહીવટમાં જે ખરાબી આવે છે. વહીવટમાં જે સિથિલતા આવે છે, વહીવટમાં નિષ્કાળજી આવે છે. એના પરિણામોમાં ઓછું મતદાન એ ખૂબ મહત્ત્વનું પરિબળ કહી શકાય અને એ પ્રમાણેનું પરિબળ છે, ત્યારે આપણે રોજ છાપામાં, ટીવીમાં, ચર્ચાઓમાં આપણે બેઠા હોઈએ ત્યાં, આપણે ક્યાંક ગયા હોઈએ ત્યારે આપણે બધા સાંભળીએ છીએ, જોઈએ છીએ કે ફલાણી નગરપાલિકા, ફલાણી જિલ્લા પંચાયત, ફલાણી સરકારોમાં આવું થયું. ફલાણા કેન્દ્રમાં આવું થયું. આપણે તો જોઈએ છીએ. છેવટે બધાનો સૂર એ નીકળે છે કે આ લોકશાહીમાં બરાબર નથી ચાલતું, એટલે નાગરિકોમાં ખાસ કરીને આવનારી પેઢીમાં નવું યુવાધન આપણને પ્રાપ્ત થવાનું છે. દેશના જે ભાવી મતદારો છે. આખો દિવસ, ટીવી, મીડિયા, છાપા, આજુબાજુનો માહોલ જોઈને એને એમ લાગે કે મારે શા માટે મત આપવા જવું? મારા મતનો શું મતલબ છે? મારો મત લેનાર પણ અમ કરશે, નહિ લેનાર પણ આમ કરશે. આમ કરીને નિરાશા ફેલાય છે. એના પાછળ મતદાન ઓછું થાય છે. ઘણા ભણેલા ગણેલા લોકો સુખી સંપન્ન લોકો આપણો બધાને અનુભવ કોઈ સમારંભમાં કોઈ ફંકશનમાં કોઈ મીટિંગમાં બેઠા હોઈએ કોઈ મોટા ઉદ્યોગપતિઓ હોય, શિક્ષણ શાસ્ત્રીઓ, મોટા ડૉક્ટરો હોય આપણે જોઈએ કેટલી સલાહ આપી દે. માનનીય અધ્યક્ષશ્રી, તમે આમ કેમ નથી કરતા, આમ કરવું જોઈએ અને તેમ કરવું જોઈએ, આ બધુ બરાબર ચાલતું નથી અને તે બદલી નાંખવું જોઈએ આ બધુ કહે છે. પછી આપણે ધીમે રહીને પૂછીએ કે ડૉક્ટર સાહેબ બધું બરાબર પણ તમે મતદાન કરો છો ખરા? તો પછી તરત જ એમાં મોટાભાગના લોકોનો જવાબ મળે આવા લોકોમાંથી કે જેને ડ્રોઈંગરૂમ ડીસકસન દ્વારા દુનિયા ચલાવવી છે. ડ્રોઈંગરૂમ ડીસકસન દ્વારા દેશ ઉપર અધિકાર અને આધિપત્ય જમાવવા માગે છે., સલાહ આપવા માગે છે. તે લોકો પોતે નાગરિક તરીકે જ્યારે મત આપવાનો હોય ત્યારે પોતાની ફરજ ચૂકે છે. કોઈ ખેડૂત હોય વરસાદ થયો હોય ત્યારે વાવેતર ન કરે, વરસાદની સીઝન અને વાવેતરની સીઝન પતી જાય, ઉનાળો આવે જમીન તપાવી ફળદ્રુપ કરી ખેડવાની હોય તેવા વખતે કોઈ વાવેતર કરે તો શું થાય? તેમ આવા કલ્ચરના લોકો જે લોકો જ્યારે ખરેખર જરૂર છે, ખરેખર તક છે, ખરેખર અધિકાર છે ત્યારે પોતાની ફરજ અને અધિકારનો ઉપયોગ કરતા નથી અને પછી પાંચ વર્ષ, સાત વર્ષ એમના મનમાં આવે તેવી ટીકા. આ કોઈ રાજકીય પક્ષ કે કોઈ વિસ્તાર માટે વાત નથી. આપણે અહીં બેઠા બેઠા કોપનહેગનની વાત કરીએ. કોપનહેગનમાં સામેલ થઈ વિશિષ્ટ રીતે વ્યવસ્થા કરવાનું કેટલા લોકો ઉભું કરી શકે છે. બધાને સલાહ આપવી ગમે છે પણ કર્તવ્ય બજાવવાનું, ફરજ પાલન કરવાનું ચૂકી જાય છે. તેનો ભોગ બનતા હોય તો જે મતદાન કરે છે, સારા નાગરિકો છે તે નાગરિકો જે પોતે મહેનત કરે છે, સમય આપે છે પણ જે મતદાન નથી કરતા તેવા નાગરિકોની ટકાવારી દેશ અને રાજયમાં ઘણી મોટી છે. ત્યારે સ્વાભાવિક છે કે આપણે લોકશાહીની વાત કરતા હોઈએ, બંધારણીય અધિકારની વાત કરતા હોઈ અને કોઈને આજે સહેજ કહીએ તો કહે આ તો મારો અધિકાર છે. અધિકાર બધાને યાદ આવી જાય છે પણ પોતાની ફરજ અને પોતાનું કર્તવ્ય, દેશ પ્રત્યેની નિષ્ઠા, લોકશાહી પ્રત્યેની નિષ્ઠા જલદી યાદ આવતી નથી. આપણને બધાને અનુભવ છે કે ચૂંટણીમાં મતદાન ચાલતું હોય ત્યારે કહે કે અમારું નામ યાદીમાં નથી, અમારી સોસાયટી યાદીમાંથી નીકળી ગઈ છે, અમારું કુટુંબ યાદીમાંથી નીકળી ગયું પણ તે પહેલાં ચૂંટણી પંચ જાહેર ખબર આપે છે, પક્ષો પ્રયત્ન કરે છે કે તમારું નામ જોઈ લો, યાદી ચેક કરી લો. તે વખતે કોઈ નથી કહેતા. તેમાં ફરિયાદ કરવાની ભાવના અને એવી રીતે જે છે તેને આપણે જુદી રીતે જોઈએ, નાગરિકને કર્તવ્ય પાલન તરફ વાળવો, નાગરિકને ફરજ પાલન તરફ વાળવો, નાગરિકને શિસ્ત તરફ વાળવો તે એક રાજકીય પક્ષ તરીકે દરેકની ફરજ છે પણ કમનસીબે પોતાની વોટબૅન્ક નારાજ ના થઈ જાય, પોતાની વોટબૅન્કને નુકસાન ન થાય તેવી બીકથી, ભયથી અત્યાર સુધી *(xxxx) રાજકારણ ચૂંટણીઓ થાય, ચૂંટાય, પાંચ વર્ષ પૂરા થાય, જેનું જે થવું હોય તે થાય પણ પોતે સત્તા મેળવી દે આ ભાવનાથી રાજકીય પક્ષોએ

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કેટલાક લોકોએ મોટા ભાગના લોકોએ વર્ષો સુધી કામ કર્યુ. આજે તમે જુઓ મારે સમય ઉચિત છે માટે કહેવું છે. આજે દેશને કેવી રીતે દોરવામાં આવી રહ્યો છે? આજે છાપાઓમાં આપણે વાંચ્યુ કે જે કમિશને પોતાનો રિપૉર્ટ રજૂ કર્યો છે. દેશને એક કરવા માટે, દેશને જોડવા માટે, દેશને સંગઠિત કરવા માટેની જ્યારે ચર્ચા કરવી જોઈએ ત્યારે દેશને કેવી રીતે જુદો પાડવો, એક ધર્મથી બીજા ધર્મને કેવી રીતે જુદો પાડવો, એક નાગરિકથી બીજા નાગરિકને કેવી રીતે જુદો પાડવો, પોતાની વોટબૅન્ક મજબૂત થાય અને વધુ લોકો મત આપે તે માટેની ટૂંકી દ્રષ્ટિની રાજકારણની નીતિ દેશના લાંબાગાળાના ભવિષ્યને નુકસાન કરે છે. આવું નુકસાન અત્યાર સુધી આપણે ઘ ણું સહન કરી ચૂક્યા છીએ. પણ આ દેશની પ્રજા જાગૃત થઈ છે, સમજુ થઈ છે, આ દેશની પ્રજા પરિપક્વ થઈ છે. કોઈ રાજકારણીઓ, કોઈ રાજકીય પક્ષો, કોઈ હોદ્દેદારો પોતાની સત્તા ટકાવી રાખવા માટે, પોતાની વોટબૅન્ક મજબૂત કરવા માટે, પોતાના તરફ આકર્ષવા માટે દેશને વિભાજન કરે, ધામિર્ક વિભાજન કરે, સામાજિક વિભાજન કરે, કોમ કોમ વચ્ચેના પ્રશ્નો ઉભા કરે, આ જોઈ રહ્યા છીએ. આ દુઃખદ થઈ રહ્યું છે. તે બધાની સામે એક દીપ સ્વરૂપે જેમ અંધારું હોય અને દીપ પ્રગટે તે રીતે આજે આપણા મુખ્યમંત્રી, અમારી સરકાર આજે મતદાન ફરજિયાત કરવું એવો જે કાયદો લાવ્યા છે એ કાયદો ખૂબ ઉપયોગી, ખૂબ ઐતિહાસિક અને લોકશાહીના મજબૂતીકરણ માટે, લોકશાહી પ્રણાલિને સુદ્રઢ કરવા માટે, લોકશાહી સંસ્થાઓને મજબૂત કરવા માટે, આ કાયદો ભવિષ્યમાં આપ જોશો તો દેશના બીજા રાજયો પણ ચોક્કસ આને સ્વીકારવાના.

માનનીય અધ્યક્ષશ્રી, આજે બુદ્ધિજીવીઓમાં ચર્ચા ચાલુ થઈ છે, કે આ પચાસ ટકા મહિલાઓને મતદાનમાં અધિકાર આપ્યા પછી, હોદ્દાનો અધિકાર આપ્યા પછી સૌથી વધુ લોકશાહીને મજબૂત કરવા માટેનું, દેશની એકતા અને અખંડિતતાને મજબૂત કરવા માટેનું જો કોઈ સાધન હોય તો એ મતદાન છે. મતદાનને વધુ મજબૂત કરવું હોય તો જે લોકો પોતાનું કર્તવ્યનું પાલન નથી કરતા, જે લોકો મતદાન કરવા જતા નથી એવા લોકોને મતદાન કરવાની ફરજ પાડવી  એ માટેનો કાયદો પણ આજે ગુજરાતમાં અમારી સરકાર લાવી છે આખા દેશની અંદર આ પહેલા પ્રકારનો કાયદો છે આજે આપણે સૌ એ બાબતના સાક્ષી બનવાના છીએ કે આ ઐતિહાસિક કાયદો પસાર કરી આવનારા દેશના ભવિષ્યને દેશની લોકશાહીને વધુ મજબૂત બનાવવાનું, વધુ પરિપકવ કરવાનું લોકશાહીની સંસ્થાઓને વધુ સુદ્રઢ કરવાનું કામ આપણે આજે કર્યુ છે. એના આપણે બધા સાક્ષી છીએ. જ્યારે ૫૦ ટકા મહિલા અનામત આવશે એના કારણે સ્વાભાવિક છે કે અત્યારે જે સીટો છે નગરપાલિકાઓ કે જિલ્લા પંચાયતો કે મહાનગરપાલિકા કે તાલુકાપંચાયત કે ગ્રામ પંચાયત એમાં પણ અત્યાર સુધી એક આંકડો હોય જે દ્વિતિય ના થઈ શકતો હોય તો એકી આંકડામાંથી બેકી  આંકડો કરવો એ પણ જોગવાઈ અમે લાવ્યા છીએ કે જેથી કોઈને પ્રશ્ન એવો ઊભો ના થાય કે તમે પચાસ ટકા કેવી રીતે કરશો?

માનનીય અધ્યક્ષશ્રી, આજે મને એ પણ જણાવતાં આનંદ થાય છે કે, દેશમાં કેટલાક રાજયોએ કર્યુ છે અને હમણાં ભારત સરકાર પણ બિલ લાવી છે કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અનામતના પ્રમાણમાં વધારો કરવો પરંતુ ભારત સરકારે અત્યારે જે બિલ રજૂ કર્યુ છે એ મારી જાણકારી પ્રમાણે ફક્ત શહેરી વિસ્તારની સંસ્થાઓ એટલે કે નગરપાલિકા અને મહાનગરપાલિકા માટે એમણે મૂક્યું છે, ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો જે ગ્રામ્યસ્તરની જે સંસ્થાઓ છે એને હજુ એ લોકોએ સામેલ નથી કર્યુ  એવી મારી જાણકારી છે પણ આપણી ગુજરાત સરકારે અમે ગ્રામ પંચાયતથી માંડી મહાનગર સુધીની જે પંચાયતોને નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ છે  આ તમામ સ્તરની સંસ્થાઓમાં આ ૫૦ ટકા મહિલા અનામત અમે દાખલ કરીએ છીએ. મહિલા સભ્ય વધારવા એ એક વાત છે મહિલા સભ્ય વધ્યા પછી એ મહિલાઓને હોદ્દા માટે પણ અનામત આપવી અમે એ પણ આમાં સામેલ કર્યુ છે કે મહિલા સભ્ય હોય એટલું પૂરતું નથી, મહિલા પ્રતિનિધિત્વ વધે એટલું પૂરતું નથી પરંતુ મહિલાઓને પ્રમુખપદ મળે, મહિલાઓને મેયરપદ મળે આ કામ પણ અમે આમાં જોડ્યું છે. એટલે હોદ્દાઓની પણ પચાસ ટકા પ્રમાણે વહેંચણી થશે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બીજી બાબત પણ હું માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે આ પચાસ ટકા મહિલા અનામત થવાની એમાં સામાન્ય વર્ગની મહિલાઓ, બક્ષીપંચ સમાજની મહિલાઓ, અનુસૂચિત જનજાતિ સમાજની મહિલાઓ અને અનુસૂચિત જાતિ સમાજની મહિલાઓ આ જે આપણા રાજયમાં વસતિનું ધોરણ છે, જે નક્કી કરેલી પ્રસ્થાપિત પદ્ધતિ છે. જે અત્યારે ૩૩ ટકામાં અમલમાં છે એ જ રેશિયા પ્રમાણે પચાસ ટકા અનામતમાં પણ આ વર્ગની મહિલાઓને આપણે હોદ્દાઓ અને સભ્યમાં એમને અનામત આપવાના છીએ. આજે લોકસભામાં, વિધાનસભામાં અનામતની ચર્ચાઓ થાય છે પણ ચર્ચાઓમાં લોકસભામાં બેન જાય જ્યારે પણ નક્કી થાય ત્યારે કાયદો આવે ત્યારે  પણ અમારી સરકારે, અમારા ભારતીય જનતા પક્ષે આજે આ સભાગૃહમાં અમારા પક્ષની પંદર મહિલાઓ એ ધારાસભ્ય તરીકે છે આજે ધારાસભામાં કોઈ કાયદો નથી કે મહિલાઓને ટિકિટ આપવી, મહિલાઓને ઉમેદવાર બનાવવા, સામે કોંગ્રેસ પક્ષમાં ફક્ત મારી એક બહેન છે અમારા મિત્રોમાં, માનનીય ચંદ્રિકાબેન, બાકી અહીયાં બહેનો છે. લોકસભામાં માનનીય અધ્યક્ષશ્રી, હજુ કોઈ મહિલા અનામત (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નટવરસિંહ, એમની જગ્યા છોડીને અહીયાથી ટીકાટીપ્પણ કરે છે. એ એમની જગ્યાએ નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ આપનું વક્તવ્ય ચાલુ રાખો પણ ત્યાંથી હું એમને પ્રવચન કરવા નહીં દઉં.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, પાર્લામેન્ટમાં પણ હજુ કોઈ મહિલા અનામતનો કાયદો આવ્યો નથી. પણ અમારા પક્ષે, અમારા મુખ્યમંત્રીશ્રીએ રાજયની ૨૬ સીટોમાંથી ત્રણ સીટો પર બહેનો ઉમેદવાર બન્યા અને ચૂંટાયા આજે આ મહિલાઓ માટેની ચર્ચાઓ ચાલે છે એ ચર્ચાઓને ચર્ચાઓના સ્થાને રાખી અમારી સરકારે, અમારા ભારતીય જનતા પાર્ટીએ ધારાસભામાં પણ મહિલાઓનું પ્રતિનિધિત્વ ખૂબ વધાર્યું છે અને સંસદમાં પણ મહિલાઓને પ્રતિનિધિ બનાવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, અમે ફક્ત સરકાર પૂરતી આ કામગીરી સીમિત નથી રાખી અમારા ભારતીય જનતા પક્ષમાં પણ અમારી કેન્દ્રીય નેતાગીરીએ નિર્ણય કર્યો છે અને એમાં નક્કી કર્યું છે કે સંગઠનના જે હોદ્દા હોય, સંગઠનની જે રચના હોય એમાં મહિલાઓને પણ ૩૩ ટકા અનામત આપવી. આજે દેશના કોઈ રાજકીય પક્ષમાં મહિલા અનામત સંગઠન માટે રાખેલ નથી. વાતો ઘણી કરી છે પણ આ વ્યવસ્થા ભારતીય જનતા પક્ષે પોતાના બંધારણમાં જોગવાઈ કરી અને સામેલ કરી છે અને આપ સમજી શકો છો કે કન્યા કેળવણીથી માંડીને જે કાયદાઓ કર્યા એ કાયદો કર્યો અમારી સરકારે કોઈ કલ્પના પણ ન કરી શકે વોટ બેન્કથી ડરતા લોકો, દ્રઢ નિર્ધાર નહીં ધરાવતા લોકો કલ્પના પણ ન કરે. આપણી સરકારે કાયદો કર્યો છે કે નગરપાલિકા, પંચાયત, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં જે હોદેદાર હોય અને હોદ્દા ઉપર આવ્યા પછી બે બાળકથી વધુ બાળક એમને થાય તો તેઓ હોદ્દા ઉપરથી દૂર થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, વસતિ વધારો એ દેશનો એક મહાવિકટ પ્રશ્ન છે. આજે દેશના વિકાસને જો કોઈ ખાય જતું હોય, રાજ્યના વિકાસને જો કોઈ ખાય જતું હોય તો વસતિ વધારો ખાય જાય છે. આ વસતિ વધારા સામે ખૂબ ભાષણો ઘણાં લોકોએ કર્યા છે પણ ભાષણથી વધારે સારું કોઈએ કર્યું નથી. ત્યારે સ્વાભાવિક છે કે લોકોને પ્રેરણા આપવા માટે અમારી સરકાર, અમારો પક્ષ અમે એવા લોકોને કાયદાથી ચૂંટવા માગીએ છીએ કે જે વસતિ વધારાને પોતાની નૈતિક રીતે યોગદાન આપી અને અટકાવી શકે. બે થી વધુ બાળક હોય, આજે માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં એમાં પણ પહેલું રાજ્ય ગુજરાત હતું કે બેથી વધુ બાળકના માતા પિતા હોદ્દો ધરાવતા હોય તો એને એ રાજકીય હોદ્દા ઉપરથી દૂર કરવા. સરસ રીતે સફળતાપૂર્વક આખા રાજ્યમાં એ કાયદો અમલમાં છે અને બીજા રાજ્યો પણ એમાંથી પ્રેરણા મેળવી રહ્યા છે. જ્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ બધું જ આપણે કરી રહ્યા હોઈએ દેશનો વિકાસ થાય, રાજ્યનો વિકાસ થાય સુવર્ણ જયંતી ઉજવીએ પાંચ સાડા પાંચ કરોડની આપણી ગુજરાતની પ્રજા ૫૦ ટકા બહેનો, કરોડો મતદારો છે એ મતદારોને પ્રોત્સાહન આપવા માટે મતાધિકારનો ફરજ પાડતો કાયદો લાવવો એ પણ દ્રઢ ઈચ્છાશકિત માગી લેતો નિર્ણય છે. આ કોઈ (xxxx) હોદેદાર હોય, (xxxx) મુખ્યમંત્રી હોય, (xxxx) સરકાર હોય એની તાકાત નથી કે આવા કાયદા લાવે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે કે આવો કડક કાયદો લાવી શકે, આ નરેન્દ્રભાઈ મોદીની સરકાર છે કે લોકોને મતદાન કરવા માટે ફરજ પાલન થાય એ પ્રકારેની વ્યવસ્થા આ સરકાર કરી શકે. ૬૦ વર્ષ સુધી કોઈએ વિચાર્યું નથી, કોઈએ કલ્પના નથી કરી દેશને નુકસાન ઉપર નુકસાન થવા દીધું છે જાણતા હોવા છતાં, સમજતા હોવા છતાં પણ પોતે રાજકારણમાંથી ફેકાઈ ન જાય, પોતાનો હોદ્દો ન ગુમાવી દે, પોતાની સત્તા ન જતી રહે, પોતાની વોટ બેન્ક નારાજ ન થઈ જાય આ પ્રમાણેની ટૂંકી રાજકારણની દ્રષ્ટિથી દેશને ક્યારેક ઘણું નુકસાન થયું છે. નુકસાનમાંથી દેશને બહાર લાવી આખી દુનિયાની મોટામાં મોટી લોકશાહી આપણે કહીએ છીએ ખરા પણ મોટામાં મોટી લોકશાહીમાં નાના મોટા દૂષણો છે, જે નાની મોટી ત્રૂટિઓ છે, જે નાની મોટી કમીઓ છે, એ દૂર કરવાનો કોઈએ આજ સુધી પ્રયત્ન નથી કર્યો, એ ગુજરાતના અમારા મુખ્યમંત્રીશ્રીએ, ભા.જ.પ.ની સરકારે જ્યારે કર્યો છે ત્યારે મને વિશ્વાસ છે કે આખો દેશ આજે નહિ તો ભવિષ્યમાં એને સ્વીકારશે માટે સન્માનનીય સભાગૃહને હું વિનંતી કરું છું કે, આ બિલને આપ સૌ હાર્દિક ટેકો આપો, સર્વાનુમતે મંજૂર કરો અને આજે જે આ ઐતિહાસિક ઘડી છે એમાં આપ પણ સામેલ થઈને દેશ માટે એક સીમાચિહ્ન અને દીવાદાંડી રુપ લોકશાહીને મજબૂત કરતું, લોકશાહી પ્રણાલીને સુદ્રઢ કરતું, લોકશાહી સંસ્થાઓને વધુ અધિકાર આપતું, મહિલાઓને વધુ અધિકાર આપતું આ બિલ આપ સૌ સર્વાનુમતે પસાર કરો એવી આપ સૌને વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી નીતિનભાઈ, આપના વકતવ્યમાં* (xxxx) શબ્દ આપે વારંવાર વાપર્યો છે એ અસંસદીય ગણું છું અને હું એને કાઢી નાંખું છું.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** (પંચાયત મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) વિધેયક, સને ૨૦૦૯ માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ આ સભાગૃહમાં લઈને આવ્યા છે આ ઐતિહાસિક બિલમાં બે વિભાગો શહેરી વિકાસ અને પંચાયત વિભાગનું સંયુકત બિલ રજૂ કરવામાં આવ્યું છે, બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન એકટ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની જોગવાઈઓમાં સુધારા કરતું વિધેયક રજૂ કરવામાં આવ્યું છે. આ વિધેયક આપ સૌ આદરણીય ધારાસભ્યશ્રીઓ સર્વાનુમતે સ્વીકારો એવી મારી વિનંતી પણ છે તે માટે મારા વિચારો સભાગૃહને આપવા છે. અમારા પક્ષની સરકાર યાને કે માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકાર આ દેશની મૂળભૂત

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અસ્મિતાને વરેલી સરકાર છે, અમારી સરકાર વૈદિક કાળથી ચાલી આવતી મૂળભૂત પરંપરાઓ અને જીવન વ્યવસ્થાને જીવંત કરવાની નેમ રાખે છે, આ દેશની સંસ્કૃતિમાં સ્ત્રી સન્માનનું ખૂબ મહત્વ છે અને આપણો ઈતિહાસ પશ્ચિમની સંસ્કૃતિથી તદ્દન જુદો છે,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રિપ્લાય આપતા નથી, એ એક સભ્ય તરીકે પ્રવચન આપે છે તેઓ વાંચીને પ્રવચન ના કરી શકે. (અંતરાય) ના અમે જોઈએ છીએ, આપ વાંચો છો, આપ વડીલ છો અને બહુ સિનિયર સભ્ય છો સામાન્ય જુનિયર સભ્ય જો વાંચતા હોત તો હું વાંધો ના લેત, આપે પ્રવચન મૌલિક જ કરવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી જ્યારે વાંચતા હોય ત્યારે એ મુદ્દાઓ રાખી શકે છે અને વાંચી પણ શકે છે,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરોત્તમભાઈ અત્યારે મંત્રીશ્રી તરીકે નહિ એક સભ્ય તરીકે પોતાનું મૌલિક પ્રવચન કરે છે એ કોઈ મુદ્દાઓનો જવાબ કે રિપ્લાય આપતા નથી, રિપ્લાય આપતા હોય તો વાંચી શકે છે,

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ શહેરી વિકાસ અને પંચાયત વિભાગ બન્નેનું સંયુકત બિલ છે,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, બિલ એમણે રજૂ નથી કર્યુ, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીએ રજૂ કર્યુ છે.

**અધ્યક્ષશ્રી** : બિલના પ્રભારી શ્રી નીતિનભાઈ છે એમણે બિલ મૂકયું છે અને એની અંદર શ્રી નરોત્તમભાઈ પોતાના વિચારો વ્યકત કરે છે. પરંતુ મંત્રીમંડળના સભ્યોને જુદા ના પાડી શકાય અને સભ્ય પણ પોતાની વાત કરતા હોય ત્યારે બિલની ચર્ચા ઉપર પોતાની સાથે મુદ્દાઓ રાખી શકે છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની પરંપરાઓને જીવંત રાખવાની આપણા સૌની જવાબદારી છે, આ દેશને કેવી રીતે આગળ લઈ જવો તેના ચિંતકો હંમેશા વિચાર કરે છે, અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે આ બિલ મંત્રીશ્રી લઈને આવ્યા છે અને એમણે જે આ બિલ રજૂ કર્યુ છે એનો હાર્દ એ છે આ દેશમાં નારીઓનું મહત્વ પહેલાં પણ હતું આજે પણ હોવું જોઈએ પરંતુ હમણાં એમણે એમના વકતવ્યમાં કહ્યું તેમ ૧૨૦૦ વર્ષની ગુલામીના શાસનના લીધે આપણા દેશની ઘણી પરંપરાઓ તૂટી ગઈ છે, સંસ્કૃતિને જમીનમાં ધરબી દીધી છે અને આપણે એને બહાર કાઢવી જોઈએ, ૧૨૦૦ વર્ષની ગુલામીમાં આપણી બહેનો કઈ સ્થિતિમાં હતી અને ક્યાં પહોંચી, આ દેશમાં નારીનું પૂજન થતું હતું અને આપણે ત્યાં સંસ્કૃતમાં કહેવાતું હતું કે "યત્ર નારીયેષુ પૂજયતે, રમંતે તત્ર દેવતા:" નારીઓનું જયાં પુજન થાય ત્યાં આગળ દેવતાઓનો વાસ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે મારા મિત્રોનું ધ્યાન દોરવું છે કારણ કે તેમની સ્મૃતિમાંથી તો જતું રહ્યું છે. કારણકે આ દેશમાં દેવીઓની પુજા થતી હતી. આ દેવીઓ કોણ હતી? સ્ત્રીઓ હતી. આને આપણે માતાને પણ માતૃની પણ પુજા કરીએ છીએ. આ માતાઓ કોણ છે? એ પણ સ્ત્રી છે. તુલસીદાસ જેવા સંત પણ તેમની ધર્મપત્ની રત્નાવલીના લીધે અહીંયા આપણાં દેશના ઈતિહાસમાં..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપણે ચર્ચાને એટલી વિસ્તૃત ના કરીએ કે જેથી બિલના મૂળ હાર્દને બાજુ ઉપર રહી જાય. સ્ત્રી, સ્ત્રીની વિશેષતા એ પણ આપ થોડીક મર્યાદામાંા રહેશો તો સમય બચશે. મારે ચર્ચાને રોકવી નથી. તમારી તરફ પણ નહીં રોકું આ બાજુ પણ નહીં રોકું.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડુંક બેકગ્રાઉન્ડ આપવાનું છે કે જે સ્ત્રીઓ છે તેમને એવી સ્થિતિમાં બારસો વર્ષના ઈતિહાસે મૂકી કે જેના કારણે આપણી પરંપરાઓ દબાઈ ગઈ. એક એવી સ્થિતિ આવી કે આપણી નારી શકિત પડદામાં છૂપાઈ ગઈ કારણ કે આ બારસો વર્ષના ઈતિહાસે તેમને ડરાવી દીધી. આપણી સ્ત્રીઓ

ઘૂંઘટમાં લૂપાઈ ગઈ. સ્ત્રી શિક્ષણ તળીયે પહોંચ્યું અને સતીપ્રથાઓ આવી, વિધવા વિવાહ અટકી ગયા અને આ બધાના કારણે આ બધી સ્થિતિમાં સ્ત્રીઓના અધિકારો દબાઈ ગયા. આજે માનનીય મુખ્યમત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ સ્ત્રીઓના અધિકારો શું હોઈ શકે, આપણી પરંપરાઓ શું, સ્ત્રી સન્માન શું એ બધી બાબતોમાં જાગૃતિ લાવી રહ્યા છીએ. એટલા માટે ૩૩ ટકા જે મહિલાઓને અધિકાર આપ્યા હતા તેમાંથી વધારીને ૫૦ ટકા સ્ત્રીઓને અધિકાર આપવાની બાબતમાં અમે આ બિલ લઈને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ, અમારા મંત્રીશ્રી નીતિનભાઈ આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કન્યા કેળવણીની બાબતમાં સ્ત્રીઓને ડેવલપમેન્ટની બાબતમાં આઠ આઠ વર્ષની તપશ્ચર્યામાં અમારા મુખ્યમંત્રીશ્રીએ અનેકવિધ કાર્યક્રમો આપ્યા છે, ફકત આજે જ આ બિલ લાવ્યા છે તેનો અર્થ એવો નથી કે તેનું બેકગ્રાઉન્ડ તૈયાર નથી થયું. મને હમણાં જે લીસ્ટ આપ્યું કન્યાઓને આપણે ત્યાં તો એવી સ્થિતિ આવી હતી કે કન્યાઓ જન્મ લે તો તેની ભૃણ હત્યા કરવામાં આવતી હતી. પરંતુ માનનીય નરેન્દ્રભાઈને આપણે અભિનંદન આપવા જોઈએ કે જેમણે ભૃણ હત્યા ઉપર પ્રતિબંધ લગાવી દીધો. કન્યાઓને જન્મ લીધા પછી પણ તેને પોષણ આપીને તેને તૈયાર કરવી. કન્યાઓને ભણાવવાની, તેના માટે કેળવણીમાં વિકાસ કરવાનો અને વિકાસ કર્યા પછી તેને અધિકાર આપવા સુધીની પ્રક્રિયા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે. અનેક અમારા મિત્રો બોલવાના

છે આ કન્યાઓની બાબતમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમારી સરકારે કેટલું કર્યુ તે બાબતમાં એ આ હાઉસમાં પ્રકાશ નાંખશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે જે પંચાયતી રાજયનો વિભાગ આની અંદર આવી જાય છે ત્યારે તે ૩૩ ટકા મહિલાઓનું જે સભ્યપદ હતું તેમાંથી ૫૦ ટકા કરવાનું આ બિલ આવ્યું છે તેમાં બધા સભ્યોને હું ચોકકસપણે સમર્થન કરવા માટે એક વિનંતી આ વિભાગના મંત્રી તરીકે કરવાનો છું. આ સ્ત્રી સશકિતકરણ કરવામાં પાછળના ત્રણ વર્ષથી સખી મંડળોની જે રચના કરી છે તે પણ એક આંખે ઉડીને વળગે એવી છે. કારણ કે સખી મંડળો ઉભાં કરવા અને તેના દ્વારા મહિલાઓને તાલીમ આપવી, મહિલાઓને તૈયાર કરવી અને પોતાન પગ ઉપર ઉભી રહે, પોતાનો અવાજ રજૂ કરી શકે એવી સ્થિતિમાં લાવવા માટે ગુજરાતમાં સખી મંડળોની રચનાઓ થઈ. મને કહેતાં આનંદ થાય છે ૧,૪૨,૫૦૦ સખી મંડળો આ ત્રણ વર્ષમાં ઉભાં કરવામાં આવ્યાં. બેન્કો સાથે લીંકેજ કર્યુ, ૧૨૦ કરોડ રૂપિયાની બેન્કોની આ અપાવ્યું અને મહિલાઓને સમાજમાં કામ કરતાં કર્યા છે. રાજય સરકારનું રિવોલ્વીંગ ફંડ ૪૫ કરોડ રૂપિયાનું આપ્યું છે. આ બતાવે છે કે, સ્ત્રી સન્માન કરવું, સ્ત્રીઓનો વિકાસ કરવો એ કેવી રીતે, કેવી તૈયારી રૂપે અને તેના પછી આ બિલ લાવવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ૩૩ ટકામાં સુધારો કરીને જે ૫૦ ટકાનું બિલ લાવવામાં આવ્યું છે તેને હું નીતિનભાઈને અને અમારા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને હ્દયપૂર્વક અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ ૫૦ ટકા જે મહિલાઓ છે, એમાં પણ મારે એક પંચાયતની થોડીક વાતો કરવી છે. આ ૫૦ ટકા સુધારો પંચાયતમાં આવવાથી જે અસર થશે એના થોડા આંકડા મારે આપની સમક્ષ મૂકવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયતોમાં ૧,૦૯,૨૦૯ સદસ્યોની સંખ્યા છે, તે પૈકી ૩૬,૪૦૦ મહિલા સદસ્યો છે. મહિલા સરપંચોની સંખ્યા ૪,૫૬૪ છે. હવે આ સુધારો થવાથી ૨૦૦૧ની જનસંખ્યા પ્રમાણે ૧ લાખ ૯ હજારના બદલે ૧,૨૨,૯૬૨ સભ્યો થશે અને એના કારણે મહિલા સદસ્યો ૬૧,૪૫૧ થશે. જે ૨૫,૦૫૧ મહિલા સદસ્યોનો વધારો દર્શાવે છે. તાલુકા પંચાયતોમાં પણ ૪,૧૯૬ સદસ્યોની સંખ્યા છે. એમાં ૧,૪૦૧ મહિલા સદસ્યો છે. એમાં આ સુધારો થવાથી કુલ સંખ્યા ૨,૨૭૦ થશે. એમાં પણ મહિલા સદસ્યો વધવાના છે. તાલુકા પંચાયતોમાં ૮૬૯ તાલુકા પ્રમુખો પૈકી ૧૧૨ મહિલા સંખ્યા તાલુકા પ્રમુખોની વધવાની છે. જિલ્લા પંચાયતોમાં પણ એ જ પ્રમાણે સંખ્યા વધવાની છે. એમાં ૮૩૧ સદસ્ય સંખ્યા છે, એના બદલે ૮ મહિલા પ્રમુખ તરીકે વધારે બેસી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાષ્ટ્રની દ્રષ્ટિએ જોતાં ૫૦ ટકા અનામત, આ કાયદાનો સ્વીકાર અને તેને લગતી જોગવાઈઓ કરેલી હોઈ દેશના રાજયોની અગ્રીમ હરોળમાં ગુજરાત આવવાનું છે. આ કર્યા પછી પણ મતદાનની ફરજ પાડતું આ બિલ જે નીતિનભાઈએ મૂકયું છે, એ ખૂબ જ ઐતિહાસિક બિલ છે. એનો બીજો ભાગ જે મતદાનની ફરજ પાડે છે એ ખૂબ જ ઐતિહાસિક છે. મતદાન કરવું એ એક બંધારણીય મૂળભૂત અધિકાર છે. પણ બંધારણની રચના થઈ ત્યારે પણ એમ હતું કે દરેકે મતદાન કરવું. સમય જતાં જોયું કે મતદાન ન થાય તો કેટલાકને ફાયદો પણ થાય છે. એટલે એના ઉપર કેવી રીતે રોક લગાવવી એના અલગ અલગ તરીકા અજમાવવામાં આવે છે. ખરેખર તો દરેકને મત આપવાનો અધિકાર છે. પશ્ચિમના દેશો કે અન્ય દેશોમાં આ ફરજીયાત મતદાનની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રયોગો પણ થયા છે. ૩૨ દેશો એવા છે કે ફરજીયાત મતદાન ત્યાં ચાલે છે. આ બાબતમાં નીચે જોગવાઈઓ લઈને આવ્યા છે, એના સ્વરૂપમાં આ જો ફરજ પાડવામાં આવે તો ઘ ણા પરિણામો મળી શકશે. સારી રીતે લોકોને પોતાના સાચા પ્રતિનિધિઓ મળી શકશે. ૧૫, ૨૦ કે ૨૫ ટકા મત મેળવીને પ્રતિનિધિ બની જવાય છે, એ ઘણી વખત આનંદ આપી શકે, પણ આજે જે મતદાન થાય છે, એમાં પ્રજાનો અવાજ આવતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે મતદાનની વ્યવસ્થા ગોઠવવાથી એક તો ખરેખર જે મત અપાવવા માટે દબાણ કરવામાં આવે છે અને છતાં પણ મતદાન કરતા નથી, કારણ કે એમની ફરજ પ્રત્યે તેઓ જાગૃત હોતા નથી. પરંતુ ફરજીયાત મતદાન આવે તો એને લીધે મતદાન થશે. સરકારી ખર્ચાઓ ઘટશે. ઉમેદવારોના ખર્ચ પણ ઘટશે અને સાથોસાથ અનામત જગ્યાઓ ઉપર ઉમેદવારો લડે છે, જે ચૂંટણીમાં ઝંપલાવે છે, એમના માટે પણ મતદાન ઘણું મળવાની સંભાવના ઉભી થશે. આ સામાજીક અન્યાય અને અજ્ઞાનતા નથી, પણ એક એના માટે જે આપણે નિર્ધાર કર્યો છે, એની અંદર ગુજરાતમાં એક જાગૃતિ આવશે. આ જે મતદાનમાં ફરજ પાડવામાં આવે છે, એના કારણે જે વાતાવરણ ઉભું થવાનું છે, એનાથી સમગ્ર દેશમાં એક જબરજસ્ત સંદેશો પહોંચવાનો છે કે ફરજીયાત મતદાન ગુજરાત કરી રહ્યું છે. હજુ દેશના કોઈ ખૂણામાં, કોઈ ભાગમાં, કોઈ રાજયે આ હિંમત કરી નથી. અને આપણા આ ગુજરાતે હંમેશા રસ્તો બતાવ્યો છે. દરેક બાબતમાં આપણે એમને રાહ બતાવ્યો છે. ફરજિયાત મતદાન કરવાની બાબતમાં પણ ગુજરાત સૌથી અગ્રેસર રહ્યું છે. અને તેના કારણે આખા દેશમાં જાગૃતી આવશે. લોકશાહીની સાચી રચના થશે. આ બિલ માનનીય નીતિનભાઈ લઈને આવ્યા છે તેને મારું હૃદયપૂર્વક સમર્થન આપું છું. મારા પંચાયત વિભાગમાં જે ફેરફારો આવી રહ્યા છે તેની થોડીક ઝલક આપી છે અને મને લાગે છે કે આ બિલને આ ગૃહ ખૂબ ઉત્સાહપૂર્વક મંજૂરી આપશે તેવી અપેક્ષા રાખીશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જે સંયુકત વિધેયક આવ્યું છે તેના મુદ્દા, બિલની જોગવાઈઓ બે ભાગમાં છે. એક બાબત એ છે કે મહિલાને ૫૦ ટકા અનામત આપવી, આ જોગવાઈને હું હૃદયપૂર્વક આવકારું છું. ૫૦ ટકા અનામત આપવાની વાત આજે આ વિધાનસભા ગૃહમાં આવી છે

તેના મુળમાં પણ લઈ જવા માગું છું. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મહિલાઓને અનામત આપવાની શરૂઆત કયાંથી થઈ? યાદ કરવું જોઈએ આપણે, જયારે સમાજમાં એવું કહેવાયું છે કે સારું થતું હોય ત્યારે બધો જ યશ, હું કરું, હું કરું તે જ મોટી અજ્ઞાનતા, પણ બીજા કોઈ એ કરીને ગયા અને આપણે તે રસ્તે ગયા છીએ. એ નહીં ભૂલવું જોઈએ. મને આનંદ થાત કે કોઈએ એ વાત ટ્રેઝરી બેન્ચમાંથી કરી હોત કે હા, આની મૂળ અહીં છે. સ્વર્ગસ્થ રાજીવ ગાંધી પંચાયતી રાજ ૧૯૯૨નો ૭૩ અને ૭૪ નો બંધારણીય સુધારો પાર્લામેન્ટમાં લાવ્યા એટલું જ નહીં તે પસાર કરી અને અમલ કરાવ્યો અને મહિલાઓને ૩૩ ટકા સ્થાનિક સ્વરાજયમાં અનામત અપાવી. આ દિશામાં કોઈએ શરૂઆત કરી હોય તો તે સ્વર્ગસ્થ રાજીવ ગાંધી હતા. થોડાક અઠવાડિયા પહેલા જે સરકારના ચેર પર્સન તરીકે એક મહિલા છે તે સરકારે નિર્ણય કર્યો કે અમે બિલ લઈને આવશું સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલાઓ રહે તેવી કાનૂની જોગવાઈ કરીશું. આપણે તેને અનુરૂપ બિલ લઈને આવ્યા છીએ. ત્યારે હું આ મહિલા અનામતની જોગવાઈને સમર્થન આપું છું. મહિલાઓનું યોગદાન માત્ર બેડરૂમ કે બ્યુટી પાર્લર સુધી નહીં પણ બોર્ડ રૂમમાં હોવું જોઈએ. એ વાતનો હું હિમાયતી રહયો છું. ડીસીઝન મેકીંગ પ્રોસેસમાં મહિલાઓનું યોગદાન રહેવું જોઈએ. અને તે યોગદાન સમાજને ઉન્નત દિશા તરફ લઈ જઈ શકશે. એક સ્ટડી છે તેની અંદર જે અવતરણો છે તે આપની મંજૂરીની અપેક્ષા સાથે વાંચું છું. They are not asking for any grace or charity. Their contribution to the cause of nation building exceeds that of man. નેશન બિલ્ડીંગમાં પુરૂષો કરતાં સ્ત્રીઓનું યોગદાન પણ ચડિયાતું છે. Quote While women represent ૫૦ per cent of world adult population and one third of official labour force, they perform ૨/૩rd of all working hours, they are receiving ૧૦th world income and hold less than one per cent of world property. Therefore reservation for women.....This is a quotation. કવોટ જ્યારે કરીએ ત્યારે આપના મારફત ક્રોસ ટોક છે માટે જવાબ આપી દઉ. હું પ્રવચન વાચવા ટેવાયેલો નથી અને મને કોઈ લખેલું આપતું નથી હું વાંચું છું એ માત્ર એક કવોટ કરીને બોલુ છું એટલા માટે.....

**અધ્યક્ષશ્રી** : ચર્ચા જેવા ભાવથી ચાલે છે એ ભાવથી અંત સુધી ચાલુ રહે માટે ક્રોસ ટોક ઉપર આપણે સંયમ રાખીએ અને બીજાને દખલ ન પહોંચે એ માટેની મારી વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : The Minister starts cross-talking.

**અધ્યક્ષશ્રી** :સભ્ય અને મંત્રીશ્રીઓ બંને માટે, બંનેને મારી વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મંત્રીશ્રીઓ માટે ભૂતકાળમાં ટકોર વધારે કડક હતી એમ જ રહે. People in Treasury bench are more responsible. Duty on their shoulder is more than others.

**અધ્યક્ષશ્રી** : મેં કહ્યું છે અને કવોટ અને અનકવોટને ટાંકી શકો છો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :Therefore, reservation to women has no boundary. It is the recognition of their contribution to society. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ચેરીટી નથી કરતાં આપણે જે ભાવથી બિલ લાવીએ ત્યારે કરીએ છીએ કે અહોહો અમે દેશમાં મહિલાઓ માટે ૫૦ ટકા ફરજિયાત કર્યુ, ના, They are not doing any charity. એમનો અધિકાર છે, આપવાની ફરજ આપણે ચૂક્યા છીએ કે મોડા છીએ પણ આજે આપીએ છીએ એ આવકારદાયક છે એ વાત હું કરતો હતો. આપણે સંસ્કૃતિની વાત કરતા હોઈએ છીએ, ભૂતકાળને યાદ કરતા હોઈએ છીએ. આ દેશનો ભૂતકાળ તો ભવ્ય છે. આ દેશના ભૂતકાળમાં સ્ત્રીને અધિકાર હતો, I will choose my mate. પુરૂષ કયારેય નક્કી કરવા નથી જઈ શકતો, સ્ત્રી સ્વયંવર રચતી હતી અને ભલભલા બેઠા હતા એમાંથી પસંદ કરતી હતી કે આ મારો પતિ થશે એ પ્રકારની સંસ્કૃતિ આ દેશમાં હતી. એ પછી પુરૂષ પ્રધાન સમાજે, હા હું એના ઉપર આવું છું. અને કદાચ મને લાગે છે કે હું જે વાત કરવાનો છું.,એમાં અમે લઘુમતીમાં છીએ, હું આ ગૃહના નેતા અને મહેન્દ્રભાઈ, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ફરી વિષયને બીજી દિશા તરફ લઈ જવાના પ્રયત્નો મહેરબાની કરીને ન કરે, ચર્ચા જે દિશામાં ચાલી રહી છે એ દિશામાં જ ચાલવા દો. આપ સયંમ રાખો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આજે આ બિલ છે એટલે અમારા નેતા સજીધજીને આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : બોલો, તમારા સાથી જ તમારા માટે કહે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મહિલાઓના સન્માનમાં હું સજીધજીને જ આવું કારણ કે હું એનો હિમાયતી છું અને એટલા માટે જ હું સજીધજીને આવ્યો છું કે મહિલાઓનું સન્માન આ ગૃહમાં થાય.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈને ગમ્યું કે ન ગમ્યું એની ખબર નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ચોક્કસ ગમ્યું છે. અમારે ત્યાં ન ગમે તો સામે બોલી શકવાની છૂટ છે. અમારે ત્યાં ડિકટેટરશીપ નથી. ડેમોક્રસી છે આંતરિક લોકશાહી છે અને અર્જુનભાઈ પણ મારી સામે અવાજ ઉઠાવી શકે અને કાન પણ પકડી શકે. એટલો અધિકાર અમે અમારા પક્ષમાં આપ્યો છે. હું એ કહેતો હતો, (અંતરાય) **અધ્યક્ષશ્રી** : મેં ગઈ કાલે પણ કહ્યું હતું કે લાંબુ બોલવામાં વચ્ચે ડખલ કરનારાઓ મદદ કરે છે એટલે એવી મદદ ન કરતાં. (અંતરાય) નહિ નહિ,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અમારે ત્યાં તો ચૂંટાઈને બેસાડવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : ચર્ચા જે દિશામાં ચાલે છે એ દિશામાં ચલાવો, આપ મને સંબોધીને કહો. ક્રોસ ટોકનો જવાબ આપવાનું રહેવા દો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ કેટલીક વસ્તુઓ ક્રોસ ટોકની બહાર જતી હોય છે. હું એ કહેતો હતો કે જે આપણા ઈશ્વરીય અવતાર ગણાય છે. ભગવાન રામ એ ઈશ્વરીય અવતાર, પિતાએ આદેશ આપ્યો અને સહેજ પણ લવલેશ પણ અનાદર કર્યા વગર વનવાસ અને એના પછી જાવ મૃગચર્મ લઈ આવો, પત્નીનો આદેશ, એક પણ જાતનો એની સામે વિરોધ કર્યા વગર પત્નીનો આદેશ માથે ચડાવ્યો, હું એ કહેવા માગુ છું કે લગ્ન પહેલા જે પિતાને અધિકાર હોય એ જ અધિકાર લગ્ન પછી પતિને મળે આ સંસ્કારો હતા આપણા. અત્યારે મને, આ ગૃહના નેતાને અને મહેન્દ્રભાઈને બાદ કરતા જો આ ગ્રહના સભ્યોને પૂછીએ તો કે આ અધિકાર કેટલા ભોગવી શકે છે? એ અધિકાર પત્નીએ તમારા પર ભોગવવાની વાત છે આ આત્મારામભાઈ, એ અધિકાર પણ મહિલા પાસે રહેવા નથી દીધા અને એ અધિકાર તમે ભોગવવા દો. આપણે ભોગવવા ટેવાયેલા છીએ, બીજાને ભોગવવા દેવાનો અધિકાર છે અને એની આ વાત છે. હું જે પક્ષ સાથે જોડાયેલો છું, એ પક્ષના પ્રમુખ મહિલા છે. મને ગૌરવ છે કે આ દેશની એક સંસ્કારી મહિલા આવીને રહી છે. વિદેશથી મહિલાઓને બોલાવીને નચાવવાનું કામ કરનારા એ મહિલા નથી. આ દેશની સંસ્કૃતિને જાળવનાર એ મહિલા છે અને એટલા માટે કે, એમણે એટલું જ નહીં એ મહિલા જ કરી શકે. આજે એક સરપંચની ખુરશીમાં કે જેમાં કોઈ સત્તા નથી, ત્યાં આજે ભાઈ ભાઈનું માથું કાપવા તૈયાર થાય, ત્રણ ત્રણ વખત પ્રધાનમંત્રીની આવેલી ખુરશીને એક મહિલા જ ઠુકરાવી શકે એનું સન્માન કરવું જોઈએ, ત્યકતેન ભુંજિતા, ત્યાગીને ભોગવી જાણો. એ મહિલાની વાતને આપણે સમજવા માગીએ છીએ ખરા? મારે આને પોલીટીકલ નહોતું કરવું, હું પોલીટીકલ વાત પણ કરવા માગતો નહોતો, ઈરાદાપૂર્વક જ રીતની શરૂઆત થઈ એમાં જે પોલીટીકલ ઓબ્ઝર્વેશન આવ્યા, હું એટલા માટે કહુ છું. આપે કહ્યું, આપે કેમ એ ન બિરદાવ્યું, કે આ યુ.પી.એ.ની સરકાર જેણે નિર્ણય કર્યો, મહિલાઓને આપણે કહીએ છીએ કે પુરૂષની સમોવડી છો અને ત્યારે કેટલાક પુરૂષપ્રધાન માનસિકતાવાળા લોકો ટોણા મારતા હતા, મેં સાંભળેલો કે તમે કહો છો કે પુરૂષ કરે એ બધું જ મહિલા કરી શકે, તો કહો કે મહિલા કાંઈ પતિ થોડી થઈ શકે? અને હું જે પક્ષ સાથે જોડાયેલો છું એની આગેવાનીવાળી સરકારે એના મોઢા ઉપર તમારો માર્યો કે પતિ તો શું આખા દેશના રાષ્ટ્રપતિ એ મહિલા બની શકે છે. એક મહિલાને દેશના રાષ્ટ્રપતિ બનાવ્યા. આ દેશનું સર્વોત્તમ ગૃહ એ લોકસભા, એ લોકસભાના અધ્યક્ષ એક દલિત મહિલાને બેસાડવાનો યશ પણ માનનીય અધ્યક્ષશ્રી, આ પક્ષને જાય છે. (અંતરાય) અને હમણાં જ મારે નહોતું કહેવું પણ જ્યારે અહીં ઉલ્લેખ થયો છે કે ગઈકાલે લીડર ઑફ ઓપોઝીશન એક મહિલાને મારા પક્ષે બનાવ્યા, ભારતીય જનતા પક્ષે બનાવ્યા એમ માનનીય નીતિનભાઈએ કહ્યું, હું અભિનંદન આપું છું. પણ આપણે એની પાંખો શું કામ કાપીએ, કે પાર્લામેન્ટરી બોર્ડના પ્રૅસિડેન્ટ છે એ તો અડવાણીજી જ રહેશે અને અહીંયા જ એ બેસશે, આપીએ તો એને ફુલ ફોરમ આપીએ અને બોલવાની મીડીયા સામે છૂટ આપીએ. એમણે એમ શું કામ કહેવું પડે કે મારે આમના આર્શીવાદ અને છત્રછાયા નીચે જીવવું પડે છે. અમે મહિલાને પ્રમુખ બનાવ્યા છે, કેટલાય પુરૂષોએ માથા નમાવીને કહેવું પડે છે કે અમે આ મહિલાની છત્રછાયામાં છીએ, અને રહીએ છીએ અને ગૌરવભેર એ મહિલાનું સન્માન કરીએ છે. આને મહિલા સન્માન કહેવાય. અહીં ઉલ્લેખ થયો અને થોડોક ટીકાત્મક ઉલ્લેખ થયો, ભૃણહત્યાનો ઉલ્લેખ થયો, મને ખબર નથી એ વખતની સમાજની કઈ જરૂરિયાત હતી, હું માનું છું કે આપણને એ ટીકા કરવાનો અધિકાર નથી, કદાચ એ સમયની એ જરૂરિયાત હતી કે સરહદનું રક્ષણ કરવા જનારો વ્યકિત એના ઘરમાં જો દીકરી હોય તો દીકરીની ચિંતાના કારણે પોતાના જીવનની ચિંતા કરે અને સરહદ પર લડતા પાંગળો ના બને એટલા માટે કદાચ દૂધ પીતી કરવાનો રિવાજ હોઈ શકે, મને ખબર નથી. કે જેથી કરીને આ દેશની માભોમની રક્ષા માટે થઈને કરતો હોય અને એ ના કરતો હોય અને માત્ર સ્ત્રી છે એટલા માટે ડુબાડીને મારતો હોય તો એ સમયનો એ સમાજ સ્વયંવરની વ્યવસ્થા કરવા માટે તૈયારી ન બતાવતો. એ વખતનો એ સમાજ મહિલાઓને એ સન્માન ન આપી શકે કે જ્યાં આગળ મહાભારતના એકે એક પાત્ર કે રામાયણના એકે એક પાત્ર જુઓ તો ડિસિજન મેકીંગ ઓથોરિટી પછી એ કૈકેયી હોય, સિતાજી હોય, દ્રોપદીજી હોય કે માતા કુંતી પણ રહે. ડિસિજન મેકીંગ ઓથોરિટી મહિલાઓ રહેતી હતી. કદાચ એમ છતાં જો એ સમાજ સરહદ પર લડવા માટે નહીં પણ સ્ત્રી છે એટલા માટે દૂધ પીતી કરતો હોય તો હું કહું છું કે પશુ ભરેલા સ્વભાવ અને એ સમાજ વચ્ચેનો કોઈ ફરક ન હોઈ શકે, એ ટીકાને પાત્ર જ હોઈ શકે. પરંતુ એ સમયની ચર્ચા કરવાનો આપણને અધિકાર એટલા માટે નથી, કારણ કે એ સમયની આપણે તો માત્ર વાંચીને વાતો કરીએ છીએ વાસ્તવિકતા નહિ. હું આજની વાસ્તવિકતાની વાત કરું છું. આજે એવા કયા કારણોસર આપ એબોર્શન કરાવો છો કે આ મહિલા છે? આપ પરીક્ષણ કરાવવા જાઓ છો કે એના પેટમાં બાળક છે એ પુરૂષ છે કે સ્ત્રી છે? હું એમ કહું છું કે પેલો સમાજ તો એટલો સારો કે એને જન્મવા તો દેતો હતો, એને શ્વાસ તો લેવા દેતો હતો. આ તો જન્મ લેતા પહેલાં આજનો શિક્ષિત સમાજ, દલિત અને આદિવાસી તથા ગરીબ એ તો નાનો સમાજ છે, અશિક્ષિત કહીને જેનો આપણે ઉલ્લેખ કરતા હોઈએ છીએ એ સમાજને સલામ કરવી પડે કે આ સમાજ આમ નથી કરતો. શિક્ષિત સમાજ કહીને જેને આપણે આજે ઓળખીએ છીએ એ સમાજ so called educated people ભણેલો ગણેલો સમાજ આપણે જેને કહીએ છીએ એ લોકો સોનોગ્રાફી કરાવવા જાય છે અને

સોનોગ્રાફી કરાવ્યા પછી એમ લાગે કે ના દીકરી છે તો એબોર્શન કરાવી નાખે છે. એની ચિંતા આપણે કરવાની છે. આપે આંકડા જોયા છે? (અંતરાય) એ બધું જ કર્યા પછી સરકાર નંબર વનની વાતો કરતી હોય તો આપ આંકડા જોજો કે સ્ત્રીની સંખ્યામાં ગુજરાત ક્યાં છે? એ પહેલેથી આવેલું નથી. અત્યારનો નવો જન્મદર છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી મોહનભાઈ, આપને બોલવાની તક જોઈશે તો હું આપીશ. કોઈપણ સભ્યને બોલવાની તક હું આપીશ પણ બેઠા બેઠા ક્રોસ ટોક કરશે તો એની ગંભીરતાથી નોંધ લઈશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કારણ કે એક ટેવ પડી છે કે તમે શાસન કર્યું, તમે આમ કર્યું કહેવાની. અરે ભાઈ, તમે શું કર્યું? કેટલા વર્ષ થયા આપને શાસનમાં? હું જે આંકડા કહું છું એ ભૂતકાળના નથી કહેતો. નવા જન્મદરના આંકડા કહું છું. નવા જન્મદરના આંકડા નવ મહિનાના જ હોય, જૂના ન હોય એટલી સમજણ રાખવી પડે. સ્ત્રી કેળવણીની આપણે ચિંતા કરવાની વાતો કરીએ છીએ. હું કહું છું કે ક્યારેક તો ભૂતકાળને યાદ કરો તમે ટીકા જ કરો છો તો. આ જ ગૃહમાં બે સરકારો એ વાત લઈને આવી હતી. એક હતી માનનીય માધવસિંહ સોલંકીની સરકાર અને બીજી હતી માનનીય ચીમનભાઈ પટેલની સરકાર. બન્નેએ આ ગૃહમાં કહ્યું હતું અને કરીને બતાવ્યું હતું. સંપૂર્ણ સ્ત્રી કેળવણી મફત થાય એની વ્યવસ્થા કરી હતી. કોઈપણ દીકરી ભણવા જાય, ગમે તે ભણે તો એને એજ્યુકેશન ફી મળવું જોઈએ. આપણે શું કરીએ છીએ? આપણે સ્ત્રીઓ માટે આ વ્યવસ્થા કરવા માગીએ છીએ ખરા? આપણે સ્ત્રીઓ માટેના શિક્ષણની વ્યવસ્થાની ચિંતા કરીએ છીએ ખરા? બે દિવસ પહેલાં ક્યાંક મેં વાંચ્યું હતું, આપણે એમ કરવા માગીએ છીએ કે જે સરકારી મૅડિકલ કૉલેજો છે, મેરિટ્સવાળા સસ્તામાં ઘણી શકે એમ છે એ પણ પેમેન્ટવાળી સેલ્ફ ફાયનાન્સ કૉલેજો કરશો એટલે સ્ત્રી જે દીકરી ભણતી હશે એની ફીનું ધોરણ હવે ક્યાં જશે એની ચિંતા આપણને નથી?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી જે વાત કરી રહ્યા છે એને હકીકતોનું કોઈ જ સમર્થન નથી. માત્ર અનુમાન આધારિત એમની પોતાની માન્યતા મુજબની એ વાત કરી રહ્યા છે. એ એમના મત પ્રમાણેની એમની નીતિ હશે, સરકારની આવી કોઈ નીતિ નથી અને સરકારે આવી કોઈ નીતિ જાહેર કરી નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જો સેલ્ફ ફાયનાન્સ તરીકે ટ્રીટ ન કરવાના હોવ તો સરકારની આ વાતને આવકારું છું. અમે ઈચ્છીએ છીએ કે કોઈપણ હોસ્પિટલો (અંતરાય) Now your point of order is over. You can get your turn and you can reply me. (અંતરાય) This is not a way to interruptp (અંતરાય) How that can be a point of order sir when I am on legs.

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ, તમારું બિલ છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ નવો મુદ્દો ઊભો કર્યો છે માટે મારે કહેવું છે.

**અધ્યક્ષશ્રી** : મુદ્દા ઊભા થયા આપને હું જવાબ આપવાની તક આપીશ. એમની વાત પૂરી થઈ ગયા પછી આપ ચોક્કસ કહી શકશો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી જ વાત હતી કે જો આપણે એ ના કરીએ તો સારી વાત છે મેં એટલા માટે જ કીધું હતું કે મેં વાંચ્યું છે. I have gone through the debate.

**શ્રી જયનારાયણ વ્યાસ (બેઠા બેઠા)** : માનનીય અધ્યક્ષશ્રી, અનુમાન ઉપર આધારીત વાત વિધાનસભામાં કહી શકાતી નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના વર્ષો સુધીના રહેલા માનનીય સભ્યશ્રીની આ વાત ગળે ઉતરે એવી નથી. કારણ કે આ પક્ષે પણ એ પક્ષ રહ્યો છે. વિરોધપક્ષ તો લોકોની વાત કરે ફાઈલ વહીવટની આપના હાથમાં હોય, વિરોધપક્ષના હાથમાં ના હોય એટલે લોકોની વાતને વાચા જ આપવાની હોય. અનુમાનો કેવા થયા છે ભૂતકાળની ચર્ચા વાંચજો આપનો પક્ષ અહીંયા બેસતો હતો. મારે એ કહેવું છે કે આપણે મહિલાઓને શિક્ષણ અને સ્ત્રી સશકિતકરણની વાત કરીએ છીએ ત્યારે અને હું માનનીય અધ્યક્ષશ્રી, આપ મંજૂરી આપશો તો આ વિધાનસભા ગૃહના રેકર્ડ ઉપર એ વસ્તુ મૂકીશ. ભારત સરકારે ગયા વર્ષે ૫૦૦ લાખ રૂપિયા આપ્યા. આ પૈસા કયાં વાપરવાના? સ્ત્રી સશકિતકરણ અને મહિલા વિકાસ માટે વાપરવાના. આ ૫૦૦ લાખ રૂપિયા R.T.I. નીચે આપે આપેલી હકીકતના આધારે જ કે આ ૫૦૦ લાખ રૂપિયામાં માત્ર ૩૭ સભાઓ મુખ્યમંત્રીશ્રીના ભાષણ માટેની થઈ અને આ ૩૭ સભાઓમાં ૫૦૦ લાખ વપરાયા એ ભાષણોની સી.ડી. ક્યારેક આપ જોજો એમાં પોલિટિકલ સ્પીચ એની અંદર કેન્દ્ર સરકાર ઉપર પ્રહારો, એના અંદર આતંકવાદની વાતો મહિલા સશકિતકરણ કે મહિલા શિક્ષણ નહિ પણ પોલિટીકલ માઈલેજ શું આપને અધિકાર છે કે મહિલાઓ માટે આવેલા ૫૦૦ લાખ રૂપિયાને આ રીતે વેડફી નાખવાનો શું આપણને અધિકાર છે?

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહમાં આજે જે બિલ આવ્યું છે એ બિલમાં પણ આપ શા માટે બંને વસ્તુ સાથે લાવો છો? હવે શંકા ઊભી થાય છે અને કોઈપણ prudent wise man આ થાય. આપણી ઈચ્છા શું છે? આપ ૫૦ ટકા મહિલા અનામત લાવવા માગો છો? આપ ૫૦ ટકા મહિલા અનામતને પ્રાયોરિટી આપવા

માગો છો If yes તો આપ બીજી એક એવી જોગવાઈ એની સાથે શા માટે જોડો છો? કે જે જોગવાઈના કારણે આપ જો સ્વીકારો છો કે આખા દેશમાં આ વ્યવસ્થા નથી. એટલે શું આપને ખબર નહિ હોય પાર્લામેન્ટમાં પ્રાઈવેટ મેમ્બર બિલ કમ્પલસરી વોટીંગનું આવી ચૂકેલું હતું. Do you go throw the debate of that Bill? Do you know what was your comments. Do you have idea? કે આ પ્રોવિઝન અંગેનું જ્યાં આપનો પક્ષ, અમારો પક્ષ અને બીજી પાર્ટી પણ બેસે છે ત્યાં consensus શું થઈ છે? અને આ બધું ના જાણવા છતાં લાવીએ તો એનો અર્થ એ થાય કે બિલ ગંભીરતાથી નથી લેવાયું. આ બધું જાણ્યા પછી લાવ્યા હોઈએ તો એનો અર્થ એ થાય કે આ બિલ આપણે પસાર કરીએ પછી આને assent ના મળે. આ બિલને assent ના મળે, બિલ ઘોંચમાં રહે. કારણ કે આ જ મુદ્દા ઉપર અગાઉ એક અગાઉ એક જુદો વ્યૂહ લેવાયો હોય તો પરિસ્થિતિ શું થશે? આખે આખું બિલ કાયદો નહિ બને એટલે મહિલાઓને ૫૦ ટકાની વાત કરવાની પણ મહિલાને ૫૦ ટકા મળી શકે નહિ. હજી હું તો વિનંતી કરું છું કે if you have guts આપનામાં મહિલા અનામત માટેની ગંભીરતા હોય, આપ આ કરવા માગતા હોય, આપ ફરજિયાત વોટિંગ અને મહિલા અનામતને split કરી દો we will support the bill. ૫૦ ટકા મહિલા અનામત સર્વ સંમતિથી પસાર કરીએ. અને એ બંધારણીય જોગવાઈ મુજબ, બંધારણીય સુધારા મુજબ આવેલી બાબત છે. On behalf of President of India Her Excellency Governor of Gujarat will sign the Bill, કારણ કે, we are doing within our right અને પચાસ ટકા મહિલાઓને અનામત મળી જશે than you have prerogative આપને કદાચ કાંઈક કરવું જ છે એવી ઈચ્છા છે, અધિકાર છે કે નહીં એમાં પડવું નથી, ભૂતકાળમાં શું થયું છે એમાં જવું નથી પણ અમારે તો આ કરવું જ છે. બીજું બિલ લઈને આવો આપ, જેમાં ફરજિયાત વોટિંગવાળી વાત લાવો, જોઈશું પછી (અંતરાય) અને એ એટલા માટે કે આપનું ધ્યાન નહતું, નહીંતર શું કામ એ આપ ન કહેત, હું સ્પ્લીટ કરવાનું શું કામ કહું છું માનનીય નરોત્તમભાઈ એની મેં પહેલાં ભૂમિકા આપી

**અધ્યક્ષશ્રી** : નરોત્તમભાઈ આપ બોલતા હતા ત્યારે એ નથી બોલ્યા, એ બોલતા હોય ત્યારે આપ ન બોલો. આપ બોલ્યા એટલે તેઓ બોલ્યા.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : શું કામ બોલ્યા એટલે મેં એની ભૂમિકા બાંધી, કે શું કામ હું બોલ્યો. હું એટલા માટે બોલ્યો કે, અમે પણ આતુર છીએ કે મહિલાઓને પચાસ ટકા અનામત મળવી જોઈએ, હું એટલા માટે બોલ્યો કે, મહિલાઓને અનામત આપવાની પૉલિસીની શરૂઆત બંધારણીય સુધારો સ્વ. રાજીવ ગાંધીએ કરીને ૩૩ ટકા આપી હતી, હું એટલા માટે બોલ્યો કે, પચાસ ટકા મહિલાઓને સ્થાનિક સ્વરાજ્યમાં આપવા માટેની જાહેરાત કૅબિનૅટે એપ્રુવ કરીને બિલ મૂકવાની વાત યુ.પી.એ.ની સરકાર કરી ચૂકી છે. હું એટલા માટે બોલ્યો કે અમારા પક્ષના તમામ સભ્યો છે એ ઇચ્છે છે કે મહિલાઓનું સન્માન થાય અને પચાસ ટકા અનામત મળે અને વિનાવિલંબે મળે જેની સાથે કોઈ એવી વસ્તુ નહીં મૂકવી જોઈએ કે જેના કારણે પ્રૅસિડન્ટ ઑફ ઈન્ડિયા વતી એસેન્ટ મેળવવામાં આપણને તકલીફ પડે એના બદલે બે બિલ સ્પ્લીટ કરીને લાવો તો આ ઝડપથી થઈ શકે એટલા માટે બોલ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, આ પરિસ્થિતિમાં જે રીતે વાત થઈ કમ્પલસરી વોટિંગની, ખૂબ ડિબેટ થઈ છે આના ઉપર, દુનિયામાં ડિબેટ થઈ છે, માત્ર આપણે ત્યાં થઈ છે એવું નથી, દેશની સંસદમાં માનનીય અધ્યક્ષશ્રી, સંસદસભ્યશ્રી મી. રાવત પ્રાયવેટ મેમ્બર બિલ લઈને આવ્યા હતા, લોકસભામાં ડીસકશન થયું હતું, એ ડિસ્કસનની અંદર જે સૂર હતો, એમાંનો એક હતો, રિફોર્મસ માટેની એક કમિટી બની હતી Electoral Reforms માટેની એક કમિટી શ્રી દિનેશ ગોસ્વામી કમિટી છે, દિનેશ ગોસ્વામીએ electoral reforms માટેનો સ્ટડી કર્યો હતો, આ અભ્યાસ કર્યો એની સાથેનો એક મુદ્દો હતો આ દેશમાં કમ્પલસરી વોટિંગ લાવવું કે કેમ? એ એનો પરવ્યુ હતો. દિનેશ ગોસ્વામી કમિટીના રિપૉર્ટમાં કમ્પલસરી વોટિંગ નહીં લાવવું એવી દિનેશ ગોસ્વામી કમિટીની ભલામણ છે. પાર્લામેન્ટમાં પ્રાયવેટ મેમ્બર બિલના ડિસ્કસન પછી ઘણું બધું ડિસ્કસ થયા પછી એ પણ વાત થઈ અને એ વાતનો સૂર હતો, voting should be out of own voluntarily rather than through correction. સ્વૈચ્છિક મતદાન એના પરનો સૂર હતો એટલું જ નહીં બિલ જ્યારે વિથડ્રો થયું ત્યારે એ બિલ જ્યારે લોકસભામાં ચર્ચા થયા પછી એક જનરલ વાત પણ ઊભી થઈ, મારે કહેવું જોઈએ કે લોકસભાનું એ વાતાવરણ ઘણું સારું કહેવાય કે, બિલોને જોર મારીને પસાર કરાવી દેવા, જે સરકાર બેઠી હોય એણે આજે જ કાયદો બનાવી દેવો, No. collective thinking બધા માથા ભેગા મૂકવા and if heads are put together, એક કરતાં વધારે માથાઓ સાથે બેસીને ચર્ચા કરે તો એમાંથી સારું નીકળતું હોય છે. It was discussed કે જો કમ્પલસરી વોટિંગ વાળી વાત આપણે વિચારવી હોય તો દિનેશ ગોસ્વામી કમિટીની ભલામણથી વિરૂદ્ધ વિચારવાની છે ત્યારે let us have a discussion within all parties. બધી જ પાર્ટી પોતાની વચ્ચે તો ડિસ્કસ કરે જ પણ પછી બધી જ પાર્ટીઓ સાથે મળીને ડિસ્કસ કરે અને એ પછી સાચી પરિસ્થિતિનો તાગ મળી શકશે.

Can't we wait for that? Can't we pursue our leaders of Center? This is the situation. અમારે આગળ વધું છે પણ અમને ખબર છે કે તમે પાર્લામેન્ટમાં આવું નકકી કર્યું છે કે બધી પાર્ટીઓ ભેગી મળીને આની ચર્ચા કરીને કંઈક વોટીંગ પર્સન્ટેજ વધે એના માટે કમ્પલસરી વોટીંગ શકય છે? દિશેન ગોસ્વામી

કમિટિ ના પાડે છે. આપણા બંધારણના એકસપર્ટની પણ ભાવના કંઈક જુદી છે. અહીંયા માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈ પણ કહેતા હતા કે મતાધિકાર એ અધિકાર છે. Voting is a right, it is not a duty and if its a right, તો મારે મારો મતાધિકાર વાપરવો છે કે કેમ? આપણે ફ્રીડમ ઓફ સ્પીચની વાત કરી અને આપણે અહીંયા જ જુઓને. આપણે આ વિધાનસભા ગૃહના મતદારો છીએ. આપણે બધા જ. આ બિલના એકેએક સ્ટેજે મતદાન થાય છે અને આ ગૃહના મતદારો તરીકે આપણી શું ફરજ છે કે આપણે બિલના મતદાન વખતે રહેવું જોઈએ બંને પક્ષના સભ્યોએ. મતદાનમાં ભાગ લેવો જોઈએ, હા કે ના માં કહેવું જોઈએ. જરૂર પડે ડિવિઝનમાં પણ ભાગ લેવો જોઈએ. Because we are voters of this House અને દરેક સ્ટેજે વોટીંગ થાય છે પણ એ વોલન્ટરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી હોય કે હું હોઉં અમે કેટલીવાર વોટીંગમાં હાજર રહીએ છીએ આ ગૃહમાં? Can't we compel ourselves? If we are voter, it is duty to remain present in the House, it is our duty to cast our vote when it comes for the stage of voting. અમે present રહીએ નહીં, મને મુકિત, પણ પેલો ગરીબ ઝુંપડાવાળો બેઠો છે એને બાજુના ગામમાં ખબર કાઢવા જવું હોય તો ના જવાય. એણે વોટ કરવો પડે. એણે વોટીંગ કરવા આવવું પડે પણ મોટો ઉદ્યોગપતિ પરદેશ ગયો હોય એ ના આવે તો ચાલે. પાસપોર્ટ બતાવી જજેને કે તું દેશમાં નહોતો એટલે મત ના આપે તો ચાલે. સાહેબ, મોટા ઉદ્યોગપતિને વિદેશ જવાનું જેટલું ખર્ચ કે મહત્વ હોય છે એટલું ગરીબના ઝુંપડામાં રહેતાને ગામતરે જાયને, ગામમાં મહેમાન થઈને જાય ૫૦ કિલોમીટર એના માટે એનાથી પણ વિશેષ મહત્વ હોય છે. પેલા માણસને ફલાઈટ કરીને સ્પેશ્યલ પાછા આવવાના ખર્ચાની બહુ ચિંતા નથી હોતી પણ ગરીબ માણસને ગામડે જઈને પાછા આવવાના ખર્ચની ચિંતા હોય છે. કઈ પ્રકારની પોલીસી સાથે આપણે આવીએ છીએ? What is our ideology? We want to punish a person કે જેના પાસે કોઈ કેપેસીટી નથી ઈકોનોમીકલ. જેની આર્થિક પરિસ્થિતિ નથી એને આપણે પનીશ કરવા માગીએ છીએ? આપે કયારેય કલ્પના કરી છે ખરી કે એક ગરીબ છેવાડાના ઘરમાં રહેતો વ્યકિત સવારે જાગીને એન.આર.ઈ.જી.પી.ના કામ પર જનારો માણસ અને એ પેટીયું રળીને આવીને જીવનારો માણસ એનો એક દિવસનો રોજ પડે તો એની પરિસ્થિતિ શું થાય એનો આપણે વિચાર કર્યો છે ખરો? આપણે કયારેય એની ચિંતા આ બિલમાં કરવાની ચેષ્ટા કરી છે ખરી? કે જે માણસને અંગુઠો મારવા સિવાય કંઈ ખબર પડતી નથી. આપણી જવાબદારી હતી એને પૂરતું શિક્ષણ આપવાની. આપણે એને પૂરતું શિક્ષણ આપવાની ચિંતામાં એક તબકકો હતો ગુજરાતમાં સો ટકા પ્રૌઢ શિક્ષણ આપવાની વાત કરતા હતા. આજે તો પ્રૌઢ શિક્ષણ ભુલાઈ ગયું છે. આજે એ વર્ગમાંથી આવતો વ્યકિત જેને વાંચતા નથી આવડતું, જેને લખતા નથી આવડતું એને સ્ટેટ ઈલેકશન ઓફીસર મારફત નોટિસ મળશે. સાહેબ, સરકારના સિકકાવાળી નોટિસ ગરીબ માણસ માટે ધ્રુજારી સમાન હોય છે. એ મળેલી નોટિસનો જવાબ કરવા માટે એણે વકીલને પકડવાનો કારણકે શેની નોટિસ છે એ જ ખબર ન પડે પહેલા તો. એ નોટિસનો જવાબ કરાવવા માટે જયારે જશે ત્યારે એને શું ખર્ચ થશે અને એ ખર્ચ એની આવકનો કયો ભાગ હોય છે? કયારેક ગરીબીની વચ્ચે જઈને જીવીએ તો ખબર પડે. ભલે આપણને ઈશ્વરે કોઈ પૂર્વજોના પૂણ્યના કારણે શ્રીમંત પરિવારમાં જન્મ આપ્યો હોય પણ ગરીબની વચ્ચે જીવવું એ તો આપણી હાલત હોયને? કેટલાક લોકો ગરીબની વચ્ચે રહીને જીવવા જવાનું પણ સ્વીકારતા તો નથી પણ કોઈક જાય તો એના માટે પણ વ્યંગ કરે છે ત્યારે મને એમના પર દયા આવે છે.બહુ સહેલું હોય છે. વૈભવની વચ્ચે, ઉદ્યોગપતિઓની વચ્ચે રહેવું, જીવવું, જલસા કરવા. બહુ સહેલું હોય છે, પણ એક ગરીબના ઝૂંપડામાં રાત ગાળવા જાય એને કોઈ બિરદાવવાના બદલે વ્યંગ કરે તો મને દયા આવે છે કે કઈ પ્રકારની માનસિકતા છે. આપણે એમની વચ્ચે જઈને સમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો? એમને આ નોટિસ મળશે તો શું પરિસ્થિતિ આપણે કરવા માગીએ છીએ? કમ્પલસરી વોટિંગ એ કમ્પલસરી વોટિંગ આપે અભ્યાસ કર્યો છે ખરો? જ્યાં છે ત્યાં શું હાલત છે, એની ચર્ચાઓ શું થાય છે? ઑસ્ટ્રિયા - compulsory voting was introduced in ૧૯૨૯ for Presidential election and in ૧૯૪૯ in some States for Parliamentary elections. આપણા કરતા બહુ આગળ ઑસ્ટ્રિયાએ પ્રયત્ન કર્યો. ૧૯૨૯ માં પ્રેસિડેન્સીયલ ઈલકેશન માટે કમ્પલસરી કર્યુ. ૧૯૪૯ માં થોડા રાજ્યમાં પાર્લામેન્ટરી ઈલેકશન માટે કમ્પલસરી કર્યુ, પછી એમને ખ્યાલ આવ્યો કે ના, આ કમ્પલસરી વોટિંગનાં પરિણામો એ લોકશાહી માટે હિતાવહ નથી. લોકશાહી એક તો વોલેન્ટરી આપે છે. તમને મુક્ત બનાવે છે અને એ લોકશાહીનો પાયો છે. We are not dictators આપણે સરમુખત્યાર નથી. આપણને whims આવે એમ આપણે ચલાવી શકીએ. We cannot compell a citizen who is living in a democratic society that, જાઓ મત આપવા જાવ. એમણે એ પણ અનુભવ્યું કે લોકશાહીમાં whose voice should be heard? કોનો અવાજ સંભળાવવો જોઈએ? જે માણસ લોકશાહીમાં જાગૃત છે, લોકશાહી માટે ચિંતિત છે. પ્રવર્તમાન પરિસ્થિતિને સમજી શકે છે, his voice should be heard. Not of a person who is not interested in the democratic system. હું મારા ધંધા રોજગારમાં જ વ્યસ્ત છું. મને દુનિયાની, દેશની ચિંતા નથી. હું બંગલામાં રહું છું, જલસા કરું છું. દુનિયાભરની ચર્ચા કરું છું, પણ મને વિધાનસભામાં શું ચાલે છે એ જોવું નથી. પબ્લિક લાઈફમાં કોણ માણસ શું છે એના સમાચારો જોતો નથી. હું ટીવીની સિરિયલો જોઉ છું, પણ ટીવીના ન્યૂઝ જોતો નથી. હું પોલિટિકલ ન્યૂઝ વાંચતો નથી. હું પોલિટિકલ પેમ્ફલેટસ પણ નજર નાખતો નથી. હું કોઈની આઈડિયોલોજી શું છે તેની ચિંતા કરતો

નથી. મારા સર્કલમાં મારી લાઈફ સ્ટાઈલ જુદી છે. હું વોટ દેવા નથી જતો. એવા 'હું' ને આપણે વોટ દેવા પરાણે મોકલીએ. આજે ચિંતા સેવી છે, એની વાત કરું છું. એ શું કરશે? Because we are compelling, ત્યાં જઈને વોટ "કોઈને નહિ" એમ નાખીને આવશે. Than, our purpose is not served because after all this expenditure, આનો ખર્ચ થવાનો. આનું મોનિટરિંગ કરવાનું. જેણે મતદાન નથી કર્યુ એને નોટિસ આપવાની. નોટિસ વાળાએ અપીલ કરવાની. This itself a very expensive process and waste of manpower and your resources. આ બધુ કર્યા પછી શું થયું? પેલો તો ત્યાં આગળ જઈને વોટ કરી આવ્યો કે મારે કોઈ જોઈતું નથી. તું ઘરે બેઠો રહ્યો હોત તો પણ એનો અર્થ એવો થયો કે તારે કોઈ જોઈતો નથી. અને અહીયા આવીને તું કહે છે કે કોઈ જોઈતો નથી. તેમને આમ કહેવડાવવા માટે આટલા સરકારના રિસોર્સિસ, આટલા મેનપાવર, સામાન્ય માણસને મુશ્કેલીમાં મુકવાના અને ત્યાં ગયા પછી કોઈ જોઈતો નથી. એના બદલે એ કોઈને ઓળખતો નથી, કોઈની આઈડિયાલોજીની ખબર નથી, એ રાજકીય ન્યૂઝ જોતો નથી. એ માણસને ઓળખતો નથી. એનું સંકુચિત વર્તન. જન્મ્યો, જીવ્યો અને જલસા કર્યા અને મર્યો. ઘરમાં નો ડિસ્કશન ઓફ પોલિટિક્સ. એને ખબર નથી કે આત્મારામ શું છે કે અર્જુનભાઈ શું છે.

**અધ્યક્ષશ્રી** : તમે એમનું આકર્ષણ છો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : સાહેબ આ રાશિ જ આકર્ષણની છે. પછી ઐશ્વર્યા રાય હોય કે આત્મારામભાઈ હોય. અ થી જ શરૂ થાય. આ આકર્ષણની રાશિ છે. આનંદીબેન પણ આવે નીતિનભાઈ તમે ચિંતા નહીં કરો. હું એ કહેતો હતો કે એ માણસ જયારે વોટ કરવા જાય છે. અહીંયાં બંનેના નામ સામે છે, બંને સિમ્બોલ સામે પડયા છે. બીકોઝ વી આર કમ્પેઈલ સી ઘરે ઈન ધી પોલીંગ બુથ. તે એક બટન દબાવશે. જે બટન તેના મસ્તિસ્કે કહયા પ્રમાણેનું નથી. તેની સમજ પ્રમાણેનું નથી. તેની સૂઝબૂઝ પ્રમાણેનું નથી. એ તો અબુધ છે આ બાબતમાં. પબ્લીક લાઈફમાં અબુધ છે. He can understand પ્રબુધ્ધ હોય તો અને પ્રબુધ્ધ હોય તેને કમ્પેઈલ ન કરવા જોઈએ. એ તો પ્રેમથી જઈને વોટ કરી આવે તે પ્રબુધ્ધ નાગરિક કહેવાય. માણસ ત્યાં વોટ કરશે તેનું પરિણામ શું હશે. એન્ડ રિઝલ્ટ શું હશે? જે પ્રબુધ્ધ લોકોએ સમજણપૂર્વક વ્યકિત જોઈને, પક્ષ જોઈને, આઈડીયોલોજી જોઈને જે વોટ કર્યો છે તે વોટની ઉપર આ વોટ તે પાણી ફેરવી નાંખશે. વિચારણા વગરનો વોટ વિચારશીલ વોટને ધોઈ નાંખશે અને વિચારશીલ વોટને ધોઈ નાંખવા માટે વિચાર્યા વગરના વોટને મોકલવાનું કામ મને લાગે છે કોઈ લોકશાહી દેશમાં આવકાર્ય નથી. એટલા જ માટે જે ઓસ્ટ્રિયા કે જેણે વોટીંગ રાઈટ કમ્પલસરી, વોટને કમ્પેઈલ કરવાનું વોટરને કહયું કે go and cast your vote. પ્રેસીડેન્શીયલ ઈલેકશનમાં અને એ પછી પાર્લામેન્ટ ઈલેકશનમાં. તે ઓસ્ટ્રિયાએ આ અનુભવો પછી એબોલીશ સ્ટેપ બાય સ્ટેપ ૧૯૮૨ અને ૨૦૦૪ની વચ્ચે કયું. કમ્પલસરી વોટ રાખ્યો, વિકસિત સમાજ છે. કમ્પલસરી વોટ કરાયો, માત્ર નમૂનારૂપ નહીં પ્રસીડેન્શીયલ ઈલેકશન અને પાર્લામેન્ટ બંનેમાં કરાયો, બંનેનો અનુભવ લીધો અને અનુભવ લીધા પછી તે જ દિવસે નકકી કરવું પડયું અને ૧૯૮૨ થી ૨૦૦૪ સુધીમાં તે એબોલીશ કરી નાંખ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, નેધરલેન્ડ યુરોપિયન કન્ટ્રી છે, જૂનું હોલેન્ડ આપણે એને ખૂબ ભૂતકાળમાં maid in Holland કરીને વસ્તુઓ બહારથી આવતી ખરીદતા હતા. શિક્ષિત દેશ છે. એટલું જ નહીં એટલો બધો સામાજિક સુધારામાં જાગૃત કે એણે એ દેશની સંસ્કૃતિને નજીકથી જેણે જોઈ છે અને બીજું પાસું સમાજનું આપણે અહીંયાં સમાજમાં મહિલાઓને અંદરથી તિરસ્કૃત કરીને જે રીતે અમૂક બાબતોમાં જોતા હોઈએ છીએ. તેણે કહયું કે ના, મહિલા કોઈપણ આ વસ્તુ સ્વેચ્છાએ ન કરે. તેની શી મુશ્કેલી છે તેને સમજવાનો પ્રયત્ન કરો and try to protect. આવી સૂઝબૂઝવાળો સમાજ. એમણે પણ આવો વિચાર આવ્યો. વોટીંગ તો કમ્પલસરી હોવું જોઈએ. It can be a right, it should be a duty અને નેધરલેન્ડે ૧૯૧૭માં વોટીંગ રાઈટ કમ્પલસરી કરી નાંખ્યા. ફરજિયાત મત આપવા જવું પડશે. નેધરલેન્ડે વર્ષો સુધીના અનુભવ લીધા. કમ્પલસરી વોટીંગ રાઈટ કર્યા પછી અને ૧૯૧૭માં ફરજિયાત મતદાન દાખલ કર્યા પછી ૧૯૭૦માં રીયલાઈઝ થયું કે ના, કમ્પલસરી વોટીંગ રાઈટ તે વ્યાજબી નથી અને એટલા માટે ૧૯૭૦માં કમ્પલસરી વોટીંગ રાઈટ દૂર કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, સોવિયેટ યુનિયન, while voting was not de-jury obligatory, the voting was defacto enforced. સ્પેન ૧૯૦૭ થી ૧૯૨૩ કમ્પલસરી વોટીંગ રાઈટ માટેની બહુ ચર્ચાઓ થઈ. કમ્પલસરી વોટિંગ રાઈટ માટેની બહુ ચર્ચાઓ થઈ. આ દેશે નકકી કર્યુ કે કમ્પલસરી વોટિંગ રાઈટ લાવવું. but at the end of the day they realised, બધી જ બાબતોની ચર્ચા પછી કે 'ના', આ હિતમાં નથી. and that is why in Spain, it was not enforced. માનનીય અધ્યક્ષશ્રી, જયાં થયા છે એ દેશો અનુભવે પાછા ફર્યા છે. દુનિયામાં દેશોની સંખ્યા જોઈએ તો એક ટાઉનનો પણ એક દેશ છે. We can talk about Singapore. આપણે સિંગાપોરની વાત કરી શકીએ. સિંગાપોર આપણા અમદાવાદથી પણ નાનો દેશ છે પણ અમદાવાદની ઔડાની પેરીફેરી લગાવીને આપણે જોઈ લઈએ, સિંગાપોર આપણા અમદાવાદથી પણ નાનો દેશ છે. We cannot take example of a country which is smaller than a city of our State અને ત્યાં આગળ જે પરિસ્થિતિ છે હા, આપણે એક આવડા મોટા દેશના બદલે નાનો ભાગ હોય, જયાં ધર્મ, જાતિ, ભાષા, વર્ગ, સામાજિક અસમાનતા, જયાં આપણે ગઈ કાલે જે પ્રસ્તાવ કર્યો એવો પ્રસ્તાવ લાવવો ના પડતો હોય

એ દેશ કંઈ અખતરા કરે એ સમજી શકાય. Why we? શા માટે આપણે આ કરીએ છીએ? અને આ ૩૨ દેશો છે એમાં પણ આપણા જેવું નથી. મોટાભાગના દેશોમાં આપણા કરતાં ચિંતા વધારે સેવીને કમ્પલસરી વોટિંગ કર્યુ છે એમાં પણ કંઈક જુદી જુદી જોગવાઈઓ છે. હું એ વાંચીશ. થોડાક દેશોના દાખલા હું આપને આપીશ. આપ શું કરવા માગો છો? આપ તો બંધ મુઠી રાખવા માગો છો. આપ આ બિલ લઈ આવ્યા, આ બિલમાં આપ એમ કહો છો કે નિયમો તો હવે બનાવીશું અને નિયમો પછી મૂકીશું. You are not clear in your mind, you are not clear in your thought, you have not completed the process. If a person is not going to cast a vote, what will be consequence? Are you prepared to come with all these things so that we can also take part in debate? આજે કાયદો બની ગયા પછી કાલે નિયમો બનાવીને મૂકશું વિધાનસભા પાસે, એ નિયમો પહેલાં આપ કાયદામાં એ વ્યવસ્થા કેમ નથી કરતા? કે જેથી કરીને એને અનુરૂપ I can understand કે આપે એક જોગવાઈ કરી એને અનુરૂપ નિયમો આપ પછી બનાવો This is prerogative. But that rules will also have to come before this August House. પણ એ રૂલ્સ કેવા હોવા જોઈએ કે જે કાયદાની કલમને અનુરૂપ રૂલ્સ બનાવવાનું બાકી રખાય, અહીંયાં તો નહીં વોટ કરનારને આપ શું કરવાના છો એ આખુ જ **અધ્યાહાર** રાખ્યું છે. આપે એમ કહયું હોય કે આમ કરવાના છીએ, એ કરવા માટેના રૂલ્સ બાકી રાખો Yes, I can understand that હા, તમે નિયમો પછી બનાવીને આપવાના છો, અહીંયાં તો આખી જોગવાઈ જ આપે બાકી રાખી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અર્જન્ટીના, એમાં પણ વોટિંગ બધા માટે છે પણ એમાં પણ એમને સ્લેબ કર્યો છે કેટલી ઉંમરવાળાની શું પરિસ્થિતિ મૂકવાની, ૭૦ years old - not compulsory; children, youth - not compulsory. In Australia, complusory enrollment and voting for local State and National Federal election, for all adults over ૧૮. એ ઓસ્ટ્રેલિયામાં, જેને આપણે વારંવાર યાદ કરીએ છીએ એ ઓસ્ટ્રેલિયામાં આજે debate ઉભી થઈ છે કે શું આપણે બાળક છીએ? Are we not ready to understand? શું કામ અમને compell કરો છો? અને એ movement ના કારણે ત્યાં આગળ આજની પરિસ્થિતિમાં compulsory voting માંથી બહાર નીકળવાની પ્રોસેસ ચાલે છે. જયારે આપણે અંદર ઘુસવાની વાત કરીએ છીએ માનનીય અધ્યક્ષશ્રી, નાનો કન્ટ્રી છે ચીલે, compulsory voting અને કર્યુ કમ્પલસરી વોટિંગ, પણ એને બીજુય કર્યુ, enrolment is voluntary. મતદાર થવું કે ન થવું એ તમારી મુનસફી પર, પણ હા, તમે એકવાર મતદાર થયા એનો અર્થ એ કે તમે સ્વીકારો છો voluntarily કે હું દરેક ઈલેકશન પ્રોસેસમાં ભાગ લઈશ અને એટલે જ તમે નોંધાવો છો. આપણે અહીંયા મતદાર થવાનું વોલેન્ટરી નથી. મતદારે મતદાર તરીકે નામ નોંધાવવું જ જોઈએ અને નોંધવા માટે આપણે ઘરે ઘરે માણસ મોકલીએ છીએ. આપણો પ્રાથમિક શિક્ષક જાય છે અને પ્રાથમિક શિક્ષક જાય છે ત્યારે એ માણસને પૂછતો નથી તારે મતદાર થવું છે? Yes? I will write your name. No? I will not write your name. નીતિનભાઈ, એટલે કહું છું કે એટલા માટે આ પરિસ્થિતિ જુદી છે. ત્યાં વોલેન્ટરી નોંધાવવા જવું પડે આપણે નોંધવા જઈએ છીએ અને નોંધવા જઈએ છીએ ત્યારે મતદારને એમ નથી પૂછતા કે તારે થાવું કે નથી થાવું? જ્યારે જાય છે ત્યારે ઘરના એક માણસને પૂછે કે તારા ઘરમાં કેટલા રહે છે અને પ્રાથમિક શિક્ષક પાસે જે નીતિનભાઈના પત્ની લખાવે કે નીતિનભાઈ પટેલ, તો લખાય. હાજર હોય એ લખાવે એટલે એનું નામ લખાય પછી નીતિનભાઈને પૂછવાની જરૂર નહીં કે, are you ready to be a voter or not? એટલા માટે કહું છું કે ત્યાં આગળ એવું છે કે એમાં મતદારે નોંધાવવા જવાનું અને મતદારે નોંધાવવા જતા પહેલા એ નક્કી કરે કે મારે થવું છે તો જ થાય એને નોંધવા ન જાય. માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડીક બાબતો આ વિધાનસભા ગૃહના ધ્યાન પર મૂકવી છે અને એમાં એક બહુ જ ઈન્ટરેસ્ટીંગ આર્ટિકલ છે - A Case Study on Compulsory Voting અને કોઈ સામાન્ય માણસે કેસ સ્ટડી કર્યો હોય એવું નથી. the person who is well-known columnist Mr.Patrick, who writes in Sydney Morning Herald. જ્યાં આગળ કમ્પલસરી વોટિંગ છે એ સમાજની વચ્ચે રહીને આ માણસે સ્ટડી કર્યો છે. I do not mind giving copies of this Study Report to both the Hon'ble Ministers and I humbly request that you just go through this. (અંતરાય) No translation will be difficult... એ તો કરાવી શકે. પણ, (અંતરાય) ...It has to be taken very seriously, આ ધમકીભરી ભાષા તો ચાલે જ નહીં. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, તમે બોલ્યા છો કે નથી બોલ્યા એની ચર્ચામાં હું નથી ઉતરતો પણ શ્રી શકિતસિહજીએ તમારા સામે જોઈને કહ્યું અને ટ્રાન્સલેશન વાળી વાત કરી છે. (અંતરાય) તમારી સામે જોઈને કરી છે. કોણ બોલ્યું એ વાતને જવા દઈએ પણ આ સભાગૃહની અંદર બેઠેલા સભ્યને અંગ્રેજી આવડે છે કે નથી આવડતું એની ટીકા કરવાની જરૂર નથી. માનનીય શકિતસિંહજીને લાગે કે મારે આ નકલ મોકલવી છે તો એ મોકલી આપે એની કયાં ના છે. પરંતુ એની ટ્રાન્સલેશન મોકલવાની જરૂર પડે અને એવી પરિસ્થિતિની કોઈ ટીકા કરે તો એ ટીકા યોગ્ય નથી. ક્રોસ ટોક ન કરો. આપે એનો ઉલ્લેખ કર્યો (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું બોલ્યો નથી સાહેબ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જો આપ ન બોલ્યા હોવ તો શકિતસિંહજીએ કહેવાની જરૂર ન હતી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને શા માટે કહો છો? હું નથી બોલ્યો એક પણ શબ્દ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી**: તો જે બોલ્યા હોય એમને કહું છું. શકિતસિંહજીએ ચોખવટ કરવી જોઈએ કે એમણે આ ટ્રાન્સલેશન વાળી વાત શેના માટે કરવી પડી? આ વાત એમાંથી ઉભી થાય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, નહીં નહીં, this has to be taken seriously, આ બાબતને આપણે લાઈટલી નહીં લઈ શકીએ માનનીય અધ્યક્ષશ્રી, ધમકીભરી ભાષામાં માનનીય મંત્રીશ્રી કહે એ બરાબર નથી. Sir, you will have to take that very seriously. If any comment is coming from both the side, it should not come. નહીં આવવી જોઈએ કોમેન્ટો અને આવે છે ત્યારે હું કહું છું કે અમારા તરફથી કોમેન્ટ થતી હોય કે ત્યાંથી થતી હોય પણ આ વિધાનસભા ગૃહમાં જે ધમકીભરી ભાષાથી વાત થાય એ બિલકુલ ચલાવી લઈ નહીં શકાય.

**અધ્યક્ષશ્રી** : હું હવે આ બાબત રીસૅસ પછી કહીશ. અત્યારે મારે એક જાહેરાત કરવાની છે.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### ગુજરાત રાજ્યની સ્થાપનાના સ્વર્ણિમ જયંતી વર્ષની ઉજવણી અંગે

આજે મને એક નિવેદન કરતા આનંદ થાય છે કે, ૧લી જાન્યુઆરીએ આપણે ફરી મળીશું ત્યારે ગુજરાત રાજ્યની સ્થાપનાના સ્વર્ણિમ જયંતી વર્ષની ઉજવણીની શરૂઆત થશે. તે દિવસે આપણે સૌ સ્વર્ણિમ ગુજરાત સંસદીય પરિષદમાં મળીશું. આપ સૌ અચૂક હાજર રહેશો એવી મારી વિનંતી છે. આપના જિલ્લાના પૂર્વ ધારાસભ્યશ્રીઓ, સાંસદો અને પૂર્વ સાંસદો જે આ રાજ્યના લોક પ્રતિનિધિઓ છે એમને મારા વતી આગોતરુ નિમંત્રણ મેં પાઠવ્યું છે અને વિધિવત નિમંત્રણ અમે પાઠવવાના છીએ અને આપને પણ એમની યાદી જોઈશે તો એની યાદી પણ આપીશ અને આપ પણ એમને રૂબરૂ મળી નિમંત્રણ આપજો એવી હું આપને વિનંતી કરું છું. વિધિવત નિમંત્રણ આપને મળશે. ૧લી જાન્યુઆરીનો કાર્યક્રમ એ આપણા સૌનો કાર્યક્રમ છે અને તેને સફળ બનાવવા આપણે સૌ પ્રયત્ન કરીએ એવી અભિલાષા છે.

હું વિરામનો સમય જાહેર કરું છું. ગૃહના વિરામનો સમય થયો છે આજે સ્વર્ગસ્થ દરબાર સાહેબ ગોપાલદાસ દેસાઈની ૧૨૨મી જન્મ જયંતી હોવાથી વિધાનસભાના પોડિયમમાં પુષ્પાંજલિનો કાર્યક્રમ રાખ્યો હોવાથી વિરામ ૧૧-૧૫ વાગ્યા સુધી રહેશે. સભાગૃહના સૌ સભ્યશ્રીઓને પુષ્પાંજલિમાં ૧૧-૦૦ વાગ્યે હાજર રહેવા વિનંતી કરવામાં આવે છે. ગૃહના વિરામનો સમય થયો છે ૧૧-૧૫ વાગ્યે ફરીથી મળીશું.

**( વિરામ ૧૦-૩૦ થી ૧૧-૧૫ )**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : (ક્રમશ:): માનનીય અધ્યક્ષશ્રી હું જે વાત કરતો હતો "The case against compulsory voting" જ્યાં આગળ કમ્પલસરી વોટીંગ છે એ પૈકીની એક જગ્યાએ કેસ સ્ટડીમાં લખ્યું છે એ પ્રમાણે

**Quote:**

"Compulsory voting has taken an even uglier form in recent times in late ૧૯૯૨ which made it illegal even to advocate an informal vote: this is at present under challenge in the High Court as incompatible with the right of free political speech which the court has found to be implicit in the Constitution."

**Unquote:**

આ વાત ઓસ્ટ્રેલિયાની થાય છે ઓસ્ટ્રેલિયાના સંદર્ભમાં જે અહીંયા ઉલ્લેખ છે.

**Quote:**

"The mere fact that compulsory voting has ben so widely embraced by the current party system (with the exception of South Australia where a recent attempt to abandon it was blocked with the help of Australian Democrat members of the Upper House) is itself a good argument for changing it. Anything which migh shake up the parties and make them more concerned with the support of the community and their supporters rather than with the perpetuation of the extrememly undemocratic and elitist preselection systems as at present, would seem to be beneficial.

However, there are more fundamental reasons for objecting to compulsory voting. One is essentially a civil liberties argument.

**Unquote:**

આપણે નાગરિકના અધિકારની વાત કરીએ એના હકકોની વાત કરીએ એ ડેમોક્રેસીનો મેઈન પાયો છે અને એટલા માટે સિવિલ લિબર્ટીઝમાં વોટ આપવા માટે કમ્પેલ કરવા એ ડેમોક્રેટિક સિસ્ટમના બેઈઝ સાથે સુસંગત નથી એમ ઉલ્લેખ છે

**Quote:**

One of the worst features of totalitarian or oppressive regimes is that it is necessary to take an interest in politics under them, either as a result of coercion into official demonstrations and so on or in order to contest their power.

**Unquote**:

આપણે જાગૃતિ લાવી શકીએ, આપણે એ કરી શકીએ કે મતદારો વધારે ત્યાં આવે, મતદારો મત આપવા માટે આવે, લોકશાહીની જાગૃતિ પેદા કરી શકીએ એ જરૂરી છે Surely it is a fundamental human right to be left alone. એ માનવનો અધિકાર છે અને એ એના પર છોડી દેવો જોઈએ. એના પર આપણે હાવી થવું નહિ જોઈએ.

**Quote:**

Surely it is a fundamental human right to be left alone, to be allowed to live one's own life within the law but otherwise unmolested, and to take no interest in policies at all except by choice.

**Unquote**:

એ એમની પસંદગીનો વિષય છે કે એમણે પોલિટિકલ સિસ્ટમમાં જઈને ભાગ લેવો છે કે નહિ વોટ આપવો છે નથી આપવો, it should be left to them.

**Quote:**

Compulsory voting by imposing participation in the election of politicians and governments infringes the right to be apolitical.

**Unquote:**

કોઈનો અધિકાર છે કે મારે અપોલિટિકલ રહેવું છે I do not want to be a politician, I do not want to involve myself in the system. It is his right. અને એની સાથે ઈન્ટરફિયર નહિ થવું જોઈએ. માત્ર બે પેરેગ્રાફ જે રિલેવન્ટ છે એ વાંચીશ, મટિરિયલ તો ઘણું બધું છે પણ મારા પક્ષના સભ્યશ્રીઓ પણ એ સંદર્ભમાં બોલે અધરવાઈઝ કમ્પલસરી વોટીંગના અગેઈન્સ્ટમાં તો for days together આરગ્યુમેન્ટ થઈ શકે તેમ છે અને હું આરગ્યુમેન્ટ કરું એમ નહિ, દુનિયાના એટલા બધા ચિંતકોએ આ બાબતની ચિંતા કર્યા પછી જે કેસ સ્ટડીઝ બનાવ્યા છે I am not saying or uttering a word about the opinion of individuals.પણ જેમણે આમાં અભ્યાસ કરીને, સંશોધન કરીને કહ્યું છે કે ના આમાં જવા જેવું નથી. મેં દાખલાઓ પણ આપ્યાં કે જે વિદેશ ગયા છે તે પણ પાછાં ફરી રહ્યાં છે. ત્યારે આપણે આ કર્યુ છે "Thus just as ancient Rome" આપણે પણ આ જ કરવા જઈ રહ્યાં છીએ. આપણે શું કરવાના છીએ તે નિયમો તો હવે આપણે બનાવવાના પણ આપણે બે વસ્તુ કરવાના જે હું સમજયો છું તે પ્રમાણે કે જે વોટ કરશે તેને દા.ત. રેશનકાર્ડ મળતું હશે, બીજી સરકારી સવલતો મળતી હશે ચાલુ રહેશે. અને કદાચ નહીં કરે તો તેને બંધ કરશે. કેસ સ્ટડી કહે છે કે આ પ્રકારની વ્યવસ્થા છે તે itself is a bribe એ if you do as per my wish, you will get. If you do not do as per my wish, you will not get it. સીસ્ટમમાં નથી રોમની જે પરિસ્થિતિ હતી તેને આમાં સરખાવી છે.

**Quote:**

"Thus just as ancient Rome pacified its citizens with distributions of free bread and the provision of circuses and game of ever-escalating scale and cruelty, so the same tendencies can be seen in modern Australia where social security dependency has been increasing steadily and where free broadcasting of violent sporting events has become government policy. This is clearly designed to appeal to unthinking but enfranchised plebs who are forced to the polls.

By contrast there are strong reasons for leaving the vote in elections to those who actively wish to exercise it."

**Unquote:**

જે સક્રિય રીતે મતદાન કરવા માગતા હોય તેને માટે બરાબર છે કે આવે છે અને મતદાન કરે છે. "and at the same time leaving it to them, individually or through their political parties" અથવા જે ઉમેદવાર લડે છે તેની જવાબદારી છે, પોલીટીકલ પાર્ટીની આપણી જવાબદારી છે. to woo voters મતદારને woo કરવાની જવાબદારી આપણી છે. આપણી એ ચિંતા હોય કે અરે, એકસની વોટ બેન્ક તો વોટ કરવા જાય છે અને મારી વોટ બેન્ક વોટ કરવા નથી જતી. આપણે અંતરખોજ કરો કે મારો વોટર મારા મતદાન મથક સુધી વોટ કરવા નથી જતો તેના માટે હું જવાબદાર છું. વાય બીજો મતદાર છે તે બે કલાક લાઈનમાં ઉભો રહીને તેના માટે વોટ કરવા જાય છે અને મારો વોટર મારા માટે નથી નીકળતો. તો તેના માટે આપણે આત્મખોજ કરવી પડે. આપણા વોટરને આપણે woo કરવા પડે. આપણે plead કરવો પડે આપણો કેસ અને આપણો વોટર પણ આપણી વોટ બેન્ક પણ વોટ કરવા માટે જાય તેના માટેની ચિંતા કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, વોટીંગ ફરજિયાત કરવાના નકારાત્મક પાસાઓ થોકબંધ છે. અને હું ચોકકસ માનું છું કે જયારે આ દેશની પાર્લામેન્ટમાં પણ પ્રાઈવેટ મેમ્બર બિલ વખતે આ ચર્ચા થયા પછી all party meet કરીને reforms વાત થઈ હોય. દિનેશ ગોસ્વામી કમિટી પછી reforms માટે ઓલ પાર્ટી વાત થતી હતી. જેના અંદરના પણ આ ઉલ્લેખો હોય ત્યારે હું માનું છું કે આ બિલ આપ જે કરવાના છો કમ્પલસરી વોટીંગવાળું જે દેશના બંધારણના સ્વાતંત્રતાના મૂળભૂત અધિકારોથી મારી દ્રષ્ટિએ વિરુધ્ધ છે. મારી દ્રષ્ટિ ખોટી પણ હોઈ શકે. પણ એક વિચાર માંગી લે એવી વસ્તુ છે ત્યારે પૂરી શકયતા રહેવાની કે આ બિલ આપનું કાયદો નહીં બને. મારી ચિંતા બીજી છે. આપનું કમ્પલસરી વોટીંગ કાયદો બને નહીં બને તે અંગેની ભૂમિકાના કારણે ૫૦ ટકા મહિલાને અનામત જે આપ આપવા માંગો છો તે બિલ ઘોંચમાં પડશે. એટલે મારી હજુ વિનંતી છે કે સરકાર આને સ્પ્લીટ કરે. આટલા વર્ષોથી ચાલી આવતી સીસ્ટમમાં ચાર મહિનામાં કોઈ વિલંબ નહીં થઈ જાય. ચાર મહિનામાં કોઈ આસમાન નહીં તૂટી પડે. અથવા હું તો કહું છું આપ સ્પ્લીટ કરીને special session બોલાવો, short term session બોલાવો, માત્ર એ બિલ માટે session બોલાવો. We will have a discussion. If you can convince us we will support it. If it is going to be ultra-virus, if it is unconstitutional, if it is beyond your power, we will oppose it. But then you have majority, you can pass it and send it. પણ બન્ને સાથે રાખશો તેના કારણે અને છાપ એવી પડશેકે આપણે લોલીપોપ બતાવીએ છીએ. આપણે વાત કરીએ છીએ, આપણે ખરા અર્થમાં એનો અમલ કરવા માગતા નથી. મહિલા અનામત ૫૦ ટકાની વાત કરવાની, પણ અમલ થવામાં વિલંબ થાય એના માટેની ગોઠવણ અત્યારથી જ કરી રાખવાની. એ ન કરવું હોય તો મારી હજુ પણ વિનંતી છે કે આપ માત્ર મહિલા અનામતવાળા સેકશન મૂવ કરો. મહિલા અનામત સિવાયની કમ્પલસરી વોટીંગવાળી જે વાત છે તે આજે મૂવ ન કરો. એને વીથડ્રો કરો. ભલે અમારા કહેવાથી વીથડ્રો ન કરવાની હોય તો સત્તાધારી પક્ષના દંડકશ્રી સુધારો રજૂ કરે અને ગૃહ સર્વોપરી છે, ગૃહ એને માન્ય કરે. અને એટલી જ મહિલા અનામતવાળી સર્વસંમતિથી પસાર કરીએ અને પેલું બિલ આપ અલગ કરીને ફરી લાવો, જેથી કરીને એ બિલની આડ અસરમાં આને મુશ્કેલી ઉભી ના થાય, એટલી ચિંતા સેવીએ. મારી વાત હું પૂરી કરું એ પહેલા ફરી દોહરાવું છું કે સરકાર ફરી વિચારે. કે કમ્પલસરી વોટીંગ, એવું કહેવાય છે કે Charity begins from home. હું મારી જાતથી સુધારાની શરૂઆત કરું. હું આ ગૃહના મતદાર તરીકે હાજર ન રહેતો હોઉં. હું વોટીંગમાં ભાગ ન લેતો હોઉં અને બીજાને ફોર્સ કરું કે કમ્પલસરી વોટીંગ એ મને લાગે છે કે એક સૈદ્ધાંતિક રીતે, એક આદર્શની રીતે અને એક માનસિકતાની રીતે પણ માન્ય રાખી શકાય નહીં. આપણે જ મતદાર તરીકે, આ ગૃહના સભ્ય તરીકે ફુલ્લી કમ્પેલ થઈને વોટીંગ ન કરતા હોઈએ, આપણે જ મતદાર તરીકે ગેરહાજર રહીએ, એના માટેની કોઈ જોગવાઈ આપણે માટે ન કરતા હોઈએ, અને બીજા મતદાર માટે આપણે એવું કરીએ કે તમે મતદાન નહીં કરો તો તમારા માટે નિયમો બનાવીશું, નિયમોથી પગલાં ભરીશું અને તમારી સામે આ પગલાંના આધારે આગળ કામ ચાલશે, તો મને લાગે છે કે એ વાજબી નથી. આ જ શબ્દો સાથે ૫૦ ટકા મહિલા અનામતને સમર્થન આપું છું અને જે કમ્પલસરી વોટીંગવાળી વાત છે એને સમર્થન કોઈ રીતે મળ્યું નથી, મળી શકે એમ નથી. એને વીથડ્રો ના કરે અને ચાલુ રાખવાના હોય તો એટલી બાબત પૂરતો એનો વિરોધ કરીને વિરમું છું.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે સૌ પહેલા તો હું જે આ બિલ અહીંયા લાવવામાં આવ્યું છે, હું એમ કહીશ કે આ ઐતિહાસિક વિધેયક તો છે, પણ એક ક્રાંતિકારી વિધેયક પણ છે અને આવું બિલ લાવવા માટે હું આપણા આદરણીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈને લાખ લાખ અભિનંદન આપું છું. કચ્છીમાં કહું તો લખ લખ વધઈ હો.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક ૨૩ અહીંયા રજૂ થઈ રહ્યું છે. જેમાં પંચાયતો અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલા અનામત, પંચાયત, નગરપાલિકા, મહા નગરપાલિકા અને એની સાથોસાથ મતદાન ફરજીયાતનો પણ સુધારો એમાં છે. આવી બે વસ્તુની આપણે અહીંયા ચર્ચા કરી રહ્યાં છીએ, ત્યારે હું એમ કહીશ કે સ્વર્ણિમ્ જયંતિનું વર્ષ બારણે ટકોરા મારી રહ્યું છે અને એવા સમયે આવું વિધેયક

લાવીને એક ઐતિહાસિક ઘટના બની રહી છે અને દેશભરમાં એનો ડંકો વાગવાનો છે ત્યારે એના પડઘા સમગ્ર વિશ્વમાં પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહી એટલે લોકો વડે, લોકો માટે અને લોકોની બનેલી સરકાર. આપણો દેશ એ દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે. પ્રજા તંત્ર એટલે પ્રજાએ બનાવેલું તંત્ર. અને એની અંદર આપણે અત્યારે જોઈએ છીએ કે કઈ પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૪૭માં આઝાદી પ્રાપ્ત થઈ અને ૧૯૫૦માં બંધારણ અમલમાં આવ્યું. આજે ૬૦, ૬૦ વર્ષના વ્હાણાં વીતી ગયાં પણ કોઈને પણ આ સુધારો લાવવાનું સૂઝયું નહીં. અને પરિસ્થિતિ આપણે સૌ જોઈએ છીએ કે એનો અનુભવ કરી ચૂકયા છીએ કે મતદાન આપણે ત્યાં ૫૮થી ૬૦ ટકા થતું હોય તો પણ આપણે ત્યાં ૬૭ કરોડ લોકોને મતદાનના અધિકાર છે. એમાંથી ૩૯ કરોડ લોકો મતદાન કરે અને ૨૮ કરોડ લોકો મતદાનથી વંચિત રહે છે. અને ૨૮ કરોડ લોકો એટલે અમેરીકાની સમગ્ર વસતિથી પણ વધુ એટલા લોકો મતદાનથી વંચિત રહેતા હોય ત્યારે તેનું પરિણામ આવતું હોય, અને તેના મારફત જે પ્રતિનિધિ ચૂંટાતા હોય તો તેની પાસેથી આપણે શું અપેક્ષા રાખીએ? મતદાન સમયે દિવસે દિવસે જે રીતે રાજકારણમાં સડો લાગી રહ્યો છે, હજુ આપણા ગુજરતમાં બહુ નથી. પરંતુ બહારના દેશોમાં જુઓ તો મની પાવર, મસલ પાવર, ગુંડાગીરી, આવા અનેક દૂષણો ઘણી જગ્યાએ તો ૨૦ થી ૪૦ ટકા જ મતદાન થાય, અને ૨૦ થી ૪૦ ટકા મતદાનથી જે વ્યકિત ચૂંટાઈને આવે ત્યારે આપણે સમજી શકીએ કે સારો માણસ, ગરીબ હોય પણ ખૂબ હોંશિયાર હોય, રાજકીય ઈચ્છાશકિત ધરાવતો હોય પણ તે માણસ ચૂંટણીમાં ઉભો રહેવાની હિંમત નહીં કરી શકે, એટલી બધી ખર્ચાળ ચૂંટણીઓ હોય છે, કાવા દાવા, સામ દામ દંડ અને ભેદ ચાલતા હોય, એવા સમયે મતદાન ફરજિયાત હોય, ફરજિયાત મતદાન એટલે આપણને જે કાયદાની રૂએ અધિકાર મળ્યો છે તે ફરજ સમજીને એ અધિકારને આપણે વાપરવાનો છે. ત્યારે એવા સમયે મતદાન માટેની જે ચર્ચા છે એમાં કહીશ કે આની અંદર કોઈએ બીક રાખવાની જરૂર નથી. આનાથી ફાયદો જ થવાનો છે. કોઈ નુકસાન થવાનું નથી. કારણ કે આમાં જે જોગવાઈ કરી છે એમાં એવું લખેલ છે કે દંડ કરવો, સજા કરવાની અને નોટિસ કરવાની જોગવાઈ છે. તેનાથી ડરવાની જરૂર નથી. કારણ કે આ બધું કોઈ રાજકીય પક્ષ નથી કરવાનો, આ તો ચૂંટણી પંચે નકકી કરવાનું છે. અને રાજકીય પક્ષ કોઈ વાર આ હોય કે કોઈ વાર પેલો હોય, આ તો કાયદામાં સુધારો થઈ રહ્યો છે. ત્યારે એવા સમયે પક્ષા-પક્ષીનો વિચાર નહીં કરવો જોઈએ. અને જયારે ચૂંટણી પંચ નકકી કરવાનું હોય ત્યારે એવું માનવાને કારણ નથી કે કોઈ વોટ બેંકને નુકસાન થશે. આ સુધારાથી ગરીબ માણસ કે જે મતદાન પ્રત્યે સભાન નથી હોતો, અભણ માણસ સભાન નથી હોતો તેથી તે મતદાન કરવા ન જાય અને લાલચ કે લાભથી તેને રોકવામાં આવે, કોઈ વાર દબાવીને, દાદાગીરીથી એમ પણ કહેવામાં આવે કે તું આમ કર, આવા દૂષણને અટકાવી શકીશું. કારણ કે મતદાર ગરીબ, અભણ કે તવંગર કોઈ પણ હોય તેનામાં જાગૃતિ આવશે કે મારો મત અમૂલ્ય છે. મારો મત પવિત્ર છે. અને તેની કિંમત તેને સમજાશે. કારણ કે મતદાન માટે જે જોગવાઈ કરવામાં આવી છે અને આપણે જેને વિચારણામાં લઈ રહ્યા છીએ તેમાં રેશનકાર્ડ, પાસપોર્ટ, અને ડ્રાઈવીંગ લાઈસન્સ તેવા જે નાના લાભો તેમને મળી રહ્યા છે તેની સામે તેને એવું લાગશે કે આ લાભ લેવો હોય તો મારે મતદાનનો સિકકો મારવો જોઈએ, આવી જોગવાઈને લીધે તેનામાં જાગૃતિ આવશે. તેને મતની કિંમત સમજાશે. કારણ કે દિવસે દિવસે લોકશાહીનું મહત્વ ઘટતું જઈ રહ્યું છે. જેમ જેમ મતનું અપરાધીકરણ થઈ રહ્યું છે તેમ તેમ મત માટેની લાગણી અને કિંમત છે તે ઓછી થઈ રહી છે. હું એમ કહીશ કે આજે આ ફરજિયાત મતદાન કરવાથી કેટલા બધા ફાયદા થવાના છે. એક તો જે વ્યકિત જીતશે તેને પ્રજાનો સો ટકા મેન્ડેટ મળશે, અને સારો પ્રતિનિધિ તે અહીંથી ચૂંટીને મોકલશે. અહીં આપણે બોલાવી શકીશું. જે પ્રતિનિધિ ચૂંટાવાનો છે તેમને ચૂંટણીમાં મહેનત ઓછી, ખર્ચ ઓછો, અને કોઈ પણ જાતના અવરોધ નહીં, તે પોતાનો બાયોડેટા અને પાર્ટીનો બાયોડેટા રજૂ કરી અને તેનો પ્રચાર કરી અને પોતાની કાબેલીયત અને પાર્ટીના નામ ઉપર પોતે જીતશે અને દેશનું કે રાજયનું પ્રતિનિધિત્વ કરશે. અને સમાજનું, રાજયનું અને દેશનું પ્રતિનિધિત્વ કરશે ત્યારે એક વસ્તુ નિશ્ચિત છે. હું અહીંયા બીજી બાબત તરફ ધ્યાન દોરવા માગું છું કે અનામત શીટમાં મતદાન ઓછું થાય છે, શા માટે ઓછું થાય છે, મતદાન ઓછું થાય એ તો લોકશાહીનું કલંક છે. આપણે હજી ગઈ કાલે જ ઠરાવ લઈને આવ્યા આપણે દલિત સમાજના ઉત્કર્ષ માટે મહેનત કરીએ છીએ ત્યારે ફરજિયાત મતદાન થશે તો આપણે ચોક્કસ અનામત શીટ ઉપર ઓછું મતદાન થાય છે એને અટકાવી શકીશું અને ખૂબ સારી રીતે સ્વતંત્રતાથી વિચારપૂર્વક મતદાન થશે.

આ ઉપરાંત બીજી પણ એક વાત મારે કહેવી છે. અહીંયા એમ કહેવામાં આવે છે કે આમાં સરમુખ્યત્યારશાહી, હિટલરશાહી એવા શબ્દોનો ઉલ્લેખ થાય છે. તમારે એમ કહેવું છે કે મતદાન ફરજિયાત કરવું કે મતદાતાને એમ કહેવું કે તમારો અધિકાર વાપરો એને આવું ન કહી શકાય. પણ એવી સરમુખ્યતારશાહી કે હિટલરશાહીની જો વાત કરીએ તો ૧૯૭૫ની ઘટના યાદ કરો. એક વર્ષ સુધી લોકસભા લંબાવી દીધી હતી અને એની અંદર મતનો અધિકાર છિનવાઈ ગયો હતો. લોકોની સ્વતંત્રતા છિનવાઈ ગઈ હતી એ કેમ ભૂલી જાવ છો? આજે ચર્ચા કરતી વખતે હું એમ કહીશ કે આને લીધે યુવા વર્ગમાં જાગૃતિ આવશે, લોઅર વર્ગ છે એમાં જાગૃતિ આવશે, દલિત પીડિત સમાજમાં જાગૃતિ આવશે એટલે મારી દ્રષ્ટિએ આ ખૂબ જરૂરી છે અને સમયની

માંગ પ્રમાણેનો સુધારો છે અને હું બધાને વિનંતી કરું છું કે જે સુધારો અહીંયા લાવવામાં આવ્યો છે એ ખરેખર કહું તો આપણી જે લોકશાહી છે એને સડો લાગ્યો છે. ૬૦ વર્ષમાં એના પાયામાં સડો લાગ્યો છે એનો ઇલાજ કરવો હોય તો આ જે બે સુધારા અહીંયા લાવવામાં આવ્યા છે એક ૫૦ ટકા મહિલાઓ માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અનામત અને એમાં ફરજિયાત મતદાન આ બંને સુધારાઓ સર્વાનુમતે આપણે પાસ કરીશું તો લોકશાહીના પાયામાં જે સડો લાગ્યો છે એનો રીટ્રોફિટિંગ કરી શકીએ અને પાયા મજબૂત કરી શકીશું. આપણને જે લોકશાહી પ્રાપ્ત થઈ છે, આઝાદી આપણને પ્રાપ્ત થઈ છે એ પ્રાપ્ત કરવામાં અનેક શહીદોએ પોતાની શહાદત વહોરી છે એ શહાદત એળે ન જાય એની કિંમત આપણને સમજાય અને આપણી લોકશાહીનો પાયો મજબૂત થાય એ ખૂબ જરૂરી છે. આખા દેશની અંદર ગુજરાતે આની પહેલ કરી છે. આ સિવાય પણ અનેક બાબતોમાં ગુજરાતે પહેલ કરી છે એનું અનુકરણ પણ દેશમાં કરવામાં આવ્યું છે, અનેક બાબતોમાં અનુકરણ કરવામાં આવ્યું છે એનો અહીંયા ઉલ્લેખ નહિ કરું.

મારે બીજી એક વાતનો પણ અહીંયા ઉલ્લેખ કરવો છે. ૩૨ દેશોની અંદર મતદાન ફરજિયાત કરવામાં આવ્યું છે. એમાં અમૅરિકાના પ્રખ્યાત સ્વાતંત્ર્યની ઘોષણા કરનાર લેખક શ્રી થોમસ જૅક્સને વાત કરી છે એની વાતને અહીંયા ટાંકવી છે. એ લોકોને ફરજિયાત મતદાનની અગત્યતા સમજાવતા એમણે કહ્યું કે તમે આત્માની હિફાજત કરો, તેમના ધ્યાનને જીવંત રાખો જો એકવાર પણ મતદાન જેવી બાબત પ્રત્યે બેધ્યાન બનશો તમે હું અને આપણે વિધાન મંડળો જજો અને ગવર્નરો સૌ પાસવી બની જશે અને માટે જ જ્ઞાતિવાદી રાજનીતિ અને બિન મતદારોની લોકતાંત્રિક ચૂંટણી પ્રક્રિયાની અંદર બિન ભાગીદારી નિવારવા ભારતમાં પ્રજાકીય લોકશાહીની જાળવણી માટે ચૂંટણીમાં ફરજિયાત મતદાનનો કાયદો બનાવવો આવશ્યક છ અને જરૂરી છે અને મતદાન એ સામૂહિક જનાદેશ જાણવાની પ્રક્રિયા કે પદ્ધતિ છે મતદાન એ અનેકતામાં એકતા અને પ્રખ્યાત ભારતીય સંસ્કૃતિનું પ્રખર ઉદાહરણ નથી. જે કોઈ સરકાર છે એ રાજકીય નીતિનું ભવિષ્ય તય કરે છે. અને એટલા માટે મારી વિનંતી છે કે આની અંદર આપણે બધા સર્વસંમતિ કરીએ, મારે ખાસ વાત એ સ્થાનિક સ્વરાજયમાં ૫૦ ટકા મહિલા અનામતની કરવી છે. દેશના રાષ્ટ્રપતિ મહિલા હોય, સત્તાધારીપક્ષના વડા મહિલા હોય, લોકસભાના સ્પીકર મહિલા હોય અરે એવા સમયે બધાને અપેક્ષા હતી કે ૩૩ ટકા જે અનામત રાખવામાં આવી હતી એ ૫૦ ટકા પહેલા ધડાકે આવશે, બહુ રાહ જોઈ, ૫૦ ટકા લોકસભા વિધાનસભાનો ખરડો આવે છે અને પાછો જાય છે, કાંઈ થતું નથી પણ આ જે ૫૦ ટકા કરવાનું હતું ૩૩ ટકામાંથી એ ય આજ દિવસ સુધી ના આવ્યું ત્યારે મહિલાઓએ પોતાની સર્વોપરિતા રાજકારણમાં પણ જો સાબિત કરી દીધી હોય, અનેક ક્ષેત્રમાં પણ મહિલાઓએ પોતાની સર્વોપરિતા સાબિત કરી દીધી હોય ત્યારે એમની શકિતમાં વિશ્વાસ રાખી આપણે આ સુધારો કરીએ એવી મારી સર્વને વિનંતી છે અને આજે જયારે ગુજરાતે આની અંદર પહેલ કરી છે, હું એમ કહીશ કે મેન એન્ડ વુમન આર ઈકવલ પાર્ટનર ઓફ ધ લાઈફ, ધે આર કોમ્પલીમેન્ટરી એન્ડ સપ્લીમેન્ટરી અને આ ઉકિત સાથે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીએ જયારે લગામ સંભાળી ગુજરાતની એ ગુજરાતના લાડીલા મુખ્યમંત્રી કે જેઓએ આવતાની સાથે જ એક નિશ્ચય કર્યો કે પીડીત અને શોષિત સમાજ, દલિતો અને મહિલાઓ આ લોકોના ઉત્કર્ષ માટે, આ લોકોના વિકાસ માટે શું કરવું અને સૌથી પહેલો નિર્ણય એમણે મહિલા અને બાળ વિકાસનો વિભાગ અલગ કરીને કર્યો કે જેની અંદર મહિલાઓ અને બાળ વિકાસના ઉત્કર્ષ માટેની અનેક યોજનાઓ ઘડી કાઢી અને એના અમલ માટે પણ ખૂબ ઝડપથી ખૂબ ત્વરીત રીતે વ્યવસ્થિત આયોજન સાથે એનો સમયબધ્ધ કાર્યક્રમ ચાલુ પણ કરી દીધો. આ મહિલા અને બાળવિકાસ વિભાગની અંદર આ મહિલાઓના ઉત્કર્ષ માટેના ચાર વિભાગ પાડવામાં આવ્યા કે મહિલાઓનું શોષણ કયાં કયાં થાય છે? મહિલાઓનું શોષણ કારણ કે એ આર્થિક રીતે પગભર નથી એટલે થાય છે? શિક્ષિત નથી, સામાજીક જે આપણા નિયમો છે સમાજના જે બંધનો છે એને લીધે પણ એનો ઉત્કર્ષ નથી થતો અને એના શારીરિક અત્યાચારો જે ખરેખર એમ કહીએ છીએ કે કુદરતી છે તો આ બધી જ વસ્તુઓને ધ્યાનમાં લઈને શિક્ષણક્ષેત્રે કન્યા કેળવણીની ઝુંબેશ ચલાવીને કન્યાઓની અનેક યોજનાઓ કન્યા કેળવણી માટે મૂકવામાં આવી એ જ રીતે શાળા આરોગ્યની અંદર દીકરીઓને વધુ મહત્વ આપીને તેમના આરોગ્યના રક્ષણ માટે પાયામાંથી જ યોજનાઓ કરીને એને સુવિધાઓ પ્રાપ્ત કરાવી અને એની સાથેસાથે ચિરંજીવી યોજના, સૌથી મોટી પીડા ગરીબ અને ગામડાની બહેનોની હોય તો હું એક ડૉકટર તરીકે કહી શકું કે એમને ત્યાંનો ડીલીવરી પ્રસંગ, મહિલાઓના પ્રશ્નનો પ્રસંગ હોય છે એ અતી કઠિન હોય છે, અને કરૂણ પણ હોય છે. અને આમાં મહિલાઓનું શોષણ અને પીડીત થતી હોય છે મહિલાઓ ત્યારે એવા સમયે ચીરીજંવી યોજના, અને કેવી યોજના મૂકી કે એનો ડંકો ખાલી દેશમાં નહી દુનિયામાં એનો ડંકો પડયો, એશીયન ઈનોવેશન એવોર્ડ એ આ ચીરંજીવી યોજનાએ પ્રાપ્ત કર્યો એવી જબરજસ્ત યોજના કે જેને સર્વએ સ્વીકારી, કેટલાએ લોકો આ યોજનાનો અભ્યાસ કરવા ગુજરાતમાં આવે છે અને એનું અનુકરણ કરે છે. આ યોજનાથી ગામડાની ગરીબ બહેનોને ખૂબ સુવિધા થઈ. મેટરનલ મોર્ટાલીટી રેટ ઘટયો, નીયોનેટલ મોર્ટાલીટી રેટ ઘટયો અને એની સાથે ૧૦૮ એમ્બ્યુલન્સ મૂકી દીધી એટલે તો એમ કહી શકું કે ખરેખર બહેનોના જે પ્રશ્નો હતા એ ખૂબ અંશે એ સોલ થયા છે, ત્યારે હું એની સાથેસાથે એક બીજી વાત કરીશ કે આર્થિક ઉત્કર્ષની, એના પહેલા હું એક વાત કહું, એક સુખડી વિતરણનો કાર્યક્રમ એ માનનીય મુખ્યમંત્રીશ્રીએ મૂકયો છે. ભલે સ્વૈચ્છિક પણ આપ જોવો કે કેટલી બધી

ચિંતા કે એ લોકોને પાયામાંથી એ સગર્ભા સ્ત્રીને પૂરું પોષણ મળે એના માટે અને એને સારો આહાર મળે એના માટે સુખડી વિતરણનો કાર્યક્રમ સમાજના લોકો આપણા ગુજરાતની અંદર સ્પેશીયલી ડોનેશન કરવાની ભાવના છે.અને એવા સમયે આ સુખડી વિતરણના કાર્યક્રમથી ગરીબ મહિલાઓને ખૂબ સારી મદદ આપણે કરી શક્યા છીએ અને આ કાર્યક્રમ વધુને વધુ પ્રચલિત થાય એ માટે હું સર્વે માનનીય ધારાસભ્યશ્રીઓને આ તબક્કે વિનંતી કરવાનું નહીં ચૂકું. આવા કાર્યક્રમો સાથે બહુ સારામાં સારી એક વસ્તુ કરી હોય તો મહિલાઓના આર્થિક ઉત્કર્ષ માટેની યોજના. અનેક યોજનાઓ છે, અનેક સ્કીમો છે પણ એટલું કહીશ કે, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું જવાબ આપું છું. માનનીય સભ્યશ્રીઓને કોઈને પણ આ બાજુ કે પેલી બાજુએ મેં રોક્યા નથી, રોકવાનો નથી અને એટલે જ એ મહિલાઓની ઉન્નતિની સાથે મહિલા ઉત્કર્ષની વાત કરતા હોય તો હું રોકીશ નહીં. ગઈ કાલે પણ મારું સ્ટૅન્ડ આજ રહ્યું છે. સભાગૃહનો સમય (અંતરાય) બીજા સભ્યશ્રીઓએ બોલાવાની જરૂર નથી.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : વાત કરવામાં તકલીફ થાય તો ઉત્કર્ષ ક્યાંથી થાય?

**અધ્યક્ષશ્રી** : વચ્ચે ક્રોસ ટોક કરનાર સભ્યશ્રીઓ સંયમ રાખે. બિલની ચર્ચામાં હું કોઈને રોકવાનો નથી. પુનરોક્તિ હશે તો હું ચોક્કસ રોકીશ.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : મહિલાઓના આર્થિક ઉત્કર્ષ માટે ઘણી યોજનાઓ કરી પણ એમાં સૌથી વિશેષ ધ્યાન દોરવા લાયક મને લાગે છે કે સ્ત્રી સશક્તિકરણની યોજના છે. જે સખી મંડળો રચવામાં આવ્યા એ ખરેખર મારી દ્રષ્ટિએ યુનિક કાર્યક્રમ થયો છે. ૧.૪૨ લાખ જેટલા સખીમંડળો કરવામાં આવ્યા અને એની પાછળ ૭૮ હજાર ૭૦૦ સખી મંડળોને બેંક સાથે લીંકેજ કરવામાં આવ્યા અને બેંકો સાથે ક્રેડિટ લીંકેજ ૧૨૦ કરોડનું અને એમાં પણ રાજ્ય સરકારનું ૩૫ કરોડનું રીવોલ્વીંગ ફંડ ફાળવવામાં આવ્યું. મારે એટલું જ કહેવું છે કે યોજના ખાલી બનાવવાની એવું નહીં, ખાલી કાગળ ઉપર નહીં પણ એ યોજનાઓ સફળ થાય એ યોજનાનું અમલીકરણ થાય અને એ યોજનાઓ લાભાર્થીઓ સુધી પહોંચે એના માટેનું વ્યવસ્થિત આયોજન, વ્યવસ્થિત મહેનત અને વ્યવસ્થિત તંત્ર ગોઠવીને આ પરિણામો પ્રાપ્ત કરવામાં આવ્યા છે. આટલા બધા સખી મંડળો બનાવવા કોઈ સહેલી વાત નથી. આટલી બધી ક્રેડિટનું લીંકેજ આપવું એ ખરેખર મારી દ્રષ્ટિએ ખૂબ ખૂબ અભિનંદનીય છે. બીજી વાત કરું તો સામાજિક વિકાસની જે વાત છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા એટલા બધા પગલાં લેવામાં આવ્યા છે કે જેના લીધે મહિલાઓનું ડગલે ને પગલે જે અપમાન થતું હોય છે, એનું સ્વમાન ઘવાતું હોય છે એ ન બને અને એનું માન-સન્માન જળવાય, માન-મરતબો ઊંચો આવે એના માટેની યોજના આપને કહું તો એનો એક મોટો દાખલો હોય તો બેટી બચાવો આંદોલન છે. એની વિગતવાર વાત નહીં કરું. મહિલાઓનું સન્માન વધારવા બાળકની પાછળ માતાનું નામ લખવાનો હક્ક આપવામાં આવ્યો એ બહુ મોટી વાત છે. બીજું કહું તો નારી અદાલતો કરીને બહેનો ઉપર થતા અત્યાચારોને પૂરેપૂરો ન્યાય અપાવવાનું કામ કર્યું છે. એની સાથોસાથ સ્ત્રીઓને પ્રોપર્ટી જો સ્ત્રીના નામે પ્રોપર્ટી લેવામાં આવે તો એની રજિસ્ટ્રેશન ફી માફ કરવામાં આવી. એટલા માટે લોકો સ્ત્રીઓના નામે પ્રોપર્ટી લેતા થાય અને જ્યાં સુધી એના નામે પોપર્ટી ન હોય ત્યાં સુધી એનો માન મોભો નથી જળવાતો. એટલે નાનામાં નાની વસ્તુની ચિંતા કરવામાં આવી છે. હું એમ કહીશ કે રાજકીય ઉત્કર્ષની વાત કરીએ તો રાજકીય ઉત્કર્ષ માટે શું કર્યું? ૩૩ ટકા અનામત તો સ્થાનિક સ્વરાજમાં હતું આપણી પાસે. એનું કડક અમલીકરણ થયું. પણ એની સાથે સાથે ભારતીય જનતા પાર્ટીએ જે પગલું ભર્યું છે એ પણ મારે ધ્યાન દોરવું છે કે ૩૩ ટકા મુખ્ય હોદ્દાઓમાં ત્રણ મુખ્ય હોદ્દા હોય, નગરપાલિકા કે મહાનગરપાલિકામાં પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન એમાંથી એક હોદ્દો ફરજિયાત મહિલાને આપવાનો એવું નક્કી કરવામાં આવ્યું. અને અત્યારે બધી જ જગ્યાએ છે એની સાથે સાથે મહિલાને ચૂંટણીમાં ટિકિટો આપણી નજર સામે છે કે આટલી બધી મહિલા વિધાનસભામાં કયારેય હોતી નથી અને તમે જુઓ performance કેટલું સરસ છે એ હું આ તબક્કે કહીશ કે ૨૨-૨૨ મહિલાઓને ટિકિટ આપવાની હિંમત કરવી અને એમાંથી ૧૫ મહિલાઓ ચૂંટાય ગઈ. લોકો પણ ઈચ્છે છે કે મહિલાઓને પ્રાધાન્ય આપો, એને ભાગીદાર બનાવો. એટલા માટે હું બીજી એક વાત કરીશ કે આ ૫૦ ટકાની અંદર જો મહિલાઓને લાવીશું તો એના ઘણાં બધા ફાયદાઓ આપણને થવાના છે. એક તો મહિલાને માન, સન્માન અને એના હાથમાં સત્તા આવશે, એની સાથે સાથે મહિલા આવવાથી હું એમ કહીશ કે અત્યારે જે રાજકારણ છેને એમાં ખાસ કરીને સ્થાનિક સ્વરાજ્યની જે ચૂંટણીઓ છેને એમાં આપણે જોઈએ છીએ કે જે રીતે જૂથવાદ અને ઝઘડા થાય છે. જૂથવાદ અને ઝઘડા વધતા હોય છે. જો આ ૫૦ ટકા અનામત કરીશુંને તો આખો scenerio બદલાઈ જશે. આ બધા જૂથવાદ અને ઝઘડા બધું જતું રહેશે અને એની સાથે સાથે જે વહીવટ છે એ વહીવટ સુધરશે. કારણ કે જીવન જરૂરિયાતના જે મહત્ત્વના પ્રશ્નો છે, આમ પબ્લિકની સાથે જોડાયેલા પ્રશ્નો છે. એ પ્રશ્નો છે રસ્તા ગટર, પાણી, સફાઈ આ બધી જ વસ્તુઓને જો કોઈ વધુ concern હોય તો તે મહિલાઓ છે અને એટલા માટે મહિલાઓ જ્યારે આનો વહીવટ ૫૦ ટકા સાથે કરશે ત્યારે આ બધા પ્રશ્નોને priority આપવામાં આવશે, આની અંદર ખૂબ સારું કામ પણ થઈ શકશે એટલા માટે મારી વિનંતી છે કે આવી મહિલાઓની આ બધી સેવાઓ જે મહિલાઓ સાથે સંકળાયેલી છે એની અંદર સ્થાનિક સ્વરાજ્યની અંદર મહિલાઓને ૫૦ ટકા મહિલાઓને જો આપણે ભાગીદારી આપીશું તો મને લાગે છે કે ખરેખર આ બધી સુવિધા

સુધરશે. લોકોને સારી એવી મદદ કરી શકીશું. માનનીય અધ્યક્ષશ્રી, મારે છેલ્લે એક વાત એ કહેવી છે કે અહીંયા હું સાંભળતી હતી કે, ૫૦ ટકા ફરજિયાત મતદાનની અંદર અત્યારે એક આપણા મારા કાબેલ નેતા વિરોધપક્ષના એમણે કહ્યું કે અમે આ કરીએ, મહિલાઓને વાંધો ના કરીએ. કારણ કે ૫૦ ટકા મહિલાઓને મત છે એવું ના કરે તો તો પછી મહિલાઓનો હિસાબ-કિતાબ થઈ જાય એટલે એ તો કરીએ, ફરજિયાત મતદાન ના કરીએ પણ સાહેબ આમાં મહિલાઓને ના નથી પાડી શકતા એવું કહે છે, પણ આડકતરી રીતે સાહેબ આ બિલનો વિરોધ કરે છે એ આમાં દેખાય છે. આ બિલ એકદમ પાસ કરવું જોઈએ. છેલ્લે બે જ મુદ્દા કહીશ કે હું કરું, કરુંની અહીંયા જે વાત કરવામાં આવી એમાં મારે એટલું જ કહેવું છેકે જે કરે એને પોતે નહિ પણ બીજા કહે છે કે આ કરે, આ કરે છે. પણ સાહેબ અહીંયા scenery એવો છે કે લોકો કહે છે, ખાલી ગુજરાતના લોકો નહિ સાહેબ, સમગ્ર દેશ અને વિશ્વના લોકો પણ કહે છે કે તમે કયાંય જઈને ગુજરાતની વાત કરોને કે તમે ગુજરાતમાંથી આવો છો તો લોકો એકદમ માનભરી દ્રષ્ટિએ જુએ છે, પણ એમ કહે છે કે નરેન્દ્ર મોદીના ગુજરાતમાંથી તમે આવો છો. આ જ છે સાહેબ, આમાં હું કરું, હું કરું આવતું જ નથી. બીજી વાત કરું તો અહીંયા એમ પણ કીધું કે કોઈ સામે નથી બોલી શકતું. અહીંયા એનો પણ મારે ખુલાસો કરવો છે કે સામે નથી બોલી શકતા. કોઈ દલીલ ના કરી શકે. સાહેબ હું જે કહું છું એ મારા અનુભવ પરથી કહું છું કે મોદી સાહેબ બોલે છે, જે વિચારે છે એ કરે છે. એ મારી દ્રષ્ટિએ વેદ વાક્ય જેવી વાત કરતા હોય છે અને એની સામે કોઈ દલીલ હોતી નથી. દલીલ તો કરે લોકો પણ દલીલ હોય તોને. કારણ કે સંપૂર્ણ રીતે મનોમંથન કરીને, તમામ પાસાઓને આવરી લઈને એ નિર્ણય આપતા હોય છે ત્યારે કોઈ એની સામે વાત નથી કરતું એટલે એમાં એવું નથી કહી શકાતું કે ભઈ આ.

**અધ્યક્ષશ્રી** : નીમાબેન કેટલાક શબ્દો વારંવાર આવે છે, નીમાબેન મુદ્દાઓ પૂરા થઈ ગયા હોય તો આપ આપનું વક્તવ્ય પૂરું કરો.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : સાહેબ એક જ છેલ્લી વાત કહી દઉં. અહીંયા એક વાત કરવામાં આવી મારે એનો ખાલી જવાબ જ આપવો જરૂરી છે, એમ કહે છે કે, ૫૦૦/- લાખ રૂપિયા એ મહિલા સંમેલનોમાં કેન્દ્ર સરકારના વાપર્યા, સાહેબ વાપર્યા હોય તો કાંઈ ખોટું નથી મહિલાઓના પૈસા છે પણ હું અહીંયા બધાનું ધ્યાન દોરવા માગું છું કે, ૫૦૦/- લાખ રૂપિયા જે મહિલા સંમેલનોમાં વાપર્યા એ રાજય સરકારના ફંડમાંથી વાપરવામાં આવ્યા છે અને આ મહિલા સંમેલનો જે કર્યા છે એ આ સામાજિક દૂષણ દૂર કરવાના એક..

## પૉઈન્ટ ઑફ કલેરિફીકેશન

### કેન્દ્રમાંથી આવેલા ફંડની આર.ટી.આઈ.ની માહિતી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારો પૉઈન્ટ ઑફ કલેરિફીકેશન છે, સાહેબ મને આર.ટી.આઈ.માં આ સરકારે આપેલી હકીકત છે એ હું આપને મોકલી આપીશ. એમાં આ કેન્દ્ર સરકારની ગ્રાન્ટ, કેન્દ્રમાંથી આવેલા જે કયા હેડ નીચે આવેલા છે, કેન્દ્ર સદર નીચે આવેલા છે એમ આર.ટી.આઈ.નીચે ગુજરાત સરકારે મને લખીને આપેલું છે, હું આપને મોકલી આપીશ એટલે ટુ કીપ ધ રૅકૉર્ડ સ્ટ્રેઈટ કે આ રાજયના ફંડમાંથી વાપર્યા છે એમ કહે છે, આજ રાજય સરકારે આર.ટી.આઈ.માં મને લખીને આપ્યું છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : સાહેબ આ મહિલા સંમેલનો જે કરવામાં આવ્યા ને સાહેબ, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ આપ જવાબ આપો ત્યારે બધું જ કહેજો, બેઠા બેઠા ન કહેતા, પ્લીઝ, પ્લીઝ હેલ્પ મી.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, આ મહિલા સંમેલનોમાં ૫૫ લાખ મહિલાઓએ હાજરી આપી છે અને એમાં જે નિર્ણયો કરવામાં આવ્યા છે એનાથી જે જબરજસ્ત જાગૃતિ આવી એના અન્વયે આ એક લાખ બેતાળીસ હજાર સખી મંડળો બન્યા છે. એ મહિલા જાગૃતિના લીધે આજે આ પંદર બહેનો આજે ચૂંટાઈને આવી ગઈ છે એટલે સાહેબ આ કોઈ નાની-મોટી સિદ્ધિ નથી. આટલી મોટી સંખ્યામાં મહિલાઓના સંમેલનો કરવા અને મહિલા જાગૃતિના તમામ કાર્યકરો એમાં મૂકવા. એમાં સંકલ્પો કરવામાં આવ્યા છે સાહેબ કે, હું કચરો નહીં ફેંકું, હું ઘર સાફ રાખીશ, બેટી બચાવોના આંદોલનના સંકલ્પો કરવામાં આવ્યા. સાહેબ આ અનેક સંકલ્પો આ મહિલા સંમેલનોમાં મહિલાઓએ કર્યા છે અને એટલા માટે આ મહિલાઓની જે જબરજસ્ત સફળતા હાંસલ થઈ છે ત્યારે આપણે આવી શુલ્ક વાતો કરીએ કે કયાંથી પૈસા આવ્યા અને કોના પૈસા વાપર્યા મને બહુ દુ:ખ થાય છે, આ સાંભળીને ખરેખર. વધારે વાત નહીં કરતાં માત્ર એટલું જ કહીશ કે આ જે સુધારો અહીંયા લાવવામાં આવ્યો છે, મતદાન ફરજિયાત કરવું એ એક અને પચાસ ટકા મહિલા અનામત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં કરવી એ ખરડાને એ સુધારને આપણે સૌએ સાથે મળીને સર્વસંમતિથી પસાર કરીએ કારણ કે, સ્વર્ણિમ ગુજરાતના સ્વર્ણિમ જયંતીના વર્ષની અંદર આ એક સ્વર્ણિમ અક્ષરે લખાનારું પાનું છે અને આજનો આ દિવસ એ ઇતિહાસ યાદ રાખશે, આજની આ ઘટના એ ઇતિહાસ યાદ રાખશે અને સાહેબ આજનો દિવસ પણ શુકનવંતો દિવસ છે સાહેબ, એક મહિલા સાંસદ આજે વિરોધપક્ષના નેતા તરીકે જ્યારે પ્રસ્થાપિત થયા છે ત્યારે ખરેખર આપણે આજે આ પચાસ ટકાનો ખરડો પસાર કરી અને એક ભેટ મહિલા સમાજને આપીએ એટલી જ વાત સાથે.

**અધ્યક્ષશ્રી** : જે આ ગૃહમાં હાજર ના હોય એના ઉલ્લેખો આપ સિનિયર મેમ્બર કરો એ યોગ્ય નથી. શ્રીમતી ગીતાબેન. (અંતરાય) ના હું આપું જ છું, બે આ બાજુથી બોલે અને આ બાજુ આપું છું અને પૂરતા નામો આવ્યા છે એ પ્રમાણે આપું છું એક પણ નામો હું કૅન્સલ નથી કરવાનો કે કોઈનો સમય હું કાપવાનો નથી.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦માં આપણે જ્યારે સુવર્ણ જયંતી ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રી જે પોતાની અંદર રહેલી મહિલાઓને ઉત્કર્ષ અને જાગૃતિ અપાવવાના જે દૃઢ નિર્ધાર સાથે એમણે પોતે મુખ્ય મંત્રીનું પદ શોભાવ્યું છે અને આજે જ્યારે પચાસ ટકા મહિલા અનામતનું વિધેયક લઈને આવ્યા છે તો આ વિધેયકને હું મારું અનુમોદન આપું છું અને ગુજરાતની મહિલાઓની જે લાગણી છે હું આ ગૃહ વચ્ચે મૂકી અને એમને લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે આપણે ત્યાં સમગ્ર જનસંખ્યામાં ૭૦ટકા મહિલાઓ અને બાળકો હોય ત્યારે આજે જે ૫૦ટકા મહિલા અનામત આવવાની છે ત્યારે ગર્ભસ્થ બાળકથી લઈને અને બાળકના જીવનનું રક્ષણ થાય તેવી ચિરંજીવી યોજના બનાવી અને આ વાત આપણે સૌ જાણીએ છીએ કે માતા અને બાળકનો મૃત્યુ દર અટકાવવા માટે પણ સરાહનીય પ્રયાસો કર્યા છે તેને હું આવકારું છું અને મહિલાઓ માટે આ જે પ્રયત્નો થઈ રહયા છે એ ખૂબ પ્રશંસનીય છે. મને કહેતા આનંદ થાય છે કે ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ કોઈ સરકાર ન કરી શકે તેવું બેટી બચાવો આંદોલન, જનજાગૃતિ અભિયાન સારાયે ગુજરાતમાં ચલાવીને તેમણે એક સુખરૂપ સ્ત્રીઓને, બહેનોને અને મહિલાઓને પહોંચાડી છે અને નારીનું ગૌરવ અને અસ્મિતા જાળવવી એ આપણી પૌરાણિક પરંપરા છે તો આ પરંપરાની જાળવણી કરનારા અને અહિંસા પરમો ધર્મની કહેવત સાથે ચાલનારા આપણે સૌ આ પૃથ્વી ઉપર જેણે હજુ જન્મ પણ નથી લીધો એવી આપણી દીકરીઓની હત્યા કરીને ઘોર અન્યાય અને અનર્થ કરી રહયા છીએ ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્ત્રી ભૃણ હત્યાને કારણે સ્ત્રી અને પુરૂષ વચ્ચેની અસમતુલા વધી છે ત્યારે સામાજિક અને મનોસામાજિક પ્રશ્નો અને દુષણોને દુર કરવા માટે બેટી બચાવો અને સ્ત્રી ભૃણ હત્યા જેવા કાર્યોને અટકાવીને દેશને એક દિશાસૂચન કર્યું છે.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : સાહેબ, ગીતાબહેનનું માઈક બરાબર ચાલતું નથી. બીજા માઈક ઉપર તક આપવા વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : બાજુનું માઈક વાપરી શકે છે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પુરૂષ પ્રધાન રાજકારણમાં મહિલાઓ આવવાથી દુર રહે છે અને માનસિકતા બનાવતી નથી ત્યારે ૫૦ ટકા મહિલા અનામતને કારણે શિક્ષિત મહિલાઓ અને ગ્રામ્યની કોઠાસૂઝવાળી મહિલાઓ રાજકારણમાં આવી સમાન અધિકારો મેળવશે આથી વિશેષ આ દિશામાં આગળ વધી અને શિક્ષણ મેળવે તે માટે ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત રાજયની ૩૫ટકાથી ઓછી વસ્તી ધરાવતા શિક્ષિત વિસ્તારમાં વિદ્યા લક્ષ્મી બોન્ડ આઠ લાખ દીકરીઓને આપી અને ૮૦ કરોડના તે લોકોને પ્રોત્સાહન પત્રો આપ્યા છે અને એ લોકોને શિક્ષણમાં આગળ વધી અને કંઈક બની શકે એવા પ્રયત્નો કર્યા છે. ૫૦ટકા મહિલા અનામત આવી છે ત્યારે મહિલાઓના સશકિતકરણ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓને પ્રાધાન્ય મળે, મહિલાઓ પોતાના પગભર થઈ શકે અને પોતાના કુટુંબને કંઈક આપી શકે તે માટે મારા સાથી મિત્ર નીમાબહેને જે સખી મંડળની વાત કરી એ ખૂબ જ અગત્યની વાત છે. આ સખી મંડળો દ્વારા જે બહેનો મંડળમાં જોડાય છે અને એમણે આંકડા તો આપણને આપ્યા છે પણ આ સખી મંડળો આપણે ત્યાં ખૂબ જ સુંદર કામગીરી કરી રહયા છે અને એ મંડળોમાં જે બહેનો છે એ બધી જ બહેનો આ મંડળોમાં જોડાઈ અને પોતાનો જીવનનિર્વાહ ચલાવવા માટે, સ્વનિર્ભર થવા માટે આ સખી મંડળમાં જોડાય છે અને ૧૪૨૮૦૦ સખી મંડળોની રચના થઈ. ૭૮૮૦૦ બહેનોને આમાં બેંકો સાથે લીંકેજ કરી અને જે ૧૨૦કરોડની માતબર રકમની સખી મંડળોને ક્રેડીટ પૂરી પાડી છે અને રાજય સરકારે ૪૫કરોડ રૂપિયાનું રીવોલ્વીંગ ફંડ આપીને સખી મંડળોને પ્રોત્સાહન આપ્યું છે તો આવા મહિલાઓ માટેના સુંદર વિચારો સાથે જે માનનીય મુખ્યમંત્રીશ્રી કામ કરી રહયા છેઅને આવી રૂપાળી યોજના લઈને આવ્યા છે. આ યોજના મહિલાઓ માટે જ્યારે ગુજરાત સરકારમાં સૌથી પહેલી વાર માનનીય મુખ્યમંત્રીશ્રીએ આવી યોજનાનો વિચાર કર્યો છે, તો આ યોજનાનો વિચાર કરવાવાળા આવા સ્વપ્નદ્રષ્ટા માનનીય મુખ્યમંત્રીશ્રીને હું બિરદાવું છું. આથી વિશેષ આપણા રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીએ દીકરીઓને ભણાવવા માટે કન્યા કેળવણી નિધિની યોજના અમલમાં મૂકી અને આ મહિલાઓ માટે છે. આ કન્યા કેળવણી નિધિમાંથી દીકરીઓને ઉચ્ચ શિક્ષણ મળે એ માટે પોતાને મળતી ભેટસોગાદો પણ તોષાખાનામાં જમા કરાવી છે અને આ તોષાખાનામાં જમા કરાવેલ ભેટ સોગાદોને જાહેરમાં મૂકી અને એમાંથી ધનરાશી ઉત્પન્ન થાય છે. એ ધનરાશીમાંથી કન્યા કેળવણીમાં ધનરાશી જમા કરાવે છે અને કન્યા કેળવણીમાં એ ધનરાશી વાપરવાનું, અને શિક્ષણ આપવાનું સરાહનીય કામ કર્યુ છે જે આવકારદાયક છે. મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બેટી બચાવો, ચિરંજીવી યોજના, સ્ત્રી ભ્રૂણ હત્યા, કન્યા કેળવણી, વિદ્યા લક્ષ્મી બૉન્ડ, સખી મંડળ, મહિલા બાળકલ્યાણ, મહિલા આવાસ, નારી અદાલતો અને સૌથી વિશેષ તો એક એવું કામ કર્યુ છે, જે આ પુરૂષ પ્રધાન દેશમાં બહેનોની ગણતરી નથી થતી. આ બહેનોની ગણતરી થાય

એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ મહિલાઓના નામે જ્યારે કોઈ સંપત્તિ ખરીદે તો આ બહેનોને સંપત્તિમાં પ્રાધાન્ય મળે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ મહિલાઓને સંપત્તિમાંથી રજિસ્ટ્રેશન ફીમાં માફી અપાવવાનો સુંદર અભિગમ પ્રયાસ કર્યો છે અને જ્યારે ગુજરાત રાજય સુવર્ણ જયંતી ઉજવવા જઈ રહ્યું છે, ત્યારે બહેનોને આ સુંદર યોજના આપી અને બહેનોને પોતાના સમાજમાં પ્રાધાન્ય મળે તેવો પ્રયત્ન આ યોજના લાવીને મહિલાઓને સમાજમાં સ્થાન અપાવ્યું છે. આનું ઉત્તમ ઉદાહરણ ગુજરાત રાજયનો વિસ્તાર છે. જેમાં ભારતીય જનતા પાર્ટીમાંથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને અમારી પાર્ટીએ ૨૨ બહેનોને ટિકિટ આપી અને આમાંથી અત્યારે આપ જોઈ રહ્યા છો કે આ રંગબેરંગી વિધાનસભા દેખાવવાનું, એ દ્રષ્ટિ ઉપસ્થિત કરવાનું કારણ એનો જો કોઈ શ્રેય જતો હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રીને જાય છે. એમાં બીજું મોરપીંછ ઉમેર્યુ દિલ્હી સરકારમાં પણ ગુજરાત રાજયમાંથી ૩-૩ બહેનોને જીત આપી ૧૦૦ ટકા ઉપર ચૂંટીને મોકલી આપી અને દિલ્હીનું શાસન સત્તાનું સુકાન સંભાળવા માટે આપણી સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે મહિલાઓને પ્રાધાન્ય આપ્યું છે એ ખૂબ જ આવકારદાયક અને સરાહનીય છે. રાજય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં તાલુકા પંચાયત, ગ્રામ્ય પંચાયત અને જિલ્લા પંચાયતોમાં ૫૦ ટકા જેટલી બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનો પ્રયાસ કર્યો છે, ત્યારે સ્થાનિક સ્વરાજ્યમાં મહિલાઓ માટે ૫૦ ટકા અનામત રાખવાના કારણે મહિલાઓમાં સાક્ષરતા વધશે, રાજકીય ક્ષેત્રે મહિલાઓ પ્રગતિ સાંધી શકશે અને લોકશાહીનો પાયો વધુ મજબૂત બનશે. લોકશાહીમાં આપણે કામ કરી રહ્યા છીએ. લોકશાહી એટલે લોકોથી, લોકો વડે અને લોકો માટે ચાલતી સંસ્થા છે, એને લોકશાહી કહેવાય. જ્યારે આપણે લોકશાહી સાથે ચાલી રહ્યા હોય તો આ મહિલાઓનું શોષણ અટકાવવા માટેનું કામ કર્યુ છે અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓના પ્રતિનિધિત્વના કારણે સ્વરાજ્યની સંસ્થાઓને સુદ્રઢ બનાવવા માટેની ભૂમિકા ભજવવા ન્યાય પ્રિય ઉકેલમાં મહિલાઓ સહભાગી બનવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓને સમાન હક્ક આપવાના કારણે મહિલાઓનું મનોબળ વધશે અને ખાસ કરીને પ્રાથમિક સુવિદ્યાની જે સમસ્યાઓ છે તે સીધી રીતે તેને સ્પર્શે છે તેના ન્યાયપૂર્ણ ઉકેલ અને નિરાકરણમાં મહિલાઓ સક્રિય ભાગ ભજવી શકશે. રાજય સરકાર દ્વારા મહિલાઓને સમાન હક્ક આપીને શાસન વ્યવસ્થામાં સમાન પ્રતિનિધિત્વ પૂરું પાડીને એક નોંધપાત્ર કદમ ઉઠાવેલ છે. સાહેબ મને એક પંકિત કહેવાનું મન થાય છે. **"જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે",** આ પંકિત આ વિધેયક દ્વારા સાર્થક થવા જઈ રહી છે ત્યારે હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે જેઓ આ પંકિતને સાર્થક કરવાના અવિરત પ્રયાસો કરી રહ્યા છે. લોકશાહીના સુદ્રઢીકરણ માટે દરેક નાગરિકને ભારતના બંધારણ દ્વારા બક્ષવામાં આવેલા મતદાન કરવાની પવિત્ર ફરજનું ચુસ્તપણે પાલન કરે તે અત્યંત જરૂરી છે. બંધારણની ભાવનાઓનું યોગ્ય રીતે પરિપાલન થાય અને બંધારણના ભાગ-૯ અને ૧૦ની જોગવાઈઓમાં દર્શાવેલ આદર્શો સફળ થાય તે માટે આ વિધેયકમાં મતદાન કરવાના હક્કનું પાલન કરવાની ફરજ લાદતી જોગવાઈ કરીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તથા નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં ફરજિયાત બનાવીને રાજય સરકાર દ્વારા એક પ્રશંસનીય પગલું ભરેલ છે. રાજય સરકારના આ હિંમતભર્યા પગલાને પરિણામે આમ જનતામાં જાગૃતિ આવશે. મને કહેતાં આનંદ થાય છે કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં નિર્ણય કરવાની પ્રક્રિયાઓ હોય છે. મહિલાઓને ભાગીદાર બનાવવાના રાજય સરકારના આ સરાહનીય પગલાંથી મહિલાની આત્મશકિતમાં વધારો થશે. જીવન ધોરણ અને આત્મ વિશ્વાસમાં વધારો થશે. આ દ્વારા સમજનો અવિભાજ્ય અંગ એવી મહિલાઓના વિકાસ દ્વારા સમાજનું સમતોલન જળવાઈ રહેશે. રાજય સરકારના સાહસિક, હિંમતભર્યા ઐતિહાસિક પગલાંને અભિનંદન આપું છું અને ૨૦૧૦માં જ્યારે આપણે સુવર્ણ જયંતી ઉજવવા જઈ રહ્યા છીએ અને તેના પૂર્વાધે જ્યારે આ મહિલાઓને અનામત આપવાનું વિધેયક લાવ્યા છે તો આ વિધેયકને માનનીય મુખ્યમંત્રીશ્રીએ મૂકી અને મને એ વિધેયકમાં બોલવાનો જે સમય આપ્યો, આ વિધેયકને હું આ ગૃહને વિનંતી કરું છે આપણે સૌ ભેગા મળી ગોલ્ડન ઈયરમાં આપણે સૌ ઈતિહાસના સાક્ષી થઈએ અને આપણે સર્વાનુમતે સ્વીકૃતિ આપીએ તે જ અભ્યર્થના.

**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ (ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ ગુજરાત સ્થાનિક સત્તા મંડળ સુધારા વિધેયક લઈ આ સભાગૃહ સમક્ષ આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે જોગવાઈઓ આ સુધારા વિધેયકમાં કરવામાં આવી છે તેને બે ભાગમાં વહેંચી શકાય. એક જોગવાઈ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલાઓને ૫૦ ટકા અનામત આપવાની જોગવાઈ છે અને બીજી જોગવાઈ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં ફરજિયાત મતદાન કરવાની જોગવાઈ છે. જયાં સુધી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ એટલે કે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં મહિલાઓને ૫૦ ટકા અનામત આપવાની વાત છે ત્યાં સુધી તે વાત સાથે સંમત થઈ તે વાતને અનુમોદન આપીએ છીએ. માનનીય શકિતસિંહભાઈએ વાત કરી, તેમણે સલામ કરવી જોઈએ આજના દિવસે સ્વ.વડાપ્રધાન રાજીવ ગાંધીને કે તેમણે એક દૂરંદેશીભર્યુ પગલું તે વખતે લીધું અને ૩૩ ટકા અનામતની જોગવાઈ તે વખતે કરવામાં આવી. ત્યાંથી આપણે આગળ ચાલ્યા, હમણાં થોડાક વખત પહેલાં જ આ દેશની

પ્રધાન મંડળે પ્રધાન મંડળની મિટિંગમાં ઠરાવ પસાર કર્યો અને સમગ્ર દેશની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં આ જોગવાઈ દાખલ કરવા માટેનો એક નિર્ણય પ્રસ્થાપિત કર્યો. રાજસ્થાનની સરકારે આ માટેનો કાયદો પસાર કર્યો અને આજે મને ખૂબ આનંદ થાય છે કે, આ જે ચીલો ચીતરાયો એને આપણે પણ એ દિશામાં આગળ વધ્યા છીએ અને આપણે પણ એ દિશામાં મહિલાઓને સશકિતકરણ કરવાની આ બાબતમાં આગળ વધી અને ૫૦ ટકા રિઝર્વેશન આપવાનો કાયદો કરી રહયા છીએ. એ બાબતે ખૂબ આનંદ થાય છે પણ સાથેસાથે કેટલીક ચિંતાઓ છે કે શું માત્ર રિઝર્વેશન આપવાથી જ મહિલાઓનું સશકિતકરણ થઈ જવાનું? પરિસ્થિતિ શું? પરિસ્થિતિ તો આપણે બધાય વાકેફ છીએ કે આજે ગ્રામ્ય સ્તરે શું સ્થિતિ છે? ગામના સરપંચ તરીકે ચૂંટાયેલી મહિલા સરપંચની ઓફિસમાં બેસીને દરેક જગ્યાએ ખરેખર વહીવટ કરી શકતી હોય છે ખરી? કે એના બદલે એનો પતિ કે એના બીજા કોઈ સંબંધિઓ ત્યાં બેસીને વહીવટ કરતા હોય છે? ચિંતા આપણે રિઝર્વેશનની જરૂર કરીએ, રિઝર્વેશન આપીએ પણ એની સાથેસાથે આપણે એ ચિંતા કરવી પડશે કે આપણે મહિલાઓને શિક્ષિત કરી શકીએ છીએ ખરા? આપણે એમને સાચા અર્થમાં એ પાવર એમના હાથમાં આપી શકીએ છીએ ખરા? એક સામાજિક ક્રાંતિ લાવવાની વાત જે આપણે કરીએ છીએ એ સાચા અર્થમાં એ સામાજિક ક્રાંતિની દિશામાં આપણે આગળ વધી શકીએ છીએ ખરા? અને એના માટે શું પગલાં લીધાં? કઈ દિશામાં આપણે આગળ વધવા માગીએ છીએ અને જયાં સુધી આ લક્ષ્યાંકોને હાંસલ કરવાની દિશામાં આપણે આપણું ધ્યાન કેન્દ્રિત નહીં કરીએ તો મને લાગે છે કે ગમે તેટલું રિઝર્વેશન આપણે અહીંયા આપીએ પણ એનો સાચા અર્થમાં એનો કોઈ અર્થ રહેવાનો નથી. એટલે મારી તો સરકારશ્રીને વિનંતી છે કે, જયારે આ કાયદો લઈને આપ આવી રહયા છો ત્યારે આ કાયદાની સાથેસાથે એક સિરીઝ ઓફ આનુષાંગિક પ્રોગ્રામ્સ એક એવા ડેવલપ કરી અને આપણે ગુજરાતની પ્રજા સમક્ષ મૂકવા જોઈએ કે જેના આધારે આ ચૂંટાનારી મહિલાઓને સાચા અર્થમાં વહીવટ કરતી મહિલાઓ, સાચા અર્થમાં વહીવટમાં ભાગીદાર બનાવવાનું કામ આપણે કરી શકીએ એ દિશામાં આપણે આગળ વધીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એ ઘણી વિવાદાસ્પદ છે આપણે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ચૂંટણીઓમાં મતદાનને ફરજિયાત બનાવવાની વાત લઈને આવ્યા છીએ. સાહેબ, આ દેશમાં લોકશાહી છે અને હું સમજું છું કે મુકત લોકશાહીની આપણે તરફેણ કરી રહયા છીએ, અને મુકત લોકશાહીના બદલે જુદા જુદા બિલ લાવી એમાં જુદી જુદી જોગવાઈઓ કરી અને મુકત લોકશાહીના બદલે કયાંક રિસ્ટ્રીકટેડ લોકશાહીની દિશામાં આપણે નથી જઈ રહયાને એનો આપણે વિચાર કરવો પડશે. સંવિધાનની કેટલીક બાબતો, સંવિધાનના મહત્વના આસ્પેક્ટ્સ એની સાથે સુસંગત ન હોય, કયાંક વિવાદ ઉભો કરે એવું હોય, એવા એક પછી એક બિલો આ વિધાનસભામાં આવી રહયા છે અને એ અમારા માટે સૌથી વધારે ચિંતાનો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે બિલની જોગવાઈઓ છે, ઘણા બધા પ્રશ્નો ઉભા કરે છે આ બિલની કલમ ૧૬(૧)માં એમ કહેવામાં આવ્યું કે મતદારને ફરજિયાત મત આપવાનો રહેશે. એ મતદાર મતદાનપત્રકની અંદર જેમનાં નામ હોય એને મત આપી શકે અને એમાં મત આપવા ન માગતો હોય તો નન ઓફ ધ કેન્ડીડેટ કન્ટેસ્ટીંગ એ રીતે પણ મત આપી શકે. માનનીય અધ્યક્ષશ્રી, મારા મનમાં કેટલાક સવાલ ઉભા થાય છે. ઘણી ચિંતાઓ અહીંયા માનનીય નીતિનભાઈ દ્વારા અને માનનીય સભ્યશ્રી નીમાબેન દ્વારા વ્યક્ત કરવામાં આવી અને એ ચિંતાઓ એવા પ્રકારની વ્યક્ત કરવામાં આવી કે જ્યારે મતદાન થાય છે ત્યારે કેટલીક વખત ૫૦ ટકા મતદાન થાય એમાં પાંચ ઉમેદવારો હોય અને દસ બાર ટકા કે પંદર ટકા મત કોઈને મળે અને એ મળવાથી એ જીતી જાય પરિણામે એને કદાચ સંપૂર્ણ મૅન્ડેટ મળતો નથી અને જાણે કે આ કાયદો એ દિશામાં કોઈ રસ્તો પૂરો પાડવાનો હોય એવી જાતની એક હવા ઉભી થઈ. માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદામાં જે જોગવાઈઓ છે એના આધારે ધારો કે નન ઓફ ધીસ કેન્ડિડેટસને સૌથી વધારે મત મળશે તો તમે કોઈ ઉમેદવારને જીતેલો જાહેર નથી કરવાના? શું જોગવાઈ છે આ કાયદામાં? જો વધારે બહુમતી મતદારો એમ કહે કે નન ઓફ ધીસ કેન્ડીડેટસ તો એના પછી મત મેળવવામાં જેને સૌથી વધારે મત મળ્યા તો કોઈ ઉમેદવાર જીતેલો જાહેર નહીં થાય? આ કાયદો તો અસ્પષ્ટ છે. ૧૬ (B) જો કોઈ મતદાર મતદાન આપવામાં ચૂક કરે તો ચૂંટણી અધિકારી એને ડિફોલ્ટર તરીકે જાહેર કરશે. પણ સાહેબ ડિફોલ્ટર જાહેર કર્યા પછી શું? એક વાર મતદારને ડિફોલ્ટર જાહેર કર્યો એની સામે કયા પ્રકારના પગલાં લેવામાં આવશે? કાયદાકીય જોગવાઈઓની બાબતમાં આ કાયદો સંપૂર્ણપણે મૌન છે. એની સામે શું પગલાં લેવાશે એનો કોઈ ઉલ્લેખ કરતા નથી. સાહેબ, ગઈ કાલે આપણે કાયદા પસાર કર્યા, ગઈ કાલના કાયદાની અંદર સ્પેસિફિક જોગવાઈઓ કરવામાં આવી હતી કે જો આમ થશે તો દસ વર્ષની જેલની સજા થશે. જો પોલીસ અધિકારી આમ કરશે તો એક વર્ષની સજા થશે. એવું પણ કહેવામાં આવ્યું કે આ વ્યકિતઓ આમ કરશે તો એને મૃત્યુદંડની સજા કે આજીવન કેદની સજા કરવામાં આવશે. સ્પેસિફિક જોગવાઈઓ. આ કાયદાની અંદર તો આવી કોઈ સ્પેસિફિક જોગવાઈ કરવામાં આવી નથી અને સંપૂર્ણપણે પગલાં લેવાની સત્તા સરકારશ્રીને સોંપી દેવામાં આવી છે. કાયદામાં આટલી બધી અનિશ્ચિતતા હોય અને એ કાયદો જ્યારે આપણે પસાર કરવા જઈ રહ્યા હોઈએ ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, બહુ ગંભીરતાથી વિચાર કરવો પડશે. ઘણા બધા અન્ય પ્રશ્નો પણ આમાંથી ઉભા થાય છે. મતદાન વધુ થાય એની ચિંતા આપણે સેવીએ એ બહુ વાજબી છે. ૪૦ ટકા મતદાન થાય છે અને કેટલાક વિસ્તારોમાં

૬૦-૭૦ ટકા મતદાન થાય છે ત્યારે મતદાનની ટકાવારી આપણે વધારવી છે એ ચિંતા વાજબી છે. જો ખરેખર એ ચિંતા આપણી હોય તો આ મતદાનની ટકાવારી વધારવાની સામે જે અંતરાયો છે એ અંતરાયો દૂર કરવા માટેની આપણે કેમ ચિંતા કરતા નથી? આજે વોટર્સ આઈડેન્ટીટી કાર્ડ કેટલા મતદારોને આપવામાં આવ્યા, કેટલા મતદારો હજુ બાકી છે, વોટર્સ આઈડેન્ટીટી કાર્ડ ખરેખર સાચા છે કે ખોટા છે, એમાં લખાયેલા નામ સાચા છે કે નહીં, એમાં લખાયેલા સરનામા સાચા છે કે નહીં, એમાં આપવામાં આવેલો ફોટો ખરેખર એજ વ્યકિતનો છે કે નહીં? અનેક ફરિયાદો રોજ આવે અને ડીફોલ્ટ, ખોટા આપવામાં આવેલા આઈડેન્ટીટી કાર્ડને કારણે મતદારો મતદાન કરવાથી વંચિત રહી જાય આવા અનેક દાખલાઓ, અનેક ફરિયાદો દરેક ચૂંટણી વખતે આપણી સામે આવે છે પણ એને દૂર કરવા માટે આપણે પ્રયત્ન નથી કરતા. માનનીય અધ્યક્ષશ્રી, સોળ સોળ પ્રકારના આઈડેન્ટીફિકેશન્સ ઇલેક્શન કમિશન દ્વારા આપવામાં આવે છે અને એ સોળ પ્રકારના આઈડેન્ટીફિકેશન આપ્યા પછી આજે પણ આપણો મતદાર મતદાન મથકે આવીને પાછો જતો રહે છે કેમ કે એની બિચારાની પાસે એ સોળમાંથી એકેય પ્રકારનું આઈડેન્ટીટી કાર્ડ હોતું નથી. પરિણામે ઈચ્છા ધરાવતો મતદાર સામે ચાલીને મતદાન મથકમાં ઉભો રહેલો મતદાર મતદાનથી વંચિત રહી જાય છે આપણે એની ચિંતા કરતા નથી. સાહેબ, કાલે આજ વિધાનસભા ગૃહની અંદર આપણે એક પ્રશ્નની ચર્ચા કરતા હતા, દાહોદ જિલ્લાને લગતો પ્રશ્ન હતો અને સન્માનીય સભ્યશ્રીઓની ચિંતા હતી કે મોટા પ્રમાણમાં જિલ્લામાંથી માઈગ્રેશન થાય છે અને રોજગારી મેળવવા માટે લોકો સૌરાષ્ટ્રમાં કે બીજા વિસ્તારોમાં જઈ અને ત્યાં રોજગારી મેળવે છે. આ માઈગ્રેટ થયેલા મતદારોનો આપણે વિચાર કર્યો છે ખરો? જે મતદાર રોજગારી માટે માઈગ્રેટ થઈ અને દૂરના વિસ્તારોમાં ગયો, આજે એના માટે આપણે મતદાન કમ્પલસરી બનાવીએ અને મતદાન કમ્પલસરી બનાવવાથી એના ઉપર શું જવાબદારી આવવાની છે એને શું મુશ્કેલીઓનો સામનો કરવાનો, એને કેટલી આર્થિક સંકડામણ અનુભવવાની, જે મહેનત મજૂરી કરીને રોજના પચાસ, સો રૂપિયા કમાનાર વ્યકિતને સૌરાષ્ટ્ર કે બીજા વિસ્તારમાંથી મતદાન કરવા માટે ફરજીયાત મતદાન સરકાર બનાવે અને એને દાહોદ મતદાન કરવા માટે જવાનું આવે તો એની સ્થિતિની આપણે ખરેખર ચિંતા કરવા માગીએ છીએ કે કેમ કે માત્ર આપણે કાયદો કરીને છૂટી જવા માગીએ છીએ. જે જોગવાઈઓ છે કે જો માણસ રાજયની બહાર પ્રવાસ કરતો હોય, કોઈ વ્યકિત વિદેશ ગયો હોય તો એને આમાંથી મુકિત, એને ડિફોલ્ટર તરીકે જાહેર કરવામાં નહિ આવે પણ એક ગરીબ વ્યકિત, જે પોતાની રોજગારી માટે સૌરાષ્ટ્રમાં જઈ અને કામ કરી રહ્યો છે એને ડિફોલ્ટર જાહેર કરવામાં આવશે, કઈ સામાજિક ન્યાયની વાત લઈને આપણે આ કાયદો કરવા માટે આવ્યા છીએ, રાજયની બહાર રહેતા લોકોને મુકિત, આપણા કેટલાક નેતાઓ રાજયની બહાર રહેતા હોય એટલા માટે આ મુકિત આપવામાં આવી છે, કંઈ આપણે વિચાર કરીએ છીએ કે નહિ, પ્રશ્નો આમાં ઘણા છે, જો આપણે મતદાન કમ્પલસરી કરવાના હોઈએ તો શું આપણે મતદારને એટલી સગવડ આપી શકવાના છીએ કે દરેક મતદારના કમસેકમ એના ગામમાં મતદાન મથક હશે, એ મતદારને પોતાના ગામમાંથી બીજા ગામમાં મતદાન કરવા નહિ જવું પડે એવી કોઈ વ્યવસ્થા ઉભી કરવાની દિશામાં આપણે વિચાર કરી રહ્યા છીએ ચૂંટણીઓ આવે છે અને જાય છે, આપણે બધાય ચૂંટણીઓ લડ્યા છીએ અને આપણે ચૂંટણીઓ જોઈ છે, ચૂંટણીઓમાં દાદાગીરીનું કેટલું મહત્વ હોય છે, કઈ કઈ રીતે ચૂંટણીઓ લડાતી હોય છે, મતદાન કરવા જનારા લોકોને કેટલાક તત્વો દ્વારા મતદાન કરતા રોકવાના પ્રયાસ થતાં હોય છે, મતપત્રકોને ખરીદી અને મતદાન કરતા વંચિત રાખવાની ફરિયાદો અવારનવાર થતી રહે છે, આ બધા સંજોગોની અંદર એક આવો કાયદો લાવી અને બીજી બધી વ્યવસ્થાને સાનુકુળ કર્યા વગર લોકો ઉપર જે જવાબદારી નાંખવાનો પ્રયત્ન થઈ રહ્યો છે એની સાથે સંમત થઈ શકાય તેમ નથી, મતદાન ઓ આ દેશના બંધારણથી દરેકેદરેક નાગરિકને આપવામાં આવેલો એક અધિકાર છે, અને એ અધિકાર એને આપણે ફરજમાં પરિવર્તિત કરવાની દિશામાં જઈ રહ્યા છીએ, અધિકાર અને ફરજ એ બેયની વચ્ચે બહુ મોટી ભેદરેખા છે અને જ્યાં સુધી એ ભેદરેખાને આપણે સમજીશું નહિ અને એ ભેદરેખાનું જ્યાં સુધી આપણે સન્માન નહિ કરી શકીએ ત્યાંસુધી હું માનું છું કે આ પ્રકારનો કાયદો એ મૂળભૂત અધિકારો ઉપર બાધ લાવનારો કાયદો રહેશે. બિલમાં કેટલીય જોગવાઈઓ એવી છે જેનાથી ડર છે કે આ જોગવાઈઓથી આવનારા દિવસોમાં ભ્રષ્ટાચાર વધશે, એવી જોગવાઈ કરવામાં આવી કે જે મતદાર મતદાન નહિ કરે એને ચૂંટણી અધિકારી તરફથી નોટિસ આપવામાં આવશે, એ નોટિસ મળે એટલે એણે પૂરવાર કરવાનું રહેશે અને પુરાવાઓ આપવાના રહેશે એક એ હેન્ડીકેપ્ટ છે, બીજું એ ચૂંટણીના દિવસે માંદો હતો કે સાજો હતો, ત્રીજું એ ચૂંટણીના દિવસે રાજયની બહાર પ્રવાસ કરતો હતો કે રાજયની અંદર હતો. આ દેશના ગામડાઓમાં વસતા, આ દેશના આદિવાસી અને પછાત મતદારો કે જેની આપણે બહુ મોટા પાયા ઉપર ચિંતા કરતા હોઈએ છીએ. કે જેની આપણે બહુ મોટા પાયા ઉપર ચિંતા કરતાં હોઈએ છીએ. આપણે તેમને નોટિસ આપવાની, તેમણે પુરાવાઓ ભેગા કરવાના તે પુરાવાઓ ભેગાં કરીને કાયદાકીય મદદ મેળવવાની, કાયદાકીય મદદ મેળવી અને ચૂંટણી અધિકારી પાસે જવાનું અને પૂરવાર કરવાનું કે તે મતદાન કરી શકે તેમ નહોતો. અને એમ છતાંય જો ચૂંટણી અધિકારી તેની વિરૂદ્ધમાં જજમેન્ટ આપે તો તેણે ચૂંટણી પંચ પાસે જવાનું. ચૂંટણી પંચને અપીલ કરવાની સાહેબ, કેવા પ્રકારની જવાબદારીઓ આપણે નાખવા જઈ રહ્યાં છીએ અને એટલા માટે કે મતદાનની ટકાવારી આપણે ઉંચી લાવી શકીએ. સાહેબ, મતદાનની ટકાવારી ઉંચી લાવવાના બીજા કોઈ રસ્તા જ ના હોઈ શકે. આપણે

આઈડેન્ટીટી કાર્ડ પૂરાં આપીએ, આપણે વાતાવરણ ઉભું કરીએ, આપણે પૂરતી સગવડો આપીએ, આપણે મતદાન મથક તેના ઘરની નજીક, તેના ગામમાં લઈ જઈએ અને જો જરૂર પડે તો તમે નૅગેટિવ કાયદો શું કરવા લાવો છો મારે તો માનનીય મંત્રીશ્રી અને ટ્રેઝરી બેચના સભ્યોને પૂછવું છે કે દરેક વસ્તુને બે બાજુથી ઈવેલ્યુએટ કરી શકાય. તમે નૅગેટિવ કાયદો કેમ લાવો છો. તમે એવો કાયદો લાવો કે જે વ્યકિત મતદાન કરશે તેને આ સરકાર ઈન્સેન્ટીવ આપવા માગે છે. અને પૉઝિટીવ આગળ ચાલી અને તમે મતદાનની ટકાવારી વધારી શકો. પણ એમ કરવાને બદલે માત્ર ડર ફેલાવવો, ભય ફેલાવવો, મતદારને દબાયેલો રાખવો અને તેને ભય અને દબાણ નીચે લાવી અને તેને મતદાન કરાવવું આ લોકશાહી પદ્ધતિમાં, આ લોકશાહી બંધારણમાં અને ભારત દેશમાં આ વાત સ્વીકાર્ય હોઈ શકે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક વાતો અહીંયા કહેવાય. મહિલાઓના સશકિતકરણમાં આપણને બધાને રસ હોય. અને આપણે બધા માનીએ છીએ કે મહિલાઓ પુરૂષ સમોવડી બનવી જોઈએ, સક્ષમ બનવી જોઈએ, પુરૂષની સાથે કદમ અને કદમ ચલાવી અને સમાજના દરેક ક્ષેત્રમાં તેની સાથે ચાલી શકે એવું વાતાવરણ આપણે ઉભું કરવું છે. થોડી ટીકાઓ પણ જુદા જુદા સભ્યો દ્વારા કરવામાં આવી છે. પણ તે વાતને સ્વીકારવી પડે કે આ એક વિચારધારા, એક એવી વિચારધારા કે જે વિચારધારાએ એક મહિલાને પોતાના પક્ષના પ્રમુખ બનાવ્યાં. એક એવી વિચારધારા કે જેણે એક મહિલાને આ દેશના રાષ્ટ્રપતિ બનાવ્યા. એક એવી વિચારધારા કે જેણે એક મહિલાને લોકસભાના અધ્યક્ષ બનાવ્યાં. આપણે ઘણી બધી વાતો કરીએ છીએ. આપણે ગુજરાતમાં તો દાખલો બેસાડો. ગુજરાતમાં રાજ્યપાલ મહિલાને આપી તો ક્યાંક તો મુખ્યમંત્રીથી ગુજરાતમાં શરૂઆત કરો. માનનીય અધ્યક્ષશ્રી, ઘ ણી બધી વાતો છે પણ બિલના બે ભાગમાંથી એક ભાગ સાથે અમે સંમત થઈએ છીએ અને ૫૦ ટકા રિઝર્વેશન મહિલાઓને આપવાની બાબતમાં અમારો સંપૂર્ણ સમર્થન, ટેકો આ બાબતમાં છે. પણ જે મતદાન ફરજિયાત બનાવવાની જે વાત છે તે બાબતમાં અમે સમર્થન આપી શકતાં નથી. શકિતભાઈએ તો ઘણા બધા દેશોની વાત કરી હતી. તેમણે નેધરલેન્ડની વાત કરી, તેમણે ચિલિની વાત કરી, તેમણે ઑસ્ટ્રેલિયાની વાત કરી. સાહેબ, હું માનનીય મત્રીશ્રીને આપના થકી પેરૂનો દાખલો આપવા માગું છું. સાહેબ, પેરૂમાં મતદાન ફરજિયાત કરવામાં આવ્યું. ૧૮ થી ૭૦ વર્ષના લોકો માટે મતદાન ફરજિયાત થયું. ચાલુ વર્ષે આ ૨૦૦૯માં તેમણે રેફરેન્ડમ કર્યુ, લોકોનો મત લીધો અને એ રેફરેન્ડમના લોકોના મતમાં પેરૂના ૭૪ ટકા મતદારોએ એમ કહ્યું કે મતદાન ફરજિયાત નહીં મરજિયાત હોવું જોઈએ અને હવે પેરૂની સરકાર એ દિશામાં કાયદો બદલવા માટે જઈ રહી છે. સમગ્ર વિશ્વના દેશો પોતે કરેલી ભૂલોને સુધારવાના પ્રયત્નો કરી રહ્યા હોય ત્યારે આપણે ગુજરાતમાં એમાંથી ધડો લેવાને બદલે એક નવેસરથી ભૂલ કરવાની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ. મારી સરકારને વિનંતી છે કે બહુ ગંભીરતાથી આ પ્રશ્ને વિચાર કરવો પડે. એને લાઈટલી લેવાની જરૂર નથી. અને જેમ શકિતસિંહજીએ સજેસ્ટ કર્યું તેમ આ બિલના બે ભાગ પાડો. પહેલો ભાગ મહિલા રિઝર્વેશનનો રાખો. એને આજે જ આપણે સર્વસંમતિથી મંજૂર કરીએ. બીજો ભાગ ચર્ચા ઉપર રાખો. એ બાબતમાં હજુ વિસ્તૃત ચર્ચા કરીએ અને પછી યોગ્ય લાગે તે વખતે એની બાબતમાં ચર્ચા કરીને નિર્ણય લઈશું, પણ બીજો ભાગ કરવો છે એવી જીદના કારણે પહેલો ભાગ થતો અટકાવશો નહીં. એ આપણું સ્વપ્ન છે. એ આપણું એક કમીટમેન્ટ છે. એક સાચી ડિરેકશનમાં લેવાતું પગલું છે. એ પગલાંને બાધ ન આવે, કમસેકમ એટલા માટે આ બિલના બે ભાગ પાડી એક આજે પસાર કરીને બીજો ભવિષ્ય ઉપર રાખવાની વિનંતી સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ (મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માતૃશકિતના સશકિતકરણ માટે અને લોકશાહીના સશકિતકરણ માટે જે વિધેયક લઈને શહેરી વિકાસ મંત્રીશ્રી આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે આ વિધેયકને આવકારવા માટે હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ જે વિકેન્દ્રીત શાસન વ્યવસ્થામાં રાજય સરકાર અને લોકલ ગવર્નમેન્ટને આપવા માટેની જવાબદારી અને એના નિયમો અને કાયદા ઘડવા માટેની સત્તા જે રાજય સરકારની અને રાજયના વિધાનગૃહોને આપવામાં આવી છે, એના ભાગરુપે આજે આ વિધેયક જે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને લગતું વિધેયક છે. અને જેમાં બન્ને ઉદ્દેશો છે. ૫૦ ટકા મહિલા અનામત, જે માતૃશકિતના સશકિતકરણ માટે જે અત્યાર સુધી ૩૩ ટકાનું જે ધોરણ છે, એ ધોરણને વાસ્તવિક સ્વરૂપ આપવા માટે એને ૫૦ ટકા સુધી લઈ જવાની દિશામાં આ વિધેયક સુધારો લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. એની સાથે જે વિધેયક્માં Obligatery votting. એટલે કે જવાબદારીપુર્વક દરેક મતદાર પોતાનું મતદાન કરે, ફરજીયાત મતદાનની દિશામાં આ વિધેયકનો સુધારો પણ આ સાથે રજૂ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથી પક્ષના નેતાશ્રીઓ જયારે વિદેશની વાતો કરતા હોય અને વિદેશમાં શું સ્થિતિ છે એના ટાંકણો ટાંકતા હોય ત્યારે મારે એમને એ પણ કહેવું છે કે વિદેશની અંદર ફરજીયાત મતદાનના કારણે લોકશાહીના અધિકારો કે વ્યકિત સ્વાતંત્રયના અધિકારો છિનવાઈ જાય છે એવી વાત કરવી એ લોકશાહી રીતે બાલિશ ગણાય. પરદેશની અંદર મતદાન તો શું પણ લશ્કરમાં ફરજિયાત જોડાવા માટેના નિયમો અને કાયદાઓ અસ્તિત્વમાં છે. સરકાર જયારે પણ ધારે ત્યારે કોઈ પણ એડલ્ટને લશ્કરમાં જોડવા માટે ફરજિયાત આદેશ કરી શકે છે. એમાં વ્યકિત સ્વાતંત્ર્ય નડતું નથી. આ વિધેયક સાચા અર્થમાં લોકશાહીનું સશકિતકરણ કરવા માટે

મતદાનનો જે અધિકાર છે, પોતાના મતદાન દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં શાસન વ્યવસ્થા ઉભી કરવા માટે નો જે અધિકાર છે તે અધિકારને પાંગરવા માટેનું વિધેયક છે. કારણ કે આપણી લોકશાહી હજુ વિશ્વના અનેક લોકશાહીની સરખામણીમાં હજુ બાલ્યાવસ્થામાં છે. એટલે મેચ્યોર ડેમોક્રેટી બનાવવી હોય તો તે ત્યારે જ બને જયારે પાર્ટીસીપેટરી હોય, ઈન્કલુઝીવ હોય, એટલે જે નાગરિકોએ લોકશાહીની વ્યવસ્થા સ્વીકારી છે તે સૌ નાગરિકો લોકશાહીની વ્યવસ્થામાં ભાગીદાર બને, ભાગીદાર બનવાની જે પ્રક્રિયા છે એમાં જયાં સુધી મેચ્યોરીટી ન આવે ત્યાં સુધી એમાં ફરજિયાતપણું પણ લાવવું પડે તેવી સ્થિતિની જરૂરિયાત હોય ત્યારે આ પ્રકારના નિયમો છે તે નિયમો હું માનું છું કે સાચા અર્થમાં લોકશાહીનું સશકિતકરણ કરવાની દિશાના નિયમો છે. એટલા માટે અડધા ભાગનું વિધેયક પાસ અને અડધા ભાગનું વિધેયક નાપાસ, તેવી કોઈ જોગવાઈ વિધાનસભામાં હોતી નથી. ત્યારે તેની પાછળનો ઉદેશ એવો જણાય છે કે એક ભાગનું નામંજૂર કરીને બીજા ભાગને પણ નામંજૂર કરવું એ દિશાની માનસિકતા ધરાવતા હોય તેવું હું એમાં માનું છું. આજે જે પ્રકારનો મેન્ડેટ વોટીંગ માટેનું વિધેયક અને ૫૦ ટકા મહિલાઓ માટેની અનામત આપવા માટેની જોગવાઈ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા મહિલાઓને હેન્ડ હોલ્ડીંગ કરવાની દિશામાં આ જોગવાઈ છે તે માત્ર રાજકીય હિસ્સેદારી ૫૦ ટકા કરવાની વાત નથી, છેલ્લા આઠવર્ષના શાસનમાં જોવામાં આવે તો આર્થિક ક્ષેત્રે, આરોગ્ય ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે અને રાજકીય ક્ષેત્રે મહિલાઓનું સશકિતકરણ કરવાની દિશામાં અનેકવિધ પગલાં આ શાસન દરમિયાન લેવામાં આવ્યા છે. તે પગલાંઓનો ઉલ્લેખ કરીને હું આ વિધાનગૃહનો અમૂલ્ય સમય લેવા માગતો નથી. પણ મારે એ વાત યાદદેવડાવવી છે કે જયારે જયારે આપણે મહિલા વડાપ્રધાન, મહિલા રાષ્ટ્રપતિ કે મહિલા લોકસભાના સ્પીકર કે મહિલા તરીકે કોઈ પાર્ટીના વડા આવો જયારે ઉલ્લેખ કરતા હોઈએ છીએ ત્યારે એ વાત પણ જોવાની જરૂર છે કે તેમને કોઈની પુત્રવધુ હોવાની જરૂર છે. કે કોઈની દીકરી હોવાની જરૂર છે. આ જે વિધેયક છે તે સાચા અર્થમાં દરેક મહિલાને પોતે પોતાને રાજકીય સત્તા મંડળમાં સામેલ થઈ શકે તેના માટેની આ વિધેયકની જોગવાઈઓ છે. એવું પણ કહેવામાં આવ્યું કે જયાં જયાં મહિલાઓને ચૂંટીને મૂકવામાં આવી છે પછી ગ્રામ પંચાયતના સરપંચ હોય કે તાલુકા પંચાયતના પ્રમુખ હોય, ત્યારે આડકતરી રીતે વહીવટ એમના દ્વારા થતો નથી. આવા પ્રકારના ઉલ્લેખ થયા છે તે મારી દ્રષ્ટિએ મહિલાઓનું અપમાન છે. કારણ કે મહિલાઓ આજે જીવનના દરેક ક્ષેત્રે, દસમા ધોરણનું રિઝલ્ટ હોય કે બારમા ધોરણનું રિઝલ્ટ હોય, કે કોલેજનું પરિણામ હોય, કે અન્ય કોઈ ક્ષેત્ર હોય પછી તે સ્પેશમાં જવાની વાત હોય ત્યાં પણ બહેનોએ પોતાની કાર્યદક્ષતા અને કાર્યશકિત પૂરવાર કરી બતાવી છે. એટલે આ વિધેયકથી એવી સ્થિતિ નિર્માણ થશે કે રાજકીય પક્ષના કે પોતાના પક્ષના કાર્યકરોને ખાસ કરીને મહિલા કાર્યકરોને તાલીમબદ્ધ બનાવીને એમને પંચાયતના સરપંચ તરીકે કે સભ્ય તરીકે એમને તાલુકા પંચાયતના સભ્ય તરીકે એમને જિલ્લા પંચાયતના સભ્ય તરીકે ફરજ બજાવી શકે એ માટેની જવાબદારીઓ અંદર છે. આ રીતે મહિલાઓ પોતાની શકિતઓ પૂરવાર કરે અને જાહેર જીવનમાં પોતાનું આગવું પ્રદાન કરે એને હોદ્દો મેળવવા કોઈની પુત્રવધૂ કે પુત્રી કે પત્ની બનવું જરૂરી ન બને, એ પોતાની કારકિર્દી જાહેર જીવનમાં આગળ લઈ શકે.

એ જ રીતે અહીંયા ફરજિયાત મતદાન બાબતની રજૂઆત થઈ, ખાસ કરીને જુદા જુદા દેશોના ઉદાહરણો આપવામાં આવ્યા. મારે માત્ર સભાગૃહના સર્વ સભ્યશ્રીઓને પૂછવું છે કે શું ભારત દેશ અને એનું જે સ્ટ્રકચર છે દુનિયાના અન્ય દેશોનું સ્ટ્રકચર છે એ બંનેમાં શું સામ્યતા છે. આપણે આપણા દેશની સ્થિતિ, આપણા નાગરિકોની માનસિકતા, આપણી સંસ્કૃતિ એ બીજા દેશો કરતાં અલગ છે. એ અલગ હોય તો બીજા દેશોમાં સફળ થયું કે કેમ એ વાતને અહીંયા ચગાવવી જરૂરી જણાતી નથી. હું માનુ છું કે આપણા દેશની અંદર જ્યારે મતદાન દ્વારા શાસન વ્યવસ્થા ઊભી કરવાની વાત હોય ત્યારે દરેક નાગરિક પોતાની ફરજ બજાવે કારણ કે માત્ર પાંચ વર્ષમાં એક દિવસ માટે દસ કે પંદર મિનિટનો સમય આપવાની જવાબદારીમાંથી નાગરિકોને કોઈ મુશ્કેલી પડે નહિ અને આ વિધેયકની અંદર પણ સ્વયંમ સ્પષ્ટ જોગવાઈઓ છે કે આના માટેનો જે અધિકાર છે એ ઇલૅક્શન કમિશનને છે. જે ચૂંટણી અધિકારી હોય એને યોગ્ય લાગે તો આ અંગે નોટિસ આપી શકે છે, નોટિસ આપ્યા પછી વાજબી કારણો હોય તો વાજબી કારણોસર એને અપીલની અંદર ડિફોલ્ટર તરીકે જાહેર કરી એને મુકિત આપી શકે છે. અને એની આગળ શું કાર્યવાહી થાય એના અંગેના નિયમો આ સભાગૃહ સમક્ષ આવે અને એ નિયમોની અંદર આપણી સાંપ્રત સ્થિતિ મુજબ જે ફેરફારો કરવા હોય એ ફેરફારો સાથે આ ઇલૅક્શન કમિશન અને ચૂંટણી પંચ આ અંગેની કામગીરી કરશે. આજે જ્યારે લોકશાહી વ્યવસ્થાને દેશના સો કરોડની જનતા સ્વીકારે છે ત્યારે એને સફળ બનાવવાની દિશામાં આપણે સૌએ કામગીરી કરવી જરૂરી છે અને આપણા સૌની જવાબદારી છે. આ વિધાનગૃહ પણ આવા પ્રકારના નિયમો દ્વારા અને આપણે સૌ જોઈએ છીએ કે મતદાનમાં લઘુત્તમ મત મેળવીને ઉમેદવાર વિજય બનતો હોય છે. અહીંયા કહેવામાં આવ્યું છે કે કોઈ નાગરિકે મત ન આપવો હોય તો એ અંગેનો અભિપ્રાય પણ આપી શકે તેવા પ્રકારની જોગવાઈ ચૂંટણી પદ્ધતિમાં આપેલી છે. એ ચૂંટણી પદ્ધતિને અનુરૂપ એ મતદાન કરી શકે, પોતે હાજર રહીને કહી શકે છે કે મારે કોઈને મત આપવો નથી એ જ જરૂર કરી શકતો હોય છે. આપણે ત્યાં જ્ઞાતિ વ્યવસ્થા છે, આપણે ત્યાં એસ.સી. માટે અનામત બેઠક હોય એના ઉપર ઘણું જ ઓછું મતદાન થતું હોય છે. જ્યારે આવું મતદાન થાય ત્યારે જે પ્રકારની પક્ષીય

રાજકારણની પદ્ધતિ સ્વીકારી છે ત્યારે પક્ષ અને ઉમેદવાર એ બંનેને ધ્યાનમાં લઈને દરેક મતદાર મતદાન કરવા માટે હાજર થાય અને એને હાજર થવા માટેની જવાબદારી છે. જેને ઓબ્લીગેટરી કરવાનો આ વિધેયક મારફતે જે ઉદ્દેશ છે એ ઉદેશ લશ્કરમાં જોડાવવા માટે એને ફરજિયાત કરવાના ઉદેશ કરતા પણ આ એક હજારમાં ભાગની જવાબદારી છે અને હું માનું છું કે દરેક મતદારે આ પ્રકારની ફરજો પ્રત્યે પોતાની સભાનતા વ્યકત કરી પોતાના રાજય પ્રત્યે પોતાની સ્થાનિક સ્વરાજયની સંસ્થા પ્રત્યે ને પોતાના દેશ પ્રત્યે પોતાની જવાબદારી અદા કેળવવાની દિશામાં આ એક શૈક્ષણિક પ્રયોગ છે એમ હું કહીશ. હું એમ પણ કહીશ કે આ એજયુકેટિવ વિધેયક છે કે જે વિધેયક મારફતે દરેક નાગરિકોને ચૂંટણીમાં પાર્ટીસીપેટ કરવા માટે અને મતદાન દ્વારા પોતાનો નિર્ણય જાહેર કરવા માટેનું એને એજયુકેશન મળે છે. અને લોકશાહીને જો સાચા અર્થમાં સફળ બનાવવી હોય તો એને પાર્ટીસીપેટરી અને ઈનકલુઝીવ લોકશાહી તરીકે એકે એક મતદાર એમાં ભાગ લે અને ભાગ લેવાની દીશા માટેનું વિધેયક જયારે આવે ત્યારે એને સમર્થન આપી અને સાથેસાથે મહિલાઓના ઈનકલુઝન માટે એ પણ કામગીરીમાં જયારે આ વિધેયક પોતે સ્વયંસ્પષ્ટ રીતે આવ્યું છે ત્યારે આ વિધેયકને હું મારું સમર્થન જાહેર કરું છું.

**સભાપતિશ્રી** : માનનીય વસુબેન..

**પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક: ૨૩ સન ૨૦૦૯નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા વિધેયક લઈને આવ્યા છે એને મારું હું સમર્થન આપવા માટે ઉભી થઈ છું. આજે આ વિધેયકની અંદર ૫૦ ટકા મહિલા અનામત અને ફરજીયાત મતદાનમાં પહેલ કરવાનો આવો ઐતિહાસિક નિર્ણય થઈ રહયો છે, આ નિર્ણય રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ જ કરી શકે અને ગુજરાતની ભારતીય જનતા પાર્ટી જ કરી શકે આ એક ક્રાંતિકારી ઐતિહાસિક નિર્ણય લઈને મુખ્યમંત્રીશ્રી આવ્યા છે ત્યારે આજના દિવસે સમગ્ર ગુજરાતની બહેનો સરકારને વંદન અને અભિનંદન પાઠવી રહી છે. આ ઘટનામાં સાક્ષી થવામાં હું મારું

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

સદભાગ્ય સમજું છું. મહામંત્રીશ્રીને હું પણ મારા હૃદયપૂર્વકના અભિનંદન આપુ છું. સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦ માટે મહિલાઓ સશકત બને તે માટેની પ્રક્રિયામાં સુંદર અભિનંદનીય આયામો રાજયની સરકાર, રાજયના મુખ્યમંત્રીશ્રીએ કર્યા છે અને પરિણામ સ્વરૂપ આ દેશના બીજા રાજયોમાં ગુજરાતની કોઈપણ બહેન જાય છે અને અમને અમારો પરિચય પૂછે છે ત્યારે અમે એક લીટીમાં પરિચય આપીએ છીએ, મેરા પરિચય ઈતના મેં ગુજરાતકી નારી હું, આ ગૌરવ, આ નારીગૌરવ અપાવવાનું કામ રાજયની સરકારે કર્યુ છે. ૫૦ ટકા મહિલાની વાત હોય ત્યારે આ સશકિતકરણની વાત હું એટલા માટે કરું છું કે રાજયના મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર રાજયના દરેક જિલ્લાની અંદર લાખો મહિલાઓની હાજરીમાં મહિલાઓને સશકત કરવા માટે સીધો સંપર્ક કરી માતૃશકિતની વંદના કરી અને તમામ ક્ષેત્રોની અંદર બહેનો ઘુમી વળવા માટે સક્ષમ બને એવા શિક્ષણના પાઠ માનનીય મુખ્યમંત્રીશ્રીએ બહેનોને આપ્યા છે. ઘણા વર્ષોથી સમાજમાં કામ કરીએ છીએ ત્યારે એવી કહેવતો સાંભળીએ કે, સ્ત્રીની અકકલ પગની પાનીએ, અબલા તેરી યે કહાની આંચલ મેં દુધ ઔ આંખો મેં પાની, દીકરી ને ગાય દોરે ત્યાં જાય, એક વેદના થતી હતી મનમાં કે સક્ષમ નારી સક્ષમ કતૃત્વ હોવા છતાં પણ આવી કહેવતોને આધારે આ બહેનોએ કચડાયેલા પિસાયેલ રહેવાનું આવી કહેવતોમાં પરિવર્તન મહિલા સશકિતકરણના સફળપ્રયોગોને કારણે આવ્યા છે અને અમારી સરકારે યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતા: નારી તું નારાયણી આ ઉકિતને સાકાર કરી છે. નારી ગરીમા માટેનો આ એક યુગધર્મ વિધેયક લાવીને બજાવ્યો છે. હું આને યુગધર્મ કહું છું. વર્તમાન સમયની આ માગ છે અને બહેનો આગળ વધી રહી છે ત્યારે આ વિધેયકો લાવીને આ યુગધર્મ બજાવવાનું કામ રાજયની સરકારે કર્યુ છે. રાજયની સરકારે સરકાર ન કરે એવું કામ જાગરણનું કામ કર્યુ છે. સમગ્ર રાજયની અંદર એક જાગરણ લાવ્યું ભૃણહત્યા ન થવી જોઈએ, મને લાગે છે કે આ ૫૦ ટકાની અનામતને કારણે આ વિષય પર રોક આવવાનો છે. ભૃણ હત્યા અટકવાની છે. મારી પાર્ટી ભારતીય જનતા પાર્ટીની આ સરકાર પંચનિષ્ઠા આધારિત વિચારધારાથી કામ કરે છે. જ્યારે રાજકારણમાં ૩૩ ટકા બહેનો કામ કરતી હતી અને ૫૦ ટકા લાવવાની મનમાં ભાવના હતી ત્યારે પાર્ટીએ ઘેરથી શરૂઆત કરીને ૩૩ ટકા બેઠકો સંગઠનમાં મહિલાઓને આપી અને પોલિટિકલ વિઝન ડેવલપમેન્ટનું કામ ભારતીય જનતા પાર્ટીએ કર્યું છે. આ ગૃહમાં ૨૨ બહેનો ચૂંટાયેલી છે. મારે કહેવું છે કે બહેનો એટલા માટે જીતી છે કે ભારતીય જનતા પાર્ટીએ જ્યાં ચૂંટણી જીતી શકવાની શક્યતા હોય એવી સીટો ઉપર જ બહેનોને ટિકિટ આપી છે. ભારતીય જનતા પાર્ટીએ બહેનોને ટિકિટ આપી છે એવો દેખાવ આ પાર્ટીએ નથી કર્યો. ગ્રામ પંચાયતોમાં ૫૬ ગ્રામ પંચાયતો આજે સમરસ બની છે અને એ ૫૬ સમરસ ગ્રામ પંચાયતોને આજે મહિલાઓ ચલાવી રહી છે. એકેએક સભ્ય ત્યાં મહિલા છે. લોકસભામાં ૩૩ ટકા અનામતની વાતો થાય છે. અનામતની વાતો તો એ નિર્ણય લેવાય ત્યારે લેવાય. ચર્ચાઓ થતી રહે છે. પરંતુ ગત લોકસભામાં જે ત્રણ બહેનો અહીંથી ગઈ એ પણ રાજકીય રીતે કોઈની વારસદાર ન હતી. ત્રણ બહેનો ચૂંટાઈ શકે એવી સીટો ઉપરથી જીતીને ગઈ છે. આ કામ પાર્ટી અને સરકારની પ્રબળ ઈચ્છાશક્તિથી થયું છે. મહિલાઓને દરેક સ્થળે સ્થાન મળે, દરેક ક્ષેત્રમાં બહેનોની ભાગીદારી રહે એવું કામ કરી રહ્યા છીએ. એક

પત્રકાર બહેને સરસ વાત કરી હતી કે ગુજરાત એ ભારતીય જનતા પાર્ટીની પ્રયોગશાળા છે. બહેનોના સંદર્ભમાં આવા પ્રયોગો એ હંમેશા પરિણામલક્ષી હકીકતો બની ગયા છે. બહેનોમાં જે ચોક્કસાઈ છે એના કારણે બહેનોના હાથમાં વહીવટ સોંપાય તો શું પરિણામ આવે એ આપણે સૌ જાણીએ છીએ. આઈ.પી.એસ., આઈ.એ.એસ. અને વિવિધ ક્ષેત્રોમાં બહેનોએ ખૂબ સારો વહીવટ આપ્યો છે. સુંદર કામગીરી કરી રહી છે. આપણે તો ઉદાહરણ દૂર લેવા જવાની જરૂર નથી. આ ગૃહમાં મહિલા મંત્રી આનંદીબેન આર.એન્ડ બી. અને મહેસૂલ જેવા વિભાગોમાં કામ કરી રહ્યા છે ત્યારે મને પૂછવાનું મન થાય છે કે અત્યાર સુધીની સરકારોમાં કેમ આવા ખાતામાં મહિલાઓને પ્રાધાન્ય આપવાનું કામ કેમ થયું નથી? મહિલાઓની ૫૦ ટકાની વાત આપણે કેવી ઉપજાવી કાઢેલી કરીએ છીએ એ મારે કહેવું છે. હમણાં વાત થઈ હતી કે ૫૦૦ લાખ રૂપિયા કેન્દ્ર સરકારે મહિલા સશક્તિકરણ માટે આપ્યા. જી.એન.એફ.સી., જી.એસ.એફ.સી., જી.એમ.ડી.સી., જી.એસ.પી.એલ. જી.એસ.ઈ.એલ. આવી અનેક કંપનીઓ ૫૦૦ કરોડ રૂપિયાનો ટેક્સ કેન્દ્ર સરકારને ભરે છે. એની સામે પાંચ કરોડ કાંઈ નથી. વધારે આપવાનો પ્રયત્ન કરવો જોઈએ. હું માનું છું કે આ પૈસા પણ રાજ્ય સરકારે વાપરેલ છે. આ વિધેયક લાવવાના કારણે મહિલાઓને નાગરિક તરીકેના પોતાના હક્કો, સમાન અધિકારો મળવાના છે. મહિલાઓના હક્કો માટે પૂરતી વિચારણા બંધારણીય રીતે કરવામાં આવી છે. બહેનોનું શોષણ અટકશે અને બહેનોની સુષુપ્ત શક્તિઓનો રચનાત્મક ઉપયોગ થશે. તેમની કોઠાસૂઝ અને હૈયાસૂઝનો રાજકીય ક્ષેત્રે મહત્ત્વની ભૂમિકામાં થઈ શકશે. કાયદો થશે તો જ એનો અમલ થશે એમ આપણે ચોક્કસપણે માનીએ છીએ. મારે બીજું એ કહેવાનું હતું કે આ ઐતિહાસિક ઠરાવ અને એને આપણે સમર્થન એટલા માટે કરવું જોઈએ કે વાયબ્રન્ટ ગુજરાતને ગ્લોબલ ગુજરાત સુધી લઈ જવું હોય તો આ નિર્ણય કરવો પડે. મારી ગૃહના સૌ સભ્યોને વિનંતી છે કે માતૃત્વ, નેતૃત્વ અને કર્તુત્વના ક્ષેત્રે ઝાંસીની રાણી, માતા જીજાબાઈ અને અહલ્યાબાઈ જેવી સફળ નારીઓના આદર્શ એવી અમે બહેનો, જેનો વારસો અમને મળી છે એવી બહેનો, ગુજરાતની બહેનો માટેના ૫૦ ટકા અનામતના આ વિધેયકને વધાવે અને ૫૦ ટકા બહેનો આ ગૃહમાં આવે એને વધાવીએ. આ બિલમાં બીજી વાત છે એ મતદાન માટેની છે. મારે એના માટેની કેટલીક વાતો કરવી છે. ફરજિયાત મતદાનનો સુધારો પણ આ બિલમાં છે એને હું મારું સમર્થન આપું છું. સમગ્ર દેશના લોકતંત્રને દિશા આપવાનું કામ આ રાજ્ય સરકારે કર્યું છે. હું સરકારશ્રીને અભિનંદન આપું છું."નવીન પર્વ કે લીયે, નયે પ્રાણ ચાહીએ," જીગર જોઈએ આ પ્રકારનાં વિધેયક લાવવા માટેની. માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીનું ચૂંટણી પર્વ એક ઉત્સવની જેમ ઉજવાય, ચૂંટણી ઉત્સવ બને. લોકો હોંશે હોંશે સૌ ભાગ લે અને એના અધિકારના ઉપયોગ માટે આ એક નવા ઉત્સાહ સાથે લોકો મતદાન કરી પોતાના અધિકારનો ઉપયોગ આ વિધેયકના કારણે કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, સાધુ-સાધનાની આંધીમાં, સત્તા પ્રાપ્તિની અંધાધૂધીમાં મારું રાષ્ટ્ર, મારો દેશ, મારું શહેર, મારું ગામ કે મારું નગર આ માટેની દેશદાઝ એ રાષ્ટ્રભાવના, આવું રાજકીય શિક્ષણ લુપ્ત થઈ ગયું છે. આ ફરજિયાત મતદાનના કારણે એમાં જાગૃતતા આવી શકશે. માનનીય અધ્યક્ષશ્રી, મતાધિકાર સહજતાથી મળ્યો નથી. નારીઓએ તો એના માટેના આંદોલનો પણ કરવા પડે છે અને વિદેશોમાં અનેક આંદોલનો થયા છે ત્યારે આ અધિકાર પ્રાપ્ત થયો છે. આ સહેલું નથી. વાસ્તવમાં આધુનિક લોકશાહીના વિકાસમાં સમાજના દરેકે દરેકને મત આપવાનો અધિકાર હોય અને છતાંય મતદાન ના કરતા હોય એ આપણા સૌ માટે દુઃખદ ઘટના, દુઃખદ વાત હોવી જોઈએ. પોતાને પસંદ કરેલા પ્રતિનિધિ દ્વારા સરકારમાં ભાગ લેવાનો આવો અવસર કોઈ ના ચૂકે એ વાતની ચિંતા રાજ્યની સરકારે કરી છે. લોકશાહી એ રાજકારણનું સત્ય છે કે એક સમાન ભેદભાવ વિહીન મુકત મતદાનથી પોતાના નેતા ચૂંટી કાઢવાની ક્ષમતા લોકોની છે એનો પણ આમાં ઉપયોગ થઈ શકે. મને ચોક્કસપણે એમ લાગે છે, હુંય ચૂંટણી લડું એટલે લાગે છે કે લોકો પોતાની ક્ષમતાનો ઉપયોગ નથી કરી શકતા અને ૧૦૦ ટકા મતદાનથી એનો ઉપયોગ થઈ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, મત આપવા મોટાભાગના લોકોના ઈનકારના કારણે લોકશાહીની જે કાર્યવાહી છે, જે પ્રણાલી છે એ પ્રખર ખામી ભરેલી હોય એવું લોક નજરે ચર્ચાય છે. ૨૫-૩૦ ટકા મતદાનથી ચૂંટાયેલો પ્રતિનિધિ શાસનમાં આવે ત્યારે લોકમૂખે એની ટીકાઓ પણ સાંભળવી પડતી હોય છે. આ તો કેવો પ્રતિનિધિ? મત ન કરવાને કારણે ભારતમાં વિવિધ પક્ષોમાં ઢોંગી બિનસાંપ્રદાયિકતા, મતબેંકના રાજકારણને બળ મળ્યું છે. જ્ઞાતિવાદી રાજનીતિ અને પીઢ મતદાનની ચૂંટણી પ્રક્રિયામાં બિનભાગીદારી નિવારવા માટે લોકશાહીની જાળવણી માટે ચૂંટણીમાં ફરજિયાત મતદાનનો કાનૂન લાવવો જ જોઈએ. મતદાનની ટકાવારી ઘટતી જાય છે. જાતિ આધારીત ઢોંગી બિનસાંપ્રદાયિકતા અને પ્રાદેશિક માંગ વધતી જાય છે ત્યારે આ ગૃહે ખૂબ જ ચિંતન, મનન કરીને આવો કાયદો લાવવાની વાત કરવી જોઈએ. એક બિલના બે ભાગ ના હોઈ શકે. આપણે કોઈ પરીક્ષા આપવા નથી બેઠા. વિભાગ-અ અને વિભાગ-બ. અ અને બ માં પાસ થાવ. આ વિભાગ નથી. આપણે સૌએ એક કરવું જોઈએ સાહેબ. વિભાગ-અમાં પાસ કરો અને વિભાગ-બ માં નાપાસ કરો. અર્જુનભાઈ સેનેટમાં હતાને એટલે આવું કહ્યું હશે. આ નહિ કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વિપક્ષના નેતાશ્રી વાત કરતા હતા કે લોકોને મતદાન નથી કરવું એવું પણ કરશે. મને લાગે છે કે આ બરાબર છે. આપણે પણ ચૂંટાઈને આવવું હશે તો લોકનજરમાં આપણે પણ આપણી

છબી ઊભી કરવી પડશે અને જો આપણી છબી બરાબર નહિ હોય, કોઈ પણ પક્ષની હોય તમને મતદાન નથી કરવું એ અવાજ પણ લોકોમાંથી આવતો થશે. જે આજ સુધી આપણે સાંભળ્યો નથી. લોકશાહીમાં લોકોના અવાજને સાંભળવાની ક્ષમતા આપણે પણ કેળવવી પડશે. મારા ભાઈશ્રી સિધ્ધાર્થભાઈ હમણાં અધિકાર અને ફરજની વાત કરતા હતા. મારે એટલું જ કહેવું છે કે ફરજનું પાલન નથી હોતું, ફરજનું પાલન આપણે કરતા નથી હોતા ત્યારે જ કાયદો બનતો હોય છે અને એટલા માટે જ કાયદો લાવવો પડે છે કે જ્યારે ફરજનું ભાન થાય, જો દરેક લોકો પોતાની ફરજ અદા કરે તો આવા કાયદાની અહીંયા ચર્ચા કરવાની આવશ્યકતા ઊભી ન થઈ શકી હોત. હું સૌ સાથી મિત્રોને ફરીથી વિનંતી કરું છું કે આવા અનેક સંજોગોની અંદર આપણે સૌએ એક સૂરે ફરજિયાત મતદાનને ટેકો આપવો જોઈએ અને મતદાન ના કરનારની સામે શિક્ષાત્મક પગલાં લેવાની જે કાનૂની જોગવાઈઓ છે, મંત્રીશ્રીને પણ હું વિનંતી કરું કે જોગવાઈઓ પણ એવી કરે કે ત્યાં ગરીબ અને તવંગરનો કોઈ ભેદભાવ ના રહે. ઈન્ફરમેશન ટેકનોલોજીના યુગમાં ગમે ત્યાંથી, ગમે ત્યારે મતદાન થઈ શકે, ભવિષ્ય એવું હોય તો એવું પણ કરી શકાય અને આ વિધેયકની બંને બાબતો સાથે આપણે સૌ સંમત થઈએ એવી મારી લાગણી વ્યકત કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** :માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલા અનામતને પચાસ ટકા કરવાનું અને સાથે મતદાન ફરજિયાત કરવાનું એ બંને વિધેયકો એક બિલમાં સમાવેશ કરીને લઈ આવવામાં આવ્યું છે. અમારા પક્ષની નીતિ અમારા નેતાશ્રીએ સ્પષ્ટ કરી છે કે, જે ફરજિયાત મતદાનની વાત છે એ બિલ લઈ આપવા માટે એક તો આ ગૃહ સક્ષમ નથી, બીજું એના માટેના ઔતિહાસિક અને રાજકીય કારણો છે એટલા માટે અમે સંમત થતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૪૭માં ઈન્ડિયન ઈન્ડીપેન્ડન્સ એકટ આવ્યો અને એ એકટની જોગવાઈ ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭થી લાગુ કરવામાં આવી અને ત્યારે જે કાયદાઓ અસ્તિત્વમાં હતા આ દેશમાં એ કાયદાઓ એ વખતે આપણે સ્વીકારેલા એના પછી ૨૬મી નવૅમ્બર, ૧૯૪૯માં આપણું બંધારણ અસ્તિત્વમાં આવ્યું અને ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ આ દેશ એ પ્રજાસત્તાક રાજય બન્યું અને જે આપણે બંધારણ એડોપ્ટ કર્યુ એ ૨૨ પાર્ટ, ૧૨ શિડ્યુલ અને ૩૯૪ જેટલા આર્ટિકલમાં સમાવેશ થયો છે. સમય-સમય પ્રમાણે એમાં સુધારાઓ થતા રહ્યા અને એ સુધારાઓ પ્રમાણે રાજય અને દેશના કાયદાઓ પણ બદલતા રહ્યા એમાં એક મહત્ત્વની જોગવાઈ આર્ટિકલ- ૨૪૫ અને ૨૪૬માં છે કે કયા કયા કાયદાઓ કોણ બનાવી શકે. એમાં શિડ્યુલ- ૭ હેઠળ જે લિસ્ટ -૧ છે એ લિસ્ટ-૧ના કાયદાઓ છે એ યુનિયન લિસ્ટના છે, લિસ્ટ-૨ના છે એ સ્ટેટ લિસ્ટના છે અને લિસ્ટ - ૩ છે એ કોન્કરન્સ લિસ્ટ છે જેના કાયદાઓ બંને ગૃહો બનાવી શકે, એસૅમ્બલી પણ બનાવી શકે અને પાર્લામેન્ટ પણ બનાવી શકે છે. એ કોન્કરન્સ લિસ્ટ છે. માનનીય અધ્યક્ષશ્રી, જે પાર્ટ-૧ છે એમાં ભારતની સરહદ નક્કી થયેલી છે, પાર્ટ-૨ છે એમાં સિટિઝન શીપની વ્યાખ્યા થયેલી છે અને પાર્ટ-૩ છે એ ફંડામેન્ટલ રાઈટસ્ છે આપણા એની વ્યાખ્યા થયેલી છે. મારા વિદ્વવાન મિત્રો ભણેલા છે, નીતિનભાઈ પણ ભણેલા છે, નરોત્તમકાકા પણ ભણેલા છે અને એના કરતાં એમની પાસે નિષ્ણાંતોની ટીમ છે. એમણે જો આ બંધારણની જોગવાઈઓ શું છે એ કદાચ જોયું હોત તો આ બિલ લઈ આવાની હિંમત એ કરી ન હોત. માનનીય અધ્યક્ષશ્રી, જે પંચાયતો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે એના કાયદાઓ ઘડવાની સત્તા આપણી પાસે જરૂર છે પણ મતદાન જે છે એ મતદાનનો અધિકાર કંઈ આ લિસ્ટ- ૨માં આપેલો નથી. એ અધિકાર છે એ બંધારણે આપેલો અધિકાર છે અને મતદાનનો જે અધિકાર છે એ ઝૂંટવવો હોય અથવા તો એને એબ્રીજ કરવો હોય અથવા તો એના ઉપર કોઈ રિસ્ટ્રીકશન મૂકવું હોય તો એ માત્ર ને માત્ર દેશની પાર્લામેન્ટ કરી શકે. માનનીય અધ્યક્ષશ્રી, પાર્ટ-૨ છે એમાં સિટિઝન શીપ આપેલી છે અને સિટિઝન શીપ મળે એટલે વોટર થઈ શકાય છે એવું નહીં પણ વોટર હોય એ સિટિઝન હોવો જ જોઈએ. મતદાર છે એ નાગરિક હોવો જ જોઈએ, નાગરિક હોય તો મતદાર હોય કે ના પણ હોય, હવે મતદાર છે એને આપણે ફરજ બનાવવા માગીએ છીએ, બંધારણમાં ફરજ નથી, બંધારણમાં એને અધિકાર કર્યો છે. એ અધિકાર વાપરવો કે ન વાપરવો, કોણે કરવો, ના કરવો, જવું કે ના જવું એ નાગરિકનો અધિકાર છે અને એ નાગરિકના અધિકારને એબ્રીજ માત્ર ને માત્ર દેશનું બંધારણ કરી શકે.એના બદલે આપણે અહીં વોટર્સે વોટ આપવો, ન આપવો એનો નિર્ણય આ એસેમ્લી કરવા જઈ રહી છે. માનનીય શકિતસિંહભાઈ ભલે આ બાબતમાં ન ગયા પણ એમણે સાચું જ કહયું કે આ એવી રીતે બિલ લઈ આવવામાં આવે છે કે એક એનાર્કી સર્જાય આ ગૃહમાં એટલા બધા બિલ લઈ અવાય એટલા બધા પાછા આવે અને પછી •(વાઘ આવ્યો રે વાઘ) કરી નાખીએ આપણે. એ કેન્દ્ર સરકાર મંજૂર નથી કરતી, ગુજકોક મંજૂર નથી કરતી. આ બીજા બિલો મંજૂર નથી કરતી, ત્રીજા બિલો મંજૂર નથી કરતી (અંતરાય) ભાઈ, (વાઘ આવ્યો રે વાઘ) કોઈ વ્યકિત માટે નથી લખ્યું અને જો એવું હોય તો હું એ શબ્દો પાછા ખેંચી લઈશ. હું પાછા ખેંચી લઉં છું.

**શ્રી આર.સી. ફળદુ** : પણ એ રેકર્ડ ઉપર જાય એ પણ બરાબર નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું પાછા ખેંચી લઉં છું પછી વાત પૂરીને? એટલે આ બિલ છે એ નિરર્થક બિલ રહેવાનું છે એટલા માટે આ જે મતદાન છે એ ફરજિયાત બનાવવાનો અધિકાર છે એ સિવાયનું લઈ આવે

• ( ) આ શબ્દો સભ્યશ્રીએ પાછા ખેંચી લીધા છે.

તો જે મુળભુત હેતુ જે આ ગૃહનો છે એ સાકાર થઈ શકે એટલા માટે આપણને અધિકાર નથી આમાં કે પાર્ટ થ્રીની અંદર ફન્ડામેન્ટલ રાઈટસ આપેલા છે. આર્ટીકલ-૧૩ એમાં સબ આર્ટિકલ-૨ છે. જે ફન્ડામેન્ટલ રાઈટસ છે એમાં પણ આપણે સંશોધન કરવાના આગ્રહને અધિકાર નથી. બંધારણની અંદર પણ આપણે ત્યાં એવા ચુકાદા આવેલા છે કે બંધારણની કલમ જે આર્ટીકલ-૩૬૮ છે એમાં એમ કહયું છે કે બંધારણ કેવી રીતે સુધારી શકાય પણ એમાં પણ બેઝીક ફીચર્સમાં આપણે ફેરફારો કરી શકતા નથી એટલા માટે અત્યારે જે અહિયા લઈને આવ્યા છે એ બિલ પાસ થાય એવું નથી. જે બંધારણના પાર્ટ થ્રીની અંદર આર્ટીકલ-૧૯ની અંદર કલોઝ-૧ એ માં બતાવ્યું છે એમાં ફ્રીડમ ઓફ સ્પીચ અને ફ્રીડમ ઓફ એકસપ્રેશન મારો વોટનું એકસપ્રેશન કરવું કે ના કરવું એ મારો અધિકાર છે. મારે ત્યાં જવું કે ન જવું એ મારો અધિકાર છે એટલા માટે આ બિલ છે એ પ્રાથમિક રીતે મુકવાની ક્ષમતા આ રાજયની કેબીનેટ પાસે પણ નથી અને આ ગૃહને પણ અધિકાર નથી અને એટલા માટે આ બિલ છે એ નિરર્થક રહેવાનું છે એટલા માટે હું કહું છું કે હજીપણ આ એક કલોઝ છે ફરજીયાત વોટીંગનો એને બાદ કરી અને જો બાકીના પેલામાં જવાય તો મને લાગે છે કે આ ગૃહમાં સર્વસંમતિ પણ થઈ શકે અને એને કારણે જે કાનૂન આપણે બનાવવા જઈ રહયા છીએ એ પણ પાસ થઈ શકે. અહિંયા દુનિયાના ઈતિહાસની અંદર કોઈપણ જગ્યાએ સો ટકા વોટીંગ શકય નથી અને એમાંય ભારત જેવા દેશમાં કે ગુજરાત જેવા રાજયમાં શકય નથી એટલા માટે શકય નથી કે એક ગામ હોય એ ગામમાં જે ૧૪ વર્ષથી શરૂ કરી અને ૨૨, ૨૩ કે ૨૪ વર્ષ સુધીના જે યુવાનો છે અને એમાં જેની પાસે ૧૮ વર્ષનો મતદાર છે એ ૧૮ થી ૨૫ વર્ષના યુવાનો તો કયાંક નોકરી કરવા જતા રહયા હોય. કયાંક ભણવા નીકળી ગયા હોય તો એ લોકો મતદાન કેવી રીતે કરી શકે? દાહોદના મતદારો છે. દાહદોના મારા એક જ તાલુકાના પાંચહજાર મતદારો છે. આજે મજૂરી કરવા આવ્યા છે. દર વર્ષે આવે છે. ડાંગ અને સુરતની આજુબાજુના જે લોકો છે, જે મજૂરો છે એ શેરડીના ખેતરમાં મજૂરી કરવા જાય છે. શકિતસિંહભાઈએ સાચી વાત કરી કે કોઈક પ્લેનવાળો માણસ હશે ફોરેન ગયો હશે તો પ્લેન લઈને આવી શકશે. ગરીબ લોકો પાસે પ્લેન નથી અને છતાં પ્લેનવાળા લોકો પણ આવતા નથી. અહિંયાથી ચુંટાઈને દિલ્હી ગયા હોય. અહીંયાના મતદાર હોય. મિનિસ્ટર થયા હોય પણ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મતદાન કરવા આવતા નથી એને માફ કરી દેવાના પણ ગરીબ માણસને એમ કહેવાનું કે તમે ડોકટરનો દાખલો લઈ આવો. આપણે બધાએ સરકારો ચલાવી છે આપણને ખબર હોય કે મોહનસિંહભાઈ આવતી કાલે ચોકકસપણે એ બીમાર પડવાના છે. એ એમને ખબર હોય, ડોકટરને ખબર હોય, એમના હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટને ખબર હોય. બધાને ખબર હોય. મેડિકલ સર્ટિફિકેટ મુકી દે કાલે મારી પાસે સી.એલ. નથી એટલે હું મેડિકલ મુકી દઉ છું. આવક કોને થવાની? ડોકટરોને. આ પ્રોસીઝર ઉભી કરવાનું કારણ શું? અને હા, એવું પણ થઈ શકશે કે જે લોકો મતદાન કે મતદાનની ઓળખકાર્ડની વિગતો બાબતે સભાન નથી.એનું ઓળખકાર્ડ લઈ લેવાનું. આપણે ટીવીની અંદર જોયું છે. સ્ટીંગ ઑપરેશનની અંદર કે અમદાવાદની અંદર કેટલા રૂપિયામાં કેટલા વોટિંગ કાર્ડ ખરીદાયા, ન અપાયા. જેના વોટિંગ કાર્ડ લઈ લેવાયા. મતદાન ન કરી શક્યા. એના વોટિંગ રાઈટસ ગયા. પૈસાદાર લોકો અનેક બહાના અનેક રેકર્ડ ઊભા કરી શકશે, પણ ગરીબ લોકોનું શું? પણ મારી વાત એ છે કે આ એનું પરિણામ છે. બિલ આવવાનું નથી, એટલી એની કોઈ ચિંતા નથી. ચિંતા મારા મિત્રોને એટલા માટે થાય છે કે ૮ વર્ષ પછી એન્ટી ઈન્કમબન્સી આવવાની છે. કારણ કે ભાષણ કરવા ગયા હતા જામનગરમાં. ત્યારે જામનગરમાં જઈને અમે કહ્યું હતું કે મારે જામનગરને જ્યુરીચ બનાવવાનું છે. સુરતને સિંગાપુર બનાવવું છે અને અમદાવાદને નં.૧ બનાવવાનું છે. પૂછશે હવે પાંચ વર્ષમાં નંબર-૧ ન બન્યું શું કરીશું આપણે? જૂનાગઢ વાળા મિત્રોને એમ કહ્યું હતું કે ૬૦૦ કરોડ રૂપિયાનું બજેટ અમે આપવાના છીએ. આજે જૂનાગઢની જનતા રાહ જુએ છે. આ બજેટમાં અત્યારે વજુભાઈ વાળા નથી. બજેટની સ્પીચમાં દોઢ પેઈજ જૂનાગઢના મતદારોને અર્પણ કરેલી. હવે ત્યાં મોઢું દેખાડાય તેમ નથી. એટલા માટે (અંતરાય)એ તો અમારા જવાહરભાઈ બોલવાના છે. હું એમાં ઊંડો નથી ઊતરતો. હું કહેવા જતો હતો કે એટલા માટે આ મતદાન ફરજિયાત હોય તો મતદારો પાસે ન જઈએ તો ચાલે. અમૂક લોકો મત આપવાના છે. આ નિરાશામાંથી આપ બહાર આવી જવું. મતદારો ઉપર એટલા માટે વિશ્વાસ રાખવો. આપણા કારણે મતદારોને અવિશ્વાસ થયો છે. પહેલી ચૂંટણી થઈ. આઝાદી પછીની. મારા ગામમાં મતદાન મથક હતું. મારી આજુબાજુના ગામમાં પાંચ ગામોમાં મતદાન મથક નહોતું. મારા પિતાજી એમ કહેતા હતા કે એ સમયે મારો જન્મ નહોતો થયો, પણ એમ કહેતા હતા કે ગાડાઓ જોડીને ઘોડાઓ લઈને લોકો ઉત્સવની જેમ ગામની અંદર મતદાન કરવા આવ્યા હતા. આજે પરિસ્થિતિ ઉલટી શા માટે થઈ ગઈ. એટલા માટે થઈ ગઈ કે દર ચૂંટણીમાં આપણું સ્લોગન બદલાય છે. કસમ રામકી ખાતે હૈ મંદિર વહી બનાયેંગે (અંતરાય) સત્તા ઉપર આવીએ ત્યારે શું થાય. અટલ બિહારી વાજપાઈની૧૩ દિવસની સરકાર હતી.

**અધ્યક્ષશ્રી** : નિતીનભાઈ, અર્જુનભાઈને શાંતિથી સાંભળો. એમણે એમ કહ્યું છે કે આપણા સ્લોગન બદલાય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપણા સ્લોગન બદલાય છે રાજકીય પક્ષના. ૧૩ દિવસની સરકાર આવે ત્યારે રામ મંદિર નહિ, એનરોન કંપની જે દેશને લૂંટવા આવી હતી એને બૅન્ક ગૅરન્ટી આપવાનું પહેલું કામ આ ૧૩ દિવસની સરકામાં થાય છે. લોકોને અવિશ્વાસ એટલા માટે આવે છે. દરેક વખતે બદલાય છે. લોકોને

બહુ માઠું લાગે છે અમૂક લોકોના નામ દઉં છું ત્યારે. જેમ ધર્મની અંદર બે-પાંચ લોકો આવીને ધર્મને દૂષિત કરે છે. આપણા મિત્રો છે એ દૂષિત કરવાવાળા લોકોનું કપડું પકડીને આગળ જાય છે. મને કાયદો લાગે એ જ કાયદો સાબરમતી નદીના કિનારે કોઈ ગુંડા માણસ છે. કોઈ કપડું પહેરી લીધું. ધર્મની સાથે જોડાયેલું, તો એને એવું લાગે પણ ઝૂંપડી પાડવા જઈએ પણ એનો આશ્રમ પાડવા ન જઈએ. બાળકોની બલી દેવાય એને કશું ન થાય. ગોળીબાર કરીને મારી નખાય કશું ન થાય. આવા કૃત્યના કારણે પ્રજાનો વિશ્વાસ આપણામાંથી ઊઠી જાય (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ આપ બિલની ચર્ચાની મર્યાદાની બહાર જાઓ છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ મતદાનમાંથી વિશ્વાસ શું કરવા ઊઠ્યો એની વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : આપ સભાન રીતે બહાર જાવ છો એમ હું કહું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ના હું જરાય બહાર નથી જતો. મારા મિત્રો...

**અધ્યક્ષશ્રી** : એમને વચ્ચે દખલ કરવા નથી દેતો એટલા માટે તેઓ રોકાય છે. જે વિષય બિલની સાથે સીધો સ્પર્શતો હોય તે ચોક્કસ કહો. બાકીનું બજેટ ચર્ચામાં જે કહેવું હોય તે કહેજો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મતદાન વધતું નથી તેના કારણ માટે મારા મિત્રોને કહું છું.

**અધ્યક્ષશ્રી** : અનેક કારણો હોઈ શકે. આપણે આપીએ તે બધા કારણો છે તેવું નથી. આપ વિષય ઉપર આવીને વાત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં વાત એવી કહેવાય કે ગુજરાત એક પહેલ કરી રહ્યું છે. હું તો એવા પક્ષનો સભ્ય છું કે આઝાદી પહેલાં જે પક્ષે મહિલાને પ્રમુખ બનાવ્યા હતા તે પક્ષનો હું સભ્ય છું. તે પક્ષનો હું સભ્ય છું કે જે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટિના પ્રમુખ ૧૯૪૭ પહેલાં મહિલા હતા અને આઝાદી પછી આ દેશની અંદર કોઈએ મહિલા પ્રમુખ બનાવ્યા હોય તો કોંગ્રેસે ઈન્દિરા ગાંધીને પ્રમુખ બનાવ્યા હતા. બનીને ૮૨ વર્ષ સુધી બેઠા તેને ગઈકાલે કાઢવા પડયા નરોત્તમ કાકા, કાઢવા પડયા. આખા દેશના લોકો ભેગા થઈ ગયા હતા ત્યાં. કાઢવા નથી પડયા અમે તો વિનંતી કરીને, હાથ જોડીને કહેવા ગયા હતા કે અમારી પાર્ટીના પ્રમુખ બનો. સાત સાત વર્ષ સુધી રાહ જોવડાવી હતી અમને તે પ્રમુખ છે. આ એવા પક્ષનો હું સભ્ય છું કે જેણે સત્તર વર્ષ સુધી મહિલા વડાપ્રધાન આ દેશને આપ્યા છે અને વિશ્વની શ્રેષ્ઠ વિભૂતિ રહી છે. અટલ બિહારી બાજપાઈએ કહ્યું કે આ દુર્ગાનો અવતાર છે. મેં નહોતું કહ્યું. એટલે મહિલાઓની બાબતની અંદર સશક્તિકરણના પાઠ કોઈ જગ્યાએથી શીખવા નથી. અમૂક લોકોની કમનસીબી હોય કે આઝાદી સંગ્રામ વખતે પહેલ કરવાનો મોકો ન મળ્યો તેમાં કોઈક દિવસ બ્રિટિશરો સાથે રહેવું પડયું અને આઝાદી પછી નવી પહેલ કરવાનો મોકો ન મળ્યો. તે બંધારણના સર્જનની અંદર ભાગીદાર બનવાનું હોય કે તેના પછીના ક્રાંતિકારી પગલાં હોય તે દરેક પગલાં કોંગ્રેસ પક્ષે લીધા છે. આ મહિલાને ૩૩ ટકા અનામત આપવાનો બંધારણીય સુધારો પણ કોંગ્રેસ પક્ષે કર્યો છે. ફરી પાછું આ બંધારણની અંદર સુધારો કરી અને ૫૦ ટકા આખા દેશમાં પ્રતિનિધિત્વ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં આપવાનું કામ મારા પક્ષના આગેવાની હેઠળની સરકાર કરી રહી છે. તેનો પહેલો અમલ પણ બે મહિના પહેલાં રાજસ્થાનની અંદર ૫૦ ટકા અનામત સાથે ચૂંટણીઓ થઈ અને મને કહેવાનું ગૌરવ છે કે જયપુરની પહેલી મહિલા આખા દેશની પહેલી ચૂંટણી થઈ અને પહેલી મહિલા મેયર જયપુરની અંદર કોંગ્રેસની થઈ હતી. અહીંયાં કોઈકનું સારું હોય તો વખાણવું જોઈએ, આપે પણ વખાણવું જોઈએ. દેશ છે આ દેશની પાર્લામેન્ટની અંદર હજી કેટલાક સ્થાપિત હિતો બેઠા છે કે જે હજી મહિલા અનામત આ ધારાસભાની અંદર અને લોકસભાની અંદર આવતા બિલને રોકાવે છે. પણ હું કહું છું કે આપણે પાકિસ્તાનની અંદર આજે ૩૩ ટકા મહિલા અનામત છે આપણે કહીએ છીએ કોન્ઝર્વેટીવ દેશ છે પણ ત્યાં ૩૩ ટકાનો કાયદો આપણા પહેલાંનો છે. કોઈકની સારી વાતો સ્વીકારીએ. ખાલી મહમદ અલી ઝીણાની મજાર ઉપર જવાની જરૂર નથી. સાચી વાત સ્વીકારીએ. હું વાત એ કરતો હતો કે આ પરંપરા છે તે પરંપરા અમે તો ચાલુ રાખી છે. મને તો આજે નવાઈ લાગી મારા મિત્ર નીતિનભાઈ બોલ્યા કે કોઈની પુત્રવધુ થવું, વહું થવું કે કોઈની દીકરી થવું, કોઈની દીકરી થવામાં, કોઈની પુત્રવધુ થવામાં મહિલાને ગૌરવ હોય. કોઈ દીકરી હોય આપણી, કોઈક મા હશે, કોઈક દીકરી હશે, કોઈ પુત્રવધુ હશે, કોઈક વહું હશે તેમાં શી મોટી વાત છે. તમે જેની વાત કરો છો તે થવું હોય તો દેશ માટે લોહી વહેવડાવવાની તૈયારી રાખવી જોઈએ. કોઈકના બત્રીસ લક્ષણા લેવાય નહીં. કોઈકના બત્રીસ લક્ષણા લઈ ગાદી પર બેસી શકાતું હશે પણ અમારી પાસે એવા પરિવારો છે કે દેશ માટે પોતાના બત્રીસ લક્ષણા દઈને પોતાના પરિવારના બલિદાન દીધા. અમને તે વાતનું ગૌરવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે, અહીંયાં જે વાતનો વારંવાર ઉલ્લેખ થાય છે. પુત્રવધૂ એ પુત્રવધૂ અને મા એ મા હોય છે અને જેણે આ અપમાન કર્યા છે એ અપમાનનો બદલો આ મહિલાઓના અપમાનનો બદલો દેશની પ્રજાએ આ શબ્દો બોલનારને આપી દીધો છે, એક વખત નહીં બબ્બે વખત આપ્યો છે. આ ગૃહના અમૂક લોકો પણ બોલ્યા હતા બહાર નીકળીને, નડિયાદની સભાની અંદર કે રાહુલ ગાંધીને કોઈ દુકાન ઉપર નોકરીએ ન રાખે અને સોનિયા ગાંધીને આ ન રાખે એને તો આ રાજયની પ્રજાએ બતાવી દીધું અને દેશની

પ્રજાએ પણ બતાવી દીધું. મારી વાત એ હતી કે, જે મહિલા અનામતની શરૂઆત થઈ, મને આનંદ થાત કે આ બિલ સેપરેટ લઈ આવ્યા હોત તો ગુજરાત આગળના રાજય તરીકેનું સ્થાન લઈ આવી શક્યું હોત. હવે બંધારણ સુધરશે અને પછી આપણે બિલ લઈ આવીશું એના કરતાં આ બિલ પાસ થઈ જાય એવું લઈ આવ્યા હોત તો સારુ હતું. તો તમે પહેલ કરી ગણાત પણ પહેલામાં પાછળ રહી જવાના છો એટલા માટે કે તમે ભેગું એવું બિલ લઈ આવ્યા, કે દેશની પાર્લામેન્ટ જ સુધારી શકે, બીજા કોઈ નહીં, અને એટલા માટે, માનનીય અધ્યક્ષશ્રી, બીજી અહીયાં ઘણી બધી વાતો થઈ. અહીયાં કન્યા કેળવણીની વાત થઈ, મારે કન્યા કેળવણીની વાત તો પછી કરવી છે પણ એટલી જ વાત કરવાની છે કે, આપણું રાજય નવમા સ્થાને હતું, જ્યાં સુધી આપ લોકો ન હતા ત્યાં સુધી, સાક્ષરતાના દરમાં, એ ઘટી પછી અગિયારમા સ્થાને પાછળ ગયા, બીજાં રાજયો બધા આપણાથી આગળ નીકળી ગયાં. આને જો આપ પ્રગતિ કહેતા હોવ તો મને વાંધો નથી અને પહેલા ધોરણમાંથી બીજા ધોરણમાં આવે અને બીજા ધોરણમાંથી ત્રીજા ધોરણમાં આવે, ચોથા ધોરણમાં ને પાંચમા ધોરણમાં, છઠ્ઠા ધોરણમાં અને પછી સાતમા ધોરણમાં. એમાં એક ધોરણમાંથી બીજા ધોરણમાં જાય ડ્રોપઆઉટ રેશિયો શું કર્યો, એના આંકડા તો કોઈ મળતા નથી એટલા માટે કે ડ્રોપઆઉટ રેશિયો સાતમા ધોરણમાં સર્ટિફિકેટ લઈને હાઈસ્કૂલમાં ભણવા જાયને ત્યારે ડ્રોપઆઉટ રેશિયો કેટલો છે એ માપવાનો અને ૩૫ ટકાથી ઓછો નથી. દેશની અંદર જે બીજાં રાજયો છે એમના કરતાં એમાં આપણે પાછળ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે દીકરા-દીકરીના જન્મના દર છે એની અંદર, પણ વાત થઈ હમણાં, આપણે ૧૯માં નંબરનું છેવાડાનું રાજય છે આપણું. હું એમ નથી કહેતો કે કોઈ એકની જવાબદારી છે. જે મિત્રો કહેતા હતા એમને એમ કહું કે, હું ગયા વર્ષના આંકડાના આધારે કહું છું. ગયા વર્ષે જે બાળકો જન્મ્યા એના આંકડાના આધારે કહું છું. એટલે એમ ન કહેતા કે આ વારસામાં આવેલું છે. વારસામાં તો સમૃદ્ધ વારસો આપેલો છે. અહીયાં ઘણી યોજનાઓની પણ વાત થઈ. અરે, આ મહિલાઓને પંદર ટકા અનામત ઉચ્ચ શિક્ષણની અંદર મૅડિકલ, એન્જિનીયરીંગ કૉલેજોની અંદર કોંગ્રેસે આપી. તમે પંદરના ત્રીસ ટકા કરો અમે આવકારીશું. નોકરીઓની અંદર પંદર ટકા કોંગ્રેસપક્ષે આપી. બંધારણમાં કોઈ જોગવાઈ નથી, આ રાજયમાં માનનીય માધવસિંહ સોલંકીની સરકારથી આ શરૂઆત થઈ.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, બંધારણની કલમ છે, ૩૩૦ અને ૩૩૨ છે, બંધારણની કલમની વિરૂદ્ધની વાત થઈ રહી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : વચ્ચે ન કહો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું દાવા સાથે કહું છું કે, પંદર ટકા અનામત એ શિક્ષણની અંદર માર પક્ષની સરકારોએ આપી છે અને એનાથી પણ આગળ જઈને કહું કે, દીકરીઓ માટેનું શિક્ષણ સાર્વત્રિક રીતે પહેલા ધોરણથી શરૂ કરી અને પોસ્ટ ગ્રૅજ્યુએટ સુધી મફત, કન્યા કેળવણી, એ કોંગ્રેસ પક્ષની માનનીય માધવસિંહ સોલંકીની સરકારે આપી અને માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા એ જતો હતો કે, માનનીય નટવરસિંહ કાલે વાત કરતા હતા, બધા હસી કાઢતા હતા આજે આપણી દીકરીઓને ડોનેશન લઈને પીટીસી, બીએડ, એન્જિનીયરીંગ અને મૅડિકલમાં બધી જગ્યાએ લાઈનમાં ઊભું રહેવું પડે છે. આ શિક્ષણની દશા આપણે કરી. આ દીકરીઓને આપણે આ મદદ કરી. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં વાત કરી નીતિનભાઈએ કે, ડ્રોઇંગ રૂમમાં બેસીને પેલું કરે છે, એ લોકો મતદાન કરવા જતા નથી. એક વાત તો આપણે સ્વીકારવી જોઈએ કે, મતદાન નથી થતું એ સૌને માટે ચિંતાનો વિષય છે. પણ એ ચિંતા દૂર કરવા માટે આપણે એસેમ્બલીની બહાર અને એરકન્ડિશનની બહાર નીકળવું પડે. યુ.પી. અને બીજી જગ્યાએ અમારા નેતાઓ જાય છે લોકોની વચ્ચે એમ તમારે પણ જવું પડે. લોકોને વાત સમજાવવી પડે અને સમજાવીને લઈ આવો કોઈ વાંધો નથી અને ૭૦ ટકા મતદાન થાય તો બહુ સારું કહેવાય, ૭૦ ટકાથી વધારે મતદાન વાસ્તવિક રીતે કોઈ પણ ગામમાં શક્ય નથી અને ૭૫ ટકાથી વધારે મતદાન થાય તો માનવાનું કે એ જગ્યાએ બોગસ થયું છે અને ઈલેકશન કમિશન એમ કહે છે કે, જે જગ્યાએ ૮૦ ટકા ઉપર મતદાન થાય એ મતદાન મથકનું કાઉન્ટિંગ કરતા પહેલા બોગસ મતદાનની ચકાસણી જરૂર કરી લેવી એવો નોમ્સ છે. (અંતરાય) પણ એ કેવા થાય છે એ આપણને ખબર છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા બહેન નીમાબેન બહુ સરસ બોલતા હતા એવું નહીં ત્યાં છે એટલે બહુ સરસ બોલે છે એવું નથી. અહીંયા હતા ત્યારે પણ બહુ સરસ બોલતા હતા અને છબિલદાસભાઈ મુખ્યમંત્રી હતા તો એ પણ શ્રેષ્ઠ મુખ્યમંત્રી, ચીમનભાઈ હોય તો એ પણ શ્રેષ્ઠ મુખ્યમંત્રી આજે પણ બહુ સરસ બોલતા હતા કે ગુજરાતની બહાર જાવ તો નરેન્દ્ર મોદીના ગુજરાતની વાહ વાહ થાય છે. પણ જે દેશોમાં વાહ વાહ કરવાના નામ આપ્યા એ દેશોમાં ઘણી જગ્યાએ દુનિયાના દેશો વિઝા નથી આપતા એનું શું કરવું? આપણી તકલીફ એ છે. એટલે આવું ગુજરાત પણ છે પાછું. વાહ વાહ વાળું છે અને આવું પણ છે અને વાહ વાહ આપણે કરીએ જ ભેગા હોઈએ તો કરવી જ પડેને એમાં ક્યાં છૂટકો છે? અહીંયા બેઠા હતા ત્યારે પણ કરવાની અને ત્યાં બેઠા તો ત્યાં પણ વાહ વાહ કરવાની. માનનીય અધ્યક્ષશ્રી, બહેનોએ ચિરંજીવી યોજનાનો ખાસ ઉલ્લેખ કર્યો. ઘણી બધી યોજનાઓ છે એ સર્વ શિક્ષા અભિયાન હોય સર્વ શિક્ષા અભિયાનની અંદર આપણી પાસે એટલા પૈસા આવે છે કે એ પૈસા પૂરા વાપરી શકાતા નથી કેન્દ્ર સરકારના એટલા બધા પૈસા આવે છે આપણી પાસે. પણ સર્વ શિક્ષા અભિયાન આપણું, પણ આપણું

સંયુક્ત માનનીય મુખ્યમંત્રીનું નહીં, કેન્દ્ર સરકારે પૈસા આપ્યા છે. ૭૫ ટકા પૈસા સર્વ શિક્ષા અભિયાનમાં શિક્ષકોના પગાર સહિતના કેન્દ્ર સરકાર આપે છે. પછી કહેશો કે એમાં દયા નથી કરતા તો હું કયાં એમ કહું છું કે દયા કરીએ છીએ. પણ આપે છે અને જે એન.ડી.એ.ની સરકાર હતી એના કરતાં ત્રણ ગણા પૈસા આપે છે થોડા ઘણા નહીં ત્રણ ગણા પૈસા આપે છે. આનો બહુ પ્રચાર થયો એટલે મેં સરકારના વિભાગો પાસે આર.ટી.આઈ. નીચે માહિતી માગી અને એમાં મને જે આંકડાઓ આપ્યા એ આંકડાઓના આધારે મેં એક બુકલેટ બનાવી એનું નામ છે ધી વોઈસ ઑફ ટ્રુથ. આ રાજ્ય સરકારના આંકડા છે મારા નથી અને એ આંકડાઓ એમ બતાવે છે કે જે ચિરંજીવી યોજનાનો બહુ પ્રચાર થાય છે એ ચિરંજીવી યોજના કેન્દ્ર સરકારની યુ.પી.એ. સરકારની છે અને એમાં છેલ્લા બે વર્ષથી ચૌદ ચૌદ કરોડ રૂપિયા મળે છે. માતા અને બાળ કલ્યાણના જે કાર્યક્રમો અગાઉની સરકારોએ નહોતા કર્યા એ તમામ કાર્યક્રમો ૨૦૦૪ પછી અમારી સરકારે કર્યા છે. હું થોડાક આંકડાઓ આપીશ. (અંતરાય) હા, સખી મંડળની વાત કરી એ કેન્દ્ર સરકારની જ યોજના છે અને છતાં ખાતે ચડાવો તો અમને વાંધો નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું જે કહેવા જતો હતો એ એ હતો કે, માતા અને બાળ કલ્યાણ Mother and child health - to stop child & mother death, to maintain drinking water services, to control epidemic diseases આના માટે માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૦ થી ૨૦૦૩ અને ૨૦૦૪ સુધી એક આઠ આની પણ નહોતી મળતી એની જગ્યાએ ૧૫૪ કરોડ રૂપિયા આ સરકારે આપ્યા છે. અને છતાં આ બધા કાર્યક્રમોમાં આપણે આપણા ફોટાઓ મૂકીને પ્રચાર કરીએ છીએ. બીજી જે યોજનાઓ છે એ તમામ યોજનાઓ આરોગ્યને લગતી, માતા અને બાળ કલ્યાણને લગતી એ બધી યોજનાઓ આપણે કરીએ. હું તો માનનીય અધ્યક્ષશ્રી, જે આઈ.સી.ડી.એસ.નો પ્રોગ્રામ છે એ આઈ.સી.ડી.એસ.ના પ્રોગ્રામની અંદર જે બહેનોને પગાર અપાય છે કે પગાર વધારો અપાયોએ તમામ કેન્દ્ર સરકારમાંથી અપાયેલો પગાર વધારો અપાયો, છતાંય આપણા મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી કે હું બહેનોના પગાર વધારું છું, (અંતરાય) પાંચસો રુપિયા વધાર્યા એ કેન્દ્ર સરકારે વધાર્યા એ જ વધાર્યા છે બીજો એક પણ રૂપિયો નથી વધાર્યો, (અંતરાય) આપ રેકોર્ડ પર મૂકજો, મારી પાસે રેકોર્ડ છે હું એ આપીશ. (અંતરાય) દયાદાનની વાત તમે કરો છો અમે કોઈ દિવસ નથી કરતાં અમે તો એમ કહીએ છીએ કે અમારી સરકાર ગુજરાતને ખૂબ મોટા પ્રમાણમાં સહાય કરે છે, માંગ્યા કરતા વધારે આપે છે (અંતરાય) દયાની કે દાનની તો તમે વાત કરો છો અને એવા શબ્દો તમે વાપરો છો હું નથી વાપરતો, (અંતરાય) એના બદલામાં અગાઉની સરકારોએ શું આપ્યું હતું એ જરાક ચકાસી જોજો. અમદાવાદની અંદર શું આપ્યું હતું, સુરતની અંદર શું આપેલું હતું,

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ તમે વિષયથી બહાર જાઓ છો વિષય ઉપર રહો તો વધારે સારું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબ આપું છું, અહીંયા સભ્યશ્રીઓએ જે મુદ્દા ઉઠાવ્યા ના ગમતા હોય એ સ્વાભાવિક છે પણ છતાંય મારી પાસે જે આંકડાઓ છે એ આંકડાઓ કોઈને પણ જોઈતા હોય તો સરકારી અધિકારીઓના આંકડા એના આધારે આ બનાવેલી આ બુક હું આપવા તૈયાર છું અને આ મુદ્દા ઉપર ચર્ચા કરવી હોય તો પણ હું આપના મારફત પડકાર કરું છું કે, આ મુદ્દા ઉપર પણ ચર્ચા થઈ જાય અને એના માટે એક સેશન બોલાવવામાં આવે આખા દિવસનું બોલાવવામાં આવે અને કોણે વધારે આપ્યું છે અને કોણે કેટલું આપ્યું છે એ નકકી થઈ જાય.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, ચર્ચા આપણે નકકી કરીએ એના ઉપર ન થાય આ ગૃહ નકકી કરે એ મુદ્દા ઉપર ચર્ચા થઈ શકે અને અત્યારે ચર્ચા ચાલે છે બિલ ઉપર એ બિલ ઉપર આપ બોલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને આ લોકો ડાયવર્ટ કરે છે એટલે, મને એ લોકો એમ કહે છે કે દયાદાન કરતા નથી, મેં દયાદાનની વાત કરી નથી.

**અધ્યક્ષશ્રી** : તમે ડાયવર્ટ ના થાઓ, નીતિનભાઈ તમને જવાબ આપવાની પૂરતી તક છે તમે મુદ્દા નોંધી રાખો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :બધા મુદ્દા નોંધી રાખો કોઈ વાંધો નથી. (અંતરાય) અમે પડકાર નથી કરતાં તમને આદત છે પડકાર કરવાની, ચુન ચુન કે મારુંગાના પડકાર કરવાની, અમારી આદત નથી.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, આપ વિષય ઉપર આવોને,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ મને એમ કહે છે કે ઓબામાને પોરબંદર લઈ આવો, લઈ આવોને મને કોઈ વાંધો નથી, (અંતરાય) તમે જ ચુન ચુન કે મારુંગાની વાતો કરો છો અમે તો કોઈ દિવસ નથી કરતાં, (અંતરાય) મારી આવ્યા એ બધા સાબરમતીમાં બેઠા છે એમને પૂછો, (અંતરાય) ટીફીન મોકલી આપો., અમે નિર્દોષ લોકોને મારવા નહોતા મોકલ્યા, તમે મોકલેલા છે,

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર ઓર્ડર, અર્જુનભાઈ આપ અત્યારે આગળ વધો,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં હુકમ કર્યો હતો અને ગયા હતા હિંમત હોય તો એમ કહેવું જોઈએ. કોઈને મોકલો એનો અર્થ શું.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ જે વિષય છે એના ઉપર આવી જાઓ,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ એમને બોલવાનું બંધ કરવાનું કહો નહિતર હું જવાબ આપીશ એમને (અંતરાય) અહીંયા રોડ ઉપરથી ગમે એને પકડી લો અને મારી નાંખો અને એ આતંકવાદી થઈ જાય છે. કૂતરાને મારી નાંખીને સિંહ મારી નાંખ્યો એવી જાહેરાત કરો છો.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, આપ વિષય પર આવી જાઓ, અમીતભાઈ આપ પણ એમને ક્રોસટોકમાં ના લઈ જાઓ, કોઈપણ ક્રોસટોકમાં ન જાય નહિતર ચર્ચા બીજી બાજુ જાય છે અને મુળ મુદ્દા બાજુ પર રહી જાય છે. અર્જુનભાઈ આપ ચર્ચામાં આગળ વધો, મંત્રીશ્રીઓ પણ આમાં કોઈ દખલ નહિ કરે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ આપનો આભાર, મને બહુ દખલ નહિ કરે તો હું બહુ જ ટુંકમાં પૂરું કરવા માગું છું. વાત મહિલાઓના કલ્યાણની છે, બધા મિત્રો એમ કહેતા હતા કે મહિલાઓમાં અનામત લઈ આવવી જોઈએ હું સંમત છું, ૩૩ ટકા લઈ આવ્યા, આજે પચાસ ટકા કરીશું આપણે થોડા દિવસમાં, આ બિલથી નહિ થાય તો એના પછીના બિલથી કરીશું. થવાનું છે એમાં કોઈ રોકી શકે તેમ નથી. પણ અમૂક મારા મિત્રોએ જે ચિંતા વ્યકત કરી છે તે સાચી ચિંતા વ્યકત કરી છે. અને અમે માનનીય અધ્યક્ષશ્રી, દિલ્હી જઈએ અને અમારા રાષ્ટ્રીય અધ્યક્ષા એમ કહે કે પ્રધાન સ્વામી કો બૈઠને નહીં દેના કીસીભી જગહ. એટલે સરપંચ સ્વામીઓ બેસે છે અને પ્રમુખ સ્વામીઓ બેસે છે તેને એટલીસ્ટ આપણાં પક્ષમાં તો રોકવાના મહિલાને બેસવા દેવાનું કહેવાનું. માનનીય અધ્યક્ષશ્રી, હું મારો જ દાખલો આપું છું એટલે કોઈ એમ ના કહે આ ગુજરાતને બદનામ કરે કારણ કે આપણી સાચી વાત કરીએ તો બધા એમ કહે કે તમે ગુજરાતને બદનામ કરો છો. દરેક સાચી વાતમાં એમ આવે છે. Untouchabilityની વાત કરીએ તો એમાં પણ એ આવે અને આમાં પણ એ આવે. હું એક જગ્યાએ સરપંચના સન્માનનાપોગ્રામમાં ગયો હતો. મારા એક સાથી અત્યારે નથી એ જોડે હતા. તેણે કહ્યું કે સરપંચનું સન્માન કરવાનું છે. સરપંચોમાં તો ૩૩ ટકા સરપંચ બહેનો આવવી જ જોઈએ. ૩૩ ટકા ના આવી. મેં કહ્યું અમે સરપંચોનું સન્માન નહીં કરીએ પહેલાં બહેનોનું લઈ આવો પછી ભાઈઓનું થશે. એનાથી આગળ જઈને કહું એક જિલ્લાની મિટિંગ હતી, જિલ્લાના સરપંચોની

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### શબ્દો દૂર કરવા અંગે

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, તે સરપંચ સ્વામીનો ઉપયોગ કરે ત્યાં સુધી વાંધો નથી. પણ તેમણે જે બીજા શબ્દોનો ઉપયોગ કર્યો તે ગુજરાતનું સન્માનનીય નામ છે પ્રમુખ સ્વામી અને તે નામનો આ રીતે ઉપયોગ કરી શકે નહીં. તેણે માફી માગવી જોઈએ સાહેબ. આ રીતે હળવાશ અને મજાકના મૂડમાં આ વંદનીય વિભૂતિના નામનો ઉપયોગ નહીં થાય.

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઈ તેમાં આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર નથી. અર્જુનભાઈ આપની વાતને આગળ ચલાવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આત્મારાભાઈ તમે ગઈ કાલે પણ આંખો બંધ કરવાની કોશિષ કરી હતી એ ના કરો. હું જે વાસ્તવિકતા છે તે કહું છું. ગઈ કાલે મેં Untouchability ની વાત કરી ત્યારે તમે ગુજરાત વિરોધીની વાત કરી હતી. વાસ્તવિકતા સ્વીકારવી જોઈએ. આપણા અંગની અંદર કોઈ જગ્યાએ ચાઠું થયેલું હોય તો તેની દવા કરાવવી જોઈએ એ આપણી બધાની ફરજ છે. દલિતોના વિસ્તારમાં જઈને આ વાત કરજો કોઈક દિવસ.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે આ તો મારા લોકોએ બોલાવેલી મિટિંગ હતી. મેં ના પાડી કે અમે સન્માન નહીં કરીએ. એક જિલ્લાની મિટિંગ હતી મારે જિલ્લાનું નામ નથી દેવું. જિલ્લાના સરપંચોની કલેકટર, ડી.ડી.ઓ.એ મિટિંગ બોલાવી હતી. total sanitation programme પોગ્રામ માટે. અને તેમાં માનનીય અધ્યક્ષશ્રી, એક પણ મહિલા સરપંચ હાજર નહોતી. એક પણ તાલુકા પંચાયતની મહિલા સભ્ય હાજર નહોતી. અને એક જિલ્લા પંચાયતની સભ્ય હાજર નહોતી. આ ફરજ નથી વહીવટી તંત્રની આપણી કે આપણે કહી શકીએ કે નહીં ભાઈ હશે તો એના ઘરે રહે જે બહેન સરપંચ છે, જે બહેન સરપંચ ચૂંટાયા છે તે જ મિટિંગમાં આવે. કાયદો બનાવવાથી નહીં થાય તેનું અમલીકરણ સખ્તાઈથી અધિકારીઓ મારફત કરાવવાનું રહેશે. આ કાયદો આપણો છે. દરેક ગામોની અંદર મોટાભાગના ગામોની અંદર આ સ્થિતિ છે. ચિંતા કરવી હોય અનિલભાઈ તો આવા પુત્રવધુઓની કે આવી પત્નીઓની ચિંતા કરવી જોઈએ. કે તેને સ્વતંત્રા નથી મળતી. પહેલાં તમે જેની વાત કરો છો તે તો આખા દેશની ચિંતા કરે છે. એની કોઈ ચિંતા કરવાની જરૂર નથી. સાચા અર્થમાં સરપંચની જવાબદારી મહિલા નિભાવે અને તેને ફરજ બજાવવાની છૂટ મળે અને બીજા ના આપે તો કંઈ નહીં આપણું વહીવટી તંત્ર તો બીજા કોઈને એલાઉ ના કરે. મિટિંગ હોય ત્યારે મહિલા સરપંચ, મહિલા સભ્ય જ આવે તે સિવાયનું બીજું કંઈ નહીં. હું આપના મારફતે વિનંતી કરવા માંગુ છું કે મહિલા સરપંચોની સહી છે તે લેબોરેટરીમાં મોકલજો અને તેમાંથી કેટલી સાચી અને કેટલી ખોટી પોતે કરેલી તે ચેક કરાવજો બધું ખ્યાલ આવી જશે. ઘણી જગ્યાએ તો ખુરશી ઉપર પણ ભાઈ બેઠાં હોય. એટલે આ પ્રેરણા પણ રહે વહીવટી તંત્રને આપવી પડશે કે રાજકીય રીતે ગમે તેટલો મજબૂત માણસ હોય તો પણ સરપંચના અધિકારો, તાલુકા પંચાયતના અધિકારો

તો જે મહિલા ચૂંટાયેલી છે તે દલિત મહિલા હોય, આદિવાસી મહિલા હોય, બક્ષીપંચની હોય કે ગરીબ ઘરની હોય તેમણે માનનીય અધ્યક્ષશ્રી આ કરવું જ રહ્યું. અને તે કામ માટે કોઈ બિલ લઈ આવવાની જરૂર નથી. એના માટે તો ઈચ્છાશકિત જોઈએ અને એમાં પછી એવું ના આવે કે આ ગુજરાતને બદનામ કરે છે. સાચી વાત હોય, આપણે સુધારવું જોઈએ. આપણે પાછળ છીએ તો એ પાછળમાંથી આગળ કેવી રીતે અવાય એની ચિંતા બધાને હોવી જોઈએ. હું એમ નથી કહેતો કે કોઈ એક જવાબદાર છે. અત્યારે સરકારની જવાબદારી છે. સરકારે આદેશ કરવા જોઈએ કે એ અધિકારીને જવાબદાર ઠેરવાશે જો એના સિવાય કોઈ હાજર રહ્યું કે એમની ખુરશીમાં બેઠું તો. ઈન્સ્પેકશન કરવા ગયા તે વખતે જો એ સરપંચ કે તાલુકા પંચાયતના પ્રમુખની ખુરશી ઉપર કોઈ બેઠા હશે તો એની સામે એકશન લેવાશે. પણ આપણે એ કરતા નથી. અને એટલા માટે આ બિલ જે મહિલા અનામતનું છે, એને હૃદયપુર્વક આવકારીએ છીએ અને જે ફરજીયાત વોટીંગ કરવા માટેનું જે બિલ લાવ્યા છે, એ આ ગૃહને અધિકાર નથી, એટલા માટે એની સાથે સંમત થતો નથી. બાકીના ભાગને આવકારીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું ફરી દોહરાવું છું કે જેમ માનનીય શકિતસિંહજીએ કહ્યું તેમ દંડકશ્રી આ બિલમાં સુધારો લઈ આવે. અને ફરજીયાત વોટીંગ માટેનું બિલ એમને લઈ આવવું જ હોય તો જુદુ કરીને બહુમતિએ ભલે પાસ કરાવે, જેથી કરીને આ બિલ પાસ થઈ શકે. તમે એ ન કરો તો પણ અમને ચિંતા નથી. એટલા માટે કે અમારો બંધારણીય સુધારો આવી રહ્યો છે અને એ બંધારણીય સુધારો થયા પછી આ ગૃહે નવું બિલ લાવવું જ પડશે. એમાં કોઈ છૂટકો નથી. આટલી વાત કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક સ્વરાજયની તાલુકા, જિલ્લા પંચાયત, નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોરપોરેશનની અંદર ફરજીયાત મતદાન તેમજ ૫૦ ટકા મહિલા અનામત અંગેનું વિધેયક જે માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે તેને હૃદયપુર્વક આવકારું છું અને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ એક ઐતિહાસિક બિલ છે. આ ઐતિહાસિક બિલની બન્ને જોગવાઈઓ એ આ દેશની લોકશાહીને નવું બળ આપનારી સાબિત થશે. દેશના તમામ નાગરિકો જેને મતદાન કરવાનો અધિકાર મળ્યો છે, એ પોતે એ મતદાનના અધિકારનો ઉપયોગ કરીને દેશની, રાજયની યા તો પોતાના ગામ સુધીની સરકાર બનાવે એવી કલ્પના આમ તો હોય. પણ ગુજરાતમાંથી એક શરૂઆત થઈ છે કે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત કે નગરપાલિકાની ચૂંટણીમાં ૧૦૦ ટકા પ્રજાજનો પોતે પોતાની સરકાર બનાવી શકે. એના માટે મતના અધિકારનો ઉપયોગ કરે અને બીજુ કે દેશની ૫૦ ટકા સંખ્યા જે બહેનોની છે, એ આઝાદીના આટલા વર્ષો પછી પણ ૫૦ ટકા બહેનોનો હિસ્સો જો રાજનીતિમાં હોય, સત્તામાં ભાગીદારી હોય, એ અત્યારસુધી થઈ શકયું નથી. તેને પૂર્ણ કરવા માટેનું કામ, સત્તામાં મહિલાઓની ભાગીદારી થાય એ માટેનું કામ અને એ વિધેયક આ ગુજરાતના સન્માનનીય વિધાનસભાગૃહમાં લાવવામાં આવ્યું છે ત્યારે આ વિધેયકમાં બોલવા માટેનો જે મોકો મળ્યો છે. એમાં વિચારો રજૂ કરવા માટેની આ ઐતિહાસિક ઘટના માટે હું સહભાગી બન્યો છું, એ માટે હું પોતે પણ ગૌરવ અનુભવું છું. અને મને સૌથી વિશેષ ગૌરવ એ બાબતનું છે કે આ બિલ લાવવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર, રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એના નિમિત્ત બન્યા છે ત્યારે એ પાર્ટીના એક ધારાસભ્ય તરીકે પણ હું ખૂબ ગૌરવ અને આનંદ અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૪૭ની અંદર દેશ આઝાદ થયો અને ૧૯૫૦ની અંદર બંધારણ અમલમાં આવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, આપણે લોકશાહીની અંદર બહુપક્ષીય લોકશાહીની વ્યવસ્થાને સ્વીકારી. અને દરેક નાગરિકને મત આપવાનો અધિકાર મળ્યો. મતથી ચૂંટાયેલું મંડળ, એ વિધાનમંડળ હોય કે નાનું કોઈ તાલુકા કે ગ્રામ પંચાયતનું મંડળ હોય કે દેશની સંસદ હોય, ત્યાં મતદાન થઈને ચૂંટાઈ શકે એ માટેની એક વ્યવસ્થા બની. એક આખો સંઘીય ઢાંચોબનયો, કેટલાક અધિકારો અલગ અલગ આપવામાં આવ્યા, સંસદને કેટલાક અધિકારો આપવામાં આવ્યા, કેટલાક અધિકારો વિધાન મંડળને આપવામાં આવ્યા, અને એ અધિકારો અંતર્ગત કાયદા ઘડવા માટે વિસ્તૃતીકરણ કરવામાં આવ્યું, અને ૨૪૫ અનુસૂચિમાં સત્તાની વહેંચણી કરવામાં આવી. જેમાં નગરપાલિકાઓ, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની અંદર સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની અંદર તેના કાયદા બનાવવાનો અધિકાર આપણા વિધાન મંડળોને મળેલો છે. અને જેના અંતરગત ૧૯૬૧માં પંચાયતી કાયદો બન્યા, ૧૯૬૩માં મ્યુનિસિપાલિટીનો કાયદો બન્યો, અને ૧૯૪૮માં પણ એક શરૂઆતમાં જે કાનુન આપણે પારીત કર્યો હતો આની અંદર સુધારાઓ કરી અને આજે આપણે જે ૫૦ ટકા મહિલાઓ માટેની અનામતની જોગવાઈ અને ફરજિયાત મતદાન માટેના અધિકારો માટેની જોગવાઈ કરી રહ્યા છીએ. જે જોગવાઈ આપણે ફરજિયાત મતદાન માટેની કરી રહ્યા છીએ તે દુનિયાના ૩૨ જેટલા દેશોએ અસરકારક રીતે તેનો અમલ કર્યો છે. તેના ખૂબ સારા પરિણામો મળ્યાં છે. ઓસ્ટ્રેલીયા જેવા દેશમાં મતદાનનો રેશીયો ૫૦ ટકા જેટલો વધ્યો છે. ૪૮ ટકા જેટલું મતદાન થતું હતું તેની જગ્યાએ ૯૦ ટકા કરતાં વધુ મતદાન થયું છે અને તેના કારણે એ દેશ શકિતશાળી બન્યો છે. આજે અભ્યાસ કરવા માટે અનેક સ્ટુડન્ટ ઓસ્ટ્રેલીયા જેવા દેશોમાં આપણે ભણવા મોકલીએ છીએ. અનેક રીતે એ દેશે પ્રગતિ કરી છે.કારણ કે એકે એક નાગરિક જેને અધિકાર મળ્યો છે તે સરકાર બનાવવામાં તેનું ઈન્વોલ્વમેન્ટ બન્યું છે. તેના કારણે સરકાર પોતાની છે તેવો ભાવ પેદા થાય અને તે ભાવ પેદા થાય ત્યારે આપો આપ દેશભકિતની

ભાવના પ્રગટ થતી હોય છે. આપણે ત્યાં કેવી સ્થિતિ છે? એક હજાર મતદારોનું એક બૂથ હોય, તેની અંદર ૪૦ કે ૪૫ ટકા જેટલું મતદાન થાય એટલે ૪૫૦ જેટલા મતદારો મતદાન કરે, આપણે ત્યાં બહુ પક્ષીય પધ્ધતિને કારણે બે, ત્રણ કે ચાર ઉમેદવારો હોય, એમાંથી એક ઉમેદવારને ૫૦ મત મળે, એક ઉમેદવારને સો મત મળે અને ત્રીજાને ૧૫૦ મત મળે, એટલે ૧૫૦ મત મેળવેલ ઉમેદવાર વિજેતા ઘોષિત થાય, એક હજારમાંથી ૧૫૦ મત મેળવેલ હોય તે એટલે ૧૫ ટકા મતદારોએ એવો મત વ્યકત કરે કે આને વિજયી બનાવવો છે અને એ ૧૫ ટકા મતદારોની માગણીને કારણે એ ઉમેદવાર વિજયી બની જાય. અને શાસન કરે. કયાંક તો આપણે આ બાબતને સુધારવાની જરૂરત ઘણા સમય પહેલા હતી. પરંતુ આપણે સુધારી શકયા નહીં. આજે જયાંથી જાગ્યા ત્યાંથી સવાર. માનનીયમુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાત કરી હોય કે સરકાર બનાવવાનો અને મત આપવાનો અધિકાર તમામ પ્રજાજનને મળેલો છે તે પૈકી સરકાર બનાવવાની ફરજની જગ્યાએ હું તો માનું છું કે નવો અધિકાર આપવામાં આવી રહ્યો છે. કે જેથી પ્રજાજનો મતદારો સરકાર બનાવવાનો અધિકાર યોગ્ય રીતે ભોગવે. બીજો વિષય એવો કહેવામાં આવ્યો છે કે આ વ્યકિત અહીં હોય, તો મતદાન ન કરી શકે તો તેને ફરજિયાત ન કહી શકાય. મતદાન તો એમની ઈચ્છા પ્રમાણે જ થાય, પરંતુ બધા પોતાની ઈચ્છા પ્રમાણે ચાલે પરંતુ કેટલીક દેશ હિતની વાત હોય, રાષ્ટ્ર હિતની વાત હોય સરકાર બનાવી તે રાષ્ટ્ર હિતનું કામ છે અને જે નાગરિક આ દેશમાં જીવતો હોય, આ દેશના સંશાધનનો ઉપયોગ કરતો હોય તે નાગરિક એક વર્ષમાં ફકત અડધો કલાક માટે દેશ હિત માટે મતદાન કરવા ન જાય? અને મતદાન કરવા માટે અડધો કલાક માટે જાય તો જાણે આભ ફાટી પડવાનું હોય, ધરતી ફાટી પડવાની હોય તેવી વાત જયારે સામેના મિત્રો કહી રહ્યા છે ત્યારે મારા ધ્યાનમાં નથી આવતું અને સમજમાં નથી આવતું કે આવી વાત આ પહેલા પણ થતી હતી. જયારે આઝાદીની ચળવળની શરૂઆત થઈ ત્યારે કેટલાક લોકો એવો સૂર કાઢતા હતા કે અંગ્રેજો છે તો શું વાંધો છે? શા માટે આવી માથાકૂટ કરવી, આવી માનસીકતા વાળા લોકો એ વખતે પણ હતા. ત્યારે આપણા કેટલાક દેશભકતોએ જેમણે પોતાના પ્રાણની આહૂતિ આપી હતી.એમના મનમાં હતું કે આપણે કદાચ આઝાદ થઈએ, દેશને સ્વતંત્રતા મળે ત્યારે પ્રજાનું પોતાનું શાસન હશે આ દેશની સરકાર વિદેશથી આવેલી નહિ હોય, ઉપરથી આવીને બેસી ગયેલી સરકાર નહિ હોય દેશનો નાગરિક પોતે નક્કી કરી શકશે. મારે દેશનો વહીવટ કોને સોંપવો છે, મારે આ ગામનો વહીવટ કોને સોંપવો છે, મારે આ નગરપાલિકાનો વહીવટ કોને સોંપવો છે, મારે આ જિલ્લા પંચાયતનો વહીવટ કોને સોંપવો છે એ સ્વપ્ન ત્યારે આપણા દેશ માટે બલિદાન આપવાવાળા લોકોએ એ વખતે સેવ્યા હતા અને આટલી મોંઘી મૂલી આઝાદી આપી અને કોના બલિદાન વીર ભગતસિંહ જેવા ફાંસીના માંચડે વંદે માતરમ ગાતા ગાતા ચડી ગયા હોય અને ત્યારે આ બહુમૂલી મોંઘામૂલી આઝાદી આ દેશને મળી અને એ પછી આ દેશનો નાગરિક મતદાન કરવા પ્રત્યે ઉદાસિનતા સેવે તો આઝાદી અધૂરી ગણાય અને ફરી આઝાદીને પૂરી કરવા માટે આ લોકશાહી ને નવું બળ આપવા માટે ફરી આ શરૂઆત ગુજરાતની અંદરથી થઈ છે. અનેક દિશાઓની અંદર પહેલ ગુજરાતે કરી છે અને દેશના આઝાદી આપવાનું નેતૃત્વ ગુજરાતે મહાત્મા ગાંધીજીએ કર્યુ હતું ત્યારે ફરી નેતૃત્વ કર્યુ હતું આજે ફરી આ અધૂરી આઝાદીને પૂર્ણ કરવા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નેતૃત્વ લઈને દેશને એક નવી દિશા આપી છે અને આ નવી દિશા ઐતિહાસિક ઘટના ગણાશે.

માનનીય અધ્યક્ષશ્રી, સામેના મિત્રો મને તો એ નથી સમજાતું કે આ બિલની અંદર શા માટે પૂરક નથી બનતા. આ લોકશાહીની દેવીને નવું બળ આપવા માટેનું કામ છે. લોકશાહી શકિતશાળી બને, લોકશાહીની દેવી વધુ તેજસ્વી બને એ માટેનું આ બિલ છે, લોકશાહી વધારે શકિતશાળી બને એ માટે એમનું કર્તવ્ય થઈ પડે છે. એક ભૂલ થઈ હતી દેશને આઝાદી મળ્યા પછી ૨૫ વર્ષની આઝાદીની ઉંમર થઈ અને એ વખતે ૧૯૭૪ની અંદર આ લોકશાહીની દેવીને ગળે ટૂંપો દઈને હત્યા કરવા માટેનો પ્રયાસ આ દેશની અંદર થયો હતો. દેશની અંદર કટોકટી લાદવામાં આવી હતી અને કટોકટી લાદવાનું પાપ કોણે કર્યુ હતું એ મારે આજે નથી કહેવું પરંતુ સામેના મિત્રોને એ પશ્ચાતાપ કરવા માટેનો મોકો મળ્યો છે ફરી એ લોકશાહીની દેવીને ગળે ટૂંપો આપીને નિર્બળ બનાવવા માટેના પ્રયત્ન કર્યા હતા એને બળ આપવાનું કામ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા હોય ત્યારે એને સમર્થન આપી અને અગાઉ કરેલી ભૂલનો પશ્ચાતાપ કરવાનો આ મોકો છે. અને આ પશ્ચાતાપ કરવાનો મોકો તમે ચૂકશો તો આવતી કાલનો ઇતિહાસ માફ નહિ કરે. દેશના સો ટકા મતદારો મતદાનનો ઉપયોગ કરે અને આવું ગૌરવશાળી કામ આજ નહિ તો આવતી કાલે આનું અમલીકરણ થવાનું છે. આવા સંજોગોની અંદર આ પક્ષ કે પેલો પક્ષ વિચાર્યા કરતાં આ વિધેયકનો જે હાર્દ છે. સો ટકા મતદાન , મતદાન કરવું એ દેશભકિતનું કામ છે અને આ દેશભકિતના કામમાં તમામે તમામ નાગરિક જોડાય. કેટલાક દેશોમાં તો એના માટેની સજા કરી છે. સ્વીઝરલેન્ડ જેવા દેશે તો નક્કી કર્યુ છે મતદાન ન કરે તો આટલા યુરોની સજા કરીશું. કેટલાક લોકોને તો કેદની પણ સજા કરી છે. આપણે આવી કેદની કે એવી સજા કરવાની વાત નથી. આપણે તો પ્રેરણા મળે, મતદાર મતદાન કરતો થાય એ માટેના એની જોગવાઈ દા.ત. શું શું કરી શકાય. એવું પણ કરી શકાય કે વિદ્યાર્થીને શાળામાં પ્રવેશ અપાવવાનો હોય તે વખતે એના મા-બાપે મતદાન કર્યુ છે કે નથી કર્યુ એ પૂછવામાં આવે તો પોતે પોતાના બાળકના ફયૂચર વિચારતો હોય ત્યારે એવું લાગે કે મારે મારા બાળકના ભવિષ્ય માટે મતદાન કરવું પડશે. હોટલ કે બીજે ઊતરવું હોય સુખી સપન્ન લોકો હોય એવું સમજતા હોય કે આપણને

શું વાંધો એ વખતે પૂછે કે તમે મતદાન કર્યુ છે કે નથી કર્યુ, નવી કાર ખરીદવા જાય, નવું ડ્રાઈવીંગ લાઈસન્સ લેવું હોય, પાસપોર્ટ લેવો હોય તે વખતે તમે મતદાન કર્યુ છે કે નહિ એ પૂછવામાં આવે અને જો મતદાન કર્યુ ન હોય તો એને અડચણ પડે એ અડચણ ન પડે એટલા માટે મતદાન કરવા માટે લોકો પ્રેરાશે. આવી હળવી સજા કે હળવી પ્રેરણા પણ આ બાબતની અંદર કરી શકાય. અહીંયા આપણે અત્યારે હાલ આ વાતો કરતા હતા ત્યારે એક મહિલા અનામતમાં ૫૦ ટકાનો વિષય આવ્યો, દેશની આઝાદી મળી ત્યારે સુભાષબાબુએ એ વખતે દેશની સ્વતંત્રતા મેળવવા માટે ઝાંસીની રાણી રેજીમેન્ટની સ્થાપના કરી અને ત્યારે જુવાનજોધ દીકરીને પોતાનો પીતા, પોતાની માતા એ આવીને કહેતા કે મારે આજે દીકરો નથી એટલે દેશ માટે , દેશહિત માટે એનું બલિદાન આપવું પડે તો આપવા મારી પાસે દીકરો નથી તો હું મારી દીકરીને દેશ માટે આપું છું. કેવી દેશભકિતની વાત, એ વખતે કેવી માહિલઓ હશે અને ત્યારે એ વખતે એ સમયની અંદર શિક્ષણનું પ્રમાણ, બાકીની સ્થિતિ, સામાજીક વ્યવસ્થાઓ અને એ વખતે ઝાંસીની રાણી રેજીમેન્ટની સ્થાપના સુભાષબાબુના નેતૃત્વમાં થઈ હતી અને ત્યારે સ્વપ્નું જોયું હશે કે દેશ આઝાદ થાય ત્યારે મારા દેશની મહિલાઓને પણ સમાન અધિકાર મળશે, મારા દેશની મહિલાઓ એ પણ સત્તાની અંદર ભાગીદાર થઈ શકશે. દુનિયાના કેટલાક દેશો માત્ર સ્ત્રીને ઉપભોગની વસ્તુ માને અને એની અંદરથી હજી સંપૂર્ણ વિશ્વ બહાર આવ્યું નથી ત્યારે હજી કેટલીક જગ્યાએ આની ત્રુટિઓ રહી ગઈ છે. હજી વેટીકન જેવામાં રોમમાં, હજુ મહિલાઓને મતનો અધિકાર ત્યાં આગળ નથી એવા સંજોગોની અંદર આપણે રામરાજયની કલ્પના કરી હોય ત્યારે શું રોમની વાત એની પરંપરા, વેટીકનની પરંપરા એ આપણા દેશની અંદર હું માનુ છું કે કયારેય શકય નથી આ દેશ એ તો સદીઓથી માતૃશકિતને પૂજતો આવતો દેશ છે. માતૃશકિતનું બહુમાન કરવાવાળો દેશ છે અને વર્ષોથી પરંપરા જે આપણા દેશની હતી એને વધારે શકિતશાળી બનાવવા માટે ભારતીય જનતા પાર્ટીની આ સરકારે છેલ્લા ૫ વર્ષથી પ્રયત્ન કર્યા છે. એક એક ઘટના, એક એક કાર્યક્રમ એ મહિલાનું સશકિતકરણ થાય, મહિલાઓ પોતે પણ પોતાના પગ ઉપર ઉભી રહેતી થાય, અને દેશની અંદર ૫૦ ટકા જનસંખ્યા માતૃશકિતની હોય, ૫૦ ટકાની જનસંખ્યા એ જો સત્તામાં ભાગીદાર ન થાય, દેશના વિકાસમાં ભાગીદાર ન થાય તો દેશ શકિતશાળી બનતા વાર લાગે અને ૨૦૨૦ની સાલમાં જયારે અટલબિહારી બાજપાઈજીએ કહયું હતું કે દેશ વિશ્વની મહાસત્તા બને અને આ સપનું જે એમણે જોયું હતું એ સ્વપ્નપૂર્ણ કરવું હોય તો મહિલાઓની ભાગીદારી એ સો ટકા આવશ્યક છે અને એ મહિલાઓની ભાગીદારી માટે આજે નહીં, આજે આ બિલ આવ્યું હશે ભલે પરંતુ આજથી ૫ વર્ષ પહેલા રાજયના મુખ્યમંત્રીશ્રીએ એક એક સ્ટેપ બાય સ્ટેપ મહિલાઓનું...

**અધ્યક્ષશ્રી** : માનનીય શંકરભાઈ હું આપને રોકતો નથી પણ વિસ્તૃત ચર્ચા તરફ જઈએ છીએ, મારી પાસે હજુ નવ સભ્યોને બોલવાનું લીસ્ટ બાકી છે. આપ પોતે સ્વયં રીતે ટૂંકું કરશો તો જ બાકીના સભ્યોને હું તક આપી શકીશ અને બીજા બે કલાકનું કામ બાકી છે. એ જે ચર્ચાની અંદર મુદ્દા આવી ગયા છે એની આપ પુનરોકિત ન કરો તો સારું કહેવાશે. (અંતરાય) એ શકય નથી એટલા માટે કે માનનીય સિધ્ધાર્થભાઈ આપ જાણો છો હું અને તમે બધા જ કામકાજ સલાહકાર સમિતિ અને આ ગૃહે નકકી કર્યુ છે કે આ કાર્ય આજે પૂરું કરવાનું એટલે પૂરું કરવાનું. પણ કયાંક કહેવા જેવું લાગ્યું એટલે હું કહુ છું. આપનું પ્રવચન પતી ગયું હોય તો પૂરું કરો.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું લગભગ પોલીટીકલી ઓબ્જર્વેશનમાં પણ પડતો નથી.

**અધ્યક્ષશ્રી** : નહીં નહીં, તમે વિષયની બહાર ગયા છો એવું નથી કહેતો જે મુદ્દાઓ કહેવાના બાકી છે એ ચોકકસ કહો.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : આ ગૃહની સમયની અનુકુળતા સમજી અને એની મર્યાદામાં જ પૂરું કરીશ. નારી સશકિતકરણ માટેની જે રાજયના મુખ્યમંત્રીશ્રીની જે નેમ છે, ભારતીય જનતા પાર્ટીની જે પ્રતિબધ્ધતા છે એ આ બિલની અંદર આજે દેખાય છે પરંતુ છેલ્લા ૫ વર્ષથી એ માટેના પ્રયત્નો ચાલતા હતા. કન્યા કેળવણી માટેની એક આખી અહેલાક આખા રાજયની અંદર જગાવી, અહીંયા હમણા જવાત કરતા હતા માનનીય અર્જુનભાઈ કે જાણે અગાઉના સમયની અંદર એજયુકેશન ખૂબ હતું અને આજે નથી, આવી વાત હતી, અમારા માનનીય સિધ્ધાર્થભાઈ એવી વાત કરતા હતા કે મહિલાઓ સત્તાની અંદર ભાગીદાર બને છે પણ શિક્ષણ ન હોવાને કારણે એ લોકો વહીવટ નથી કરી શકતા અને પાછલા બારણે બાકીના લોકો વહીવટ કરે છે.તો જો અગાઉના સમયમાં શિક્ષણ સારું હતું તો અત્યારે બહેનો અશિક્ષિત થઈને વહીવટમાં ક્યાંથી આવી? આ કામ તો ૩૦-૪૦ વર્ષ પહેલાં થવું જોઈએ કારણ કે એટલી ઉમરની બહેનો છે. પહેલાં શિક્ષણ વ્યવસ્થા હોત તો આ સ્થિતિ ન હોત. એ વખતે ધ્યાન રાખવાની જરૂર હતી. આજે અમે કન્યા કેળવણી માટેની શરૂઆત કરી છે. છેલ્લા ૧૦ વર્ષ પહેલાનો ડ્રોપ આઉટ રેશિયો અને આજનો ડ્રોપ આઉટ રેશિયો, નામકરણની વાત હોય, એકેએક વિષયમાં ઊંડા ઊતરીશું તો લાગશે કે એજ્યુકેશનમાં મહિલાઓનું પ્રમાણ વધ્યું છે. મહિલાઓના સંબંધમાં એજ્યુકેશન વધ્યું છે એ જોઈ શકાય એમ છે. આજે શિક્ષણની શરૂઆત કરીએ તો ૨૦ વર્ષ પછી એમને સત્તામાં ભાગીદાર બનાવીએ આ વાત પણ વાજબી લાગતી નથી. આજે મહિલાઓને સત્તામાં ભાગીદાર પણ બનાવીએ અને આ બાજુએ શિક્ષણનું કામ ચાલુ કરીએ તો જ થશે. આજે કન્યા કેળવણીનું અભિયાન ચાલુ છે. અલગ અલગ જગ્યાએથી શરૂઆત કરી કન્યા કેળવણી મફત કરી. કન્યા કેળવણીનો વ્યાપ વધારવા માટે, દીકરીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે એટલા માટે દીકરી

ગામડેથી બહાર સ્કૂલે ભણવા જતી હોય ત્યારે એસ.ટી.માં પાસ મફત આપવાની વ્યવસ્થા આ ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઈ મોદીની સરકારે ગુજરાતની અંદર દાખલ કરી. સાઈકલ આપીને દીકરી પોતે પોતાની સ્કૂલે જઈ શકે આ કામની અમે શરૂઆત કરી દીધી છે. ૫૦ વર્ષમાં આ કર્યું હોત તો અમારે કરવાની જરૂર ન પડી હોત. પણ કન્યા કેળવણી માટે જે ડર, ૫૦ ટકા મહિલાઓ અને ૫૦ ટકા આખા જીવનની વ્યવસ્થા અને એ વિકાસમાંથી અને ભાગીદારીમાંથી અલગ રહે એ ક્યારેય ગુજરાત જેવા વિકાસશીલ રાજ્યને પોષાય નહીં. આ પ્રમાણેની માનનીય મુખ્યમંત્રીશ્રીની નેમ હતી એના દર્દમાંથી આ ચિરીંજીવી યોજના જન્મી. ગરીબ પરિવારની દીકરી ડિલિવરી પ્રસંગે કોઈ સારા દવાખાનામાં સારવાર ન લઈ શકે ત્યારે કેટલીય વખત પોતાના પ્રાણ ગુમાવવા પડે એવે વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ મહિલાઓનું સશક્તિકરણ થાય એવી નીતિને વરેલી આ સરકારે સારવાર માટેની પ્રાઈવેટ હૉસ્પિટલમાં કોઈ સારવારનો ખર્ચ થાય તો એના પતિ, પિતા કે મોસાળ પક્ષે કોઈએ નહીં પરંતુ રાજ્યની સરકાર એનો ખર્ચ ભોગવશે. આ માટેનો નિર્ણય કરી અને ચિરંજીવી યોજના અમલીકરણની અંદર મૂકી છે. એટલું જ નહીં પરંતુ સત્તામાં મહિલાઓની ભાગીદારી થાય એની શરૂઆત તો પહેલેથી કરી દીધી હતી. ભલે કાયદા દ્વારા એની જોગવાઈ કરવામાં ન આવી હોય પરંતુ ભારતીય જનતા પાર્ટીની જે જે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ થઈ અને સત્તા ઉપર આવ્યા ત્યાં નગરપાલિકા, મહાનગરપાલિકાઓ, તાલુકા કે જિલ્લા પંચાયતોમાં કારોબારી ચેરમેન, પ્રમુખ અને ઉપ પ્રમુખ આ ત્રણમાંથી એક હોદ્દો ફરજિયાત મહિલાઓને આપવો આ માટેનો નિર્ણય પાર્ટી તરીકે ભારતીય જનતા પક્ષે કર્યો. મહિલાઓનું સત્તામાં ભાગીદારીકરણ થાય એ માટે આ નીતિ રહી છે. મારે એ પણ વાત કરવી છે કે ભારતીય જનતા પક્ષે પોતાના ઓર્ગેનાઈઝેશનમાં, સંગઠનમાં પણ ૩૩ ટકાની જોગવાઈ કરી અને છેલ્લે મારે એટલી જ વાત કરવી છે કે મહિલાઓનું સત્તામાં ભાગીદારીકરણ થાય, ૫૦ ટકા મહિલાઓને વહીવટમાં ભાગીદારી મળે અને સાથોસાથ આ મતદારો પોતે મતદાન કરતા થાય તો હું માનું છું કે દેશને શક્તિશાળી બનાવવા માટેનું એક સૌથી મોટું પરિબળ બનશે અને એનું નિમિત્ત આપણે સૌ આ વિધાનસભામાં બેઠેલા તમામ સદસ્યશ્રીઓ બનીશું. જેમને આ વિચાર આવ્યો અને જેમણે આ નેતૃત્વ લીધું છે, આ બિલ પાસ કરવા માટે, આ બિલ લાવ્યા છે અને જેમણે પ્રેરણા આપી છે એવા રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવનારા સમયમાં આ બિલ અંગે ઐતિહાસિક પુરૂષ તરીકે આગામી ઈતિહાસમાં ઓળખાશે. આ વાત સાથે આ બિલને હું મારું ૧૦૦ ટકા સમર્થન આપું છું.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ (વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ ઘર હોય, રાજ્ય હોય કે રાષ્ટ્ર હોય પરંતુ રાષ્ટ્ર કે રાજ્ય હોય અને તેમાં વસતા પ્રજાજન, નાાગરિક હોય કે કુટુંબના સભ્ય હોય. પરંતુ જ્યારે પોતાના અધિકાર અને હકની વાત કરવામાં આવે ત્યારે એણે સાથે સાથે ફરજ પણ બજાવવી પડે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મુખ્યમંત્રીશ્રીની રાહબરી હેઠળ માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ રાજ્યની મહિલાના સશકિતકરણ માટે તેમજ રાષ્ટ્રની લોકશાહી, રાજ્યની લોકશાહી વધુ મજબુત થાય, સુદ્રઢ થાય તેવું બિલ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન કરવા અને મારા વિચારો વ્યકત કરવા માટે આજે ઊભો થયો છું અને આ ઐતિહાસિક ઘડીએ આ ગૃહના સભ્ય હોવાનો મને ખૂબજ આનંદ છે અને આ ઐતિહાસિક ઘડીમાં વર્ષો સુધી આ બિલ લોકશાહીને દ્રઢ કરવાનું અને મહિલાઓને સશકિતકરણને આગળ વધારવા માટેનું છે એમાં સંમલિત રહ્યો હતો એવું મને યાદ રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે જ્યારે ચૂંટણીઓ આવે રાજકીય પક્ષોથી આપણે આપણી વાતો લઈને પ્રજા સુધી પહોંચીને આપણા વિચારો વ્યકત કરતા હોઈએ છીએ. મતદાનનો દિવસ આવે, સાધનો મૂકીએ અને કયાં આપણો મતદાતા રહી ગયો છે એના માટે આડેધડ ખર્ચા કરી મતદારને લાવતા હોઈએ છીએ. ક્યાંક કોઈકને ફોન કરીને રીક્ષાભાડા, આવવા-જવાના સાધનોના ભાડા આપીને પણ આપણે બોલાવતા હોઈએ છીએ એવા સંજોગોમાં મતદાન, મત આપવાનો આપણો અધિકાર છે એવું અહીંયા કહીએ છીએ. પરંતુ જ્યારે બહાર ચૂંટણી પ્રચાર દરમ્યાન આપણે હોર્ડિંગ લગાવતા હોઈએ છીએ ત્યારે ઉપર સરસ લખીએ છીએ- " મતદાન એ આપણી પવિત્ર ફરજ છે." હવે આ ફરજ આપણે બજાવવા માટે, ફરજમાં આપણા થકી ક્યાંક ર્દુલક્ષ સેવાતું હોય અને ક્યાંક ઢીલાશ આવતી હોય તો લોકશાહીના પર્વમાં લોકોને જોડવા અને એના થકી જે સત્તા મંડળો રચાવાના છે એમાં લોકોની સહભાગીદારી નહિ હોય તો કદાચ ૧૫ ટકા, ૧૦ ટકા મતદાનથી જીતેલો માણસ એ આપણું સત્તા મંડળ ચલાવતો હોય અને શાસન કરતો હોય એમાં આપણને શું મળે અને શું મેળવવા માગીએ છીએ એ મને ખબર પડતી નથી. મતદાન એ એક નાગરિકનો અધિકાર છે. આ અધિકારની અંદર ઢીલાશ આવે. ૬૦-૬૦ વર્ષ સુધી આપણે મતદાન મરજિયાત રીતે કરતા આવ્યા છીએ. સંસદ કે વિધાનસભાની ચૂંટણી હોય કે કોઈ નીચે સ્થાનિક સત્તા મંડળની ચૂંટણી હોય. પરંતું કદાચ લોકસભાની ચૂંટણી હોય તો કદાચ ૫૦ ટકા, ૫૨ ટકા મતદાન અને વિધાનસભાની ચૂંટણી હોય તો ૬૦ ટકા મતદાન થાય અને ક્યાંક ૭૫ થી ૮૦ ટકા મતદાન થાય અને આ સત્તા મંડળોની ચૂંટણીઓમાં પૂરું મતદાન થાય. લોકો વહીવટમાં ભાગીદાર બને અને સારી રીતે શાસન ચાલે એ બહુ જ જરૂરી બન્યું છે અને આ

બિલ એને સમર્થન કરે છે ત્યારે હું માનનીય નીતિનભાઈને ફરીથી લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આવો ક્રાંતિકારી વિચાર અને જેની અસર દેશ અને દુનિયાના રાજકારણ ઉપર બુદ્ધિજીવીઓમાં વર્ષો સુધી ડીબેટ થવાની છે એવા સમયે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જ આ નિર્ણય લઈ શકે. બીજા કોઈ * (માટીપગા) રાજકારણીની તાકાત નથી આ જે નિર્ણય લેવાયો છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી ઋષિકેશભાઈ (માટીપગા) શબ્દ પાછો ખેંચો એ બરાબર છે પણ આવા શબ્દોથી આપણે દૂર રહીએ તો આપણી ભાષા સારી રહે.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : એ શબ્દ પાછા ખેંચું છું અને ફરી આવું ના બને એનો ખ્યાલ રાખીશ. આજે આ ગૃહમાં બેઠેલા પક્ષ-વિપક્ષના બધા સભ્યો ક્યાંક ખૂણામાં ભેગા થાય અને ચર્ચા હોય કે આ ફરજિયાત મતદાનવાળી વાત સારી છે પણ ગૃહમાં વિરોધ કરવાનો છે અને ગૃહમાં વિરોધ કરવા માટેના તાર્કિક કારણો જે રજૂ કરવામાં આવે છે એ કયાંય સમજમાં ઉતરતા નથી. આ મતદાન ઓછું થાય એમાં મારા મિત્રોને કયાં દુ:ખે છે? શું તકલીફ છે? કેમ મતદાન ઓછું કરવામાં રસ છે એ આજે પણ આ ગૃહમાં બેઠેલા અમારા સાથીમિત્રો ને ખબર પડતી નથી. આજે લગભગ ઘણા દેશોમાં મતદાન ફરજિયાત છે અને ઘણા દેશોમાં આ બાબતની સક્રિય વિચારણા થઈ રહી છે. આજે આ વિધેયક દેશ અને દુનિયાના રાજકારણમાં દૂરોગામી અસરો ઊભું કરશે. આપણા લોકશાહી દેશમાં આપણે સારી રીતે જીવન જીવવા, વેપાર કરવા અને સરકાર અથવા તો જે તે સત્તા મંડળોએ ઊભી કરેલી વ્યવસ્થા, સુખાકારી અને કર ભરવા જેમ આપણે કાયદાથી બંધાયેલા છીએ એવી રીતે જ્યારે જે સરકારો દ્વારા અથવા તો જે સત્તા મંડળો દ્વારા આપણને જે મતનો અધિકાર મળ્યો છે એ આપણી પવિત્ર ફરજ છે.એ ફરજને કેવળ આ વિધેયક દ્વારા એક કાયદાનું સ્વરૂપ અપાય છે અને એ કાયદો એ એમના માટે જ છે નહીં કે રાજકીય પક્ષો માટે. આપણે સિંગાપુર જતા હોઈએ છીએ, સિંગાપુરમાં ઊતરીએ સરસ મજાની ગ્રીનરી, સરસ સફાઈવાળું સિંગાપુર આપણે જોઈએ અને કહીએ કે સિંગાપુર ફાઈન સીટી છે. પણ ઘણી વખત ફાઈનનો અર્થ બીજો પણ નીકળતો હોય છે. કયારેય આજથી ૩૦-૩૫ વર્ષ કે ૪૦ વર્ષ મને બરાબર એ સમય ખબર નથી, પણ સિંગાપુર જ્યારે આઝાદ થયું બ્રિટિશ સલ્તનતમાંથી જ્યારે એને પોતાની આઝાદી લઈ પોતાનું શાસન આવ્યું એવા સમયે આ ચોખ્ખાઇ રાખવા માટે ત્યાં સફાઈ રાખવા માટે પણ ઘણી મોટી ડિબેટ થઈ હતી અને અંતે ત્યાં આગળ લગભગ લોકોએ એવું નક્કી કર્યુ કે આપણે ત્યાં અહીંયા સિંગાપુરની અંદર જો આપણે સાફ સુથરું રાખવું હશે તો આ કાયદાથી જ શકય બનશે અને આજે એ રિઝલ્ટ આપ જોઈ શકો છો કે સિંગાપુર આપણે જઈએ અને એને વખાણતા હોઈએ છીએ. માનનીય શકિતભાઈ કહેતા હતા કે સિંગાપુર એક નાનો દેશ છે એની સરખામણી આપણી સાથે ના થઈ શકે. કબૂલ છે, મંજૂર છે. સિંગાપુર નાનું છે એ વાસ્તવિક હકીકત છે. આપણે પણ સત્તાનું વિકેન્દ્રીકરણ કરેલું છે. કેન્દ્ર, રાજય અને નીચેના સ્થાનિક મંડળો આપણે પણ સત્તાનું આયોજન વિભાજિત કરી અને લોકશાહી ધરાવતો આપણો દેશ અને આપણા દેશમાં આ વાત કેમ શકય ના બને. અચૂક શકય બને. રાજકીય વીલ શકિત, રાજકીય પાવર અને રાજકીય દ્રઢ ઇચ્છા શકિત વગર આ શકય નથી. કયાંક કયાંક નાના મોટા સૂર ઊઠતા હોય, ક્યાંક રસ્તા ઉપર ચાલતા હોઈએ અને અકસ્માત થશે એટલે આપણે રસ્તા ઉપર ચાલવાનું બંધ કરી દઈએ એમ આ ફરજિયાત મતદાન કરવાથી આવું થશે પેલું થશે અને પાણીમાંથી પોરા કાઢી અને જે વાત કરીએ છીએ એ સદંતર ખોટી છે. આ બંને બિલ સાથે લાવવા પાછળ આ બિલ દ્વારા પચાસ ટકા સ્ત્રી અનામત રોકવા માટે નહીં પરંતુ માનનીય શૈલેષભાઈએ કાલે દુ:ખ, લાગણી અને વેદના વ્યક્ત કરી હતી. જ્યારે એસ.સી. એસ.ટી.ની સીટો હોય મતદાન થાય, ટકાવારી એકદમ નીચી જતી રહે, કોઈને રસ પડે નહીં ઉજળિયાત વર્ગને રસ પડે નહીં અને એમની વેદના પણ સાચી છે. જ્યારે આવા સંજોગોમાં મતદાન ઓછું થતું હોય અને ફરીથી આમાં સ્ત્રી અનામતમાં આપણે વધારો કરવા માગતા હોઈએ એટલે લોકશાહી દ્રઢ અને સુદ્રઢ બને એના માટે પણ આ બંને બિલ સાથે લાવવામાં આવ્યા છે અને એ બિલને હું મારું સમર્થન આપું છું અને સાથે સાથે જ્યારે સ્ત્રી પચાસ ટકા અનામતની વાત છે, ૧૯૯૨માં આપના કહેવા પ્રમાણે ૧૯૯૨માં કેન્દ્ર સરકારે ૩૩ ટકા અનામતની જોગવાઈ કરી અભિનંદન આપું છું, પરંતુ આજે જ્યારે નરેન્દ્રભાઈએ સત્તા ઉપર બેસતાંની સાથે એક પછી એક સ્ત્રી સશકિતકરણના જે કાર્યક્રમો ચાલુ કર્યા એમણે પહેલું ધ્યાન સત્તા ઉપર બેસતાંની સાથે ૭૦ ટકા જે વર્ગ ઉપેક્ષિત રહ્યો હતો, કોઈનું પણ ધ્યાન આજ સુધી નહીં, કોઈ સરકારનું નહતું ગયું, એમનું ગયું એમણે નક્કી કર્યુ કે આ ૭૦ ટકા મહિલા અને બાળકો માટે મારે કાંઈક કરવું જોઈએ અને એ જ વખતથી એમણે મહિલા અને બાળ કલ્યાણ વિભાગની એમણે શરૂઆત કરી અને એમના માટે જુદી જુદી યોજનાઓ અંતર્ગત અનેકવિધ યોજનાઓ દ્વારા એમને લાભ પહોંચાડ્યો. બેટીઓની આપણે ત્યાં કમીઓ થવા લાગી વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીની મદદથી માતાઓના ગર્ભમાં જ મારી નાખતા હતા આ પણ ધ્યાનમાં આવ્યું.કયાંક ૧,૦૦૦ છોકરાએ, ૮૦૦ છોકરી અને ૯૦૦ છોકરી અને આવતા સમયમાં આના દુષગામી પરિણામો જે આવવાના હતા એના થકી એમણે સૌ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો માનનીય સભ્યશ્રીએ પાછા ખેંચી લીધા છે.

પ્રથમ એક, સરકારનો આ કોઈ ભાગ નહતો મિત્રો પરંતુ એમણે એક જન આંદોલન, જન ચેતના સ્વરૂપે લોકોમાં એમના ભારતીય જનતા પાર્ટીના કાર્યક્રરો દ્વારા ઘરે ઘરે, કુટુંબ કુટુંબ, ગામે ગામ, મહોલ્લે મહોલ્લે અને શહેરે શહેરે ફરી અને આ વાત સમજાવી

અને સાથે બેટી બચાવોથી માંડી અને ચિરંજીવી યોજના દરેક તબકકે સ્ત્રીનો જીવનનો મહત્વનો તબકકો જયાંથી પસાર થતો હોય એ તમામ તબકકાઓમાં એ સહભાગી થયા.

**અધ્યક્ષશ્રી** : જે વાત આપના પક્ષના સભ્યો કહી ગયા હોય એની પુનરોકિત ન કરો એવી વિનંતી છે કારણકે મારી પાસે હજુ બીજા બે કલાકનું કામ બાકી છે. મંત્રીશ્રીનો જવાબ બાકી છે એટલે બેટી બચાવોની વાત બધા જ સભ્યોએ કહી છે એને રીપીટ ન કરો. આપનો કોઈ નવો મુદ્દો હોય તો કહો.(અંતરાય) મંત્રીશ્રીનો જવાબ હજી બાકી છેને? બંને સભ્યશ્રીઓ બોલે મને વાંધો નથી પણ જે મુદ્દાઓ આ સભાગૃહમાં ચર્ચાઈ ગયા છે એનું રીપીટેશન ન થાય તો વધારે સારું છે.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગૃહની અંદર સ્ત્રી અનામત ૫૦ ટકા રિઝર્વેશન અને સાથેસાથે ફરજીયાત મતદાન, ફરજિયાત હું નહીં કહું પરંતુ કયાંક પવિત્ર ફરજ અને પવિત્રતા અભડાતી હોય એવા સંજોગોમાં રાજય સરકારે આ બાબતે સક્રિય રીતે વિચારણા કરી અને જે બિલ અહીંયા પ્રસ્તુત કર્યું છે એને હું મારું સંપૂર્ણ સમર્થન આપું છું અને સામી પાટલી ઉપર બેઠેલા મિત્રોને પણ હૃદયના દ્વાર ખોલી અંતર મનથી ખોજ કરી અને આ બિલને સમર્થન આપે એ જ અભ્યર્થના સાથે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસ અને પંચાયત ગુજરાત સ્થાનિક સત્તા મંડળ સુધારા વિધેયક સને -૨૦૦૯ આ ગૃહ સમક્ષ લાવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. જયાં સુધી મહિલા અનામત ૫૦ટકા કરવી આ વાત સાથે મારો પક્ષ અને મારા નેતા સંમત છે એટલે એમાં હું વધારે વાત નહીં કહું પણ આ સન્માનનીય ગૃહને હું જણાવવા માગું છું કે આ દેશને પ્રથમ લોખંડી મહિલા વડાપ્રધાન કોંગ્રેસ પક્ષે આપ્યા છે. આ દેશને પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ પણ કોંગ્રેસ પક્ષે આપ્યા છે. આ દેશને લોકસભાના પ્રથમ મહિલા સ્પીકર પણ કોંગ્રેસ પક્ષે આપ્યા છે. આ દેશમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૩૩ટકા મહિલાનો ખરડો સ્વ. રાજીવ ગાંધીની સરકાર લાવી હતી અને હમણાં જ કેન્દ્રીય કેબીનેટે ૫૦ટકા મહિલાને પ્રતિનિધિત્વ આપવું એવો કૅબિનૅટમાં ઠરાવ કર્યો છે ત્યારે કોઈ એમ કહેતા હોય કે અમે મહિલા માટે આમ કર્યું કે તેમ કર્યું તો એ વાત સાથે એણે એ પણ યાદ રાખવું જોઈએ કે આ દેશમાં મહિલાનું સન્માન કરવામાં કોંગ્રેસ પક્ષ કાયમ માટે આગળ રહ્યો છે. આજે પણ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખપદે પણ મહિલા છે એટલે હું એ વાત સાથે સંમત છું માનનીય મંત્રીશ્રી જયારે સ્થાનિક સ્વરાજયની સત્તાઓમાં મહિલાઓ માટે જયારે ૫૦ટકા અનામતનું વિધેયક લઈ આવ્યા છે એમાં હું મારો સુર પૂરાવું છું. સાથોસાથ જયારે ફરજિયાત મતદાનની વાત આવે છે ત્યારે મારે બે સૂચનો કરવા છે કે આપણા બંધારણે માણસને મૂળભૂત અધિકારો આપ્યા છે. વાણી સ્વાતંત્ર્યનો મિલકતો રાખવાનો, ધર્મ પાળવાનો. એમાં આપણે કયાંય કોઈ મતદારને ફરજ પાડી શકતા નથી કે તમે ફરજિયાત મતદાન કરો અને નહીં કરો તો તમને આ સજા કરવામાં આવશે કારણકે વ્યકિત સ્વતંત્ર છે એને મત દેવો હોય તો દે ન દેવો હોય તો ન દે પણ આપણા જે બંધારણે વ્યકિતને મૂળભૂત અધિકારો આપ્યા છે.

**માનનીય સભાપતિશ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ અધ્યક્ષસ્થાને**

એ અધિકારોની ઉપરવટ જઈને હું નથી માનતો કે આપણી ધારાસભા આના માટે કોઈ કાયદો ઘડી શકે. જયારે મતદાર મતદાન પ્રત્યે નિષ્ક્રિય થાય છે. એના આપણે કારણો પણ તપાસવા જોઈએ. ખાસ કરીને મતદારોની જે અપેક્ષા છે, મતદારોના જે પ્રશ્નો છે. મતદારની જે લાગણી છે.એને જો આપણે સંતોષી ન શકતા હોય તો સ્વાભાવિકપણે મતદારો મતદાનથી અલિપ્ત રહે છે અને એના માટે આપણે મતદારોને ફરજિયાત મતદાન કરવા માટે આપણે ફરજ પાડી શકીએ નહિ. ઘણી વખત તો એવું બને છે કે ગામના ગામો મતદાનનો બહિષ્કાર કરે છે. આવી સ્થિતિ ઊભી થાય તો તે સ્થિતિ કેમ ઊભી થઈ એના મૂળમાં જવાની જરૂર છે, નહિ કે મતદાન નહિ કરવા બદલ મતદારને સજા કરવાની વાત કરવી. મારી દ્રષ્ટિએ એ કોઈ રીતે વ્યાજબી નથી. મતદાનની ટકાવારી વધારવા માટે મતદારોમાં જાગૃતિ લાવવી જોઈએ. મતદારોની કિંમત મતદારોને સમજાય એના માટે સમજણ આપવી જોઈએ. મતદારો વધુમાં વધુ મતદાન કરવા માટે પ્રેરિત થાય એવી કાર્યવાહી કરવી જોઈએ, નહિ કે આપણે એને દંડ કરી મતાધિકાર રદ કરી એને કોઈ જાતની સજા કરી મતદાન ન કરે તો એના માટે આ કાર્યવાહી કરવી એ મારી દ્રષ્ટિએ કોઈપણ રીતે વ્યાજબી નથી. વળી જે મતદારો મતદાન કરવા ન જાય તો એના માટે ચૂંટણી અધિકારી એને જ્યારે નોટિસ આપે ત્યારે પણ આ મતદારોને અન્યાય થવાનો સંભવ છે. ઘણા બધા અભણ મતદારો હોય, અજ્ઞાન મતદારો હોય, પછાત મતદારો હોય આવા મતદારો જ્યારે આવી નોટિસનો જવાબ આપે, નોટિસનો જવાબ આપવાની સાથે સાથે જ્યારે ચૂંટણી અધિકારી કોઈપણ કારણસર એની વાત ન સાંભળે તો અપીલ કરવામાં આ ગરીબ માણસને તકલીફ પડે અને એના પરિણામે કેટલાય માણસોનું મતાધિકાર રદ થાય એવી પણ સંભાવના છે. ત્યારે મારી તો વિનંતી છે કે જેમ મારા નેતાશ્રીએ કહ્યું અમે મહિલા અનામત ૫૦ ટકાનું જે બિલ એની સાથે સંમત છીએ. આ બિલ વહેલી તકે રાજ્યમાં લાગુ પડે એના માટે અમારો સંપૂર્ણ સાથ અને સહકાર છે, આ બિલની સાથે સાથે જ્યારે મતદારોને ફરજિયાત મતદાન કરવા માટેનું પ્રોવિઝન કર્યું છે, એની

સામે અમારો વિરોધ એટલા માટે છે કે બંધારણીય રીતે આ વાત ટકી શકવાની નથી અને એના પરિણામે મહિલા અનામતની વાત પણ અટકી પડવાની છે, ત્યારે ખરેખર જો આ સરકાર ખરા દિલથી આ રાજ્યની મહિલાઓને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા અનામત હોદો આપવા માગતી હોય તો અમારા નેતાએ કહ્યું તેમ માનનીય મંત્રીશ્રી બિલમાં સુધારો કરે અને ફરજિયાત મતદાનવાળો ભાગ બાકાત રાખે અને માત્ર ૫૦ ટકા અનામતવાળો ભાગ આજે આપણે બધા સાથે મળીને સર્વાનુમતિથી મંજૂર કરીએ આટલી જ વાત મારે કરવાની છે. મને આશા છે કે અમારી વાત સાથે અમારા હાર્દ સાથે સત્તા પક્ષે બેઠેલા સભ્યશ્રીઓ અને માનનીય મંત્રીશ્રી સંમત થશે એટલી અપેક્ષા સાથે વિરમું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના માનનીય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલ આજે આ સભાગૃહની અંદર ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા સુધારા વિધેયક-૨૦૦૯ લઈને આવ્યા છે, તેમાં હું મારું સમર્થન કરવા માટે ઊભો થયો છું. આ વિધેયકની અંદર એના હાર્દ મુખ્યત્વે લોકતંત્રને મજબૂત કરવા માટે અને લોકશાહીનો નવો ચીલો પાડવા માટે ગ્રામ પંચાયત, નગર પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, મહાનગર પાલિકા અને નગરપાલિકાની અંદર ૫૦ ટકા મહિલાઓને અનામત મળે અને એની અંદર ચૂંટણીની અંદર ફરજિયાત મતદાનની બાબતનો હાર્દ છે. રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીએ જ્યારથી આ રાજ્યની જવાબદારી સાંભળી છે. મને ખ્યાલ છે કે આવતી ૨૪ મી તારીખે એમના કાર્યભારના ૩,૦૦૦ દિવસ પૂરા થાય છે. આ તબક્કે એમને હું અભિનંદન આપું છું. એમણે ૩,૦૦૦ દિવસનું મનોમંથન કર્યુ છે. લોકતંત્રનો અને લોકશાહીનો સર્વાંગી વિકાસ લોકભાગીદારીથી કેવી રીતે કરી શકાય, એના માટેનો અથાગ પ્રયત્ન કર્યો છે. લોકતંત્રની વાત કરવા જઈએ તો લોકતંત્રમાં લોકો કરતા તંત્રનું જ્યારે મહત્ત્વ વધતું જાય ત્યારે લોકશાહી નબળી પડતી જાય. લોકોનું મહત્ત્વ ઘટતું જાય ત્યારે આવા બિલ લાવવાની જરૂરિયાત ઊભી થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ મતદાનની વાત કરવા જઈએ તો લોકશાહીની અંદર મતદાન એ ચાલક બળ છે. એક ઈંધણ છે. આ ઈંધણ લોકશાહીના યંત્રને ઓછું મળે તો લોકશાહીના પૈડા ગતિ ગુમાવવા માંડે છે. મતદાનને આપણે કેમ હળવાશથી લઈએ છીએ. એક શ્વાસ લઈએ તેટલી સહજતાથી મતદાનને લઈએ છીએ. મતદાન, મતાધિકાર આટલી સહેલાઈથી મળ્યો નથી. મંગલ પાંડે અને વીર ભગતસિંહ જેવા હજારોના બલિદાન સ્વાતંત્ર્ય લડત માટે આપ્યા છે આ બલિદાનો આપ્યા પછી આ મતાધિકાર આપણને મળ્યો છે. આ મતાધિકારને આટલા હળવાશથી નહીં લેવો જોઈએ. આપણા દેશની વાત કરવા જઈએ તો ભારતની ચૂંટણીમાં ૫૮ થી ૬૦ ટકા મતદાન થાય અને એની અંદર ૬૭ કરોડમાંથી ૩૯ કરોડ મત પડે અને ૨૮ કરોડ જેટલા જંગી મતદારો મતદાન કરતા ન હોય. આ ૨૮ કરોડ અમેરિકાની વસ્તી કરતાં પણ વધારે છે. આવા સંજોગોની અંદર આપણા દેશમાં અને આપણા રાજયમાં આટલી મોટી સંખ્યામાં મતદાન નહીં કરવાનું આપણને પરવડે નહીં. મતદાન નહીં કરવાની સંખ્યા શા માટે વધી રહી છે? આની પણ ચિંતા કરવી પડે. આ ગૃહની અંદર કરવી પડે. મતદાન નહીં કરનારની મોટી સંખ્યાની જે ટીકા ટિપ્પણીઓ વિદ્વાનોએ કરી છે. ગઈકાલે પેપરમાં વાંચ્યું હતું એક વિદ્વાને ટિપ્પણી કરી હતી કે ગુજરાતની અંદર આવા ઐતિહાસિક નિર્ણયો સરકાર લેતી હોય ત્યારે તેમણે એક આશંકા વ્યક્ત કરી હતી કે ગુજકોક, અશાંત ધારો અને લઠ્ઠાકાંડને ફાંસી આપતા કાયદાના વિચારો તેમના આર્ટીકલમાં વ્યક્ત કર્યા હતા. વિરોધપક્ષના નેતા તો આદરણીય શકિતસિંહજી વિદ્વાન છે, વકીલ છે, બિલ ઉપર ગંભીરતાથી ચર્ચા કરતા હતા મેં સાંભળી છે. તેમની ચર્ચાની અંદર તેમણે જે બાબત કહી તે બાબત આજે હું તેમના શબ્દો યાદ કરાવું છું. ગરીબોને મત આપવાનું ફરજિયાત થવાથી તેમની રોજીરોટી ગુમાવશે અને નોટિસ મળશે તો વકીલ રોકવાની જરૂર પડશે અને ખર્ચ થશે. ગરીબ લોકોનો અધિકાર છીનવાશે. આવું આપણા માનનીય વિરોધપક્ષના નેતા જણાવતા હતા. મારે એમને કહેવું છે કે આ વિધેયક કોઈ ગરીબ કે ધનવાનના વિકાસ માટેનું વિધેયક નથી. આ વિધેયક લોકશાહીને મજબૂત કરવા માટેનું છે. આ વિધેયકમાં કોઈ વ્યકિત ગરીબ કે ધનવાન માણસનો મતાધિકાર છીનવા બાબતની કોઈ જોગવાઈ નથી અને આ બિલની અંદર કોઈપણ જગ્યાએ એક રૂપિયો દંડ કે એક દિવસની સજા કરવાની જોગવાઈ કરવામાં આવી નથી તો શા માટે ગુજરાતની પ્રજાને આપણે આનું અર્થઘટન જુદુ કરીને બિવડાવવાનો પ્રયત્ન હું માનું છું નહીં કરવો જોઈએ. આ બિલ અમારી સરકારે રજૂ કર્યુ છે. તેમની માન્યતા અને તેમની સરકારે રજૂ કર્યુ હોત તો તેમની આ બધી શંકાઓ અંદર આવી હોત તેમાં મારે પડવું નથી. પરંતુ જ્યારે દંડની વાત હોય ત્યારે તે વાત આ બિલમાં નથી. જ્યારે તેમણે નોટિસની વાત કરી તો મારે તેમને કહેવું છે કે નોટિસ શું આ રાજયના શહેરી વિકાસ મંત્રી નીતિનભાઈ આપવાના છે? સરકાર નોટિસ આપશે? તે નોટિસથી ગભરામણ પેદા થશે આવી આશંકા વ્યક્ત કરી છે. મારે કહેવું છે કે મતદાન નહીં કરે તેનો ખુલાસો માત્રને માત્ર ચૂંટણીપંચ તેનો ખુલાસો પૂછવાનું છે. ખુલાસો આવે અને મતદાન નથી કર્યુ તેવી બાબત ધ્યાનમાં આવશે તેને મળતા જે સરકારના જે લાભો છે તે લાભોથી વંચિત કરવા માટેની જે કઈ બાબત આવશે તે આ વિધાનસભાની અંદર નક્કી કરવાની છે. માટે આજે એમનો જે તર્ક છે તે બરાબર નથી. તેમણે બીજો એક ગંભીર આક્ષેપ મુખ્યમંત્રી ઉપર કર્યો છે કે રાજયના મુખ્યમંત્રીએ કેન્દ્રના પૈસાથી પાંચ કરોડના ખર્ચે મહિલા સંમેલનો કર્યા અને તેની અંદર આતંકવાદની વાત કરી. હું અમદાવાદ જિલ્લાની વાત કરું તો હું બધા જ સંમેલનની અંદર સાક્ષી છું અને મારી હાજરી હતી. આ સંમેલનની અંદર માત્રને માત્ર મહિલાના ઉત્કર્ષ માટે અને મહિલાની વાત થઈ છે. તેના ઉત્થાન માટે, તેના વિકાસ માટેની

વાત થઈ છે. એકપણ વાત આંતકવાદની તેની અંદર થઈ નથી અને જ્યારે રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ગુજરાતની અંદર ૫૫ લાખ જેટલી મહિલાઓને રૂબરૂ મળતા હોય તો આની અંદર આવા પાંચ કરોડના ખર્ચાના આંકડાના હિસાબો ના કરવાના હોય એટલું મારે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને કહેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું મારે કહેવું છે કે, ફરી એમને એક તર્ક સાથે માનનીય વસુબેનના પ્રશ્નમાં કહ્યું કે, આ હેડમાં કેન્દ્ર સરકારના પૈસા હતા ત્યારે મારે એમને કહેવું છે કે, કેન્દ્ર સરકારના પૈસા હોય કે ગુજરાત સરકારના પૈસા હોય પણ એ પૈસા શાના માટે વપરાયા, મહિલા માટે વપરાયા એ મહત્ત્વનું છે. કેન્દ્ર સરકાર કયાંથી પૈસા લાવે છે? ગુજરાતના પરસેવાના પૈસા કેન્દ્ર સરકાર પાસે જાય છે અને એ પૈસા આ ગુજરાતની અંદર આવે છે. એમાં કોઈ દાન-દક્ષિણા જેવું હોતું નથી. મારે એમને જો એ હેડની વાત કરતા હોય તો આપશ્રી મારફતે વિરોધપક્ષના નેતાશ્રીને કહેવું છે કે, કચ્છની અંદર ધરતીકંપ આવ્યો, એનો આખા દેશની અંદર બે ટકા સરચાર્જ નાખ્યો હતો એના ૧૪૦૦ કરોડ રૂપિયા કયા હેડે વપરાયા? એ પાછા ગુજરાતની સેવામાં આપો તો મને લાગે કે, ગુજરાતની એમણે સેવા કરી આપી છે. બંધારણ ઘડવાની સત્તાની બાબતની આપણા સિનિયર સભ્યશ્રી અર્જુનભાઈએ વાત કરી કે બંધારણની અંદર સત્તા નથી. માનનીય અધ્યક્ષશ્રી, ભારતના બંધારણની અનુસૂચિ સાતમાં કાયદા ઘડવાની સત્તા આપી છે. સંસદ અને વિધાન મંડળને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના કાયદા ઘડવાની સત્તા આપી છે. એમાં ગુજરાત પંચાયત એકટ -૧૯૬૧, ગુજરાત મ્યુનિસિપલ એકટ- ૧૯૬૩ અને બૉમ્બે મ્યુનિસિપલ એકટ છે એનું આ સુધારા વિધેયક છે. હું માનું છું કે, આની અંદર આ વિધાન મંડળને સત્તા નથી એવી કોઈ બાબત નથી. ખરેખર આ વિધાન મંડળને જ સત્તા છે અને ભૂતકાળમાં કાયદા કરેલા છે. હાલમાં ૩૨ દેશોમાં ફરજિયાત મતદાનના કાયદાઓ અમલમાં છે અને એમને ઑસ્ટ્રેલિયાની પણ વારંવાર રજૂઆત કરી હતી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ, ત્યારે મારે એમને યાદ કરાવવું છે કે, ૧૯૨૨ની અંદર ઑસ્ટ્રેલિયાની અંદર જ્યારે ફરજિયાત મતદાન ન હતું ત્યારે એમની ચૂંટણીમાં ૫૯.૩૮ ટકા મતદાન થયું હતું અને જ્યારે ૧૯૨૪માં ફરજિયાત મતદાન દાખલ કર્યુ અને ૧૯૨૫માં જ્યારે ઓસ્ટ્રેલિયામાં જ્યારે ચૂંટણીઓ આવી ત્યારે ૯૪ ટકા કરતાં વધારે મતદાન ઓસ્ટ્રેલિયામાં થયું છે. એ લોકશાહીના સબળ પૂરાવા છે. માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીની વાત કરીએ તો ખરેખર મતદાન એ પ્રજાઓ આક્રોશ વ્યક્ત કરવા માટેનું એક પ્લૅટફૉર્મ છે. એને સ્વીકારવું જોઈએ. હું તો આ ૨૬-૧૨ના રોજ મુંબઇની અંદર જે આતંકવાદી હુમલો બ્લાસ્ટ થયો એની અંદર આપણે જોયું કે શ્રદ્ધાંજલિ આપવા માટ લાખો લોકો રોડ ઉપર ઊમટી પડ્યા. લાખો લોકો એમનો આક્રોશ વ્યક્ત કરવા માટે, પણ ચૂંટણી આવી ત્યારે માત્ર ૨૩ ટકા લોકોએ મતદાન કર્યુ, આ કેવી રીતે શકય બનશે લોકશાહી દેશની અંદર? આપણુ સરકારની અંદર વજન પડશે આ પણ આપણે ધ્યાન રાખવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, ફરજિયાત મતદાનના કેટલા ફાયદા છે? ફરજિયાત મતદાન કરવાથી લોકશાહીની અનેક ખામીઓ દૂર થશે, મતદાનની ટકાવારી વધુ થવાથી જનભાગીદારી મજબૂત બનશે, લોકો રાજકીય રીતે શિક્ષિત બનશે, ઘણા સંઘર્ષો પછી મતદાનનો જે અધિકાર છે વણવપરાયેલો એનો ઉપયોગ થશે અને લોકશાહી એ લોકોની ભાગીદારીથી થતી પ્રક્રિયા છે એવો અર્થ થશે. મની અને મસલ પાવરથી સમાજના એક વર્ગને મતદાનથી વંચિત રાખવામાં આવે છે એવા બનાવોમાં ઘ ટાડા થશે. ચૂંટણીની અંદર ખર્ચ ઘટશે. મોટી રકમના નાણાંમાં અને ઉર્જામાં ઘટાડો થશે. આવા અનેક ફાયદાઓ થશે પણ મારું સરકારને એક સૂચન છે કે, આ કાયદો જ્યારે ઘડીએ છીએ ત્યારે સાધુ- સંતો સંન્યાસીઓ જે ધર્મના સાધકો છે તપસ્યા કરે છે, જે ધાર્મિક કારણોસર એકાંતમાં રહે છે, અને જે માનવ સમાજ સાથે ભળવા માગતા નથી. તેવા લોકોને આ કાયદામાંથી મુકિત આપવી જોઈએ એવું મારું માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓ માટે ૫૦ ટકાનું જે બિલ આવ્યું છે એમાં પણ મારું સમર્થન છે, કારણ કે ટૂંકમાં, બધા જે અમારા સભ્યશ્રીઓ મુદ્દાઓ રજૂ કર્યા છે એમાં હું વિગતવાર પડવા માગતો નથી પણ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી જ્યારે કોઈ ભીખ માગે, જ્યારે બે લાંબા હાથ કરે, ત્યારે એમ કહે કે તમે દીકરી ભણાવો, આટલી બાબતમાં એક જ લીટીમાં આપણને સમજ પડે છે કે, દીકરી ભણે, દીકરી બની મહિલા બને, મહિલાનો એનો વિકાસ થાય, એના માટે જે મહિલાની ચિંતા કરી છે. તો હું માનું છું કે આ બિલની અંદર ખરેખર આ રાજયના શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ જે બિલ લઈને આવ્યા છે એને સર્વાનુમતે સમર્થન કરવું જોઈએ.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, વિધેયક ક્રમાંક-૨૩, ૨૦૦૯ ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) વિધેયક લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દીકરી ત્રણ કુળને તારનાર છે. ત્રણ કુળ કઈ રીતે કહ્યા છે? તો એક પિતાનું કુળ, એક સસરાનું કુળ અને મોસાળ આ ત્રણ કુળને તારનાર જે દીકરી હોય આવી કન્યા અને મહિલા માટેનું આ વિધેયક લઈને આવ્યા છે એ બાબતમાં માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે, ગુજરાતના છેલ્લા ૬૦ વર્ષમાં એક વર્ષથી ૫૦ વર્ષ લો અને જુઓ આ ગુજરાતમાં કેટલી કન્યાઓ ગ્રૅજ્યુએટ થઈ હતી? અને પછીના છેલ્લા દસ જ વર્ષ લો અને એ છેલ્લા દસ વર્ષમાં ગુજરાતની અંદર કેટલી કન્યાઓ ગ્રૅજ્યુએટ બની છે? માનનીય અધ્યક્ષશ્રી, શકિતસિંહભાઈ કહેતા હતા કે અંગૂઠા છાપ લોકો છે અને એના ઉપર નોટિસો આવશે અને આ આવશેને તે આવશે તો આ

લોકોને અંગૂઠા છાપ રાખનાર કોણ છે એ આપણે વિચાર કરવાની જરૂર છે. અત્યાર સુધી એમ કહેવામાં આવ્યું કે કેન્દ્ર સરકારે આ યોજનામાં આટલા પૈસા આપ્યા ને આ યોજનામાં આટલા પૈસા આપ્યા એ કેન્દ્રે ચેરીટી નથી કરી ગુજરાતના હકના પૈસા આપણને મળ્યા છે અને મારે એ પણ કહેવું છે કે, હમણાં વાત કરતા હતા કે મહિલા સંમેલનો બોલાવ્યા તો મહિલા સંમેલનોમાં લાખો બહેનો ભેગા થતા હતા કેમ કે બહેનોને ખબર છે કે આ ગુજરાતની અંદર જો મહિલાઓના વિકાસનું કોઈ કામ થશે કે આ કન્યાઓને ભણાવવાનું જો કોઈ કામ કરવાના છે તો એ નરેન્દ્ર મોદી જ કરવાના છે એટલા માટે બહેનો ભેગા થતા હતા. એમાં શું ખોટું ખર્ચ કર્યું ? આટલી જાગૃતિ લાવવા માટેના જે કાંઈ પ્રયત્નો કર્યા એમાં ખોટો ખર્ચ કર્યો કહેવાય? મારે એટલા માટે કહેવું છે કે, આ ગુજરાતની અંદર મહિલાઓ અને કન્યાઓના વિકાસની પાછળ સરકારે જે પ્રયત્નો કર્યા છે અને એ પ્રયત્નો કર્યા પછી આ બિલ લાવવામાં આવ્યું છે એમાં ૫૦ ટકા બહેનો માટે પંચાયતી રાજ હોય કે સહકારી સંસ્થા હોય એમાં ચૂંટણીમાં ૫૦ ટકા બહેનો ભાગ લઈ શકે અને એમાં એને ભાગીદારી મળે એના માટેના પ્રયત્નો દસ વર્ષ પછી કરવામાં આવ્યા છે. એ પહેલા મહિલાઓમાં જાગૃતિ મળે એના માટેના પ્રયત્નો કરવામાં આવ્યા છે. અત્યારે આપણે કહી શકીએ કે ગુજરાતની અંદર ૫૬ ગ્રામ પંચાયત એવી છે કે સો એ સો ટકા બહેનો આખું એનું મંડળ છે એ બધી બહેનો સત્તા ઉપર છે એ બહેનોને ગામની વેદનાની ખબર હોય કે ગામમાં ગટર વ્યવસ્થા જોઈએ, રસ્તા જોઈએ, સ્વચ્છતા જોઈએ, પાણી જોઈએ આ વ્યવસ્થાની બહેનોને આપણા કરતાં વધારે ખબર હોય છે એટલા માટે આ ગ્રામ પંચાયતોની અંદર સારામાં સારો વહીવટ ચાલે છે. હમણાં અહીંયા વાત કરી કે બહેન પ્રમુખ હોય એના ઘરવાળા આવીને પંચાયતની ખુરશી ઉપર બેસી જાય છે, તાલુકા પંચાયતના સભ્ય હોય કે જિલ્લા પંચાયતના સભ્ય હોય એના પતિ મીટિંગમાં આવે છે. એટલા માટે આવે છે કે આજ સુધી એજ્યુકેશન ન હતું અને જે બહેનો અત્યારે સત્તા ઉપર છે એ અંગૂઠા છાપ છે એનું કારણ એક જ હતું કે કૉન્ગ્રેસના શાસનમાં ભણાવવાની પદ્ધતિ ન હતી ખાલી કાગળ ઉપર હતું. ફરજિયાત કાગળ ઉપર હતું, સો ટકા મફત કન્યા કેળવણી આ માત્ર કાગળ ઉપર હતું. એક વખતના વડા પ્રધાને કહ્યું હતું કે હું અહીંથી રૂપિયો મોકલું છું એ ગામ સુધી પહોંચાડતા ૧૫ પૈસા થઈ જાય છે. અત્યારે અમારા હકના જે પૈસા કેન્દ્રમાંથી મળે છે એ પૈસાને અમે એક રૂપિયાને એક રૂપિયોને દસ પૈસા કરીને પહોંચાડીએ છીએ એના કારણે વિકાસ થાય છે અને આપણે કહીએ કે અગાઉના વખતમાં મને યાદ છે મારા ગામની અંદર આ કૉન્ગ્રેસના શાસનમાં અમારી માતાઓ અને દીકરીઓ ત્રણ ત્રણ કિલો મીટર દૂર સુધી પાણી ભરવા જતી હતી. આખો દિવસ એ પાણી ભરવામાંથી નવરી નહોતી થતી એમાં શિક્ષણ ક્યાંથી લે? આજે દરેક ગામડાની અંદર ઘરે નળ વાટે પાણી આવે છે આના કારણે અમારી બહેનો ભણવા ગઈ અને જાગૃતિ આવી. હમણાં આપણે વાત થતી હતી કે ડાંગ અને આહવામાંથી ગરીબ માણસો રોજી રોટી માટે સૌરાષ્ટ્રમાં જાય છે એને મતદાન કેવી રીતે કરવું? પણ જેને મતદાન કરવું છે એને કોઈને પેટમાં દુ:ખતું નથી પણ આ બિલ કોણ પાસ કરે છે આ એની તકલીફ છે અને એના કારણે વિરોધ થાય છે. આજે સાચા અર્થમાં જો લોકશાહીમાં દરેક વિકાસના કામમાં મારો હક છે, મારે મારા ગામમાં રસ્તો જોઈએ, મારે મારા ગામમાં પાણીની પાઈપ લાઈન જોઈએ, મારા ગામમાં મારે ૨૪ કલાક વીજળી જોઈએ પણ મારે મત આપવો નથી. પણ આપણે કોઈને ત્યાં દાડિયે જઈએ તો દાડી મળે પણ આપણે કોઈને ત્યાં કામે ન ગયા હોય અને આપણે કહીએ કે પગાર આપો તો કોઈ ન આપે. એમ જ જેમને મતનો અધિકાર મળ્યો છે તો આ અધિકારનો ઉપયોગ કરવો જોઈએ એની ફરજ બજાવવા માટેનો આ નિયમ લાવ્યા છીએ. એમ પણ ઘણી વખત કહેવામાં આવ્યું કે ગામડાની અંદર આપણે જોઈએ તો મતદાનના આંકડા ઘણી વખત શહેર કરતા ઊંચા હોય છે અને આજે શહેરની અંદર શિક્ષિત લોકો રહેતા હોય છે ત્યાં મતદાનની ટકાવારી નીચી હોય છે, એ લોકો એવું માને છે કે આપણે મતદાન કરીએ કે ના કરીએ શું ફરક પડે, પછી માથા કૂટે કે આ સરકાર આ પ્રકારની આવી, આ નગરપાલિકા આ પ્રકારની આવી અને આ ભ્રષ્ટ્રાચાર ચાલે છે અને કામ નથી થતાં, લોકોએ પોતાનો ગમતો પ્રતિનિધિ ચુંટવો હોય તો એણે ફરજીયાત મતદાન કરવું પડે, તો આજે આ બિલ લાવ્યા છે એને હું લાખ લાખ અભિનંદન આપું છું, અને વિરોધપક્ષ અને વિરોધપક્ષના નેતાશ્રીને પણ હું વિનંતી કરું છું કે, આ બિલના બે ભાગ ના પાડે, એટલા માટે ભાગ પાડે છે કે એ લોકોને એકેયને મંજૂરી નથી આપવી, જો મહિલાના બિલનો વિરોધ કરે તો મહિલાઓ ગામમાં પેસવા ન દે એટલે એમ કહેવું પડે કે આ બિલને સેપરેટ કરો અમે મહિલા બિલમાં સંમત છીએ આમાં અમે સંમત નથી, હકીકતમાં આજસુધીમાં એક પણ બિલમાં કોંગ્રેસ કોઈ દિવસ સંમત થઈ નથી એટલે આ બિલમાં પણ સંમત ન થાય એટલો અમને આત્મ વિશ્વાસ છે અને આ બિલ પાસ થવાનું છે અને આનો ગુજરાતમાં અમલ થવાનો છે એની અમને ખાતરી છે એટલું કહીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) વિધેયક, ૨૦૦૯ લઈને માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ અને પંચાયત મંત્રીશ્રી નરોત્તમભાઈ આવ્યા છે એ બિલ ઉપર મારા વિચારો વ્યકત કરું છું. વિસ્તૃત રીતે આ બિલ ઉપર ચર્ચા થઈ છે એટલે હું બહુ દોહરાવીશ નહિ, કોણે કર્યુ, અમે કર્યુ, તમે કર્યુ એ વિવાદ નિરર્થક રીતે અહીંયા ઉભો કરવામાં આવે છે એટલા માટે કે મોટાભાગે જે સરકાર અહીંયા સત્તામાં આવે એની ફરજ લોકકલ્યાણના કામો કરવાની ફરજોમાં આવી જતી હોય છે, 'બહુજન હિતાય, બહુજન સુખાય' અને એ રીતે આ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની અંદર ગ્રામ પંચાયતો

અને તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત આ ત્રિસ્તરીય પધ્ધતિ એ આ રાજયના સપૂત એવા સદ્‌ગત બળવંતરાય મહેતાના અધ્યક્ષસ્થાને કોંગ્રેસના શાસનમાં નીમાયેલી કમિટી અને એમણે જે પંચાયતી પધ્ધતિની ભલામણ કરેલી એ અનુસાર કાર્યવાહી કરવામાં આવે છે, કાળક્રમે બંધારણની અંદર જે સુધારા આવ્યા, સદ્‌ગત રાજીવ ગાંધીના વખતમાં એમણે મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની વાત મૂકી, આજે યુ.પી.એ.ની સરકારે ૫૦ ટકા મહિલા અનામતનો મુસદ્દો કેબીનેટની અંદર મંજૂર કર્યો છે અને ત્યારે આ સન્માનનીય સભાગૃહમાં જે બિલ આવ્યું છે ૫૦ ટકા મહિલા અનામતનું એનો કોઈ વિરોધ હોઈ શકે જ નહિ પણ બિલ ઉપરની ચર્ચામાં, એમાંય આંગણવાડીની તેડાગર બહેનો હોય એમના માટે અમે કર્યુ, ભાઈ તમે કર્યુ એ કેન્દ્ર સરકારે જાહેર કરેલું કર્યુ, ૧૯૯૭માં આ રાજય સરકાર દ્વારા જયારે વિધવાઓના પેન્શનમાં વધારો કરવામાં આવ્યો ત્યારે આ તેડાગર બહેનોને રાજય સરકારની તિજોરીમાંથી પગારના પૈસા ચૂકવવાની દરખાસ્ત થયેલી અને ૧૦ વર્ષ સુધી શા માટે એના ઉપર પગલાં ન લેવાયા, વિધવા બહેનોના પેન્શન ૧૦ વર્ષ પહેલાં વધ્યા, એમાં શા માટે વધારો રાજય સરકાર કરતી નથી, કેન્દ્ર સરકાર જ્યારે પૈસા આપે ત્યારે જ આપણે આપીએ આપણી તિજોરીને આપણે ક્યાંય જફા પણ નહી પહોંચાડવાની અને કલ્યાણકારી કામોની અંદર હમણાં પ્રાગજીભાઈ કહેતા હતા કે બે ટકા ઈન્કમટેકસનો સરચાર્જ ભૂકંપના ખર્ચને પહોંચી વળવા માટે કેન્દ્ર સરકારે નાંખ્યો એની રાશિ આપણને આપી બીજી રાશિ આપણે માગી રહ્યા છીએ પણ આપણને જે પૈસા કેન્દ્ર સરકારે આપ્યા છે અને જે લેવા માટેની અનુમતિ આપેલી છે. એ પૈસાનું આપણે ખર્ચ કર્યુ છે ખરું? આપણે હજી આપણી પાસેના લગભગ ૯,૫૦૦ કરોડ રૂપિયા પૈકી ૫૧૦૦ કરોડ રૂપિયાનું જ ખર્ચ કરેલ છે નીતિનભાઈ, હજી ચાર હજાર કરોડ રૂપિયા આપણી પાસે વાપર્યા વગરના પડ્યા છે એ વાપરી નાંખીને પછી જો આપણે પૈસા માગણી કરવા જઈએ તો એ યોગ્ય ગણાય પરંતુ કેન્દ્ર સરકારે ૨૦૦૦ કરોડ રૂપિયાની માર્કેટ બોરોઈંગ માટેની અનુમતિ આપી, ૨૬૦૦ કરોડ રૂપિયા એમણે ગ્રાન્ટ આપી, ૨૦૦૦ કરોડ રૂપિયા વિશ્વ બેન્ક પાસેથી આપણને પુનઃવસન માટેના મળ્યા, એની પણ કેન્દ્ર સરકારે ગેરંટી આપી, એ.ડી.બી.માંથી જે પૈસા આવ્યા એની પણ કેન્દ્ર સરકારે ગેરંટી આપી, આ બધા પૈસા આપણી પાસે પડેલા હોય, અને એ પૈસા વાપર્યા વગર આપણે એમ કહીએ કે બીજા પૈસા આપતા નથી, આમ કરીને કેન્દ્ર સરકારને દોષિત ઠેરવવા માટેનો હંમેશા સતત જે પ્રયાસ થઈ રહ્યો છે એ બરાબર નથી.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

આ બિલમાં જે ૫૦ ટકાની જોગવાઈ છે તેના માટેની માંગો નથી અને તેના માટેની પરામર્શ એક રાજયના ચૂંટણી પંચ પાસે કરશે એવો આ બિલની અંદર ઉલ્લેખ થયેલો છે. રાજયના ચૂંટણી પંચ સાથે તમે જયારે પરામર્શ કરો ત્યારે મારા વિસ્તારની એક બાબત જે છે કે જે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને સંબંધિત છે ત્યાં સુધી લાગે છે. દસ વર્ષે આપણે ત્યાં census લેવાય અને જે કોઈ જ્ઞાતિના આંકડાઓ હોય તેના આધારે દશ વર્ષ સુધી જવાનું હોય. આપણે ચૂંટણી પાંચ વર્ષે આવે છે. અને દશ વર્ષથી આ જ્ઞાતિઓ જે છે તેના અધિકારો જો લઈ લેવાયા હોય, અમારે ત્યાં મેં ગઈકાલે આપણાં બિલની અંદર કહેલું કે ૧૯૫૬માં પંડિત જવાહરલાલ નહેરૂના વખતમાં કચ્છ જયારે ક વર્ગનું રાજય હતું ત્યારે ત્યાં કોળી જ્ઞાતિ છે વાગડની તેને અધિકારો આપવામાં આવેલા અને ટ્રાઈબ્લસમાં તેને ગણાતાં હતા, છેક ૨૦૦૩ સુધી, આ રાજયની સરકારે અધિકારો પાછાં ખેંચી લીધા એ પહેલાં એન.ડી.એ.સરકારે ૨૦૦૨માં અધિકારો પાછાં ખેંચવાનું નકકી કર્યુ હતું અને આ અધિકારો ખેંચી લેવાયા છે. પણ ૨૦૦૧ની વસતિના census પ્રમાણે એ કોળીના ટાઈપની સીટો ચાલી આવે છે. tribe ટાઈપ તરીકે પતી ગયા છે માનનીય અધ્યક્ષશ્રી હવે tribe ટાઈપ તરીકે માત્ર થોડાં ભીલ મારા વિસ્તારમાં બચેલાં છે. અને તેને કારણે સંખ્યાબંધ ગ્રામ પંચાયતો છે તેમાં જગ્યાઓ ખાલી રહેતી હોય, તાલુકા પંચાયતની જગ્યાઓ ખાલી રહેતી હોય, જિલ્લા પંચાયતમાં માત્ર ૧૮૫ ભીલની વસતિ હોવા છતાં પાંચ સીટો જે છે ને મારા વિસ્તારમાં આ ટ્રાયબલની સીટો તરીકે આજે આવે છે તો એ માટે પણ તમે રાજયના ચૂંટણી પંચને કહો કે આ ભઈ census ની અંદર જે હોય તે પરંતુ તે પછીના ફેરફારો થયા છે તો આ વખતની ચૂંટણીની અંદર આ જે ટ્રાયબલની સીટો છે તેને ઓ.બી.સી.કે બીજી કોઈ રીતે તો તમે ગણો. જે ગ્રામ પંચાયતની સીટો ખાલી રહે છે tribe ની વસતિ જ ના હોય ગામની અંદર અને તેને કારણે સમરસ પંચાયત થઈ હોય તો પણ આપણે ગણીએ નહીં. કારણ કે થોડીક સીટો ખાલી રહી ગઈ છે તેના કારણે. અને એટલા માટે આ જે વિટંબણાઓ છે તેના માટે થઈને અનેક પ્રતિનિધિ મંડળો માનનીય મંત્રીશ્રીઓ પાસે આવેલાં છે, સરકાર પાસે આવેલાં છે અને રાજયના ચૂંટણી પંચ પાસે પણ ગયેલા હોય છે. ચૂંટણી પંચ પાસે જાવ તો ૨૦૦૧ની વસતિ ગણતરી પછી જે ફેરફારો થયા છે જ્ઞાતિના કલાસીફીકેશનની અંદર અને તેની અંદર ટ્રાયબલ્સ અને કોળી જ્ઞાતિ જે છે તેને tribes બાદ કરી અને તમે તેને ઓ.બી.સી.નો દરજજો આપ્યો છે તો ઓ.બી.સી.ની એટલી સીટો વધારો અને tribes ની એ સીટો ગણવાની જરૂર નથી હોતી. અમે તો અમારા અધિકાર માટે લડીએ છીએ. કેન્દ્ર સરકારે રાજય સરકારને કહ્યું છે કે તમે આ અધિકારો આપવા માગો છો કે કેમ ? તેનો રાજય સરકારનો યોગ્ય પ્રતિભાવ નથી જતો. નહીંતર કેન્દ્ર સરકારની આ યુ.પી.એ.ની સરકાર આ અધિકારો પાછા આપવા માટે થઈને તૈયાર છે. પણ આ સરકારે જે અધિકારો પાછાં ખેંચી લીધા હોય તે અધિકારો પાછા આપવાની વાત કઈ રીતે કરે એવી એક prestigeous ઈશ્યુ તેને બનાવી અને મારી તો વિનંતી છે કે,

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ મુખ્ય વિષય ઉપર આવો, આપની કુશળતા છે તે પણ હું જાણું છું પણ આપ મુખ્ય વિષય ઉપર આવો આ મહિલા અનામતનું બિલ છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આપની લાગણીને હું માન આપું છું અને તેને સ્વીકારવાની અમારા બધાની ફરજ હોય છે. પરંતુ મેં માત્ર એટલા માટે કહ્યું કે આ જે વર્ગના માટે ફેરફાર થયા છે તેને અનુરૂપ જે છે આ ચૂંટણી વ્યવસ્થાની અંદર પણ બેઠકોમાં ફેરફાર એ ખૂબ જરૂરી છે અને નહીં તો એટલા માટે કે ગ્રામ પંચાયતોની ચૂંટણીની અંદર જે જગ્યાઓ ખાલી રહી જાય છે તેને કારણે બિન હરીફ થઈ હોય તો પણ તેને સમરસતામાં ગણવામાં આવતી નથી. હમણાં જ મોહનભાઈએ કહ્યું ત્યારે આપ ખુરશીમાં નહોતા પરંતુ તેમણે જે કહ્યું કે બહેનોની જે તકલીફો હોય તે નિવારવા માટેનું કામ એ અમે કર્યુ છે. બહેનોની મુશ્કેલી આપણે બધાને હોય પાણીને માટેની માનનીય અધ્યક્ષશ્રી આ પણ સદ્‌ગત રાજીવ ગાંધીના ટેકનોલોજી મિશન મારફતે આખા દેશની અંદર જે સેટેલાઈટથી સરવે થયું તેમાં ગુજરાતના ૮૫૦૦ ગામો, ૧૬૫ શહેરો આઈડેન્ટીફાઈ કરવામાં આવેલા હતા અને સદ્‌ગત ચીમનભાઈ પટેલના વખતની અંદર આ નર્મદામાંથી પાણીનો શોર્ષ મેળવીને આ યોજનાઓ બનાવવામાં આવેલી. રાઘવજીભાઈ જે દિવસે પાણી પુરવઠા મંત્રી હતા તે વખતે બોટાદની અંદર અમે આ પાણી પુરવઠાની યોજનાના અમલીકરણની ખાતરી કરી છે. પાછળ આપે જે આગળ વધાર્યુ તેના માટે ધન્યવાદ આપીએ પણ માત્ર અમે જ કર્યુ, અમે જ કર્યુ, અમે જ કર્યુ એવા ભાવની અંદર કયારેય રહેવાનું નહીં. અને કોઈ એક વ્યકિત જે છે ને, એ વ્યકિતવાદને આ દેશની અંદર કયારેય કોઈ સ્થાન મળ્યું નથી. ક્ષણિક મળતું હોય, પણ એ ક્ષણજીવી જ હોય છે. સત્કાર્યો કર્યા હોય તો એની સુવાસ ચોમેર ફેલાય છે. આજે ૫૦ ટકાની વાત લઈને આવ્યા એની સુવાસ સ્વર્ગસ્થ રાજીવ ગાંધીએ પ્રસરાવી હતી. એ વાતની હું યાદ દેવડાવું છું. ડો. બાબાસાહેબ આંબેડકરે જેમ માનનીય રમણભાઈએ વાત કરી એની સાથે સંમત કે અધિકારો આપવાની જાગૃતિ એમણે દાખવેલી, એટલે એમને યાદ કરીએ છીએ, જે કાર્યો થયા હોય એ ચીરંજીવી રહેવાના છે. પેઢીઓ અને સદીઓ સુધી લોકોને યાદ રહેશે. આજે તો ઈન્ફરમેશનના જમાનામાં કયારે શું થયેલું એ એક બટન દબાવવાથી રેકર્ડ મળી જતું હોય ત્યારે આપણે કહીએ ત્યારે જ લોકોને સમજ મળશે એવા ભ્રમમાં ન રહેવું જોઈએ.

હું ફરીવાર ફરજીયાત મતદાન માટે અમારા નેતાશ્રીએ વિસ્તૃત વાત કરી છે એમાં સુર પૂરાવું છું. અને નહીં કરો તો શું થશે એની કોઈ વ્યાખ્યા આપવામાં આવી નથી. કચ્છમાંથી મોટા ભાગે માઈગ્રેશન થતું હોય છે. વીકર સેકશન નહીં, કેટલીક વખત ધંધા અને વ્યવસાયમાં પોતાના ઘર માત્ર એમના વતનમાં કે ગામમાં હોય. અને બીજે કયાંય મતદાનમાં નામ ન હોય, પોતાના ગામમાં હોય અને મતદાન વખતે મોટે ભાગે આવતા હોય છે. કોઈ કારણસર એ ન આવી શકે તો એક મહિનામાં જણાવવું પડે અને એક મહિનામાં ચૂંટણી અધિકારીએ શું પગલાં લેવા એનો ચૂકાદો આપે. એના વિરૂદ્ધનો ચૂકાદો હોય તો અપેલેટ અધિકારી પાસે જાય એવો એ બિલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અપેલેટ અધિકારીનો ચૂકાદો આખરી ગણાશે એ પ્રકારનું છે. અપેલેટ અધિકારીનો ચૂકાદો કાયમ રહે એ ભારતના ન્યાયતંત્રની સાથે સુસંગત નથી. એ મારે કહેવાનું છે. આ બિલમાં ૫૦ ટકા મહિલા અનામતને અમે સમર્થન આપીએ છીએ અને એ સિવાયની ફરજીયાત મતદાનની બાબત છે એને વિસ્તૃત રીતે નકકી કરીને ગૃહ સમક્ષ આવે ત્યારે જ અમે કહી શકીએ એટલું જ મારે કહેવાનું છે.

**ડો. ભરતભાઈ ખો. બોઘરા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વના લોકશાહી રાષ્ટ્રો જેમાંથી પ્રેરણા લેશે અને સમગ્ર વિશ્વમાં વસતો ગુજરાતી સમાજ ગુજરાતી હોવાનું ગૌરવ અનુભવે છે, એવા ઐતિહાસિક સત્રના દિવસના પ્રસંગે મને પ્રથમ સત્રના ગૃહમાં પ્રવેશ કરવાની તક મળી છે, જે મારા જીવનનો ઐતિહાસિક દિવસ હશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજના ઐતિહાસિક વિધેયક બનાવવા પાછળ જેમણે સતત મનોમંથન કર્યુ હશે, અને એ હકીકત છે કે જેમની છત્રછાયામાં સમગ્ર ગુજરાતની પ્રજા જે વાતને સ્વીકારે છે, એ માનનીય મુખ્યમંત્રીશ્રીને અને માનનીય નીતિનભાઈ પટેલને હું અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં હમણાં જ મારા પૂર્વ વકતા મારા વડીલ માનનીય અર્જુનભાઈએ એવું કહ્યું હતું કે મહિલા સરપંચની મોટા ભાગની સહીઓ ખોટી કરવામાં આવે છે. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને કહેવું છે કે •(xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx)

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### સભાગૃહમાં હાજર ન હોય તેવી વ્યકિત વિશે વાત કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ જુનિયર સભ્યશ્રી બોલતા હોય, હું હંમેશા આવકારું છું. કોઈ પણ પાર્ટીના હોય, અમે એને પ્રોત્સાહિત પણ કરીએ છીએ. પણ રાજકીય રીતે લખીને આપીને એવો આક્ષેપ કરવામાં આવે છે આ ગૃહમાં જે હાજર ન હોય તેમને કોંગ્રેસ પક્ષ સાથે જોડીને, સાંકળીને વાત કરવામાં આવે છે, હું પણ કાલે કહી શકું, (અંતરાય) આઈ એમ ઓન માય પોઈન્ટ

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ઓફ ઓર્ડર યુ કેન ગો થ્રુ ધ રેકોર્ડ અને હું અહીંયા સાંભળું છું. અધરવાઈઝ જુનિયર મેમ્બર બોલતા હોય તો તેને પ્રોત્સાહિત કરવામાં માનનારો માણસ છું. સામી પાટલીના વ્યકિત હોય તો પણ લખીને જયારે આપે છે, અને કોઈ પણ પક્ષના કેટલી વખત ચૂંટાયેલા સભ્ય કરીને વાત કરી છે. આપણે ભૂતકાળમાં તો નથી જ ચાલવા દીધું વર્તમાનમાં આ પ્રથા એ સ્તરે લઈ જઈશું કે આવતી કાલે મારા પક્ષ તરફથી આપના આગેવાનને બરાબર રીતે શું કહેવાનું છે તે કહેતા અમને આવડે છે. પણ આ પ્રથા ગૃહની ચર્ચા નીચા સ્તરે લઈ જવાની છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ભરતભાઈએ જે ટીપ્પણી કરી તે બાબતમાં મારે નથી કહેવું, પરંતુ પોઈન્ટ ઓફ ઓર્ડર બાબતમાં કહેવું છે કે માનનીય અધ્યક્ષશ્રી નામ દીધા વગર બોલ્યા છે, મોઘમ ઈશારાથી બન્ને પક્ષથી બોલવામાં આવે છે. આ પક્ષના સભ્યશ્રીઓને મર્યાદા જાળવવામાં કોઈ તકલીફ નથી. પરંતુ મર્યાદા ત્યારે જ જળવાય, એ ગૃહની મર્યાદા ત્યારે જ બને જયારે બન્ને પક્ષના સભ્યો ગૃહની મર્યાદા જાળવતા હોય તો આ શકય બને. અનેકવાર આ ગૃહના નેતા માટે મોઘમ શબ્દોમાં રાજકીય કટાક્ષો કર્યા છે અને અમે ધીરજપૂર્વક સાંભળ્યા છે. પરંતુ આપણા સાથીની વાત આવે અને લોહી ઉકળી જાય અને ઉચ્ચ ભાવનાઓ યાદ આવે આ બરાબર નથી. બન્ને બાજુ એ શિસ્ત જાળવવી પડશે. અને બન્ને બાજુએ આ વાત શીખવી પડશે. મને કોઈ વાંધો નથી જો બન્ને પક્ષના સભ્યશ્રીઓ આ શિસ્ત સ્વીકારતા હશે તો. પરંતુ એક પક્ષ બોલશે અને બીજા પક્ષ માટે માર્યદા હશે તો મને લાગે છે કે આ વાત ન્યાયિક નહીં ગણાય.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજીના પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર રૂલિંગ આપતા પહેલા અથવા રૂલિંગ વિષે કંઈ કહેતા પહેલા આપણે બે ત્રણ વસ્તુ વિચારવી જોઈશે. એક, સભ્ય જુનિયર હોય કે સિનિયર હોય, એ જયારે આ સભાગૃહમાં બોલે છે ત્યારે પોતાનું બોલે છે પોતાની વાત કહે છે પોતાનું વકતવ્ય કહે છે. ભરતભાઈ જે બોલ્યા તે વાકયમાં જતા પહેલા એમણે જે વાત કહી એના મુદ્દા એમને રાખવાનો અધિકાર છે અને મુદ્દા ઉપર બોલે તે પહેલી વાત છે. એટલે એમને એમ કહેવું કે કોઈકે લખીને આપ્યું તે ગૃહના વિરોધપક્ષના નેતાશ્રી આપને પણ ગમ્યું નહીં હોય તે હું જાણું છું, આપની વાત આપને પણ ગમી નહીં હોય. પણ બીજી એક વાત છે કે જે એમણે કહયું મેં કેટલાંક શબ્દો રેકોર્ડમાંથી મંગાવ્યા એમાં •(xxxxx) (xxxxx) એવા શબ્દો છે, પૂર્ણત: શબ્દો આવશે ત્યારે ખ્યાલ આવે. હવે પછી હું મારું રૂલિંગ બાકી રાખું તો એ પણ યોગ્ય ન ગણાય અને એટલા માટે એ શબ્દોની અંદર કોઈ એક વ્યકિતનું અથવા તો ગૃહમાં ન હોય તેવી વ્યકિતનું એવું કોઈ નામ એમણે કહ્યું નથી. એટલે આપણે એમના માટે કંઈ પણ, નવા સભ્યએ કહયું છે તો એમને મર્યાદાની અંદર રહીને કહ્યું છે. અમિતભાઈએ જે વાત કહી એ હાર્દ જો આપણે સ્વીકારીએ તો એ હાર્દ એ છે કે મોઘમ વાત મોઘમ આક્ષેપો, મોઘમ વ્યંગ એનાથી જો બાકાત રહીએ તો આપણા ગૃહની ચર્ચાની ગરીમાં એનાથી વધારે ઉંચી જશે. અને એ માટે આ બાજુ હોય કે આ બાજુ હોય કોઈ પણ રીતે આપણે આપણી વાતને કહેતી વખતે આપણા મુદ્દાઓને સ્પષ્ટતાપૂર્વક કહીએ એમાં કોઈ ના હોઈ શકે નહીં. આપણા વાકયોને સમર્થીત કરવા માટે આપણે કહીએ એ વાત પણ સાચી છે. પરંતુ ગૃહની અંદર સામેના પક્ષના હોય એના માટે પણ આ પક્ષ વાળા આ પક્ષ માટે અને આ પાટલી વાળા બીજી પાટલી વાળા માટે મોઘમ આક્ષેપો મોઘમ વ્યંગ કરવાની જે મનોવૃતિ આપણી અંદર રહી છે તે મનોવૃતિ ઉપર સંયમ રાખીશું તો મને લાગે છે કે આપણે સિનિયર લોકો જો આ પ્રણાલિકાને અપનાવીશું તો જુનિયર સભ્યોને આપણે કહેવાની જરૂર નહીં રહે.

## ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા(સુધારા) વિધેયક,૨૦૦૯(ક્રમશ:)

**ડૉ. ભરતભાઈ બોઘરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે કંઈ બોલ્યો છું તે મારી જાતે મનોમંથન કરી લખી અને પછી જ બોલ્યો છું. જે કંઈ ઘટનાઓ બની હતી એમાં બધા જ સાક્ષી હતા અને બધા જાણતા હતા. મહિલાઓના અધિકારની વાત આવતી હોય ત્યારે મહિલાના અધિકાર છીનવાતા હોય એની સામે જયારે તંત્ર કાર્યવાહી કરતું હોય અને ત્યારે પણ સિનિયર નેતાઓ તંત્રની સામે રેલીઓ કાઢતા હોય અને સંમેલન ભરતા હોય તો ગુજરાતમાં આનાથી દુ:ખની વાત બીજી કોઈ હોઈ શકે નહીં અને મારે એ પણ કહેવું છે કે કોઈ પણ સભ્ય ગૃહમાં પ્રવેશ કરે ત્યારે સિનિયર જુનિયર નથી હોતા, પોતાની આવડત અને સૂઝ પ્રમાણે ઓટોમેટીક સીનીયરતાકમાં આવી જતી હોય છે. આજના આ દિવસે જે કંઈ બિલ મંજૂર કરવા માટે આવ્યું છે તે હું એવું માનું છું કે ઘણી વખત ઘણાં બધાને ન ગમતું હોય પણ કઠણ હૃદયે સ્વીકાર કરવો જોઈએ એટલી જ મારી અભ્યર્થના છે.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૦૯નું ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) વિધેયક લઈને આવ્યા છે. જેમાં બે વિધેયકો સાથે લાવ્યા છે, બે બિલો લાવવાની કોઈ જરૂર ખરી? તમારે તો જલદી જલદી પાસ કરી દેવું છે. પહેલા મહિલા બિલ પાસ કરી દો અને પછી જે બીજું બિલ છે એ અંગે વિચારીશું. લોકશાહીને નડે તેવું બિલ ન લવાય, આ લોકશાહી છે, ગુજરાતમાં લોકશાહી ચાલે છે. ગુજરાતમાં રાજાશાહી કે તાનાશાહી ચાલતી નથી. લોકશાહી રીતે વર્તવું જોઈએ.

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

મહિલાઓ માટે ૫૦ ટકા બેઠકો અનામત એ વાત બરાબર છે એ બિલ અંગે દિલ્હીથી એક મહિલાએ ગુજરાત સરકારને સૂચના આપી છે, ગુજરાતમાં મહિલા રાજયપાલ છે. છેક દિલ્હીથી આ બિલ લાવવાની સૂચના આપવામાં આવી છે. દેશમાં સારી બહેનો પણ છે અને હતી. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ જોઈએ, મીરાબાઈ જૂઓ, પહેલાના જમાનામાં આ બહેનો રાજ કરતી હતી અને સાથે સાથે ભકિત પણ કરતી હતી. અત્યારે પણ એવું હોવું જોઈએ.

મારી બીજી વાત એ છે કે અત્યારે મહિલાઓનું શોષણ ઘણું જ થાય છે એ બંધ કરાવવું જોઈએ. તમે કન્યા કેળવણીની વાત કરો છો પરંતુ જે નબળા વર્ગની બહેનો છે, એસ.સી., એસ.ટી. કે બક્ષીપંચની બહેનો છે એ આઈ.એ. એસ. કે આઈ.પી.એસ. થવાની છે ખરી? એની પાસે પૈસા નથી તો એ ભણી કેવી રીતે શકવાની છે. ગમે ત્યાં એડમિશન લેવું હોય તો દોઢ થી ચાર લાખ રૂપિયા સુધીનો ખર્ચ થતો હોય છે ત્યારે આ ગરીબ ઘરની મહિલાઓ એ ખર્ચ કયાંથી કરી શકે ઘણી ગરીબ ઘરની બહેનો ભણવામાં હોંશિયાર હોય છે, પરંતુ પૈસાને અભાવે એ ભણી શકતી નથી. એને આ સરકાર મદદ કરતી નથી અને મહિલાઓની મોટી મોટી વાતો કરે છે. અમે આ કર્યુ તે કર્યુ, ફલાણું કર્યુ. પરંતુ હકીકતમાં તમે કંઈજ કર્યુ નથી. તમારે ખરેખર ગુજરાતમાં મહિલાઓને શકિતશાળી બનાવવી હોય, એનું કોઈ શોષણ કરતું હોય તો એને લાફો મારીને સીધો કરી દે તેવું શિક્ષણ આપો. ગુજરાતમાં મહિલાઓનું કેટલું બધું શોષણ થાય છે એ આપણે બંધ કરાવી શકતા નથી. મહિલાઓ શકિતશાળી છે. ઈન્દિરા ગાંધીને દુર્ગાનું ઉપનામ આપ્યું હતું એવી પણ બહેનો છે પરંતુ આપણે એને સમજી શકતાં નથી એ જો સમજીએ તો પુરૂષો કરતાં બહેનો આગળ છે. કોઈ આઈ.એ.એસ. અધિકારી કે આઈ.પી.એસ. અધિકારી જેની પાસે ભણવાના પૈસા હોય એ બની શકે છે. પહેલા તો માનનીય માધવસિંહભાઈ મુખ્યમંત્રી હતા એમણે તો બહેનો માટે એક થી કૉલેજ સુધીનું શિક્ષણ મફત કર્યુ હતું. તમે પણ આ બાબતમાં કંઈક વિચારો. (અંતરાય) માનનીય નીતિનભાઈ આ હસવાની વાત નથી. ગામડાંમાં ૫૦ ટકા બહેનો દારૂ ગાળે છે, તમે જો એને રોજી રોટી આપો તો એ દારૂ ગાળવાનું બંધ થઈ જશે. ખાલી મોટી મોટી વાતો ન કરો, તમે ગામડાંમાં ફર્યા જ નથી, ચાલો મારી સાથે તમને ખબર પડે, એટલે તમારી પાર્ટીને સુધારવાની વાત કરો.
અને બીજું કે જે તમે કહો છો કે અમે આ હોદ્દો આપ્યો, આ હોદ્દો આપ્યા તો અમારા આનંદીબેન છે, પેલા બેન ડૉકટર છે એમને બનાવી દોને મુખ્યમંત્રી, અથવા પક્ષના પ્રમુખ બનાવી દો. અમે તો જાણીએ તમારામાં તાકાત કેટલી છે તાકાત જોઈએ અમે, એ તો તાકાત છે નહીં.

**અધ્યક્ષશ્રી** : નટવરસિંહભાઈ આપ મારી સામે જોઈને બોલો.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : જુઓ તમે મહિલાઓની વાત કરો છો તમે તો એ મહિલાને હોદ્દા મળે એનો વાંધો નહીં, તમે જોયું કે ગુજરાતમાં સરપંચ હોય છે બહેનો પણ એના પતિ જ વહીવટ કરતા હોય છે બરાબર, તો એવું બંધ કરોને શું કામ એનો પતિ વહીવટ કરે, એવી હોંશિયાર બહેનો મૂકો ઘણી હોશિયાર બહેનો છે, પ્રોફેસર છે, ડૉકટર બહેન છેજને, આનંદીબેન અત્યારે મહેસૂલમંત્રી છે એવી પણ બહેનો છે, નથી એવું નથી બેય પાર્ટીમાં છે. તમારી પાર્ટીમાં છે, અમારી પાર્ટીમાં છે અને હોદ્દા આપીએ જ છીએ, ગુજરાતમાં નહીં કેન્દ્રમાં જુઓ કેટલા સરસ હોદ્દા આપ્યા છે. અને અત્યારે રાજયપાલમાં બેન મૂકયા છે ને કોંગ્રેસવાળાએ, એવું જરા વિચારો , તમે એમનેમ બહેનોની વાતો કરો એ ચાલે નહીં તમે એનો અમલ કરો. અમલ કરો તો ખરું અમલ ના કરો તો કંઈ નહીં. પછી મતદાનની વાત કરો છો (સમય સૂચક ઘંટડી) સાહેબ મતદાનમાં બોલવા દો. મતદાન અધિકાર એ લોકશાહીમાં વાત સાચી છે પણ મત આપવો હોય તો આપી શકે અને ન આપવો હોય તો ના આપી શકે. આ લોકશાહી છે આ રાજાશાહી નથી કે તમે હુકમ કરો એટલે થઈ જાય. રાજાશાહીમાં અથવા તો તાનાશાહીમાં બધું થાય, અથવા તો સરમુખત્યારશાહીમાં થાય કે આ કરવું જ પડે, ઓર્ડર કરવો પડે પણ આ લોકશાહી છે. લોકશાહીમાં એના મન ગમે તો વોટ આપે અને ન ગમે તો ના આપે કારણ કે કોઈના ઉપર મનમાં એમ હોય કે મારે આને વોટ નથી આપવો તો ના આપે. કંઈ આપણે હુકમ કરી શકીએ કે તું આપી દે ભાઈ. પહેલાના રજવાડામાં શું હતું કે માથા વાઢે એ રાજ કરે એ રાજા થાય, અત્યારે માથા ભેગા કરે એ રાજા થાય. પહેલા માથા વાઢે એ રાજા થતો હતો એટલે તમે આ વિચારો કે મતદાન અધિકારમાં જેને આપવો હોય એ આપે અને ના આપવો હોય તો ના આપે એમાં તમે આવા કાયદા લાવો તે ના ચાલે. પાછા ભેગા કાયદા લાવ્યા. જૂદો જૂદો લાવ્યા હોત તો પણ ખબર પડેત. આ તો ભેગું લાવી દીધું એટલે એવું ના વિચારો અને કોંગ્રેસે તો બધે પહેલેથી જ સારું કર્યુ છે. આ તમારા જે ગપગોટાળા વાળ્યા છે એ ગપગોટાળા બંધ કરો. આ મહિલા બિલમાં હું સંમત પણ ફરજીયાત મતદાનમાં સંમત થતો નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે શરૂઆતમાં પ્રસ્તાવનામાં જયારે મેં બિલ રજૂ કર્યુ ત્યારે પણ મેં જે કહયું હતું એ પ્રમાણે આજે ગુજરાત માટે ગુજરાતની વિધાનસભાના સૌ સન્માનનીય સભ્ય માટે એક ઐતિહાસિક દિવસ છે કે જે દિવસે આપણે બધા સૌ સાથે મળી અને દેશને માર્ગદર્શન કરી શકે, દેશના બીજા રાજયોને પ્રેરણા આપી શકે અને જેના દ્વારા સમાજની ૫૦ ટકા જે વસ્તી છે એવા મહિલા વર્ગને સશકિતકરણ માટે અનેક વ્યવસ્થાઓની સાથે જોડવા માટે અને એમને રાજકીયક્ષેત્રે વહીવટીક્ષેત્રે જોડીને વધુને વધુ સ્વાવલંબી બનાવવા અને એમની શકિતઓનો ઉપયોગ કરવા માટે

અમારી સરકારે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં જે ૫૦ ટકા મહિલા અનામત કરવાનો કાયદો બનાવવાનું નકકી કર્યુ અને એનું બિલની આપણે આજે ચર્ચા કરી અને ટૂંક સમયમાં આપણે એનું મતદાન કરશું અને સાથે સાથે દેશના ઈતિહાસમાં પ્રથમ વખત લોકશાહીની મજબૂતી માટે, લોકશાહી વ્યવસ્થાને પરિપકવ અને સુદ્રઢ બનાવવા માટે લોકશાહી સંસ્થાઓને વધુ પ્રમાણિક સેવાનિષ્ઠ કાર્યરત બનાવવા માટે પોતાની ફરજ પ્રત્યે, પોતાના બંધારણીય અધિકારોનો ઉપયોગ કરવા માટે જાગૃત કરવા માટે એમને પ્રેરણા અને પ્રોત્સાહન આપીને મતદાન કરવા માટે જે કાયદો અમે કરીએ છીએ એ બન્ને કાયદાઓ ઉપર આજે ખૂબ વિશદ્ ચર્ચા વિચારણા, છણાવટ અને વિચારોનું સૌ માનનીય સભ્યશ્રીઓએ અહીંયા યોગદાન આપ્યું છે. આજે ૧૫ માનનીય સભ્યશ્રીઓએ આ બિલ ઉપર એમના મંતવ્યો અને સૂચનો રજૂ કર્યા છે. શાસક પક્ષના અમારા તમામ માનનીય સભ્યશ્રીઓ તેમજ અમારા માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ કે જેઓ પંચાયત વિભાગની જવાબદારી સંભાળે છે. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓની વ્યવસ્થાની જવાબદારી, તંત્રના સંચાલનની જવાબદારી અને રાજ્યના તમામ ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટેની જેમની ખૂબ ઈચ્છાશક્તિ છે એવા માનનીય નરોત્તમભાઈ સાથે અમારા સાથી સભ્ય માનનીય નીમાબેન આચાર્ય, માનનીય ગીતાબેન પટેલ, માનનીય અનિલભાઈ પટેલ, પ્રો. વસુબેન ત્રિવેદી, માનનીય શંકરભાઈ ચૌધરી, માનનીય ઋષિકેશભાઈ પટેલ, માનનીય પ્રાગજીભાઈ, માનનીય મોહનભાઈ અને માનનીય ભરતભાઈએ આ બિલને સમર્થન આપ્યું છે. સ્વભાવિક રીતે વિરોધપક્ષની જવાબદારી પણ છે અને ફરજ પણ છે કે આ બિલમાં જે નાની-મોટી ત્રુટિઓ હોય તો એને બતાવે, એ ત્રુટિઓ દૂર કરવા માટેના ઉપયોગ બતાવે અને આ બિલ કે જેને આપણે ઐતિહાસિક બિલ કહીએ છીએ, આ કોઈ રાજકીય દ્રષ્ટિથી લવાયેલું કોઈ એક વર્ગને ખુશ કરીને મત મેળવવા માટેનું આ બિલ કે જોગવાઈ કે કાયદો થવાનો નથી. આ કાયદો અને જોગવાઈઓ થવાની છે એ સમગ્ર દેશ માટે અને ગુજરાતના અને ભારતના આવનારા ભવિષ્ય માટે એક ખૂબ અગત્યનું અને ખૂબ ઉપયોગી સાબિત થવાની છે. લોકશાહીના આપણે છ દાયકાઓ વટાવી ચૂક્યા છીએ ત્યારે સ્વભાવિક લોકશાહીને વધુ મજબૂત બનાવીને લોકશાહી સંસ્થાઓને વધુ લોક ઉપયોગી બનાવીએ, લોકપ્રિય બનાવીએ એ આપણા સૌની ફરજ છે. એના માટે જે જે કરવું પડે એ કામ કરવાની સરકારની એક નૈતિક ફરજ છે. એના માટે કાયદો, જોગવાઈઓ, નાણાકીય ફાળવણી બધું જ કરવા માટે સરકાર હંમેશા તૈયાર છે. અહીંયા વિરોધ પક્ષના માનનીય સભ્યશ્રીઓએ પણ એમના પ્રવચનમાં સ્વીકાર્યું કે અત્યારે આ લોકશાહી સંસ્થાઓની ચૂંટણીઓમાં મતદાન કેમ ઓછું થાય છે? એના માટે મતદારોના મનમાં શું પ્રશ્નો છે અને આપણે આ લોકશાહી પદ્ધતિને આપણે સારી રીતે અમલમાં મૂકી શક્યા નથી. આ સંસ્થાઓને આપણે સારી રીતે ઉપયોગમાં લાવી શક્યા નથી અને મતદારો કે જેના દ્વારા લોકશાહી ચાલે છે એ મતદારોનો એના ઉપરનો વિશ્વાસ ઓછો થતો જાય છે. મતદારો લોકશાહી પ્રત્યે, લોકશાહીની પ્રતિજ્ઞા પ્રત્યે ઉદાસીન થતા જાય તો આપણને બધાને ખબર છે કે છેવટે લોકશાહીનો પાયો જે મજબૂત છે એ ધીમે ધીમે નબળો થતો જાય અને તો એનું નુકસાન આપણા દેશને થવાનું છે. આજે આપણા દેશને દુનિયાની સૌથી મોટી લોકશાહી તરીકે આપણે ગૌરવ અને આનંદ લઈએ છીએ. પણ એ લોકશાહીને વધુ ગૌરવવંતી બનાવવા માટે કે લોકભોગ્ય બનાવવા માટે કે પ્રજાપ્રિય બનાવવા માટે આપણે પગલાં લેવા જોઈએ એ પગલાં લેવામાં ક્યાંકને ક્યાંક આપણા માનનીય વિરોધ પક્ષના સભ્યશ્રીઓ જુદી જુદી રીતે પાછા પડતા જણાયા છે. બહુ સરળ વાત છે કે કોઈપણ સંસ્થાને વધુને વધુ લોકભોગ્ય બનાવવી હોય, માનનીય નટવરસિંહે એમની રીતે જે કહ્યું એ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહભાઈએ એમના પ્રવચનમાં કહ્યું, બીજા સભ્યશ્રીઓએ કહ્યું એ મુજબ આપણને દુ:ખ લાગે એવી વાત છે કે અત્યારે જે સરપંચો ચૂંટાયા છે એ સરપંચ બહેનો એમની પંચાયતની ઑફિસમાં જાય તો એમને અંગૂઠા મારવા પડે છે. એ સરપંચો તલાટી કે કોઈ અધિકારી કહે અથવા એમના પતિશ્રી કહે એ પ્રમાણે કાર્યવાહી કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવા બનાવ જ્યાં જ્યાં બને છે એ ચોક્કસ આપણા સૌના માટે દુ:ખદ અને આઘાતજનક બાબત છે. આપણે ઈચ્છીએ છીએ કે લોકશાહી પ્રણાલીમાં ગરીબમાં ગરીબ માણસ હોદ્દા ઉપર આવે, પછાતમાં પછાતવર્ગનો માણસ એ હોદ્દા ઉપર આવે પણ આપણે એવું નથી ઈચ્છતા કે હોદ્દા ઉપર આવેલો માણસ એ પોતાના કામ કરવાની રીતે, કર્તવ્યનિષ્ઠ રીતે એ નબળો પૂરવાર થાય અને એની નબળાઈ અને અજ્ઞાનતાનો લાભ એ બીજા લોકો આડકતરી રીતે લઈ લે અને ચૂંટાયેલા હોદ્દેદારના નામે જે થતું હોય તે થાય અને છેવટે સરકારી સંસ્થાઓ, લોકશાહી સંસ્થાઓ જેને આપણે મંદિર કહીએ છીએ, એવી સંસ્થાઓ બદનામ થાય એવું આપણે સહેજ પણ ઈચ્છતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, કહેવું સહેલું છે પણ એના મૂળમાં જઈ એના ઉપરની શોચ કરવી, એના મૂળ શોધી એની દવા કરવી એ અઘરૂં છે. અહીંયા પાટલીઓ થપથપાવવાનું આપણે કરી શકીએ કે સરપંચ અંગૂઠા મારે છે અને આપણે કાંઈ કરી શકતા નથી. સરપંચ એના પતિઓને લઈને ચાલતા હોય છે અને અમે કાંઈ કરી શકતા નથી. આ જે સરપંચ હોય એ સ્વાભાવિક રીતે પુખ્ત વયના હોય છે. ૨૦-૨૫ વર્ષની ઉંમર ઉપરના હોય છે. આજે ૨૦, ૨૫, વર્ષની વ્યકિત, ૩૦, ૪૦, ૪૫ વર્ષની વ્યકિત, ૫૦ વર્ષની વ્યકિત સરપંચ થાય, નગરપાલિકાના સભ્ય બને. તાલુકા, જિલ્લા પંચાયતના હોદ્દેદાર બને અને એ અંગૂઠા મારતા હોય એના મૂળમાં આપણે જો જઈએ તો ૩૦-૪૦ વર્ષ સુધી એનો જે ઉચ્છેર થયો, એનું જે બાળપણ હતું, એની જે વિદ્યાર્થી અવસ્થા હતી, એણે શિક્ષણ મેળવવાનું હતું એ શિક્ષણ આપવાનો ગાળો આ ભાજપની સરકાર વખતનો સમય ગાળો નથી

પણ એ ગાળો આજથી ૧૯૯૦ પહેલાનો ગાળો છે અને ૧૯૯૦ પહેલા કોણ સત્તા ઉપર હતું? આ દેશની ઉપર એકચક્રી શાસન કયા પક્ષે, કયા પરિવારે, કયા વિચારવાળા લોકોએ કર્યુ છે? આપણને દુ:ખ થવું જોઈએ કે આવી પરિસ્થિતિ માટે આપણી ભૂતકાળની સરકારો, આપણી ભૂતકાળની વ્યવસ્થા, ભૂતકાળમાં સત્તા ઉપર રહેલા લોકો એમની નિર્બળતા આજે એના કારણે કારણભૂત છે. આજે અમે ચોક્કસ કહીશું અમારી જવાબદારી ક્યારે બનશે? અમારી સરકારના ૨૦-૨૫ વર્ષ પછી કોઈ માણસ અંગૂઠાછાપ રહેશે, કોઈ માણસ સાક્ષરતાવાળો નહિ હોય, કોઈ માણસ અભણ હશે તો ૨૫ વર્ષ પછી આ પ્રશ્ન કદાચ ના કરે ભગવાન અને વિધાનસભામાં ચર્ચાય એ વખતે જો તમે દોષિત ગણાવ તો અમારી સરકાર એના માટે દોષિત હશે તો ચોક્કસ એ અમે સ્વીકારીશું કે ૨૫ વર્ષ પહેલા તમારા કારણે, તમારી સરકારોની નિષ્ક્રિયતાના કારણે તમે ગરીબ વર્ગને, બક્ષીપંચને આદિવાસીઓને, દલિતોની કન્યાઓને ભણાવી નહિ એની જવાબદારી જો અમારા માથે ૨૫ વર્ષ પછી નાંખતા હો તો એ કેટલું સાચું, કેટલું વાજબી છે એ તમારી છાતી ઉપર, હ્રદય ઉપર હાથ મૂકીને પૂછો તો તમને સાચો જવાબ ત્યાંથી મળી જશે. રાજકારણમાં બોલવું અને હ્રદયનો, આત્માનો અવાજ જોવો એ અલગ વસ્તુ છે. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ચર્ચા કરી મારે એમની વાતનો જવાબ આપવો છે. કન્યા કેળવણીની અમે વાત કરી. કેટલા બધા કન્યા કેળવણીના પ્રોત્સાહનો આપ્યા. ઘણા માનનીય સભ્યશ્રીઓને હજુ એ વાતની ખબર જ નથી કે સરકારી શાળાઓ, સરકારી હાઈસ્કૂલો, સરકારી મેડિકલ કોલેજો એ તો ભૂતકાળમાં હતી એના કરતા અમારી સરકારે અનેક ગણી વધારી છે. ગઈકાલે જ માનનીય શિક્ષણમંત્રીશ્રી રમણભાઈએ જે આંકડા આપ્યા, એમાં મોટી બેઠકોનો વધારો થયો છે એમાં સરકારી બેઠકોમાં પણ વધારો થયો છે. અમે ગ્રાન્ટેબલ સરકારી શાળાઓની સાથે સાથે કેમ સમાજ પાછળ રહ્યો? ગુજરાત કેમ પાછળ રહ્યું? માનનીય અધ્યક્ષશ્રી, હું આપને કહું કે ભૂતકાળની સરકારોની ટૂંકી દ્રષ્ટિ અને નિર્ણય નહિ કરી શકવાની શકિત, સેલ્ફ ફાયનાન્સ ચાલુ નહિ કરવાની એમની અણઆવડત એના કારણે આપણે બધા જાણીએ છીએ કે ગુજરાતના વિદ્યાર્થીઓને કર્ણાટક, મહારાષ્ટ્ર કે બીજા રાજ્યોમાં જઈ કરોડો-અબજો રૂપિયાનું અત્યાર સુધીમાં ગુજરાતનું કમાયેલું આપણા પરસેવાનું ઘન બીજા રાજ્યોમાં ડોનેશનના સ્વરૂપમાં, મોંઘી ફીના સ્વરૂપમાં જતું રહ્યું. અમારી સરકારો આવી. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ આવ્યા. સેલ્ફ ફાયનાન્સ નીતિ અમે ઉદાર બનાવી આજે ગુજરાતમાં મેડિકલ કોલેજો એટલી બધી વધી છે, એન્જિનિયરિંગ કોલેજો વધી છે, અન્ય સંસ્થાઓ વધી છે એ જગ્યાએ ગુજરાતના વિદ્યાર્થીઓ બહાર ભણવા જતા હતા એના બદલે આજે બીજા રાજ્યના વિદ્યાર્થીઓ ગુજરાતમાં ભણવા આવે, ગુજરાતને ફી રૂપે, બીજી વ્યવસ્થારૂપે આવક થાય. ગુજરાતના વેપાર ધંધા ધમધમે, ગુજરાતનો ટ્રાન્સપૉર્ટ એ ઉદ્યોગ ધમધમે આ બધા જ આડકતરા ફાયદાઓ અને ગુજરાતનો પૈસો બહાર જતો હતો એ બચી ગયો આ દીર્ઘદ્રષ્ટિ રાખવી પડે, આના માટે હિંમત રાખવી પડે. અમારી સરકાર ભણાવતી હતી, ભણાવતી કહો છો પણ તમારી સરકાર દસમા સુધી જ ભણાવતી હતી. આજે આખી દુનિયા કયાં પહોંચી છે એ કેટલાય લોકોને ખબર જ નથી કે કેટલી જગ્યાએ ભણવાનું કઈ રીતનું પહોચ્યું છે? એટલે બીજી જૂની વાતો બંધ કરો, જૂની વાતો વાગોળવાથી કોઈ વિકાસ મેળવી નહીં શકો તમે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા મુખ્ય મંત્રીશ્રી એ હંમેશા આગવા નિર્ણયો લેવા માટે જાણીતા છે. દુનિયામાં, રાજયમાં, દેશમાં કોઈએ કલ્પના ન કરી હોય એ પ્રકારના આયોજનો કરે છે અને એવા આયોજનો જ્યારે સફળ થાય છે ત્યારે બધા સ્વીકારે છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ વિષયને લગતું નથી પણ મારે કહેવું જરૂરી છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી નીતિનભાઈ વિષય ઉપર આપ રહો, એટલા માટે આપ પોતે જ કહો છો કે, આ વિષય ઉપરનું નથી, આપ કહો છો, તમે પોતે જ કહો છો કે, વિષય ઉપરનું નથી, તમે વિષય ઉપરનું પહેલાં કહી દો, કારણ કે, તમારા જવાબ પછી બીજા બે કલાક મારે આ હાઉસને ચલાવવાનું છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અનેકવિધ યોજનાઓ અમે જે અમલમાં મૂકી છે, સફળતાપૂર્વક ચાલી રહી છે. ભૂતકાળમાં જ્યારે યોજનાઓ અમે લોન્ચ કરી ત્યારે જે લોકો એને સમજી શકતા નહતા, રાજકીય રીતે સ્વીકારી શકતા નહતા એવા લોકો એ વખતે એને હસી નાખતા હતા, એની મશ્કરી કરતા હતા યોજનાની. જ્યોતિ ગ્રામ યોજના ૧૮,૦૦૦/ ગામડાઓમાં ૨૪ કલાક પાવર મળશે એવું કહીએ તો કોઈ સમજવા કે સ્વીકારવા તૈયાર નહતું. આજે ગુજરાતનું કોઈ ગામડું એવું નથી કે જ્યાં ૨૪ કલાક લાઈટ ન મળતી હોય અને એ લાઈટના કારણે ગરીબોની કન્યાઓ ભણતી ન હોય અને ભણ્યા પછી ઉચ્ચ શિક્ષણ માટે તાલુકા મથકે ના આવતી હોય એવું કોઈ ગામડું નથી, પણ ઘણા લોકોને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નટવરસિંહભાઈ, હવે આપ મર્યાદા રાખશો.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : તેઓ બોલે તો મારે બોલવું પડે.

**અધ્યક્ષશ્રી** : ના, તમને તક આપેલી હવે વચ્ચે ના બોલતા.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં એવું છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, ચર્ચામાં નહીં પડો, તમે સીધા વિષય ઉપર આવો .

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મેં કોઈનું નામ નથી દીધું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું રોકું છું પણ, આપ વિષય ઉપર આવો. એક વસ્તુ બીજી પણ ધ્યાન દોરું આ સભાગૃહની અંદર સૌથી વધારે ગૌરવ શાળી વાત એ છે કે, સભાગૃહના મોટાભાગના સભ્યો ચર્ચામાં હાજર રહે છે, ચર્ચાનો

જવાબ સાંભળવા માટે આટલી સંખ્યા પહેલાં ભૂતકાળમાં નહોતા રહેતા એના કરતાં વધારે રહે છે અને લાંબા સમય સુધી, આજે શનિવારના દિવસે સવારથી ગૃહ ચાલે છે છતાં પણ રહે છે ત્યારે સભાગૃહના સભ્યોનો સમય એ પણ મારી ચિંતાનો વિષય છે એટલે આપ વિષય ઉપર જેટલું બોલવું હોય એટલું બોલો, જેટલા જવાબો આપવા હોય એટલા આપ આપો પણ વિષય બહાર ન જાઓ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ચોક્કસ. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા માનનીય સભ્યશ્રી શક્તિસિંહભાઈ, માનનીય અર્જુનભાઈ અને માનનીય સિદ્ધાર્થભાઈએ જે મૂળભૂત બંધારણના અધિકારની બાબત ઊભી કરી, કાયદાનો પ્રશ્ન ઊભો કર્યો અને એમ પણ કહ્યું કે, ગુજરાત વિધાનસભાને આ કાયદો મંજૂર કરવાની સત્તા જ નથી. માનનીય અધ્યક્ષશ્રી, એમાં બંધારણીય બાબતો પણ એમણે રજૂ કરી, બંધારણના અનુચ્છેદ પ્રમાણેની પણ વાતો કરી, એમ પણ કહેવામાં આવ્યું કે, ભારત સરકારે લોકસભામાં કોઈ ખાનગી મેમ્બરના બિલ ઉપર ચર્ચા દરમિયાન કોઈ કમિટી બનાવી અને એ કમિટી ચર્ચા કરી રહી છે અને એનો નિર્ણય આવે ત્યાં સુધી આપણે શા માટે ફરજિયાત મતદાનના કાયદાને મુલતવી ના રાખીએ. અહીંયા એવું પણ કહેવામાં આવ્યું કે, એક બિલ તમારું, એક જોગવાઈ મંજૂર થાય બીજી જોગવાઈ નામંજૂર થાય તો મહિલાઓને તમે અનામત આપવા માગતા નથી માટે આવી જોગવાઈ ઉમેરી છે પણ માનનીય અધ્યક્ષશ્રી, અમારા બધાનું સ્પષ્ટ માનવું છે, આખા ગુજરાતની પ્રજાનું સ્પષ્ટ માનવું છે કે, તમારા મહિલા અનામત બિલને ગુજરાતની શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર એનો જશ ના લઈ જાય તમને એનો વાંધો છે એના માટે તમે મહિલા અનામત બિલ મંજૂર થવા દેવા માગતા નથી એટલે કોઈ નિમિત્ત બનાવવું હોય તો નિમિત્ત શું બનાવાય, તો નિમિત્ત બનાવવા માટે ફરજિયાત મતદાનની બાબતને જુદી જુદી રીતે જોઈ જુદી જુદી રીતે એના ઉપર અવલોકનો તમે કર્યા છે સભ્યશ્રીઓએ એના માટે હું કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતનું બંધારણ જે છે એ બંધારણમાં ત્રણ પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે જે અહીંયા પણ કહેવાઈ ગયું છે. એક ભારત સરકારના કેન્દ્ર સરકાર હસ્તકના વિષયો, રાજય સરકાર હસ્તકના વિષયો અને ત્રીજી યાદી એ બંનેની સંયુકત જવાબદારી અને સંયુકત અધિકારના વિષયો. આપણો દેશ એક ફેડરલ સ્ટ્રકચરનો દેશ છે. સંઘીય બંધારણ છે આપણું. કેન્દ્ર સરકાર જે નિર્ણય કરે એ કાંઈ બધી રાજય સરકારોએ બધા વિષયમાં માનવો જરૂરી નથી અથવા ગુજરાત રાજય જે નિર્ણય કરે એ બીજા કોઈ રાજયે માનવો એ એટલો પણ જરૂરી નથી. કાયદાથી, બંધારણથી દરેકને જવાબદારીઓ, સત્તાઓ, ફરજો, અધિકારો બધું વહેંચાયેલું છે ત્યારે બંધારણના અનુચ્છેદ-૨૪૬ હેઠળ અનુસૂચિ-૭માં લીસ્ટ-૨માં રાજયની યાદીમાં વિધાનસભાના જે વિષયો ઉપર કાયદો બનાવવાની સત્તા છે એની યાદી આપેલી છે. ઉપર જણાવેલા લિસ્ટ-૨માં એન્ટ્રી-૫ મુજબ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની રચના કરવી, રચના કરવાની કાર્યપદ્ધતિ નકકી કરવી, આ સંસ્થાની રચના માટે અપાતો મતાધિકાર તેમજ તેના આનુષાંગિક વિષયો માટે કાયદો ઘડવાની સત્તા એ બંધારણે વિધાનસભા ગૃહોને આપેલી છે. એ વાત ચોકકસ છે કે લોકસભા હોય કે વિધાનસભા હોય એને લગતા કોઈ કાયદા ઘડવા હોય, લોકસભા વિધાસનભાના મતદાન અંગેના, બેઠકો અંગેના, અનામત અંગેના જે કાયદા ઘડવા હોય એ ભારત સરકારના કેન્દ્રીય અધિકારમાં આવે છે પણ રાજયના જે વિષય છે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા આ આપણી જે વ્યવસ્થા છે એને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ બનાવવાની, એની રચના કરવાની, એના ઉપર નિયંત્રણ રાખવાની તમામ સત્તા એ ગુજરાત સરકારને પ્રાપ્ત થયેલી છે અને આ વિધાનસભાના અધિકારથી પ્રાપ્ત થયેલી છે. કાયદાથી પ્રાપ્ત થયેલી છે એટલે મારું સ્પષ્ટ માનવું છે કે સભ્યશ્રીઓએ જે આ બંધારણીય સત્તાનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ અમારી દ્રષ્ટિએ કોઈ વ્યાજબી મુદ્દો નથી. બીજી એક જે વાત અહીંયા વારંવાર કહેવામાં આવે છે કે ભારત સરકાર કન્યા કેળવણી માટે પૈસા આપે છે. ભારત સરકાર સખી મંડળો માટે રકમ આપે છે. ભારત સરકાર આટલી આટલી રકમો ગુજરાત સરકારને આપે છે. પહેલાં તો જો આપણા દેશના બંધારણને અને આપણા સંઘીય માળખાને ફેડરલ સ્ટ્રકચરને જો આપણે મજબુત રાખવું હશે, બીજા રાજયોમાં જે પ્રશ્નો ઉભા થયા છે એવા પ્રશ્નો નવા કયાંય ઉભા ન થવા દેવા હોય તો ભારત સરકાર એની બંધારણીય ફરજ તરીકે, ભારત સરકાર બનેલા નિયમોના આધારે આખા દેશમાંથી જે આવક મેળવે છે પછી એ એકસાઈઝ હોય, કસ્ટમ હોય, ઈન્કમટેકસ હોય કે કોઈપણ પ્રકારની આવક હોય એ આવક ભારત સરકાર પાસે કેટલી રાખવી, રાજયોને કેટલી પરત આપવી, કયા ધોરણે પરત આપવી આ બધી જ ફોર્મ્યુલા આપણે ત્યાં બંધારણીય રીતે, કાયદાની રીતે, નિયમોની રીતે નકકી થયેલી છે. આ કોઈ દાન નથી કે ફલાણા વ્યકિતએ પાંચ કરોડ દાન આપ્યું અને તમે એ પૈસા પાંચ કરોડ કોલેજ બનાવવા માટે આપ્યા હતા અને કેમ તમે ફંકશનમાં વાપરી નાખ્યા. ઓડિટ પણ થતા હોય છે. ઓડિટની અંદર પણ બધી વસ્તુ જોવાતી હોય છે પણ વારંવાર દરેક સત્રની અંદર, દરેક ચર્ચાની અંદર બીજા કોઈ અગત્યના ટેકનીકલ કાયદાને લગતા મુદ્દા ન હોવાથી એક જ વાત, એક જ પ્રકારની ચર્ચા અહિંયા ઉપસ્થિત કરવામાં આવે છે કે અમારી ભારત સરકાર આપે છે અને તમે ગુજરાત સરકાર વાહ વાહ મેળવો છો. કોઈ સરકાર કોઈને આપે એ કોઈ દયા દાન નથી કરતી. જે રીતે ગુજરાતમાંથી કસ્ટમ, એકસાઈઝ કે ઈન્કમટેકસની રકમ ઉઘરાવવાનો ભારત સરકારનો કાયદેસરનો અધિકાર છે. અમે કહીએ છીએ, સ્વીકારીએ છીએ કે ભારત સરકાર જે રકમ મેળવે છે એ કાયદાની રીતે મેળવે છે. એની સામે ભારત સરકાર બંધારણીય રીતે નકકી થયેલી છે એ ગ્રાન્ટો આપે છે. કેળવણી માટેની, સ્ત્રી સશકિતકરણ

માટેની અને બીજી કોઈ યોજના માટેની એ કોઈ ગુજરાતની પ્રજા ઉપર કોઈની રહેમથી, કોઈની દયાથી નથી મળતી.ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાના અધિકારથી મળે છે અને ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાના અધિકારનું રક્ષણ કરવું એ માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારની, અમારા સૌની અને અહીયા બેઠેલા તમામની ફરજ છે અને જવાબદારી છે. એનું અમે પાલન કરીએ છીએ. અહીયા કહેવામાં આવ્યું એટલા માટે જવાબ આપું છું. પી.આર.સી. અને સી.આર.સી. માં પગાર કેન્દ્ર સરકાર આપે છે. ગુજરાતમાં ૧,૮૩,૦૦૦ પ્રાથમિક શાળાના શિક્ષકો છે. એને પગાર આપણે આપીએ છીએ. એમાંથી જે પી.આર.સી., સી.આર.સી. માંથી ૧,૮૩,૦૦૦ માંથી ફક્ત ૩,૦૦૦ શિક્ષકો છે એને પગાર દેશના બીજા રાજયોમાં જે રીતે કેન્દ્ર સરકાર આપે છે એની યોજના અન્વયે એ રીતે ગુજરાતને આપે છે. પણ ૩,૦૦૦ ને પગાર આપે છે, એ દેખાય છે, પણ આ ગુજરાત સરકાર ૧,૮૩,૦૦૦ શિક્ષકોને દર મહિને નિયમિત છઠ્ઠા પગાર પંચની તમામ જોગવાઈ કરી પગાર આપે છે, એ તમને દેખાતું નથી, એટલા માટે કહેવું છે કે આ બાબત વ્યાજબી, યોગ્ય નથી.

સખી મંડળ, આજે સ્ત્રી સશક્તિકરણની વાત કરીએ. અમે ૧,૪૨,૦૦૦ સખી મંડળ બનાવ્યા. એક સખી મંડળમાં ૧૦ થી ૧૫ બહેનો સભ્ય હોય છે. એમનું સખી મંડળ બનાવી ૫,૦૦૦ રૂપિયા ગુજરાત સરકાર શરૂઆત કરવા માટે રિવોલ્વિંગ ફંડ આપે છે. આ ૫-૫ હજાર રૂપિયા તમામ સખી મંડળમાં રિવોલ્વિંગ ફંડ આજે ગુજરાત સરકારના બજેટમાંથી આપણે આપીએ છીએ. કેન્દ્રની યોજના અલગ સેલ્ફ ગ્રુપની છે. એને અને આ યોજનાને કોઈ લેવાદેવા નથી. બીજી જે થોડી નાની મોટી ચર્ચાઓ થઈ છે. એના વિષે જો આપને કહું કે માનનીય સિદ્ધાર્થભાઈએ ટેકનિકલ પ્રશ્ન ઊભો કર્યો. બીજા સભ્યશ્રીઓએ પણ ઊભો કર્યો. કોઈને મત એવા મળી ગયા કે બટન દબાયા કે કોઈ ઉમેદવારને અમારે મતદાન નથી કરવું એ પ્રમાણેની જોગવાઈ આપણે રાખી છે, એટલા માટે રાખી છે કે દરેક નાગરિક ત્યાં જાય. આપણે અહીયા ચર્ચા થઈ. દુનિયાના દેશો આમાં પાછા પડતા જાય છે. બંધ કરતા જાય છે. દુનિયાના દેશોમાં ૫૦-૬૦-૭૦ વર્ષથી આ કાયદો અમલમાં હતો. ત્યાંની પ્રજા જાગૃત થઈ. કાયદાના કારણે ઘડાઈ અમે ઇચ્છીએ, આપણે પણ ઇચ્છીએ કે ભવિષ્યમાં મોટા પ્રમાણમાં મતદાન થતું હોય, કોઈ બીમાર હોય, બહાર હોય, અશક્ત હોય, ન આપી શકે તેવું વ્યાજબી કારણ હોય અને તેવા લોકો મતદાન ન કરે અને બાકીના તમામ નાગરિકો મતદાન કરે તો ભવિષ્યમાં આપણે ઇચ્છીશું કે કાયદાને કાઢવો હોય તો કાઢી શકાય. જે રીતે શરૂઆત કરતા હોઈએ. તો શરૂઆત તો આપણે દ્રઢ નિર્ધારથી, મક્કમપણે કરવી જોઈએ. ગુજરાતે એ પ્રકારનું ક્રામ ઉપાડ્યું છે. કોઈ કલ્પના ન કરે એવા પડકારો ઉપાડી એમાં સફળતા મેળવી એવું કરતા હોઈએ, ત્યારે આવા નાના મોટા વહીવટી પ્રકારના પ્રશ્નો કદાચ આવે, તો એને પહોંચી વળવા માટે સરકાર કક્ષાએ આપણે ચોક્કસ ચર્ચા વિચારણા કરીશું. આપના સૂચનોને પણ જરૂર આવકારીશું. સજા બાબતની બાબત થઈ. બિલમાં બહુ સ્પષ્ટ લખેલ છે કે કયાંય અમે સજા શબ્દ નથી વાપર્યો. બિલની જે જોગવાઈ છે એ જો આપના ધ્યાને મૂકું. રાજ્ય સરકાર કસૂરદાર મતદારે ભોગવવાના ગેરફાયદા અથવા પરિણામો એ જે નક્કી કરવાના થશે એ રાજ્ય વિધાનસભા સમક્ષ ચર્ચા કરીને અહીયા મૂકી અને આપણે મંજૂર કરવાના છે. બીજું જો કોઈ મતદારે મતદાન ન કર્યુ તો એને વ્યાજબી તકનો ખુલાસો કરવાની તક આપવાની છે. એના ઉપર અમે એપેલેટ અધિકારી તરીકે રાજ્ય ચૂંટણી પંચને એ કામગીરી સોંપવાના છીએ, એટલા માટે કોઈ એમ ન કહે કે રાજ્ય સરકારે આ વ્યકિતને મતદાર તરીકે કમી કરવા માટે આમ કર્યુ. રાજ્ય ચૂંટણી પંચ એ બંધારણીય સંસ્થા છે. બંધારણીય રીતે એના હોદેદાર હોય છે, એ એનો વહીવટ, કામગીરી તટસ્થતાપૂર્વક અલગ રીતે કરતી હોય છે. આ જોગવાઈ પણ આપણે રાખી છે. માનનીય અધ્યક્ષશ્રી, કોઈને દંડ કરવો, કોઈને સજા કરવી, કોઈનું કોઈ લઈ લેવું તે આ બિલ પાછળનો મૂળભૂત હેતુ નથી. મૂળભૂત હેતુ તો એ છે કે દરેક નાગરિક જેમ પોતાના અધિકારો માગે છે અમારા સભ્યશ્રીઓએ કહયું તે પ્રમાણે આપણે ગામડામાં જઈએ, શહેરમાં જઈએ તો આ આપો, આ આપો તેવી અનેક માગણીઓ આવી જાય છે. તેની સામે કર્તવ્ય શું છે નાગરિકનું? કે જયારે ચૂંટણી હોય, પાંચ વર્ષે એકવાર અડધો કલાક વોટીંગ કરવા માટે જવાનો સમય નાગરિકે ફાળવવાનો છે. આપણે બીજું કઈ નથી માગતા. નાગરિક મતદાન કરવા જાય, તે ફરજનિષ્ઠ બને, દેશશકિતનું એક પરિમાણ ગણી શકાય કે મતદાર એ દેશભકત છે. હંમેશાં નિયમિત મતદાન કરે છે. લોકશાહી સંસ્થાઓને પુખ્ત કરે છે તે માટેનું અમે આ જે બિલ લાવ્યા છે ત્યારે હું આશા રાખું છું કે મારી આટલી સ્પષ્ટતા પછી આમે હું આના નિયમો, રૂલ્સ બનાવીશું, ચર્ચા વિચારણા કરીશું આપણને પણ અમે વિરોધપક્ષના નેતા સહિત સૌને વિનંતી કરીએ છીએ કે આ બાબતમાં આપના કોઈપણ સૂચનો હોય તો ચોકકસ અમને જણાવો. અમારા અને તમારા સાથે મળી આમેજ થતા હશે તો કરીશું. અમારો એક જ હેતુ છે કે લોકશાહીને વધુ પુખ્ત બનાવીએ. લોકશાહી પ્રત્યે લોકોને નિરાશા વ્યાપી છે, લોકોને જે અપેક્ષા સંતોષાતી નથી તે દૂર થાય, લોકશાહી મજબૂત બને અને લોકોનો વિશ્વાસ વધે, મતદાન વધે તે આપણી સૌની ઈચ્છા છે તે ઈચ્છાને અહીંયાં પ્રતિબિંબીત કરી છે. આજે નહીં તો કાલે દેશના બીજા રાજયોમાં, ગઈકાલે ચર્ચા થઈ કે નશાબંધી, લઠ્ઠાકાંડ વગેરેની સજા થઈ. ફાંસીની સજા કડક લાગતી હતી પણ દિલ્હીની કોંગ્રેસ સરકારે એ જ જોગવાઈઓ સાથે પોતાની વિધાનસભામાં કાયદો પસાર કર્યો. તો આ જ રીતનું કામ મને આશા છે શકિતસિંહજી અત્યારે ભલે આપણને થોડું અઘરૂં લાગે, થોડું કડક લાગે પણ આ બિલ ભવિષ્યમાં ભારતની લોકશાહીને વધુ મજબૂત કરવા માટે ઉપયોગી થશે તો આપ સૌ આને સમર્થન આપો તેવી સર્વેને વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક:૨૩નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૧૩ કલમ-૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક:૨૩નું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક: ૨૩નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે. નેકસ્ટ.

**સચિવશ્રી:** સરકારી સંકલ્પ. માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી.

સરકારી સંકલ્પો

**શ્રી ફકીરભાઈ ૨.વાઘેલા :(સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી ...

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### નામદાર સુપ્રીમ કોર્ટમાં સંકલ્પનું વિષયવસ્તુ પેન્ડીંગ હોવા બાબત

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી , જે વિષયવસ્તુ ઉપર સંકલ્પ આજે આવ્યો છે તે જ વિષયવસ્તુ નામદાર સુપ્રીમ કોર્ટમાં પેન્ડીંગ છે. એટર્ની જનરલ ઓફ ઈન્ડિયાએ નામદાર સુપ્રીમ કોર્ટને કહયું છે કે નિવૃત્ત ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયાનું કમિશન બન્યું છે. કમિશનનો રિપૉર્ટ પાર્લામેન્ટમાં લે થવાનો છે એ થયા પછી ઓનરેબલ એપેકસ કોર્ટને અમે કોપી આપીશું અને Hon'ble Apex Court may proceed with this એ સંજોગોમાં ગઈ કાલે પાર્લામેન્ટના ઉપર આ ટેબલ થયો છે, સુપ્રિમ કોર્ટને પણ એ રજૂ થશે એવા સંજોગોમાં બંને પક્ષના સભ્યશ્રીઓ પણ પાર્લામેન્ટમાં ચર્ચા કરવાના છે, નામદાર સુપ્રિમ કોર્ટ પાસે પણ આ રિપૉર્ટ સબમીટ થવાનો છે, નામદાર સુપ્રિમ કોર્ટમાં આ જ વિષય વસ્તુની પીટીશન પેન્ડિગ છે, ત્યારે આ સંકલ્પ અહીંયા આજે નહીં ચર્ચાવો જોઈએ અને આ અંગે ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીઓના નિર્ણયો પણ ધ્યાને લઈને આપશ્રી આ સંકલ્પને અહીં રોકો એવું મારું નમ્ર નિવેદન છે.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત તો એ કે, નામદાર સુપ્રિમ કોર્ટ આગળ જે પીટીશન પેન્ડિગ છે એ પીટીશન એકચ્યુલ આજ verbatim અથવા તો આ મુદ્દાઓની નથી. આ જ મુદ્દાઓની નથી. બીજી વાત, જસ્ટીસ રંગનાથન મિશ્રાનો અહેવાલ કાલે પાર્લામેન્ટની અંદર ટેબલ થઈ ગયો છે અને આની પર સંસદ પણ ચર્ચા કરવાની છે કારણ કે એ હવે પબ્લિક ડોક્યુમેન્ટસ છે અને એની પરની ચર્ચાઓ પછી એનો અહેવાલ થવાનો છે નામદાર સુપ્રિમ કોર્ટ આગળ, અને હવે જો એની ઉપર ચર્ચા ના થઈ શકવાની હોય તો સંસદ પણ ચર્ચા નહીં કરી શકે અને એની ઉપર કોઈ એકશન લઈ શકાશે. માનનીય અધ્યક્ષશ્રી, જે અહેવાલ રજૂ થયો છે એ ગૃહના consumption માટે થયો છે એની ભલામણો પણ ગૃહના consumption માટે છે અને જો એ અહેવાલ ચર્ચામાં જ ન આવવાનો હોય, તો the question of laying does not arise અને એટર્ની જનરલે પણ એમ કહ્યું છે કે, ટેબલ થયા પછી એની પર ચર્ચા થશે પછી અમે સુપ્રિમ કોર્ટની સામે આવીશું અને જો ચર્ચા ના થવાની હોય તો ટેબલ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી અને આની પર સંસદ પણ ચર્ચા કરશે અને આપણે ગૃહે પણ ચર્ચા કરવી જોઈએ કારણ કે નામદાર સુપ્રિમ કોર્ટ આગળ એટર્ની જનરલે જે કહ્યું છે એ એટર્ની જનરલે કરેલી રજૂઆત છે. આ બાબતમાં નામદાર સુપ્રિમ કોર્ટે ચર્ચા પર કોઈ રોક, કોઈ પ્રકારનું બંધન અથવા તો પીટીશન એડમીટ કરી છે, દાખલ કરી છે, નોટિસો કાઢી છે, આવો કોઈ કાયદાકીય તબક્કો આવ્યો નથી. જયાં સુધી નામદાર સુપ્રિમ કોર્ટ પીટીશનને એડમીટ કરીને નોટિસ ના કાઢે ત્યાં સુધી માનનીય અધ્યક્ષશ્રી, આ ન્યાયિક રીતે વિલંબિત-લંબિત વાત ના કહેવાય એટલે એના ઉપર નિશ્ચિત રીતે ચર્ચા થઈ શકે, આગળ પણ જે વિષય પર નોટિસો નથી નીકળી અને ન્યાયાલયે જેને એડમીટ નથી કર્યા એ વિષય ઉપર ચર્ચા at length થઈ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનું થોડાક સમય પહેલાંનું નિવેદન, આ જ ગૃહમાં કે, લઠ્ઠાકાંડ થયો છે, કમિશન મૂકાઈ ગયું છે, ચર્ચા ના થાય. અહીંયાં આગળ નામદાર એપેકસ કોર્ટ પાસે મેટર પેન્ડિગ સેઈમ સબજેકટ મેટર, એટર્ની જનરલે કહેલા પ્રમાણે આમાં એકશન ટેકન રિપૉર્ટ પણ પાર્લામેન્ટમાં નથી. એકશન ટેકન રિપૉર્ટ છે પાર્લામેન્ટમાં? એકશન ટેકન રિપૉર્ટ નથી પાર્લામેન્ટમાં, એ સંજોગોમાં માનનીય અધ્યક્ષશ્રી, જો આ પછી પણ વિધાનસભા ગૃહ અહીયાં ચર્ચા કરવાનું હોય તો હું માનું છું કે આપણી પ્રસ્થાપિત પ્રણાલિકાથી વિરૂદ્ધની ચર્ચા થશે. હું કે મારા પક્ષના સભ્યશ્રીઓ આ બાબતમાં ભાગીદાર ન થઈ શકીએ અને અમે આ સંજોગોમાં આ સ્વીકારી ન શકીએ.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ મેં જ કહ્યું હતું કે લઠ્ઠાકાંડ ઉપર ચર્ચા કમિશનની જાહેરાત કર્યા ઉપરાંત પબ્લિકનો વિષય છે આવડી મોટી ઘટના થઈ, કરવા માટે હું તૈયાર છું. એ નિયમોનો પ્રશ્ન હતો અને આજે જ કરાવવી એનો પ્રશ્ન હતો. પ્રશ્ન ચર્ચા કરવાનો ના કરવાનો ન હતો, અને આમાં કોઈ ટૅક્નીકલ મુશ્કેલીઓ નથી, અગાઉના અનેક નિર્ણયો આ ગૃહમાં માનનીય અધ્યક્ષશ્રીએ આપેલા છે કે જો પીટીશન અથવા તો મામલો એડમીટ ના થયો હોય તો એને ન્યાયાલય આગળ પેન્ડિંગ ના ગણી શકાય અને માનનીય અધ્યક્ષશ્રી, ચર્ચા કરવી ના કરવી એના માટે અલગ કારણોની જરૂર નથી હોતી પરંતુ હું તો એવું માનું છું કે, કોણ નારાજ થશે કોણ ખુશ થશે એની ચિંતા કર્યા વગર આ ચર્ચા કરવી જોઈએ. (અંતરાય) અને Veticangને ખુશ કરવાના પ્રયત્નો ના કરવા જોઈએ. (અંતરાય)..

**અધ્યક્ષશ્રી** : માનનીય રમણભાઈ, હું આપને તક આપીશ. હું આપને તક આપું છું. માનનીય આત્મારામભાઈ તમારે ચર્ચાઓમાં ભાગ લેવો હોય તો હું ચોક્કસ કહીશ. (અંતરાય) નહીં, નહીં, પ્લીઝ આત્મારામભાઈ, ચર્ચા અત્યારે સબજયુડીસ છે કે નથી એના માટે ચાલે છે. આપ બેસી જાઓ. બેસી જાઓ.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે આ સમગ્ર ગૃહે સર્વાનુમતે રાજકીય અનામત માટેની દસ વર્ષની આપણે મંજૂરી આપી છે આ ગૃહ માટે અને દેશ માટે એ આનંદની બાબત છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે માત્ર એટલું જ કહેવું છે કે, જ્યારે દસ વર્ષની અનામત આપવાની વાત બંને ગૃહે સ્વીકારી છે, ગુજરાતની વિધાનસભાએ સ્વીકારી છે. પાછલે બારણેથી રંગનાથન કમિશનનો અહેવાલ રજૂ કરીને પાર્લામેન્ટમાં જે ટેબલ થયો છે આ દલિતોના હિત વિરૂદ્ધનું કૃત્ય છે, મુસ્લીમ અને ખ્રિસ્તીઓને અનામત આપવાનું આ કૃત્ય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય રમણભાઈ, એની ચર્ચા આપણે પછી કરીએ છીએ ત્યારે ચર્ચામાં આપ ચોક્કસ ભાગ લેજો પણ અત્યારે જે ચર્ચાનો મુદો છે એ એવો છે કે આ પ્રસ્તાવ સબજયુડિસ છે કે નહીં? એ મુદા ઉપર આપને કંઈ કહેવું હોય તો કહો. (અંતરાય) શ્રી આત્મારામભાઈ, પ્લીઝ. તમે વકીલ થયા છો અને તમે લો ના જાણકાર છો જે મુદા ઉપર મારો પ્રશ્ન છે એમાં તમે મદદ કરી શકતા હો તો કહો.(અંતરાય) આપના શબ્દોને મારે રોકવા પડે એ સારું નહીં લાગે આપ બેસી જાવ.

શ્રી શકિતસિંહજીએ પ્રશ્ન ઉપસ્થિત કર્યો કે ૧૨૦ નો પ્રસ્તાવ જે માનનીય ફકીરભાઈ લઈને આવ્યા છે એ પ્રસ્તાવ એ સબજયુડિસ છે માટે એની ચર્ચા અટકાવવી જોઈએ. સંસદીય બાબતોના મંત્રીશ્રીએ આ અંગે એમના અવલોકનમાં જવાબ આપતા જણાવ્યું કે, સબજયુડિસ ક્યારે કહેવાય. અહીંયા પણ અગાઉના જે રૂલિંગ માનનીય અધ્યક્ષશ્રીઓએ મારા સહિત જે અપાયેલા છે એ રૂલિંગોને હું જોઈ ગયો છું અને ફરીથી એની પુનરોક્તિ કરું છું.

જ્યાં સુધી કોઈ પણ મુદો ન્યાયિક સંસ્થાની પાસે એપેક્ષ કોર્ટ, હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ પાસે ચર્ચામાં ન લેવાય ત્યાં સુધી એ સબ જયુડિસ થતી નથી. આ પ્રશ્ન ઉપર સુપ્રીમ કવોર્ટે નોટિસ કાઢી હોય અને ચર્ચામાં લીધો હોય, સુનાવણી શરૂ થઈ હોય, બંને પક્ષોને સાંભળ્યા હોય અને આ ગૃહ ચર્ચા કરે તો એ સબ જયુડિસ ગણાય. છતાં પણ ગૃહ એ ન્યાયિક સંસ્થાથી સર્વોપરી સંસ્થા છે અને સબ જયુડિસ એના માટે લક્ષ્મણ રેખા છે. લક્ષ્મણ રેખા છે અને એની ચર્ચા ન જ કરી શકાય એવું નથી આપણે ચર્ચા ચોક્કસ કરી શકીએ એમ છીએ. પ્રશ્ન આટલો જ છે કે આ પ્રશ્ન સુપ્રીમ કોર્ટની અંદર પડતર પડ્યો નથી પણ સુપ્રીમ કોર્ટ પાસે કેન્દ્ર સરકાર દ્વારા એની વિચારણા માટે વાત થઈ છે. ન્યાયિક કમિશનનો અહેવાલ રજૂ થઈ ગયો છે એ અહેવાલ રજૂ ન થયો હોત તો પણ કમિશન પાસે, લઠ્ઠા કમિશનનો પ્રશ્ન આપે ઉપસ્થિત કર્યો ત્યારે રિલેવન્ટ એ હતું કે તે વખતે લઠ્ઠા કમિશને પોતાનો રિપોર્ટ નહોતો આપ્યો, આજે રંગનાથન કમિશને પોતાનો રિપોર્ટ આપેલો છે અને આપે કહ્યું તે મારી વાતને મદદકર્તા છે અને હવે લોકસભા એના ઉપર ચર્ચા કરવાની છે. (અંતરાય) એકશન ટેકન રિપોર્ટ આપવો જોઈએ કે ન આપવો જોઈએ એ કેન્દ્ર સરકારનો સવાલ છે કારણ કે રિપોર્ટ એમની પાસે રજૂ ક્યારે થયો, કેવી રીતે થયો એના ઉપર કેન્દ્ર સરકારે એકશન ટેકન રિપોર્ટ આપવો કે ન આપવો એ કેન્દ્ર સરકારને આપણે ફરજ પાડી શકીશું નહીં. આપણું ગૃહ એની ફરજ પાડી શકે નહીં. પરંતુ આપણે ૧૨૦ ના પ્રસ્તાવની અંદર આ રાજયના મંત્રીશ્રીના એ અધિકારને હું રોકી નહીં શકું કે અહીં એક બહુ જ ગંભીર વિષયની ચર્ચા જ્યારે થઈ રહી હોય ત્યારે આ સભાગૃની અંદર આ સભાગૃહના સભ્યોનું મંતવ્ય શું હોઈ શકે એ જાણવાનો અને જણાવવાનો અધિકાર જે છે એ અધિકારને હું રોકી નહીં શકું. આપ એ બાબતના હંમેશા પુરસ્કર્તા રહ્યા છો આ ગૃહના અધિકારો માટે કે આ ગૃહના પ્રત્યેક સભ્યોને પોતાની વાત કહેવાનો અધિકાર છે એ વાત માટે આપ હંમેશા કહેતા રહ્યા છો અને એટલા માટે આ વિષય એક એવો વિષય છે, ગંભીર વિષય છે એ વિષય ઉપર તમારું મંતવ્ય એક હોઈ શકે આ બાજુનું મંતવ્ય બીજું હોય શકે. મારું કાર્ય એટલું જ છે કે, એ સબજયુડિસ છે એ શબ્દોના આધારે હું આ સભાગૃહની અંદર એક ગંભીર વિષય ઉપરના મંતવ્ય આ સભાગૃહના સભ્યોને રજૂ કરવા માટે, વ્યકત કરવા માટે હું ન રોકી શકું અને એટલા માટે હું માનનીય મંત્રીશ્રીને એમનો પ્રસ્તાવ રજૂ કરવાની પરવાનગી આપું છું અને આપ એના ઉપર જે કહેવું હોય તે કહી શકો તેમ છો.

**( આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા )**

**અધ્યક્ષશ્રી:** ઓર્ડર, ઓર્ડર, આત્મારામભાઈ બેસી જાઓ, ફતેસિંહ બેસી જાઓ, બેસી જાઓ, હવે કોઈપણ જાતના અવાજ કરશો નહિ. આપણે પણ કેટલોક સંયમ જાળવવો પડશે, એ શાંતિથી વોકઆઉટ કરતા હોય તો તમારે અવાજ કરવાની ક્યાં જરૂર છે? તમારે અવાજ કરવાની કોઈ જરૂર નથી આપ ચર્ચાને આગળ ચલાવો. એમના વકતવ્યની અંદર એમણે જે કહેવું હોય તે કહે પણ સુત્રોચ્ચાર કરીને મને સમયની મર્યાદામાં રોકે નહિ શ્રી ફકીરભાઈ આપ પ્રસ્તાવની રજૂઆત કરશો. આપની પાસે ૬૦ મિનિટ છે અને મારી પાસે બીજા ચાર સભ્યો બોલનારા છે, એટલે આપનું વકતવ્ય અને સભ્યોના પ્રવચન અને આપનો જવાબ, ૬૦ મિનિટથી હું વધારી શકીશ નહિ.

# સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦)

## અનુસૂચિત જાતિના નાગરિકોને ધર્માન્તર બાદ અનામતના લાભો ન આપવા અંગે

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૨૦ હેઠળ નીચે મુજબનો સરકારી સંકલ્પ રજૂ કરું છું કે:-

" અત્યારે દેશમાં અનુસૂચિત જાતિના અનામતના વિવિધ લાભો, બંધારણના અનુચ્છેદ ૩૪૧ હેઠળ જાહેર કરવામાં આવેલ અનુસૂચિત જાતિઓને મળવાપાત્ર છે. અનુસૂચિત જાતિની યાદીમાં સંસદ કાયદા દ્વારા ફેરફાર કરી શકે છે. અનુસૂચિત જાતિના લોકોને આ અનામતના લાભો આપવા પાછળ બંધારણ સભાએ ખૂબ વિશદ્ રીતે, ઉંડાણપૂર્વક અને કાળજીપૂર્વક ચર્ચાવિચારણા કરીને આ નિર્ણય કરેલ છે. આ નિર્ણયની પશ્ચાદ્ભૂમિકામાં હજારો વર્ષોથી ચાલી આવતા કેટલાક કુરિવાજો તથા રૂઢિઓ છે અને આ રૂઢિઓના લીધે ઉભી થયેલી ધાર્મિક પરંપરા અને તેમાંથી ઉભાં થયેલા સામાજિક પછાતપણાની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ લાભો આપવામાં આવે છે જો કે તે વખતે આર્થિક માપદંડો કે બીજા માપદંડો મહદ્અંશે ધ્યાનમાં લીધા નથી, પરંતુ વર્ષોથી થયેલા સામાજિક અન્યાયમાંથી આ સમાજ ઝડપથી સન્માનપૂર્વક ઉભો થાય એ માટે આ અનામતની જોગવાઈ ઉપરોકત અનુચ્છેદથી અનુસૂચિમાં વિવિધ જાતિઓ જાહેર કરીને, ભારતીય બંધારણમાં દર્શાવવામાં આવેલ વિવિધ લાભો ઉપલબ્ધ કરવામાં આવેલ છે. અનુસૂચિત જાતિના નાગરિકો ધર્માન્તર કરી મુસ્લિમ કે ક્રિશ્ચિયન ધર્મ અપનાવે તો આપોઆપ તે નાગરિકો અનુસૂચિત જાતિના રહેતા નથી. તેઓ મુસ્લિમ કે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવાથી મુસ્લિમ કે ક્રિશ્ચિયન બને છે. આથી પરાપૂર્વથી ચાલતી પ્રથા મુજબ તેઓને અનામતનો લાભ આપવો યોગ્ય ગણાય નહિ. સ્વતંત્રતા બાદની બધી જ સંસદોએ પણ આવી માગણીઓનો અસ્વીકાર કરેલો છે. તે હેતુથી ધર્માંતરણ કરી મુસ્લિમ કે ક્રિશ્ચિયન ધર્મ અપનાવેલ હોય તેવા અનુસૂચિત જાતિના નાગરિકોને અનામતના લાભો નહિ આપવાની હાલની પ્રથા ચાલુ રાખવા અને તેમાં ફેરફાર નહિ કરવા આ સભાગૃહ કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે. "

**અધ્યક્ષશ્રી:** સંકલ્પ રજૂ થાય છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા:** માનનીય અધ્યક્ષશ્રી, આજે હું જે સંકલ્પ લઈને આવ્યો છું તેના દ્વારા આપના મારફતે અને આ માનવંતા ગૃહ મારફતે ગુજરાતની સાડા પાંચ કરોડની જનતા અને ભારતની ૧૨૫ કરોડની જનતાને જાગૃત કરવા માગું છું. જો આપણે બધા સમયસર નહીં જાગીએ તો ૫૦૦૦ વર્ષનો ભવ્ય ઈતિહાસ ધરાવતો ભારત દેશ ધીરે ધીરે પોતાની ઓળખ, અસ્મિતા અને ભવ્ય સંસ્કૃતિ વિસરી જશે. ભારત દેશ બાહ્ય અને આંતરિક રીતે ઘેરાયેલો છે તે સંજોગોમાં ભારતના રાજકીય, સામાજિક, આર્થિક તાણાવાણાઓને છિન્ન-ભિન્ન કરી તેનું કલેવર બદલવાની હિલચાલો ચાલી રહી છે. આ હિલચાલો અને ભેદી પ્રવૃત્તિઓને ઉગતી જ ડામવામાં નહીં આવે તો મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ડો.બાબા સાહેબ આંબેડકર, કનૈયાલાલ મુનશીના સ્વપ્નનું ભારત, મેકોલેના સ્વપ્નનું ભારત બની જશે.

માનનીય અધ્યક્ષશ્રી, ધર્મ પરિવર્તન કરનાર હિન્દુ દલિત અનુસૂચિત જાતિમાં ગણાય કે કેમ તે બાબત છેલ્લાં ૧૦૦ વર્ષથી ચર્ચાની એરણ ઉપર રહી છે. દરેક વખતે એ બાબત નિર્વિવાદપણે પ્રસ્થાપિત થઈ છે કે ધર્મ પરિવર્તન બાદ દલિતની અનુસૂચિત જાતિ મટી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જસ્ટીસ સાચર કમિટીના રિપોર્ટનો સ્વીકાર કરીને કોંગ્રેસે મુસ્લિમો અને ખ્રિસ્તિઓને અબજો રૂપિયાનું અલગ બજેટ તો આપ્યું જ છે. આ રીતે અન્ય ધર્મવલંબીઓને ધર્માંતરણ માટે ખુલ્લી લાલચ આપી છે. હવે એ ઓછું હોય તેમ કેન્દ્રની કોંગ્રેસ સરકાર જસ્ટીસ રંગનાથ મિશ્રના રિપોર્ટનો આધાર લઈને ઈસ્લામ અને ખ્રિસ્તિ સમુદાયમાં ધર્માંતરિત દલિતોને અનુસૂચિત જાતિનો દરજ્જો આપવાની પેરવી કરી રહ્યી છે. આ પેરવી સર્વથા નિંદનીય છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રની કોંગ્રેસ સરકાર આ દિશામાં વાયુ મંડળ ઉભું કરવા માટે તેના કોંગી શાસિત રાજયોમાં પણ આ વિચારને સમર્થન મળે તેવા પ્રયત્નો કરી રહી છે. હમણાં માનનીય વિરોધપક્ષના નેતા એમ કહેતા હતા કે આ સબજયુડિસ છે તે સાંભળતા હશે મારે તેમને કહેવું છે કે કોંગ્રેસના જ સત્તાવાળા આંધ્રપ્રદેશની અંદર માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.રાજશેખર રેડ્ડીની આગેવાની હેઠળ તા.૨૫-૮-૨૦૦૯ના રોજ આંધ્રપ્રદેશ વિધાનસભામાં તેની તરફેણમાં આ ઠરાવ પસાર કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ચળવળની પાછળ ખ્રિસ્તી પાદરીઓ, મીશનરીઓ અને ઝેહાદી તાલીબાનો રહેલા છે. જેમનો ડોળો ભારતમાં મોટા પાયે ધર્માંતરણ કરાવીને ભારતનું સામાજિક અને આર્થિક કલેવર બદલી

નાખવાનો છે. આ તત્વોની મેલી મુરાદો બર ન આવે તે માટે દરેક નાગરિકે દરેક મોરચે સાવધાન રહેવું પડે તેવી હું આ ગૃહ મારફતે સર્વને અપીલ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દલિત ખ્રિસ્તી અને મુસ્લિમોને અનુસૂચિત જાતિની યાદીમાં સમાવવાની માગણી નવી નથી. અગાઉ બ્રિટીશ શાસન વખતે પણ આ દિશામાં પ્રયત્નો થયા હતા. પરંતુ દરેક તબકકે આ માગણીને ફગાવી દેવામાં આવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૧૫ બ્રિટીશ શાસન વખતે પણ માગણી કરાઈ હતી પરંતુ નકારવામાં આવેલ કારણ અનામતનો મુખ્ય માપદંડ અસ્પૃશ્યતા/આભડછેટ છે. આ અસ્પૃશ્યતાનું કલંક ફકત હિન્દુ ધર્મમાં છે તો પછી હિન્દુ ધર્મનો ત્યાગ કરી ખ્રિસ્તી કે મુસ્લિમ ધર્મ અંગીકાર કરનારને અનામત શા માટે ? માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૩૦ તેમજ ૧૯૩૨ની અંદર જે ગોળમેજી પરિષદ ( રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ ) આમાં પણ ડો.બાબાસાહેબે તેનો વિરોધ કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૩૨ની અંદર ૨૪મી સપ્ટેમ્બરે જે પુના કરાર થયા તે વખતે પણ ડો.બાબાસાહેબ આંબેડકરે આને નકાર્યો હતો. ૧૯૩૬માં પ્રિવી કાઉન્સીલ કે જે તે સમયે સુપ્રીમ કોર્ટ ગણાતી તેણે પણ સ્પષ્ટ ચૂકાદો આપેલ કે " No Indian Chritian be deemed to be a member of scheduled caste કોઈ ભારતીય ખ્રિસ્તી અનુસૂચિત જાતિનો સભ્ય માની શકાય નહીં અને આ જજમેન્ટના આધારે કેન્દ્ર સરકારે તે વખતે તા. ૬-૬-૧૯૩૬ના રોજ સરકારી ગેઝેટમાં તે પ્રસિધ્ધ થયેલ છે. ૧૯૪૮માં સંવિધાનની રચના સમયે ધાર્મિક લઘુમતિઓને અનામત આપવાની માગણી ઉઠી. તે સમયે મૂળભૂત અધિકારો અને લઘુમતિઓ અંગેની સમિતિના ચેરમેન સરદાર વલ્લભભભાઈ પટેલ હતા. એમણે પણ સાફ ઈન્કાર કર્યો હતો. ૨૫ મે, ૧૯૪૯ના રોજ ભારતની બંધારણ સભામાં ડો. આંબેડકર, સરદાર વલ્લભભાઈ પટેલ, ડો. શ્યામાપ્રસાદ મુખરજી, મુન્ની સ્વામી પીલ્લાઈ, જવાહરલાલ નહેરૂ વગેરેએ લઘુમતિઓના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરીને લઘુમતી અનામતને પડતી મૂકવાનો નિર્ણય કર્યો. તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૪૯ના રોજ બંધારણ સભામાં થયેલી ચર્ચામાં કે જેમાં ડો. બાબાસાહેબ, ટી.ટી.કૃષ્ણમ્માચારી, મુન્ની સ્વામી પીલ્લાઈ જેવા મહાનુભાવોએ ભાગ લીધો હતો. જેમાં ઠરાવવામાં આવ્યું હતું કે ધર્માંતર થયેલા દલિતો અનુસૂચિત જાતિનો દરજ્જો જાળવી શકશે નહીં. અનુસૂચિત જાતિ દરજ્જા માટે હિન્દુ ધર્મમાં હોવું જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, બધા જ પક્ષના પૂર્વ વડાપ્રધાનોએ આ માગણીઓનો અસ્વીકાર કર્યો હતો. ૧૯૬૧માં શ્રી જવાહરલાલ નહેરૂએ ઈન્કાર કર્યો. ૧૯૭૮માં જનતા પાર્ટીના મોરારજીભાઈ દેસાઈએ ઈન્કાર કર્યો. ૧૯૮૦માં શ્રીમતી ઈન્દિરા ગાંધીએ ઈન્કાર કર્યો. ૧૯૮૮માં રાજીવ ગાંધીએ અને ૨૦૦૧માં શ્રી અટલબિહારી બાજપાઈના નેતૃત્વવાળી એન. ડી. એ.સરકારે પણ સ્પષ્ટ ઈન્કાર કર્યો છે, મને નવાઈ લાગે છે, માનનીય અધ્યક્ષશ્રી, આટલા બધા લોકોએ ઈન્કાર કર્યો. તો આજે યુ.પી.એ. ગવર્નમેન્ટ શા માટે આ કરવા જઈ રહ્યા છે એની સમજણ અમને પડે છે, રાજકીય માણસોને.

માનનીય અધ્યક્ષશ્રી, બંધારણીય એવું રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ કે જેના વાઈસ ચેરમેન અને ચેરમેનની જવાબદારી મને સંભાળવાની તક મળી હતી અને ત્યારે મેં પણ આ વિષયનો ઈન્કાર કરેલ. ૧૯૯૫માં આ જ કમિશનના ચેરમેન કોંગ્રેસના શ્રી હનુમંતથપ્પા હતા. એમણે તો આ સામે ચેતવણી ઉચ્ચારી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વોચ્ચ અદાલતના અનેક ચુકાદાઓમાં ધર્માંતરિત દલિતોને અનુસૂચિત જાતિના લાભો મળી શકે નહીં તેવું ઠરાવેલું છે, ૧૯૬૫માં પંજાબ વિરૂદ્ધ મેશરામના કેસમાં, ૧૯૬૮માં ગોકા રામલીંગમ વિરૂદ્ધ બી. અબ્રાહમના કેસમાં, ૧૯૮૫ના સૂસાઈ વિરૂદ્ધ ભારત સરકારના કેસમા, ૧૯૯૬ના એસ. સ્વીગારદોસ વિરૂદ્ધ ઝોનલ મેનેજર, એફ.સી.આઈ.ના કેસમાં. માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓ જે હતા, એ શ્રી કે.રામાસ્વામી અને જી.બી.પટનાયકની ખંડપીઠે આ બાબતે ચૂકાદો આપેલ છે. કે ખ્રિસ્તી તરીકે જન્મેલ વ્યકિત પોતાના બાપદાદાની જાતિનો લાભ લેવાનો દાવો કરી શકે નહીં. વ્યકિત ખ્રિસ્તી થયા પછી અનુસૂચિત જાતિનો સભ્ય રહેતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ કોઈ ફ્રીશીપ, સ્કોલરશીપ કે નોકરીઓ પૂરતું જ સીમીત નથી, પરંતુ તેમની મેલી મુરાદ રાજકીય અનામત મેળવવાની છે. જે ફકત દલિતોને જ નહીં, સમગ્ર રાષ્ટ્ર માટે ખતરો પેદા કરે તેમ છે. કારણ કે ભારતને Christland માં પરિવર્તન કરવાનું આ એક ષડયંત્ર છે. દલિત ખ્રિસ્તીઓને અનુસૂચિત જાતિનો દરજ્જો આપવાની ચળવળમાં પડદા પાછળથી ઈટાલીના રોમ સ્થિત વેટીકન સીટી સ્ટેટનો દોરીસંચાર રહેલો છે. હાલ રોમ ખાતે વેટીકન સીટી ખાતે ૧૬માં પોપ બેનીડીકટ છે. તેમના જે પુરોગામી હતા. જોહન પોલ દ્વિતીય આશરે ૬ વર્ષ પહેલા એશિયાના દેશોની મુલાકાતે આવ્યા અને તેમણે દિલ્હીમાં એવી ઘોષણા કરી કે ૨૧મી સદી ખ્રિસ્તી ધર્માન્તરણનો પાક લણવાની સદી રહેશે. પોપની આ ઘોષણાને અમલી જામા પહેરાવવા માટે બંધારણમાં સુધારો લાવવાની કોંગ્રેસની આ હીલચાલને બધાએ વખોડી કાઢવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે સર્વોચ્ચ અદાલતના અનેક ઐતિહાસિક ચુકાદાઓથી સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં ૫૦ ટકાથી વધારે અનામત થઈ શકે તેમ નથી. હાલની સ્થિતિએ ભારતમાં સન ૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે મુસ્લીમ સંપ્રદાયની ૧૩.૫ ટકા અને ખ્રિસ્તી સંપ્રદાયની ૨.૩ ટકા

કુલ ૧૫.૭ ટકા. આજની તારીખે ભારતમાં મુસ્લીમો ૧૫ કરોડ અને ૩ કરોડ ઈસાઈ એમ કરીને ૧૮ કરોડ થવા જાય છે.

અને જે પૈકીના ધર્માંતરીત મુસ્લીમ કેટલા છે? ૧૮ કરોડમાંથી ૧૫ કરોડ એ ધર્માંતરીત મુસ્લીમ અને ઈસાઈ છે અને આજે દલિતોની વસતિ લગભગ ૨૨ કરોડ, એટલે કે ૧૮ ટકા થવા જાય છે, અને અનામત કેટલી મળે છે? કેન્દ્રમાં ૧૫ ટકા, હવે ૨૨ કરોડની અંદર ૧૫ કરોડ ધર્માંતરીત દલિતો સામેલ થાય, અનામતમાં ભાગ પડાવે તો સાચા દલિતોને શું મળશે? આજની જે પરિસ્થિતિ છે એમાં કેન્દ્ર સરકારના પ્રથમ વર્ગના અધિકારી ૯૩૫૨૦ છે. એમાં એસ.ટી. એસ. સી. ૧૩૯૩૦ એટલે કે ૧૪.૬૮ ટકા. હોવા જોઈએ સાડા બાવીસ ટકા, એટલે જેટલા હોવા જોઈએ એટલા આજે નથી. બીજા વર્ગમાં ૧,૦૪,૯૬૩ છે એમાં એસ. સી. એસ. ટી. ૧૬૮૧૮ છે. એટલે કે ૧૬ ટકા, એ પણ બાવીસ ટકા હોવા જોઈએ. જો આજે દલિતોનું પ્રમાણ ટકાવારી કરતાં ઓછું હોય અને જો આમને પણ દાખલ કરવામાં આવે તો પછી શું પરિસ્થિતિ ઉભી થશે એ આપણે બધા સમજી લઈએ. એક ચિંતાજનક હકીકત તરફ આપના દ્વારા ગૃહનું ધ્યાન કેન્દ્રીત કરવા માગું છું. કોંગ્રેસની લઘુમતી પ્રત્યેની તૃષ્ટકરણની નીતિને કારણે ભારતની વસતિ અસમતુલીત થઈ ગઈ છે. ૧૯૫૧માં ભારતની અંદર ૮૫ ટકા હિન્દુઓ હતા. તે ૨૦૦૧ની વસતિ ગણતરીમાં ઘટીને ૮૦ ટકા થઈ ગયા, પાંચ ટકા હિન્દુ વસતિ ઘટી ગઈ. ૧૯૫૧માં મુસ્લિમ સંપ્રદાયની ૧૦ ટકા વસતિ હતી તે ૨૦૦૧માં વધીને ૧૩.૫ ટકા થઈ એટલે કે સાડા ત્રણ ટકાનો વધારો થયો. આજે પૂર્વોત્તર રાજયો છે ત્યાં ૧૯૫૧મા ઈસાઈ સંપ્રદાયની વસતિ લગભગ નગણ્ય હતી આજે ૬૦ ટકા ઈસાઈ સંપ્રદાયની વસતિ છે. અને અમૂક પ્રદેશ તો એવા છે કે જયાં ૮૦ ટકા વસતિ ફકત ઈસાઈઓની છે. હવે આજે અનામત વગર પણ રાજયની અંદર ઈસાઈ સાંસદ અને ધારાસભ્યોની સંખ્યા અધિકતમ છે અને જો ધર્માંતરીત ઈસાઈને અનુસૂચિત જાતિમાં દાખલ કરી અનામતનો લાભ આપવામાં આવે તો એમાં ઓર વધારો થશે અને આમ રાજનીતિની અંદર ઈસાઈ અને મુસ્લિમ શકિતનું વર્ચસ્વ વધશે. ૨૦૦૧ની અંદર ખ્રિસ્તીની વસતિ ૨.૩૦ ટકા હતી છતાં પ્રાથમિક શિક્ષણની અંદર ખ્રિસ્તીઓનું પ્રમાણ ૩.૭૦ ટકા, વસતિ કરતા ટકાવારી વધારે, માધ્યમિક શિક્ષણની અંદર ૧૨.૨ ટકા અને નોકરીઓમાં ૨.૩૦ ટકાની સામે સરકારી નોકરીઓમાં ૩.૮૫ ટકા. આઈ.એ.એસ. કેટલા? ૨.૭, ટકા. આઈ.પી.એસ. કેટલા? ૨.૬૯ ટકા, બેંકીગ સેવામાં ૨.૬૭ ટકા, જાહેર સાહસોમાં ૩.૮૭ ટકા. જો અત્યારે જ એમનું પ્રમાણ વધારે છે. તો જો આ ઉમેરવામાં આવે તો શું પરિસ્થિતિ દેશની ઉભી થશે? જે સચર કમિટીની વાતો કરવામાં આવે છે મારે કહેવું છે જયારે લઘુમતિ માટે કે મુસ્લિમ સંપ્રદાયની વાત થતી હોય ત્યારે ભારતની અંદર ૫૪.૯ ટકા કામદારોની પરિસ્થિતિ છે. પશ્ચિમ બંગાળ જે મોટા ઢોલ પીટે છે ત્યાં પણ નોકરીઓમાં ૫૫.૮ ટકા છે. ગુજરાતમાં કામદાર આલમની અંદર મુસ્લિમોની સંખ્યા ૬૧.૧ ટકા છે. સમગ્ર ભારતની અંદર એની ટકાવારી ઉંચી રહી છે. સરકારી નોકરી છે એમાં પશ્ચિમ બંગાળની અંદર ૨.૧ ટકા, મહારાષ્ટ્ર, જયાં કોંગ્રેસનું શાસન છે ત્યાં ૪.૪ ટકા અને ગુજરાતની અંદર ૫.૪ ટકા. આમ જોઈએ આપણે કેવી હાલત છે. હું ગુજરાની વાત કરું તો વસતિ ગણતરીના ૨૦૦૧ના આંકડા પ્રમાણે ગુજરાતમાં હિન્દુઓનો સાક્ષરતા દર ૬૮.૩ ટકા, મુસ્લીમોનો સાક્ષર દર ૭૩.૫ ટકા, ખ્રિસ્તીઓનો સાક્ષરતા દર ૭૭.૭ ટકા, અનુસૂચિત જાતિનો સાક્ષરતા દર ૭૦. ૫ ટકા, આ આંકડા એવું સિધ્ધ કરે છે કે ખ્રિસ્તીઓ અને મુસ્લિમોની સ્થિતિ હિન્દુઓ અને દલિતો કરતા ઉંચી છે તો રક્ષણની જવાબદારી કોની? અનુસૂચિત જાતિને રક્ષણ આપવાની જરૂર છે કે કન્વર્ટર ખ્રિસ્તીને રક્ષણ આપવાની જરૂર છે?

લોકસભા અને વિધાનસભાઓમાં અનામત નથી છતાં એક ડઝનેક જેટલા સાંસદો ઈસાઈ છે અને ધારાસભ્યો પણ અનેક રાજયોમાં છે.

અનુસૂચિત જાતિની પરિસ્થિતિની વાત કરું તો ૬૪ લાખ જેટલા શિક્ષિત દલિતો આજે ભારતમાં બેકાર છે જેમાં ગ્રૅજ્યુએટ સાત લાખ, પોસ્ટ ગ્રૅજ્યુએટ ૭૬ હજાર છે, મૅડિકલ-એન્જિનિયરીંગમાં ૫૪ હજાર, પી.એચ.ડી./એમ.ફીલ ૨૬૦૦ થયા છે, હાઈસ્કૂલ પાસ ૧૭ લાખ જેટલા છે, ઈન્ટર મીડીએટ નવ લાખ જેટલા છે. આપણને દુઃખદ આશ્ચર્ય ત્યારે થાય છે કે જે ખિસ્તી મિશનરીઓ અનુસૂચિત જાતિના લાભો હાંસલ કરવા માટે આંદોલન કરી રહ્યા છે તે ખિસ્તી મિશનરી બંધારણની કલમ ૩૦ હેઠળ વિશિષ્ટ અધિકાર પ્રાપ્ત કરી પોતાની સંસ્થાઓમાં અનુસૂચિત જાતિના સભ્યોને અનામત આપવા તૈયાર નથી. એમને પોતાની સંસ્થાઓમાં અનામત નથી આપવી પરંતુ અમારા જે કન્વર્ટેડ દલિતો છે એને અનામત આપો. આ અગાઉ લઘુમતી સંસ્થાઓમાં અનુસૂચિત જાતિ/જનજાતિ/ઓ.બી.સી. વગેરેની અનામતની વ્યવસ્થા હતી. પરંતુ કોંગ્રેસની નેતૃત્વવાળી યુ.પી.એ.ની સરકારે ૨૦૦૫માં બંધારણની કલમ ૧૫(૫) દ્વારા ૯૩માં બંધારણીય સુધારો કરી આ વ્યવસ્થા બંધ કરી. કોંગ્રેસના શાસનમાં હતું અને કોંગ્રેસના શાસનમાં જ બંધ કર્યુ. કહેવાય છે કે "મારૂં મારા બાપનું, તારામાં મારો ભાગ." એ અમને સમજણ નથી પડતી કોંગ્રેસની કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦૪માં પૂર્વ મુખ્ય ન્યાયધીશ શ્રી રંગનાથ મિશ્રના અધ્યક્ષ પદે એક કમિશન (આયોગ)ની રચના કરી આ માંગને ચકાસવાનું જણાવેલ. આ રંગનાથ મિશ્રા કમિશને પોતાનો અહેવાલ ક્યારે આપ્યો એ ૧૦-૫-૨૦૦૭માં, અઢી વર્ષ પહેલા આ કેન્દ્ર સરકારને અહેવાલ આપી દીધો અને એ અહેવાલ પુટ અપ ગઈકાલે જ થયો છે. કેન્દ્ર સરકારે ગઈકાલે જ લોકસભામાં રજૂ કર્યો. જ્યારે કમિશન ચાલતું હતું ત્યારે હું પણ દિલ્હી હતો નેશનલ કમિશનના ચેરમેન તરીકે હું પણ એમને મળવા ગયો હતો અને અમારા વાંધા રજૂ કર્યા હતા. સમગ્ર ભારતમાંથી લગભગ ૫૦ હજાર થી વધુ લેખિત વાંધાઓ, વિચાર ગોષ્ઠીઓમાં

થયેલ વિરોધ, વિદ્વાન અને ચિંતકોના નકારાત્મક અભિપ્રાય છતાં રંગનાથ મિશ્ર કમિશને દલિત મુસ્લિમ/દલિત ઈસાઈને અનામત આપવાની સિફારીશ કરી છે. આ કમિશનનો રિપોર્ટ સર્વસંમતિથી નથી. તેમના જ એક સભ્ય વરિષ્ઠ આઈ.એ.એસ. અધિકારી શ્રીમતી આશાદાસે આનો વિરોધ કર્યો છે. પોતાની અલગ નોંધમાં તેમણે જણાવેલ છે કે, ધર્માન્તરિત અનુસૂચિત જાતિના લોકો અનામતનો લાભ-ગેર બંધારણીય, ગેર કાનૂની અને તર્કસંગત નથી. આ એમના કમિશનના સભ્યે કહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ કન્વર્ટેડ દલિત ખ્રિસ્તીના આવા સમુદાયને તમામ રાજયો અને ભારત સરકારના ઓ.બી.સી. લિસ્ટમાં તો સમાવેલા જ છે અને તેઓ ૨૭ ટકા અનામતના ભાગીદાર છે જ, બીજું કે લગભગ ૫૦ ટકા મુસ્લિમ સમુદાય એકયા બીજી જાતિ તરીકે ઓ.બી.સી. માં સમાવેશ પામેલા છે. જેમ કે ગુજરાતની ૧૪૪ બક્ષીપંચની જાતિઓ પૈકી દેશી ખિસ્તી તરીકે દલિત ખિસ્તીઓને તેમજ અન્ય ૨૯ મુસ્લિમ જાતિઓને ઓ.બી.સી.માં સમાવેલી જ છે ત્યારે ગરીબ અનુસૂચિત જાતિની ૧૫ ટકા વસતિના લાભો છીનવી લેવા માટે આંતરરાષ્ટ્રીય ષડ્યંત્રના ભાગ રૂપે જે પેરવીઓ થઈ રહી છે જેનો કર્મચારીગણે, વિવિધ સામાજિક સમુદાયોએ, વકીલોએ તેમજ આ માનવંતા ગૃહે સર્વાનુમતે વિરોધ કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ મુસ્લિમલીંગ કરતાં પણ વધારે ખતરનાક રસ્તે આગળ વધી રહી છે. મુસ્લિમ લીગે તો એક પાકિસ્તાન ઊભું કર્યુ હતું. કોંગ્રેસ દેશના ટુકડા કરી સેંકડો પાકિસ્તાન ઊભા કરવાના રસ્તે છે.

અમારી સરકારે અને અમારા આદરણીય નેતા માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિલ્હી ખાતે મળેલી" રાષ્ટ્રીય વિકાસ પરિષદ" પ્લાનિંગ કમિશન તેમજ અન્ય ફોરમમાં ખોંખારીને સ્પષ્ટ કહ્યું છે.ધર્મ આધારીત અનામત કે યોજના બંધારણની વિરુધ્ધ છે જે મારી સરકાર સ્વીકારશે નહીં, કોઈ બોલી શકયું નહીં, કોઈ ના બોલી શકયું, એક જ મરદનો બચ્ચો નીકળ્યો સમગ્ર ભારતમાંથી જેણે ફોરમમાં કીધું કે મારી સરકાર નહીં સ્વીકારે, ધર્મ આધારીત અનેક યોજનાઓ ગુજરાતે સ્વીકારી નથી. હિન્દુ ધર્મને ટપારવા માટે ૧૯૩૫માં ડાં. બાબાસાહેબક આંબેડકરે ધર્મપરિવર્તનની જાહેરાત કરી અને જેવી જાહેરાત કરી એવા ડાં. બાબાસાહેબને લાલચ આપવા માટે મુસ્લિમ સમાજના મુલ્લાઓ, ખ્રિસ્તી મીશનરીઓ એમના ઘરે પહોંચી ગયા અને એમણે કહયું કે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરો, અમે આટલા છીએ તમે આટલા થશો. મુસ્લિમના લોકો પણ ગયા, કે અમે છ કરોડ તમે આટલા, આપણે આટલા બધા કરોડ થઈ જઈશું, ડાં. બાબાસાહેબ આંબેડકરે એમને જે જવાબ આપ્યો એ મારે ગૃહને કહેવું છે, એમણે એમ કહયું કે, જો હું મુસ્લિમ થઈશ તો મુસ્લિમ શાસન મજબૂત થશે, જો હું ખ્રિસ્તી થઈશ તો અંગ્રેજો મજબૂત થશે, અને તેથી ૨૧ વર્ષની વિચારણા બાદ જાહેરાત ૧૯૩૫માં અને એનો અમલ કર્યો ૧૯૫૬માં હિન્દુ ધર્મના જ એક પંથ એવા બૌધ્ધ ધર્મનો સ્વીકાર કરી ભારતના દલિતોને મુસ્લિમ કે ખ્રિસ્તી ન બનતા ભારતીય ધર્મમાં જવાની સલાહ આપી. આ ડાં. બાબાસાહેબ આંબેડકરની રાષ્ટ્રભકિત છે જેને આપણે નમન કરીએ. માનનીય અધ્યક્ષશ્રી, જે ઈસાઈ મીશનરીઓ છે એ ધર્માન્તરની લાલસાની ટીકા, પાદરીને ઉદ્દેશીને બાઈબલમાં કરવામાં આવી છે. બાઈબલની અંદર પ્રભુ ઈસુના શબ્દો યાદ કરવા જેવા છે, એમણે એમ કહયું, એમને ઉદ્દેશીને કે, ઓ શાસ્ત્રીઓ, ફરોસીઓ અને દંભીઓ, તમારી કેવી દશા થશે? તમે એક જણનો ધર્મપલટો કરાવવા માટે પૃથ્વી પર અને સમુદ્ર ઉપર ફરી વળો છો જયારે તે ધર્મ પલટો કરે છે ત્યારે તમે તેને તમારા કરતાં બમણા નરકને પાત્ર બનાવો છો. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રભુ ઈસુના શબ્દો છે અને જે ઈસાઈ મીશનરીઓએ કરૂણામૂર્તિ પ્રભૂ ઈસુના શબ્દો સાંભળવા તૈયાર નથી તેમના કાને આ ગૃહનો અવાજ પહોંચે તેવી પ્રભુને પ્રાર્થના કરુ છું. પ્રભુ ઈસુને શૂળીએ ચડાવનાર આ લોકો માટે પ્રભુ ઈસુએ એમ કહયું, કે પ્રભુ આ બધાને માફ કરજે કારણ કે તેઓ શું કરી રહયા છે તેની તેમને ખબર નથી. આજે કદાચ પ્રભુ ઈસુનો આત્મા સ્વર્ગમાંથી કહેતા હશે કે હે પ્રભુ આ કોંગ્રેસવાળાઓને માફ કરજે કારણ કે મત લાલસામાં તેઓ શું કરી રહયા છે તેની એમને ખબર નથી પરંતુ ઈશ્વર તેમને માફ કરવાનો નથી અને મારો દલિત સમાજ તો તેમને કયારેય પણ માફ નહીં કરે. આ નીતિના વિરોધમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા અનુસુચિત જાતિ આરક્ષણ બચાવો મંચની રચના કરવામાં આવી, એના વિવિધ કાર્યક્રમો ચાલી રહયા છે, આ આયોજકોની અંદર આર.એસ.એસ.ના ઈન્દ્રેશકુમારજી, શ્રી કે.વી. મદનનજી, પૂર્વસાંસદ શ્રીરામનાથ કોવિદજી, શ્રી બાંગારુ લક્ષ્મણ, પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ ભા.જ.પા. સત્યનારાયણ જતિયા, અમારા ગુજરાતમાંથી મંત્રીશ્રી રમણલાલ વોરા, અમારા સાંસદ ડાં. કિરીટ સોલંકી આ ગૃહના જ ધારાસભ્ય અને મોરચાના પ્રમુખશ્રી આત્મરામ પરમાર, ભા.જ.પ.ના પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ઝવેરભાઈ ચાવડા આ બધા આજે સમગ્ર ગુજરાતની અંદર અને દેશમાં ફરી રહયા છે. હું દિલ્હીની અંદર આ કાર્યક્રમમાં ગયો, માનનીય રમણલાલજી જયપુર ગયા હતા અને આ રીતે સમગ્ર ભારતની અંદર આ અંગેની જાગૃતિ ચાલી રહી છે. આ આંદોલનની અંદર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વિશ્વહિન્દુ પરિષદ અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ કાર્યકર્તા, ધારાસભ્યો, સંસદસભ્યો મળીને મોટી સંખ્યામાં જોડાયા છે અને ભારતીય જનતા પાર્ટીએ સાચા અર્થમાં અનુસુચિત જાતિ અને જનજાતિ માટેના અનામતના બચાવમાં પ્રત્યક્ષ ભાગ લઈને દેશને દિશા સૂચન પૂરું પાડયું છે અને યુ.પી.એ. સરકારને મતબેંક માટે પ્રભાવિત કરતી નીતિઓને વખોડી છે. ચળવળની વિરુધ્ધમાં ગુજરાતમાં તમામ જિલ્લા અને તાલુકા ઉપર આજે ડાં. બાબાસાહેબ આબેડકરની પ્રતિમા પાસે સાંજના ૫-૦૦ વાગે દેખાવોનો કાર્યક્રમ આ

મંચ તરફથી સમગ્ર ગુજરાતમાં આપવામાં આવ્યો છે.આ ધર્માંતરિત દલિત ઈસાઈ અને મુસ્લિમોને અનામત ન મળે એ માટે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો જ્યારે આંદોલન કરે છે ત્યારે કોંગ્રેસના લોકો પૂછે છે કે આ શાનું આંદોલન છે? એમને આની સમજણ પડતી નથી ત્યારે મને વેરાવળના કવિ સામંત સોલંકીની કવિતાના શબ્દો યાદ આવે છે.

લોકો પણ કેવા કેવા સવાલ પૂછે છે, ખંજર માર્યા પછીના હાલ પૂછે છે.
ધુત્કારની સળીએ ડામ આપે છે રોજ અને પછી રોગ અને રોગનું કારણ પૂછે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના બંધારણને તોડી મરોડી ભારતના રાષ્ટ્ર પુરૂષો સાથે ક્રૂર મજાક કરવા જઈ રહેલા આ કોંગ્રેસના મિત્રોને આ દિશામાં જતા રોકવા માટે આ ગૃહ મારા સંકલ્પને સર્વાનુમતે પસાર કરે અને તેની જાણ ભારત સરકારને કરવામાં આવે તેવી વિનંતી કરું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા આ સરકારી સંકલ્પ લઈને આ સન્માનનીય સભાગૃહમાં ઉપસ્થિત થયા છે ત્યારે તેમના સમર્થનમાં મારી વાત કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ શહેરના અસારવા વિધાનસભા મત ક્ષેત્રમાંથી ચૂંટાઈને આવું છું. મારા વિધાનસભા મત ક્ષેત્રમાં ૭૦ હજાર જેટલી જન સંખ્યા આ અનુસૂચિત જાતિના લોકોની છે. સ્વભાવિક છે કે વિસ્તારના લોકો જ્યારે નાના-મોટા કામો લઈને આવતા હોય ત્યારે ક્યાંકને ક્યાંક સમાજ અંગેની વાતો કરી રજૂઆતો કરે. એમણે મને રજૂઆત કરી હતી કે આપ અમારા જનપ્રતિનિધિ છો અને આગામી દિવસોમાં આ રંગનાથન પંચ દ્વારા, એના રિપૉર્ટ દ્વારા અનુસૂચિત જાતિમાંથી કે આદિવાસી સમાજમાંથી જે ધર્માંતર કરે છે એ ધર્માંતર કરેલા લોકોને અનામતનો લાભ આપવાની પેરવી ચાલી રહી છે. આનો વિરોધ કરવો જોઈએ એવી એમણે મારી સમક્ષ લાગણી વ્યક્ત કરી હતી. આજે આ સંકલ્પની અંદર માનનીય ફકીરભાઈએ આ આખી લાગણીનો સમાવેશ કર્યો છે એના કારણે આ સંકલ્પની સાથે હું સંમત થાઉં છું. દરેક નાગરિકને સમાન અધિકાર એ બંધારણની મૂળ ભાવના હોવા છતાં પણ આ એટલા માટે અનામતનો અધિકાર આપ્યો હતો કે આપણા પૂર્વજોએ, આપણા ધર્મની રૂઢિઓએ અનેક એવી કુંઠાઓ ઊભી કરી એના કારણે આ સમાજ પછાત રહી ગયો અને આ પછાત સમાજને આપણી બરોબરીમાં લાવવા માટે બંધારણે અનામતની જે વ્યાખ્યા કરી એના કારણે આ સમાજને આપણે અનામતની જોગવાઈઓ પૂરી પાડીએ છીએ. જ્યારે ચર્ચાની શરૂઆત કરી ત્યારે માનનીય વિરોધ પક્ષના નેતા આ સભાગૃહની અંદરથી ઊઠીને ચાલ્યા ગયા. મને એ દિવસો યાદ આવે છે, એ વાત યાદ આવે છે કે ૧૯૫૦ની અંદર આ દેશ આઝાદ થયો હોવા છતાં પણ ૧૯૮૯ સુધી સંસદના સેન્ટ્રલ હૉલમાં કોંગ્રેસ દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકરનું તૈલચિત્ર મૂકવાની જગ્યા ન હતી. આ શરમજનક વાત કહેવાય. જે ડૉ. બાબા સાહેબ આંબેડકર, જે મહામાનવે આ દેશનું બંધારણ રચ્યું છે એ મહામાનવને આ કોંગ્રેસના શાસનમાં ભારતરત્ન એવોર્ડ આપવામાં આવ્યો ન હતો. આ ભારતરત્ન એવોર્ડ જ્યારે ભારતીય જનતા પક્ષની સરકાર મોરચાના સ્વરૂપે ત્યાં બેઠી ત્યારે મરણોત્તર ભારતરત્નનો એવોર્ડ આપવાનું કામ કર્યું હોય તો તે વખતના ભારતીય જનતા પક્ષના નેતાઓએ કર્યું છે. ગઈ કાલે ૧૦ વર્ષનો અનામતની સમય અવધી વધારી. આઝાદીના ૬૦ વર્ષના સમયમાં મહત્તમ શાસન કર્યું છે એવી કોંગ્રેસે દલિતોના ઉદ્ધાર માટે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપને જવાબમાં કેટલો સમય જોઈશે? (અંતરાય) મારી પાસે ૨૮ મિનિટ છે અને ૭ સભ્યશ્રીઓ બોલવાના બાકી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મને ૮ મિનિટનું સાહેબે કહ્યું હતું.

**અધ્યક્ષશ્રી** : કહ્યું હતું પણ ૧ કલાકને ૩૦ મિનિટમાં.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : સાહેબ, પાંચ મિનિટમાં પૂરું કરું છું. હજી આપ આવ્યા એટલામાં જ શરૂ થયું છે સાહેબ.

**અધ્યક્ષશ્રી** : મને ખબર છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રંગનાથ પંચનો આપણે જો દિલ્હીની કેન્દ્ર સરકાર સ્વીકાર કરે તો શું થાય? ધર્માન્તરણની પ્રક્રિયાને વેગ મળશે. દલિતોનો અધિકાર છીનવાશે. ધર્માન્તરણ કરનાર લોકોના કોઈ રેકર્ડ ઉપલબ્ધ નહિ હોય એટલે ગમે તે લોકો આનો લાભ લઈ શકશે. કોઈ એક વ્યકિત ધર્માન્તરણ કરે છે એટલે.એ માત્ર ધાર્મિક માન્યતાઓ જ નથી બદલતો. પોતાના ઈતિહાસથી કપાય છે, પોતાના પૂર્વજોના સંસ્કારથી કપાય છે, પોતાની સંસ્કૃત્તિ કપાય છે. કોઈ જયંતિ જોસેફ બને, કોઈ મહેશ મહોમ્મદ બની જાય એટલે એ પ્રક્રિયા નિર્દોષ નથી. જે સમાજો આની સામે જાગૃત્તિ નહિ દાખવે, જે સમાજ પોતાનો ઈતિહાસ ભૂલી જશે, એ દેશની ભૂગોળ બદલાઈ જશે. કાબાથી પાકિસ્તાન સુધી, યુરોપ, અમેરિકા, આફ્રિકા આ બધાના મૂળ ધર્મો, મૂળ સંસ્કૃત્તિ લોપાય ગઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય સંસ્કૃત્તિ ઉપર અનેક આક્રમણો થયા એના વચે પણ આપણે આપણી સંસ્કૃત્તિ જાળવી રાખી. છે. કોઈ જયંતિ જોસેફ બને, કોઈ મહેશ મહોમ્મદ બની જાય આમાં લાભ લેવા માટે હારમાળા સર્જાશે અને એના કારણે અનુસૂચિત જાતિ અને જનજાતિના અધિકારીઓ, એના અધિકારો છીનવાય જશે. આ કોને ખુશ કરવા માટે કરી રહ્યા છીએ? આપણે મારા પૂર્વકતાશ્રીએ જેમ કહ્યું મહાત્મા ગાંધીથી

માંડીને આજ દિવસના આ દેશની સંસદના તમામ લોકોએ આનો વિરોધ કર્યો છે. ૧૯૩૨માં મહંમ્મદ અલી ઝીણાએ ધર્મ આધારિત અનામતની વાત કરીને એ દિવસથી એના બીજ રોપ્યા હતા. આપણે આઝાદીની આ લડત મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોઝ, ભગતસિંગ ખુદીરામ બોઝ જેવા લોકોએ મહામૂલી આપણને આઝાદી અપાવી છે. આ આઝાદીની લડતના આપણા અખંડ ભારતની જગ્યાએ એ વખતે આ દેશના ટુકડા થયા. ભારત-પાકિસ્તાનના ભાગલા પડ્યા એ ઘટનાને આપણે ભૂલી નથી શક્યા. આજે પણ જો આનો અમલ કરવામાં આવે તો ફરીથી દેશ ભાગલા તરફ દોરાશે. ૨૦૦૫ માં પોપ ભારત આવ્યા. વિટિકલ સંદેશ લઈને આવ્યા અને અમે ૨૦૧૫ ની અંદર એશિયાખંડમાં ખ્રિસ્તીઓનું સામ્રાજ્ય બનાવીશું. બાબા સાહેબ આંબેડકરે તૈયાર કરેલા આ અનામતના લાભ માટે આપણે માનનીય ફકીરભાઈ જે લાગણી લઈને આવ્યા છે અને એમને એમ નથી આવ્યું માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના હક ઉપર તરાપ મારવા માટે એમાં કુહાડીના ઘા મારીને એમાં મીઠું ભભરાવીને આ કોંગ્રેસના મિત્રો એ વિકૃત્તિ આનંદ લેવા માટેનો પ્રયાસ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ આપણે ધર્માન્તરણ નથી થતું, ધર્માન્તરણની સાથે સાથે રાષ્ટ્રાંતરણ થાય છે, એનો ડેમોગ્રાફીકલ ચેઈન્જ થાય છે અને ડેમોગ્રાફીકલ ચેઈઝના કારણે આ ભૌગોલિક કોઈ એક ભાગમાં કોઈ જાતિના કોઈ સંપ્રદાયના અસંતુલિત વધારો થાય તો આવતી કાલે દેશની ભૂગોળ બદલાઈ જશે. આંધ્રની અંદર ધર્મ આધારિત અનામતને હાઈકોર્ટે રદ કર્યો. આ રંગનાથ અને આ કોંગ્રેસના લોકો આ દેશની આઝાદી માટે વંદેમાત્રમ્‌ના નારા સાથે જે ફાંસીના માંચડે લટક્યાં. આજે વંદેમાત્રમ્‌નો વિરોધ કરવાવાળા માટે અનામતના કેસની વકીલાત કરે છે. રાજકારણમાં મતની ચિંતા ન કરવી જોઈએ, રાષ્ટ્ર નીતિની ચિંતા કરવી જોઈએ અને માનનીય અધ્યક્ષશ્રી, દરેક ક્રિયાની પ્રતિક્રિયા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, શા માટે ધર્મ આધારિત વ્યવસ્થા ઊભી કરીને આ દેશનું વિભાજન કરવું જોઈએ? માનનીય અધ્યક્ષશ્રી, સવારે વિરોધપક્ષના નેતા માનનીય શક્તિસિંહજી કહેતા હતા કે, અમારા પક્ષની અંદર લોકશાહી છે અને અમે અમારા પક્ષની અંદર અમારા કોઈ પણ અભિપ્રાય ખુલ્લેઆમ આપી શકીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ દલિતોના હિતની વાત છે. પોતે વિપક્ષના નેતા છે અને ગુજરાત સહિત સમગ્ર દેશના દલિતોનું આની અંદર હિત સંકળાયેલું છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે નેતૃત્વ લેવું જોઈએ આ દલિતોના હિતવાળી વાતમાં. આ દલિતોમાંથી જો ખ્રિસ્તી કે મુસ્લિમોને અનામતમાં ભાગ પાડવામાં આવશે તો દલિતોના અધિકાર ઉપરની તરાપ છે. એમણે અવાજ રજૂ કરવો પડે, એમનું નેતા પદ જાય તો ભલે જાય પણ તો આવનારા દિવસોમાં આ દેશના દલિતો એમને કાયમ માટે યાદ કરશે. એવી ચિંતા કરવાના બદલે આ ચર્ચાથી દૂર ભાગીને જે પ્રયાસ કર્યો છે એ વાજબી નથી. હું માનનીય ફકીરભાઈના ઠરાવને અનુમોદન આપું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ફકીરભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે તેને હું આવકારું છું. માનનીય અધ્યક્ષશ્રી, મને માફ કરો પણ મારા સમાજના હક્કોની ઉપર કોંગ્રેસ દ્વારા તરાપ મારવામાં આવતી હોય ત્યારે હું શાંત રહી શકું નહીં. માનનીય અધ્યક્ષશ્રી, મારે કોંગ્રેસની દલિત વિરોધી માનસિકતા ખુલ્લી પાડવી છે. અને એ આજે પૂરવાર કરે છે કોંગ્રેસીઓએ જે રીતે આ જે પ્રસ્તાવ આવ્યો અને જે ટૅક્નીકલ પૉઈન્ટ ઊભો કરીને જે સભાગૃહનો ત્યાગ કરી ગયા છે એ બતાવે છે કે, દલિતોના હિતોની વાત સાથે કોંગ્રેસ કયારેય સંમત નથી. આવા પ્રસંગે જ્યારે અનુસૂચિત જાતિના લોકોને જે અનામતની જોગવાઈથી જે લાભો મળે છે એ લાભો મેળવીને. ડાૅ. બાબા સાહેબ આંબેડકરે જે પ્રાવિધાનમાં જોગવાઈ કરી હતી એના લીધે અમે જે કાંઈ ડાૅકટરો બની શક્યા, ધારાસભ્યો બની શક્યા, વકીલ બની શક્યા, મિનિસ્ટર બની શક્યા છીએ, આવા લોકોની હાજરીમાં જ્યારે અમારા સમાજના હક્કો ઉપર તરાપ પાડવાનો કોંગ્રેસ પ્રયત્ન કરે એ કયારેય સહન થઈ શકે નહીં અને અમને સમાજે પણ કયારેય માફ ન કરે. મારે એટલા માટે કહેવું છે કે કોગ્રેસની જે બે ધારી નીતિ છે એ અહીંયા ખુલ્લી થાય છે. કોગ્રેસને જે રીતે કોંગ્રેસે આ પ્રશ્નની શરૂઆત કરી ત્યારે જ ખયાલ આવી ગયો હતો કે આ એમના નેતાને રાજી રાખવા માટેનું રાજકારણ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ટૅક્નીકલ પૉઈન્ટો એ મુદ્દાઓ મહત્ત્વના નથી. પણ અહીંયા આ પ્રસ્તાવ ઉપર ગૃહમાં ચર્ચામાં ભાગ લે અને એમાં જો ક્યાંક કંઈક આમ તેમ થાય તો દિલ્હીમાં બેઠેલા નેતાઓની નારાજગી આ લોકોને વહોરવી પોષાય તેમ નથી અને એટલા માટે આ એક ટૅક્નીકલ બહાનું કાઢીને અનુસૂચિત જાતિના લોકોના હિતનો પ્રસ્તાવ લઈને જ્યારે માનનીય ફકીરભાઈ અહીંયા આવ્યા છે ત્યારે એમણે જે વોક આઉટ કર્યો છે એ કોઈ સંજોગોમાં ચાલી શકે તેમ નથી. મારે જે વાત કરવી છે એ વાત કરવી છે કે, જે લોકો અમારા સમાજમાં એમને ન ફાવ્યું, એમને એમ લાગે કે આ સમાજમાં અમારું કલ્યાણ નથી તો એ સમાજ છોડીને ગયા, ગયા તો ગયા સાહેબ અમે પણ ભૂલી ગયા એમને, અમે પણ સંબંધો તોડી નાખ્યા, સંબંધો કાપી નાખ્યા અને હવે અમારામાંથી કેટલાક લોકો ગયા. આમણે કહ્યું એ પ્રમાણે કેટલાક રામમાંથી રહીમ બની ગયા, કેટલાક રેશ્મામાંથી રોઝી કે રઝિયા થઈ ગયા, અશોકમાંથી એન્થની થઈ ગયા, અરવિંદમાંથી ઐયાસ થઈ ગયા કે દમયંતીમાંથી મરિયમ થઈ ગયા. મંદિર છોડીને મસ્જિદમાં ગયા, તો ગયા , અમે નથી રોક્યા સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, પૂજાના બદલે નમાજ પઢી, તો પઢી અમે એને નથી રોક્યા કોઈને. મંદિર છોડી ચર્ચામાં ગયા, તો ગયા. પ્રાર્થનાના બદલે પ્રેયર કરી તો અમે કોઈને રોકવા નથી ગયા. લગ્નના બદલે નિકાહ કર્યા તો નિકાહને અમે રોક્યા નથી. લગ્નના બદલે વેડિંગ સેરિમની કરી તો વેડિંગ સેરિમનીને અમે રોકી

નથી. અને જેને આ ગયા પછી લઘુમતી સમાજના લાભ મળે છે, ઓબીસીના લાભ મળે છે, અમે તો એટલું જ કહીશું કે તમે જ્યાં છો ત્યાં સુખી થાવ, શાંતિ થી રહો, તમે જીવો અને અમને જીવવા દો, લીવ એન્ડ લેટ લીવ ની અમે વાત કરીએ છીએ. અમારી પાસે આ દબાયેલો કચડાયેલો સમાજ, મારે એટલા માટે બે શબ્દો કહેવા છે
કે સદીઓથી વેઠેલા ઘાવ હજુ માંડ રુઝવાને આરે છે ત્યાં ફરી ખોતરીને લોહી કાઢવાનું હવે બંધ કરો. માંડમાંડ અમે ઠરીઠામ થયા છીએ. કોંગ્રેસની જે માનસિકતા છે. આ અગનખેલ છે. કોંગ્રેસ આગ સાથે ખેલવાનું બંધ કરે. દલિતોને મળતા અનામતના લાભો છીનવીને તેના પહેલા ખોળાના સંતાનોને, લઘુમતીઓને પોષવાના પ્રયત્નો કરે છ એ દલિતો કયારેય માફ નહીં કરે અને દલિતોની હાય લાગશે. દિલ્હીની સલ્તનત હાલી ઉઠશે અને હું કહીશ કે " તુલસી હાય ગરીબ કી કભી ન ખાલી જાય, મુએ ઢોર કે ચર્મ સે લોહા ભસ્મ હો જાય" કોંગ્રેસની સત્તા લાલસા અને સત્તાની વેદી ઉપર દલિતોના હિતોના બલિદાનને કયારેય આપવા ન દેવાય અને આ પ્રસ્તાવ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સંમતિથી ફકીરભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એ પ્રસ્તાવથી અમે કોંગ્રેસને રૂક જાવ કહેવાનો આદેશ આપ્યો છે. મારે જે વાત કરવી છે કે જો આ પરિસ્થિતિ પેદા થાય, યુ.પી.એ. સરકાર એની ચાલમાં સફળ થાય, રંગનાથ મિશ્રા કમિશનની ભલામણો અમલમાં આવે તો પરિસ્થિતિ કઈ પેદા થાય? અનુસૂચિત જાતિના લોકોને બે જાતની અનામત મળે છે. રાજકીય અનામત અને નોકરીઓમાં અનામત. રાજકીય અનામતોમાં પરિસ્થિતિ કઈ પેદા થાય? પાર્લામેન્ટ અને સંસદ, ધારાસભા અને નગરપાલિકામાં પણ જેના લાભો આજની તારીખે અનુસૂચિત જાતિના લોકોને મળે છે એ લાભોમાં ભાગલાઓ થશે અને ક્રિશ્ચિયનો અને લઘુમતીઓ જે કન્વર્ટેડ ક્રિશ્ચિયન અને મુસ્લિમ છે એ લોકો લઈ જશે પરિણામ શું આવશે. આ રંગનાથ મિશ્રાની ભલામણો અમલમાં આવશે તો મારે કહેવું પડે છે કે આ વિધાનસભામાં કન્વર્ટેડ ક્રિશ્ચિયન અને મુસ્લિમોને અનુસૂચિત જાતિના કવોટામાં જો કોંગ્રેસ દાખલ કરશે તો એ કન્વર્ટેડ ક્રિશ્ચિયન અને મુસ્લિમ ધારાસભા અને પાર્લામેન્ટનું ઈલેકશન લડશે તો આગામી દિવસોમાં આ વિધાનસભામાં આત્મારામ પરમારની જગ્યાએ ઐયાદ ચૂંટાશે. અફઝલ ચુંટાશે. આ જ વિધાનસભામાં રમણલાલ વોરાની જગ્યાએ રોબર્ટ વાઢેરા ચુંટાશે. આ જ વિધાનસભામાં ફકીરભાઈ વાઘેલાની જગ્યાએ ફારુક ચુંટાશે અને એટલા માટે અમે કહીએ છીએ કે અનુસૂચિત જાતિના લોકોને મળતા જે લાભો છે એમાં ભાગ કરવાનો, એમાં કયાંક ને કયાંક ટુકડા કરવાનો પ્રયત્ન કોંગ્રેસ બંધ કરે એમણે કહ્યું એ પ્રમાણે • (xxxx) વડાના ઈશારાથી ચાલતું આ શાસન અત્યાર સુધી આપણને એમ લાગતું હતું કે પાછલે બારણે શાસન ચાલે છે.

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઈ, એ (xxxx) વાળા શબ્દો..

**શ્રી આત્મારામ મ. પરમાર** : સાહેબ, ખેંચી લઉ છું પાછા શબ્દો પણ પરિસ્થિતિ એ સર્જાશે કે અત્યાર સુધી જે પાછલા બારણેથી કેટલાક વિદેશીઓ શાસન કરે છે સાહેબ, પાછલા બારણેથી નહીં જો રંગનાથ મિશ્રા કમિશનની ભલામણોનો અમલ થશે તો એ લોકો આગળના દરવાજેથી વટભેર આવીને દેશમાં અને રાજયમાં શાસન કરશે. આને રોકવાની જરૂર છે. દલિતોની તો છે જ અમારી ચાદર ખેંચાય છે ટાઢ અમને વાય છે. સૌથી મોટામાં મોટો ખતરો જો આવવાનો હશે તો એ હિન્દુ સંસ્કૃતિ ઉપર આવશે. હિન્દુ સમાજ ઉપર આવશે. ધર્માંતરનું પ્રમાણ વધી જશે. હિન્દુઓ લઘુમતીમાં આવશે આ દેશમાં વિધર્મીઓનું એક વખતનું શાસન હતું એ શાસન ફરી શરૂ થાય એવો એક સિનારીયો અમે આજે જોઈ રહ્યા છીએ ત્યારે એટલા માટે જ હું કહું છું કે કોંગ્રેસ ફરીથી એની નીતિ અને નિયત સાફ કરે. અનુસૂચિત જાતિના લોકોના મતો લઈને સત્તાના સિંહાસન પર પહોંચીને, સત્તાની ગાદી પર પહોંચીને એને લાત મારવાનું, એને ઠોકર મારવાનું કામ જો કોંગ્રેસ કરશે તો આગામી દિવસોમાં સમાજ એને કયારેય માફ નહીં કરે. શિક્ષણ સંસ્થાઓની અનામત, પરિસ્થિતિ કયાં પેદા થાય કે કોન્વેન્ટ, સેન્ટ ઝેવિયર્સ, માઉન્ટ કાર્મેલ એમાં ભણીને આવેલો સુટેડબુટેડ અને ઈંગ્લીશમાં ભણતો ક્રિશ્ચિયન કેન્ડીડેટ અને બીજી બાજુ મારી ગામડાંની પતરાની સ્કૂલમાં ભણીને આવેલો મારો મોહન, રામુ કે રાજુ આની સામે ટકી શકશે નહીં અને નોકરી વગર ભટકતો મારો આ દલિત સમાજ હતાશ થઈ જશે.એને જીવવાનું, ભણવાનું મુશ્કેલ બની જશે. હતાશ અને ભૂખ્યા દલિતો અને યુવાનો આડા માર્ગે ફંટાશે. નોકરી વિનાનો રોજીરોટી માટે ભટકશે ત્યારે એટલું હું એટલું કહીશ કોંગ્રેસીઓને કે ભૂખ્યાજનોનો જઠરાગ્ની જાગશે. ભસ્મ તણી એક તને લાગશે. આટલું કહીને માનનીય ફકિરભાઈ પ્રસ્તાવ લઈને આવ્યા છે, તેની તરફેણમાં વિચાર વ્યક્ત કરીને વિરમું છું.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા (દસાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ફકિરભાઈ વાઘેલા હિન્દુ દલિતોના આરક્ષણનો આ સંકલ્પ લઈને આવ્યા છે, ત્યારે એમના સમર્થનમાં કેટલાક વિચારો હું રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. દલિતોના મસીહા ડો. બાબાસાહેબ આંબેડકરના અપાર પુરૂષાર્થના કારણે અનુસૂચિત જાતિને આપણા ભારતીય બંધારણમાં અનામતના અધિકારો પ્રાપ્ત થયા છે. ૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ થી અમલમાં આવેલ સંવિધાનને બંધારણ સભાએ જુદી જુદી બાબતે ખૂબ ઊંડાણપૂર્વક ચિંતન કરી અને તમામે તમામ નાગરિકોને સામાજિક, આર્થિક, અને રાજનૈતિક ન્યાય અપાવવા સમાનતા, બંધુતા અને સ્વતંત્રાની ભાવના રાખી, સંવિધાનની જોગવાઈઓ આપી છે. આ ઘટનાને આજે ૨૦૧૦ના વર્ષમાં ૬૦ વર્ષ પૂરાં થવાં જાય છે, ત્યારે આપણે

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

પણ ગુજરાત રાજયને અલગ દરજ્જો મળવાને સ્વર્ણિમ સંકલ્પ વર્ષ તરીકે ઉજવી રહ્યા છીએ, ત્યારે માનનીય મંત્રીશ્રી ફકિરભાઈ વાઘેલા અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભારતીય જનતા પક્ષની આ સરકાર જ્યારે એક સંકલ્પ લઈને આવી છે, ત્યારે આ સ્વર્ણિમ સંકલ્પ વર્ષની અંદર આ એક ગુજરાતના દલિતો માટેનો સ્વર્ણિમ સંકલ્પ હશે તેવું માની એ આ વાતને ગુજરાતના દલિતો આગામી દિવસોની અંદર ચિરસ્મરણીય રહેશે એ પ્રકારની વેદનાને વાચા આપી છે. ત્યારે મારે આમ તો વડીલોએ ઘણા આગળના વિષયો ચર્ચ્યા છે. ત્યારે મારે વાત કહેવી છે કે હું દલિત સમાજની ગાદીમાંથી આવું છું. ધર્માચાર્ય તરીકે મારી ભૂમિકા દલિતોની વચ્ચે છે, ત્યારે મારે કહેવું છે કે દલિતોને આજે જે અનામત મળી છે, એ અનામત માત્રને માત્ર આપણે ભારતના સમાજની અંદર રહેલ કેટલીક સામાજિક વ્યવસ્થાથી પીડિત અનુસૂચિત જાતિઓને મુખ્ય ધારા સમાજની છે. એ ધારામાં લાવવા માટેની વિશેષ જોગવાઈ કરીને આ ડો.બાબાસાહેબ આંબેડકરે જોગવાઈઓ આપી છે. ત્યારે મારે એક સંતની ઉક્તિ કહેવી છે. દલિત સમાજની વચ્ચે અગાઉ ઘણા ધર્મ રક્ષણના કાર્યો કરતા કરતા ઘણા બલિદાનો અપાયા છે. જે સમાજની સાથે દલિત સમાજ સાથે આ એક વિસંગતતાના કારણે આ સ્વધર્મ છોડી જે ચાલ્યા ગયેલા લોકો છે. પોતાના સ્વાર્થ ખાતર અન્ય ધર્મ સ્વીકારે એવા લોકોને માટે આજે કોંગ્રેસના મિત્રો દ્વારા સેન્ટ્રલ ગવર્નમૅન્ટ દ્વારા આજે પાછલા બારણે નહિ, આગળના બારણે એ લોકોએ રાષ્ટ્રદ્રોહી કૃત્ય કરી સામેલ કરવા માટેની તૈયારીઓ થઈ રહી છે. ત્યારે મારે કાવ્ય માત્ર કહેવું છે કે રવિદાસજી મહારાજે અગાઉના ધર્મરક્ષાના કામ માટે આ રાષ્ટ્ર રક્ષાના કામ માટે અને દલિત જાગૃતિના કામ માટે પદ રચેલું છે, એ પદ મારે આ સભાની વચ્ચે કહેવું છે. વેદ ધર્મ હે પુરણ ધર્મા, ઈસકે અતિરિક ઓર સબ ભરમા. વેદ વાક્ય ઉત્તમ ધર્મ, નિર્મળ વાક્ય જ્ઞાન, યે સચ્ચા મત છોડકર, મે કયું પઢુ ઈસ્લામ, ઈસ્લામ બહિષ્ના ચાહિયે, ન ચાહિયે હુરહજાર, વેદ ધર્મ ત્યાગુ નહિ, જો ગલ ચૌ કટાર, પોતાના ગળા ઉપર તલવાર ચલાવવાની તૈયારી રાખી આ હિન્દુ દલિતોએ વર્ષોથી સદીઓથી પોતાના ઉપર શરૂ થયેલી યાતનાઓ, વેદના અને પીડાઓને વેઠી અને પોતાના સ્વધર્મમાં ટક્યા છે ત્યારે ડો.બાબાસાહેબ આંબેડકરે અને બંધારણ સભાએ આ માત્ર સ્પૃશ્ય સ્પૃશ્યની આભડછેટની અથવા તો અશ્પૃશ્યતાના કારણે જે લોકો સમાજની મુખ્ય ધારાઓથી અલિપ્ત રહેતા હતા એમના માટે સમાજની મુખ્ય ધારા સાથે લાવવા માટે આ એક પ્રયત્ન હતો અને બંધારણ સભામાં ડો. બાબા સાહેબ દ્વારા બંધારણીય જોગવાઈઓ આપી છે, એની અંદર આજે જે ખ્રિસ્તી દલિતો અને મુસ્લીમ દલિતોને સમાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે, તેને આ ગુજરાતના દલિત સમાજ વખોડે છે અને આના આંદોલનના ભાગરૂપે મારા વરિષ્ઠ આગેવાનો અને મારા મંત્રીશ્રી ફકિરભાઈએ કહ્યું તેમાં મારે એક વાત ઉમેરવી છે કે ૨૦૦૪ ની અંદર અમારા દલિત સમાજના ધર્મગુરુ મારા પૂજ્ય પિતાજી બલદેવદાસજી મહારાજે અમદાવાદ કર્ણાવતી નગરની અંદર જ્યારે કોંગ્રેસના વડાપ્રધાનશ્રી દેવગૌડાજી આવ્યા ત્યારેત્યારે આપણા કર્ણાવતી નગરની અંદર ખૂબ વિશાળ સંખ્યામાં દલિતો એકઠા થયેલા અને વિરોધ કરેલો હતો. તે વખતે આ બિલ લાવી શકયા ન હતી. ગઈકાલે એક શરમજનક ઘટના થઈ, વેટીકન સીટીના પ્રેરીત કુચક્રો દ્વારા આ થઈ રહયું છે તેનો વિરોધ કરીએ છીએ અને માનનીય મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના હિન્દુ સમાજના ચાર વર્ણોમાં જે ઉત્તમ સ્થાન કહેવાય તેવા દલિત સમાજ માટે આજે માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું. સાહેબ બોલવું તો ઘણું હતું પણ આપે ત્રણ મિનિટ કહયું છે એટલે એક બનાવની ઝાંખી કરીને મારી વાત પૂરી કરીશ. ગત સમયમાં સાહેબ ઓરિસ્સામાં લક્ષ્મણાનંદજીની હત્યા થઈ અને તે હત્યા પાછળ કોઈ એવા મોટા સંગઠન નહોતા કે આ દેશના રાજકારણનો કોઈ ભાગ નહોતો પણ એક કન્વર્ટ થયેલા ખ્રિસ્તી લોકોએ હુમલો કરી આટલી બધી લોકશાહીની જાગૃત્તિમાં..

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન ઓરિસ્સાની કોર્ટની અંદર આજે પણ છે એટલે સબજયુડિસ છે તે ઉપર ન બોલો.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, હત્યા થઈ તેવા અનેક બનાવો બનવા લાયક છે તેવું જે કોંગ્રેસ કેન્દ્રમાં રહીને ખેલ કરી રહી છે કે જેને જનમથી કોઈ લઘુમતિ આવ્યા નથી પણ માત્રને માત્ર તે પૈસાની સંપત્તિ, પૈસાના મોહથી આ દેશના દલિતો, આદિવાસી અને હું જયારે સાતમા ધોરણમાં ભણતો હતો ત્યારે છોટાઉદેપુર અને બારીયાના જંગલમાં પાદરીઓના નિવાસ સ્થાને પહોંચ્યા અને વિદ્યાર્થી જીવનમાં અમને કહેવામાં આવ્યું કે ઈસુ ભગવાનના આદેશો સ્વીકારો તો તમારું લગ્ન યોગ્ય સમયે થઈ જાય. આવી બાલ્ય અવસ્થામાં પ્રેરણા મળી ત્યારથી હું ચેતન થયો કે આ ધર્મ પરિવર્તન કરવા માટે માત્ર દલિત અને આદિવાસી સમાજને આ લોકો ભોળવી અમારા વિસ્તારમાં એક આનંદી સંસ્થા ચાલે છે. ઘણા લોકોને એવો ભ્રમ હતો કે આનંદી સંસ્થા એટલે આનંદીબેનનું કોઈ મંડળ હશે. આવી ભ્રમણા હતી. તે સંસ્થાને અમે જયારે પૂછયું કે તમારી સંસ્થામાં પગાર કોણ આપે છે? તો જવાબ નહીં આપ્યો. એટલા તગડા પગાર આપે તે માત્ર આદિવાસી દીકરીઓને તે મંડળમાં સમાવેશ કરે અને ચાર ચાર હજાર રૂપિયા પગાર, એક ગાડી અને તે મંડળમાં જે લોકો જોડાયે તેને પ્રત્યેક માસમાં બે બે મણ અનાજ, પહેરવાના કપડાં, પાણીના એન્જિન આવા પ્રલોભનો આપીને આ સમાજને અત્ય ધર્મમાં જોડવાનું ષડયંત્ર છે. માનનીય ફકીરભાઈ વાઘેલાએ કહયું કે આ દેશમાં આવતા દિવસોમાં લઘુમતીના નામે જે થઈ

રહયું છે તેના માટે અમારો સખત વિરોધ છે અને માનનીય ફકીરભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને સમર્થન આપું છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે સરકારી સંકલ્પ લાવ્યો છું તેની અંદર માનનીય ધારાસભ્યશ્રી પ્રદિપસિંહજી, માનનીય ધારાસભ્યશ્રી આત્મારામજી, શ્રી શંભુપ્રસાદજી અને ફતેસિંહભાઈએ પોતાનો સૂર પુરાવ્યો છે. સાહેબ દુઃખ એ વાતનું છે કે વિરોધપક્ષના નેતાશ્રીએ સુપ્રીમ કોર્ટની વાત કરીને જયારે બહાર નીકળી જતા હોય ત્યારે આ કોંગ્રેસ પક્ષની જ સરકાર આંધ્રપ્રદેશમાં ચાલે છે અને આંધ્રપ્રદેશની અંદર ૨૫-૮-૨૦૦૯ના રોજ સ્વ.રાજશેખર રેડ્ડીની સરકારે અનામત આપવી જોઈએ તેવો તરફેણનો ઠરાવ પસાર કર્યો હતો. તરફેણનો ઠરાવ પસાર કર્યો તેમાં સબજયુડિસ નહીં અને આપણે વિરોધનો ઠરાવ કરીએ તો સબજયુડિસ. હું તેમની દશા સમજી શકું છું. તેમના જે બેવડા ધોરણો છે જો ભાગ લે તો હાઈકમાન્ડ નારાજ થાય અને વિરોધ કરે તો દલિતો નારાજ થાય. તેમની દશા બૂરી જ હતી. પરંતુ અહીયાં સમગ્ર ગૃહે, જે જે સભ્યશ્રીઓએ પોતાના વિચારો મૂકીને જે સમર્થન આપ્યું છે, એ માટે સૌનો આભાર હું પ્રગટ કરું છું અને આપને વિનંતી કરું છું કે આ જે પ્રસ્તાવ છે, સંકલ્પ છે એ સર્વાનુમતે પસાર થાય.

**અધ્યક્ષશ્રી** : સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં..

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈએ ના નથી પાડી, એટલે આપે ફરી વાર પૂછવું હોય તો પૂછી શકો છો, કોઈએ ના નથી પાડી, અમે સાંભળી નથી, એટલે ફરીવાર પૂછવું હોય તો પૂછો, પણ પણ 'ના' મોટા અવાજે બોલવાની નૈતિક હિંમત કેળવવી જોઈએ, 'ના' બોલવાની, અને જો 'ના' બોલવાની હિંમત ના હોય તો 'હા'માં સૂર પૂરાવવો જોઈએ. હાઈકમાન્ડ નારાજ થશે તો અમારા દરવાજા તમારા માટે ખુલ્લા છે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ- ૧૦૨)

### જંગલની જમીન ખેડતા આદિવાસીઓને કાયદાથી ઠરાવેલ મર્યાદામાં વિના વિલંબે જંગલની જમીન અગ્રતાના ધોરણે ફાળવવા બાબત

**શ્રી અમરસિંહ રા. વસાવા (દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે,

" કેન્દ્ર સરકારે આદિવાસીઓના ઉત્કર્ષ માટે વર્ષ ૨૦૦૬માં જંગલની જમીન ખેડતા આદિવાસીઓને ચાર હેકટર જંગલની જમીન આપવાનો કાયદો કરેલ છે, સમગ્ર દેશમાં આ કાયદાનો અમલ થઈ રહ્યો છે, પરંતુ ગુજરાતમાં તેનો અમલ યોગ્ય રીતે થતો નથી. ગુજરાતમાં કાયદા મુજબ જેઓ જમીન મેળવવાને હક્ક દાર છે તેવા અનેક આદિવાસી ભાઈઓ ભારત સરકારનો કાયદો હોવા છતાં હજુ સુધી જમીન મેળવી શક્યા નથી. કાયદા મુજબની બનેલી વન અધિકાર સમિતિ કે જેને અધિકૃત આદિવાસીઓને જમીનનો અધિકાર આપવાનો છે તે સમિતિ સમક્ષ અંદાજિત ૧,૬૬,૦૦૦ દાવાઓ રજૂ થયા છે. આ દાવાઓ પૈકી માત્ર ૧૦,૦૦૦ જેટલા લોકોને જમીન પ્રાપ્ત થઈ છે, યોગ્ય મોનિટરીંગ ન થવાના કારણે જમીન મેળવવા અધિકૃત આદિવાસીઓ જમીનથી વંચિત રહ્યા છે. આથી, જંગલની જમીન ખેડતા આદિવાસીઓને કાયદાથી ઠરાવેલ મર્યાદામાં વિના વિલંબે, જંગલની જમીન અગ્રતાના ધોરણે ફાળવવા બાબતે આ સભાગૃહ વિચારણા કરે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : શ્રી અમરસિંહભાઈ, આપની કુલ મિનિટ આ બાજુની ૧૯ છે, અને આ બાજુ ૩૮ છે, બે મિનિટ શ્રી તુષારભાઈએ માગી છે, એટલે આ બાજુ ૧૮ અને આ બાજુ ૩૬ મિનિટ રહેશે, એટલે આપને ૧૮ મિનિટ મળશે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, સદીઓથી દેશમાં વસતિ આદિજાતિ જંગલ વિસ્તારમાં રહેતી આવી છે, અને જંગલો સાચવ્યા છે, એની સાથે જંગલમાં રહેતા પ્રાણીઓ સાથે પણ આદિવાસીઓનો અતૂટ નાતો છે, ભારતમાં અંગ્રેજો આવ્યા બાદ તેમણે જંગલોને પોતાની કમાણીનું એક સાધન તરીકે જોયું, ત્યાર પછી ૧૯મી સદીમાં, આ ૧૯૨૭નો જંગલનો કાયદો એમણે બનાવ્યો, ત્યાર પછી જે લોકો આદિવાસીઓ જંગલમાં રહે છે વંશપરંપરાગત રીતે આવતા આદિવાસીઓને એમાંથી મૂળભૂત અધિકારોથી વંચિત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને કહેવું છે કે, આઝાદ ભારતમાં પણ જ્યારે આદિવાસીઓની આ પરિસ્થિતિ ચાલુ રહી ત્યારે દેશમાં આદિવાસીઓ જે જંગલની જમીન ખેડે છે અને વંશપરંપરાગત રીતે જે આદિવાસીઓ જંગલની જમીન ખેડતા આવ્યા છે એ લોકોનું હિત રૂંધાઈ નહીં એટલા માટે કેન્દ્રની જે યુપીએની સરકાર છે, અને એના વડાપ્રધાન છે શ્રી મનમોહનસિંઘ અને કોંગ્રેસના રાષ્ટ્રિય અક્ષ્યક્ષા સોનિયાજીના રાહબર હેઠળ આ દેશમાં યુપીએ સરકારે ૨૦૦૬માં કે જે લોકો જંગલની જમીન તા. ૧૩-૧૨-૨૦૦૫ના અગાઉથી જે લોકો ખેડે છે. તેને આપવા માટેનો કાયદો આખા દેશમાં બન્યો અને તેનો અમલ આખા દેશમાં આદિવાસી લોકો જે જમીન ખેડે છે એને ચાર હેકટર જમીન આપવાની યોજના સરકારે કરી અને એ પ્રમાણે જે લોકો જંગલની જમીન ખેડે છે એને જમીન આપવા માટેનો નિયમ એક બનાવ્યો જેના કારણે આદિવાસીઓને એક મોટો ફાયદો થયો. માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાના અનુસાર જે લોકો જંગલની જમીનમાં વંશ પરંપરાગત રીતે અને વર્ષો

જૂના જે જંગલના કાયદા છે એમાં ૧૩-૧૨-૨૦૦૫ પહેલા જે લોકો જંગલની જમીન ખેડતા હતા એમને આ સરકારે એક મોટો અધિકાર કાનૂન બનાવીને આખા દેશમાં લાગુ કર્યો અને ગુજરાતના આદિવાસી લોકોને પણ એનો લાભ મળ્યો. માનનીય અધ્યક્ષશ્રી, આ જે અધિકાર બન્યો અને આ કાયદો બન્યો એના કારણે આદિવાસીઓને જીવન નિર્વાહ ચલાવવા માટે અને એમના વિકાસ કરવા માટે આ જમીનનો આધાર મળ્યો એના કારણે આખા ગુજરાતમાં જે ૧૨ જિલ્લા છે ગુજરાતની પૂર્વ પટ્ટી છે એના બારે બાર જિલ્લાઓમાં જે આદિવાસી લોકો જંગલની જમીન ખેડે છે એણે જે તે જિલ્લામાં અને તાલુકા કક્ષા પર એ લોકોએ પોતાના દાવા રજૂ કર્યા. મારા માનવા પ્રમાણે ૧ લાખ ૮૪ હજાર ઉપર આ ખેડૂતોએ પોતે જંગલની જમીન ખેડે છે એવા પુરાવાઓ જે તે ગ્રામ સમિતિમાં અને વનાધિકાર સમિતિ બની છે એમાં ગ્રામ સભામાં ઠરાવ કરીને જિલ્લાની જે કમિટી છે પ્રાંત કચેરી એમાં રજૂ કર્યા. આના કારણે ઘણા બધા આદિવાસીઓને એ જમીન ખેડીને પોતાનું જીવન નિર્વાહ ચલાવવા માટે ઉત્પાદન કરીને પોતાનું જીવન સારી રીતે જીવી શકે એ માટે જે કેન્દ્રની સરકારે જે કાયદો બનાવ્યો એને કારણે ઘણો બધો લાભ થયો. પણ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે  ગુજરાતમાં એની જે કામગીરી ચાલે છે અને એને માટેના જે નિયમો બનાવ્યા છે એ નિયમ અનુસાર જે કામગીરી થવી જોઈએ એ પ્રમાણે થતી નથી અને ગુજરાતમાં અને ખાસ કરીને દેશમાં અન્ય રાજ્યો કરતા ગુજરાતમાં બે વર્ષ થયા છતાં પણ આ કામગીરીને જે વેગ મળવો જોઈએ અને જે આદિવાસી પટ્ટી પર જે ખેડૂતો છે એને જંગલની જમીન ચાર હેકટર મળવી જોઈએ એ આજ સુધી પણ આપી શક્યા નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને કહેવું છે કે, જ્યારે ૨૦૦૬માં એના જે નીતિ નિયમો ઘડાયા ત્યારે આમાં જંગલ ખાતું આદિવાસીઓને હેરાન કરે છે અને જંગલમાંથી આદિવાસીઓને બહાર કાઢે છે ત્યારે આનું આખું તંત્ર જંગલ ખાતા પાસેથી લઈને આદિજાતિ વિભાગને સુપરત કર્યું. આ જે દાવાઓ પ્રાંત કચેરી કે જિલ્લાની કમિટીમાં રજૂ થયા એમાં જેની પાસે દંડ પાવતીઓ છે, ૭/૧૨ ની નકલોમાં એમના નામ છે જેની પાસે પુરાવા છે એ જે પુરાવા છે એ બધા ભેગા કરીને જિલ્લાની જે સમિતિ છે પ્રાંત કચેરી છે એમાં રજૂ કરવામાં આવ્યા ત્યારે એમાં પણ જંગલ ખાતું અવરોધ કરતું ઊભું થયું. જે લોકોના દાવાઓ રજૂ થયા એમાં ગુજરાતની પૂર્વ પટ્ટીના જે બાર જિલ્લાઓ છે એના આ જે દાવા રજૂ થયા એ દાવાઓની આખી ફાઈલો પરત જંગલ ખાતાને પહોંચી જાય અને ફરી જંગલ ખાતાએ આ આદિવાસીઓને હેરાન કરવાનું ચાલુ રાખ્યું. ઘણી બધી બાબત એવી બની કે ડાંગથી બનાસકાંઠા સુધી આદિવાસીઓ ઉપર જંગલ ખાતાએ ઘણા બધા એમને હેરાન કરવા માટેના કરતૂતો કર્યા અને ગુજરાતના પૂર્વ પટ્ટીના જે ગામો છે એમાં જે પુરાવાઓ રજૂ કરવાના છે એની પાસે પાવતી છે, એની પાસે ચર્તુદિશાના પુરાવા છે, એની પાસે એણે પોતે ઝાડો રોપ્યા છે એના પુરાવા છે એ બધી વાત હોવા છતાં પણ જંગલ ખાતાએ આ કામગીરી નથી કરવાની તેમ છતાં પણ એ લોકો આ ઑફિસમાં જે ફાઈલો છે તેનો જે યોગ્ય રીતે ઉપયોગ કરવો જોઈએ કાયદાથી એનું અમલીકરણ થવું જોઈએ એ આજ દિન સુધી થતું નથી અને એના દસ્તાવેજો અને એની ડોકયુમેન્ટરી આ દાવામાં બરાબર રજૂ નથી થતી એવું કહીને આ ફાઈલો ફરી જંગલ ખાતાને જે તે વિભાગ કે જિલ્લાની સમિતિ મોકલી આપે છે. બીજુ, કે ફૉરેસ્ટ સેટલમેન્ટ મારફતે જે બાબતો બની એના કારણે પણ એના કારણે પણ જે જંગલની જમીન આદિવાસીઓ ખેડે છે એને બહુ મોટો અન્યાય થયો અને એને આ ફરીવાર છેતરાવાનો વારો આ ગુજરાતમાં આવ્યો, માટે મારે સરકારને કહેવું છે કે જ્યારે ડાંગનો વિસ્તાર હોય, ભરૂચનો વિસ્તાર હોય, કે નર્મદા, બરોડા કે સાબરકાંઠાનો વિસ્તાર હોય આ બધા વિસ્તારોમાં જે આદિવાસીઓ જંગલની જમીન ખેડે છે એણે ખેતરમાં જે પાક કર્યો છે એ પાકની અંદર રોપા રોપી દેવા, એના પાકને નુકશાન કરવું અને આદિવાસીઓને એમાંથી બળજબરીથી ધમકી આપીને બહાર કાઢી નાંખવાનું કામ જંગલ ખાતું અત્યારસુધી કરે છે, ભરૂચ અને નર્મદામાં મારી જાણકારી મુજબ આ વાત ત્યાં બની છે ત્યાં સરકારે એસ.આર.પી.ની જોગવાઈ કરીને આદિવાસીઓ જે જંગલની જમીન ખેડે છે એને બીક પેસાડવાનું એક મોટું તંત્ર ઉભું કરીને જે આદિવાસી લોકો જંગલની જમીન ખેડે છે તેને એ જગ્યા પરથી હટાવવાનું કામ કર્યુ છે, બીજું જ્યારે આ રાજયમાં જે જાપાનથી પૈસા આવે છે એ પૈસાનું પણ આ જંગલ ખાતું જે ગામો છે એના મળતીયા જોડે આ વન સમિતિ બનાવે છે અને અમૂક જ લોકોને પૈસા આપે અને એવા લોકોને ઉભાં કરે કે જેથી જે જંગલની જમીન ખેડનારા ખેડૂતો છે એને કેવી રીતે હટાવી શકાય, એ પૈસાનો ઉપયોગ લોકોના વિકાસ માટે નથી થતો પણ જે લોકો જંગલની જમીન ખેડે છે તેને આ પૈસાનો ઉપયોગ વન સમિતિ બનાવીને કરવામાં આવે છે, આ જે જંગલની જમીન છે એ જમીનમાં જ્યારે આદિવાસીઓને કાઢી નાંખવામાં આવે છે ત્યારે અમે ઘણી બધી રજૂઆત સરકારને કરી છે. મારે આપના મારફતે વિભાગને અને સરકારને કહેવું છે કે અમે ઘણી બધી વાર સરકારના ધ્યાન પર લાવેલ છીએ, ફોર્મ ભરવા માટે પ્રાંત કચેરીમાં અને કલેકટરશ્રીમાં અમે સંકલનમાં પણ આ વાત કરી છે, જ્યારે આની રાજય લેવલની મિટિંગ મળી અને ગુજરાતના સેક્રેટરીની અધ્યક્ષતામાં જ્યારે મિટિંગ ૯મી મે, ૨૦૦૯ના રોજ મળી ત્યારે એની ચર્ચા વિચારણા કરવામાં આવી ત્યારે ગુજરાતના જે ચીફ સેક્રેટરી છે એમણે નિવેદન કર્યુ કે આમાંથી ૧૦ ટકા દાવા અરજીઓને જ જમીનો મળવાપાત્ર છે, આ અંગે ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં ૧૦મી તારીખે સેક્રેટરીએ નિવેદન પણ કર્યુ છે, એટલે સેક્રેટરી જે નથી જાણતાં તેમ છતાં પણ આ વાત ગુજરાતમાં બની રહી છે એટલે આદિવાસીઓના અધિકાર ઉપર ગુજરાતમાં છડેચોક તરાપ મરાઈ રહ્યો છે.

**અધ્યક્ષશ્રી** : હજી આપને રાઈટ ઓફ રિપ્લાયનો સમય મળશે, આપની દસ મિનિટ થઈ ગઈ છે, આપના વકતવ્યને ફકત સાત મિનિટ બાકી રહે છે મારે આ ચર્ચાની અંદર આ બાજુના સભ્યોને પણ લાભ આપવાનો છે આપની પાસે કુલ ૧૯ મિનિટ હતી એમાંથી દસ મિનિટ તમે વાપરી છે માનનીય મંત્રીશ્રી આપને કેટલી મિનિટ જોઈશે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, પંદર મિનિટ જોઈશે.

**અધ્યક્ષશ્રી** : તો પછી આપના પક્ષના સભ્યોને હું સમય નહિ આપી શકું. કુલ ૩૬ મિનિટ જ છે મારી પાસે. આપ હર્ષદભાઈને તક આપશો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** :અઢાર મિનિટ સભ્યશ્રીઓને આપીએ.

**શ્રી અમરસિંહ વસાવા:** મારી થોડી વાત કરીને મારી વાત પૂરી કરું છું.

**અધ્યક્ષશ્રી** : આપના પછી બીજું કોઈ  ન બોલવાનું હોય તો આપ જ બોલો મને વાંધો નથી.

**શ્રી અમરસિંહ વસાવા:** ના, ના, મોહનસિંહભાઈ અને બીજા સભ્યશ્રીઓ બોલવાના છે માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત આપના મારફતે હું કરવા માગું છું કે જ્યારે ગુજરાતના દાવાઓ રજૂ થયાં છે ૧,૮૪,૦૦૦, ગુજરાતમાં ફકતને ફકત ૫,૬૬૮ લોકોને જમીન આપવાનું એમણે નકકી કર્યુ છે અને બધા દાવાઓ પેન્ડિંગ છે, માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમ મારફતે જણાવવું છે કે ગુજરાતમાં ફકતને ફકત ૦.૦૪ ટકા જ કામગીરી આ વિભાગમાં થઈ છે, એટલે જે ગુજરાતમાં અને ખાસ કરીને ધારાસભામાં

**અધ્યક્ષશ્રી** : આમાં પરિસ્થિતિ એ આવશે કે આપના પક્ષના બીજા સભ્યોને બોલવાનો વારો જ નહિ આવે અગિયાર મિનિટ થઈ છે.

**શ્રી અમરસિંહ વસાવા:** એકજ મિનિટ. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભામાં રૂલીંગ પાર્ટીના સભ્યો બહુ વાત કરે છે નરેન્દ્રભાઈ મોદી સાહેબની કે ભાઈ અમે આમ કર્યુ તેમ કર્યુ, તો મારે આ વિભાગના મંત્રીશ્રીને કહેવું છે કે આ વિભાગમાં કંઈક વધારે પ્રગતિ તો કરાવો અને આદિવાસીઓને જંગલની જમીન મળે તો એમાં કંઈક વધારે પ્રગતિ કરાવો. તો તેમાં કંઈ વધારે પ્રગતિ કરાવો તો અમે પણ મંત્રીશ્રીને અને તેમને ફૂલહાર કરીએ. પણ જયારે આદિવાસીઓનો અધિકાર હોય અને જંગલની જમીન આપવાની વાત હોય ત્યારે આ બાબત બની શકતી નથી એટલે મારે આપના માધ્યમથી મંત્રીશ્રીને કહેવું છે કે આ જે દાવાઓ છે તેને ઝડપી નિકાલ કરીને આદિવાસીઓના બાર જિલ્લાઓ છે તેમાં જે દાવાઓનો નિકાલ કરીને જલ્દી જમીન મળે એવી આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને અનુરોધ કરું છું અને મારી વાત પૂરી કરું છું અને આના ઉપર જલ્દી ધ્યાન આપે એવી વિનંતી કરું છું.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી છેલ્લા દિવસનો જે પ્રસ્તાવ લાવ્યા છે તે બાબતે કેટલીક વાત હું આપના ધ્યાને મૂકવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, વન વિસ્તારમાં રહેતા આદિવાસીઓને વનની જમીન જેઓ પોતે ખેડે છે, ઉપયોગ કરે છે તેને અધિકાર આપવા માટેની વાત માનનીય સભ્યશ્રી લઈને આવ્યા છે તે વાત સારી છે પરંતુ તેમણે આ પ્રસ્તાવની અંદર ગુજરાત સરકાર આ બાબતે અમલ યોગ્ય રીતે થતો નથી જે વાત કરી છે માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીને પણ એ બાબતનું ધ્યાન દોરવા માંગુ છું કે, ૧૯૬૮ પહેલાંની જે જમીનો જે ખેડતા હતા અને ૧૯૮૦ પહેલાંની જે જમીનો ખેડાતી હતી તે અધિકાર આ રાજયની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારે અગાઉ ૪૫,૩૦૪ ઈસમોને લગભગ ૩૧,૮૪૦ હેકટર જમીન આપી છે એટલું જ નહીં પણ ત્યારથી જે કેન્દ્ર સરકારની અંદર જે દાવાઓ ઘણાં લાંબા સમયથી આપણાં પડયા હતા તેને એ માટેની શરૂઆત જો રાજયના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રીએ જયારે કેન્દ્ર સરકારે મંજૂરી ન આપી તેવા સંજોગોની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ સનદો આપવા માટેની જે આગવું કદમ પણ આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે તે સમયની અંદર ઉપાડયુ હતું એટલા માટે કે આ રાજય સરકાર સતત આદિવાસીઓને જેમના હકકો છે, અધિકારો છે તે મળતાં રહે તે બાબતની ચિંતા આ રાજયના મુખ્યમંત્રીશ્રી કરે છે. જમીન કોને મળે? જમીન જે લોકો વનની અંદર ૨૦૦૫થી જે લોકો ખેડતા છે અને ૨૦૦૭માં જેમનો અધિકાર જે જમીન પર રહેલો છે એવા ઈસમોને આ જમીન મળવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જમીનો પાછળ જે નિયત ફોર્મ છે ક નું તે નિયત ફોર્મ એફઆરસીને અરજી કરવામાં આવે છે. અને આ અરજી થયા પછી તે ગ્રામસભાની અંદર ઠરાવ કરવામાં આવે છે. ગ્રામસભા પછી પેટા વિભાગીય સમિતિની અંદર આ અરજીઓ જાય છે અને ત્યાર બાદ જિલ્લાની સમિતિમાં જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જયારથી કાયદો અમલમાં આવ્યો તે દિવસથી જ ગુજરાત સરકારે આનો અમલ કરીને આ તમામ બાબતો હું માનું છું ત્યાં સુધી ગ્રામસભા લેવલે લગભગ ૧ લાખ કરતાં પણ વધારે અરજીઓ ત્યાં પેન્ડીંગ છે. અહીંયા અમારા સૌનું માનવું છે કે ગ્રામસભાની અંદર કેટલાક ત્યાં રાજકીયો તે આ પક્ષના હોય કે તે પક્ષના હોય જેના કારણે કેટલીક અરજીઓ  ત્યાં ઠરાવ નહીં થવાના કારણે તે પેટા વિભાગીય સમિતિમાં આવતા નથી અને પરિણામે તે જિલ્લાની સમિતિ સુધી પણ આ કેસો જવાની અંદર વિલંબતા જોવા મળી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં ૫૭૭૫ વન અધિકાર સમિતિઓ બનેલી છે. ૧૯ પેટા વિભાગીય સમિતિઓ બનેલી છે અને ૧૨ જિલ્લા કક્ષાની સમિતિઓ બનેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તાર જિલ્લા ૧૨ જિલ્લા અને ૪૩

તાલુકાની અંદર જયાં આદિવાસી સમાજ વન વિસ્તારની અંદર વસેલો છે એવા વિસ્તારને આવરી લઈને આ કાયદો બનાવવામાં આવ્યો છે. આ વિસ્તારની અંદર અમલ કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાની અંદર આપણે સૌ જાણીએ છીએ કે આદિવાસીઓ ખાસ કરીને આ જંગલ વિસ્તારમાં રહેતા હોય છે. એવા વર્ષોથી ખેતી કરે છે, પણ ખેતીની સાથોસાથ મને ખબર છે કે અમારા આ સાબરકાંઠા જિલ્લાની અંદર સરકાર તરફથી મફતમાં વિના મૂલ્યે ફોર્મ આપવામાં આવે છે. છતાં કેટલાક રાજકીય આગેવાનો આ ફોર્મની પાછળ પણ આદિવાસી સમાજને છેતરવાની કે એમને ગેરમાર્ગે દોરવા માટે આ ફોર્મ પાછળ પણ પૈસા લેવાય છે. એટલું જ નહીં, કેટલાક આગેવાનો આજે પણ જાહેરમાં સભાઓ કરીને આદિવાસી સમાજને ગુમરાહ કરે છે, ગેરમાર્ગે દોરે છે. કેટલાક વિસ્તારની અમને ખબર છે કે જયાં આગળ ૨૦૦૭ની અંદર અથવા ૨૦૦૫ની અંદર જે લોકો જમીન ખેડતા હતા, એવા વિસ્તારમાં પણ એમને ગેરમાર્ગે દોરીને જયાં વૃક્ષો હતા, એ વૃક્ષો કપાવવાનું કામ પણ એ આગેવાનો કરીને ત્યાં આગળ જંગલની જમીન ૪ હેકટર સુધીની મળે એ બાબતનો અપપ્રચાર કરી રહ્યા છે. ૪ હેકટર જમીન એ એની મર્યાદા છે. વધુમાં વધુ ૪ હેકટર જમીન મળે. (સમય સૂચક ઘંટડી) તેથી હું આ બાબતમાં સંમત થઈ શકતો નથી.

**શ્રી વિજયભાઈ ર. પટેલ (ડાંગ-વાંસદા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અમરસિંહભાઈ વસાવા જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઈને આવ્યા છે, એમાં હું ચર્ચા કરવા માટે ઉભો થયો છું.

વન અધિકાર માન્યતા ધારો-૨૦૦૬ આપણા ગુજરાત રાજયમાં પહેલી જાન્યુઆરી, ૨૦૦૮થી અમલમાં આવેલો છે. આ ધારા અન્વયે ૧૨ જિલ્લા અને ૪૩ તાલુકામાં આ કાયદાનો અમલ કરવામાં આવેલો છે. માનનીય સભ્યશ્રીએ જણાવ્યું છે કે ગુજરાતમાં તેનો અમલ યોગ્ય રીતે થતો નથી. મારે સભ્યશ્રીને જણાવવાનું છે કે હાલ આ ગુજરાત રાજયમાં કામગીરી ખૂબ સારી રીતે થઈ રહી છે. કારણ કે હું પણ ડાંગ જેવા વિસ્તારમાંથી આવું છું. મારા ડાંગ જેવા જંગલ વિસ્તારમાં પણ ગામેગામ વન અધિકાર સમિતિની રચના થઈ ગઈ છે. પેટા વિભાગીય સમિતિઓની રચના થઈ ગઈ છે. જિલ્લા સ્તરે પણ સમિતિઓની રચના થઈ ગઈ છે. આ જે કાયદો ઘડવામાં આવેલો છે એ ખૂબ જ સારો અને આવકારદાયક કાયદો છે. એટલા માટે કે જે તે સમયે મારા જંગલની અંદર રહેતા વનવાસી બંધુઓ ગરીબ હતા, અભણ હતા યા તો એમને પૂરતી માહિતી નહોતી કે યોગ્ય રજૂઆત કરી નહોતી. એના કારણે જંગલની જમીનના અધિકારો જે એમને મળવા જોઈતા હતા એ ન મળ્યા. એ જંગલની જમીનના અધિકારોથી વંચિત થયા. એટલા માટે આ કાયદાથી એમને ન્યાય મળશે. માનનીય સભ્યશ્રીએ જણાવ્યું કે આ જંગલની જમીન આપવા માટે જંગલ ખાતા દ્વારા હેરાનગતિ કરવામાં આવે છે. પરંતુ મારી જાણ મુજબ જે બાબત થાય છે એમાં અનેક રાજકીય આગેવાનો રાજકીય લાભ લેવા માટે જંગલ વિસ્તારના અમૂક ચોકકસ આદિવાસી વર્ગને ઉશ્કેરે છે અને કહે છે કે તમે જંગલ કાપો, અમે બેઠા છીએ. અમે જંગલની જમીન આપીશું. આ કાયદાની અંદર જોગવાઈ છે કે ૧૩/૧૨/૦૫ સુધી જેઓ જંગલની જમીનનો કબજો ધરાવતા હતા અને ૩૦/૧૨/૦૭ સુધી એમનો કબજો હાલ સુધી છે, એમને આ કાયદા અન્વયે જંગલની જમીન આપવાની થાય જ છે. પરંતુ આ ૨૦૦૭ પછી પણ અમૂક લોકો અમૂક વર્ગના લોકોને ઉશ્કેરીને આ જંગલમાં બળજબરીથી પ્રવેશવા માટે પ્રેરણા આપે છે. એને અટકાવવા માટે જંગલ ખાતું પ્રયત્નો કરે છે. જંગલ ખાતા દ્વારા કોઈ હેરાનગતિ કરવામાં આવતી નથી. આજે સમગ્ર રાજયની અંદર ૧૨ જિલ્લાની અંદર જે કંઈ પણ જંગલની જમીનના હકક દાવા કરવા માટે હકકદાર છે, એમને વિના મૂલ્યે ફોર્મ મળે છે, વન અધિકાર કચેરીએ મળે છે, જિલ્લાની કચેરીએ મળે છે, તાલુકાની કચેરીએ પણ મળે છે. પ્રાયોજના વહીવટદારની કચેરીએ મળે છે, અને આજ દિવસ સુધી ૩૦-૧૧-૦૮ સુધી આ હક દાવા અરજીઓ રાજયમાં ૧૭૮૨૦૭ જેટલી આવી છે અને એમાં ૧૫૯૬૨૪ જેટલી અરજીઓની સ્થળ તપાસણી થઈ ગઈ છે, અને સ્થળ તપાસણીની જે અરજીઓ થઈ છે એમાંથી ૭૦૫૦૬ જેટલી અરજીઓ પેટા વિભાગીય સમિતિને મોકલવામાં આવી છે. અને તેમાંથી ૧૬ હજાર જેટલી અરજીઓ જિલ્લા સ્તરે સમિતિમાં મોકલવામાં આવી છે. આ જે કામગીરી ચાલે છે સમગ્ર રાજયમાં જે કામગીરી ચાલે છે તેની સમીક્ષા કરવા માટે રાજય લેવલે સ્ટેટ મોનિટરીંગ કમિટીની રચના કરવામાં આવીછે. અને તે કમિટી આ બાબતમાં વખતો વખતો સમીક્ષા કરે છે. અને આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે, અમે તો જે કહીએ છીએ તે કરી બતાવીએ છીએ, અમારી સરકારે આદિવાસી બંધુઓને જમીન પણ આપી છે અને હકકથી કહીએ છીએ. આ સમગ્ર દેશમાં પણ જયાં જયાં ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી હિમાચલ પ્રદેશમાં હોય કે મધ્ય પ્રદેશમાં હોય કે પછી ગુજરાતમાં હોય અમે તો જંગલની જમીનની સનદ આદિવાસીઓને આપી છે અને જે પણ હકકદાર છે એમનં આ માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે આપ્યું છે જેથી આ જે પ્રસ્તાવ માનનીય અમરસિંહભાઈ લઈને આવ્યા છે તેને હં સમર્થન આપી શકતો નથી.

**શ્રી તુષારસિંહ ક. મહારાઉલ (દેવગઢબારીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્રશ્રી અમરસિંહભાઈ વસાવા સાહેબ છેલ્લા દિવસનો પ્રસ્તાવ લને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું અને મારા મંતવ્યો વ્યકત કરું છું. મારા સાથી મિત્ર અમરસિંહભાઈ વાસાવા સાહેબે આપને વાત કરી છે અને હું આ ગૃહને એક માહિતી આપવા માગું છું કે કદાચ એક ગેરસમજ થાય છે કે વનવાસી એટલે ફકત આદિવાસી જ હોય, હું માનું છું કે વનવાસી મોટી સંખ્યા ઉપર આદિવાસીઓ હશે, પણ હું જે વિસ્તારમાંથી આવું છું એ અમારી આજુબાજુના તાલુકાઓ છે

દેવગઢ બારીયા, ઘોઘંબા, લીમખેડા અને ધાનપુર, એમાં બક્ષી પંચનો સમાજ પણ મોટી સંખ્યામાં વનવાસી તરીકે રહે છે. અને આ નિયમ કેન્દ્ર સરકારનો છે અને કદાચ માનનીય મંત્રીશ્રી પણ કહેશે કે નિયમ કેન્દ્ર સરકાર જ બદલી શકે, પણ મારી રજૂઆત એ છે કે માનનીય મંત્રીશ્રી, સચિવશ્રી અને ગુજરાત સરકાર ઓફિસિયલ કેન્દ્ર સરકારને રજૂઆત કરે કે નિયમ બનાવ્યો છે અને આદિવાસીઓને જંગલની જમીન મળવી જ જોઈએ. વર્ષોથી ખેડતા આવ્યા છે તેનો હકક છે. પણ જે બક્ષીપંચનો સમાજ છે જે અમારા વિસ્તારમાં આદિવાસીની જેમ વર્ષોથી ખેડતા આવે છે, તેના માટે અલગ નિયમ છે. આદિવાસી સમાજ માટે છેલ્લા ૩ વર્ષથી ખેડતા હોય તો તે અરજી કરી શકે છે. પણ બક્ષી પંચના સમાજ માટે ૭૫ વર્ષનો નિયમ છે, એટલે ૩ પેઢીનો દાખલો આપે તો જ આ જમીન મેળવવાને પાત્ર થાય છે. હવે ઈન્ડિયાને આઝાદી મળી તેને ૬૨ વર્ષ થયા છે. અને આ ૭૫ વર્ષનો દાખલો કયાંથી લાવી શકે? અમારા વિસ્તારના લોકો અમને કહે છે કે આપ રાજવી પરિવારના હતા એટલે દાખલો આપો, પણ અમે દાખલો આપી શકતા નથી. એટલે મારી આ રજૂઆત છે કે ૭૫ વર્ષનો જે નિયમ બક્ષી પંચના સમાજ માટે છે એ અધરધેન આદિવાસી સમાજ, એ કદાચ બીજા રાજયોમાં સો ટકા વનવાસી લોકો આદિવાસીઓ થતા હશે. પણ ગુજરાતમાં આપણને આ નિયમ નડે છે, એટલે તે અંગેની રજૂઆત આપ કેન્દ્ર સરકાર સુધી પહોંચાડશો એટલી મારી રજૂઆત છે.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી અમરસિંહભાઈ વસાવા નિયમ ૧૦૨ હેઠળ પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

અનુસૂચિત જન જાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓ માટે વન અધિકાર કાયદો ૨૦૦૬નો તારીખ ૩૧-૧૨-૨૦૦૭ના રોજ એને જાહેર કરવામાં આવ્યો. વન અધિકારનો કાયદો પહેલી જાન્યુઆરી, ૨૦૦૮થી ગુજરાત સરકારે એનો અમલ શરૂ કરી દીધો છે. આ કાયદો આવવાને કારણે જંગલમાં રહેતા હોય જંગલની જમીન ખેડતા હોય, જંગલમાંથી ગેરકાયદેસર રીતે તેમને ખસેડ્યા હોય એ જમીન ઉપર એમને ફરી વસાવવા કે ખેતી કરવાનો આજીવિકા જંગલ અથવા જંગલની જમીન ઉપર આધારિત હોય એવા લોકોને આ જમીન આપવાની હોય છે. આ કામગીરી કરવા માટે ભારત સરકાર દ્વારા નિયત કરેલ કાર્ય પદ્ધતિ આ રાજય સરકારે અપનાવી છે. જંગલોની જમીન એવા લોકોને મળશે કે જેમણે આ જમીન ઉપર તા:૧૩-૧૨-૦૫ પહેલા કબજો ધરાવતા હોય. તા: ૩૧-૧૨-૨૦૦૭ના રોજ એમનો કબજો ચાલુ હોવો જોઈએ.

આ કાયદાની અંદર સામાન્ય માનવીને સાચો ન્યાય મળી શકે એને અન્યાય ન થાય એના માટે ચાર પ્રકારની સમિતિઓ બનાવવામાં આવી છે. પહેલી સમિતિ ગ્રામ્ય કક્ષાએ વન અધિકાર સમિતિ છે જેની અંદર ગામના લોકો ગામમાં સભા બોલાવે એમાં દસ થી પંદર લોકો એના સભ્યો બનતા હોય છે અને એમાં ૩૩ ટકા સભ્યો આદિવાસી હોવા જોઈએ અને એમાં પણ ૩૩ ટકા મહિલાઓ ફરજિયાત હોવી જોઈએ. એનાથી પણ ઉપરની કક્ષાએ જે સમિતિ બની છે એમાં પ્રાંત કક્ષાની અંદર પણ લોકો દ્વારા ચૂંટાયેલા લોકો એની અંદર ભાગ લઈ શકે. કોઈને અન્યાય ન થાય એના માટે તાલુકા પંચાયતના ત્રણ સભ્યો કે જે આદિવાસી હોય એને આ સમિતિમાં લેવામાં આવે છે. એક મહિલા ફરજિયાત લેવામાં આવે છે. જિલ્લા કક્ષાની કમિટી કે જેના અધ્યક્ષ કલેકટરશ્રી હોય છે, અને આખરી નિર્ણય આ સમિતિએ લેવાનો હોય છે. એની અંદર પણ અરજદારોને અન્યાય ન થાય એના માટે પ્રજા તરફથી ચૂંટાયેલા ત્રણ પ્રતિનિધિઓ મૂકવામાં આવે છે અને એ પણ આદિવાસી હોય છે. એમાં પણ એક મહિલા ફરજિયાત હોય છે. એની અંદર ઘણી બધી જગ્યાએ તાલુકા પંચાયત જિલ્લા પંચાયતની અંદર કોંગ્રેસના પણ સભ્યો હોય છે, ભારતીય જનતા પાર્ટીના પણ હોય છે એટલે આમાં કોઈને અન્યાય થવાની શકયતા રહેતી નથી. રાજય કક્ષાની મોનિટરીંગ સમિતિ બનાવવામાં આવી છે એના અધ્યક્ષ તરીકે ચીફ સેક્રેટરી હોય છે અને ત્રણ ધારા સભ્યો, આદિજાતિ સલાહકાર પરિષદના ત્રણ ધારાસભ્યો આની અંદર સભ્યો હોય છે. એટલે આમાં પણ એમને લાગે કે અમૂક જિલ્લામાં કામગીરી નબળી રહી છે, લોકોની ફરિયાદો છે તો એને તાકીદે સૂચન કરવામાં આવે છે. ૩૦-૧૨-૨૦૦૯ સુધીમાં આ રાજયની અંદર ૧ લાખ ૭૮૨૦૯ વ્યકિતગત હક્કો દાવાઓ મળેલા છે અને આ રાજયની સરકાર આ દાવાઓમાંથી ૧ લાખ ૫૯૬૨૪ દાવાઓની સ્થળ તપાસ કરી છે એટલે રાજય સરકાર તો કામ કરી રહી છે. આ વિભાગના મંત્રીશ્રી આદિવાસી છે અને તેઓ પણ આદિવાસીઓને ન્યાય મળે એના માટે ખૂબ રસ લેતા હોય છે અને એમના અધ્યક્ષપણા નીચે ઘ ણી સમીક્ષા બેઠકો કરવામાં આવી છે.

મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે આજે ગુજરાતના ઇતિહાસને યાદ કરીએ તો આઝાદીના આટલા વરસોના શાસનમાં મોટા ભાગનું શાસન કોંગ્રેસના મિત્રોએ કર્યુ છે છતાં પણ આ ગૃહમાં મારે દાવા સાથે કહેવું છે કે એક પણ આદિવાસીને એમના સમયમાં સનદ મળી નથી. આ રાજયની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા બાદ આ રાજયના લગભગ ૪૫ હજાર જેટલા આદિવાસીઓને સનદો આપવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. વર્ષો સુધી ગુજરાતમાંથી લગભગ મોકલાયેલી ૩૩૫૫ જેટલી અરજીઓ કેન્દ્ર સરકારમાં ધુળ ખાતી હતી, જે રાજયો કોંગ્રેસના છે એવા રાજયોની વાત કરીએ તો આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર તાલિમનાડુ આ રાજયોની અંદર કોઈ આદિવાસીને સનદો આપવામાં આવી નથી. સમગ્ર દેશમાં આ પહેલું એવું રાજય છે કે જયાં આદિવાસીઓને આ ન્યાય આપવામાં આવ્યો છે અને મને કહેતા આનંદ થાય છે કે આ

રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે તાપી જિલ્લાની અંદર જાહેર સંમેલનમાં એમ કીધું હતું કે આદિવાસીઓને જંગલની જમીન અપાવવા માટે આ મુખ્યમંત્રી જેલમાં જવા પણ તૈયાર છે આ લાગણી જયારે આ રાજયના મુખ્યમંત્રી જયારે વ્યકત કરતા હોય જાહેરમાં તો આ રાજય સરકાર કઈ કામ નથી કરતી એમ કઈ રીતે કહી શકાય, આટલી તૈયાર સરકારે બતાવી છે.

**અધ્યક્ષશ્રી** : ગણપતભાઈ આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી મોહનસિંહભાઈ, આપની પાસે ચાર મિનિટ છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા (જેતપુર-પાવી)** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દિવસનો પ્રસ્તાવ માનનીય અમરસિંહભાઈ વસાવા જે લઈને આવ્યા છે એના ઉપર ચાર જ મિનિટ બાકી છે એટલે બીજી વાત કરવા માગતો નથી. સવાલ એટલો જ છે કે ભારતની સરકારે ૨૦૦૫-૦૬માં આ ખરડો પસાર કર્યો, જમ્મુ અને કાશ્મીર સિવાય ૨૮ જેટલા રાજયોના ૧૧ કરોડ જેટલા આદિવાસીઓને આ જંગલની જમીન આપવા પાછળનો હેતુ હતો ગુજરાતમાં ૧,૯૬,૦૨૪ ચોરસ કીલોમીટરનો એરીયા ,૧૯ લાખ હેકટર જંગલની જમીન ૧૨ જિલ્લા, ૪૩ તાલુકા ૫,૮૮૪ જેટલા ગામોના ખેડૂતોએ ૧,૭૦,૦૦૦ જેટલી અરજીઓ કરી છે. હવે જે વિધિ કરવાની હતી. ગ્રામ સમિતિઓ, વન સમિતિ એ તમામ પ્રકારની વીધિ થઈ ગઈ પરંતુ બીજા રાજયોની વાત કરીએ, આંધ્રપ્રદેશે ૧,૭૩,૦૯૧ વ્યકિતઓને જંગલની જમીન આપી, છત્તીસગઢ ૧,૯૨,૦૮૮ વ્યકિતઓને જંગલની જમીન આપી, મધ્યપ્રદેશે ૪૭,૪૬૦ વ્યકિતઓને જંગલની જમીનો આપી. ઓરીસ્સા ૫૦,૧૯૦ વ્યકિતઓને આપી, ત્રિપુરા ૮૨,૭૪૧ વ્યકિતઓને આપી, ટોટલ ૫,૬૮,૮૦૦ જેટલી વ્યકિતઓને જંગલની જમીન આપી છે. આપણે ત્યાં જે જમીન આપવાની છે એ જમીન આપવા માટેની જે કાર્યવાહી વન વિભાગ કરી રહયો છે પરંતુ કેટલાક ગામોના ખેડૂતોએ ફાઈલો તૈયાર કરીને વન વિભાગના અભિપ્રાય સાથે એ ફાઈલો મૂકી એમાં જે લોકો જંગલની જમીનો વર્ષોથી ખેડતા હતા એમને બધાને નામંજૂર કરી છે અને એવું લખ્યું છે કે ૬૦ દિવસમાં કલેકટરને અપીલ કરો, જંગલના બિલકુલ જંગલમાં રહેતા એવા આદિવાસીના ગામો હું એના નામ પણ બધા આપી શકું એવા તમામ આદિવાસીઓ જંગલની જે વર્ષોથી ખેડતા હતા એ જમીનો એ લોકોને મળતી નથી. એટલે આ પ્રસ્તાવ માનનીય અમરસિંહભાઈ જે લાવ્યા છે, મારી તો એટલી જ વિનંતી છે કે જે લોકો વર્ષોથી જંગલની જમીનો ખેડે છે એ છોડવાના નથી. અને નવી તોડવાના નથી. જૂની છોડવાના નથી અને નવી તોડવાના નથી. એટલે માનનીય મંત્રીશ્રીને મારી એટલી જ વિનંતી છે કે આ ૧,૭૦,૦૦૦ જેટલા ખેડૂતો જે જંગલની જમીનની માગણી કરે છે અને આપણે અહીં સમિતિમાં પણ ચર્ચા થઈ હતી કે ગામના ૭૦ વર્ષના કોઈ વૃધ્ધ માણસને પૂછો કે આ માણસ જંગલની જમીન ખેડે છે એ વૃધ્ધ માણસ એમ કહે કે આ માણસ જંગલની જમીન વર્ષોથી ખેડે છે તો એવા માણસને ૪ હેકટરની મર્યાદામાં જે ખેડતા હોય એ પ્રમાણે એટલી જમીન એને વહેલામાં વહેલી મળે તો બીજી કોઈ કાર્યવાહી, બીજું કોઈ નુકસાન ન થાય, આજે તો ૫૮૮૪ ગામોના આદિવાસીઓ જંગલની જમીન ખેડીને આખરે રાજયનું ઉત્પાદન વધારવામાં, રાજયની જુદી જુદી જે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ છે એ પૂરું પાડવાનું કામ આ આદિવાસી વિસ્તારના ૧,૬૦,૦૦૦ જેટલા ખેડૂતો કરી રહયા છે એટલે વહેલામાં વહેલી તકે માનનીય મંત્રીશ્રીને મારી વિનતી છે કે આ જંગલની જમીનો જે જે ખેડે છે એને મળવી જોઈએ.

**શ્રી રમણલાલ ના. પાટકર (ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દિવસના પ્રસ્તાવમાં માનનીય સભ્યશ્રી અમરસિંહભાઈ વસાવા જે પ્રસ્તાવ લાવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની અંદર અંબાજીથી ઉમરગામ સુધી ૩૭ ટકા પહાડી વિસ્તારમાં આદિવાસીઓ રહે છે. આ આદિવાસીઓ જે જમીન ખેડતા હતા એ જમીન એમના હક્ક દાવા મુજબ મળે એવા પ્રયત્નો ૧૯૯૫થી શરૂ થયેલા અને એ વખતે હું ધારાસભ્ય તરીકે હતો અને આપણા એક નેતા શ્રી સૂર્યકાંત આચાર્યભાઈએ એક આદિવાસી હક્ક પત્રક જાહેર કરેલ. એમાં સ્પષ્ટ વાત હતી કે વર્ષોથી આદિવાસીઓ ખેડતા હોય તો એને એ હક્ક મળવો જોઈએ અને આ રીતે ૧૯૬૫ સુધીના ખેડૂતોના દાવા રજૂ થયેલા એ ખેડૂતોને સનદ આપવામાં આવી હતી. આજે પ્રસ્તાવની અંદર સરકારની કામગીરી બરાબર નથી તે અંગે ઉલ્લેખ છે એ મારી દ્રષ્ટિએ બરાબર નથી. આજે ગ્રામ, તાલુકા અને જિલ્લા કક્ષાએ કમિટી બની છે એની પાસે કમસે કમ ૧.૭૮ લાખ અરજીઓ આવી છે. એમાંથી ૧.૫૯ અરજીઓની સ્થળ ચકાસણીની કામગીરી અત્યારે આખરી તબક્કામાં છે. એ જમીન એમને મળવાની છે. પરંતુ એટલું ચોક્કસ જણાવીશ કે ૧૯૪૭માં આઝાદ થયા પરંતુ આદિવાસીઓ માટે કઈ સરકારોએ ચિંતા કરી છે? આજે આ ગૃહે ખરડો પસાર કર્યો કે મહિલાઓને પૂરતું પ્રતિનિધિત્વ આપવું જોઈએ અને મહિલાઓને અનામત આપવામાં આવી એ રીતે આ કમિટીઓમાં પણ ૩૩ ટકા મહિલાઓનું પ્રતિનિધિત્વ રહે એવું એક સૂચન એમાં થયેલ છે. આ દ્રષ્ટિએ જે કાંઈ ખેડૂતો જમીન ખેડે છે તેને પૂરતો હક્ક મળવાનો છે. આજે આદિવાસીઓ માટે જે જંગલની અંદર રહે છે તેમના ઘણા પ્રશ્નો સતાવતા હોય છે. પીવાના પાણીની સમસ્યા, રહેઠાણની સમસ્યા, રસ્તાની સમસ્યા વિગેરે હોય છે. પરંતુ ગુજરાત પેટર્ન અમલમાં આવી એ ભારતીય જનતા પાર્ટીની સરકારે અમલમાં મૂકી છે. એના કારણે એમને અનેક પ્રશ્નો સતાવતા હતા, જંગલના પ્રશ્નો સતાવતા હતા એનો અંત ભા.જ.પ.ના શાસનમાં લાવી શક્યા છીએ એ આપણે જોઈ શકીએ છીએ. એટલા માટે અમે એમ કહીએ છીએ કે જે માનવ હક્કની અંદર જે સમાન સુવિધા પ્રાપ્ત કરવાનો અધિકાર છે એ

અધિકારના નાતે ૧૫ ટકા વસતિ જંગલ વિસ્તારમાં રહે છે એના માટેની પૂરતી સુવિધા ભા.જ.પ.ની સરકારે કરી છે અને એટલા માટે મને ગૌરવ અને આનંદ થાય છે. માનનીય સભ્યશ્રી અમરસિંહભાઈના પ્રસ્તાવની અંદર જે આલોચના કરવામાં આવી છે કે અત્યાર સુધી ૧૦ હજાર લોકોને જ જમીન પ્રાપ્ત થઈ છે. પરંતુ નકલ જોતાં અને રિપોર્ટ જોતાં ૧.૫૯ લાખ જેટલી અરજીઓની તપાસણી થઈ ચૂકી છે અને એ પૈકી કમસે કમ ૨૩૦૦ અરજીઓ કોઈ કારણસર કાર્યવાહીની પૂર્તતા ન હોવાના કારણે કેન્સલ કરવામાં આવી છે. ૭૦૫૦૬ અરજીઓ ગ્રામસભાએ પસાર કરીને જિલ્લાને માન્યતા આપવા માટે આપી છે. આ રીતે આવતા દિવસોમાં આદિવાસીઓને જંગલના ખેડ હક્કની અંદર જમીન જે ૧૦ એકર આપવાનો ઠરાવ કેન્દ્ર સરકારે કરેલ છે એ રીતે એમને મળવાની છે એમાં કોઈ બેમત નથી. એનાથી એક ખેડૂત તરીકે વ્યાખ્યામાં એ આવી શકશે અને એમને ત્યાર પછીના જે હક્કો પ્રાપ્ત થવાના છે એ વિશેષ થશે. આજે આદિવાસીઓ માટે એમના રક્ષણ માટેની ૭૩ એએ રાખેલ છે એ ભારતીય જનતા પાર્ટીએ ખૂબ પુખ્ત વિચારણા કરીને એનો હક્ક જાળવવાની કોશિશ કરેલ છે. આ રીતે ભા.જ.પ.ના શાસનમાં આદિવાસીઓને કોઈપણ જાતનો અન્યાય ન થાય એ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ જોઈ રહ્યા છે અને એટલા માટે વન બંધુ કલ્યાણ યોજના દ્વારા જે બજેટ આપવામાં આવ્યું એ બજેટના કારણે માળખાકીય વ્યવસ્થા સંપૂર્ણ સુવિધાવાળી દેખાઈ રહી છે. એટલે હું સંકલ્પને સમર્થન આપતો નથી.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ (દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગૃહની અંદર અહીંયા ઉપસ્થિત થતાં આપ સર્વેને વંદન કરું છું. આપણા અહીંના જ એક સભ્યશ્રી કેન્દ્ર સરકારે આદિવાસીઓના ઉત્કર્ષ માટે વર્ષ ૨૦૦૫માં જંગલની જમીન ખેડતા ખેડૂતોને ચાર હેકટર જમીન આપવાનો કાયદો કરેલ છે, ચાર હેકટર જંગલની જમીન આપવાનો કાયદો કરેલ છે જે ખૂબજ પ્રશંસનીય છે, પરંતુ આ દેશ આઝાદ થયો અને આઝાદી મળી એના પછી શું આ કેન્દ્રની સરકારે ૨૦૦૫માં આ આદિવાસીભાઈઓને ચાર હેકટર જમીન આપવા માટે આજે એમનું આ સૂચન આવ્યું. સૌથી વધારેમાં વાધરે જ્યારે કેન્દ્રની અંદર આ કોંગ્રેસની સરકાર બેઠી હોય અને જ્યારે આજે આ સૂચન આવ્યું છે એ મારી દ્રષ્ટિએ આટલું મોડું જે સૂચન કર્યુ છે એ સૂચન ખૂબ પહેલા કરવાની જરૂર હતી.

માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, હું આદિવાસી વિસ્તારમાંથી હમણાં જ એક પ્રતિનિધિત્વ કરીને આ વંદનીય ગૃહની અંદર આજે ઉપસ્થિત થયો છું ત્યારે મારી આ વાતને અને માનનીય શ્રી અમરસિંહભાઈનો જે પ્રસ્તાવ છે એ પ્રસ્તાવ સાથે હું સંમત નથી. સંમત એટલા માટે નથી કે દરેકે દરેક જગ્યાએ આની કાર્યવાહી તાલુકા ક્ક્ષાએ કે જિલ્લા કક્ષાએ પણ થઈ છે. પરંતુ જ્યારે આપણે આદિવાસીઓની વાત કરતા હોય અને જો આદિવાસીઓની ચિંતા કરતા હોય તો આદિવાસીઓના એવા ઘણાં બધા પ્રશ્નો અને ચિંતાઓ છે. કેન્દ્રની અંદર કોંગ્રેસની સરકાર બેઠી હોય ત્યારે આપશ્રી દ્વારા એના માટે ચોક્કસ નિવારણ પણ લાવવું જોઈએ. આ વિધાનસભાની અંદર આદિવાસીઓના હક્કની જ્યારે વાત કરીએ છીએ ત્યારે એ આદિવાસીઓના આવાસ બનાવવા માટે હોય કે રોડ અને રસ્તા માટે હોય ત્યારે આ સન્માનનીય ગૃહે જે તે વિસ્તારની અંદરથી જ્યારે પણ આવા રોડ અને રસ્તા માટે પરવાનગી ત્યાં મોકલતા હોય ત્યારે એવા રોડ અને રસ્તા માટે પણ પરવાનગી આપતા નથી તો એ માટે વિચારવું જોઈએ.

**શ્રી મંગુભાઈ છ. પટેલ (આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અમરસિંહભાઈ જે પ્રસ્તાવ લાવ્યા છે, એમાં લગભગ આઠ જેટલા સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો છે અને પોતાના અભિપ્રાયો એમણે વ્યકત કર્યા છે. કેન્દ્ર સરકાર ૨૦૦૬ માં આ કાયદો લાવી છે. ૨૦૦૭ થી એના નિયમો બનતાં બનતાં તા.૧-૧-૨૦૦૮ થી આ કાયદો અમલમાં આવ્યો છે અને આ કાયદો એવું કહે છે કે તા.૧૩-૧૨-૨૦૦૫ થી ખેડતાં આવ્યા હોય એવા આદિવાસીઓને અને તા. ૩૦-૧૨-૨૦૦૭ સુધી એના કબજામાં એ જમીન હોવી જોઈએ અને એના ઉપર એ ખેતી કરતો હોવો જોઈએ અને તેવા લોકોને આપણે કબજા રસીદ આપવાની રહેશે અને એના માટે ગ્રામસભામાંથી વન સમિતિ બનાવીને એકે એક ગામમાં આપણે વન સમિતિ બનાવી છે. અમરસિંહભાઈ એમની વાતમાં એવું કહેતા હતા કે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ખૂબ સારું કરે છે પણ નરેન્દ્રભાઈ બધી જ જંગલની જમીન આદિવાસીઓને આપે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ચોક્કસ લગભગ ૧૯૯૦ થી આ ગૃહમાં બેસું છું. મેં કોંગ્રેસના પણ કાંઈ કેટલાય બજેટ જોયા છે. મને ચોક્કસ યાદ આવે છે કે ૧૯૯૦ માં આદિજાતિ કલ્યાણ બજેટ સાડા ચાર સો કરોડ રૂપિયાનું હતું. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ આવ્યા પછી એ બજેટ વધતાં વધતા એવો એક સમય આવ્યો કે એક વર્ષના સાડા ચાર સો કરોડની જગ્યાએ.. ત્રણ હજાર કરોડ રૂપિયા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આપ્યા છે અને પાંચ વર્ષ માટે પંદર હજાર કરોડનું પૅકેજ બનાવીને આદિવાસીના ઉત્કર્ષની વાત એમણે હાથમાં લીધી છે. અને એજ રીતે મારે કહેવું છે કે, આ જંગલની જમીનની પણ જે વાત છે એ જંગલની જમીનમાં પણ માનનીય મુખ્ય મંત્રીશ્રી જે સાચો આદિવાસી ખેતી કરતો હશે આ જે તંત્રે જે સમય મર્યાદા આપી છે એ જમીનમાં બરાબર એ ખેડતા હશે તો એક પણ એવો આદિવાસી રહી નહીં જાય તે જેને સાચો હક્ક મળવાનો છે એવો એ હક્ક વગર નહીં રહે એની પણ કાળજી પૂરી અમે રાખવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડા આગળ જવું છે, બે - ત્રણ ધારાસભ્યશ્રીઓએ એવી વાત કરી કે, ગુજરાતની સરકારે ૧૯૬૭ પહેલાં અને ૧૯૮૦ પહેલાં ૪૫,૫૬૫/- જેટલા આદિવાસીઓને જંગલની જમીન આપી છે, એ સનદ આપી છે. ૩૧,૦૦૦ હેકટર જેટલી જમીન ભૂતકાળમાં ૮ -

૧૦ વર્ષ પહેલાં ભા.જ.પ.ની સરકારે આ જમીન આપી છે. મને આખા હિન્દુસ્તાનમાં એક એવો પ્રાંત બતાવે કોઈ જેણે જંગલની જમીન સનદ આપી છે, એક એવો પ્રદેશ બતાવે? માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત સરકારે આપ્યું છે. અત્યારે જે કેન્દ્રએ મોડો મોડો કાયદો કર્યો છે, આદિવાસી મોડા મોડા ધ્યાનમાં આવ્યા, અત્યારે એ જે જમીન આપવાની છે, કબજા રશીદ આપવાની છે. સનદમાં અને કબજા રશીદમાં, સનદ એ મહેસૂલ વિભાગ આપતો હતો એને માલિકીનો હક્ક એને પૂરેપૂરો મળતો હતો, સનદ હેઠળ જમીન વેચાણ ગીરો વગેરે થઈ શકે છે. મહેસૂલી તંત્રમાં માણસોને જમીનનો કાયમી હક્ક સનદ દ્વારા આપવામાં આવે છે. જમીનની આખરી માપણી પછી સનદ આપવામાં આવે છે. આમ કરીને પૂરો જે કાંઈ પ્રોસીજર કરવો પડે એ પ્રોસીજર કરીને એ સનદ આપવામાં આવી છે. કબજા રશીદ છે એ કબજા રશીદ જમીન ખેડવાનો જ ખાલી અધિકાર છે. આ અધિકાર વારસાઈ થઈ શકે છે પરંતુ વેચાણ કે ગીરો મૂકી શકાતું નથી. વન અધિકારી કાયદામાં જોગવાઈ પ્રમાણે અધિકારપત્ર આપવામાં આવશે. અહીંયા કેટલીક વાત થઈ કે, જમીન વગર રહી જવાના, જમીન આપતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ ચોખવટ કરવી છે કે, જમીન તો આજની તારીખમાં પણ જે કાંઈ અરજી આવી હશે, સાચા જે ખેડૂતો છે, આદિવાસી ખેડૂત એ એની જમીન પર અત્યારે પણ ખેડે છે, એની પાસે કોઈ જમીન નથી લઈ લીધી. જમીન તો એના કબજામાં જ છે પણ હવે એને કબજા એના નામ પર થશે એના માટે વિધિસર આ એક આખી જે પ્રોસીજર કરવાની છે. જમીન કોઈ લીધી નથી, જમીન તો આદિવાસી પાસે જ છે. બીજું ચાર હેકટર જમીનની વાત કરે છે. ચાર હેકટરમાં બરાબર આપણા લોકોએ પણ સમજીને એ કરવું પડશે. જ્યારે આ કાયદો બન્યો, આપણે અમલ કરવામાં આવ્યો તે જ વખતે મેં એકે એક, ૨૬-૨૬ ધારાસભ્યોને પત્રો લખીને આપ્યા છે કે, તમારે ત્યાં ગામમાં વન સમિતિ બનવાની છે, તમે કાળજી કરીને વન સમિતિ એવી રીતે બનાવો કે જેથી આવતા દિવસોમાં આદિવાસીને કોઈ મુશ્કેલી ન પડે. એ ૧-૧-૦૮માં બધાને પત્ર લખીને આપેલો છે. એમાં ચાર હેકટર સુધીની વાત છે. કોઈ આદિવાસી અડધો હેકટર ખેડતું હશે તો એને અડધો હેકટર મળવાની છે, એક હેકટર ખેડતો હશે તો એને એક હેકટર મળવાની છે પણ દસ હેકટર ખેડતો હશે તો એને દસ હેકટર નહીં પણ ચાર હેકટર સુધી જ મળવાની છે. આ બરાબર સમજીએ આપણે પણ સમજીએ અને આપણે પણ બીજાને બરાબર રીતે સમજાવીએ. ઘ ણી અત્યારે વાત થઈ ને, કેટલાક લોકો રાજકીય લાભ લઈને એવો ખોટો આદિવાસીઓમાં ભ્રમ પેદા કરે છે કે, જાણે જગ્યા મળી જ જવાની, ઝાડ કાપી નાખો, કબજો કરી લો, તમને જમીન મળી જશે. મહેરબાની તરીકે એવી રીતે કોઈ ઉશ્કેરતું હોય તો આપણે એક આદિવાસી ધારાસભ્ય તરીકે, એક આ ગૃહના ધારાસભ્ય તરીકે આદિવાસીઓની ખરેખર સેવા કરવા માગતા હોઈએ તો એવા જે ઉશ્કેરતા હોય તો તેને કહેવું જોઈએ કે બંધ કર તારી વાત. એ નહીં કહીશું તો આદિવાસીને. અન્યાય થવાનો. કારણ કે, કાંઈ પણ સંઘર્ષ થાય એટલે ફૉરેસ્ટના અધિકારીઓ જાય સંઘર્ષ થાય પોલીસ આવી જાય એટલે બિચારો આદિવાસી વગર ફોગટનો જેલ ભેગો થાય. આટલી કાળજી આપણે ચોક્કસ રાખીએ. બાકી મારા વિભાગે એના માટે જે કાંઈ ગ્રામ વન સમિતિ બનાવવાની વાત પછી એની તાલુકાની વાત એટલે પ્રાંતની વાત પછી જિલ્લાની વાત આ બધા પ્રમાણે અને અહીંયા કહેવાયું પણ દરેકના ભાષણમાં કે લગભગ ૧ લાખ ૭૬ હજાર જેટલી જમીનની ચકાસણી થઈ ગઈ છે.આ એમાં જ નથી થઈ. એકેએક જગ્યાએ ગયા છે કર્મચારીઓ. અધિકારીઓ. એની ચકાસણી થઈ ગઈ. ૬૪૦૦૦ જેટલી અરજી તાલુકા પાસે છે. ૫૭૭૮ને આપણે કબજા રસીદ વિતરણ કરી દીધી છે એટલી જ બીજીને જિલ્લામાં સૈદ્ધાંતિક મંજૂરી મળી ગયેલી છે એટલે ૧૦૫૧૫ જેટલી થઈ જાય છે એની સાથે બીજી ૮૦૦૦ જેટલી જિલ્લા કક્ષાએ આવી ગયેલી છે. આને માટે પ્રોસીઝર પણ ખૂબ સમજવાની જરૂર છે. ગ્રામસભામાં વન સમિતિ મૂકે, ત્યાં ઠરાવ પાસ કરે પછી એ આગળ જાય આગળ એટલે તાલુકા લેવલે જાય. તાલુકા લેવલથી જિલ્લા લેવલે આવે અને આખરે જિલ્લો એને મંજૂરી આપે. એ રીતે દસ હજાર અરજીઓ પૂરી થઈ જાય છે. ૮૦૦૦ જિલ્લામાં છે અને ૬૪૦૦૦ તાલુકા સુધી આવી ગઈ છે અને જુદા જુદા તબકકે છે. આપણે એમ કહીએ કે આદિવાસીઓને કોઈ જમીન આપતું નથી. ગુજરાત સરકાર કામ કરતી નથી એ બરાબર નથી. જુદા જુદા તબકકે અરજીઓ પડેલી છે. મારી વિનંતી છે કે જયાં અડચણો આવે ત્યાં આપણે સમજદારીપૂર્વક કાળજી રાખવી જોઈએ. કેવી રીતે આદિવાસીઓને જમીન મળે એની કાળજી રાખીને જે ફોર્મ છપાવવાના છે પહેલેથી છ લાખ જેટલા ફોર્મ છપાવ્યા છે. પોતાના ફોર્મ છપાવતા હતા અને એના બસો, અઢીસો રૂપિયા લેતા હતા એને ધ્યાનમાં રાખીને છ લાખ ફોર્મ બનાવ્યા છે. તેમાં ક્રમાંક આપ્યા છે જેથી કોઈપણ ગેરરીતિ કરી શકે નહીં. જુદા જુદા સાહિત્ય આદિવાસીઓને સમજણમાં આવે એવું સાહિત્ય તૈયાર કર્યું છે. ગામેગામ પહોંચાડયું છે. ગ્રામ સમિતિથી માંડીને જિલ્લા કક્ષા સુધીની જેને ટ્રેનિંગ આપવાની છે સ્પીપા સુધી એને ટ્રેનિંગ આપીને, સંશોધન કેન્દ્રમાં ટ્રેનિંગ આપીને બધું તૈયાર કર્યું છે. સી.એસ.એ.ની રાજયકક્ષાની સમિતિ છે એના પ્રમુખ છે એમને પણ મિટિંગમાં બોલાવ્યા છે. મિનિસ્ટર લેવલે પણ બે બે મિટિંગો બોલાવી આમ કરીને વધારેમાં વધારે કેવી રીતે આદિવાસીઓને જંગલની જમીન મળે એના માટે અમે તૈયાર છીએ. ખૂબ પ્રમાણિકતાથી અને મનમાં કંઈ રાખ્યા વગર અમે કામ કરીએ છીએ. તો હું ચોકકસ ખાતરીપૂર્વક કહીશ કે આ નરેન્દ્રભાઈ મોદીની સરકાર છે. એના મિનિસ્ટર પણ એક આદિવાસી છે આદિવાસીને અન્યાય ન થાય એ જોવાની ફરજ અમારી પણ છે. એને માટે કેન્દ્ર એ અમને રૂ. સાતસો લાખ આપવાના હતા. ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં અત્યાર સુધીમાં ૨૮૦૦૦૦ રૂપિયા અમને મળ્યા છે. મારી એટલી વિનંતી છે કોંગ્રેસના

મિત્રોને કે ગુજરાતમાંથી રાજયકક્ષાના આદિજાતિના મિનિસ્ટર ત્યાં બેસે છે એમને પણ આગ્રહ કરીને આપણે જંગલની જમીન અપાવવી. એના માટે જે ખર્ચ કેન્દ્ર સરકાર આપવાની છે ત્યારે વગનો ઉપયોગ કરીને કેન્દ્ર સરકાર પૈસા આપણને જલદી આપે એના માટે પ્રયત્ન કરવો જોઈએ. તુષારભાઈ, અમરસિંહભાઈનો પ્રશ્ન હતો કે કેટલાક નિયમોમાં આપણે સુધારો કરવો જોઈએ પણ કેન્દ્ર એ નિયમો બનાવેલા છે આપણે એમાં સુધારો જાતે ન કરી શકીએ. જે મુશ્કેલી છે, બીન આદિવાસીઓની વાત છે. ૭૫વર્ષનો ઓલ ઈન્ડીયાનો વિચાર કરીને કેન્દ્રએ કાયદો બનાવ્યો છે. એમાં કેવી રીતે આપણને રાહત મળે એના માટે પણ ચોકકસ પ્રયત્ન કરીશું પણ મારી વાત એ છે કે આપણે બધા લોકોએ પૂરેપૂરી કાળજી રાખવી જોઈએ. કેટલીક વાર બહારના લોકો ચંચુપાત કરીને આદિવાસીઓના અજ્ઞાનનો ગેરલાભ ઉઠાવીને ખોટું કરે છે એના ઉપર આપણે ધ્યાન રાખવું જોઈએ. આ ધારો જમીન ખેડતા હોય એના માટે છે. દાવા અરજી મળી છે તેમાં બીન જંગલની જમીનના હકકો માટે પણ કેટલીક અરજી આવી ગઈ છે. આપણને એમ થાય કે આટલી બધી અરજી કેવી રીતે આવી? કેટલાક અધૂરા ફોર્મ છે. પુરાવા નથી પણ ખરેખર મારે તો એમ કહેવું જોઈએ કે એક ધારાસભ્ય તરીકે આદિવાસીઓના મિત્ર તરીકે જેઓ આદિવાસીઓનું હિત જોતા હોય એવા લોકો સાચો આદિવાસી ખેડૂત ખેતી કરતો હોય ૨૦૦૫ થી ૨૦૦૭ સુધી અત્યારે ખેડે છે એનો કબજો હોય એના ઉપર પરિવારનું ભરણપોષણ થતું હોય તો ચોકકસ એને એનો હકક અપાવવા માટે આપણે એને પૂરેપૂરી મદદ કરવી જોઈએ.મારે બીજી વાત કહેવી છે કે ગ્રામસભામાં લગભગ ૧ લાખ અરજીઓ પડેલી છે. ગ્રામસભામાં જઈને આપણે આવી અરજીઓ શોધવાની, કેવી રીતે ગ્રામસભામાંથી પ્રાંતમાં મોકલે, પ્રાંતવાળા જિલ્લામાં મોકલાવે, એમાં શક્તિનો ઉપયોગ કરીને આદિવાસી સાચા ખેડૂતો છે, એને જંગલની જમીન અપાવવામાં બધા સાથે મળીને આપણે પ્રયત્ન કરવો જોઈએ. આટલી વાત પછી ચોક્કસ કહેવું છે કે સૌ સભ્યોને સંતોષ થશે.

**અધ્યક્ષશ્રી** : હવે ચર્ચા પૂરી થાય છે.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમ્યાન મળ્યા છે અને સમયના અભાવે માનનીય સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી, તેવા ૨૨૯ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉ છું.

**અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## અતારાંકિત પ્રશ્નો

### (નિયમ-૮૭ (ક) હેઠળના અતારાંકિત પ્રશ્નો)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭ (ક) અન્વયે તા. ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂક્વામાં આવેલ અતારાંક્તિ પ્રશ્નો અને તેના જવાબોની યાદી

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | શ્રી અમરસિંહ વસાવા | ૧૬૨૭,૧૭૩૧,૧૭૩૫,૧૭૪૦,૧૭૪૨ | ૦૫ |
| ૨ | શ્રી અમીતકુમાર ચાવડા | ૨૧,૨૩૮૨ | ૦૨ |
| ૩ | શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા | ૧૬૮૧ | ૦૧ |
| ૪ | શ્રી ઈશ્વરભાઈ વહીયા | ૧૯૨૯,૧૯૩૨,૧૯૩૯,૧૯૪૦,૧૯૪૧,૧૯૪૭,૧૯૪૯,૧૯૫૨,૧૯૫૪, ૧૯૫૬,૧૯૫૭,૧૯૫૮,૧૯૫૯,૧૯૬૦,૧૯૬૩,૧૯૬૪,૧૯૬૬,૧૯૬૭, ૧૯૬૮,૨૦૦૦,૨૦૦૯,૨૦૧૨,૨૦૧૩,૨૦૧૪,૨૦૧૫,૨૦૧૬, ૨૦૨૪,૨૦૨૫,૨૦૨૯,૨૦૩૧ | ૩૦ |
| ૫ | શ્રી કિરણકુમાર મક્વાણા | ૧૭૧૨,૧૭૧૩,૧૭૧૭,૧૭૧૯,૧૭૨૩,૧૭૨૪,૧૭૨૬,૧૭૨૭, ૧૭૨૮ | ૦૯ |
| ૬ | શ્રી ગ્યાસુદીનભાઈ શેખ | ૧૬૭૪ | ૦૧ |
| ૭ | શ્રી ગૌતમભાઈ જે.ઝાલા | ૧૮૬૪,૧૮૬૬,૧૮૭૫,૧૮૭૭,૧૮૭૮,૧૮૮૦,૧૯૦૧,૧૯૦૫,૧૯૦૭, ૨૧૭૪,૨૧૭૬,૨૧૭૮,૨૧૭૯,૨૧૮૭,૨૧૮૮,૨૧૮૯,૨૧૯૦,૨૧૯૧, ૨૩૭૭ | ૧૯ |
| ૮ | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા | ૨૩૩૬ | ૦૧ |
| ૯ | શ્રી છનાભાઈ ચોધરી | ૨૨૬૫,૨૨૬૬,૨૨૬૭,૨૨૬૯,૨૨૭૦,૨૨૭૧,૨૨૭૨,૨૨૮૨,૨૨૮૩, ૨૨૮૪,૨૨૮૫ | ૧૧ |

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧૦ | શ્રી જીતુભાઈ ચોધરી | ૨૦૪૦,૨૦૪૩,૨૦૪૪,૨૦૪૬,૨૦૫૧,૨૦૫૨,૨૦૫૩,૨૦૬૦,૨૦૬૧ | ૦૯ |
| ૧૧ | શ્રી નારાયણભાઈ પટેલ | ૧૬૮૩,૧૬૯૧,૧૬૯૪,૧૬૯૭ | ૦૪ |
| ૧૨ | શ્રી પ્રભુભાઈ ના.વસાવા | ૨૧૩૯,૨૧૪૩,૨૧૪૬,૨૧૪૭,૨૧૪૯,૨૧૫૬,૨૧૫૭,૨૧૫૮,૨૧૫૯, ૨૧૬૦,૨૧૬૪,૨૧૬૯ | ૧૨ |
| ૧૩ | શ્રી બાબુભાઈ શાહ | ૧૬૬૫ | ૦૧ |
| ૧૪ | શ્રી બચુભાઈ કિશોરી | ૧૭૫૧,૧૭૫૮,૧૭૫૯,૧૯૬૪,૧૭૭૩,૧૭૭૪,૧૭૭૫,૧૭૯૫,૧૭૯૬, ૧૭૯૭,૧૭૯૯,૧૮૧૦,૧૮૧૭,૧૮૧૮,૧૮૨૧,૧૮૨૨,૧૮૨૩,૧૮૨૬, ૧૮૩૦,૧૮૩૧,૧૮૩૫,૧૮૩૬,૧૮૩૭,૧૮૩૮,૧૮૪૧,૧૮૪૨,૧૮૪૩, ૧૮૪૪,૧૮૪૫,૧૮૪૬,૧૮૪૭,૧૮૪૮,૧૮૫૦,૧૮૫૧,૧૮૫૫,૧૮૬૧, ૨૦૭૯,૨૦૮૦,૨૦૮૨,૨૦૮૩,૨૦૮૪,૨૦૮૫,૨૦૯૦,૨૦૯૩,૨૦૯૪, ૨૦૯૮,૨૧૦૮,૨૧૦૯,૨૧૧૩,૨૧૧૬,૨૧૧૯,૨૧૨૦,૨૧૨૧,૨૧૨૫, ૨૧૨૬,૨૧૨૭ | ૫૬ |
| ૧૫ | શ્રી મણીભાઈ પટેલ | ૨૩૭૮ | ૦૧ |
| ૧૬ | શ્રી માનસિંહ ચોહાણ | ૨૨૮૬,૨૨૮૮,૨૨૮૯,૨૨૯૪,૨૨૯૯,૨૩૦૩,૨૩૦૪,૨૩૦૫,૨૩૦૮, ૨૩૦૯,૨૩૧૦,૨૩૧૧,૨૩૧૨,૨૩૧૩,૨૩૧૪,૨૩૧૫,૨૩૧૬,૨૩૧૭, ૨૩૧૮,૨૩૧૯,૨૩૨૧,૨૩૨૫,૨૩૨૭,૨૩૨૮,૨૩૨૯,૨૩૩૦,૨૩૩૨, ૨૩૩૩,૨૩૩૫ | ૨૯ |
| ૧૭ | શ્રી મહંમદજાવેદ પીરઝાદા | ૨૧૯૩,૨૧૯૪,૨૧૯૭,૨૨૦૦,૨૨૦૧,૨૨૦૩,૨૨૦૬,૨૨૦૭,૨૨૧૮, ૨૨૧૯,૨૨૨૦,૨૨૨૩,૨૨૨૪,૨૨૨૫,૨૨૨૬,૨૨૨૮,૨૨૨૯,૨૨૩૦, ૨૨૩૩,૨૨૩૪,૨૨૩૫,૨૨૩૬,૨૨૩૭ | ૨૩ |
| ૧૮ | શ્રી રાઘવજીભાઈ પટેલ | ૧૯૭૪,૧૯૭૯,૧૯૮૭,૨૨૪૫,૨૨૪૬,૨૨૪૭,૨૨૪૮,૨૨૫૦,૨૨૫૧, ૨૨૫૩,૨૨૫૪,૨૨૫૯,૨૨૬૩,૨૩૬૩ | ૧૪ |
| ૧૯ | શ્રી સી. કે. રાઉલજી | ૧૬૬૮ | ૦૧ |

--------------

**દાહોદ જિલ્લામાં ધારાસભ્ય સાથે પરામર્શ કર્યા સિવાયના કામો**

અતારાંક્તિ:૧૮૧૦ (૯-૧૦-૦૯)**શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી): માનનીય મુખ્ય મંત્રીશ્રી**(આયોજન) જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધારાસભ્યશ્રી સાથે પરામર્શ કર્યા વગર કેટલી રકમના કામો મંજૂર કર્યા,

(૨) ટેન્ડર પ્રક્રિયા કર્યા વગર કેટલી કામગીરી કરવામાં આવી, અને

(૩) ધારાસભ્યશ્રી સાથે પરામર્શ ન કરવાનાં કારણો શાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) (૪-૧૨-૨૦૦૯) :

(૧) કોઈ કામ મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) ગ્રામ પંચાયતને કામો આપવામાં આવતા હોય ટેન્ડર પ્રક્રિયા કરવાની જરૂરીયાત રહેતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**કચ્છ જિલ્લામાં ભૂકંપથી નુકસાન પામેલ ગોશાળાને ચૂકવેલ રકમ**

અતારાંક્તિ : ૧૬૬૫ (૨૨-૬-૦૯) **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લાની પાંજરાપોળો ગોશાળાઓને ભૂકંપ અન્વયે તૂટેલા ઢાળિયા મકાનો બનાવવા મંજૂર થયેલ રકમો પી.ડબલ્યુ.ડી. ચકાસણી પછી પણ ચૂકવવામાં આવી નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ રકમ સરકાર ચૂકવવા માંગે છે કે કેમ, અને

(૩) જો ના, તો કચ્છ જિલ્લામાં ભૂકંપથી નુકસાન પામેલ પાંજરાપોળ ગોશાળાની તાલુકાવાર નોંધણી સામે કઈ કઈ ગોશાળા/ પાંજરાપોળોને નવા મકાન બનાવવા મંજૂરી આપેલ તે અન્વયે કેટ કેટલી રકમ કઈ કઈ પાંજરાપોળોને કઈ કઈ તારીખે ચૂકવવામાં આવી ?

**પશુપાલન મંત્રીશ્રી** (૧૫-૧૨-૦૯) :

(૧) હા, જી.

(૨) સત્વરે

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**દાહોદ જિલ્લામાં પશુઓના દવાખાના અને તેમાં ડોકટર, કમ્પાઉન્ડર, ક્લાર્કની ઘટ**

અતારાંકિત : ૧૮૬૧ (૧૬-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી (લીંબડી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર દુધાળા ઢોર તેમજ ખેતીકામમાં ઉપયોગી પશુઓની સંખ્યા કેટલી,

(૨) દાહોદ જિલ્લામાં તાલુકાવાર નિયમ મુજબ કેટલા ઢોર દવાખાના હોવા જરૂરી છે, અને ઉક્ત સ્થિતિએ દરેક તાલુકામાં કેટલા ઢોર દવાખાના ઉપલબ્ધ છે,

(૩) દાહોદ જિલ્લામાં દરેક તાલુકામાં ઉક્ત સ્થિતિએ ઢોર દવાખાનામાં કેટલા ડોકટર, કમ્પાઉન્ડર, ક્લાર્ક અને પટાવાળા હોવા જોઈએ અને તેની સામે કેટલા કર્મચારીઓ છે,

(૪) આ કર્મચારીઓની ઘટ ક્યારે પુરવામાં આવશે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૧૦-૧૨-૦૯) :

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કુલ ૨,૨૬,૨૭૪ દુધાળા ઢોર તથા ખેતીકામમાં ઉપયોગી પશુઓની સંખ્યા ૨,૬૫,૫૩૫ છે. તાલુકાવાર વિગત દર્શાવતું પત્રક નં. ૧ સામેલ છે.

(૨) દાહોદ જિલ્લામાં નિયમ મુજબ સ્નાતક કક્ષાના જરૂરી પશુચિકિત્સક સાથેનાં ૧૮૭ ઢોર દવાખાના હોવા જરૂરી છે. અને હાલમાં દાહોદ જિલ્લામાં પશુચિકિત્સક સાથેનાં ૧૭ ઢોર દવાખાના ઉપલબ્ધ છે. તાલુકાવાર વિગત દર્શાવતું પત્રક નં. ૨ સામેલ છે.

(૩) દાહોદ જિલ્લામાં ઢોર દવાખાનામાં મંજુર થયેલ મહેકમ મુજબ ૧૬ ડોકટર અને ૧૨ પટાવાળા હોવા જોઈએ તેની સામે ૮ ડોકટર અને ૮ પટાવાળા છે. કમ્પાઉન્ડર અને ક્લાર્કનું મહેકમ નથી. તાલુકાવાર વિગત દર્શાવતું પત્રક નં. ૩ સામેલ છે.

(૪) કામગીરીના ભારણ, જરૂરીયાત વગેરેને ધ્યાનમાં લઈ શક્ય તેટલી વહેલી.

**પત્રક-૧**

| અ. નં. | તાલુકાનું નામ | દુધાળા ઢોરની સંખ્યા (દુઝણી+વસુકેલ) | ખેતીકામમાં ઉપયોગી પશુઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | ફતેપૂરા | ૨૫૨૭૯ | ૩૨૯૪૭ |
| ૨. | ઝાલોદ | ૪૧૩૨૬ | ૪૧૨૭૨ |
| ૩. | લીમખેડા | ૪૧૨૦૯ | ૪૬૭૪૧ |
| ૪. | દાહોદ | ૩૯૫૭૫ | ૪૭૩૧૩ |
| ૫. | ગરબાડા | ૧૯૧૩૭ | ૨૪૩૧૩ |
| ૬. | દેવગઢબારીયા | ૩૪૭૨૯ | ૪૨૨૧૩ |
| ૭. | ધાનપુર | ૨૫૦૧૯ | ૩૦૭૩૬ |

| | | |
|---|---|---|
| (દાહોદ જિલ્લો) **કુલ :** | **૨૨૬૨૭૪** | **૨૬૫૫૩૫** |

**પત્રક-૨**

| **અ. નં.** | **તાલુકાનું નામ** | **તાલુકાનુ પશુધન એકમ** | **રાષ્ટ્રિય કૃષિ પંચની ભલામણ અનુસાર દર ૫૦૦૦ પશુધન એકમ દીઠ પશુચિકિત્સક સાથેના જરૂરી ઢોર દવાખાનાની સંખ્યા** | **હાલમાં ઉપલબ્ધ ઢોર દવાખાનાની સંખ્યા** |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧. | ફતેપૂરા | ૧૧૩૭૬૭ | ૨૩ | ૨ |
| ૨. | ઝાલોદ | ૨૦૧૭૬૫ | ૪૦ | ૪ |
| ૩. | લીમખેડા | ૧૫૨૬૦૮ | ૩૧ | ૩ |
| ૪. | દાહોદ | ૧૫૪૦૬૦ | ૩૧ | ૩ |
| ૫. | ગરબાડા | ૭૫૭૮૧ | ૧૫ | ૧ |
| ૬. | દેવગઢ બારિયા | ૧૨૯૯૬૭ | ૨૬ | ૩ |
| ૭. | ધાનપુર | ૧૦૩૪૧૯ | ૨૧ | ૧ |
| | **કુલ :** | **૯૩૧૦૬૭** | **૧૮૭** | **૧૭** |

**પત્રક-૩**

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **પશુ ચિકિત્સા અધિકારી** | | | **પટાવાળા / એટેન્ડન્ટ** | |
|---|---|---|---|---|---|---|
| | | **રાષ્ટ્રિય કૃષિ પંચની ભલામણ અનુસાર જગ્યા હોવી જોઈએ** | **મંજુર થયેલ જગ્યા** | **ભરાયેલ જગ્યાઓ** | **મંજુર થયેલ જગ્યા** | **ભરાયેલ જગ્યાઓ** |
| ૧. | ફતેપૂરા | ૨૩ | ૨ | ૧ | ૨ | ૧ |
| ૨. | ઝાલોદ | ૪૦ | ૪ | ૧ | ૩ | ૨ |
| ૩. | લીમખેડા | ૩૧ | ૩ | ૧ | ૨ | ૨ |
| ૪. | દાહોદ | ૩૧ | ૩ | ૨ | ૨ | ૧ |
| ૫. | ગરબાડા | ૧૫ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૬. | દેવગઢ બારિયા | ૨૬ | ૨ | ૧ | ૧ | ૧ |
| ૭. | ધાનપુર | ૨૧ | ૧ | ૧ | ૧ | ૦ |
| | **કુલ :** | **૧૮૭** | **૧૬** | **૮** | **૧૨** | **૮** |

-------------

**રાજકોટ જિલ્લામાં તળાવ ઊંડા કરવા બાબત**

અતારાંકિત : ૨૨૩૪ (૧૪-૧૦-૦૯) **શ્રી મહંમદ જાવેદ પીરજાદા(વાંકાનેર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જિલ્લામાં સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા. ૩૦-૯-૨૦૦૯ ની સ્થિતિએ સિંચાઈ યોજના હેઠળ કેટલા તળાવો નવા બનાવવામાં આવ્યા,

(૨) કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને

(૩) તળાવ દીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**કૃષિ મંત્રીશ્રી** (૪-૧૨-૨૦૦૯) :

(૧) રાજકોટ જિલ્લામાં સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા. ૩૦-૯-૨૦૦૯ ની સ્થિતિએ સિંચાઈ યોજના હેઠળ કોઈ નવા તળાવ બનાવવામાં આવેલ નથી.

(૨) સને ૨૦૦૮-૦૯ માં કુલ-૩૧ તળાવો ઊંડા ઉતારવામાં આવ્યાં, જ્યારે સને ૨૦૦૯-૧૦ માં તા. ૩૦-૯-૦૯ ની સ્થિતિએ ૯ તળાવોને ઊંડા ઉતારવામાં આવેલ છે.

(૩) તળાવ દીઠ કરવામાં આવેલ ખર્ચની વિગતોનું પરિશિષ્ટ-૧ અને ૨ સામેલ છે.

## પરિશિષ્ટ-૧

કૃષિ અને સહકાર વિભાગ હસ્તકના ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી. ગાંધીનગર ધ્વારા તળાવો ઉંડા ઉતારવાની યોજના હેઠળ સને ૨૦૦૮-૨૦૦૯ માં નીચે પ્રમાણે તળાવો ઉંડા ઉતારવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકો | ગામનું નામ | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | લોધિકા | લોધિકા | ૩૯૯૭૪૮.૦૦ |
| ૨. | ,, | ઉડખીજડીયા | ૩૯૯૩૯૭.૦૦ |
| ૩. | પડધરી | જોધપર | ૨૪૯૯૫૪.૦૦ |
| ૪. | ટંકારા | સરાયા | ૨૪૯૯૪૯.૦૦ |
| ૫. | ,, | નેસડા (સુ) | ૧૨૨૮૬૫.૦૦ |
| ૬. | મોરબી | ખાનપર (ને) | ૨૬૩૩૬૭.૦૦ |
| ૭. | ,, | ઉભી માંડલ | ૮૨૪૯૦.૦૦ |
| ૮. | ,, | કાંતિપુર | ૧૧૭૧૦૦.૦૦ |
| ૯. | મોરબી | આંદરણા | ૧૬૪૫૫૭.૦૦ |
| ૧૦. | જસદણ | હિંગોળગઢ | ૪૩૦૦૦૦.૦૦ |
| ૧૧. | ,, | દડલી | ૨૭૨૫૦૦.૦૦ |
| ૧૨. | ,, | અમરાપુર | ૪૪૪૭૦૦.૦૦ |
| ૧૩. | જેતપુર | સરધારપુર | ૧૧૫૦૬૧.૦૦ |
| ૧૪. | ,, | સરધારપુર | ૧૧૫૦૪૪.૦૦ |
| ૧૫. | ,, | સરધારપુર | ૧૩૩૧૮૮.૦૦ |
| ૧૬. | ,, | વિરપુર | ૮૮૮૦૩.૦૦ |
| ૧૭. | ,, | વિરપુર | ૮૩૪૧૯.૦૦ |
| ૧૮. | ,, | કેરાળી | ૧૯૧૮૫૫.૦૦ |
| ૧૯. | ,, | કેરાળી | ૧૯૮૧૬૮.૦૦ |
| ૨૦. | ,, | કેરાળી | ૧૯૯૩૯૩.૦૦ |
| ૨૧. | જામકંડોરણા | તરકાસર | ૨૪૯૮૮૭.૦૦ |
| ૨૨. | ઉપલેટા | ભાયાવદર | ૪૯૮૯૦૫.૦૦ |
| ૨૩. | ,, | જામટીબલી | ૩૪૯૯૮૬.૦૦ |
| ૨૪. | ,, | કેરાળા | ૩૧૨૩૦૪.૦૦ |
| ૨૫. | ગોંડલ | ત્રાકુડા | ૩૪૯૯૮૬.૦૦ |
| ૨૬. | ધોરાજી | હડમતિયા | ૧૯૯૭૩૨.૦૦ |
| ૨૭. | ,, | મોટીમારડ | ૨૪૯૮૯૬.૦૦ |
| ૨૮. | ,, | ભાદાજાળીયા | ૨૪૯૮૯૧.૦૦ |
| ૨૯. | ,, | નાગલખડા | ૧૯૯૯૭૮.૦૦ |
| ૩૦. | ,, | વેલારીયા | ૧૬૦૦૫૦.૦૦ |
| ૩૧. | રાજકોટ | સુર્યારામપૂરા | ૨૪૯૨૫૬.૦૦ |
| | કુલ : | | **૭૩૯૧૪૨૯.૦૦** |

## પરિશિષ્ટ-૨

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા કલ્પસર વિભાગ હસ્તકના રાજકોટ પંચાયત સિંચાઈ વર્તુળ, રાજકોટ ધ્વારા એન.આર.ઈ.જી.એ. યોજના હેઠળ સને ૨૦૦૯-૧૦ માં તા. ૩૦-૯-૦૯ ની સ્થિતિએ નીચે પ્રમાણે ૯ તળાવોને ઉંડા ઉતારવામાં આવેલ છે.

| ક્રમ | કામનું નામ | તાલુકો | થયેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧ | ડીપનીંગ ઓફ બંધાળી પી.ટી. | જસદણ | ૪.૭૮ |
| ૨ | ડીપનીંગ ઓફ બંધાળી (ખારા) પી.ટી. ભાગ-૧ | જસદણ | ૩.૬૫ |
| ૩ | ડીપનીંગ ઓફ બંધાળી (ખારા) પી.ટી. ભાગ-૨ | જસદણ | ૪.૨૦ |

| | | | |
|---|---|---|---|
| ૪ | ડીપનીંગ ઓફ બંધાળી (ખારા) પી.ટી. ભાગ-૩ | જસદણ | ૩.૭૮ |
| ૫ | ડીપનીંગ ઓફ બંધાળી (ખારા) પી.ટી. ભાગ-૪ | જસદણ | ૪.૨૦ |
| ૬ | ડીપનીંગ ઓફ વાલાસણ પી.ટી. | ગોંડલ | ૧.૪૮ |
| ૭ | ડીપનીંગ ઓફ બોરીયા પી.ટી. | જામ કંડોરણા | ૩.૮૮ |
| ૮ | ડીપનીંગ ઓફ ધ્રુવનગર પી.ટી. | ટંકારા | ૦.૩૭ |
| ૯ | ડીપનીંગ ઓફ દેવળીયા પી.ટી. | કોટડા | ૧.૨૮ |
| | **કુલ સરવાળો :** | | **૨૭.૬૨** |

### બાલાસિનોર અને વીરપુર તાલુકામાં ભૂમિ સંરક્ષણના કામો

અતારાંક્તિ:૨૩૧૨(૩-૧૧-૦૯)**શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલાસિનોર):માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં તા. ૩૦-૬-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભૂમિ સંરક્ષણના કુલ કેટલા કામો કર્યા,

(૨) આ કામો પાછળ કુલ કેટલી રકમ વાપરવામાં આવી, અને

(૩) આ કામો ક્યા ક્યા હતા અને કોના મારફત અમલીકરણ કરવામાં આવ્યું ?

**કૃષિ મંત્રીશ્રી** (૪-૧૨-૦૯) :

(૧) ૨૦૯ હેકટરનાં કામ.

(૨) રૂા. ૩૪.૫૧ લાખ

(૩) આ કામો ટેરેસીંગ, લેન્ડ લેવલીંગનાં હતાં અને આ કામોનું ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ મારફત અમલીકરણ કરવામાં આવ્યું.

-------------

### ખેડા જિલ્લામાં જમીન સુધારણાની કામગીરી

અતારાંક્તિ:૨૩૧૩(૩-૧૧-૦૯)**શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલા સિનોર): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં જમીન સુધારણાની કામગીરી હેઠળ તા. ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખર્ચે હાથ ધરવામાં આવ્યા,

(૨) આ પેકી ક્યા ક્યા કામોની માગણી પડતર છે, અને

(૩) તેના કારણો શાં છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૪-૧૨-૦૯) :

(૧) ખેડા જિલ્લામાં જમીન સુધારણાની કામગીરી હેઠળ તા. ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂા.૧૯૦.૧૧ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) આ પેકી કોઈ કામોની માગણી પડતર નથી.

(૩) લાગુ પડતુ નથી.

-------------

### બાલાસિનોર અને વીરપુર તાલુકામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ

અતારાંક્તિ:૨૩૧૪(૩-૧૧-૦૯) **શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલા સિનોર): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સોઈલ હેલ્થ કાર્ડ યોજના હેઠળ ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં તા. ૩૦-૬-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને કાર્ડ આપવામાં આવ્યા,

(૨) કેટલા ખેડૂતોને કાર્ડ આપવાના બાકી છે, અને

(૩) બાકી ખેડૂતોને કેટલા સમયમાં કાર્ડ આપવામાં આવશે ?

**કૃષિ મંત્રીશ્રી** (૯-૧૨-૦૯) :

(૧) તા. ૩૦-૬-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આપેલ કાર્ડની વિગતો નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **આપવામાં આવેલ કાર્ડની સંખ્યા** |
|---|---|---|
| ૧ | બાલા સિનોર | ૨૪૯૦ |
| ૨ | વીરપુર | ૧૪૯૦ |

(૨) તા. ૩૦-૬-૦૯ ની સ્થિતિએ કાર્ડ આપવાની બાકી સંખ્યા

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **આપવાના બાકી કાર્ડની સંખ્યા** |
|---|---|---|
| ૧ | બાલા સિનોર | ૭૨૩૨ |
| ૨ | વીરપુર | ૯૧૨૮ |
| | **કુલ :** | **૧૬૩૬૦** |

(૩) શક્ય તેટલા વહેલા.

--------------

**સહકાર પ્રભાગમાં નાયબ શાખા અધિકારીઓની મંજૂર થયેલ જ્ગ્યાઓ**

અતારાંક્તિ : ૨૩૭૭ (૨૬-૧૧-૦૯)**ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કૃષિ અને સહકાર વિભાગમાં સહકાર પ્રભાગમાં તા. ૩૧-૧૦-૨૦૦૯ ની સ્થિતિએ કેટલા નાયબ શાખા અધિકારીઓની જ્ગ્યાઓ મંજૂર થયેલી છે અને કેટલા નાયબ શાખા અધિકારીઓ ફરજ બજાવે છે, અને

(૨) આ નાયબ શાખા અધિકારીઓ પૈકી એક જ શાખામાં પાંચ વર્ષથી વધારે સમય સુધીના કેટલા નાયબ શાખા અધિકારીઓ એક જ જ્ગ્યાએ ફરજ બજાવે છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૪-૧૨-૦૯) :

(૧) કૃષિ અને સહકાર વિભાગમાં સહકાર પ્રભાગમાં તા. ૩૧-૧૦-૨૦૦૯ ની સ્થિતિએ **૧૭** નાયબ શાખા અધિકારીઓની જ્ગ્યાઓ મંજૂર થયેલી છે અને **૧૧** નાયબ શાખા અધિકારીઓ ફરજ બજાવે છે.

(૨) આ નાયબ શાખા અધિકારીઓ પૈકી એક જ શાખામાં પાંચ વર્ષથી વધારે સમય સુધીના **૫** નાયબ શાખા અધિકારીઓ એક જ જ્ગ્યાએ ફરજ બજાવે છે.

-------------

**સહકાર પ્રભાગમાં નાયબ શાખા અધિકારીઓની મંજૂર થયેલ જ્ગ્યાઓ**

અતારાંક્તિ:૨૩૭૮(૨૪-૧૧-૦૯) **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ):માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કૃષિ અને સહકાર વિભાગમાં સહકાર પ્રભાગમાં તા. ૩૧-૧૦-૨૦૦૯ ની સ્થિતિએ કેટલા નાયબ શાખા અધિકારીઓની જ્ગ્યાઓ મંજૂર થયેલી છે અને કેટલા નાયબ શાખા અધિકારીઓ ફરજ બજાવે છે, અને

(૨) આ નાયબ શાખા અધિકારીઓ પૈકી એક જ શાખામાં પાંચ વર્ષથી વધારે સમય સુધીના કેટલા નાયબ શાખા અધિકારીઓ એક જ જ્ગ્યાએ ફરજ બજાવે છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૪-૧૨-૦૯) :

(૧) કૃષિ અને સહકાર વિભાગમાં સહકાર પ્રભાગમાં તા. ૩૧-૧૦-૨૦૦૯ ની સ્થિતિએ **૧૭** નાયબ શાખા અધિકારીઓની જ્ગ્યાઓ મંજૂર થયેલી છે અને **૧૧** નાયબ શાખા અધિકારીઓ ફરજ બજાવે છે.

(૨) આ નાયબ શાખા અધિકારીઓ પૈકી એક જ શાખામાં પાંચ વર્ષથી વધારે સમય સુધીના **૫** નાયબ શાખા અધિકારીઓ એક જ જ્ગ્યાએ ફરજ બજાવે છે.

-------------

## રાજ્યમાં પ્રાથમિક શિક્ષકની ખાલી જ્ગ્યાઓ

અતારાંક્તિઃ૧૬૮૩ (૧૬-૯-૨૦૦૯) **શ્રી નારાયણભાઈ લ. પટેલ ઉંઝા):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦મી જુન, ૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોની કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

(૨) ખાલી જ્ગ્યા રહેવાના કારણો શાં છે, અને

(૩) ખાલી જ્ગ્યા ભરવા માટે શું આયોજન વિચારેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૪-૧૨-૦૯) :

(૧) ૫૪૬૪

(૨) લોક સભાની સામાન્ય ચૂંટણી તેમજ રાજ્ય વિધાન સભાની પેટા ચૂંટણીની આચાર સંહિતાને કારણે ખાલી જ્ગ્યાઓ ભરી શકાયેલ નથી.

(૩) ખાલી જ્ગ્યાઓ જલ્દીથી ભરવામાં આવશે.

-------------

## ભરૂચ જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શાળાઓમાં મંજૂર મહેકમ

અતારાંક્તિ : ૧૭૧૨ (૧૫-૯-૦૯) **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦/૬/૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના ઉચ્ચ માધ્યમિક અને માધ્યમિક શિક્ષણની કેટલી સ્કુલો છે,

(૨) આ સ્કુલોમાં સંવર્ગવાર મંજૂર સ્ટાફ સામે કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૮-૧૨-૦૯) :

(૧) માધ્યમિક : ૧૫૯

ઉચ્ચતર માધ્યમિક : ૦૮૫

કુલ : ૨૪૪

(૨)

| | જ્ગ્યાનુ નામ | મંજૂર મહેકમ | ભરાયેલ જ્ગ્યા | ખાલી મહેકમ |
|---|---|---|---|---|
| શૈક્ષણિક | આચાર્ય | ૦૧૩૭ | ૦૧૧૪ | ૦૦૨૩ |
| | મા. શિક્ષકો | ૧૦૪૨ | ૦૯૬૬ | ૦૦૭૬ |
| | ઉ.મા. શિક્ષકો | ૦૪૨૧ | ૦૩૯૫ | ૦૦૨૬ |
| બિન શૈક્ષણિક | કચેરી અધિક્ષક | ૦૦૧૮ | ૦૦૧૮ | ૦૦૦૦ |
| | મુખ્ય કારકુન | ૦૦૩૧ | ૦૦૩૧ | ૦૦૦૦ |
| | શ્રેયાન કારકુન | ૦૦૪૧ | ૦૦૩૧ | ૦૦૧૦ |
| | જુનિયર કારકુન | ૦૧૨૨ | ૦૦૯૨ | ૦૦૩૦ |
| | કુલ | ૧૮૧૨ | ૧૬૪૭ | ૦૧૬૫ |

બે થી બાર માસથી ખાલી છે.

(૩) બોર્ડની ચૂંટણી અન્વયે હાલમાં આચાર સંહિતા અમલમાં હોવાથી આચાર સંહિતા પૂરી થતાં ભરતી કેમ્પની સત્વરે કાર્યવાહી કરવામાં આવશે.

-------------

**ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ**

અતારાંક્તિઃ ૧૭૧૩ (૧૫-૯-૦૯) **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦/૬/૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ છે, અને

(૨) આ ઘટ સત્વરે પુરવા સરકારે શી કાર્યવાહી કરી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫-૧૨-૦૯) :

(૧) ભરૂચ જિલ્લામાં ૨૩૫ ઓરડાઓની ઘટ છે. તાલુક્વાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓરડાઓની ઘટની સંખ્યા | ક્રમ | તાલુકાનું નામ | ઓરડાઓની ઘટની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | અંકલેશ્વર | ૨૪ | ૫ | જંબુસર | ૭૦ |
| ૨ | આમોદ | ૬ | ૬ | વાગરા | ૨૦ |
| ૩ | ભરૂચ | ૦ | ૭ | વાલિયા | ૬૧ |
| ૪ | હાંસોટ | ૦ | ૮ | ઝગડિયા | ૫૪ |
| | | એકંદરે કુલ | | | ૨૩૫ |

(૨) સને ૨૦૦૯-૧૦માં ૯૬ નવા ઓરડા બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

-------------

**નર્મદા અને તાપી જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં વિજળીની સુવિધાઓ**

અતારાંક્તિઃ૧૭૪૦(૯-૯-૦૯)**શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ નર્મદા અને તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં વિજળીની સુવિધાઓ નથી, અને

(૨) આ શાળાઓમાં વિજળીની સુવિધાઓ આપવા સરકારે શું આયોજન કરેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫-૧૨-૦૯) :

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ નીચે મુજબના નર્મદા અને તાપી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં વિજળીની સુવિધાઓ નથી.

| અ.નં. | જીલ્લાનું નામ | અ.નં. | તાલુકાનું નામ | શાળાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | નર્મદા | ૧ | નાંદોદ | ૨૭ |
| | | ૨ | દેડીયાપાડા | ૪૪ |
| | | ૩ | સાગબારા | ૦૦ |
| | | ૪ | તિલક્વાડા | ૦૦ |
| | | કુલ | | ૭૧ |
| ૨ | તાપી | ૧ | વ્યારા | ૩૨ |
| | | ૨ | સોનગઢ | ૬૭ |

| અ.નં. | જીલ્લાનું નામ | અ.નં. | તાલુકાનું નામ | શાળાની સંખ્યા |
|---|---|---|---|---|
| | | ૩ | વાલોડ | ૦૮ |
| | | ૪ | ઉચ્છલ | ૦૨ |
| | | ૫ | નિઝર | ૦૭ |
| | | કુલ | | ૧૧૬ |
| એકંદર | | કુલ | | ૧૮૭ |

(૨) આ શાળાઓમાં વિજળીની સુવિધાઓ આપવા નર્મદા જિલ્લા માટે રૂા. ૪૧.૦૦ લાખની અને તાપી જિલ્લા માટે રૂા. ૧૧૭.૦૦ લાખની ચાલુ વર્ષમાં જોગવાઈ કરેલ છે.

----------------

**દાહોદ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પ્રાથમિક શાળાનું બાંધકામ**

અતારાંક્તિઃ૧૭૯૯(૯-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૦-૬-૦૯ સુધીમાં દાહોદ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) તે પેકી કેટલી શાળાઓના કામ પૂર્ણ થયા છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ દરમ્યાન પ્રાથમિક શાળાના બાંધકામનું કોઈપણ કામ હાથ ધરવામાં આવેલ નથી. પરંતુ વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન દાહોદ જિલ્લામાં કુલ ૧૦૦ પ્રાથમિક શાળાના ઓરડા તેમજ વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કુલ ૮૨ પ્રાથમિક શાળાના ઓરડાનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ વર્ષ ૨૦૦૮-૦૯માં ૧૦૦ શાળાના ઓરડા પેકી ૭૧ શાળાના ઓરડા પૂર્ણ થયા અને બાકીના શાળાના ઓરડા પ્રગતિ હેઠળ છે જ્યારે વર્ષ ૨૦૦૯-૧૦માં ૮૨ શાળાના ઓરડા પેકી ૬૫ શાળાના ઓરડા પ્રગતિ હેઠળ છે.

------------------

**દાહોદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શોચાલયો બનાવવાના આયોજન અંગે**

અતારાંક્તિઃ૧૮૩૫ (૧૬-૯-૦૯)**શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં કેટલા શોચાલયો બનાવવાનું આયોજન હતું,

(૨) તે પેકી કેટલા શોચાલયો બનાવવામાં આવ્યા, અને

(૩) કેટલા બનાવવાના બાકી છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫-૧૨-૦૯) :

(૧) ૫૦ શોચાલયો

(૨) આયોજન કરેલ તમામ ૫૦ શોચાલયો બનાવવામાં આવ્યા.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------------

## દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાના જોખમી મકાનો

અતારાંક્તિઃ૧૮૩૬(૧૬-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર જોખમી અને ભયજનક હોય તેવા પ્રાથમિક શાળાના મકાનો કેટલા છે, અને

(૨) આવા જોખમી મકાનો માટે સરકાર શી કાર્યવાહી કરવા માગે છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) દાહોદ જિલ્લામાં જોખમી અને ભયજનક હોય તેવા પ્રાથમિક શાળાના મકાનો એકપણ નથી. પરંતુ ૮૧ શાળાના ૧૨૫ ઓરડાઓ જર્જરીત હોવાથી ઉતારી પાડવાના થાય છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | શાળાની સંખ્યા | જર્જરીતઓરડાઓની સંખ્યા | ક્રમ | તાલુકાનું નામ | શાળાની સંખ્યા | જર્જરીત ઓરડાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૨૪ | ૩૫ | ૬ | લીમખેડા | ૦૪ | ૧૩ |
| ૨ | દેવગઢબારીયા | ૧૬ | ૨૪ | ૭ | ધાનપુર | ૧૦ | ૧૩ |
| ૩ | ફતેપૂરા | ૦૫ | ૧૧ | | | | |
| ૪ | ઝાલોદ | ૧૨ | ૧૨ | | | | |
| ૫ | ગરબાડા | ૧૦ | ૧૭ | | કુલ | ૮૧ | ૧૨૫ |

(૨) જેમ બને તેમ જલ્દીથી આવા ઓરડાઓ ઉતારવાની કાર્યવાહી કરવામાં આવશે.

-----------------

## દાહોદ જિલ્લાની પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ

અતારાંક્તિઃ૧૮૩૭(૧૬-૯-૦૯)**શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક શિક્ષણના ઓરડાઓની ઘટ છે, અને

(૨) આ ઘટ સત્વરે પુરવા સરકારે શી કાર્યવાહી કરેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫-૧૨-૦૯) :

(૧) દાહોદ જિલ્લામાં ૭૫૯ ઓરડાઓની ઘટ છે. તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ઓરડાઓની ઘટની સંખ્યા** | **ક્રમ** | **તાલુકાનું નામ** | **ઓરડાઓની ઘટની સંખ્યા** |
|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૨૩૩ | ૫ | ગરબાડા | ૧૩ |
| ૨ | દેવગઢબારીયા | ૨૩ | ૬ | લીમખેડા | ૬૨ |
| ૩ | ફતેપૂરા | ૧૨ | ૭ | ધાનપુર | ૮૯ |
| ૪ | ઝાલોદ | ૧૮૫ | ૮ | કુલ | ૭૫૯ |

(૨) સને ૨૦૦૯-૧૦માં ૨૦૮ ઓરડા બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

-----------------

### દાહોદ જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર મહેકમ

અતારાંક્તિઃ ૧૮૩૮ (૧૬-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦/૬/૨૦૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ઉચ્ચ માધ્યમિક શાળા અને માધ્યમિક શાળાની કેટલી સ્કુલો છે,

(૨) આ સ્કુલોમાં સંવર્ગવાર મંજૂર સ્ટાફ સામે કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૭-૧૨-૦૯) :

(૧)

| માધ્યમિક | ઉચ્ચ માધ્યમિક | કુલ |
|---|---|---|
| ૧૩૨ | ૬૧ | ૧૯૩ |

(૨)

| વિભાગ | મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|---|
| માધ્યમિક | ૧૫૬૧ | ૧૫૧૫ | ૪૬ |
| ઉચ્ચ માધ્યમિક | ૬૨૪ | ૬૦૫ | ૧૯ |
| ૧) આચાર્ય/મદદનીશ શિક્ષક માધ્યમિક | | | ૪૬ |
| ૨) મદદનીશ શિક્ષક ઉચ્ચ માધ્યમિક | | | ૧૯ |

૩) સદર જ્ગ્યાઓ ભરવા માટે શાળાઓ તરફથી માંગણી મળતાં એન.ઓ.સી. અપાયેલ છે. જ્ગ્યા ભરવાની કાર્યવાહી ચાલુ છે. સદર જ્ગ્યા તા. ૩૧-૫-૦૯ થી તા. ૩૧-૧૦-૦૯થી ખાલી રહેવા પામેલ છે.

(૩) જ્ગ્યા ભરવા માટેની કાર્યવાહી સંચાલક મંડળ દ્વારા હાથ ધરવામાં આવે છે. જે કાર્યવાહી પૂર્ણ થયેથી જ્ગ્યાઓ ભરાઈ જશે.

------------------

### દાહોદ જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ હેઠળ આપેલ રકમ

અતારાંક્તિઃ૧૮૪૧(૧૬-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કન્યાઓને કુલ કેટલી રકમના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા, અને

(૨) કન્યા દીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવે છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૪-૧૨-૦૯) :

(૧) ૩૩૭૫૦ કન્યાઓને કુલ રૂા. ૩૩૭.૫૦ લાખની રકમના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા.

(૨) કન્યા દીઠ રૂા. ૧૦૦૦ની રકમના બોન્ડ.

------------------

### ખેડા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અતર્ગત પ્રાથમિક શાળાનું બાંધકામ

અતારાંક્તિઃ૧૯૦૭ (૧૬-૯-૦૯) **ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સન ૨૦૦૮-૦૯ દરમ્યાન ખેડા જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) તે પૈકી તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ કેટલી શાળાઓના કામ પૂર્ણ થયા?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સન ૨૦૦૮-૦૯ દરમ્યાન ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાના બાંધકામનું કોઈ પણ કામ હાથ ધરવામાં આવેલ નથી. પરંતુ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન ખેડા જિલ્લામાં કુલ ૧૦૫ પ્રાથમિક શાળાના ઓરડાનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ ૧૦૫ શાળાના ઓરડા પેકી ૧૦૨ શાળાના ઓરડા પૂર્ણ થયા અને ૩ શાળાના ઓરડા પ્રગતિ હેઠળ છે.

------------------

**સુરત જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અતર્ગત પ્રાથમિક શાળાનું બાંધકામ**

અતારાંક્તિઃ૧૯૨૯(૧૬-૯-૦૯)**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સન ૨૦૦૮-૦૯ ના વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) આ પેકી તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ કેટલી શાળાઓના કામ પૂર્ણ થયા છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સન ૨૦૦૮-૦૯ દરમ્યાન સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાના બાંધકામનું કોઈ પણ કામ હાથ ધરવામાં આવેલ નથી. પરંતુ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન સુરત જિલ્લામાં કુલ ૭૦ પ્રાથમિક શાળાના ઓરડાનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ ૧૭૦ શાળાના ઓરડા પેકી તમામ શાળાના ઓરડા પૂર્ણ થયા છે.

------------------

**સુરત જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ મળેલ ગ્રાન્ટ તેમજ કરેલ ખર્ચ અંગે**

અતારાંક્તિઃ૧૯૩૨(૧૬-૯-૦૯)**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સુરત જિલ્લામાં સન ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ ના વર્ષમાં વર્ષવાર ક્યા ક્યા હેતુ માટે કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ફાળવેલ ગ્રાન્ટ પેકી તાલુકાવાર ક્યા ક્યા હેતુઓ માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને,

(૩) ફાળવેલ ગ્રાન્ટ વર્ષવાર પૂરેપૂરી ન વાપરવાનાં કારણો શાં છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સુરત જિલ્લામાં સને ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ ના વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અને એનપીઈજીઈએલ કાર્યક્રમ હેઠળ વર્ષવાર નીચે મુજબ રકમ ફાળવવામાં આવેલ છે.

(રૂા. લાખમાં)

| વર્ષ | આગળના વર્ષની બચત રકમ | ફાળવેલ ગ્રાન્ટ | | મળેલ વ્યાજ અને અન્ય આવક | કુલ |
|---|---|---|---|---|---|
| | | એસએસએ | એનપીઈજીઈએલ | | |
| ૨૦૦૭-૦૮ | ૨૨૪.૧૭ | ૧૩૮૮.૧૭ | ૧૪.૯૭ | ૩.૦૬ | ૧૬૩૦.૩૭ |
| ૨૦૦૮-૦૯ | ૨૧૨.૬૭ | ૧૬૫૦.૨૮ | ૮.૧૧ | ૩.૬૬ | ૧૮૭૪.૭૨ |

(૨) માનવ સંશાધન વિકાસ મંત્રાલય ભારત સરકાર દ્વારા નિયત થયેલ નાણાંકીય નિયમો મુજબ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લાને એક ઘટક ગણવામાં આવે છે અને જિલ્લાવાર એન્યુઅલ વર્ક પ્લાન અને બજેટ ભારત સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવે છે. તે મુજબ જિલ્લા કક્ષાએ હિસાબો રાખવામાં આવે છે. આમ તાલુકાવાર હિસાબો નિભાવવામાં આવતા નથી. આથી સમગ્ર સુરત જિલ્લામાં સમાવિષ્ટ તમામ તાલુકાઓની મંજુર થયેલ પ્રવૃત્તિ મુજબ થયેલ ખર્ચની એકત્રીત વિગતો આ સાથે પત્રક-અ માં સામેલ રાખેલ છે.

| વર્ષ | એસએસએ | એનપીઈજીઈએલ | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૪૦૩.૮૫ | ૧૩.૮૫ | ૧૪૧૭.૭૦ |
| ૨૦૦૮.૦૯ | ૧૬૬૬૫.૪૦ | ૧૧.૨૩ | ૧૬૭૬.૬૩ |

(૩) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત બજેટ નિયત કરેલ નાણાંકીય જોગવાઈ પ્રમાણે કુલ મંજુર સંખ્યા ધ્યાને રાખી બનાવવામાં આવે છે. શાળા ગ્રાન્ટ, શિક્ષક ગ્રાન્ટ, શાળા નિભાવણી ગ્રાન્ટ, શિક્ષક તાલીમ ગ્રાન્ટ વગેરે ફક્ત ખરેખર મળવાપાત્ર સંખ્યા ધ્યાને રાખી ફાળવવામાં આવે છે. વળી સિવિલ વર્ક સ્પીલ ઓવર થતા હોય તે અંગેનો ખર્ચ બીજા નાણાંકીય વર્ષમાં કરવામાં આવે છે તેથી બચત રહે છે.

**પત્રક - અ**

**(રૂપિયા લાખમાં)**

| એક્ટીવીટીઝનું નામ<br>એસએસએ | થયેલ ખર્ચ<br>૨૦૦૭-૦૮ | થયેલ ખર્ચ<br>૨૦૦૮-૦૯ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| બ્લોક રિસોર્સ સેન્ટર | ૨૨.૮૧ | ૨૮.૩૬ |
| ક્લસ્ટર રિસોર્સ સેન્ટર | ૬૧.૪૩ | ૬૨.૪૩ |
| સીવીલ વર્કસ | ૪૪૪.૬૦ | ૫૭૭.૨૯ |
| ઈજીએસ/એઆઈઈ | ૩૧૪.૬૪ | ૨૯૫.૬૯ |
| ફ્રી ટેક્સ બુક | ૪૮.૩૦ | ૮૧.૦૫ |
| ઈનોવેટીવ (ઈસીસીઈ/ગર્લ્સ એજ્યુકેશન) | ૪૮.૨૭ | ૪૬.૨૮ |
| આઈઈડી (વિકલાંગ બાળકોને સહાયક શિક્ષણ) | ૩૭.૬૬ | ૩૩.૪૨ |
| સ્કુલ મેઈન્ટેનન્સ (શાળા મરામત) | ૧૩૧.૭૦ | ૧૫૮.૯૦ |
| મેનેજમેન્ટ અને એમઆઈએસ | ૨૬.૩૭ | ૮૨.૫૫ |
| આર એન્ડ ઈ (રીસર્ચ એન્ડ આવોલ્યુએશન) | ૨૨.૬૬ | ૧.૦૬ |
| સ્કુલ ગ્રાન્ટ | ૫૨.૬૮ | ૧૫૭.૪૦ |
| ટીચર્સ ગ્રાન્ટ | ૪૧.૨૪ | ૪૨.૯૬ |
| મેજર રીપેરીંગ | ૩૨.૪૪ | ૦.૦૦ |
| ટીચર્સ ટ્રેનિંગ | ૧૧૯.૦૫ | ૯૭.૦૭ |
| કોમ્યુનિટી મોબીલાઈઝેશન | ૦.૦૦ | ૦.૯૪ |
| કુલ :- | ૧૪૦૩.૮૫ | ૧૬૬૫.૪૦ |
| એનપીઈજીઈએલ | ૧૩.૮૫ | ૧૧.૨૩ |
| **કુલ ખર્ચ :-** | **૧૪૧૭.૭૦** | **૧૬૭૬.૬૩** |

----------------

## સુરત જિલ્લામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ

અતારાંકિતઃ ૧૯૬૦ (૦૯/૦૯/૨૦૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં કન્યાઓને કુલ કેટલી રકમના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા, અને

(૨) કન્યા દીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૪/૧૨/૨૦૦૯) :

(૧) ૬૧૭૩ કન્યાઓને કુલ રૂા. ૬૧.૭૩ લાખની રકમના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા.

(૨) કન્યા દીઠ રૂા. ૧૦૦૦ ની રકમના બોન્ડ.

------------

## સુરત જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણની સંવર્ગવાર ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૧૯૬૩ (૧૨/૧૦/૨૦૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કેટલી છે.

(૨) આ શાળાઓમાં સંવર્ગવાર મંજૂર સ્ટાફ સામે તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૮/૧૨/૨૦૦૯) :

(૧) માધ્યમિક શાળાઓ ૭૪૧

ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ૪૪૦

(૨)

| | **જગ્યાનું નામ** | **મંજૂર મહેકમ** | **ભરાયેલ મહેકમ** | **ખાલી મહેકમ** |
|---|---|---|---|---|
| | આચાર્ય | ૦૨૬૨ | ૦૨૫૬ | ૦૦૬ |
| **શૈક્ષણિક** | મા. શિક્ષકો | ૩૫૨૦ | ૩૪૬૪ | ૦૫૬ |
| | ઉ. મા. શિક્ષકો | ૧૪૫૬ | ૧૪૨૯ | ૦૨૭ |
| **બિન શૈક્ષણિક** | ક્લાર્ક - વર્ગ-૩ | ૮૪૭ | ૬૧૮ | ૨૨૯ |
| | પટાવાળા વર્ગ-૪ | ૭૫૪ | ૭૦૭ | ૪૭ |
| | બે થી બાર માસથી ખાલી છે. | | | |

(૩) શક્ય તેટલી વહેલી.

------------

## સુરત જિલ્લાની પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ

અતારાંક્તિઃ ૧૯૬૪ (૦૯/૦૯/૨૦૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૯ ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાના કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨) આ ઘટ સત્વરે પૂરવા સરકાર શી કાર્યવાહી કરી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫/૧૨/૨૦૦૯) :

(૧) સુરત જિલ્લામાં ૩૫૪ ઓરડાઓની ઘટ છે જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ઓરડાઓની ઘટની સંખ્યા** | **ક્રમ** | **તાલુકાનું નામ** | **ઓરડાઓની ઘટની સંખ્યા** |
|---|---|---|---|---|---|
| ૧ | માંગરોળ | ૩<br>૪ | ૬ | બારડોલી | ૭૫ |
| ૨ | ઓલપાડ | ૧<br>૨ | ૭ | માંડવી | ૨૫ |
| ૩ | પલસાણા | ૧<br>૦ | ૮ | ઉમરપાડ<br>ા | ૨૪ |
| ૪ | કામરેજ | ૨<br>૧ | ૯ | મહુવા | ૦૦ |
| ૫ | ચોર્યાસી | ૧<br>૫<br>૩ | એકંદર કુલ | | ૩૫૪ |

(૨) સને ૨૦૦૯-૧૦ માં ૧૧૪ નવા ઓરડા બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

------------

**સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શૌચાલયોની સુવિધા**

અતારાંકિતઃ ૨૦૦૯(૧૫/૦૯/૨૦૦૯)**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લામાં તા. ૩૦-૦૬-૨૦૦૯ની સ્થિતિએ બે વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં કેટલા શૌચાલયો બનાવવાનું આયોજન હતું,

(૨) તે પૈકી કેટલા શૌચાલયો બનાવવામાં આવ્યા, અને

(૩) કેટલા બનાવવાના બાકી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫/૧૨/૨૦૦૯) :

(૧) ૩૦૯ શૌચાલયો બનાવવાનું આયોજન હતું.

(૨) ૨૭૪ શૌચાલયો બનાવવામાં આવ્યા.

(૩) ૩૫ શૌચાલયોના કામો પ્રગતિ હેઠળ છે. જે કામો ટૂંક સમયમાં પૂર્ણ થશે.

------------

**સુરત જિલ્લાની પ્રાથમિક શાળાના ભયજનક મકાનો**

અતારાંકિતઃ ૨૦૧૨ (૧૫/૦૯/૨૦૦૯)**શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૯ ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર જોખમી અને ભયજનક હોય તેવા પ્રાથમિક શાળાના મકાનો કેટલા છે, અને

(૨) આવા જોખમી મકાનો માટે સરકાર શી કાર્યવાહી કરવા માગે છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬/૧૨/૨૦૦૯) :

(૧) સુરત જિલ્લામાં જોખમી અને ભયજનક હોય તેવા પ્રાથમિક શાળાના મકાનો એકપણ નથી. પરંતુ ૧૨૪ શાળાના ૨૪૯ ઓરડાઓ જર્જરીત હોવાથી ઉતારી પાડવાના થાય છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | શાળાની સંખ્યા | જર્જરીત ઓરડાઓની સંખ્યા | ક્રમ | તાલુકાનું નામ | શાળાની સંખ્યા | જર્જરીત ઓરડાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | માંગરોળ | ૨૨ | ૫૦ | ૬ | બારડોલી | ૦૨ | ૦૩ |
| ૨ | ઓલપાડ | ૧૭ | ૩૨ | ૭ | માંડવી | ૧૬ | ૩૧ |
| ૩ | પલસાણા | ૦૭ | ૧૭ | ૮ | ઉમરપાડા | ૨૩ | ૩૧ |
| ૪ | કામરેજ | ૧૪ | ૩૫ | ૯ | મહુવા | ૦૦ | ૦૦ |
| ૫ | ચોર્યાસી | ૨૩ | ૫૦ | | **કુલ :** | **૧૨૪** | **૨૪૯** |

(૨) જેમ બને તેમ જલ્દીથી આવા ઓરડાઓ ઉતારવાની કાર્યવાહી કરવામાં આવશે.

------------

**વલસાડ જિલ્લામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

અતારાંકિતઃ૨૦૪૦ (૧૬/૦૯/૨૦૦૯) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કન્યાઓને કુલ કેટલી રકમના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા, અને

(૨) કન્યા દીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫/૧૨/૨૦૦૯) :

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા.

| તાલુકો | બોન્ડની સંખ્યા | બોન્ડની રકમ રૂા. લાખમાં |
|---|---|---|
| વલસાડ | ૮૬ | ૦૦૦.૮૬ |
| પારડી | ૨૫૯ | ૦૦૨.૫૯ |
| ઉમરગામ | ૪૭૧૧ | ૦૪૭.૧૧ |
| ધરમપુર | ૧૦૩૮૫ | ૧૦૩.૮૫ |
| કપરાડા | ૧૮૭૧૩ | ૧૮૭.૧૩ |
| **કુલ :** | **૩૪૧૫૪** | **૩૪૧.૫૪** |

(૨) કન્યા દીઠ રૂા. ૧૦૦૦ ની રકમના બોન્ડ.

------------

**વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ**

અતારાંક્તિ : ૨૦૪૩ (૧૫/૦૯/૨૦૦૯) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૯ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાના કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨) આ ઘટ સત્વરે પૂરવા સરકારે શી કાર્યવાહી કરેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫/૧૨/૨૦૦૯) :

(૧) વલસાડ જિલ્લામાં ૧૮૮ ઓરડાઓની ઘટ છે. તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓરડાઓ ઘટની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૭ |
| ૨ | પારડી | ૪૧ |
| ૩ | ઉમરગામ | ૩૩ |
| ૪ | ધરમપુર | ૨૬ |
| ૫ | કપરાડા | ૮૧ |
| | **કુલ :** | **૧૮૮** |

(૨) સને ૨૦૦૯-૧૦ માં ૪૨ (બેતાલીસ) નવા ઓરડા બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

------------

**વલસાડ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ પ્રાથમિક શાળાનું બાંધકામ**

અતારાંક્તિ:૨૦૪૪(૧૫/૦૯/૨૦૦૯) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા. ૩૦-૦૬-૨૦૦૯ સુધીમાં વલસાડ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) આ પેકી ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓનાં કામ પૂર્ણ થયા છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬/૧૨/૨૦૦૯) :

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ તેમજ ૨૦૦૯-૧૦ દરમ્યાન વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાના બાંધકામનું કોઇપણ કામ હાથ ધરવામાં આવેલ નથી. પરંતુ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ

૨૦૦૮-૦૯ દરમ્યાન વલસાડ જિલ્લામાં કુલ ૬૩ પ્રાથમિક શાળાના ઓરડા તેમજ વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન વલસાડ જિલ્લામાં કુલ ૩૪ પ્રાથમિક શાળાના ઓરડાનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ વર્ષ ૨૦૦૮-૦૯ માં ૬૩ શાળાના ઓરડા પૈકી ૪૦ શાળાના ઓરડા પૂર્ણ થયા અને બાકીના ૨૩ શાળાના ઓરડા પ્રગતિ હેઠળ છે જ્યારે વર્ષ ૨૦૦૯-૧૦ માં કુલ ૩૪ શાળાના ઓરડા પૈકી ૨૦ શાળાના ઓરડા પ્રગતિ હેઠળ છે.

------------

## સોનગઢ અને માંડવી તાલુકામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ

અતારાંક્તિ: ૨૧૪૩ (૦૮/૧૦/૨૦૦૯)**શ્રી પ્રભુભાઈ ના.વસાવા(સોનગઢ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સોનગઢ અને માંડવી તાલુકામાં કન્યાઓને કુલ કેટલી રકમના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા, અને

(૨) કન્યા દીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫/૧૨/૨૦૦૯) :

(૧) સોનગઢ તાલુકામાં ૧૩૭૬ અને માંડવી તાલુકામાં ૨૧૭ કન્યાઓને કુલ રૂા. ૧૫.૯૩ લાખના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા.

(૨) કન્યા દીઠ રૂા. ૧૦૦૦ ની રકમના બોન્ડ.

------------

## સોનગઢ અને માંડવી તાલુકામાં પ્રાથમિક શિક્ષણના ઓરડાની ઘટ

અતારાંક્તિ : ૨૧૪૬ (૦૮/૧૦/૨૦૦૯) **શ્રી પ્રભુભાઈ ના.વસાવા (સોનગઢ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૯ ની સ્થિતિએ સોનગઢ અને માંડવી તાલુકામાં પ્રાથમિક શિક્ષણના ઓરડાની કેટલી ઘટ છે, અને

(૨) આ ઘટ સત્વરે પૂરવા સરકારે ૨૦૦૯-૧૦ ના વર્ષમાં શું આયોજન કરેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬/૧૨/૨૦૦૯) :

(૧) સોનગઢ તાલુકામાં ૮૮ અને માંડવી તાલુકામાં ૨૫ મળી કુલ ૧૧૩ ઓરડાઓની ઘટ છે.

(૨) સને ૨૦૦૯-૧૦ માં સોનગઢ તાલુકામાં ૧૦ અને માંડવી તાલુકામાં ૪ મળી કુલ ૧૪ નવા ઓરડા બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

------------

## સોનગઢ અને માંડવી તાલુકામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પ્રાથમિક શાળાનું બાંધકામ

અતારાંક્તિ:૨૧૪૭(૦૮/૧૦/૨૦૦૯)**શ્રી પ્રભુભાઈ ના.વસાવા(સોનગઢ):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા. ૩૦-૦૬-૨૦૦૯ સ્થિતિએ સોનગઢ અને માંડવી તાલુકામાં કેટલી પ્રાથમિક શાળાનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) આ પૈકી કેટલી શાળાઓનું કામ પૂર્ણ કરવામાં આવ્યું ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬/૧૨/૨૦૦૯) :

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ તેમજ ૨૦૦૯-૧૦ દરમ્યાન સોનગઢ અને માંડવી તાલુકામાં પ્રાથમિક શાળાના બાંધકામનું કોઇપણ કામ હાથ ધરવામાં આવેલ નથી. પરંતુ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન સોનગઢ તાલુકામાં ૫ પ્રાથમિક શાળાના ઓરડા તેમજ માંડવી તાલુકામાં ૫

પ્રાથમિક શાળાના ઓરડા અને વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન સોનગઢ તાલુકામાં ૭ પ્રાથમિક શાળાના ઓરડા તેમજ માંડવી તાલુકામાં ૬ પ્રાથમિક શાળાના ઓરડાનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ વર્ષ ૨૦૦૮-૦૯ માં સોનગઢ તાલુકામાં તમામ ૫ પ્રાથમિક શાળાના ઓરડા તેમજ માંડવી તાલુકામાં ૫ પ્રાથમિક શાળાના ઓરડાઓના બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે અને ૨૦૦૯-૧૦ દરમ્યાન સોનગઢ તાલુકામાં ૭ પ્રાથમિક શાળાના ઓરડા તેમજ માંડવી તાલુકામાં ૬ પ્રાથમિક શાળાના ઓરડાનું બાંધકામ પ્રગતિ હેઠળ છે.

------------

## ખેડા જિલ્લાની પ્રાથમિક શાળાના જોખમી અને ભયજનક મકાનો

અતારાંકિત : ૨૧૭૬ (૦૮/૧૦/૨૦૦૯) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૯ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં જોખમી અને ભયજનક હોય તેવા પ્રાથમિક શાળાના મકાનો કેટલા છે, અને

(૨) આવા જોખમી મકાનો માટે સરકાર શી કાર્યવાહી કરવા માગે છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫/૧૨/૨૦૦૯) :

(૧) ખેડા જિલ્લામાં જોખમી અને ભયજનક હોય તેવા પ્રાથમિક શાળાના મકાનો એકપણ નથી. પરંતુ ૨૧ શાળાના ૩૫ ઓરડાઓ જર્જરીત હોવાથી ઉતારી પાડવાના થાય છે.

(૨) જેમ બને તેમ જલ્દીથી આવા ઓરડાઓ ઉતારવાની કાર્યવાહી કરવામાં આવશે.

------------

## ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળામાં શૌચાલયની સુવિધા

અતારાંકિત : ૨૧૭૮ (૦૮/૧૦/૨૦૦૯) **ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૦-૦૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં કેટલા શૌચાલયો બનાવવાનું આયોજન હતું,

(૨) તે પૈકી કેટલા શૌચાલયો બનાવવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલા ક્યારે બનાવવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫/૧૨/૨૦૦૯) :

(૧) ૪૨૮ શૌચાલયો બનાવવાનું આયોજન હતું.

(૨) ૩૮૧ શૌચાલયો બનાવવામાં આવ્યા.

(૩) ૪૭ શૌચાલયોના કામો પ્રગતિ હેઠળ છે, આ કામો ટૂંક સમયમાં પૂર્ણ થશે.

------------

## રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળાના ભયજનક મકાનો

અતારાંકિત : ૨૧૯૭ (૧૨/૧૦/૨૦૦૯)**શ્રી મહંમદ જાવેદ પીરજાદા(વાંકાનેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૯ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર જોખમી ભયજનક હોય તેવા પ્રાથમિક શાળાના મકાનો કેટલા છે, અને

(૨) આવા જોખમી મકાનો માટે સરકારે શી કાર્યવાહી હાથ ધરી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫/૧૨/૨૦૦૯) :

(૧) રાજકોટ જિલ્લામાં જોખમી અને ભયજનક હોય તેવા પ્રાથમિક શાળાના મકાનો એકપણ નથી. પરંતુ ૩૩ શાળાના ૯૭ ઓરડાઓ જર્જરીત હોવાથી ઉતારી પાડવાના થાય છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | શાળાની સંખ્યા | જર્જરીત ઓરડાઓની સંખ્યા | ક્રમ | તાલુકાનું નામ | શાળાની સંખ્યા | જર્જરીત ઓરડાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઉપલેટા | ૨ | ૬ | ૮ | ટંકારા | ૦ | ૦ |
| ૨ | જેતપુર | ૦ | ૦ | ૯ | ગોંડલ | ૩ | ૯ |
| ૩ | પડધરી | ૦ | ૦ | ૧૦ | મોરબી | ૧ | ૬ |
| ૪ | કોટડા સાંગાણી | ૨ | ૫ | ૧૧ | માળીયા મીયાણા | ૧ | ૪ |
| ૫ | ધોરાજી | ૧ | ૨ | ૧૨ | જસદણ | ૧ | ૫ |
| ૬ | જામકંડોરણા | ૨ | ૮ | ૧૩ | રાજકોટ | ૧૭ | ૪૬ |
| ૭ | વાંકાનેર | ૦ | ૦ | ૧૪ | લોધીકા | ૩ | ૬ |
| | | | | | **એકંદર કુલ :** | ૩૩ | ૯૭ |

(૨) ૩૩ શાળાના ૯૭ ઓરડાઓ ઉતારવાની કાર્યવાહી ચાલુમાં છે. જે કામો ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

## રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શોચાલયોની સુવિધા

અતારાંક્તિ : ૨૨૦૦ (૧૨/૧૦/૨૦૦૯) **શ્રી મહંમદ જાવેદ પીરજાદા(વાંકાનેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૦-૦૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં કેટલા શોચાલયો બનાવવાનું આયોજન હતું,

(૨) તે પૈકી કેટલા શોચાલયો બનાવવામાં આવ્યા, અને

(૩) કેટલા બનાવવાના બાકી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫/૧૨/૨૦૦૯) :

(૧) ૧૮૨ શોચાલયો બનાવવાનું આયોજન હતું.

(૨) ૧૫૨ શોચાલયો બનાવવામાં આવ્યા.

(૩) ૩૦ શોચાલયોના કામો પ્રગતિ હેઠળ છે, આ કામો ટૂંક સમયમાં પૂર્ણ થશે.

------------

## રાજકોટ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પ્રાથમિક શાળાનું બાંધકામ

અતારાંક્તિ : ૨૨૦૧ (૧૪-૧૦-૦૯) **શ્રી મહંમદ જાવેદ પીરજાદા(વાંકાનેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા.૩૦-૮-૨૦૦૯ સુધીમાં રાજકોટ જિલ્લાના તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) આ પૈકી તા.૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ કેટલી શાળાઓના કામ પૂર્ણ થયેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સને ૨૦૦૮-૦૯ તેમજ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળાના બાંધકામનું કોઇપણ કામ હાથ ધરવામાં આવેલ નથી. પરંતુ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સને ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ૮૨ તેમજ વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન પ્રાથમિક શાળાઓના ઓરડાનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું જેની તાલુકાવાર યાદી **પત્રક-અ** મુજબ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ તા.૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ૮૨ પ્રાથમિક શાળાના ઓરડા પૈકી ૭૮ પ્રાથમિક શાળાના ઓરડાનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે અને વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ૨૬ પ્રાથમિક શાળાના ઓરડાનું બાંધકામ પ્રગતિ હેઠળ છે.

**પત્રક-અ**

| અનું. | તાલુકા | વર્ષ ૨૦૦૮-૦૯ | | | વર્ષ ૨૦૦૯-૧૦ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પૂર્ણ | પ્રગતિમાં | કુલ | પૂર્ણ | પ્રગતિમાં |
| ૧ | ધોરાજી | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૨ | ગોંડલ | ૫ | ૨ | ૩ | ૩ | ૦ | ૩ |
| ૩ | જામકંડોરણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | જસદણ | ૩૯ | ૩૯ | ૦ | ૫ | ૦ | ૫ |
| ૫ | જેતપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | કોટડા સંગાણી | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૨ |
| ૭ | લોધીકા | ૨ | ૨ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૮ | માળીયા | ૩ | ૩ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૯ | મોરબી | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૧૦ | પડધરી | ૪ | ૪ | ૦ | ૪ | ૦ | ૪ |
| ૧૧ | રાજકોટ | ૧૫ | ૧૫ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૧૨ | ટંકારા | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | ઉપલેટા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | વાંકાનેર | ૧૩ | ૧૨ | ૧ | ૪ | ૦ | ૪ |
| **કુલ** | | **૮૨** | **૭૮** | **૪** | **૩૦** | **૦** | **૨૬** |

-------------

## રાજકોટ જિલ્લામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ

અતારાંક્તિ : ૨૨૦૩ (૧૪-૧૦-૦૯)**શ્રી મહંમદ જાવેદ પીરજાદા(વાંકાનેર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કન્યાઓને કુલ કેટલી રકમના વિદ્યા લક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા, અને

(૨) કન્યા દીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૪-૧૨-૦૯) :

(૧) ૪૬૪૭ કન્યાઓને કુલ રૂા.૪૬.૪૭ લાખના વિદ્યા લક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા.

(૨) કન્યા દીઠ રૂા.૧૦૦૦/-ની રકમના બોન્ડ.

-----------

## રાજકોટ જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણનું સંવર્ગવાર મંજૂર મહેકમ

અતારાંક્તિ : ૨૨૦૬ (૧૨-૧૦-૦૯) **શ્રી મહંમદ જાવેદ પીરજાદા(વાંકાનેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણની કેટલી શાળાઓ છે,

(૨) આ શાળાઓમાં સંવર્ગવાર મંજૂર સ્ટાફ સામે કેટલી શાળાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૮-૧૨-૦૯) :

(૧) માધ્યમિક શાળાઓ- ૬૧૨

ઉચ્ચતર માધ્યમિક શાળાઓ- ૨૪૪

(૨)

| | જગ્યાનું નામ | મંજૂર મહેકમ | ભરાયેલ મહેકમ | ખાલી મહેકમ |
|---|---|---|---|---|
| શૈક્ષણિક | આચાર્ય | ૩૪૩ | ૨૮૯ | ૫૪ |
| | માધ્યમિક શિક્ષકો | ૨૮૧૭ | ૨૪૨૧ | ૩૯૬ |
| | ઉચ્ચતર માધ્યમિક શિક્ષક | ૯૭૮ | ૭૦૦ | ૨૭૮ |
| બિન શૈક્ષણિક | હ્યેરી અધિક્ષક | ૫૯ | ૪૫ | ૧૪ |
| | મુખ્ય કારકુન | ૧૦૨ | ૮૯ | ૧૩ |
| | શ્રેયાન કારકુન | ૨૨૩ | ૧૭૦ | ૫૩ |
| | જુનિયર ક્લાર્ક | ૩૭૭ | ૨૬૫ | ૧૧૨ |
| | પટાવાળા (વર્ગ-૪) | ૯૩૪ | ૭૪૭ | ૧૮૭ |
| | ગ્રંથપાલ/અન્ય | ૪૦ | ૨૮ | ૧૨ |

તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મહેકમ મળવાપાત્ર હોય પરંતુ વિદ્યાર્થી સંખ્યાના વધઘટના કારણે ખાલી રહેવા પામેલ છે.

(૩) -- ખાલી રહેલ શૈક્ષણિક જગાઓ ભરવા માટે સંચાલક મંડળ તરફથી જરૂરી ઠરાવો કરીને દરખાસ્તો રજૂ થવાથી જે તે વિષયના ફાજલ કર્મચારી ન હોય તો રોસ્ટરની નીતિને ધ્યાને લઇને જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવશે.

-- કેટલીક શાળાઓની વિદ્યાર્થી સંખ્યા વધઘટ થવાના કારણે એન.ઓ.સી. આપવા પાત્ર ન હોઇ જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.

-----------

**રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ**

અતારાંક્તિ : ૨૨૦૭ (૧૨-૧૦-૦૯)**શ્રી મહંમદ જાવેદ પીરજાદા(વાંકાનેર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાના કેટલા ઓરડાની ઘટ છે, અને

(૨) આ ઘટ સરકાર ક્યારે પુરવા માગે છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૫-૧૨-૦૯) :

(૧) રાજકોટ જિલ્લામાં ૩૪૭ ઓરડાઓની ઘટ છે તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ઓરડાઓ ઘટની સંખ્યા | ક્રમ | તાલુકાનું નામ | ઓરડાઓ ઘટની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ઉપલેટા | ૧૯ | ૮ | ટંકારા | ૩ |
| ૨ | જેતપુર | ૯ | ૯ | ગોંડલ | ૧૭ |
| ૩ | પડધરી | ૧૭ | ૧૦ | મોરબી | ૫૦ |
| ૪ | કોટડા સાંગાણી | ૨ | ૧૧ | માળીયા મીયાણા | ૪૬ |
| ૫ | ધોરાજી | ૩૮ | ૧૨ | જસદણ | ૫૬ |
| ૬ | જામકંડોરણા | ૮ | ૧૩ | રાજકોટ | ૨૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | વાંકાનેર | ૫૧ | ૧૪ | લોધીકા | ૦૭ |
| **એકંદર કુલ** | | | | | **૩૪૭** |

(૨) સને ૨૦૦૯-૧૦ માં ૧૨૩ નવા ઓરડા બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જ્યારે બાકી રહેતા ૨૨૪ ઓરડાઓ માટે તબક્કાવાર આયોજન કરવામાં આવશે.

-----------

**રાજ્યની યુનિવર્સિટીઓમાં રેગીંગના પ્રશ્ને અપાયેલ ચુકાદા**

અતારાંક્તિ : ૨૨૪૬ (૭-૧૧-૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુપ્રિમકોર્ટના રેગીંગના પ્રશ્ને અપાયેલ ચુકાદા મુજબ તમામ યુનિવર્સિટીઓએ (૧) એન્ટી રેગીંગ રેકોર્ડ તથા એન્ટી રેગીંગ સમિતિની રચના કરવી ફરજિયાત બનાવાઇ છે તે હકીક્ત બરાબર છે, અને

(૨) રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં સુપ્રિમકોર્ટના ચુકાદાનું પાલન કરવા રાજ્ય સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૦-૧૨-૦૯) :

(૧) હા, જી.

(૨) આ વિભાગના તા.૧૪-૭-૨૦૦૯ના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૩૦૯/૭૨૯/ખ મુજબ કોલેજ કક્ષાએ એન્ટી રેગીંગ સમિતિ, એન્ટી રેગીંગ સ્ક્વોડ, જિલ્લા કક્ષાની સમિતિ, યુનિવર્સિટી કક્ષાએ મોનીટરીંગ સેલ તેમજ રાજ્ય કક્ષાએ મોનીટરીંગ સેલની રચના કરવામાં આવી છે.

-----------

**ફરજિયાત શિક્ષણનો અમલ ન થવા બાબત**

અતારાંક્તિ : ૨૨૫૯ (૧૪-૧૧-૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ**(જોડીયા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| ૩ | ૧૫-૧૦-૦૭ | ૪૪,૩૮,૦૦૦/- | ૩૦-૧૦-૦૭ | ૪૪,૩૮,૦૦૦/- |
| ૪ | ૧૦-૦૧-૦૮ | ૪૪,૩૮,૦૦૦/- | ૨૭-૦૨-૦૮ | ૪૪,૩૮,૦૦૦/- |
| ૫ | ૪-૦૩-૦૮ | ૬૬,૫૭,૦૦૦/- | ૨૫-૦૩-૦૮ | ૬૬,૫૭,૦૦૦/- |
| ૬ | ૩-૦૫-૦૮ | ૬૬,૫૯,૦૦૦/- | ૧૪-૦૭-૦૮ | ૬૬,૫૯,૦૦૦/- |
| ૭ | ૨૨-૦૭-૦૮ | ૬૬,૫૯,૦૦૦/- | ૧૪-૦૮-૦૮ | ૬૬,૫૯,૦૦૦/- |
| ૮ | ૨૦-૧૦-૦૮ | ૬૬,૫૯,૦૦૦/- | ૨૪-૧૧-૦૮ | ૬૬,૫૯,૦૦૦/- |
| ૯ | ૨૬-૦૨-૦૯ | ૪૪,૪૦,૦૦૦/- | ૨૬-૦૩-૦૯ | ૪૪,૪૦,૦૦૦/- |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | ૧૬-૦૩-૦૯ | ૨૨,૨૦,૦૦૦/- | ૨૬-૦૩-૦૯ | ૨૨,૨૦,૦૦૦/- |
| ૧૧ | ૩૧-૦૫-૦૯ | ૮૮,૭૯,૦૦૦/- | ૨૯-૦૭-૦૯ | ૮૮,૭૯,૦૦૦/- |
| **કુલ :** | | **૫,૭૭,૦૬,૦૦૦/-** | | **૫,૭૭,૦૬,૦૦૦/-** |

-----------------

## રાજકોટ જિલ્લામાં પંચાયત ઘર મંજૂર કરવા બાબત

અતારાંક્તિ : ૨૨૧૯ (૩૦-૧૦-૨૦૦૯) **શ્રી મહંમદ જાવેદ પીરજાદા(વાંકાનેર): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા પંચાયત ઘરો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા પંચાયત ઘરો બનાવવામાં આવ્યા,

(૩) કેટલા પંચાયત ઘર બનાવવાના બાકી છે, અને

(૪) બાકી પંચાયત ઘરો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) ૩૫ પંચાયત ઘર-કમ તલાટી-કમ-મંત્રી આવાસ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) એકપણ નહિ.

(૩) ૩૫

(૪) બનતી ત્વરાએ.

----------

## રાજકોટ જિલ્લામાં સરદાર આવાસ બનાવવા બાબત

**અતારાંકિત: ૨૨૨૦(૧૯-૧૨-૨૦૦૯)શ્રી મહંમદ જાવેદ પીરજાદા(વાંકાનેર) : : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા સરદાર આવાસો બનાવવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા આવાસો લાભાર્થીઓને સોંપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલા આવાસો લાભાર્થીઓને ક્યાં સુધીમાં સોંપવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૩૦-૧૦-૦૯) :

(૧)

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૦૭-૦૮ | વર્ષ ૨૦૦૭-૦૮ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | લોધીકા | ૬૨ | ૮૦ | ૧૪૨ |
| ૨ | રાજકોટ | ૧૦૫ | ૧૨૫ | ૨૩૦ |
| ૩ | વાંકાનેર | ૧૩૦ | ૧૭૨ | ૩૦૨ |
| ૪ | પડધરી | ૬૭ | ૬૦ | ૧૨૭ |
| ૫ | જસદણ | ૧૨૫ | ૧૫૫ | ૨૮૦ |
| ૬ | ધોરાજી | ૫૦ | ૮૯ | ૧૩૯ |
| ૭ | ઉપલેટા | ૫૯ | ૧૦૦ | ૧૫૯ |
| ૮ | જામકંડોરણા | ૫૫ | ૧૦૧ | ૧૫૬ |
| ૯ | માળીયા મીયાણા | ૨૨ | ૨૦ | ૪૨ |
| ૧૦ | કોટડા સાંગાણી | ૧૦૦ | ૧૦૫ | ૨૦૫ |
| ૧૧ | ગોંડલ | ૨૩૦ | ૨૦૦ | ૪૩૦ |
| ૧૨ | મોરબી | ૫૦ | ૫૬ | ૧૦૬ |
| ૧૩ | ટંકારા | ૨૫ | ૬૭ | ૯૨ |
| ૧૪ | જેતપુર | ૭૧ | ૧૦૦ | ૧૭૧ |
| | **કુલ :** | **૧૧૫૧** | **૧૪૩૦** | **૨૫૮૧** |

(૨) ૨૫૮૧

(૩) પ્રશ્ન રહેતો નથી.

----------

## ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ નિયમો ઘડવાના બાકી હોવા બાબત

અતારાંક્તિ : ૨૨૪૭ (૨૦-૧૦-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ જે ૧૫ વર્ષથી અમલમાં છે તે હેઠળ ક્યા ક્યા નિયમો ઘડવાના હજુ બાકી છે.

(૨) આટલા લાંબા સમયથી આ નિયમો ન ઘડવાના શા કારણો છે, અને

(૩) હવે તે તેયાર કરી ક્યારે પ્રસિધ્ધ કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ ઘડવાના જરૂરી અને આવશ્યક એવા ૧૪૮ નિયમો ઘ ડવામાં આવેલ છે. પંચાયત અધિનિયમ, ૧૯૬૧ હેઠળ ઘડાયેલ અને હાલ અમલી છે તેવા ૨૩ નિયમો (પત્રક્માં દર્શાવ્યા મુજબના) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ નવેસરથી પ્રસિધ્ધ કરવાના બાકી છે.

(૨) અને (૩)

ખંડ-૧માં દર્શાવેલ પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળથી નવેસરથી પ્રસિધ્ધ કરવાનાં થતા નિયમો વહીવટી કારણોસર પ્રસિધ્ધ કરાયેલા નથી. જે જરૂરિયાત અને અગ્રતા અનુસાર તેયાર કરી બનતી ત્વરાએ પ્રસિધ્ધ કરવામાં આવશે.

### પત્રક

### ૧૯૯૩ ના પંચાયત ધારા હેઠળ નવા નિયમો થતાં સુધી પંચાયતોને ક્લમ-૨૭૬(૨) જે અન્વયે લાગુ પડતા ૧૯૬૧ના પંચાયત ધારા હેઠળના નિયમોની યાદી

| | |
|---|---|
| ૧ | ૧૯૬૨ના ગુજરાત પંચાયતો (ગામ, નગર અથવા મ્યુ. બરોની જાહેરાત) સંબંધી ચોકસી બાબતના નિયમો. |
| ૨ | ગુજરાત પંચાયતો (જાહેર માર્ગ તથા રસ્તો બંધ કરવા કે ચાલુ નહિ રાખવા માટેના નોટિસ પ્રસિધ્ધ કરવા) બાબતના નિયમો, ૧૯૬૬. |
| ૩ | ગુજરાત ગ્રામ અને નગરપંચાયતના મંત્રીઓ (કાર્યો અને ફરજો) બાબતના નિયમો, ૧૯૬૩ |
| ૪ | ગુજરાત ગ્રામ પંચાયતના મંત્રીઓની (ભરતી, તાલીમ અને નોકરીની શરતો) નિયમો, ૧૯૭૧ |
| ૫ | ગુજરાત ગ્રામ અને નગરપંચાયતો નાણાંકીય હિસાબ અને અંદાજપત્ર બાબતના નિયમો, ૧૯૬૩ |
| ૬ | ગુજરાત ગ્રામ અને નગરપંચાયતના કર તથા ફી બાબતના નિયમો, ૧૯૬૪ |
| ૭ | ગુજરાત ગ્રામ-નગર પંચાયત ચોકી પહેરા ખર્ચ નિયમો, ૧૯૭૦ |
| ૮ | ગુજરાત જિલ્લા વિકાસ નિધિ નિયમો, ૧૯૬૪ |
| ૯ | ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતો (ઉપાધ્યક્ષોને માનદ્ વેતન અને ભથ્થાં) બાબતના નિયમો, ૧૯૬૯ |
| ૧૦ | ગુજારત તાલુકા અને જિલ્લા પંચાયતો, નાણાંકીય હિસાબો અને બજેટ બાબતના નિયમો, ૧૯૬૩ |
| ૧૧ | ગુજરાત જિલ્લા પંચાયત (શિક્ષણ સમિતિના કાર્યકારી અધ્યક્ષને માનદ્ વેતન અને ભથ્થાં) નિયમો, ૧૯૭૦ |
| ૧૨ | ગુજરાત જિલ્લા પંચાયતો (તાબાની પંચાયતોને લોન આપવા) બાબતના નિયમો, ૧૯૬૩ |
| ૧૩ | ગુજરાત પંચાયતો (સભામાં હાજરી આપવા ટેકનિક્લ વ્યક્તિઓને ભથ્થું આપવા) બાબતના નિયમો, ૧૯૭૬ |
| ૧૪ | કોર્ટમાં હાજર થવા વગેરે બાબત મુસાફરી ભથ્થાં બાબતના નિયમો, ૧૯૬૭ |
| ૧૫ | ગુજરાત પંચાયત નિમંત્રિતને મુસાફરી ભથ્થું આપવા બાબતના નિયમો, ૧૯૭૮ |
| ૧૬ | ગુજરાત પંચાયતમાં ફાળવેલા સેવકોની પરીક્ષા બાબતના નિયમો, ૧૯૬૫ |
| ૧૭ | ૧૯૬૫ના ગુજરાત પંચાયત સેવા (હિન્દી પરીક્ષા) નિયમો |
| ૧૮ | ગુજરાત પંચાયત સેવા (ગુજરાતી ભાષાની પરીક્ષા) નિયમો, ૧૯૬૭ |
| ૧૯ | ૧૯૬૪ના ગુજરાત પ્રાથમિક શિક્ષણ સેવા વર્ગ (પસંદગી સમિતિ રચના, અધિકારો, ફરજો) બાબતના નિયમો |
| ૨૦ | ગુજરાત પંચાયત સેવા (પ્રાથમિક શિક્ષકોની ભરતી, બાબતના નિયમો, ૧૯૭૦ |
| ૨૧ | ગુજરાત પંચાયત સેવા સામાન્ય પ્રોવિડન્ટ ફંડ નિયમો, ૧૯૭૧ |
| ૨૨ | ગુજરાત પંચાયત સેવા (ક્લાર્ક, ટાઈપીસ્ટ (અંગ્રેજી અથવા ગુજરાતી) અથવા કોમ્પ્યુટર સંબંધી નોકરીની શરતો, ખાતાકીય પરીક્ષા) બાબતના નિયમો, ૧૯૮૪ |
| ૨૩ | ગુજરાત પંચાયત સેવા (સમાજકલ્યાણ શાખા) ખાતાકીય પરીક્ષા નિયમો, ૧૯૮૪ |

## ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ કર અને ફી ના નિયમો પ્રસિધ્ધ ન કરવા બાબત

અતારાંક્તિ : ૨૨૪૮ (૨૦-૧૦-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ હેઠલ (૧) ગ્રામ સભા (૨) પંચાયત બજેટ અને હિસાબી નિયમો (૩) ગ્રામ પંચાયત કર અને ફી ના નિયમો સરકારે તેયાર કરાવ્યા પછી તેને પ્રસિધ્ધ ન કરવાનાં શાં કારણો છે, અને

(૨) આ નિયમોને વહેલી તકે પ્રસિધ્ધ કરવા સરકારે શી કાર્યવાહી કરી છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) પંચાયત વિભાગની તા. ૨૭-૧૦-૨૦૦૯ની અધિસૂચનાથી ગુજરાત ગ્રામ પંચાયત (ગ્રામસભાની બેઠકો અને કાર્યો નિયમો, ૨૦૦૯ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તથા (૧) પંચાયત બજેટ અને હિસાબી નિયમો તેમજ (૨) ગ્રામ પંચાયત કર અને ફી ના નિયમો પ્રસિધ્ધ કરવા અંગે વહીવટી કાર્યવાહી ચાલુ છે.

(૨) વહીવટી પ્રક્રિયા ચાલુ છે.

----------

## નવસારી જિલ્લામાં પંચાયત ઘરો મંજૂર કરવા બાબત

અતારાંક્તિ : ૨૨૮૫ (૩૦-૧૦-૨૦૦૯) **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જીલ્લામાં કેટલા પંચાયત ઘરો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા પંચાયત ઘરો બનાવવામાં આવ્યા,

(૩) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ કેટલા પંચાયત ઘરો બનાવવાના બાકી છે, અને

(૪) બાકી પંચાયત ઘરો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) ૩૯

(૨) ૪

(૩) ૩૫

(૪) બનતી ત્વરાએ.

----------

## બાલાસિનોર અને વીરપુર તાલુકામાં પંચાયત ઘર કમ-તલાટી મંત્રી આવાસ મંજૂર કરવા બાબત

અતારાંક્તિઃ૨૨૮૮(૩૦-૧૦-૨૦૦૯)**શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં કેટલા ગામોમાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પંચાયત ઘર-કમ-તલાટી મંત્રી આવાસ ઘર મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા પંચાયત ઘર કમ-તલાટી-મંત્રી આવાસના કામો પૂર્ણ થયા, અને

(૩) તેના માટે કેટલી રકમ વાપરવામાં આવી ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧)

| ક્રમ | તાલુકો | મંજૂર કરવામાં આવેલ પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસ |
|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૪ |
| ૨ | વીરપુર | ૩ |
| | **કુલ :** | **૭** |

(૨)

| ક્રમ | તાલુકો | તે પેકી પૂર્ણ કરેલ પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસ |
|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૩ |
| ૨ | વીરપુર | ૨ |
| | **કુલ :** | **૫** |

(૩)

| ક્રમ | તાલુકો | પંચાયત ઘર કમ તલાટી મંત્રી આવાસ માટે વાપરવામાં આવેલ રકમ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૯.૯૬ |
| ૨ | વીરપુર | ૬.૬૪ |
| | **કુલ :** | **૧૬.૬૦** |

----------

**બાલાસિનોર અને વીરપુર જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં આવાસો**

અતારાંક્તિ : ૨૨૮૯ (૩૦-૧૦-૨૦૦૯)**શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાનાં બાલાસિનોર અને વીરપુર તાલુકામાં કેટલા સરદાર આવાસો બનાવવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા આવાસો લાભાર્થીઓને આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલા આવાસો લાભાર્થીઓને ક્યાં સુધીમાં સોંપવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧)

| ક્રમ | તાલુકો | બનાવેલ સરદાર આવાસ |
|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૧૫૨ |
| ૨ | વીરપુર | ૧૩૬ |
| | કુલ : | ૨૮૮ |

(૨)

| ક્રમ | તાલુકો | લાભાર્થીઓને આપવામાં આવેલ આવાસો |
|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૧૫૨ |
| ૨ | વીરપુર | ૧૩૬ |
| | કુલ : | ૨૮૮ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ખેડા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કામો શરૂ કરવા બાબત**

અતારાંક્તિ : ૨૨૯૪ (૭-૧૧-૨૦૦૯) **શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલાસિનોર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ ખેડા જીલ્લામાં બાલાસિનોર અને વીરપુર તાલુકામાં કેટલા કામો શરૂ કરવામાં આવ્યા છે,

(૨) કેટલા શ્રમિકોને રોજગારી આપવામાં આવી, અને

(૩) કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૯-૧૨-૦૯) :

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ બાલાસિનોર અને વીરપુર તાલુકામાં ૪૩ કામો શરૂ કરવામાં આવ્યા જે નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | શરૂ કરેલ કામોની વિગત | | |
|---|---|---|---|
| | તા. ૧-૪-૦૮ થી તા. ૩૦-૬-૦૮ | તા. ૧-૪-૦૯ થી તા. ૩૦-૬-૦૯ | કુલ |
| બાલાસિનોર | ૭ | ૧૭ | ૨૪ |
| વિરપુર | ૧૫ | ૪ | ૧૯ |
| કુલ : | ૨૨ | ૨૧ | ૪૨ |

(૨) છેલ્લા બે વર્ષમાં બાલાસિનોર અને વિરપુર તાલુકામાં કુલ ૨૪૬૦૮ કુટુંબોને રોજગારી આપવામાં આવી છે જે નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | આપેલ રોજગારીની વિગત | | |
|---|---|---|---|
| | તા. ૧-૪-૦૮ થી તા. ૩૦-૬-૦૮ | તા. ૧-૭-૦૮ થી તા. ૩૦-૬-૦૯ | કુલ |
| બાલાસિનોર | ૨૧૩૦ | ૭૯૫૦ | ૧૦૦૮૦ |
| વિરપુર | ૨૭૯૦ | ૧૧૭૩૮ | ૧૪૫૨૮ |
| **કુલ :** | **૪૯૨૦** | **૧૯૬૮૮** | **૨૪૬૦૮** |

(૩) છેલ્લા બે વર્ષમાં બાલાસિનોર અને વિરપુર તાલુકામાં નીચે મુજબ રૂા. ૯૫.૩૩ લાખ ખર્ચ થયેલ છે.

| તાલુકાનું નામ | થયેલ ખર્ચની વિગત (રૂા. લાખમાં) | | |
|---|---|---|---|
| | તા. ૧-૪-૦૮ થી તા. ૩૦-૬-૦૮ | તા. ૧-૭-૦૮ થી તા. ૩૧-૬-૦૯ | કુલ |
| બાલાસિનોર | ૦ | ૨૨.૯૫ | ૨૨.૯૫ |
| વિરપુર | ૦ | ૭૨.૩૮ | ૭૨.૩૮ |
| **કુલ :** | **૦** | **૯૫.૩૩** | **૯૫.૩૩** |

## રાજ્યમાં ગોધરા કાંડ બાદ કોમી તોફાનોમાં ચુકવાયેલ વળતર

અતારાંક્તિ : ૧૬૬૮ (૨૫-૬-૨૦૦૯) **શ્રી સી.કે.રાઉલજી(ગોધરા):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં ગોધરા કાંડ બાદના કોમી તોફાનોમાં વળતર ચુકવવા માટે કેન્દ્ર સરકારે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ક્યારે અને કેટલી રકમ રાજ્ય સરકારને ફાળવી,

(૨) રાજ્ય સરકારનો તેમાં કેટલો ફાળો છે, તે અન્વયે કેટલી રકમ કેટલા અસરગ્રસ્તો ચુક્વી દેવામાં આવી, અને

(૩) કેટલાને રકમ ચુકવવાની બાકી છે, તે ક્યારે ચુકવવામાં આવશે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૮-૧૨-૦૯) :

(૧)

| અ. નં. | સહાયનો પ્રકાર | કેન્દ્ર સરકારે ફાળવેલ રકમની તારીખ | ફાળવેલ રકમ |
|---|---|---|---|
| ૧ | મૃત્યુ સહાય | તા. ૨૨-૭-૨૦૦૪ | ૧૧,૩૦,૦૦,૦૦૦ |
| ૨ | ઈજા સહાય | તા. ૨૨-૭-૨૦૦૪ | ૨,૧૯,૮૪,૭૫૦ |
| ૩ | પરચૂરણ ધંધાર્થીઓને સહાય | તા. ૨૧-૫-૨૦૦૨ | ૮,૨૧,૦૦,૦૦૦ |
| ૪ | મકાન સહાય | તા. ૧૦-૫-૨૦૦૨ | ૨૬,૩૭,૦૦,૦૦૦<br>૧૫,૩૧,૦૦,૦૦૦ |
| ૫ | ઘર વખરી સહાય | તા. ૨૧-૧૦-૨૦૦૨ | ૧૦,૨૮,૦૦,૦૦૦ |
| ૬ | નવા પેકેજ મુજબ મૃત્યુ અને ઈજા સહાય | તા. ૧૦-૯-૨૦૦૭ | ૭૦,૫૫,૦૦,૦૦૦ |
| ૭ | નવા પેકેજની મકાન સહાય | તા. ૨૩-૧૨-૨૦૦૮<br>તા. ૩૦-૩-૨૦૦૯ | ૫૦,૦૦,૦૦,૦૦૦<br>૨૧૨,૪૪,૦૦,૦૦૦ |
| ૮ | મફ્ત અનાજ સહાય | તા. ૭-૪-૨૦૦૨ | ૬૨,૬૦,૦૦,૦૦૦ |
| ૯ | નાના ઉદ્યોગોને સબસીડી/વ્યાજ સહાય | તા. ૧૦-૫-૨૦૦૨ | ૧,૮૩,૩૩,૦૦૦ |
| ૧૦ | મોટા ઉદ્યોગો, દુકાનો, હોટલો વગેરેને સબસીડી/વ્યાજ સહાય | તા. ૧૦-૫-૨૦૦૨ | ૬,૩૦,૭૮,૦૦૦ |

(૨)

| અ. નં. | સહાયનો પ્રકાર | રાજ્ય સરકારનો ફાળો રૂા. માં | અસરગ્રસ્તો ની સંખ્યા | ચુકવેલ રકમ રૂા. માં |
|---|---|---|---|---|
| ૧ | મૃત્યુ સહાય | ૬,૨૩,૫૦,૦૦૦ | ૧૧૬૯ | ૧૭,૫૩,૫૦,૦૦૦ |
| ૨ | ઈજા સહાય | ૦,૦૧,૧૫,૨૫૦ | ૨૫૪૮ | ૨,૨૧,૦૦,૦૦૦ |
| ૩ | પરચૂરણ ધંધાર્થીઓને સહાય | ૦,૯૨,૦૦,૦૦૦ | ૧૭૧૯૫ | ૯,૧૩,૦૦,૦૦૦ |
| ૪ | રીલીફ કેમ્પમાં રેશન | ૯,૬૫,૦૦,૦૦૦ | ૧૨૧ કેમ્પ | ૯,૬૫,૦૦,૦૦૦ |
| ૫ | રીલીફ કેમ્પમાં રોકડ સહાય | ૫,૪૬,૦૦,૦૦૦ | ૧૨૧ કેમ્પ | ૫,૪૬,૦૦,૦૦૦ |
| ૬ | રીલીફ કેમ્પ છોડી ઘર જતા લોકોને રેશન | ૩,૫૬,૦૦,૦૦૦ | ૪૬૧૫૨ | ૫,૪૬,૦૦,૦૦૦ |
| ૭ | નવા પેકેજ મુજબ મૃત્યુ સહાય અને ઈજા સહાય | ૭૦,૫૫,૦૦,૦૦૦ | ૧૧૬૧<br>૨૫૧૩ | ૪૦,૬૩,૫૦,૦૦૦<br>૨૯,૨૦,૯૫,૦૦૦ |
| ૮ | નવા પેકેજની મકાન સહાય | ૫૦,૦૦,૦૦,૦૦૦<br>૨૧૨,૪૪,૦૦,૦૦૦ | ૧૯૫૧૦<br>શુન્ય | ૩૬,૫૫,૧૬,૪૮૬<br>શુન્ય |

(૩)

| અ. નં. | સહાયનો પ્રકાર | ચુકવવાના બાકી અસરગ્રસ્તોની સંખ્યા | બાકી ચૂકવણી ક્યારે કરવામાં આવશે. |
|---|---|---|---|
| ૧ | નવા પેકેજ મુજબ મૃત્યુ અને ઈજા સહાય | મૃત્યુ સહાય-૮<br>ઈજા સહાય-૩૫ | અસરગ્રસ્તોના વારસદારોએ કોર્ટ કેસ, વાંધા અરજીઓ, સરનામા મળતા ન હોવાથી સદરહુ બાબતોનો નિકાલ થયે ચૂકવણી કરવામાં આવશે. |
| ૨ | નવા પેકેજની મકાન સહાય તા. ૨૩-૧૨-૨૦૦૮ના ઠરાવ મુજબ બાકી કેસો ........<br>તા. ૨૩-૧૨-૨૦૦૮ના ઠરાવ મુજબ બાકી કેસો ..... | ૯૯૫૯ *<br>૨૯૪૬૭ # | * અસરગ્રસ્તોના વારસદારોએ કોર્ટ કેસ , વાંધા અરજીઓ, સરનામા મળતા ન હોવાથી સદરહુ બાબતોનો નિકાલ થયેથી સત્વરે ચૂકવણી કરવામાં આવશે.<br># વિભાગના તા. ૨૮-૫-૨૦૦૯ના ઠરાવથી સંબંધિત કલેકટરશ્રીઓને ગ્રાન્ટ ફાળવણી કરેલ હોવાથી તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ બાકી રહેવા પામેલ છે. જેની સત્વરે ચુકવણી કરવા સંબંધિત કલેકટરશ્રીઓને અત્રેથી સૂચના આપવામાં આવેલ છે. |

----------------

## રાજ્યના મહેસૂલ પંચમાં પેન્ડીંગ કેસો

અતારાંક્તિઃ૧૬૯૧ (૧૬-૯-૨૦૦૯) **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્ય મહેસૂલ પંચમાં તા. ૩૧મી મે, ૨૦૦૮ની સ્થિતિએ કેટલા કેસો પેન્ડીંગ છે,

(૨) પેન્ડીંગ કેસો રહેવાના કારણો શાં છે.

(૩) પેન્ડીંગ કેસોનો સત્વરે નિકાલ થાય તે માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૪-૧૨-૦૯) :

(૧) તા. ૩૧મી મે, ૨૦૦૮ સ્થિતિએ કુલ ૫૨૫૫ કેસો પેન્ડીંગ છે.

(૨) રાજ્ય મહેસૂલ પંચની કાર્યવાહી અર્ધન્યાયિક પ્રક્રિયા હોવાના કારણે

(૩) અર્ધ ન્યાયિક પ્રક્રિયા હોવાના કારણે કેસોના નિકાલમાં સમય મર્યાદા બાધી શકાતી નથી. છતાં ઝડપી નિકાલ માટે પંચ દ્વારા કાર્યવાહી કરાય છે.

------------

## રાજ્યમાં કલેકટર અને મામલતદારોની ખાલી જ્યાઓ

અતારાંક્તિ : ૧૬૯૪ (૧૬-૯-૨૦૦૯) **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ૩૦મી જુન ૨૦૦૯ની સ્થિતિએ રાજ્યના કલેકટરો તથા મામલતદારોની કેટલી જ્યાઓ ખાલી છે.

(૨) ખાલી જ્યાઓ રહેવાના શાં કારણો છે, અને

(૩) ખાલી જગ્યાઓ સરકાર ભરવા માંગે છે કે કેમ ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧)

| ક્રમ | કલેકટરની ખાલી જગ્યાઓ | મામલતદારની ખાલી જગ્યાઓ | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | શૂન્ય | ૩ | આ જગ્યાઓ ઓગસ્ટ-૨૦૦૯માં ભરવામાં આવેલ છે. |

(૨)

| વિગત | કારણ |
|---|---|
| કલેકટરની ખાલી જગ્યા રહેવાના કારણો | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| મામલતદારની ખાલી જગ્યા રહેવાના કરણો | મામલતદાર -અંકલેશ્વર, જિલ્લો : જિલ્લો : ભરૂચ<br>બદલીથી ખાલી પડેલ જગ્યા (તા. ૪-૮-૨૦૦૯થી ભરવામાં આવેલ છે.)<br>(૨) મામલતદાર -બોટાદ, જિલ્લો : જિલ્લો : ભાવનગર<br>વયનિવૃત્તિથી તા. ૦૧-૦૬-૨૦૦૯ થી ખાલી પડેલ જગ્યા<br>(તા. ૦૪-૦૮-૨૦૦૯થી ભરવામાં આવેલ છે.)<br>(૩) મામલતદાર -ટંકારા, જિલ્લો : જિલ્લો : રાજકોટ<br>વયનિવૃત્તિથી ખાલી પડેલ જગ્યા<br>(તા. ૧૦-૦૮-૨૦૦૯થી ભરવામાં આવેલ છે.) |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## મહેસાણા જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા અંગે

અતારાંકિત : ૧૬૯૭ (૧૬-૯-૨૦૦૯) **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧મી મે ૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવી શરતની જમીનોને જૂની શરતમાં ફેરવવાની કેટલી અરજીઓ મળી,

(૨) મળેલ અરજીઓમાંથી કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી, અને

(૩) નામંજૂર કરવાના કારણો શા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) તા. ૩૧મી મે ૨૦૦૯ ની સ્થિતિએ કુલ ૮૪૭ અરજીઓ મળી.

(૨) મળેલ અરજીઓ પૈકી ૩૭૮ મંજૂર કરી ૨૩૭ અરજીઓ નામંજૂર કરી.

(૩) મુખ્યત્વે પૂર્વ મંજૂરી વિના વહેંચણી થવાથી ખરીદ કિંમત ભરપાઇ ન થવાથી વગેરે.

## દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને ૭/૧૨ અને ૮-અના ઉતારાની સુવિધા

અતારાંકિતઃ ૧૮૩૦ (૧૬-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગ્રામ પંચાયતોને આપવામાં આવેલા કોમ્પ્યુટર સુવિધા દ્વારા ઓનલાઈન ૭/૧૨ અને ૮-અના ઉતારા આપવાની સુવિધા પૈકી તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને સુવિધા આપવામાં આવી, અને

(૨) જિલ્લાની બાકી રહેલ ગ્રામ પંચાયતોને કેટલા સમયમાં આ સુવિધા પૂરી પાડવામાં આવશે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૯-૧૨-૦૯) :

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ ૪૫૯ પૈકી ૨૮૬ ગ્રામ પંચાયતોને

(૨) બાકીની ૧૭૩ ગ્રામ પંચાયતો પૈકી, ૧૦૯ ગ્રામ પંચાયતોને પ્રિન્ટરની સુવિધા મળ્યેથી, ૩૫ ગ્રામ પંચાયતોને ઈલેક્ટ્રીસિટીની સુવિધા મળ્યેથી, ૨૮ ગ્રામ પંચાયતોના કોમ્પ્યુટર બગડેલ હોઈ, તે રિપેર થયેથી અને લીમખેડા તાલુકાના નાની વાંસવાણી ગામે ગ્રામ પંચાયતને કોમ્પ્યુટરની સુવિધા પ્રાપ્ત થયેલ ન હોઈ, તે ઉપલબ્ધ થયેથી આ સુવિધા પૂરી પાડવામાં આવશે.

### જામનગર જિલ્લાના ધ્રોલ-જોડિયા ખાતે ખેડૂતોને ઓરિયા-ધોરિયાની મંજૂરીના હુકમ અંગે

અતારાંક્તિ : ૧૯૭૪ (૧૬-૯-૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તાલુકા કક્ષાએ ખેડૂતોને જમીન પિયત કરવા માટે ઓરિયા-ધોરિયાની મંજૂરી આપવાના અધિકાર મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી વચ્ચે સ્પષ્ટ હુકમોના અભાવે વિલંબમાં ચડવાના કિસ્સાઓ બને છે, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો જામનગર જિલ્લાના ધ્રોલ-જોડીયા અને જામનગર તાલુકાઓમાં મે, ૨૦૦૯ ની સ્થિતિએ આવી મંજૂરી આપવાની બાકી હોય તેવી કેટલી અરજીઓ બાકીમાં છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

### રાજ્યમાં ઓદ્યોગિક હેતુ માટે ફાળવેલ જમીન

અતારાંક્તિ : ૧૯૭૯ (૧૬-૯-૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં જિલ્લાવાર તા. ૩૧મી જુલાઈ, ૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન કેટલી સરકારી જમીનો ઓદ્યોગિક હેતુ માટે ફાળવવામાં આવી,

(૨) ક્યા ક્યા ઉદ્યોગો માટે અને તે પૈકી કેટલા એકમો ઉક્ત સ્થિતિએ શરૂ છે, અને

(૩) કેટલા શરૂ થયા નથી ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) કુલ હે. ૧૫૪૯૫-૫૦-૮૬ ચો.મી. જમીન ફાળવી છે.

(૨) જુદા જુદા ઉદ્યોગો માટે જમીન ફાળવેલ છે. જેમાંથી હાલ ૧૪૧-એકમો શરૂ થયેલ છે.

(૩) ૨૩૨-એકમો શરૂ થયા નથી.

### સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોને ૭/૧૨ અને ૮-અના ઉતારાની સુવિધા

અતારાંક્તિ : ૨૦૩૧ (૧૬-૯-૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગ્રામ પંચાયતોને આપવામાં આવેલા કોમ્પ્યુટર સુવિધા દ્વારા ઓનલાઈન નમૂના ૭/૧૨ અને ૮-અનાં ઉતારા આપવાની સુવિધા પૈકી તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને આ સુવિધા આપવામાં આવી, અને

(૨) જિલ્લાની બાકી રહેલ ગ્રામ પંચાયતોને કેટલા સમયમાં આ સુવિધા પૂરી પાડવાનું આયોજન છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૯-૧૨-૦૯) :

(૧) ૫૪૨ (પાંચસો બેંતાલીસ)

(૨) જિલ્લાની બાકી રહેલ ૨૫ ગ્રામ પંચાયતોમાં એરટેલ કંપની તરફથી ગ્રામ પંચાયત ખાતે આવેલ ડીશ શિફ્ટિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવ્યેથી બધી જ ગ્રામ પંચાયતોમાં આ સુવિધા આપવામાં આવશે.

-----------

## ખેડા જિલ્લામાં ૭/૧૨ અને ૮-અના ઉતારા આપવાની સુવિધા

અતારાંક્તિ : ૨૧૮૮ (૮-૧૦-૦૯) **ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગ્રામ પંચાયતોને આપવામાં આવેલા કોમ્પ્યુટર સુવિધા દ્વારા ઓનલાઈન નમૂના ૭/૧૨ અને ૮-અનાં ઉતારા આપવાની સુવિધા તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને આપવામાં આવી છે, અને

(૨) બાકીની ગ્રામ પંચાયતોને કેટલા સમયમાં આ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૯-૧૨-૦૯) :

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ ૫૫૯ પૈકી ૪૪૧ ગ્રામ પંચાયતોને

(૨) બાકીની ગ્રામ પંચાયતો ખાતે કોમ્પ્યુટર હાર્ડવેર, પ્રિન્ટર અને કનેક્ટિવિટીની સુવિધા ઉપલબ્ધ થયેથી તુરત જ ઉપલબ્ધ કરવામાં આવશે.

## આણંદ જિલ્લામાં મહેસૂલ વિભાગની કચેરીઓમાં સંવર્ગવાર મહેકમ

અતારાંક્તિ:૨૩૮૨(૨૪-૧૧-૦૯) **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૦-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં મહેસૂલ વિભાગ હસ્તકની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું,

(૨) કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યા ક્યારે ભરવામાં આવશે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧)

| આણંદ જિલ્લા કલેક્ટર હેઠળની કચેરીઓની જગ્યાઓ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | કલેક્ટર | ૧ | ૧ | ૦ | એક વર્ષથી વધાર સમયથી ખાલી છે |
| ૨ | નાયબ કલેક્ટર | ૧૦ | ૧૦ | ૦ | |
| ૩ | મામલતદાર | ૧૫ | ૧૩ | ૨ | |
| ૪ | નાયબ મામલતદાર | ૧૦૮ | ૮૦ | ૨૮ | |
| ૫ | સ્ટેનોગ્રાફર (ગ્રેડ-૨) | ૧ | ૧ | ૦ | |
| ૬ | સ્ટેનોગ્રાફર (ગ્રેડ-૩) | ૧ | ૦ | ૧ | |
| ૭ | ક્લાર્ક | ૮૪ | ૬૬ | ૧૮ | |
| ૮ | ક્લાર્ક કમ ટાઈપિસ્ટ | ૧૪ | ૦ | ૧૪ | |
| ૯ | ટાઈપિસ્ટ | ૫ | ૧ | ૪ | |
| ૧૦ | ડ્રાઈવર | ૭ | ૩ | ૪ | |
| ૧૧ | પ્યુન કમ ડ્રાઈવર | ૧૦ | ૨ | ૮ | |
| ૧૨ | પટાવાળા | ૪૦ | ૨૩ | ૧૭ | |
| કુલ | | ૨૯૬ | ૨૦૦ | ૯૬ | |
| સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર, આણંદની કચેરી | | | | | |
| ૧ | નાયબ કલેક્ટર | ૧ | ૧ | ૦ | |
| ૨ | કચેરી અધિક્ષક | ૧ | ૧ | ૦ | |
| ૩ | સ્ટેમ્પ નિરીક્ષક | ૧ | ૧ | ૦ | |
| ૪ | નાયબ હિસાબનીશ | ૧ | ૧ | ૦ | |
| ૫ | ક્લાર્ક | ૧ | ૦ | ૧ | તા. ૧૮-૨-૦૯ થી |
| ૬ | પટાવાળા | ૧ | ૦ | ૧ | તા. ૧૪-૮-૦૮ થી |
| કુલ | | ૬ | ૪ | ૨ | |

**નોંધણી સર નિરીક્ષક્ની કચેરી**

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | નોંધણી નિરીક્ષક | ૧ | ૦ | ૧ | તા. ૧-૧-૦૬થી |
| ૨ | સબ રજીસ્ટ્રાર (ગ્રેડ-૧) | ૨ | ૨ | ૦ | |
| ૩ | સબ રજીસ્ટ્રાર (ગ્રેડ-૨) | ૨ | ૨ | ૦ | |
| ૪ | કારકુન | ૧૦ | ૯ | ૧ | તા. ૫-૬-૦૭ થી |
| ૫ | પટાવાળા | ૪ | ૪ | ૦ | |
| કુલ | | ૧૯ | ૧૭ | ૨ | |
| **જમીન માપણી કચેરી, આણંદ** | | | | | |
| ૧ | ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડઝ | ૧ | ૧ | ૦ | એક વર્ષથી વધુ સમયથી |
| ૨ | હેડ ક્લાર્ક | ૧ | ૧ | ૦ | |
| ૩ | હેડ ક્વાર્ટર આસિસ્ટન્ટ | ૧ | ૧ | ૦ | |
| ૪ | સર્વેયર સંવર્ગ | ૧૮ | ૧૩ | ૫ | |
| ૫ | ક્લાર્ક | ૫ | ૪ | ૧ | તા. ૧-૬-૦૯ થી |
| ૬ | પટાવાળા | ૧૩ | ૮ | ૫ | એક વર્ષથી કે તેથી વધુ સમયથી |
| કુલ | | ૩૯ | ૨૮ | ૧૧ | |
| | કુલ સંખ્યા | ૩૬૦ | ૨૪૯ | ૧૧૧ | |

(૨) ઉપરોક્ત જવાબ (૧) ના કોલમ નં. ૫ અને ૬માં દર્શાવ્યા મુજબ.

(૩) ગુજરાત જાહેર સેવા આયોગ અને ગુજરાત ગોણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતી કરીને ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

-----------

## આણંદ જિલ્લામાં રસ્તા પહોળા કરવા અંગે

અતારાંક્તિ : ૨૧ (૨૧-૩-૦૯) **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) આણંદ જિલ્લામાં રાજ્ય હસ્તકના ક્યા ક્યા રસ્તાઓ ભારે ટ્રાફિક્ને કારણે પહોળા-મજબૂત બનાવવાની જરૂરીયાત છે,

(૨) આ માટે સદર રસ્તાઓનું કોઈ સર્વે કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો તે બાબતે શા પગલાં લેવામાં આવ્યા ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૮-૧૨-૦૯) :

(૧) આણંદ જિલ્લામાં રાજ્ય હસ્તકના ભારે ટ્રાફિક્ને કારણે પહોળા અને મજબૂત બનાવવાની કામગીરીવાળા રસ્તાઓ પત્રક મુજબ છે.

(૨) હા, જી.

(૩) લીધેલ પગલાંની વિગત પત્રક મુજબ.

**પત્રક**

**આણંદ જિલ્લામાં રાજ્ય હસ્તકના ભારે ટ્રાફીક્ને કારણે પહોળા તથા મજબૂત**

**બનાવવાની જરૂરીયાતવાળા રસ્તાઓની વિગત**

| ક્રમ | રસ્તાનું નામ | ચેઈનેજ કી.મી. | નોંધ |
|---|---|---|---|
| (૧) | નડીયાદ ડાકોર પાલી રોડ | ૭૧/૦ થી ૮૬/૦ | ૧૦ મી. પહોળો કરવાની કામગીરી પ્રગતિમાં |
| (૨) | આણંદ કરમસદ સોજીત્રા રોડ | ૨૭/૪૫ થી ૩૩/૨ | ચાર માર્ગીય કામ પ્રગતિમાં |
| (૩) | લીગડા ભાલેજ આણંદ રોડ | ૧૭/૩ થી ૧૯/૫ | ચાર માર્ગીય કામ પ્રગતિમાં |
| (૪) | નડીયાદ પેટલાદ ખંભાત રોડ | ૫૧/૬ થી ૫૩/૪ | ચાર માર્ગીય કામ પ્રગતિમાં |
| (૫) | બોરસદ પામોલ ખડોલ રોડ | ૦/૦ થી ૧/૫ | દ્વી માર્ગીય કામ પ્રગતિમાં |

| | | | |
|---|---|---|---|
| (૬) | નડીયાદ પેટલાદ ખંભાત રોડ | ૨૪/૦ થી ૨૮/૦ | ચાર માર્ગીય કામ પ્રગતિમાં |
| (૭) | રાસ વિરસદ રોડ | ૦/૦ થી ૯/૭૫ | ટેન્ડર સ્ટેજ |
| (૮) | બગોદરા વટામણ તારાપુર વાસદ રોડ | ૩૦/૦ થી ૧૦૧/૭૬૦ | ૬ માર્ગીય પહોળા અને મજબૂતીકરણની કામગીરી જી.એસ.આર.ડી.સી. દ્વારા હાથ ધરવામાં આવી રહેલ છે. |
| (૯) | ઉમરેઠ ઓડ સારસા રોડ | ૩/૦ થી ૧૯/૪ | ૧૦ મીટર પહોળો અને મજબૂતીકરણની કામગીરી એસ.એચ.ડી.પી. હેઠળ હાથ ધરવામાં આવી રહેલ છે. |
| (૧૦) | વાસદ સારસા રોડ | ૦/૦ થી ૯/૩ | ૧૦ મી. પહોળો અને મજબૂતીકરણની કામગીરી એસ.એચ.ડી.પી. હેઠળ હાથ ધરવામાં આવી રહેલ છે. |
| (૧૧) | ભાલેજ સારસા રોડ | ૫/૬ થી ૧૫/૬ | સી.આર.એફ. હેઠળ રસ્તાને ૭ મી. પહોળો બનાવવા દરખાસ્ત થયેલ છે. |

-----------

## ગાંધીનગરમાં સેક્ટરવાર મંદિરો તોડી પાડવા અંગે

અતારાંક્તિ : ૧૬૭૪ (૯-૦૭-૦૯) **શ્રી ગ્યાસુદ્દીનભાઈ શેખ (શાહપુર ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગાંધીનગરમાં સન ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષ અને તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સેક્ટરવાર કેટલા મંદિર તોડી પાડવામાં આવ્યા હતા, અને

(૨) મંદિરો તોડવા માટેના શા કારણો હતા ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૭-૧૨-૦૯) :

(૧) ગાંધીનગરમાં નીચેની વિગતે અનઅધિકૃત ધાર્મિક બાંધકામ/દબાણો દૂર કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| (અ) | સને ૨૦૦૭-૦૮ | શૂન્ય |
| (બ) | સને ૨૦૦૮-૦૯ | કુલ-૧૨૫ |

| **અનુ.** | **સેકટર નંબર** | **ધાર્મિક દબાણો દૂર કર્યાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ૩ | ૭ |
| ૨ | ૪ | ૧ |
| ૩ | ૫ | ૬ |
| ૪ | ૧૦ | ૭ |
| ૫ | ૧૨ | ૨ |
| ૬ | ૧૬ | ૧૪ |
| ૭ | ૧૯ | ૨ |
| ૮ | ૨૦ | ૯ |
| ૯ | ૨૧ | ૧૧ |
| ૧૦ | ૨૨ | ૨૬ |
| ૧૧ | ૨૩ | ૨ |
| ૧૨ | ૨૮ | ૧૭ |
| ૧૩ | ૨૯ | ૭ |
| ૧૪ | ૩૦ | ૧૪ |
| | **કુલ સંખ્યા** | **૧૨૫** |

| અનુ. | સેક્ટર નંબર | ધાર્મિક દબાણો દૂર કર્યાની સંખ્યા |
|---|---|---|
| | સંખ્યા | |
| **નોંધ :** સેક્ટર સિવાય રસ્તા પરના ૧૪૩ ધાર્મિક દબાણ દુર કરવામાં આવેલ છે. | | |
| (ક) | તા. ૧-૪-૦૯ થી ૩૧-૫-૦૯ | શૂન્ય |

(૨) અનઅધિકૃત હોવાથી તથા વિકાસમાં અવરોધ રૂપ હોવાથી.

-----------

## ગાંધીનગર ખાતે અરજદારને બિન રહેણાંક્ના હેતુ માટે જમીન આપવા અંગે

અતારાંક્તિ : ૧૬૮૧ (૧૬-૭-૦૯) **શ્રી અર્જુનભાઈ દે.મોઢવાડિયા(પોરબંદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગરમાં ક્યા અરજદારને ક્યારે કેટલી અને ક્યા ભાવે બિન-રહેણાંક્ના હેતુ માટે જમીન આપવામાં આવી,

(૨) આ પૈકી કેટલા સામે શરતભંગ બદલ કોઈ પગલાં લેવામાં આવ્યા છે કેમ, અને

(૩) જો હા, તો કેવા પ્રકારના પગલાં લેવામાં આવ્યા ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૭-૧૨-૦૯) :

(૧) આ સાથેના પત્રક મુજબના કુલ ૨૫ અરજદારોને બિન રહેણાંક્ના હેતુ માટે જમીન ફાળવણી કરી છે.

(૨) ના.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

**તા. ૧-૪-૦૬ થી તા. ૩૧-૩-૨૦૦૯ ના સમય દરમ્યાન બિન રહેણાંક્ના હેતુ માટે ફાળવેલ જમીનની વિગત**

| અ. નં. | અરજદાર સંસ્થાનું નામ | ફાળવણીના ઠરાવની તારીખ | જમીનનું ક્ષેત્રફળ | ક્યા ભાવે જમીનની ફાળવણી કરી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ડી.એલ.એફ. કંપની લી. હરિયાણા | તા. ૪-૧-૦૭ | ૨૫.૫ એકર | રૂા. ૫૦૦૦/-પ્રતિ ચો.મી. |
| ૨ | ટાટા કન્સલન્ટન્સી લીમીટેડ | તા. ૨-૩-૦૭, તા. ૧૩-૩-૦૭ | ૨૫.૫ એકર | વિકાસ દર રૂા. ૧૧૦૦/- પ્રતિ ચો.મી.ના દરથી |
| ૩ | મહેસૂલ વિભાગ (સ્ટેટ ઈમરજન્સી કન્ટ્રોલ રૂમ માટે) | તા. ૬-૩-૦૭ | ૬૦૦૦ ચો.મી. | વિના મૂલ્યે |
| ૪ | પબ્લીક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા નવી દિલ્હી | તા. ૧૯-૭-૦૭ | ૫૦ એકર | વિના મૂલ્યે |
| ૫ | ગાંધીનગર જિલ્લા સેવા સદન માટે કલેક્ટરશ્રી, ગાંધીનગર | તા. ૪-૮-૦૭ | ૧૦,૦૦૦ ચો.મી. | વિના મૂલ્યે નીમ કરેલ છે. |
| ૬ | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત | તા. ૧૬-૮-૦૭ | ૨૫ એકર | રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગને વિના મૂલ્યે તબદીલ |
| ૭ | સરકારી એન્જીનીયરીંગ કોલેજ માટે | તા. ૧૪-૯-૦૭, તા. ૧૫-૨-૦૮ | ૩૧ એકર | વિના મૂલ્યે શિક્ષણ વિભાગને તબદીલ |
| ૮ | સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર શાખા | તા. ૧૯-૯-૦૭ | ૧૬,૦૦૦ ચો.મી. (સોળ હજાર ચો.મી.) | રૂા. ૧/-ના ટોકન ભાવથી ૩૫ વર્ષના ભાડા પટ્ટે |

| અ. નં. | અરજદાર સંસ્થાનું નામ | ફાળવણીના ઠરાવની તારીખ | જમીનનું ક્ષેત્રફળ | ક્યા ભાવે જમીનની ફાળવણી કરી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | ગાંધીનગર શાખા | | (સોળ હજાર ચો.મી.) | ભાડા પટ્ટે |
| ૯ | બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થા | તા. ૧૦-૧૦-૦૭ | ૧૦,૦૦૦ | વિકાસ દર રૂા. ૧૧૦૦/-પ્રતિ ચો.મી.ના દરથી |
| ૧૦ | કડવા પાટીદાર સમાજ ગાંધીનગર | તા. ૧૦-૧૦-૦૭ | ૯૯૯.૬૦ ચોમી. | રૂા. ૩૨૦૦ પ્રતિ ચો.મી.ના દરથી |
| ૧૧ | અખિલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘ | તા. ૧૦-૧૦-૦૭ | ૩૫૦૦ ચો.મી. | રૂા. ૫૫૦ પ્રતિ ચો.મી. ના દરથી |
| ૧૨ | ગુજરાત ગોપાલક કન્યા કેળવણી મંડળ | તા. ૧૦-૧૦-૦૭ | ૨૩૧૦ ચો.મી. | વિકાસ દર રૂા. ૧૧૦૦/- પ્રતિ ચો.મી.ના દરથી |
| ૧૩ | નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ રીસર્ચ નવી દિલ્હી | તા. ૧૦-૧૦-૦૭ | ૬૦ એકર | રૂા. ૧/- ના ટોકન ભાડા પધ્ધતિથી ૩૦ વર્ષના ભાડા પટ્ટે |
| ૧૪ | સત્યમ કોમ્પ્યુટર્સ સર્વિસીસ લીમીટેડ | તા. ૩૧-૧૨-૦૭ | ૧૦૫૨૨ ચો.મી. | વિકાસ દર રૂા. ૧૧૦૦/-પ્રતિ ચો.મી.ના દરથી |
| ૧૫ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. | તા. ૧૭-૭-૦૮ | ૨૦,૦૨૦ ચો.મી. | રૂા. ૧૫૦૦૦/- પ્રતિ ચો.મી.ના દરથી |
| ૧૬ | ફોરેન્ટીક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના માટે | તા. ૧૨-૯-૦૮ | ૨૦,૦૦૦ ચો.મી. | વિના મૂલ્યે ગૃહ વિભાગને તબદીલ |
| ૧૭ | ભારતીય વાયુ સેનાના દક્ષિણ પમિ વાયુ કમાન્ડના મુખ્યાલયના બાંધકામ માટે | તા. ૨૨-૯-૦૮ | કુલ ૮૮ એકર | ૧૮૧૧ પ્રતિ ચો.મી. ના દરથી |
| ૧૮ | આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક | તા. ૨૪-૧-૦૭<br>તા. ૧૧-૫-૦૭ | ૬૮૭૯૭<br>+ ૨૪૬૭ ચો.મી. | વિકાસ દર રૂા. ૧૧૦૦/-પ્રતિ ચો.મી.ના દરથી |
| ૧૯ | જીઆઈડીસી ગાંધીનગરને એસઈઝેડ માટે | તા. ૧-૮-૦૭ | ૨,૨૨,૫૮૫ ચો.મી. | વિકાસ દર રૂા. ૧૧૦૦/-પ્રતિ ચો.મી.ના દરથી |
| ૨૦ | મે. ટોરેન્ટ પાવર લીમીટેડ, અમદાવાદ | તા. ૨૮-૨-૦૮ | ૧૦,૦૦૦ ચો.મી. | રૂા. ૬૦૦૦/- પ્રતિ ચો.મી. |
| ૨૧ | મે. સિન્ટેલ ઈન્ટરનેશનલ પ્રા. લી. પુના | તા. ૧૫-૪-૦૮ | ૮.૭૨ એકર | વિકાસ દર રૂા. ૧૦૦૦/-પ્રતિ ચો.મી. + જી.આઈ.ડી.સી. સપ્રમાણ નિયત કિંમત |
| ૨૨ | મે. ઈન્ફોચીપ્સ લી. અમદાવાદ | તા. ૩૦-૪-૦૮ | ૨.૮૪ એકર | "" |
| ૨૩ | મે. પટણી કોમ્પ્યુટર સિસ્ટમ લીમીટેડ, ગાંધીનગર | તા. ૫-૫-૦૮ | ૧૦.૯૨ એકર | "" |
| ૨૪ | મે. કોલાબેરા ટેક્નોલોજી પ્રા.લી. વડોદરા | તા. ૩-૧૦-૦૮ | ૧૩,૩૬૪ ચો.મી. | વિકાસ દર રૂા. ૧૧૦૦/-પ્રતિ ચો.મી. + જી.આઈ.ડી.સી. સપ્રમાણ નિયત કિંમત |
| ૨૫ | મે. વોરા ટેક વેન્ચર પ્રા.લી. અમદાવાદ | તા. ૨૧-૧૧-૦૮ | ૧૧.૯ એકર | "" |

## ભરૂચ જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળના મંજૂર થયેલ રસ્તાઓ

અતારાંકિત : ૧૭૨૬ (૧૬-૯-૦૯) **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કિસાન પથ યોજના હેઠળ તા. ૩૦-૬-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા રસ્તાઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા રસ્તાઓના કામ પૂર્ણ કરવામાં આવ્યા,

(૩) કેટલા રસ્તાઓના કામ બાકી છે, અને

(૪) બાકીના કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૭-૧૨-૦૯) :

(૧) કિસાન પથ યોજના હેઠળ તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ જિલ્લામાં નીચે મુજબ રસ્તાઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવ્યા.

(૨)

| તાલુકો | મંજૂર કામોની સંખ્યા |
|---|---|
| જંબુસર | ૫ |
| આમોદ | ૨ |
| ભરૂચ | ૫ |
| વાગરા | ૩ |
| અંકલેશ્વર | ૩ |
| હાંસોટ | ૨ |
| વાલીયા | ૨ |
| ઝગડીયા | ૩ |
| કુલ : | ૨૫ |

(૨) તે પૈકી ૧૮ રસ્તાઓના કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) ૭ રસ્તાઓના કામો બાકી છે.

(૪) જેમ બને તેમ ઝડપથી.

-----------

**ભરૂચ જિલ્લામાં ગામડાઓના રસ્તાઓને મુખ્ય માર્ગો સાથે જોડવા મંજૂરી**

અતારાંક્તિ : ૧૭૨૭ (૧૬-૯-૦૯) **શ્રી કિરણકુમાર લ. મકવાણા** (જંબુસર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ ની સ્થિતએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ૨૫૦ની વસ્તી ધરાવતા કેટલા ગામડાઓના રસ્તાઓ મુખ્ય માર્ગો સાથે જોડવા ક્યારે મંજૂરી આપી,

(૨) આ અન્વયે ક્યા ક્યા રસ્તાઓના કામો સોંપવામાં આવ્યા,

(૩) આ કામો પાછળ કેટલી રકમ છુટી કરવામાં આવી, અને

(૪) આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૭-૧૨-૦૯) :

(૧) તા. ૩૦-૬-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ૨૫૦ની વસ્તી ધરાવતા કેટલા ગામડાઓના રસ્તાઓ મુખ્ય માર્ગો સાથે જોડવાના બાકી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ભરૂચ જિલ્લામાં સેન્ટ્રલ રોડ ફંડ હેઠળ સ્ટેટ રોડના મંજૂર થયેલ રસ્તાઓ**

અતારાંક્તિ : ૧૭૨૮ (૧૬-૯-૦૯) **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર સેન્ટ્રલ રોડ ફંડ હેઠળ સ્ટેટ રોડમાં કેટલા રસ્તાઓ મંજૂર થયા, અને

(૨) તે અન્વયે કેટલા રસ્તાઓના કામ પૂર્ણ થયા અને કેટલા કામો પ્રગતિમાં છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) નીચે મુજબના રસ્તાઓ મંજૂર થયા.

| તાલુકો | રસ્તાની સંખ્યા |
|---|---|
| હાંસોટ | ૩ |
| અંકલેશ્વર | ૧ |
| વાલીયા | ૨ |
| ભરૂચ | ૨ |
| વાગરા | ૧ |
| ઝગડીયા | ૧ |

(૨) ૧ કામ પૂર્ણ, ૨ કામ પ્રગિતમાં.

**નર્મદા અને તાપી જિલ્લાના ગામોમાં પાકી સડકની સુવિધા**

અતારાંક્તિઃ ૧૭૩૫ (૯-૯-૦૯) **શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ નર્મદા અને તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો પાકી સડકની સુવિધા વગરના છે, અને

(૨) આ ગામોને પાકી સડક સુવિધા આપવા સરકારે શું આયોજન કરેલ છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૭-૧૨-૦૯) :

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ નર્મદા જિલ્લાના નાંદોદ અને દેડિયાપાડા તાલુકામાં અનુક્રમે ૨ અને ૬ ગામો પાકી સડકની સુવિધા વગરના છે. તાપી જિલ્લામાં બધા ગામો પાકી સડકની સુવિધાવાળા છે.

(૨) આ ૮ ગામોના રસ્તા અભ્યારણ્ય વિસ્તારના હોઈ વન વિભાગની મંજૂરી મળે તો આ ગામોને સરકારની વિવિધ યોજના હેઠળ પાકી સડકની સુવિધા આપવાનુ આયોજન થઈ શકશે.

-----------

**નર્મદા જિલ્લામાં નાબાર્ડ યોજના હેઠળ મંજૂર થયેલા રસ્તાઓ**

અતારાંક્તિ : ૧૭૪૨ (૯-૯-૦૯) **શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નાબાર્ડ યોજના હેઠળ નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તા તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મંજૂર થયા,

(૨) આ રસ્તાઓના બાંધકામ માટે કઈ કઈ એજન્સીઓ નક્કી કરવામાં આવી,

(૩) તે અન્વયે કેટલા રસ્તાના કામો પૂર્ણ થયા, કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૪) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૭-૧૨-૦૯) :

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મંજૂર થયેલ રસ્તાની વિગતો નીચે મુજબ છે.

| **તાલુકો** | **મંજુર કામોની સંખ્યા** |
|---|---|
| નાંદોદ | ૧૭ |
| દેડીયાપાડા | ૧૩ |
| સાગબારા | ૧૦ |
| તિલકવાડા | ૧૭ |
| **કુલ :** | **૫૭** |

(૨) નક્કી કરેલ એજન્સી નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| (i) | સત્યમ કન્સ્ટ્ર.કું. ગરૂડેશ્વર | (v) | કૃણાલ સ્ટ્રક્ચર (ઈન્ડીયા) પ્રા.લી. રાજકોટ |
| (ii) | શાંતિલાલ બી. પટેલ વડોદરા | (vi) | મે. અમર કન્સ્ટ્રક્શન, વડોદરા |
| (iii) | આર. કે. કન્સ્ટ્ર., ગોધરા | (vii) | શિવ કન્સ્ટ્રક્શન, ભાવનગર |
| (iv) | કમલ એ. પટેલ, આણંદ | (viii) | વિશ્વાસ કન્સ્ટ્રક્શન, રાજકોટ |

(૩) ૧૧- રસ્તાના કામો પૂર્ણ થયેલ છે.
૪૬- રસ્તાના કામો પ્રગતિ હેઠળ છે.

(૪) તે અન્વયે રૂા. ૧૫૫૭.૬૦ લાખનો ખર્ચ થયેલ છે.

-----------

### દાહોદ જિલ્લામાં પેવર કામ કર્યા વગરના રસ્તાઓ

અતારાંક્તિ : ૧૭૭૩ (૯-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી (લીંબડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લાના તાલુકાવાર તા. ૩૦-૬-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પેવર કામ કર્યા વગરના કેટલા કિ.મી.ના રસ્તાઓ બાકી છે, અને

(૨) આ રસ્તાઓનુ સરકાર પેવરકામ ક્યારે માગે છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૭-૧૨-૦૯) :

(૧) દાહોદ જિલ્લાના છેલ્લા બે વર્ષથી પેવર કામ વગરના કુલ ૧૨૦૮-૧૭ કિ.મી.ના રસ્તાઓ છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | પેવરકામ કર્યા વગરના રસ્તા (લંબાઈ કિ.મી.માં) |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧૬૫.૩૪ |
| ૨ | ગરબાડા | ૧૧૧.૬૦ |
| ૩ | ઝાલોદ | ૩૭૮.૯૦ |
| ૪ | ફતેપૂરા | ૧૧૯.૫૦ |
| ૫ | લીમખેડા | ૧૮૩.૩૩ |
| ૬ | ધાનપુર | ૧૧૯.૪૦ |
| ૭ | દેવગઢ બારીયા | ૧૩૦.૧૫ |
| | **કુલ :** | **૧૨૦૮.૨૨** |

(૨) દર બે વર્ષ રસ્તાઓને પેવર કરવાનુ કોઈ ધોરણ નથી. રસ્તાની અગત્યતા તથા તેની સપાટીને ધ્યાને રાખી આયોજન વિચારવામાં આવે છે.

### દાહોદ જિલ્લાના તાલુકાઓ અને ગામડાઓના ડામર કર્યા વગરના રસ્તાઓ

અતારાંક્તિ : ૧૭૭૪ (૯-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ ની સ્થિતિએ દાહોદ જિલ્લાના તાલુકાઓના ગામડાઓ તાલુકા મથક સાથે પાકા રસ્તાથી જોડાયેલ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ગ્રામ માર્ગો ડામરના બને તે માટે સરકારનું ૨૦૦૯-૧૦ માં શું આયોજન છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૪-૧૨-૦૯) :

(૧) ના. જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

### દાહોદ જિલ્લામાં રાજ્ય અને પંચાયત હસ્તકના ડામર કર્યા વગરના રસ્તાઓ

અતારાંક્તિઃ ૧૭૭૫ (૫-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના રાજ્ય, પંચાયત, હસ્તક્ના કઈ કઈ યોજનાઓમાંથી ક્યા ક્યા રસ્તા ડામરના કરવામાં આવ્યા અને કેટલો ખર્ચ રસ્તાવાર કરવામાં આવ્યો,

(૨) આ સમય દરમ્યાન ક્યા ક્યા રસ્તાઓના કામો મંજુર થયા છતાં કામ શરૂ કરવામાં આવ્યા નથી, તેના કારણો શા છે, અને

(૩) આ કામો ક્યારે શરૂ કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૮-૧૨-૦૯) :

(૧) તા. ૩૦-૬-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના સામેલ પરિશિષ્ટ-૧ મુજબ ૨૨૨ રસ્તાના કામો હાથ ધરવામાં આવ્યા અને તે પાછળ રૂા. ૯૮૯૭.૩૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

(૨) આ સમય દરમ્યાન ૮ રસ્તાઓ ટેન્ડરની પ્રક્રિયામાં હોઈ કામ શરૂ થયેલ નથી. (પરિશિષ્ટ-૨ મુજબ)

(૩) આ રસ્તાના કામો ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી શરૂ કરવાનુ આયોજન છે.

(* પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

**દાહોદ જિલ્લામાં બી.ઓ.ટી. હેઠળ રસ્તાઓ બનાવવા કરેલ આયોજન**

અતારાંકિત : ૧૮૪૨ (૫-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૦-૬-૦૯ સુધીમાં દાહોદ જિલ્લામાં બી.ઓ.ટી.ના ધોરણે ક્યા ક્યા રસ્તાઓ બનાવવાનું આયોજન છે,

(૨) તેમજ ક્યા ક્યા રસ્તાઓ મંજુર થયેલ છે, અને

(૩) જે રસ્તાઓ મંજુર થયેલ છે તેની કામગીરી ક્યા તબક્કે છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૪-૧૨-૦૯) :

(૧), શૂન્ય

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**દાહોદ જિલ્લામાં ડામર / મેટલ સપાટીના મંજૂર થયેલ રસ્તાઓ**

અતારાંકિત : ૧૮૪૩ (૧૬-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ ની સ્થિતિએ દાહોદ જિલ્લાના તાલુકાવાર ક્યા ક્યા ગામોમાં કેટલા રસ્તાઓ સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા. ૩૧-૭-૦૯ સુધીમાં ડામર કે મેટલ સપાટીના મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલા રસ્તાઓ પૂર્ણ થયા છે, અને

(૩) બાકીના રસ્તાઓ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૮-૧૨-૦૯) :

(૧) સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં દાહોદ જિલ્લામાં ડામર સપાટીના કુલ ૮૦ રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| **તાલુકો** | **મંજૂર થયેલ રસ્તાઓની સંખ્યા** |
|---|---|
| દાહોદ | ૧૪ |
| ગરબાડા | ૧૧ |
| લીમખેડા | ૮ |
| ધાનપુર | ૪ |
| ઝાલોદ | ૨૧ |
| ફતેપૂરા | ૮ |
| દેવગઢ બારીયા | ૧૪ |
| **કુલ :** | **૮૦** |

દાહોદ જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં મેટલ સપાટીના કોઈ રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા નથી.

સને ૨૦૦૯-૧૦ માં તા. ૩૧-૭-૦૯ સુધીમાં ડામર કે મેટલ સપાટીના કોઈ રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા નથી.

(૨) તે પૈકી તાલુકાવાર પૂર્ણ થયેલ રસ્તાઓ નીચે મૂજબ છે.

| **તાલુકાનું નામ** | **પૂર્ણ થયેલ રસ્તાઓની સંખ્યા** |
|---|---|
| દાહોદ | ૫ |
| ગરબાડા | ૭ |
| લીમખેડા | ૩ |
| ધાનપુર | ૧ |
| ઝાલોદ | ૪ |
| ફતેપૂરા | ૫ |
| દેવગઢ બારીયા | ૬ |
| **કુલ :** | **૩૧** |

(૩) પ્રગતિ હેઠળના ૪૩ રસ્તાઓ જેમ બને તેમ ઝડપથી તથા ટેન્ડર પ્રક્રિયા હેઠળના ૬ રસ્તાઓ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

**દાહોદ જિલ્લામાં પાકા રસ્તાઓ બનાવવા મળેલ અરજીઓ**

અતારાંકિત : ૧૮૪૪ (૧૫/૦૯/૨૦૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર એક ગામથી બીજા ગામને જોડતા ક્યા રસ્તા પાકા બનાવવા તથા ગામથી ગામ પરા વિસ્તારને જોડતા ક્યા રસ્તા પાકા બનાવવાની કેટલી અરજીઓ આવી,

(૨) આવેલ અરજીઓના અનુસંધાનમાં કેટલા કાચા રસ્તાઓ પાકા બનાવવાનું સરકાર દ્વારા આયોજન કરી કામ પૂર્ણ કરવામાં આવ્યું,

(૩) અરજીઓ આપવા છતાં ઉક્ત સ્થિતિએ જે રસ્તા કાચા છે તેને સરકાર પાકા રસ્તા બનાવવા માગે છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા સમયમાં ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૮/૧૨/૨૦૦૯) :

(૧) તા. ૩૦-૦૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર એક ગામથી બીજા ગામને જોડતા તથા ગામથી ગામ પરા વિસ્તારને જોડતા કુલ જિલ્લાના ૧૧૧ રસ્તા પાકા બનાવવા કુલ ૭૩ અરજીઓ મળેલ છે. (**પરિશિષ્ટ-૧** મુજબ).

(૨) આવેલ અરજીઓ પૈકી કુલ ૩૮ રસ્તાઓનું કામ અરજીમાં સુચવેલ કામગીરી મુજબનુ આયોજન કરી મંજુર કરવામાં આવેલ છે. તે પૈકી કુલ ૪ રસ્તાના કામ પૂર્ણ કરવામાં આવેલ છે અને બાકી રહેતા ૩૪ રસ્તાના કામ જેમ બને તેમ ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) હાલમાં આયોજન નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પરિશિષ્ટ - ૧**

| | **તા. દાહોદ** | | |
|---|---|---|---|
| **અ.નં.** | **અરજદારશ્રીનું નામ** | **તારીખ** | **વિષય** |
| ૧. | મા. ધારાસભ્ય શ્રી બચુભાઇ કિશોરી | ૧૯-૦૨-૦૮ | ૧. ચોસાલા ઝરણ ફળીયાથી રેંટીયા છાણ ફળીયા |
| | | | ૨. રેંટીયા આંબા ડુંગરા રોડથી ડુંગરા છોટીયા ફળીયા |
| | | | ૩. ભાટીવાડા ગામતળ થી ખરોદા ઘાટાવાડા ઝેર ફળીયા |
| ૨. | સરપંચશ્રી રોઝમ | ૧૬-૦૪-૦૮ | ૧. ત્રણશીરા રોઝમ ગામ થઇ નેશનલ હાઇવે. |
| | | | ૨. રોઝમ પ્રા. શાળા થી દેવઝરી મહાદેવ |
| ૩. | શ્રી ઝીથરાભાઇ ડામોર, | ૧૨-૦૨-૦૮ | ૧. ભીટોડી ગામે કુંદનપુર ડાર રોડથી ભાઠીવાડા ડુંગરી થઇ બચુલીયા ગુંડીયાના ઘર સુધી રોડ |

| | તા. દાહોદ | | |
|---|---|---|---|
| અ.નં. | અરજદારશ્રીનું નામ | તારીખ | વિષય |
| | ચેરમેન, બાંધકામ શાખા | | ૨. ચંદવાણા ગામે કઠલા ડામર રોડથી બબેરીયા ડામર ફળીયા તરફ જતો રસ્તો |
| | | | ૩. ગમલા ગામ તળાવ થી સુથાર ફળીયા સબરાલા ફળીયાને જોડતો રસ્તો |
| ૪. | સરપંચશ્રી, મુવાલીયા | ૧૪-૦૬-૦૮ | ૧. લુણધા કોતર થી ચામુંડા મંદિર |
| | | | ૨. લુણધા ક્રોસીંગ થી ભાભોર ફળીયા |
| | | | ૩. મુવાલીયા ડામોર ફળીયામાં ડામર રોડ. |
| | | | ૪. મુવાલીયા રોડથી મોટા લુણધા રોડ. |
| ૫. | ગ્રામજનો | ૨૩-૦૯-૦૮ | ૧. નગરાળા બાંડીખેડી નાની ખરજ |
| ૬. | મા. ધારાસભ્ય<br>શ્રી બચુભાઇ કિશોરી | ૦૪-૦૪-૦૯ | ૧. રાણાપુર ખૂર્દથી મોહન ફળીયા |
| | | | ૨. ચોસાલા આશ્રમ થી કાલીગામ ખરોદા બારમ. |
| ૭. | સરપંચશ્રી, મોટી ખરજ | ૨૯-૦૫-૦૮ | ગરબાડા હાઇવેથી વીજાગઢના સીમાડા સુધીનો રસ્તો ડામર |
| ૮. | સરપંચશ્રી મુવાલીયા | ૨૫-૦૫-૦૮ | નાના લુણધા ક્રોસીંગ થી ભગત ફળીયા સુધીનો રસ્તો |
| ૯. | સરપંચશ્રી, ગમલા | ૨૬-૦૯-૦૮ | ૧. ગમલા ગ્રામ તળાવથી વાઘવાળા ખેતર થઇને ચંદવાણા મોલાઇ તળાવને જતો રસ્તો. |
| | | | ૨. ગમલા ગામળાવથી કલમ થઇને હાઇવે સુધીનો રસ્તો. |
| | | | ૩. ગમલા ગામતળથી ચંદવાણા સુધી. |
| ૧૦. | સરપંચશ્રી, જાલત | ૩૧-૧૨-૦૮ | ૧. જાલત ભીલાડુંગરી થી ગરબડીયા ફળીયા થી નઢેલાવ. |
| | | | ૨. જાલત કણબી ફળીયા થી ગમલા. |
| | | | ૩. જાલત નવા ઝુંપડા ફળીયામાં નવીન રોડ. |
| | | | ૪. જાલત ગામતળ થી ખાન નદી. |
| | | | ૫. જાલત નાકા ફળીયા માટી મેટલ. |
| ૧૧. | માન. ધારાસભ્ય<br>શ્રી વજુભાઇ પણદા | ૨૦-૧૨-૦૮ | ટાંકી નાયક લબાના કોટ પાસેથી ઝરીર્ખુદ ઉજડીયા. |
| | **કુલ ૧૧ અરજી** | | **કુલ ૨૬ રસ્તા** |
| | **તા. ગરબાડા** | | |
| **અ.નં.** | **અરજદારશ્રીનું નામ** | **તારીખ** | **વિષય** |
| ૧. | શ્રી ઝીથરાભાઇ ડામોર,<br>ચેરમેન, બાંધકામ શાખા | ૧૨-૦૫-૦૮ | જેસાવાડા તળાવથી પાળ પર થઇને ખરેડી ડુંગરી અભલોડ ગામ તરફ જતો રસ્તો |
| ૨. | માન. ધારાસભ્ય<br>શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા | ૧૪-૦૮-૦૮ | ૧. ગરબાડા નવા ફળીયા થી સ્મશાન સુધી મેટલ ડામર રોડ. |
| | | | ૨. મીનાક્યાર દાહોદ હાઇવેથી મીનાક્યાર ગામ સુધી રસ્તો. |
| | | | ૩. ટુંકીવજુ કામાવીરા બસ સ્ટેશન થી પાટા ડુંગરી રોડ ડામરકામ. |
| | | | ૪. નાંદવા મંદિર ફળીયા થી ગાળા ફળીયા સુધી રસ્તાનું મેટલ, ડામરરોડ. |
| | | | ૫. દાદુર પંચાયત ઓફીસ થી ભરસડા તળાવ સુધી. |
| | | | ૬. ચંદલાગામ થી ભુતરડી ભામાણ તળાઇ થઇ મામલતદાર કચેરી સુધી રસ્તાનું કામ. |
| | | | ૭. વડવા કાતરીયા કોતર થી વડવા ગામતળ સુધી રસ્તાનું મેટલકામ. |
| | | | ૮. ટુંકી અનોપ તીતરીયા ફળીયા પ્રા.શાળા થઇને તળાવ સુધી રસ્તાનું મેટલ-ડામરકામ. |
| | | | ૯. ગરબાડા ગુંગરડી ફળીયા થી તેજાજી મંદિર સુધી રસ્તાનું ડામરકામ. |
| | | | ૧૦. જેસાવાડા ગામ તળાવ પાછળ થઇને ચાંદાવાડા ગામને મળતા રસ્તાનું કામ. |
| | | | ૧૧. મીનાક્યાર ગામથી તળાવ ઉપર થઇને વડઘાટી ફળીયા સુધી રસ્તાનું ડામર કામ. |
| | | | ૧૨. માતવા મંકોડીયા ફળીયા એપ્રોચ રોડ. |
| ૩. | માન. ધારાસભ્ય<br>શ્રી વજુભાઇ પણદા | ૧૨-૦૧-૦૯ | ઝરીબુર્જગ ગરગડી ફળીયા થી અલીરાજપુર હાઇવેથી જોડતો રસ્તો. |
| ૪. | શ્રી પસાયા મથુરભાઇ બી. | ૦૬-૦૧-૦૯ | પાંદડી ગાલી ફળીયા થી કાંકરાધરા. |
| ૫. | શ્રી પરમાર એ. બી. | ૧૫-૦૧-૦૯ | પાટીયા મુખ્ય રસ્તાથી ડામોર પામજીભાઇ સુલતાનભાઇના ઘર સુધીનો રસ્તો. |
| ૬. | શ્રી રાઠોડ મેના રામભાઇ | ૦૯-૦૪-૦૯ | ગરબાડા ગુંગરડી ગામના પેટા ફળીયા તળાવ ફળીયા તેમજ નાવી ફળીયા સુધી રસ્તો બનાવવા બાબત. |
| ૭. | સરપંચશ્રી, ગાંગરડી | ૧૯-૦૯-૦૭ | ગાંગરડી સરબલી ફ.થી ચંદલા ગામ સુધીનો રસ્તો ડામર. |
| ૮ | જિલ્લા પ્રમુખ, જિલ્લા પંચાયત, દાહોદ | | જેસાવાડા પંચાયતથી ખરેડી ડુંગરી થઇ આંબલી અભલોડ ગામના સીમાડા પર રહી નઢેલાવ મુખ્ય શાળા સુધીનો રસ્તો. |

| | | | |
|---|---|---|---|
| | **તા. દાહોદ** | | |
| **અ.નં.** | **અરજદારશ્રીનું નામ** | **તારીખ** | **વિષય** |
| | **કુલ ૮ અરજી** | | **કુલ ૧૯ રસ્તા** |
| | **તા. ઝાલોદ** | | |
| **અ.નં.** | **અરજદારશ્રીનું નામ** | **તારીખ** | **વિષય** |
| ૧. | શ્રી બચુભાઇ કિશોરી | ૧૯-૦૨-૦૮ | ૧. મુખ્ય ડામર ફળીયા થી ઢેડીયા મુખ્ય (ટીએએસપી) પ્રા.શાળા રોડ. |
| | | | ૨. ધારા ડુંગરથી કાળી ગામને જોડતો રસ્તો (ટીએએસપી) |
| | | | ૩. પ્રથમપુર પ્રા.શાળા થી સેવા સહકારી મંડળી ચીમનભાઇ મનસુખભાઇ હઠીલાના ઘર સુધીનો રસ્તો. |
| ૨. | શ્રી બી. કે. ડામોર | ૧૦-૩-૦૮ | ખાખરીયા ગામે ડામર રસ્તો બનાવવા બાબત. |
| ૩. | શ્રી એસ. એસ. બારીયા | ૧૪-૩-૦૮ | ગસલી ભમેલા રોડનું અધુરુ કામ. |
| ૪. | શ્રી કે. એમ. બામણીયા | ૨૩-૬-૦૮ | કાવડાના મુવાડા ગામતળ રોડ. |
| ૫. | સરપંચશ્રી, માંડલી | ૨૧-૬-૦૮ | કાવડાના મુવાડાથી મેથાણઘાટી થઇ ચંદાના મુવાડા રોડ. |
| ૬. | આચાર્યશ્રી, ગામડી વિદ્યાલય | ૧-૧-૦૯ | ગામડી માધ્યમિક શાળા એપ્રોચ રોડ. |
| ૭. | શ્રી દીતાભાઇ મછાર | ૯-૨-૦૯ | વગેલા ગ્રામ પંચાયત ઘરથી પેથાપુર પાણીની ટાંકી સુધીનો રોડ. |
| ૮. | સરપંચશ્રી, ડુંગરા | ૨૫-૫-૦૯ | ૧. અણીકા હવેલી રોડ. |
| ૯. | શ્રી બચુભાઇ કિશોરી | ૨-૮-૦૯ | ૧. છાયણ મીરાખેડી ઉસરા રોડ. |
| | | | ૨. આંબા મોજાઇ રોડ. |
| | | | ૩. કદવાલ નાર ફળીયા રોડ. |
| ૧૦. | ૫ડી મહુડીના ગ્રામજનો | ૨૪-૬-૦૮ | ૫ડી મહુડીના સીમાડાથી ભુરી ઘાટી થઇ અનવરપૂરા ઘાવડીયા રોડ. |
| ૧૧. | ગ્રામજનો-ધાવડીયા | ૨૦-૮-૦૮ | વાંસીયા થી ઘાવડીયા રોડ. |
| ૧૨. | શ્રી નારસીંગભાઇ હઠીલા | ૧૫-૨-૦૯ | પ્રથમપુર પ્રા.શાળા થી તળાવ ફળીયા રોડ. |
| ૧૩. | શ્રી જશવંતસિંહ ભાભોર | ૧૦-૮-૦૯ | ૧. પંચાયત ઘર નેનકી થી વઢલી સુધીનો રસ્તો બનાવવા બાબત. |
| | | | ૨. તરકડા મહુડી થી કાનજી ખેડી હનુમાનજી ટેકરી મંદિર સુધીનો રસ્તો. |
| ૧૪. | શ્રી ભુરાભાઇ કટારા | ૬-૮-૦૭ | કરમેલ ગામે કનુભાઇ દીપાના ઘરથી મણીલાલ જોગડાના ઘર સુધીનો રસ્તો. |
| ૧૫. | શ્રી બચુભાઇ કિશોરી | ૧૯-૦૩-૦૮ | ૧. ભામણથી સરોલી વાયા કકરેલી ફળીયા રોડ. |
| | | | ૨. સારમારીયા નિશાળ થી કોકસા ફળીયા રોડ. |
| | | | ૩. ડુંગરી થી કુણી સારમારીયા રોડ. |
| ૧૬. | શ્રી બચુભાઇ કિશોરી | ૮-૧૨-૦૮ | ૧. મીસીંગ લીન્ક ઓફ છાયણ મીરાખેડી ઉસરા રોડ. |
| | | | ૨. હીરોલા બોરપાણી રોડનું કામ. |
| ૧૭. | શ્રી દીતાભાઇ મછાર | ૨૭-૩-૦૮ | ઝાલોદ ગરાડુ રોડ. |
| ૧૮. | શ્રી કિશોરભાઇ તાવીયાડ | ૧૭-૧-૦૮ | ઝાલોદ ગરાડુ રોડ. |
| | **કુલ ૧૮ અરજીઓ** | | **કુલ ૨૬ રસ્તા** |
| | **તા. ફતેપૂરા** | | |
| **અ.નં.** | **અરજદારશ્રીનું નામ** | **તારીખ** | **વિષય** |
| ૧. | શ્રી દીતાભાઇ મછાર | ૨૮-૦૧-૦૮ | ઘાટાવાડા મુખ્ય રસ્તાથી મોટી ઢઢેલી બારીયા ફળીયા રોડ. |
| ૨. | શ્રી દીતાભાઇ મછાર | ૧૧-૦૨-૦૮ | દીતાભાઇ નાગજીભાઇના ઘરથી મોર મહુડી ગામ સુધીનો રસ્તો. |
| ૩. | શ્રી પારગી ચંપા | ૧૪-૦૩-૦૮ | નાની ચરોલી થી ઘુઘસ રોડ. |
| ૪. | શ્રી ડી. પી. પારગી | ૧૪-૦૩-૦૮ | મોટી બારાથી ઇટાઘુઘસ રોડ. |
| ૫. | શ્રી ડી. પી. ડામોર | ૧૪-૦૩-૦૮ | મોટી નાંદુકણ થઇ વાંકડી મહુડી થઇ કુપડા દુધ મંડળી સુધીનો રસ્તો. |
| ૬. | શ્રી એસ. કે. પારગી | ૧૪-૦૩-૦૮ | પાટવેલ ગામે પતરાવાળી દુકાનથી મહાકાળી મંદીર સુધીનો રસ્તો. |
| ૭. | શ્રી આર. કે. સંગાડા | ૧૪-૦૩-૦૮ | ૧. ગઢડા માનગઢ ડામર રોડ. |
| | | | ૨. ગઢડા મુખ્ય રસ્તાથી ઉપલા ફળીયા થી વાલરા ફ. રોડ. |
| ૮. | શ્રી વીરસીંગભાઇ ભાભોર | ૦૮-૦૬-૦૮ | કુંડલા ગામે પુરણમાતાના મંદીરથી ભાભોર ફળીયા હરીસિંહ ભાભોરના ઘર સુધીનો રસ્તો. |
| ૯. | શ્રી દીતાભાઇ મછાર | ૩૦-૦૯-૦૮ | ૧. ગરાડુ કજેલી ફળીયા રોડ. |
| | | | ૨. ઘુઘસ મુખ્ય રસ્તાથી મખાભાઇ ડુંગરાના પાણી ફળીયા રોડ. |
| ૧૦. | શ્રી પારગી સબુરભાઇ | ૧૯-૦૧-૦૯ | ૧. ફતેપૂરા કરમેલ રોડ થી કરમેલ પાટીયા ફળીયા રોડ. |
| ૧૧. | ચીખલી ગ્રામજનો | ૦૧-૧૦-૦૭ | ચીખલી બાપુ ફળીયા થી ચરપોટ ફળીયા રોડ. |
| ૧૨. | શ્રી એસ. પી. વસેયા | ૩૧-૦૩-૦૮ | મારગાળા લીમઘાટી રોડ. |
| ૧૩. | ગ્રામ જનો કુંડલા | ૨૭-૦૮-૦૯ | કુંડલા ભાભોર ફળીયા થી જવેસી રસ્તાને જોડતો રસ્તો. |
| ૧૪. | શ્રી કિશોરભાઇ તાવીયાડ | ૦૩-૧૨-૦૮ | ૧. નાડા ફળીયા થી ડુંગર પ્રા.શાળા થી ડેપો ગ્રા. પ્રા.શાળાને જોડતો રસ્તો. |
| | | | ૨. નવાગામ મહુડા વળાંકથી ડેકોરને જોડતો રસ્તો. |

| | તા. દાહોદ | | |
|---|---|---|---|
| અ.નં. | અરજદારશ્રીનું નામ | તારીખ | વિષય |
| | કુલ ૧૪ અરજીઓ | | કુલ ૧૭ રસ્તા |
| | તા. લીમખેડા | | |
| અ.નં. | અરજદારશ્રીનું નામ | તારીખ | વિષય |
| ૧. | શ્રી રાજેશકુમાર ટી. બારીયા | ૧૫-૦૨-૦૮ | મોજે : ડુંગરા ગામને પાકા રોડની સુવિધા. |
| ૨. | શ્રી એ. એસ. પરમાર | ૧૪-૦૩-૦૮ | ૧. આગારા મા. શાળાથી ઉમરીયા ડેમ. |
| | | | ૨. મછેલાઇ અભેસીંગ ભુરીયા ઘર પાસેથી શાળા તરફ જતા રસ્તાનુ માટી મેટલ કામ. |
| ૩. | સરપંચશ્રી, પતંગડી | ૧૩-૧૦-૦૮ | પતંગડી શાળા ફળીયા થી ડુંગરભીંત |
| ૪. | શ્રી વિછીયાભાઇ તાલુકા પંચાયત પ્રમુખ | ૦૪-૦૯-૦૯ | અગારા મુખ્યશાળા થી અગારા પ્રા. શાળા. |
| ૫. | માજી. ધારાસભ્યશ્રી લીમખેડા વીરસીંગભાઇ | ૨૧-૦૨-૦૯ | ખીરખાઇ મુખ્યશાળા થી ડબલ રેલ્વે લાઇન સંગાડીયા ફળીયા |
| ૬. | મા. મંત્રીશ્રી | ૨૨-૦૨-૦૮ | સુડીયા મુખ્ય રસ્તાથી લક્કડભાઇ ભાવસીંગભાઇ મુનીયાના ઘર સુધીનો રસ્તો. |
| ૭. | મા. મંત્રીશ્રી | ૨૨-૦૨-૦૮ | અનોપપૂરા મુખ્ય રસ્તાથી ધાર વાળો માતાના પાલ્લા સીમ સુધી |
| ૮. | કિશોરભાઇ તાવીયાડ | ૨૩-૧૦-૦૮ | કાચલા ખીરખાઇ અગારા મુખ્ય રસ્તાથી પ્રા.શાળા ખીરખાઇ રેલ્વે ફળીયાને જોડતો રસ્તો. |
| ૯. | સરપંચશ્રી, પતંગડી | ૦૮-૦૨-૦૯ | પતંગડી ગામે ડામર રસ્તાનું કામ. |
| ૧૦. | સરપંચશ્રી, પતંગડી | ૦૮-૦૨-૦૯ | પતંગડી ગામે ખાતુભાઇ રૂમાલના ઘર સુધીનો રસ્તો. |
| ૧૧. | મા.ધારાસભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા | ૨૭-૧૨-૦૮ | અંધારી ધાનપુર રોડથી કાંકરા ફળીયા રોડ ડીપ તથા ડામરકામ. |
| ૧૨. | મા.ધારાસભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા | ૨૭-૧૨-૦૮ | મોટા માળ થી કાંકરીડુંગરી હનુમાન દાંતીયા હાઇવે. |
| ૧૩. | માન. ભુપેન્દ્રસિંહ સોલંકી | ૨૭-૧૨-૦૮ | ઉસરાપાડા કાચો રોડ-(૪૦૦ મીટર). |
| | કુલ ૧૩ અરજીઓ | | કુલ ૧૪ રસ્તા. |
| | તા. ધાનપુર | | |
| અ.નં. | અરજદારશ્રીનું નામ | તારીખ | વિષય |
| ૧. | મા. સંસદ સભ્યશ્રી ભુપેન્દ્રસિંહ સોલંકી | ૦૨-૦૨-૦૮ | ધાનપુર તાલુકાના બેડાત ગામમાં રસ્તાની સુવિધા બાબત. |
| ૨. | શ્રી કે. પી. બારીયા | ૧૪-૦૩-૦૮ | બેડાત માતાના મંદિરથી ભગત ફળીયા સુધીનો રસ્તો. |
| ૩. | શ્રી સંગોડભાઇ | ૧૪-૦૩-૦૮ | પાવ નળુ નાકાથી ઉચવાસ પ્રા.શાળા સુધીનો રસ્તો. |
| ૪. | શ્રી લલીતભાઇ પટેલ | ૨૮-૦૩-૦૮ | નવાનગર તા. ધાનપુર વાયા ખરદા સુલીયાડા રસ્તાનું ડામરકામ. |
| ૫. | શ્રી લલીતભાઇ પટેલ | ૨૮-૦૩-૦૮ | મંડોર ગામથી કાંસેટા ગામ સુધી ડામરગામ. |
| ૬. | સરપંચશ્રી, પીપોદરા | ૧૫-૦૭-૦૮ | પીપોદરા ટુ આશ્રમ શાળા રોડનુ કામ. |
| ૭. | સરપંચશ્રી અલીન્દ્રા | ૨૧-૦૪-૦૯ | ધનાભાઇ સરપંચના ઘરથી પ્રા.શાળા સુધીના રસ્તાનું કામ. |
| ૮. | પ્રમુખશ્રી, તાલુકા પંચાયત, ધાનપુર | ૦૭-૦૯-૦૮ | પીપોદરા ચોરબારીયા રસ્તાનું કામ. |
| | કુલ ૮ અરજી | | કુલ ૮ રસ્તા |
| | તા. દે. બારીયા | | |
| અ.નં. | અરજદારશ્રીનું નામ | તારીખ | વિષય |
| ૧. | આસીસ્ટન્ટ કલેક્ટરશ્રી, પ્રાન્ત કચેરી, દે. બારીયા | ૨૧-૦૧-૦૯ | કોટડા ગામે કાચો રસ્તો પાકો કરવા બાબત. |
| | કુલ ૧ અરજી | | કુલ ૧ રસ્તા |
| | કુલ એકંદરે ૭૩ અરજીઓ | | કુલ એકંદરે ૧૧૧ રસ્તાઓ |

------------

## દાહોદ જિલ્લામાં નાબાર્ડના રસ્તાઓ પાછળ કરેલ ખર્ચ

અતારાંક્તિ : ૧૮૪૫ (૧૬/૦૯/૨૦૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી (લીંબડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજનાના નાબાર્ડના રસ્તાઓમાં જંગલ ખાતાની જમીન આવે છે તેવા કેટલા રસ્તાઓ છે,

(૨) જંગલ ખાતાની જમીન સંપાદન કરવા કોઇ કાર્યવાહી થઇ છે કે કેમ,

(૩) આ રસ્તાઓ પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૪) સરકાર આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવા માગે છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૬/૧૨/૨૦૦૯) :

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ૫૦૦ થી વધુ વસ્તી ધરાવતા પરાને જોડતા રસ્તાઓમાં કુલ ૧૯ રસ્તાઓ જંગલ ખાતાની જમીનમાં આવે છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| **તાલુકો** | **મંજૂર કરેલ રસ્તા** |
|---|---|
| દાહોદ | ૨ |
| ગરબાડા | ૦ |
| ઝાલોદ | ૩ |
| ફતેપૂરા | ૧ |
| લીમખેડા | ૧ |
| ધાનપુર | ૧ |
| દેવગઢબારીયા | ૧૧ |
| **કુલ :** | **૧૯** |

જ્યારે નાબાર્ડ યોજના હેઠળના રસ્તાઓમાં જંગલ ખાતાની જમીન આવતી નથી.

(૨) જંગલ ખાતાની જમીન સંપાદન કરવા માટે સક્ષમ કક્ષાએ દરખાસ્ત કરવામાં આવેલ છે.

**બાલાસિનોર અને વીરપુર તાલુકામાં કિશાનપથ યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તાઓ**

અતારાંક્તિઃ ૨૩૧૭ (૩-૧૧-૨૦૦૯)**શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલાસિનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કિશાનપથ યોજના હેઠળ તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકાના કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી કેટલા રસ્તાઓના કામ પૂર્ણ કરવામાં આવ્યા,

(૩) કેટલા રસ્તાઓના કામો બાકી છે, અને

(૪) આ બાકી કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૭-૧૨-૦૯) :

(૧) કિશાનપથ યોજના હેઠળ તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકાના બે રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા.

(૨), (૩) અને (૪) : બંને રસ્તાઓના કામો પુર્ણ કરવામાં આવેલ છે.

-------------

**બાલાસિનોર અને વીરપુર તાલુકાના પેવર કામ કર્યા વગરના રસ્તાઓ**

અતારાંક્તિ : ૨૩૧૮ (૩-૧૧-૨૦૦૯)**શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલાસિનોર):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકાના તાલુકાવાર તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી પેવર કામ કર્યા વગરના કેટલી કી.મી.ના રસ્તાઓ બાકી છે, અને

(૨) આ રસ્તાઓનું પેવર કામ સરકાર ક્યારે કરવા માંગે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૮-૧૨-૦૯) :

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકાના ૧૬૯.૯૫ કી.મી.ના રસ્તાઓ અને વીરપુર તાલુકાના ૧૮૪.૪૬ કી.મી.ના રસ્તાઓ છેલ્લા બે વર્ષથી પેવર કામ કર્યા વગરના બાકી છે.

(૨) દર બે વર્ષે રસ્તાઓ પેવરથી ડામર કરવાનું કોઈ ધારાધોરણ નથી. સ્થળ સ્થિતિ તથા નાણાંકીય ઉપલબ્ધતા અન્વયે નિર્ણય લેવામાં આવે છે.

-------------

**વીરપુર તાલુકામાં મોટા પુલોની મંજૂરી**

અતારાંક્તિઃ ૨૩૩૨ (૩-૧૧-૨૦૦૯)**શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલાસિનોર): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૮-૦૯માં ખેડા જિલ્લાના વીરપુર તાલુકામાં મોટા કેટલા પુલ મંજુર થયા છે, ક્યા ક્યા રસ્તા પર મંજુર થયા છે,

(૨) વીરપુર તાલુકામાં (પુલ) વાઈઝ કેટલા નાણાં મંજુર થયા, અને

(૩) આ દરેક પુલનું બાંધકામ ક્યારે શરુ કરી ક્યારે પૂરૂં કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૮-૧૨-૦૯) :

(૧) બે પુલોના કામો મંજુર કરવામાં આવેલ છે.

(૨) વીરપુર સરાડીયા રોડ ઉપરના પુલનું કામ તથા એપ્રોચના કામ માટે રૂા. ૧૧૦ લાખ મંજુર કરવામાં આવ્યા છે. નક્શા અંદાજ તથા ટેન્ડરની પ્રક્રિયા પુર્ણ થયે કામ શરુ કરવામાં આવશે.

(૩) પાલી બાલાસિનોર રોડ ઉપરના પુલનું કામ રૂા. ૪૬૦.૫૦ લાખ મંજુર કરવામાં આવેલ છે. હાલ પુલનું કામ પ્રગતિમાં છે જે તા. ૧૯-૧૨-૧૦ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

**બાલાસિનોર અને વીરપુર તાલુકામાં દેવ-લીમડી ખારવા પુલનું બાંધકામ**

અતારાંક્તિઃ ૨૩૩૩ (૩-૧૧-૨૦૦૯)**શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલાસિનોર): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) બાલાસિનોર અને વીરપુર રસ્તા પર દેવ-લીમડી ખારવા કોર્નર પર પુલ ક્યારે મંજુર થયા,

(૨) આ પુલ બાંધવા માટે ૨૦૦૯-૧૦માં તા. ૩૦-૦૯-૦૯ સુધીમાં કેટલા નાણાં ફાળવાયા છે, અને

(૩) આ પુલનું બાંધકામ તા. ૩૦-૯-૦૯ની સ્થિતિએ ક્યા સ્ટેજે છે ક્યારે પુલનું બાંધકામ પૂરૂં કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૮-૧૨-૦૯) :

(૧) તા. ૧૧-૧૨-૦૯થી વહીવટી મંજૂરી આપેલ છે.

(૨) અને (૩) ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં હોઈ જેમ બને તેમ જલ્દી પૂર્ણ કરવાનું આયોજન છે.

**વીરપુર લીમડીયા સ્ટેટ રસ્તા દરગાહ પાસે પુલનું બાંધકામ**

અતારાંક્તિ : ૨૩૩૫ (૩-૧૧-૨૦૦૯)**શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલાસિનોર):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વીરપુર લીમડીયા સ્ટેટ રસ્તા દરગાહ પાસે પુલનું કામ તા. ૩૦-૯-૦૯ની સ્થિતિએ ક્યા સ્ટેજે છે,

(૨) આ પુલના બાધકામમાં હલકા પ્રકારનું લોખંડ સિમેન્ટ વાપરવામાં આવ્યો છે તે હકીક્ત સાચી છે,

(૩) આ પુલ પર ચાલુ ચોમાસામાં પાણી ઉપરથી કેટલું નીકળી ગયું,

(૪) આ પુલની ડીઝાઈન બરાબર નથી તે હકીક્ત સાચી, અને

(૫) ડીઝાઈન બદલવા માગે છે કે કેમ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) પ્રગતિ હેઠળ

(૨) ના, જી.

(૩) પુલ ઉપર ચાલુ ચોમાસામાં ૧ ફુટ પાણી ૩ કલાક માટે રહ્યું હતું.

(૪) ના, જી.

(૫) ના, જી.

-------------

**જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના જોડતા રસ્તાને રિકાર્પેટ કરવા અંગે**

અતારાંક્તિ : ૨૩૬૩ (૨૬-૧૧-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ પટેલ(** (જોડિયા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં આવેલ રાજ્યના ધોરી માર્ગને અનેક ગામોથી જોડતો જાયવા-પિયાવા રોડ ઘણાં સમયથી બિસ્માર છે તે સરકારની જાણમાં છે, અને

(૨) જો હા, તો આ રસ્તાને રીપેરીંગ કરી ડામર રિ-કાર્પેટ થવાની કામગીરી ક્યારે હાથ ધરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૮-૧૨-૦૯) :

(૧) રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે.

(૨) મજબુતીકરણ માટે આ રસ્તાનું કામ મંજૂર થયેલ છે. જેમ બને તેમ સત્વરે પુર્ણ કરવાનું આયોજન છે.

-------------

**રાજ્યમાં જિલ્લાવાર રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાના લાભાર્થીઓ**

અતારાંક્તિ : ૧૮૬૬ (૧૬-૯-૨૦૦૯) **ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવાનું આયોજન કરવામાં આવેલ છે, અને

(૨) આ પેકી આ યોજના હેઠળ જિલ્લાના કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને કેટલા બાકી છે?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧૧-૧૨-૦૯) :

(૧) આવું કોઈ આયોજન કરવામાં આવેલ નથી પરંતુ અગાઉના વર્ષોમાં મંજુર થયેલ અરજીઓ, થયેલ ખર્ચને ધ્યાને લઈ નાણાકીય જોગવાઈ કરવામાં આવે છે.

(૨) આ પેકી આ યોજના હેઠળ જિલ્લાવાર પરિસ્થિતિ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | લાભાર્થીઓની સંખ્યા | બાકી લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| (૧) | અમદાવાદ | ૩૦૬૬ | ૧૦૬ |
| (૨) | અમરેલી | ૧૦૩ | -- |
| (૩) | આણંદ | ૫૫૪ | -- |
| (૪) | બનાસકાંઠા | ૨૬૯ | -- |
| (૫) | ભાવનગર | ૨૬૬ | -- |
| (૬) | ભરૂચ | ૧૮૭ | -- |
| (૭) | દાહોદ | ૫૮ | -- |
| (૮) | ડાંગ | ૨ | -- |
| (૯) | ગાંધીનગર | ૪૫૯ | -- |
| (૧૦) | જામનગર | ૫૩૧ | ૬૪ |
| (૧૧) | જુનાગઢ | ૪૩૯ | -- |
| (૧૨) | ખેડા | ૧૪૨ | -- |
| (૧૩) | કચ્છ | ૨૧૦ | -- |
| (૧૪) | મહેસાણા | ૩૦૪ | ૨૦૫ |
| (૧૫) | નર્મદા | ૪૬ | ૫ |
| (૧૬) | નવસારી | ૨૬૩૮ | -- |
| (૧૭) | પંચમહાલ | ૬૩૨ | ૮૧ |
| (૧૮) | પાટણ | ૫૨૧ | -- |
| (૧૯) | પોરબંદર | ૮૩ | -- |
| (૨૦) | રાજકોટ | ૪૩૫ | -- |
| (૨૧) | સુરેન્દ્રનગર | ૨૬૪ | -- |
| (૨૨) | સાબરકાંઠા | ૨૦૧ | -- |
| (૨૩) | સુરત | ૭૮૦ | ૧ |
| (૨૪) | વડોદરા | ૭૦૫ | -- |
| (૨૫) | વલસાડ | ૬૧૮ | -- |
| (૨૬) | તાપી | ૫૭ | -- |
|  | **કુલઃ-** | **૧૩૫૭૦** | ૪૬૨ |

-----------

## દાહોદ જિલ્લાની નગરપાલિકાઓ પાસે અગ્નિશામકદળ અને આનુષાંગિક સગવડો

અતારાંક્તિઃ ૧૮૫૫ (૧૮-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં આવેલી નગરપાલિકાઓ પૈકી કઈ કઈ નગરપાલિકા પાસે અગ્નિશામક દળ અને તેની માટે જરૂરી સાધનો અને વાહનો ઉપલબ્ધ છે.

(૨) વસ્તીના આધારે પ્રત્યેક નગરપાલિકા પાસે કેટલા સભ્યોનું અગ્નિશામક દળ અને સાધનો તેમજ વાહનો હોવા જોઈએ,

(૩) જે જે નગરપાલિકા પાસે અગ્નિશામક દળ જરૂરી સાધનો અને વાહનો નથી તેમને સરકાર આ સુવિધા પુરી પાડવા માંગે છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા સમયમાં ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) દાહોદ જિલ્લામાં આવેલી નગરપાલિકાઓ પાસે ઉપલબ્ધ અગ્નિશામક દળ સાધનો અને વાહનોની વિગતો આ સાથે સામેલ પત્રક-૧ મુજબ છે.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨૨-૧-૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક નપમ/૧૦૮૯/૧૧૨૨/આર થી નગરપાલિકાઓનું લઘુત્તમ મહેકમ માળખુ નક્કી કરવામાં આવેલ છે જેમાં અગ્નિશામક દળ માટેના લઘુત્તમ મહેકમની વિગતો આ સાથે પત્રક-૨ મુજબ છે.

(૩) જે તે નગરપાલિકા પાસેથી અગ્નિશામક દળ અને જરૂરી સાધનો, વાહનો અંગેની દરખાસ્ત મળ્યેથી વિચારણા કરી શકાય.

(૪) જે તે નગરપાલિકા પાસેથી દરખાસ્ત મળ્યેથી જરૂરીયાત ચકાસી બજેટ જોગવાઈ અનુસાર.

**પત્રક-૧**

| ક્રમ | નગરપાલિકાનું નામ | અગ્નિશામકદળ હા / ના | સાધનો/વાહનોની ઉપલબ્ધતા હા/ના |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ફાયર ઓફિસર-૧<br>ફાયર ડ્રાયવર-૧<br>ફાયર જમાદાર કમ ક્લાર્ક-૧ ફાયર ક્લીનર-૩ | ફાયર ફાયટર-૩<br>વોટર બ્રાઉઝર-૧<br>મીની ફાયર ટેન્કર-૧<br>એમ્બ્યુલન્સ-૨ |
| ૨ | ઝાલોદ | ફાયર ઓફિસર-૨<br>ફાયર ડ્રાયવર-૧ | ફાયર ફાઈટર-૨<br>વોટર બ્રાઉઝર-૧<br>મીની ફાયર ટેન્કર-૧<br>એમ્બ્યુલન્સ-૧ |
| ૩ | દેવગઢ બારીયા | ફાયર ડ્રાયવર-૧ | ફાયર ફાઈટર-૧<br>વોટર બ્રાઉઝર-૧<br>મીની ફાયર ટેન્કર-૧<br>એમ્બ્યુલન્સ-૧ |

**પત્રક-૨**

| વિગત | નગરપાલિકાઓનો વર્ગ | | | |
|---|---|---|---|---|
| | અ<br>૧,૦૦,૦૦૦ થી વધુ | બ<br>૫૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ | ક<br>૨૫,૦૦૦ થી ૫૦,૦૦૦ | ડ<br>૨૫,૦૦૦ થી ઓછી |
| ફાયર ઓફિસર | ૧ | ૧ | ૧ | ૦ |
| ફાયરમેન | ફાયર ફાઈટર દીઠ-૨ | | | |
| ડ્રાઈવર | ફાયર ફાઈટર દીઠ-૧ | | | |

**નોંધ :-** સાધનો અને વાહનો નગરપાલિકાઓ માટે નક્કી કરેલ નથી પરંતુ તેઓની જરૂરીયાત અને માંગણી પ્રમાણે દરખાસ્તોની વિચારણા કરવામાં આવે છે.

-------------

## સુરત જિલ્લાની નગરપાલિકાઓ પાસે અગ્નિશામક દળ અને આનુષાંગિક સાધનોની ઉપલબ્ધતા

અતારાંક્તિ: ૨૦૨૪ (૧૮-૯-૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લામાં આવેલી નગરપાલિકાઓમાં કઈ કઈ નગરપાલિકા પાસે અગ્નિશામક દળ અને તેની માટે જરૂરી સાધનો અને વાહનો ઉપલબ્ધ છે,

(૨) વસ્તીના આધારે પ્રત્યેક નગરપાલિકા પાસે કેટલા સભ્યોનું અગ્નિશામક દળ અને સાધનો તેમજ વાહનો નિયમ મુજબ હોવા જરૂરી છે,

(૩) જે જે નગરપાલિકા પાસે અગ્નિશામક દળ અને જરૂરી સાધનો, વાહનો નથી તેમને સરકાર આ સુવિધા પુરી પાડવા માંગે છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા સમયમાં ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) સુરત જિલ્લામાં આવેલી નગરપાલિકાઓ પાસે ઉપલબ્ધ અગ્નિશામક દળ સાધનો અને વાહનોની વિગતો આ સાથે સામેલ પત્રક-૧ મુજબ છે.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨૨-૧-૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક નપમ/૧૦૮૯/૧૧૨૨/આર થી નગરપાલિકાઓનું લઘુત્તમ મહેકમ માળખુ નક્કી કરવામાં આવેલ છે જેમાં અગ્નિશામક દળ માટેના લઘુત્તમ મહેકમની વિગતો આ સાથે સામેલ પત્રક-૨ મુજબ છે.

(૩) જે તે નગરપાલિકા પાસેથી અગ્નિશામક દળ અને જરૂરી સાધનો, વાહનો અંગેની દરખાસ્ત મળ્યે વિચારણા કરી શકાય.

(૪) જે તે નગરપાલિકા પાસેથી દરખાસ્ત મળ્યેથી જરૂરીયાત ચકાસી બજેટ જોગવાઈ અનુસાર.

**પત્રક-૧**

| ક્રમ | નગરપાલિકાનું નામ | અગ્નિશામકદળ હા / ના | સાધનો/વાહનોની ઉપલબ્ધતા હા/ના |
|---|---|---|---|
| ૧ | માંડવી | ના | મીની ફાયર ટેન્કર-૧<br>વોટર બ્રાઉઝર-૧ |
| ૨ | બારડોલી | ફાયર ડ્રાયવર-૧<br>અન્ય-૧ | ફાયર ફાઈટર-૧<br>વોટર બ્રાઉઝર-૧<br>મીની ફાયર ટેન્કર-૧<br>એમ્બ્યુલન્સ-૧ |
| ૩ | કનકપુર કનસાડ | ના | ના |
| ૪ | તરસાડી | ના | ના |

**પત્રક-૨**

| વિગત | નગરપાલિકાઓનો વર્ગ | | | |
|---|---|---|---|---|
| | અ<br>૧,૦૦,૦૦૦ થી વધુ | બ<br>૫૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ | ક<br>૨૫,૦૦૦ થી ૫૦,૦૦૦ | ડ<br>૨૫,૦૦૦ થી ઓછી |
| ફાયર ઓફિસર | ૧ | ૧ | ૧ | ૦ |
| ફાયરમેન | ફાયર ફાઈટર દીઠ-૨ | | | |
| ડ્રાઈવર | ફાયર ફાઈટર દીઠ-૧ | | | |

નોંધ : સાધનો અને વાહનો નગરપાલિકાઓ માટે નક્કી કરેલ નથી પરંતુ તેઓની જરૂરીયાત અને માંગણી પ્રમાણે દરખાસ્તોની વિચારણા કરવામાં આવે છે.

-------------

**દાહોદ જિલ્લાની નગરપાલિકાઓ તરફથી શહેરી ગરીબો માટે આવાસ યોજના અંગેની દરખાસ્તો**

અતારાંક્તિ : ૨૧૧૯ (૮-૧૦-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી (લીંબડી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં શહેરી ગરીબો માટે આવાસ યોજના મંજુર કરવા કેટલી દરખાસ્તો કઈ કઈ નગરપાલિકાઓ તરફથી તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી,

(૨) તે પેકી કેટલી દરખાસ્તોને મંજૂરી અપાઈ અને તે માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૩) બાકી દરખાસ્તોનો ક્યારે નિકાલ કરવામાં આવશે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૯-૧૨-૦૯) :

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાંથી દાહોદ નગરપાલિકાની દરખાસ્ત મળેલ છે.

(૨) દાહોદ નગરપાલિકાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલ છે. યોજનાની કામગીરી અંગે દાહોદ નગરપાલિકા દ્વારા વર્કઓર્ડર આપવાની કાર્યવાહી હાથ ધરાયેલ છે. દાહોદ નગરપાલિકા દ્વારા વર્ક ઓર્ડર આપ્યા બાદ ગ્રાન્ટ ફાળવવામાં આવનાર છે.

(૩) કોઈ દરખાસ્ત પેન્ડીંગ નથી.

-------------

**રાજકોટ જિલ્લામાં શહેરી ગરીબો માટે આવાસ યોજના મંજૂર કરવા અંગેની દરખાસ્તો**

અતારાંક્તિ : ૨૨૩૬ (૩૦-૧૦-૦૯) **શ્રી મહંમદ જાવેદ પીરજાદા(વાંકાનેર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જીલ્લામાં શહેરી ગરીબો માટે આવાસ યોજના મંજુર કરવા કેટલી દરખાસ્તો કઈ કઈ નગરપાલિકાઓ તરફથી રાજ્ય સરકારને મળી,

(૨) તે પેકી કેટલી દરખાસ્તોને મંજૂરી અપાઈ અને તેને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૩) પડતર દરખાસ્તોનો ક્યારે નિકાલ કરવામાં આવશે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) રાજકોટ જિલ્લામાંથી જેતપુર, ગોંડલ, ઉપલેટા તથા મોરબી નગરપાલિકા માટેની એમ કુલ ચાર દરખાસ્ત રાજ્ય સરકાર (ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન) ને મળેલ છે.

(૨) આઈ.એચ.ડી.પી. યોજના અંતર્ગત જેતપુર, ગોંડલ તથા ઉપલેટા નગરપાલિકાઓને રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર કક્ષાએ મંજૂરી મળેલ છે. તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારની મળીને જેતપુર, ગોંડલ તથા ઉપલેટા નગરપાલિકાને અનુક્રમે રૂા.૬૦૪.૯૨, ૬૦૫.૭૬ અને ૯૭.૫૩ ની કુલ ગ્રાન્ટ રૂા. ૧૧,૦૮,૨૧૦૦૦/- (અંકે રૂપિયા અગિયાર કરોડ આઠ લાખ એક્વીસ હજાર પૂરા) ની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૩) રાજ્ય સરકાર કક્ષાએ મોરબી નગરપાલિકાની દરખાસ્ત મળેલ છે તથા કેન્દ્ર સરકાર કક્ષાએ મંજૂરી મેળવવાની પ્રક્રિયા હાથ ધરેલ છે.

-------------

## ભાષા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના કર્મચારીઓને રમતગમત ક્ષેત્રે મળેલ એવોર્ડ

અતારાંકિત : ૧૭૩૧ (૧૫-૯-૦૯) **શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભાષા નિયામકશ્રીની કચેરીમાં ક્યા ક્યા કર્મચારીઓને રમતગમત ક્ષેત્રે સને ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રાષ્ટ્રિય એવોર્ડ મળ્યા,

(૨) તે અન્વયે ક્યા ક્યા ખેલાડીઓએ લીમ્કા બૂક ઓફ રેકોર્ડમાં વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો, અને

(૩) રમતગમત માટેના તાલીમ કેન્દ્ર દાહોદ જિલ્લા ખાતે ક્યાં ક્યાં કાર્યરત છે ?

**રમતગમત મંત્રીશ્રી** (૧૮-૧૨-૦૯) :

(૧) એક પણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## સુરત જિલ્લામાં તાલુકાવાર પેટાપરાઓનું વીજળીકરણ

અતારાંકિતઃ૨૦૦૦ (૧૫-૯-૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૭-૦૯ સુધીમાં સુરત જિલ્લાના તાલુકાવાર કેટલા પેટાપરાંઓમાં વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) આ માટે કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) બાકીના પેટાપરાઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૧૬-૧૨-૦૯) :

(૧), (૨) અને (૩) : આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદી અનુસાર સુરત જિલ્લામાં હયાત ૨૦૬ પેટાપરા પૈકી તમામ ૨૦૬ પેટાપરાંનું રૂા. ૨૪૭.૪૭ લાખના ખર્ચે તેમજ બિન-આદિજાતિ વિસ્તારમાં ૧૩૦ પેટાપરાનું રૂા. ૧૨૬.૦૨ લાખના ખર્ચે અગાઉ મે-૨૦૦૬ સુધીમાં પેટાપરાનું વીજળીકરણ થઈ ગયેલ હોવાથી કોઈ પેટાપરાનું વીજળીકરણ બાકી નથી.

-------------

## રાજકોટ જિલ્લાના પેટાપરાંનું વીજળીકરણ

અતારાંકિત : ૨૧૯૩ (૩૦-૧૦-૦૯) **શ્રી મહંમદ જાવેદ પીરજાદા(વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા પેટાપરાંનું વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) આ માટે કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી પેટાપરાનું વીજળીકરણ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૧૬-૧૨-૦૯) :

(૧) અને (૨) : રાજકોટ જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ પેટાપરાનું વીજળીકરણ થયેલ નથી કારણ કે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની બુક્લેટ મુજબનાં રાજકોટ જિલ્લાનાં ૪૦૧ પેટાપરા પૈકી ૩૯૯ પેટાપરાનું વીજળીકરણ અગાઉ થઈ ગયેલ છે, જેની તાલુકાવાર માહિતી તથા તે પૈકી થયેલ ખર્ચની માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | બુક્લેટ મુજબનાં પેટાપરાની સંખ્યા | વીજળીકરણ થયેલ પેટાપરાની સંખ્યા | તે પૈકી થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ધોરાજી | ૨૫ | ૨૫ | ૨૫.૦૭ |
| ગોંડલ | ૫૮ | ૫૮ | ૫૮.૧૭ |
| જામ કંડોરણા | ૧૨ | ૧૨ | ૧૨.૦૩ |
| જસદણ | ૦૦ | ૦૦ | ૦૦ |
| જેતપુર | ૬૯ | ૬૯ | ૬૯.૨૦ |
| કોટડા સાંઘાણી | ૧૫ | ૧૫ | ૧૫.૦૫ |
| લોધીકા | ૪૩ | ૪૩ | ૪૩.૧૨ |
| માળીયા | ૦૬ | ૦૬ | ૦૬.૦૨ |
| મોરબી | ૨૭ | ૨૭ | ૨૭.૦૮ |
| પડધરી | ૪૯ | ૪૯ | ૪૯.૧૪ |
| રાજકોટ | ૧૫ | ૧૫ | ૧૫.૦૫ |
| ટંકારા | ૧૯ | ૧૯ | ૧૯.૦૫ |
| ઉપલેટા | ૨૦ | ૧૯ | ૧૧.૪૦ |
| વાંકાનેર | ૪૩ | ૪૨ | ૪૨.૧૨ |
| **કુલ...** | **૪૦૧** | **૩૯૯** | **૩૯૨.૫૦** |

(૩) બાકી રહેલ બે પેટાપરામાંથી વીજળીકરણ માટેની અરજી મળેલ ન હોઈ વીજળીકરણ થઈ શકેલ નથી, આમ છતાં ચાલુ વર્ષમાં વીજળીકરણ કરવાનું આયોજન છે.

-------------

## ઝુંપડપટ્ટીમાં વસતાં અને ગરીબી રેખા હેઠળ જીવતાં લોકોના ઘરનું વીજળીકરણ

અતારાંકિત : ૨૧૯૪ (૩૦-૧૦-૦૯) **શ્રી મહંમદ જાવેદ પીરજાદા(વાંકાનેર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ઝુંપડપટ્ટીમાં રહેતા અને ગરીબી રેખા હેઠળ જીવતાં લોકોના ઘરનું વીજળીકરણ માટે સરકારે કોઈ યોજના અમલમાં મુકેલ છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાના તાલુકાવાર કેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ વીજ જોડાણો આપવામાં આવ્યાં, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૧૬-૧૨-૦૯) :

(૧) ઝુંપડપટ્ટીમાં વસતાં અને ગરીબી રેખા હેઠળના લોકોને વીજળીકરણનો લાભ આપવા માટે રાજ્ય સરકારની ઝુંપડા વીજળીકરણ યોજના તથા કુટિર જ્યોતિ યોજના (આદિજાતિ વિસ્તારો માટે) અમલમાં છે.

(૨) અને (૩) : તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર આપવામાં આવેલ વીજ જોડાણો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે. રાજકોટ જિલ્લો બિન-આદિજાતિ વિસ્તારનો જિલ્લો હોવાથી કુટિરજ્યોતિ યોજના નીચે વીજજોડાણો આપવામાં આવ્યાં નથી.

| તાલુકાનું નામ | ઝુંપડાવીજળીકરણ યોજના હેઠળ આપવામાં આવેલ વીજજોડાણ | થયેલ ખર્ચ રૂા. (લાખમાં) |
|---|---|---|
| ધોરાજી | ૩૬૩ | ૧૦.૬૭ |
| ગોંડલ | ૨૪૦ | ૬.૦૮ |
| જામકંડોરણા | ૫૩ | ૧.૨૧ |
| જસદણ | ૧૨૫૧ | ૩૦.૪૪ |
| જેતપુર | ૨૪૭ | ૯.૮૯ |
| કોટડાસાંઘાણી | ૧૯૩ | ૩.૨૭ |
| લોધીકા | ૫૨ | ૧.૪૮ |
| માલીયા | ૯ | ૦.૩૪ |
| મોરબી | ૨૪ | ૦.૪૨ |
| પડધરી | ૧૧૪ | ૪.૧૦ |
| રાજકોટ | ૨૫૬ | ૧૦.૩૪ |
| ટંકારા | ૯૪ | ૬.૧૬ |
| ઉપલેટા | ૨૫૪ | ૬.૫૧ |
| વાંકાનેર | ૪૬ | ૦.૮૭ |
| **કુલ :** | **૩૧૯૬** | **૯૧.૭૮** |

-------------

## નવસારી જિલ્લામાં ખેતી વિષયક વીજજોડાણોની પડતર અરજીઓ

અતારાંક્તિ : ૨૨૬૫ (૩૦-૧૦-૦૯) **શ્રી છનાભાઈ કો. ચૌધરી** (ધરમપુર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતી વિષયક વિજ જોડાણોની કેટલી અરજીઓ આવી.

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરી વીજજોડાણો આપવામાં આવ્યા, અને

(૩) બાકીનાઓને ક્યારે વીજજોડાણો આપવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૧૫-૧૨-૦૯) :

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતી વિષયક વીજ જોડાણો માટે ટીએએસપી યોજના હેઠળ **૨૧૭૧** અને સામાન્ય યોજના હેઠળ **૨૩૨** અરજીઓ મળેલ છે.

(૨) તે પૈકીનાં કોઈ અરજદારને વીજ જોડાણો અપાયેલ નથી, પરંતુ અગાઉના વર્ષોની નોંધાયેલ અરજીઓ પૈકી તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ ટીએએસપી યોજના હેઠળ **૧૪૧૨**, એમ.આઈ.એસ. યોજના હેઠળ **૭૯**, સામાન્ય યોજના હેઠળ **૨૬૬** તથા તત્કાલ યોજના હેઠળ **૬૮** મળી કુલ **૧૮૨૫** અરજદારોને વીજજોડાણો આપવામાં આવેલ છે.

(૩) નવસારી જિલ્લાનાં આદિજાતિ વિસ્તારમાં ખેતીવાડી વીજ જોડાણ માટે તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં નોંધાયેલ તમામ અરજદાર ખેડૂતોને તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે. ત્યારબાદ નોંધાયેલ આદિજાતિ વિસ્તારનાં ખેડૂતોની બાકી અરજીઓ તેમજ બિન આદિજાતિ વિસ્તારની પડતર અરજીઓનાં નિકાલ માટે વીજ ઉત્પાદન, વીજમાંગ, ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત સદર યોજના માટેનાં નાણાંકીય આયોજનને ધ્યાને લઈને તબક્કાવાર વીજ જોડાણો આપવાનું આયોજન હાથ ધરવામાં આવશે.

-------------

**નવસારી જિલ્લામાં ઓછી આવક જુથોના કુટુંબોના ઘરોમાં વીજળીકરણ**

અતારાંક્તિ : ૨૨૬૬ (૩૦-૧૦-૦૯) **શ્રી છનાભાઈ કો. ચૌધરી (ધરમપુર) માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર ઘર વપરાશ માટે ઓછી આવક્ના જુથોના કુટુંબોના ઘરોમાં વીજળીકરણ કરવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) આ અરજીઓ પૈકી કેટલા ઘરોમાં વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૩) કેટલી અરજીઓ બાકી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૧૬-૧૨-૦૯) :

(૧), (૨) અને (૩) : તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર ઘર વપરાશ માટે ઓછી આવક્ના જુથોના કુટુંબોના ઘરોમાં વીજળીકરણ કરવા માટે મળેલ અરજીઓ આપવામાં આવેલ વીજજોડાણો અને બાકી અરજીઓની વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** | **આપવામાં આવેલ વીજજોડાણ** | **બાકી રહેલ અરજીઓ** |
|---|---|---|---|
| નવસારી | ૮૬૫ | ૮૬૫ | ૦ |
| જલાલપોર | ૧૫૧૫ | ૧૫૧૫ | ૦ |
| ગણદેવી | ૮૩૪ | ૮૧૬ | ૧૮ |
| ચીખલી | ૪૬૦૫ | ૪૫૬૮ | ૩૭ |
| વાંસદા | ૫૪૬૧ | ૩૫૮૯ | ૧૮૭૨ |

-------------

**ખેતી વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતો માટે વિશેષ યોજના**

અતારાંક્તિ : ૨૨૬૭ (૩૦-૧૦-૦૯) **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડૂતો વીજ બચતનું મહત્વ સમજે તે માટે ખેતીવિષયક જોડાણો ધરાવતા ખેડૂતો માટે રાજ્ય સરકારે કોઈ વિશેષ યોજના કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તે અંતર્ગત ૨૦૦૮-૦૯ માં નવસારી જિલ્લામાં તાલુકાવાર શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) તે માટે રાજ્ય સરકાર તરફથી કોઈ સહાય આપવામાં આવી છે કે કેમ ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૧૫-૧૨-૦૯) :

(૧) હા જી, ખેડૂતો વીજ બચતનું મહત્વ સમજે તે માટે ખેતી વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતો માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૮-૦૯ માં પાયલોટ પ્રોજેક્ટ તરીકે હયાત મોટર પમ્પ સેટ વીજ કાર્યક્ષમ પમ્પ વડે બદલવાની યોજના અમલમાં મૂકેલ છે.

(૨) અને (૩) : આ યોજના અંતર્ગત નવસારી જિલ્લાના કોઈ તાલુકાનો સમાવેશ કરવામાં આવેલ નથી.

-------------

**બાલાસિનોર અને વીરપુર તાલુકામાં ઓછી આવક ધરાવતા કુટુંબોના ઘરોમાં વિજળીકરણની અરજીઓ**

અતારાંક્તિ : ૨૩૦૩ (૩-૧૧-૦૯) **શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં ઘ રમાં વપરાશ માટે ઓછી આવક્ના જુથના કુટુંબના ઘરોમાં વીજળીકરણ કરવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) આ અરજીઓ પૈકી તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ કેટલા ઘરોમાં વીજ કનેક્શનો આપવામાં આવ્યા, અને

(૩) કેટલી અરજીઓ બાકી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)(૧૬-૧૨-૦૯) :

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ છેલ્લા ૨ વર્ષમાં ઘર વપરાશ માટે ઓછી આવકના જુથના કુટુંબોના ઘરોમાં વીજળીકરણ કરવા માટે ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકામાં ૨૨૨૮ અરજીઓ તેમજ વીરપુર તાલુકામાં ૧૯૩૭ અરજીઓ આવેલ છે.

(૨) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ બાલાસિનોર તાલુકામાં ૨૨૨૮ અરજીઓ પેકી ૧૬૧૨ અને વીરપુર તાલુકામાં ૧૯૩૭ અરજીઓ પેકી ૧૧૫૩ અરજીઓની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ બાલાસિનોર તાલુકામાં કુલ ૬૧૬ બાકી અરજીઓ પેકી ૧૯૮ રદ થતા ૪૧૮ અને વીરપુર તાલુકામાં ૭૮૪ અરજીઓની કામગીરી પડતર છે.

-------------

## બાલાસિનોર અને વીરપુર તાલુકાના પેટાપરાઓમાં વિજળીકરણ

અતારાંક્તિ : ૨૩૨૭ (૩-૧૧-૦૯) **શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં વર્ષ ૨૦૦૯ દરમ્યાન કેટલા પેટાપરાંઓમાં વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) આ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) બાકીના પેટાપરાનું વીજળીકરણ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૯-૧૨-૦૯) :

(૧) ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકામાં વર્ષ ૨૦૦૯ દરમિયાન ૩ પેટાપરાનું વીજળીકરણ કરવામાં આવ્યું, જ્યારે વીરપુર તાલુકામાં જીલ્લા વિકાસ અધિકારીની બુક્લેટ મુજબના તમામ ૧૩૮ પેટાપરાઓનું વીજળીકરણ થયેલ હોઈ વીજળીકરણનો પ્રશ્ન ઉભો થતો નથી.

(૨) ખેડા જિલ્લાના બાલાશિનોર તાલુકાના ૩ પેટાપરાનું વીજળીકરણ રૂા.૧.૪૯ લાખના ખર્ચે વર્ષ ૨૦૦૯માં કરવામાં આવ્યું.

(૩) જિલ્લા વિકાસ અધિકારીની બુક્લેટ મુજબના બાલાશિનોર તાલુકાના તમામ ૧૦૦ પેટાપરા તેમજ વીરપુર તાલુકાના તમામ ૧૩૮ પેટાપરાનું વીજળીકરણ કરવામાં આવેલ હોઈ બાકી પેટાપરાના વીજળીકરણનો પ્રશ્ન ઉભો થતો નથી.

------------

## બાલાસિનોર અને વિરપુર તાલુકામાં ૬૬ કે.વી. વીજ સ્ટેશનો

અતારાંક્તિ : ૨૩૨૮ (૩-૧૧-૦૯) **શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલાસિનોર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં ૬૬ કે.વી. વીજ સ્ટેશનો સ્થાપવા માગે છે કે કેમ; અને

(૨) જો હા, તો ક્યાં સુધીમાં ક્યા ક્યા સ્થળે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૧૫-૧૨-૦૯) :

(૧) અને (૨) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં ૬૬ કે.વી. સબસ્ટેશન સ્થાપવાનું આયોજન નથી. પરંતુ વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ઢેબર તા. વિરપુર મુકામે ૬૬ કે.વી. સબસ્ટેશન સ્થાપવાનું આયોજન કરેલ છે.

------------

## બાલાસિનોર અને વિરપુર તાલુકામાં ખેતી વિષયક વીજ જોડાણોની પડતર અરજીઓ

અતારાંક્તિ : ૨૩૨૯ (૩-૧૧-૦૯) **શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલાસિનોર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ ખેતી વિષયક વિજ જોડાણોની કેટલી અરજીઓ પડતર છે,

(૨) આ અરજીઓ કેટલા સમયથી પડતર છે,

(૩) ઉપરોક્ત અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે, અને

(૪) ઉપરોક્ત અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૧૬-૧૨-૦૯) :

(૧) અને (૨) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના બાલાસિનોરમાં ૫૦૨ અને વીરપુર તાલુકામાં ૬૭૭ ખેતી વિષયક વિજજોડાણોની અરજીઓ પડતર છે. જેની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | બાલાશિનોર | વીરપુર |
|---|---|---|
| ૧૯૯૫ | ૬ | ૧૭ |
| ૧૯૯૬ | ૧૧ | ૩૦ |
| ૧૯૯૭ | ૪૬ | ૧૭ |
| ૧૯૯૮ | ૪૬ | ૫૬ |
| ૧૯૯૯ | ૭૪ | ૭૮ |
| ૨૦૦૦ | ૬૧ | ૬૯ |
| ૨૦૦૧ | ૨૦ | ૪૨ |
| ૨૦૦૨ | ૧૯ | ૫૧ |
| ૨૦૦૩ | ૪૫ | ૫૨ |
| ૨૦૦૪ | ૮ | ૨૩ |
| ૨૦૦૫ | ૧૧ | ૩૨ |
| ૨૦૦૬ | ૧૩ | ૪૦ |
| ૨૦૦૭ | ૧૮ | ૯ |
| ૨૦૦૮ | ૫૦ | ૭૫ |
| ૨૦૦૯ તા. ૩૦-૬-૦૯ અંત | ૫૮ | ૫૦ |
| | **૪૮૬** | **૬૪૧** |
| અંદાજપત્રમાં આપવામાં આવેલ, નાણા ભરપાઈ થવાના બાકી | ૮ | ૩૦ |
| નાણાં ભરપાઈ થયેલ પડતર | ૮ | ૬ |
| | **૫૦૨** | **૬૭૭** |

(૩) બાકી રહેલ ખેડૂતોના વીજ જોડાણો ઉપલબ્ધ વીજ પુરવઠો, માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઈ વાર્ષિક આયોજન કરવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ વીજ જોડાણો આપવામાં આવતા હોય છે. આમ વાર્ષિક લક્ષ્યાંક્ના ક્રમાનુસાર વીજ જોડાણો આપવાનું આયોજન કરેલ છે.

(૪) પ્રતિવર્ષ વીજ ઉત્પાદન, માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો, ઉપરાંત યોજનાના નાણાંકીય આયોજનને ધ્યાને લઈને નોંધાયેલ અરજીઓના ક્રમાનુસાર વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવતુ હોય છે. આમ ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં જનરેશન, ટ્રાન્સમીશન, ડીસ્ટ્રીબ્યુશનએ ત્રણેય તબક્કાઓ ઉપરાંત નાણાંકીય પરિબળ મહત્વનું હોઈ તમામ બાબતો ધ્યાને લઈ તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

----------------

## ખેતી વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતો માટે વિશેષ યોજના

અતારાંક્તિ : ૨૩૩૦ (૩-૧૧-૦૯) **શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલાસિનોર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડૂતો વીજ બચતનું મહત્વ સમજે તે માટે ખેતીવિષયક જોડાણો ધરાવતા ખેડૂતો માટે રાજ્ય સરકારે કોઈ યોજના કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તે અંતગર્ત સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૦-૯-૨૦૦૯ સુધીમાં ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકામાં શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) તે માટે રાજ્ય સરકાર તરફથી કોઈ સહાય આપવામાં આવી છે કે કેમ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૧૫-૧૨-૦૯) :

(૧) હા, જી. ખેડૂતો વીજ બચતનું મહત્વ સમજે તે માટે ખેતી વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતો માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૮-૦૯ માં પાયલોટ પ્રોજેક્ટ તરીકે હયાત મોટર પમ્પ સેટ વીજ કાર્યક્ષમ પમ્પ વડે બદલવાની યોજના અમલમાં મૂકેલ છે.

(૨) અને (૩) આ યોજના અંતગર્ત ખેડા જિલ્લાના બાલાસિનોર અને વીરપુર તાલુકાનો સમાવેશ કરવામાં આવેલ નથી.

-------------

## દાહોદ જિલ્લામાં નિરાધાર વિધવાઓને ચૂકવેલ સહાય

અતારાંક્તિ : ૧૮૫૦ (૧૬-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવાર કેટલી સહાય ચુકવવામાં આવી,

(૨) કેટલી નિરાધાર બહેનોને આ સહાય બંધ કરવામાં આવી, અને

(૩) તેનાં કારણો શાં છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૪-૧૨-૦૯) :

(૧) તા. ૩૦-૬-૦૯ સુધીમાં નીચે મુજબ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વિધવા સહાય ચૂકવવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ચૂકવેલ સહાય. (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧૨૧.૫૭ |
| ૨ | ઝાલોદ | ૪૭.૩૩ |
| ૩ | ગરબાડા | ૧૧૬.૦૫ |
| ૪ | ફતેપુર | ૪૭.૦૫ |
| ૫ | દે. બારીયા | ૬૫.૫૫ |
| ૬ | લીમખેડા | ૨૪.૦૧ |
| ૭ | ધાનપુર | ૩૬.૫૭ |
| | **કુલ...** | **૪૫૮.૧૩** |

(૨) ૨૩૫ બહેનો.

(૩) સહાય બંધ થવાના કારણો નીચે મુજબ છે.

૧. ૬૦ વર્ષની ઉંમર થતાં.

૨. પુત્ર ૨૧ વર્ષનો થતાં.

૩. લાભાર્થીનું અવસાન થતાં.

૪. લાભાર્થીએ પુનઃ લગ્ન કરતાં.

૫. જીલ્લા ફેર થતાં.

------------

**દાહોદ જિલ્લામાં વિધવા સહાય યોજનાની મળેલ અરજીઓ**

અતારાંક્તિ : ૧૮૫૧ (૧૬-૯-૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પેકી કેટલી મંજૂર થઈ, અને

(૩) કેટલી મંજૂર કરવાની બાકી છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૪-૧૨-૦૯) :

(૧) તા. ૩૦-૬-૦૯ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ ૧૧૦૬ અરજીઓ મળી છે.

(૨) આવેલ અરજીઓ પેકી ૬૩૫ અરજીઓ મંજૂર થઈ છે, અને

(૩) આવેલ અરજીઓ પેકી ૨૯૬ અરજીઓ નામંજૂર થયેલ છે. જ્યારે બાકીની ૧૭૫ અરજીઓની ચકાસણી કરી, મંજૂર/નામંજૂર અંગે નિર્ણય લેવામાં આવશે.

**ખેડા જિલ્લામાં ભાડાના મકાનમાં બેસતી આંગણવાડી કેન્દ્રો**

અતારાંક્તિ : ૨૧૮૭ (૮-૧૦-૦૯) **ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કૂલ આંગણવાડી કેન્દ્રો કેટલા ?

(૨) તે પેકી ભાડાના મકાનમાં કેટલાં આંગણવાડી કેન્દ્રો છે, અને

(૩) આ આંગણવાડી કેન્દ્રોને કેટલા સમયમાં નવા મકાન માટે ગ્રાન્ટ ફાળવી પૂર્ણ કરવામાં આવશે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૧-૧૨-૦૯) :

(૧) ૧૯૪૯

(૨) ૩૪૨

(૩) ચાલુ નાણાકીય વર્ષમાં ૨૪૬ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવનાર છે. જ્યારે બાકીના આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે તબકકાવાર આયોજન કરી પૂર્ણ કરવામાં આવશે.

----------------

**નવસારી જિલ્લામાં આંગણવાડીઓના નવા મકાન અન્વયે ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંક્તિ : ૨૨૮૨(૨૬-૧૦-૦૯) **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર કૂલ આંગણવાડી કેન્દ્રો કેટલા ?

(૨) તે પેકી ભાડાના મકાનમાં કેટલાં આંગણવાડી કેન્દ્રો છે, અને

(૩) આ આંગણવાડી કેન્દ્રોને કેટલા સમયમાં નવા મકાન માટે ગ્રાન્ટ આપવામાં આવશે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) તા.૩૦-૬-૦૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કૂલ ૧૧૮૧ આંગણવાડી કેન્દ્રો છે. જેની તાલુકાવાર સ્થિતિ નીચે મુજબની છે.

| અ.નં. | તાલુકાનું નામ | આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | નવસારી | ૧૪૪ |
| ૨ | જલાલપોર | ૨૧૨ |
| ૩ | ગણદેવી | ૨૧૯ |
| ૪ | ચીખલી | ૩૫૭ |
| ૫ | વાંસદા | ૨૪૯ |
| | **કુલ :** | **૧૧૮૧** |

(૨) ૧૦૬

(૩) -હાલમાં ૧૫ આંગણવાડી કેન્દ્રોના મકાનોનું બાંધકામ ચાલુ છે.

-ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ માં ૬૨ નવા આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામનું આયોજન કરવામાં આવેલ છે.

-જ્યારે બાકીના ૨૯ મકાનોનું બાંધકામ આગામી વર્ષોમાં તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે.

----------------

## નવસારી જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

અતારાંકિત : ૨૨૮૩ (૨૬-૧૦-૦૯) **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર થઇ, અને

(૩) કેટલી મંજુર કરવાની બાકી છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૦-૧૨-૦૯) :

(૧) ૧૩૬૧ અરજીઓ,

(૨) ૭૭૮ અરજીઓ,

(૩) આવેલ અરજીઓ પૈકી ૩૪૮ અરજીઓ નામંજુર થયેલ છે. જ્યારે બાકીની ૨૩૫ અરજીઓની ચકાસણી કરી, મંજુર/નામંજુર અંગે નિર્ણય લેવામાં આવશે.

----------------

## નવસારી જિલ્લામાં વિધવા મહિલાઓને સહાય બંધ કરવા અંગે

અતારાંકિત : ૨૨૮૪ (૨૬-૧૦-૦૯) **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નવસારી જિલ્લામાં તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવાર કેટલી સહાય ચૂકવવામાં આવી,

(૨) કેટલી નિરાધાર બહેનોને આ સહાય બંધ કરવામાં આવી, અને

(૩) તેના કારણો શાં છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૦-૧૨-૦૯) :

(૧) તા.૩૦-૬-૦૯ ની સ્થિતિએ છેલ્લા બેવર્ષમાં કુલ રકમ રૂા.૫૯૮.૭૧ લાખની વિધવા સહાય ચૂકવવામાં આવી છે, તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ. | ચૂકવેલ સહાય. (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | નવસારી | ૧૨૫.૫૫ |
| ૨ | જલાલપોર | ૧૧૪.૨૪ |
| ૩ | ગણદેવી | ૧૭૫.૦૯ |
| ૪ | ચીખલી | ૧૨૪.૩૩ |
| ૫ | વાંસદા | ૫૯.૫૦ |

| | | | |
|---|---|---|---|
| | | કુલ... | ૫૯૮.૭૧ |

(૨) ૪૬૭ બહેનો.

(૩) બંધ થવાના કારણો નીચે મુજબ છે.

૧. ૬૦ વર્ષની ઉંમર થતાં.

૨. પુત્ર ૨૧ વર્ષનો થતાં.

૩. પુનઃ લગ્ન કરવાથી..

૪. આવક વધવાથી

----------------

**બાલાસિનોર અને વીરપુર તાલુકામાં ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડી કેન્દ્રો**

અતારાંક્તિઃ ૨૩૦૪ (૩-૧૧-૨૦૦૯)**શ્રી માનસિંહ કો.ચૌહાણ(બાલાસિનોર): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના વિરપુર અને બાલાસિનોર તાલુકામાં કુલ કેટલી આંગણવાડી કેન્દ્રો છે,

(૨) તે પૈકી ભાડાના મકાનમાં કેટલી આંગણવાડી કેન્દ્રો છે, અને

(૩) આ આંગણવાડી કેન્દ્રોને કેટલા સમયમાં નવા મકાન માટે ગ્રાન્ટ આપી પૂર્ણ કરવામાં આવશે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૮-૧૨-૦૯) :

(૧) ૨૨૨

(૨) ૬

(૩) નગરપાલિકા વિસ્તારમાં આંગણવાડી મકાન બાંધકામ માટે પુરતી જગ્યા ઉપલબ્ધ થયેથી મકાન બાંધકામ પૂર્ણ કરવામાં આવશે.

----------

**વનબંધુ યોજનામાં દાહોદ જિલ્લામાં આદિવાસીઓને આવાસ આપવા બાબત**

અતારાંક્તિ : ૧૭૫૧ (૧૬-૯-૨૦૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વનબંધુ કલ્યાણ યોજનામાં દાહોદ જિલ્લામાં સરકારે નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન કેટલા આવાસો આદિવાસીઓને આપ્યા, અને

(૨) આ યોજના પાછળ વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલી નાણાકીય જોગવાઈ સામે કેટલી ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવી ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૧૦-૧૨-૦૯) :

| | | | |
|---|---|---|---|
| (૧) | **વ્યક્તિગત ધોરણે** | **સરદાર આવાસ** | **ઈન્દીરા આવાસ** |
| | ૮૦૨ | ૬૨૬ | ૪૧૭૩ |
| (૨) | | **નાણાકીય જોગવાઈ (રૂા. લાખમાં)** | **ગ્રાન્ટ રીલીઝ (રૂા. લાખમાં)** |
| | વ્યક્તિગત ધોરણે | ૧૧૦.૦૦ | ૧૧૦.૦૦ |
| | સરદાર આવાસ | ૨૨૮.૦૪ | ૨૨૮.૦૪ |

| | | |
|---|---|---|
| ઈન્દીરા આવાસ | ૧૫૮૫.૧૫ | ૧૫૩૧.૨૩ |

**સુરત જિલ્લામાં આદિવાસીઓની જંગલની જમીનોની સનદો**

અતારાંક્તિ : ૧૯૫૭ (૧૫-૯-૨૦૦૯) **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

(૧) સુરત જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિવાસીઓને જંગલની જમીનોની સનદો આપવામાં આવી,

(૨) કેટલાને સનદો આપવાની બાકી છે,

(૩) બાકી રહેવાના કારણો શાં છે, અને

(૪) બાકી સનદો ક્યાં સુધીમાં આપી દેવામાં આવશે ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૫-૧૨-૦૯) :

(૧) વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ સનદ આપવામાં આવતી નથી. પરંતુ અધિકાર પત્ર આપવામાં આવે છે.

| ક્રમ | તાલુકાનું નામ | વન અધિકાર પત્રની સંખ્યા |
|---|---|---|
| ૧ | માંડવી | ૧૩ |
| ૨ | ઉંમરપાડા | ૧૩૨ |
| ૩ | માંગરોળ | - |
| | કુલ : | **૧૪૫** |

(૨) ૭૨૧૨ વ્યક્તિઓને અધિકારપત્રો આપવાની બાકી છે.

(૩) અરજીઓ ચકાસણી હેઠળ છે.

(૪) ટૂંક સમયમાં.

**વલસાડ જિલ્લામાં આદિવાસીઓને જંગલની જમીનોની સનદ આપવા બાબત**

અતારાંક્તિ : ૨૦૪૬ (૧૫-૯-૨૦૦૯) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા આદિવાસીઓને જંગલની જમીનોની સનદો આપવામાં આવી,

(૨) કેટલાને સનદો આપવાની બાકી છે,

(૩) બાકી સનદો રહેવાનાં કારણો શાં છે, અને

(૪) જવાબદાર અધિકારી ઉપર લીધેલ પગલાં શાં છે ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) અનુસૂચિત આદિજાતિ અને અન્ય પરંપરાગત વનવાસી (વન અધિકાર માન્ય કરવા) બાબત અધિનિયમ-૨૦૦૬ હેઠળ સનદ આપવામાં આવતી નથી, પરંતુ અધિકારપત્ર આપવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વન અધિકાર પત્રની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધરમપુર | ૨૨૯ |
| ૨ | કપરાડા | ૨૮૨ |
| ૩ | ઉંમરગામ | ૧૦ |
| ૪ | પારડી | ૦ |

| | | |
|---|---|---|
| ૫ | વલસાડ | ૦ |
| | કુલ : | ૫૨૧ |

(૨) ૩૩૬૪૬ લોકોની અરજીઓની ચકાસણી થયા બાદ પાત્રતા ધરાવતા દાવેદારોને અધિનિયમ હેઠળ અધિકારપત્ર આપવાના થશે.

(૩) નીચેની વિગતે તાલુકાવાર દાવાઓની ખરાઈની કાર્યવાહી વન અધિકાર સમિતિ/ગ્રામસભા કક્ષાએ તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ પડતર છે.

| ક્રમ | તાલુકાનું નામ | વન અધિકાર સમિતિ/ગ્રામસભા કક્ષાએ પડતર દાવાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધરમપુર | ૧૪૭૪૯ |
| ૨ | કપરાડા | ૧૬૬૫૫ |
| ૩ | ઉંમરગામ | ૨૦૬૯ |
| ૪ | પારડી | ૦ |
| ૫ | વલસાડ | ૦ |
| | કુલ : | ૩૩૪૭૩ |

(૪) મોટા ભાગની દાવા અરજીઓ ગ્રામસભા/વન અધિકાર સમિતિ કક્ષાએ પડતર હોઈ, વિલંબ માટે અધિકારી ઉપર પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**દાહોદ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના નીચે વાડી તથા બિયારણ પ્રોજેક્ટ યોજના**

અતારાંક્તિ : ૨૦૮૫ (૧૩-૧૦-૨૦૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી(લીંબડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વનબંધુ કલ્યાણ કાર્યક્રમ હેઠળ વાડી તથા બિયારણ પ્રોજેક્ટ માટે તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પેકી તાલુકાવાર કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો,

(૩) આ કામગીરી એન. જી. ઓ. ને સોંપવા સરકારે ક્યારે ક્યારે જાહેરાતો આપી, અને

(૪) ટેન્ડર અરજીઓ ક્યારે માંગવામાં આવી ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :**

(૧) પત્રક-૧ મુજબ*

(૨) પત્રક-૨ મુજબ*

(૩) તા. ૮-૨-૦૯ અને તા. ૯-૨-૦૯

(૪) સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત કામ થતું હોઈ સ્વૈચ્છિક સંસ્થાઓ માટે હાલ ટેન્ડરની કોઈ જોગવાઈ નથી.

**પત્રક-૧**

**વર્ષ 2007-08**

| ક્રમ નં | તાલુકાનું નામ | બિયારણની આવેલ અરજીઓની સંખ્યા | ફળવાડીની આવેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| 1 | દાહોદ | વર્ષ 2007-2008માં લાભાર્થીઓ પાસેથી અરજીઓ મેળવવાની પ્રથા અમલમાં ન હતી. | 208 |
| 2 | ગરબાડા | | 81 |
| 3 | ઝાલોદ | | 238 |

| | | | |
|---|---|---|---|
| 4 | ફતેપૂરા | | 137 |
| 5 | લીમખેડા | | 123 |
| 6 | ધાનપુર | | 72 |
| 7 | દેવગઢબારિયા | | 75 |
| | કુલ : | | **944** |

## વર્ષ 2008-09

| ક્રમ નં | તાલુકાનું નામ | ઘઉં અને ચણાના બિયારણની આવેલ અરજીઓની સંખ્યા | મકાઈ બિયારણ માટે આવેલ અરજીઓની સંખ્યા | ફળવાડીની આવેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | દાહોદ | 307 | 16420 | શુન્ય |
| 2 | ગરબાડા | 162 | 14500 | |
| 3 | ઝાલોદ | 1845 | શુન્ય | |
| 4 | ફતેપૂરા | 1255 | 12770 | |
| 5 | લીમખેડા | 428 | 17145 | |
| 6 | ધાનપુર | 248 | 8000 | |
| 7 | દેવગઢબારિયા | 270 | 3000 | |
| | કુલ : | **4516** | **71835** | |

## પત્રક-૨

## વર્ષ 2007-08

| ક્રમ નં | તાલુકાનું નામ | બિયારણનો લાભ આપેલ લાભાર્થીઓની સંખ્યા | ફળવાડીનો લાભ આપેલ લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| 1 | દાહોદ | શુન્ય | 208 |
| 2 | ગરબાડા | | 81 |
| 3 | ઝાલોદ | | 238 |
| 4 | ફતેપૂરા | | 137 |
| 5 | લીમખેડા | | 123 |
| 6 | ધાનપુર | | 72 |
| 7 | દેવગઢબારિયા | | 75 |
| | કુલ : | | **944** |

## વર્ષ 2008-09

| ક્રમ નં | તાલુકાનું નામ | ઘઉં અને ચણાના બિયારણનો લાભ આપેલ લાભાર્થીઓની સંખ્યા | ફળવાડીનો લાભ આપેલ લાભાર્થીઓની સંખ્યા | મકાઈના બિયારણનો લાભ આપેલ લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| 1 | દાહોદ | 307 | શુન્ય | 16420 |
| 2 | ગરબાડા | 162 | | 14500 |
| 3 | ઝાલોદ | 823 | | શુન્ય |
| 4 | ફતેપૂરા | 661 | | 12770 |
| 5 | લીમખેડા | 428 | | 17145 |
| 6 | ધાનપુર | 248 | | 8000 |
| 7 | દેવગઢબારિયા | 270 | | 3000 |
| | કુલ : | **3000** | | **71835** |

--------------

**દાહોદ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના નીચે કોમ્પ્યુટર શિક્ષણની તાલીમ**

અતારાંક્તિ : ૨૦૯૦ (૧૩-૧૦-૨૦૦૯) **શ્રી બચુભાઈ ના.કિશોરી (લીંબડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કોમ્પ્યુટર શિક્ષણની તાલીમ માટે કેટલી સંસ્થાઓને કામગીરી સોંપવામાં આવી,

(૨) તે માટે કેટલા કોમ્પ્યુટરોની ખરીદી કરવામાં આવી છે.

(૩) તાલીમ પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૪) ઉક્ત કાર્યક્રમ હેઠળ કેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી છે ?

**આદિજાતિ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) **પત્રક-૧ મુજબ**

(૨) એકેય નહીં.

(૩) **પત્રક-૨ માં** જણાવ્યા મુજબ

(૪) ૪૯૦

**પત્રક-૧**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૭-૦૮ કોમ્પ્યુટર તાલીમ આપતી સંસ્થાની સંખ્યા | વર્ષ ૨૦૦૮-૦૯ કોમ્પ્યુટર તાલીમ આપતી સંસ્થાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | દાહોદ | ૧ | ૨ |
| ૨ | ગરબાડા | ૧ | ૦ |
| ૩ | ઝાલોદ | ૧ | ૧ |
| ૪ | ફતેપૂરા | ૧ | ૦ |
| ૫ | લીમખેડા | ૧ | ૧ |
| ૬ | ધાનપુર | ૧ | ૦ |
| ૭ | દેવગઢબારીયા | ૧ | ૧ |
| | કુલ :- | ૭ | ૫ |

**પત્રક-૨**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૭-૦૮ | વર્ષ ૨૦૦૭-૦૯ |
|---|---|---|---|
| | | ખાસ કેન્દ્રીય સહાય હેઠળ ફાળવેલ સહાય | ગુજરાત પેટર્ન હેઠળ ફાળવેલ સહાય. |

| | | તાલીમ પાછળ કરવામાં આવેલ ખર્ચ (રૂા. લાખમાં) | તાલીમ પાછળ કરવામાં આવેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | દાહોદ | ૪.૨૪ | ૫.૦૩ |
| ૨ | ગરબાડા | ૩.૭૯ | ૦૦ |
| ૩ | ઝાલોદ | ૪.૨૫ | ૧.૩૮ |
| ૪ | ફતેપૂરા | ૩.૨૧ | ૦૦ |
| ૫ | લીમખેડા | ૩.૩૭ | ૧.૩૮ |
| ૬ | ધાનપુર | ૩.૬૫ | ૦૦ |
| ૭ | દેવગઢબારીયા | ૩.૧૬ | ૧.૩૮ |
| | કુલ :- | ૨૫.૬૭ | ૯.૧૭ |

-------------

**સોનગઢ અને માંડવી તાલુકામાં આદિવાસીઓને જંગલની જમીનોની સનદો આપવા બાબત**

અતારાંક્તિ : ૨૧૪૯ (૧૩-૧૦-૨૦૦૯) **શ્રી પ્રભુભાઈ ના.વસાવા(સોનગઢ): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સોનગઢ અને માંડવી તાલુકામાં તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિવાસીઓને જંગલની જમીનોની સનદો આપવામાં આવી,

(૨) કેટલાને સનદો આપવાની બાકી છે.

(૩) બાકી સનદો રહેવાના કારણો શાં છે, અને

(૪) બાકી સનદો ક્યાં સુધીમાં આપી દેવામાં આવશે ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ સનદ આપવામાં આવતી નથી પરંતુ અધિકાર પત્ર આપવામાં આવે છે.
તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ સોનગઢ તાલુકામાં શુન્ય અને માંડવી તાલુકામાં ૧૩ હક્ક દાવા મંજૂર કરવામાં આવેલ છે.

(૨) સોનગઢ તાલુકામાં ૪૦૬૮ વ્યક્તિગત દાવા અને માંડવી તાલુકામાં ૪૨૩૬ વ્યક્તિગત દાવા રજૂ થયેલ છે તે પૈકી પાત્રતા ધરાવનાર દાવેદારોના દાવા મંજૂર કરવાના થશે.

(૩) અરજીઓ ચકાસણી હેઠળ છે.

(૪) ટૂંક સમયમાં.

**આદિજાતિ વિસ્તારોમાં સરકારી છાત્રાલયો અને શાળાઓમાં સોલર વોટર સીસ્ટમ દિવાબત્તીની વ્યવસ્થા**

અતારાંક્તિ : ૨૧૭૪ (૧૬-૧૧-૨૦૦૯) **ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષમાં તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં કેટલા સરકારી છાત્રાલયોમાં અને શાળાઓમાં સોલર વોટર સીસ્ટમ તેમજ દિવાબત્તી ની વ્યવસ્થા માટે સરકારે કેટલી રકમ ફાળવી, અને

(૨) તે અન્વયે ફાળવેલ રકમમાંથી કેટલો ખર્ચ જિલ્લાવાર કરવામાં આવ્યો ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) ૩ આદર્શ નિવાસી શાળાઓ માટે કુલ રૂા. ૧૦.૧૨ લાખ ફાળવવામાં આવેલ છે.

(૨) દાહોદ જિલ્લામાં રૂા. ૫.૦૦ લાખ તથા પંચમહાલ જિલ્લામાં રૂા. ૪.૮૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**નવસારી જિલ્લામાં આદિવાસીઓને જંગલની જમીનો આપવા બાબત**

અતારાંક્તિ : ૨૨૭૨ (૨૧-૧૦-૨૦૦૯) **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા આદિવાસીઓને જંગલની જમીનોની સનદો આપવામાં આવી,

(૨) કેટલાને સનદો આપવાની બાકી છે.

(૩) બાકી રહેવાનાં કારણો શાં છે, અને

(૪) બાકી સનદો ક્યાં સુધીમાં આપી દેવામાં આવશે ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૫-૧૨-૦૯) :

(૧) વન અધિકાર કાયદા હેઠળ સનદ આપવામાં આવતી નથી દાવા અરજીઓની ચકાસણી અને મંજૂરીની પરિસ્થિતિ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વન અધિકારપત્રની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાંસદા | ૧૪૦ |
| ૨ | ચીખલી | ૦૦૦ |
| ૩ | જલાલપુર | ૦૦૦ |
| ૪ | ગણદેવી | ૦૦૦ |
| ૫ | નવસારી | ૦૦૦ |
| | કુલ : | ૧૪૦ |

(૨) ૯૩૦૭

(૩) ચકાસણી હેઠળ છે.

(૪) ટૂંક સમયમાં.

**આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસૂચિત જનજાતિના લોકોના કાર્યક્રમોના અમલીકરણ માટે સોસાયટીની રચના**

અતારાંક્તિ : ૨૩૩૬ (૭-૧૨-૨૦૦૯) **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા(લીમખેડા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અનુસૂચિત જનજાતિના લોકો માટેના કાર્યક્રમોના અમલીકરણ તથા પ્રોજેક્ટ માટે કોઈ રચના કરી છે કે કેમ,

(૨) જો હા, તો આ સોસાયટીને સરકાર દ્વારા ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન કુલ વહીવટી ખર્ચ પેટે તથા પ્રોજેક્ટના અમલીકરણ માટે કેટલી ગ્રાન્ટ આપવામાં આવી,

(૩) આ પેકી કેટલી રકમનો ખર્ચ સોસાયટી દ્વારા કરવામાં આવ્યો,

(૪) વધેલી રકમ પેકી કેટલી રકમ પરત કરવામાં આવી ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૯) :

(૧) હા, જી.

(૨) વહીવટી ખર્ચ કાંઈ નહી. રૂા. ૨૬૪૭.૦૬ લાખ પ્રોજેક્ટ અમલીકરણ માટે ગ્રાન્ટ આપેલ છે.

(૩) રૂા. ૨૦૮૯.૪૨ લાખ

(૪) વધેલ રકમ માર્ચ માસમાં મળેલ હોવાથી ખર્ચ કરવાની કાર્યવાહી ચાલુ છે.

## અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૮૧૦ | ૦૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૬૬૫,૧૮૬૧,૨૨૩૪,૨૩૧૨,૨૩૧૩,૨૩૧૪,૨૩૭૭,૨૩૭૮ | ૦૮ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૧૬૮૩,૧૭૧૨,૧૭૧૩, ૧૭૪૦, ૧૭૯૯, ૧૮૩૫, ૧૮૩૬, ૧૮૩૭, ૧૮૩૮,૧૮૪૧,૧૯૦૭,૧૯૨૯,૧૯૩૨,૧૯૬૦,૧૯૬૩,૧૯૬૪,૨૦૦૯,૨૦૧૨,૨૦૪૦,૨૦૪૩,૨૦૪૪,૨૧૪૩,૨૧૪૬,૨૧૪૭,૨૧૭૬,૨૧૭૮,૨૧૯૭,૨૨૦૦,૨૨૦૧,૨૨૦૩,૨૨૦૬,૨૨૦૭,૨૨૪૬,૨૨૫૯,૨૨૬૯,૨૨૭૦,૨૨૭૧,૨૩૧૯,૨૩૨૧,૨૩૨૫ | ૪૦ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૨૨૮૬ | ૦૧ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૧૭૨૩,૧૭૨૪,૧૭૫૮,૧૭૫૯,૧૮૧૭,૧૮૧૮,૧૯૫૮,૧૯૫૯,૨૦૭૯,૨૦૮૦,૨૦૮૨,૨૦૮૩,૨૦૮૪,૨૨૯૯ | ૧૪ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૨૫૦, ૨૨૫૧ | ૦૨ |
| ૭ | ગૃહ વિભાગ | ૨૨૪૫, ૨૨૫૪ | ૦૨ |
| ૮ | શ્રમ અને રોજગાર વિભાગ | ૧૭૬૪,૧૮૬૪,૧૯૪૭,૨૧૦૮,૨૧૦૯,૨૧૩૯ | ૦૬ |
| ૯ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૭૯૫,૧૭૯૬,૧૭૯૭,૧૯૦૧,૧૯૦૫,૨૦૨૫,૨૧૧૬,૨૧૨૦,૨૨૩૦,૨૨૩૩,૨૨૩૫,૨૨૩૭,૨૩૦૫,૨૩૦૮,૨૩૦૯,૨૩૧૦,૨૩૧૧ | ૧૭ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૬૨૭,૧૭૧૭,૧૭૧૯,૧૮૨૧,૧૮૨૨,૧૮૨૩,૧૮૨૬,૧૮૩૧,૧૮૭૮,૧૮૮૦,૧૯૪૯,૧૯૫૨,૧૯૫૪,૧૯૫૬,૧૯૮૭,૨૦૨૯,૨૦૬૦,૨૦૬૧, ૨૦૯૩,૨૦૯૪,૨૦૯૮,૨૧૨૧,૨૧૨૫,૨૧૨૬,૨૧૨૭,૨૧૬૪,૨૧૬૯,૨૧૮૯,૨૧૯૦,૨૧૯૧,૨૨૧૮,૨૨૧૯,૨૨૨૦,૨૨૪૭,૨૨૪૮,૨૨૮૫,૨૨૮૮,૨૨૮૯,૨૨૯૪ | ૩૯ |
| ૧૧ | મહેસુલ વિભાગ | ૧૬૬૮,૧૬૯૧,૧૬૯૪,૧૬૯૭,૧૮૩૦,૧૯૭૪,૧૯૭૯,૨૦૩૧,૨૧૮૮,૨૩૮૨ | ૧૦ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૨૧,૧૬૭૪,૧૬૮૧,૧૭૨૬,૧૭૨૭,૧૭૨૮,૧૭૩૫,૧૭૪૨,૧૭૭૩,૧૭૭૪, ૧૭૭૫,૧૮૪૨,૧૮૪૩,૧૮૪૪,૧૮૪૫,૧૮૪૬,૧૮૪૭,૧૮૪૮,૧૮૭૫, ૧૮૭૭,૧૯૩૯,૧૯૪૦,૧૯૪૧,૧૯૬૬,૧૯૬૭,૧૯૬૮,૨૦૧૩,૨૦૧૪, ૨૦૧૫,૨૦૧૬,૨૦૫૧,૨૦૫૨,૨૦૫૩,૨૧૧૩,૨૧૫૬,૨૧૫૭,૨૧૫૮, ૨૧૫૯,૨૧૬૦,૨૧૭૯,૨૨૨૩,૨૨૨૪,૨૨૨૫,૨૨૨૬,૨૨૨૮,૨૨૨૯, ૨૨૫૩,૨૨૬૩,૨૩૧૫,૨૩૧૬,૨૩૧૭,૨૩૧૮,૨૩૩૨,૨૩૩૩,૨૩૩૫,૨૩૬૩ | ૫૬ |
| ૧૩ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૧૮૬૬ | ૦૧ |
| ૧૪ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૧૮૫૫,૨૦૨૪,૨૧૧૯,૨૨૩૬ | ૦૪ |
| ૧૫ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૧૭૩૧ | ૦૧ |
| ૧૬ | ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ | ૨૦૦૦,૨૧૯૩,૨૧૯૪,૨૨૬૫,૨૨૬૬,૨૨૬૭,૨૩૦૩,૨૩૨૭,૨૩૨૮,૨૩૨૯,૨૩૩૦ | ૧૧ |
| ૧૭ | મહિલા અને બાળવિકાસ વિભાગ | ૧૮૫૦,૧૮૫૧,૨૧૮૭,૨૨૮૨,૨૨૮૩,૨૨૮૪,૨૩૦૪ | ૦૭ |
| ૧૮ | આદિજાતિ વિકાસ વિભાગ | ૧૭૫૧,૧૯૫૭,૨૦૪૬,૨૦૮૫,૨૦૯૦,૨૧૪૯,૨૧૭૪,૨૨૭૨,૨૩૩૬ | ૦૯ |
| | | કુલ : | ૨૨૯ |

-------------

# સત્ર સમાપ્તિ

**અધ્યક્ષશ્રી :** સભાગૃહની આજની બેઠકનું કામકાજ હવે પૂરું થાય છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯ (૧) અન્વયે હું આ સભાગૃહની બેઠક *અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખું છું.

સત્રની સમાપ્તિ " વંદે માતરમ્ " રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવી કરવામાં આવી.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૫૬ વાગ્યે પૂરું થતા માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ અનિશ્ચિત મુદત માટે મુલતવી રહ્યું.**

# સભ્યશ્રીઓનું હાજરી પત્રક

## સભ્યશ્રીઓનું હાજરી પત્રક

**બારમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી દર્શાવતું પત્રક**

*** માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી , મુખ્યદંડકશ્રી ,નાયબ મુખ્ય દંડક શ્રી, દંડકશ્રી અને સંસદીય સચિવશ્રીના નામની સામે હાજરીના દિવસો દર્શાવવામાં આવતા નથી.**

| અ.નં | સભ્યશ્રીનું નામ | હાજરી |
|---|---|---|
| ૧ | શ્રી જયંતિલાલ પરસોત્તમ ભાનુશાલી | - |
| ૨ | શ્રી ધનજીભાઈ ગોવિંદભાઈ સેંધાણી | ૨ |
| ૩ | શ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર (મંત્રીશ્રી) | - |
| ૪ | શ્રી રમેશ વચ્છરાજ મહેશ્વરી | ૩ |
| ૫ | ડૉ. નીમાબેન ભાવેશભાઈ આચાર્ય | ૩ |

[*] ફૂટનોટ : ગુજરાત ગર્વનમેન્ટ અસધારાણ ગેઝેટ ભાગ-૧, તા.૨૪ મી ડિસેમ્બર,૨૦૦૯માં પ્રસિદ્ધ થયેલ નામનદાર રાજયપાલશ્રીના આદેશ અન્વયે તા.૧૭મી ડિસેમ્બર,૨૦૦૯ ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે શરૂ થયેલ સત્ર સમાપ્ત થયું.

| | | |
|---|---|---|
| ૬ | શ્રી બાબુભાઈ મેઘજી ગડા (શાહ) | ૩ |
| ૭ | શ્રી શંભુપ્રસાદ બળદેવદાસજી ટુંડિયા | ૩ |
| ૮ | શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશી | ૩ |
| ૯ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા (મંત્રીશ્રી) | - |
| ૧૦ | ખાલી | - |
| ૧૧ | શ્રી દેવજીભાઈ ગોવિંદભાઈ ફતેપરા | - |
| ૧૨ | શ્રી હરિલાલ મોહનલાલ પટેલ | ૩ |
| ૧૩ | શ્રી કાન્તિલાલ શીવલાલ અમૃતિયા | ૨ |
| ૧૪ | શ્રી મોહનભાઈ કલ્યાણજીભાઈ કુંડારિયા | ૩ |
| ૧૫ | શ્રી મહંમદ જાવીદ અબ્દુલમુતલીબ પીરઝાદા | ૩ |
| ૧૬ | શ્રી ભરતભાઈ ખોડાભાઈ બોઘરા | ૩ |
| ૧૭ | શ્રી ગોવિંદભાઈ ઉકાભાઈ પટેલ | ૩ |
| ૧૮ | શ્રી વજુભાઈ વાળા (મંત્રીશ્રી) | - |
| ૧૯ | શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ બાબરીયા | ૩ |
| ૨૦ | શ્રી ચંદુભાઈ બચુભાઈ વઘાસીયા | ૨ |
| ૨૧ | શ્રીમતી જસુબેન સવજીભાઈ કોરાટ | ૩ |
| ૨૨ | શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા | ૨ |
| ૨૩ | શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ માંકડિયા | ૩ |
| ૨૪ | શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ | ૩ |
| ૨૫ | પ્રો. વસુબેન ત્રિવેદી | ૩ |
| ૨૬ | શ્રી લાલજીભાઈ પ્રેમજીભાઈ સોલંકી | ૩ |
| ૨૭ | શ્રી આર. સી. ફળદુ (મુખ્ય દંડકશ્રી) | - |
| ૨૮ | શ્રી બ્રિજરાજસિંહ હેમંતસિંહ જાડેજા | ૩ |
| ૨૯ | શ્રી મુળુભાઈ હરદાસભાઈ આયરબેરા | ૩ |
| ૩૦ | શ્રી મેઘજી ડાયા કણઝારીયા | ૩ |
| ૩૧ | શ્રી પબુભા વિરમભા માણેક | ૩ |
| ૩૨ | શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા | ૩ |
| ૩૩ | શ્રી કરશનભાઈ દુલાભાઈ ઓડેદરા | ૩ |
| ૩૪ | શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા | ૩ |
| ૩૫ | શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ ચાવડા | ૩ |
| ૩૬ | શ્રીમતી વંદનાબેન મનસુખભાઈ મકવાણા | ૩ |
| ૩૭ | શ્રી ભગવાનભાઈ ધાનાભાઈ બારડ | ૨ |
| ૩૮ | શ્રી રાજસીભાઈ વીરાભાઈ જોટવા | ૩ |
| ૩૯ | શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ | ૩ |
| ૪૦ | શ્રી કનુભાઈ મેપાભાઈ ભાલાળા | ૩ |
| ૪૧ | શ્રી લવજીભાઈ ઠાકરશીભાઈ રાજાણી (સંસદીય સચિવશ્રી) | - |
| ૪૨ | શ્રી મહેન્દ્રભાઈ લીલાધરભાઈ મશરૂ | ૩ |
| ૪૩ | શ્રી બાવકુભાઈ નાથાભાઈ ઉંઘાડ | ૧ |
| ૪૪ | શ્રી હનુભાઈ ધોરાજીયા | - |
| ૪૫ | શ્રી દિલીપ સંઘાણી (મંત્રીશ્રી) | - |
| ૪૬ | શ્રી મનસુખભાઈ પાંચાભાઈ ભુવા | ૩ |
| ૪૭ | શ્રી ધીરસિંહભાઈ કરશનભાઈ બારડ | ૩ |
| ૪૮ | શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ સોલંકી | - |
| ૪૯ | શ્રી સૌરભ પટેલ(મંત્રીશ્રી) | - |
| ૫૦ | શ્રી આત્મારામ મકનભાઈ પરમાર | ૩ |
| ૫૧ | શ્રી મહેન્દ્રસિંહ પરાક્રમસિંહ સરવૈયા | ૩ |
| ૫૨ | શ્રી કેશુભાઈ હીરજીભાઈ નાકરાણી | ૩ |

| | | |
|---|---|---|
| ૫૩ | શ્રી કાળુભાઈ વીરાણી | ૩ |
| ૫૪ | ડૉ. કનુભાઈ વાલાભાઈ કલસરીયા | ૧ |
| ૫૫ | શ્રીમતી ભાવનાબેન રાઘવજીભાઈ મકવાણા | ૨ |
| ૫૬ | શ્રી પરસોત્તમભાઈ ઓધવજીભાઈ સોલંકી (મંત્રીશ્રી) | - |
| ૫૭ | શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ દવે | ૩ |
| ૫૮ | શ્રી શકિતસિંહ હરિચંદ્રસિંહ ગોહિલ ( વિરોધપક્ષના નેતાશ્રી) | - |
| ૫૯ | શ્રી રણછોડભાઈ કરશનભાઈ મેર | ૩ |
| ૬૦ | શ્રી કાનજીભાઈ રાયાભાઈ તળપદા | ૧ |
| ૬૧ | શ્રી કાંતિલાલ રામાભાઈ લકુમ | ૩ |
| ૬૨ | શ્રી પ્રાગજીભાઈ નારણભાઈ પટેલ | ૩ |
| ૬૩ | શ્રી કમાભાઈ ગગજીભાઈ રાઠોડ | ૩ |
| ૬૪ | શ્રી અમિત શાહ (મંત્રીશ્રી) | - |
| ૬૫ | શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ | ૩ |
| ૬૬ | શ્રી કલ્યાણસિંહ દેહરસિંહ ચૌહાણ | ૩ |
| ૬૭ | શ્રીમતી ગીતાબેન યોગેશભાઈ પટેલ | ૩ |
| ૬૮ | શ્રી રાકેશ જશવંતલાલ શાહ | ૩ |
| ૬૯ | શ્રી ભરતકુમાર ચીમનલાલ બારોટ | ૩ |
| ૭૦ | શ્રી ગ્યાસુદીન હબીબુદીન શેખ | ૩ |
| ૭૧ | શ્રી મોહંમદ ફારુક હુસેનમીયાં શેખ | - |
| ૭૨ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા | ૩ |
| ૭૩ | શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ કાકડિયા | ૩ |
| ૭૪ | શ્રી શૈલેષ મનહરભાઈ પરમાર | ૩ |
| ૭૫ | શ્રી અશોક ભટ્ટ ( અઘ્યક્ષશ્રી) | - |
| ૭૬ | શ્રી સાબીરભાઈ અબ્દુલકરીમ ખેડાવાલા, | ૩ |
| ૭૭ | શ્રી નરેન્દ્ર મોદી (મુખ્યમંત્રીશ્રી) | - |
